ॐ

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# અનાદિ અક્ષરમૂર્તિ યોગીવર્ય સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો

## પ્રકરણ પહેલું

### ભગવાનનો મહિમા સમજવાની રીત

પ્રથમ તો સર્વે સંકલ્પને પડ્યા મૂકીને એકાગ્રચિત્ત થઈને શ્રીજી મહારાજ પુરુષોત્તમને સંભારીને એમ ધારવું જે સ્વામી વાતું કરે છે ને આપણે સાંભળીએ છીએ, એમ સાંભળીને તે પ્રમાણે પોતાના અંતરમાં તપાસ કરતાં જાવું ને કહ્યું છે તેમ સમજીને વર્તવું.

★ योगाभ्यासं नितान्तं कलितसुनिगमादिश्रुतार्थं कृतार्थम् ।
प्रीत्यै श्रीधर्मसूनोर्विदधतमनिशं स्वामिनारायणस्य ॥
गोपालानन्दसंज्ञं मुनिवरमनघं रक्षितैकांतधर्मम् ।
वन्दे नित्यं शरण्यं प्रतिहृतजनताज्ञानसंज्ञान्धकारम् ॥१॥

અને સ્વામીએ શ્રીહરિજીના મહિમાની વાત કરી જે જેમ સોનામહોર મૂકી હોય ને તેને બે પડખે બે કાંકરા[1] મૂક્યા હોય તે એક ધોળો ને એક કાળો હોય ત્યારે તે સોનામહોરને મૂકીને બે કાંકરામાં મન લોભાય નહિ તેમ

---

★ **અર્થ** :- જે શ્રી ધર્મદેવના પુત્ર શ્રીસ્વામિનારાયણ પ્રભુની પ્રસન્નતા મેળવવા માટે નિરંતર અત્યંત યોગાભ્યાસ કરતા, જેણે વેદાદિક શાસ્ત્રોના અર્થો સારી રીતે જાણેલા હતા, જે પોતાને પૂર્ણકામ માનતા, જે એકાંતિક ધર્મને પાળતા, જે અનેક મનુષ્યોનું અજ્ઞાનરૂપી અંધારું હરી લેતા, અને જે રક્ષા કરવામાં સમર્થ તથા નિર્દોષ હતા; તે 'ગોપાળાનંદજી' નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું.

૧. ધોળો કાંકરો એ આત્મસ્વરૂપ ને કાળો કાંકરો એ પ્રકૃતિનું કાર્ય જે બ્રહ્માંડ. બ્રહ્મમુનિએ પણ કહેલું છે કે 'અમને ન ગોઠે પિયર સાસરો.' તેમાં સાસરો એટલે કે આત્મસ્વરૂપ અને પિયર એટલે પ્રકૃતિનું કાર્ય.

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ.

શ્રીહરિજીનો મહિમા સત્પુરુષને સંગે કરીને યથાર્થ સમજાણો હોય તથા આત્મારૂપે વર્તતો હોય, તે માયિકભાવને વિષે સુખબુદ્ધિયે કરીને બંધાય નહિ ને તે નાશવંત ને દુઃખરૂપ જ જણાયા કરે. ૧

અને સ્વામીએ એમ વાર્તા કરી જે લોભ, કામ, રસાસ્વાદ એ આદિક **જે પોતામાં સ્વભાવ હોય તેને ઓળખીને મૂકી દીએ તોજ તે ટળે**[૧] ને વાર્તાએ કરીને પ્રકૃતિ ફરે છે તો ખરી પણ સ્વભાવ પ્રમાણે ફરે છે, જેમ પાણી પાઈએ ત્યારે જેવું બીજ હોય તેવો તેમાં ગુણ આવે છે[૨]. ૨

અને જેને પુરુષોત્તમ ભગવાન મળ્યા હોય તેને કોઈક કસર ટાળવાને અર્થે જન્મ ધરવો પડે તો પણ એના જીવમાંથી તે જ્ઞાન જાય નહિ.[૩] ને કોઈક ઉપરથી ત્યાગી જેવો જણાય પણ માંહી બળ ન હોય ને કોઈક ઉપરથી તો ન જણાય પણ માંહી બળિયો બહુ હોય, તે જેમ જેમ સત્સંગ કરતો જાય તેમ તેમ વધતો જાય.[૪] ૩

૧. અધર્મના સર્ગને ઓળખ્યો હોય તો ન ભૂલાય.
૨. આનો અર્થ એવો છે કે જીવને જ્ઞાનરૂપી પાણી આપે તો પણ રાહુ ને કેતુને અપાયેલા અમૃતની પેઠે દુનિયાને દુઃખકારક થાય છે.
૩. પ્રકૃતિના કાર્યમાં લોચો રહેવાથી જ કસર રહે છે પણ જીવમાં જ્ઞાન રહે છે. જેમકે પેથાપુરના વરહા ખેર હતા તેમને એવો સંકલ્પ થયો કે મારે છોકરું નથી. એટલું જ નહીં પણ મારી છોકરી ને પણ છોકરો નથી. આવી વાસનાને લીધે મહારાજ તેડવા આવ્યા છતાં પણ પોતાની દીકરીને પેટે અવતાર ધરવો પડ્યો. મહાનુભાવાનંદ સ્વામી પેથાપુરમાં ગયા ત્યારે તે છોકરાને વર્તમાન આપવા સારુ સ્વામી પાસે લાવ્યા. તે જોઈ સ્વામી કહે, 'બેટીરો બાપ, આ તો વરહો ખેર છે. વરહા ખેર, યે તેરે કું ક્યા હો ગયા ?' પછી વર્તમાન આપીને પાછા મોકલ્યા પણ ધાવ્યા નહીં, આમ વાસના રહે છે. પણ જ્ઞાન જતું નથી. ભરતજી અને વૃત્રાસુરના આખ્યાનો પ્રસિદ્ધ છે. હરજી ઠક્કરની વૃદ્ધ માતાને શાકોત્સવ જોઈ મહારાજને વંતાક જમાડવાની વાસના રહેવાથી જન્મ લેવો પડેલો તે પણ પ્રસિદ્ધ છે.
૪. ઈન્દ્રિયોમાં જ જ્ઞાન હોય તે વધે નહિ કારણ કે પ્રકૃતિના કાર્યો સાથે ઈન્દ્રિયો અંતઃકરણ અને અનુભવથી સંબંધ રહે છે. માટે તે વધતો નથી.





અને જ્યાં સુધી પંચવિષયમાં પ્રીતિ છે ત્યાં સુધી રૂપિયા, પૈસા તથા સેવક આદિકમાંથી પ્રીતિ નિસરે નહિ.[૧] ૪

અને સ્ત્રી થકી કાળી નાગણીની[૨] પેઠે બીવું ને મિષ્ટભોજન થકી દેહાભિમાની જનના સંગની પેઠે બીવું અને જનસંસદિ તથા સભાના ડોળમાં ભળવું નહિ.[૩] ને પ્રીતિએ રહિત રહેવું તથા પુરંજની[૪] બુદ્ધિનો ફેલાવ ન કરવો, ને વિસ્તાર સંકેલવો. ૫

અને જે **પંચવિષય છે તે જીવને મુક્ત થાવા દેતા નથી** ને બદ્ધ ને બદ્ધ રાખે છે, માટે તેને જીત્યા વિના મુક્ત થવાય નહિ. ૬

અને આત્મજ્ઞાન તથા વૈરાગ્યાદિક સર્વે સાધન છે તે માહાત્મ્યે સહિત જે ભક્તિ તેને અર્થે છે, ને ત્યાગ[૫] તો તેનું નામ જે ઈંદ્રલોકને પામીને પણ બંધાય નહિ ને પાછો નિસરી આવે તેને કહીએ. ને શુભ કર્મને અર્થે યત્ન કરે પણ જો ન બની આવે તો હર્ષ શોક ન કરે. ૭

અને જે પૂર્ણપુરુષોત્તમનો અવતાર જીવના કલ્યાણને અર્થે દયાયે કરીને

૧. વિષય ભોગવવાની ઈચ્છા હોય તથા તેમાં સારપ્ય લાગતી હોય ત્યાં સુધી કનક અને કાંતામાંથી મન ઉખડે નહિ.
૨. નાગણ જેમ ડંશ કરીને દેહનો નાશ કરે અને તેને મંત્રાદિક ઉપચાર લાગુ થાય નહિ તેમ સ્ત્રીનો ડંશ એટલે મૈથુન ગ્રંથીનો ડંશ તે એવો છે કે જે કશાથી છૂટે નહિ, કારણ કે તેનો સંબંધ બધી યોનિમાં રહેલો છે. કીડીસખી (એ નામથી પ્રસિદ્ધ સાધુ)ને શ્રીજી મહારાજમાં ભક્તિ હોવા છતાં પણ મૈથુનની વાસનાને લીધે એ સ્ત્રીને લઈને સંસાર માંડવો પડ્યો હતો.
૩. જનસમુદાયના ભેગું ન ભળવું. ભળે તો સંગદોષ લાગે. સંચિત પ્રારબ્ધ અને ક્રિયમાણ કર્મો આ જીવને અગણિત વળગેલાં છે. તેમાંથી જેવો સંગ થાય તે આગળ આવે છે. (વ. પ્ર. પ્ર. ૧૮મું)
૪. નટની પેઠે રહેવું અને પુરંજની એટલે વાસનામય બુદ્ધિ ન કરવી. (વાસનાનો ભાર ઉતારવા માટે જુઓ નામામેળનું વચનામૃત ગ. પ્ર. પ્ર. ૩૮)
૫. શુભ કર્મની વાસના પણ ન રાખવી. જુઓ હરજી ઠક્કરની વૃદ્ધ માતાનું દૃષ્ટાંત (જુઓ વાત-૩ની ટીપણી નં-૧)

થાય છે. તેમનું સામર્થ્ય, વાર્તા તથા ભક્ત ઈત્યાદિક સર્વે તે બીજા જે આવિર્ભાવ (અવતાર) તે થકી વિલક્ષણ હોય છે. તે ઉત્તમ મુમુક્ષુના જાણવામાં આવે છે. ૮

અને શ્રીહરિજીનો મહિમા એમ સમજવો જે જેની બીકે કરીને સૂર્ય, ચંદ્રમા, અગ્નિ, વાયુ, ઈંદ્ર, સમુદ્ર તથા કાળાદિક સર્વે થરથર કંપ્યા કરે છે, એવા શ્રીહરિજીના આ સંત છે એવો મહિમા અંતઃકરણમાં સદાય વરત્યા કરે તો માન ન આવે તથા જડભરત, નારદ, શુકાદિકના માર્ગમાં રહ્યા છીએ એમ સમજે તો પણ માન ન આવે ને લોભ કામાદિકના સ્વાર્થને અર્થે પણ સર્વ મનુષ્ય માનને મૂકી દીએ છે તો કલ્યાણને અર્થે માનને મૂકી દીએ એમાં શું કહેવું ! ૯

અને જડભરતને જ્ઞાન રહ્યું ને જય વિજયને કેમ ન રહ્યું ? એ પ્રશ્ન. તેનો ઉત્તર જે જય વિજયની મતિ શાપિત હતી, માટે તેને જન્માંતરને વિષે જ્ઞાન ન રહ્યું. ને જડભરતની નો'તી માટે તેને જ્ઞાન જન્માંતરને વિષે પણ રહ્યું.[1] ૧૦

અને વિષયને અસત્ય જાણીએ છીએ પણ તેનું તુચ્છપણું કેમ થાતું નથી? તેનું તો એમ છે જે સાંભળીને ભૂલી જવાય છે ને સાંભળીને કહી દેખાડે છે પણ શ્રવણ, મનન ને નિદિધ્યાસ કરીને સાક્ષાત્કાર કરતો નથી ને સાક્ષાત્કાર

૧. જયવિજય પૂર્વે ક્ષત્રિય હતા શિકાર માટે વનમાં ગયેલા. રસ્તામાં એક જળાશય આવતા આરામ લીધો. ત્યાં કોઈ ભગવદ્ ભક્તના પક્ષે કરીને મૃત્યું થયું તેથી વૈકુંઠને પામ્યા પણ વાસના રહિ ગઈ. લક્ષ્મીજીને વૈકુંઠના એક મહોલમાંથી બીજા મહોલમાં જતાં જોયાં તેથી વિકાર થયો. તેવામાં સનકાદિક આવ્યા. कामात्क्रोधोऽभिजायते એ પ્રમાણે કામમાંથી ક્રોધ થયો અને સનકાદિકનું અપમાન કર્યું. આ વાસનામય દોષને ટાળવાને સનકાદિકે શાપ દીધો. માટે તેમને પોતાના આશ્રમ કે સ્થાનનું જ્ઞાન જન્માન્તરમાં ન રહ્યું. જડભરતને માત્ર મૃગબાળનો સંગદોષ લાગેલો તેથી પ્રારબ્ધ બંધાયું, (મૃગબાળને મોટું કરીને જો સંગ છોડી દીધો હોત તો જન્મ ધારવો ન પડત.) આથી તેમને પૂર્વજન્મનું જ્ઞાન રહેલું.





કરે તો વિષય તુચ્છ થઈ જાય, તે સાક્ષાત્કાર તો એમ થાય જે નિત્ય પ્રલયાદિકને વારંવાર શ્રદ્ધાયે સહિત મન દઈને કહે, સાંભળે ને વિચારે તો થાય.[1] ૧૧

અને ગોલોક, વૈકુંઠ તથા બ્રહ્મપુરને વિષે જેવાં ઐશ્વર્ય, પાર્ષદ તથા શક્તિએ યુક્ત શ્રીજી મહારાજ છે તેવા ને તેવા જ પૃથ્વીને વિષે છે અને જેવા પૃથ્વીને વિષે છે તેવા ને તેવા જ બ્રહ્મપુરને વિષે છે. એવી રીતે મનુષ્યભાવ અને દિવ્યભાવને વિશ્વાસે સહિત યથાર્થપણે સત્પુરુષને સંગે કરીને શીખવો અને પોતાના જીવાત્માને અક્ષર સંગાથે એક કરવો. અને જેમ પાયો કાચો હોય તો તે ઉપર ઈમારત થાય નહિ. તેમ **જેટલી સમજવામાં કાચ્યપ રહેશે તેટલી તો દેહ મૂક્યા પછી પણ નડશે** એ વાત સત્ય છે[2] છે. ૧૨

અને જેમ ઔષધને લઢી લઢીને અતિશે ઝીણું કર્યું હોય તો આંખમાં નાખે તો પણ ખટકે નહિ તેમ સત્પુરુષને સંગે કરીને **ધર્મ, જ્ઞાન શીખીને સત્સંગની સમજણ પક્વ કરી હોય તો દેશકાળાદિકે કરીને પણ મતિ ફરે નહિ.** ૧૩

અને મુક્તબુદ્ધિ[3] શીખવી તે શી ? તો જે બુદ્ધિએ કરીને પંચવિષયને વિષે બંધાવાય નહિ તેને મુક્તબુદ્ધિ કહીએ. ૧૪

અને વૈરાગ્ય ઉપજ્યાનો શો ઉપાય છે ? એ પ્રશ્નનો ઉત્તર જે શ્રીહરિજીનું માહાત્મ્ય અને આત્મનિષ્ઠા એ બે ઉપાય છે. એ બેની પક્વતામાંથી જે વૈરાગ્ય ઉપજે છે તે જ્ઞાનાંશ થકી ઉપજ્યો કહેવાય છે, ને તેનો અસત્ય દેશકાળાદિકે કરીને પણ નાશ નથી. ૧૫

૧. વિષયને શ્રવણ કરે પણ મનન અને નિદિધ્યાસ ન કરે ત્યાં સુધી ગુણદોષ જણાય નહિ. દોષ જણાય તો ત્યાગ થાય અથવા અનાદર અને બેપરવાઈપણું રહે. નિત્યપ્રલયમાં મનુષ્યનો નાશ થાય. નિમિત્ત પ્રલયમાં દસ લોકનો નાશ થાય, પ્રાકૃત પ્રલયમાં પ્રકૃતિનું કાર્ય જે પિંડ બ્રહ્માંડ તેનો નાશ થાય અને આત્યંતિક પ્રલયમાં પ્રકૃતિ પુરુષ અને તેના કાર્યસહિત વિલીનપણું થાય છે.

૨. ભગવાનનું સ્વરુપ પંચાળાના ૬ઠ્ઠા ને ૭મા અને લોયાના ૭મા અને ૧૮માં વચનામૃત પ્રમાણે સમજે તો તેને ખોટ રહેતી નથી. આત્મા-પરમાત્માનું સ્વરૂપ સમજીને નિર્વાસનિક ન થાય તો પાયો કાચો જાણવો. આત્મા, પરમાત્મા અને નિર્વાસનિકપણું એ ત્રણ વાનાં દેહ સતેજ સમજવાનાં છે. (ગ.મ. પ્ર. ૧૩)

૩. વિષયમાં ન બંધાય પણ જો સત્તારૂપ થઈને ભગવાનમાં ન જોડાય તો તે મુક્ત નહિ.

અને કસર માત્ર ટાળ્યાનો એક એવો કયો જબરો ઉપાય છે ? એ પ્રશ્નનો ઉત્તર જે મહત્પુરુષનો સર્વ પ્રકારે વિશ્વાસ[1] રાખીને સમાગમ કરવો. એ એક ઉપાય અતિશે બળવાન છે. તે ભાગવતમાં કહ્યું છે જે :

नैषां[2] मतिस्तावदुरु क्रमांघ्रि स्पृशत्यनर्थापगमो यदर्थः ।
महीयसां पादरजोऽभिषेकं निष्किंचनानां न वृणीत यावत् ॥ १६

અને શ્રીહરિજી મહારાજની પ્રાપ્તિ થઈ એતો બહુ મોટું કામ થયું છે પણ લોભ, કામાદિક અંતર શત્રુ જ્યાં સુધી રહ્યા છે ત્યાં સુધી તો શ્રીહરિજીને વિષે પણ દોષ પરઠે છે.[3] માટે સત્પુરુષનો સમાગમ કરીને દેહાભિમાનરૂપ દોષને ટાળીને ધર્મ જ્ઞાનાદિક શીખીને એકાંતિક ભક્ત થાવું. ૧૭

અને વચનામૃતમાં પણ મહારાજે કહ્યું છે જે મુક્તાનંદસ્વામી જેવા જો પંચવિષયની આસક્તિને ખોદવા માંડે તો જેને વિષયને વિષે આસક્તિ હોય તે મુક્તાનંદ સ્વામી જેવાનું પણ માથું કાપવાને તૈયાર થાય છે. માટે અંતઃશત્રુને ટાળ્યાનો ઉપાય શીખવો. ૧૮

અને સત્પુરુષને સંગે કરીને જીવ સુખિયો થઈ જાય છે માટે સત્પુરુષનાં લક્ષણો શાસ્ત્રમાંથી સમજીને તથા તેમની મોટપ વચનામૃત આદિક શાસ્ત્રમાંથી શીખીને, વિચારીને તેમની અનુવૃત્તિમાં મન, કર્મ, વચને વર્તવું. તે કહ્યું છે જે ઉત્તમને સેવવા તથા શ્રેષ્ઠ થાવાની ઈચ્છા રાખવી ને સત્શાસ્ત્રનો સિદ્ધાંત તથા મહત્પુરુષનો સિદ્ધાંત એ બેયને મેળવવા. જો બેયનો એક સિદ્ધાંત થાય તો

---

૧. વિશ્વાસ એટલે પ્રીતિ અને નિર્દોષપણા સાથેનો ભરોસો રાખવો તે. મોટા પુરુષમાં એવી રીતે આત્મબુદ્ધિયે કરીને પ્રસંગ કરે અને સાવધપણે વર્તે તો કસર ટળે.

૨. **અર્થ :–** મનુષ્યો જ્યાં સુધી અહંકાર રહિત એવા મહાત્મા પુરુષના ચરણારવિંદની રજમાં સ્નાન કરતા નથી, ત્યાં સુધી તેઓની બુદ્ધિ ભગવાનના ચરણનો સ્પર્શ કરતી નથી અને તેને લીધે જ તેઓને સંસારનો જન્મ મરણરૂપ અનર્થ મટતો નથી. (ભા. ૭-૫-૩૨)

૩. પોતામાં જ્યાં સુધી એક દોષ પણ પ્રધાનપણે વર્તતો હોય તો તે દોષ સદ્‌ગુરુ તથા ભગવાનને વિષે પણ જણાય છે. જેમ શ્રીકૃષ્ણ મથુરામાં ગયા ત્યારે કંસાદિકને જેવું દર્શન થયું હતું તેમ સમજવું. માટે દેહાભિમાન ટાળવું.





મહત્પુરુષનો વિશ્વાસપૂર્વક સંગ કરવો. ને વેગવાન થાવું નહિ કેમકે વેગવાનને શાસ્ત્ર સમજાતું નથી. ૧૯

અને ઉપાસનાએ કરીને કલ્યાણ તો થાય છે પણ ત્રણ અંગ વિના નિર્વાસનિક થઈને શ્રીહરિજીના એકાંતિક ભક્ત થવાતું નથી.તે ત્રણ અંગનાં નામ જે, **દાસત્વ,[1] આત્મનિષ્ઠા અને પતિવ્રતાપણું એ ત્રણ અંગ જો પક્વ કરે તો આત્યંતિક કલ્યાણ થાય છે** ને તૃષ્ણારૂપી ડબી નાશ પામે છે. નહીં તો ગોરખ[2] જે જીવ તેની તૃષ્ણારૂપી ડબી તે કોઈ કાળે ભરાય નહિ. ૨૦

અને મચ્છર, ગરુડજી, પતંગિયાં અને મહાઅગ્નિ પર્યંત મુક્તના ભેદ કહ્યા છે ને વાલખિલ્ય[3] ઋષિ જેવા મુક્ત તો પૃથ્વી આદિક અનેક સ્થાનકને વિષે બંધાઈ રહ્યા છે એ પણ મુક્તના ભેદ છે. ૨૧

અને ઈંદ્રિયું અંતઃકરણ ને જીવમાં નિશ્ચયની વાર્તા કરી તથા ઈંદ્રિયું અંતઃકરણ ને જીવમાં જ્ઞાનની વાર્તાઓ કરી તથા ચાર પ્રકારની માયા જીત્યાની વાર્તા કરી જે જીવની, ઈશ્વરની, પ્રધાન—પુરુષની ને મૂળપુરુષની એ માયા જીતે તો :—

[4]देहेन्द्रियासुहीनानां वैकुण्ठपुरवासिनाम् ।
देहसम्बन्धसम्बद्धमेतदाख्यातुमर्हसि ॥ ભા. ૭-૧-૩૪

---

૧. દાસત્વ એટલે અંબરીષ રાજાની પેઠે સતત સેવકધર્મ. આત્મનિષ્ઠા એટલે જડભરત અને શુકજીના જેવું વર્તન અને પતિવ્રતાપણું એટલે ગોપીઓ, સચ્ચિદાનંદ સ્વામી તથા કૃપાનંદ સ્વામીના જેવી અપરિમિત પ્રીતિ. (વચ. ગ. મ. ૬૨.)

૨. ગોરખ એટલે ઈંદ્રિયોના કહેવા પ્રમાણે વર્તનાર.

૩. વાલખિલ્યાદિક ઋષિઓને સૂર્યની ઉપાસના છે, એટલે કે ઉપાસનામાં કસર છે. શ્વેતદ્વીપ અને બદ્રિકાશ્રમ આદિના મુક્તોને માટે પણ એમ જ સમજવું.

૪. **અર્થ :–** વૈકુંઠપુરના નિવાસીઓ પ્રાકૃત દેહ, ઈંદ્રિયો તથા પ્રાણ વિનાના હોય છે, તેઓને પ્રાકૃત દેહનો સંબંધ થવારૂપી આખ્યાનથી બંધાયેલું આ ચરિત્ર મને કહેવાને તમે યોગ્ય છે.

[1]त्वमकरणः स्वराडखिलकारकशक्तिधरः ।
तव बलिमुद्वहन्ति समदन्त्यजयानिमिषाः ॥
वर्षभुजोऽखिलक्षितिपतेरिव विश्वसृजः ।
विदधति यत्र ये त्वधिकृता भवतश्चकिताः ॥ ભા. ૧૦/૮૭/૨૯

આ બે શ્લોકમાં કહ્યા છે તેવા સમર્થ મુક્ત થવાય છે ને એ બેય શ્લોકનો અર્થ તો સત્પુરુષ યથાર્થ જાણે છે. ૨૨

અને ધ્યાન કરનારા યોગીને કઈ અવસ્થા પ્રથમ લીન થાય છે ? એ પ્રશ્નનો ઉત્તર જે સ્થૂળદેહને વિષે શ્રીહરિજીનું ધ્યાન કરે તો પ્રથમ સ્થૂળનો નાશ થાય છે ને પછી સૂક્ષ્મનો ને કારણનો નાશ થાય છે. એજ રીતે સૂક્ષ્મનું ને કારણનું સમજવું. ત્યાં દૃષ્ટાંત જે જેમ વૃક્ષનાં ડાળાં પાંદડાં વારંવાર કાપ્યા કરે તો મધ્ય થડીયું હળવે હળવે સુકાઈ જાય છે. ને થડમાંથી કાપી નાખે તો થડ તથા ડાળખાં સુકાઈ જાય છે ને મૂળમાંથી કાપી નાખે તો મધ્ય તથા ડાળાં સુકાઈ જાય છે તેમ અવસ્થાનું જાણવું. ૨૩

શ્રીહરિજીની કથાવાર્તાનું શ્રવણ કરીને મનન તથા નિદિધ્યાસ કર્યાનો અભ્યાસ અતિશે રાખવો. ને ગમે તેવી મોટપને પામ્યો હોય તોપણ અધિક અધિક સમજ્યાની દૃષ્ટિ હોય તો તે કોઈ ઐશ્વર્યમાં બંધાય નહિ ને મોટાઈ બહુ આવે. ૨૪

અને જીવનમુકત,[2] વિદેહમુક્ત[3] તથા કૈવલ્યમુક્તના[4] ભેદ કહ્યા છે તે

૧. **અર્થ :—** હે હરે ! તમો માયિક ઈંદ્રિયો અંતઃકરણથી રહિત સ્વતંત્ર પુરુષ, કાળ, પ્રકૃત્યાદિકની શક્તિઓના આધાર છો. ચક્રવર્તિ રાજાને જેમ માંડળિક રાજાઓ ભજે છે તેમ બ્રહ્માદિક દેવો અને પ્રકૃતિ પુરુષાદિ વિશ્વના સૃષ્ટાઓ તમોને ભેટો ધરે છે તથા તેઓ તમારાથી ભય પામીને પોતાને સોંપેલાં કાર્યો કર્યે જાય છે.

૨. જીવનમુક્ત એટલે શુકજી અને સ્વરૂપાનંદ સ્વામીની પેઠે આત્માના સમ્યક્ જ્ઞાને અને વર્તને સહિત, માત્ર વર્તમાનકાળની સ્મૃતિ રહે તે. જો કે જ્ઞાને કરીને દેહને ખોટો સમજે તોય તેનું દુઃખ તેમને જણાય ખરું.

૩. વિદેહ મુક્ત એટલે જનકરાજા તથા પર્વતભાઈની પેઠે આત્મા પરમાત્માનું જ્ઞાન, તેમજ ત્રણે કાળના વ્યવહારનું જ્ઞાન રહે તે. દેહને ગમે તેવું દુઃખ કે સુખ આવે પણ સમ જણાય.

૪. કૈવલ્યમુક્ત તો બ્રહ્મરૂપ એવા પોતાના આત્માના પણ આત્મા એક ભગવાનને જ જાણે છે.





મધ્યે કૈવલ્યમુક્તની સ્થિતિ કહીએ જે, જેમ પૃથ્વી જળમાં રહી છે ને બાહેર જણાય છે તોપણ જળમાં જ છે. તેમ કૈવલ્યમુક્ત તો સદા પરમેશ્વરમાં જ રહે છે તે કહ્યું છે જે :- **अक्षरमस्य शरीरम्** ॥ ૨૫

અને ઈંદ્રિયું અંતઃકરણની ક્રિયા થકી જીવની ક્રિયા પૃથક્ સમજતાં આવડે તો સર્પની કાચળીની પેઠે દેહાદિક ભાવ થકી જીવ જે તે અલ્પકાળમાં જુદો પડી જાય ને શ્રીહરિજી મહારાજની મરજી જાણ્યામાં આવે. જેમ સાબરમતી નદીમાં સમુદ્રની વેળ આવે છે ત્યારે તે ખારી થઈ જાય છે ને વેળ જ્યારે પાછી વળે છે ત્યારે મીઠી થાય છે. તેમ શ્રીહરિના ભક્તને વિષે ધર્મઅધર્મ સર્ગ રહે છે. ને જેમ તલને ફૂલમાં વસાવીને ઘાણીમાં પીલે છે તે ફુલેલ થાય છે પણ તેલ થાતું નથી. તેમ લોભ કામાદિક અધર્મ સર્ગને ધર્મામૃત પ્રમાણે વર્તીને જીતે તો શુદ્ધ એકાંતિક ભક્ત થાય છે. ૨૬

અને ઈંદ્રિયું અંતઃકરણ દેવતા અને જીવ એ સર્વે જે તે, જેમ નેત્રમાં સૂર્યની આવ્યા ગયાની ગતિને જાણતાં નથી તેમ અક્ષરાદિક સર્વે મુક્ત પુરુષોત્તમની ગતિને નથી જાણતા. ૨૭

અને જેમ ચંદ્રમા રાહુએ ગ્રહ્યો થકો ઉગે છે ને આથમે છે તેમ હરિભક્ત હરિકથાનું શ્રવણ મનનાદિક સર્વે ક્રિયા કરે છે, તે દેહાભિમાનરુપ રાહુએ ગ્રહ્યા થકા કરે છે. માટે વિવેકે કરીને કરવું તે વિવેક વચનામૃતમાં કહ્યો છે જે, નાહીધોઈને[1] પૂજા કરવી. ૨૮

અને વરુણના પુત્રે વરુણને પૂછ્યું જે 'હે પિતાજી ! બ્રહ્મ કહો ?' ત્યારે તે બોલ્યા જે 'પૃથ્વી બ્રહ્મ.' પછી પુત્રે પૃથ્વીના અંતને પામીને ફરી પૂછ્યું જે 'હે પિતાજી ! બ્રહ્મ કહો ?' ત્યારે વરુણ બોલ્યા જે 'જળ બ્રહ્મ.' ત્યારે તે જળના અંતને પામીને ફરી એ પ્રમાણે પૂછતો ગયો ને વરુણ બ્રહ્મ કહેતા ગયા. તે અગ્નિ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિ ને મૂળપુરુષ સુધી બ્રહ્મ કહ્યું. ત્યારે ફરી તેણે પૂછ્યું જે 'બ્રહ્મ કહો ?' ત્યારે વરુણદેવે કહ્યું જે 'અતિ પ્રશ્ન પૂછીશ તો તારું

૧. એટલે કે દેહાભિમાનથી રહિત થઈને ધ્યાન કરવું-**વચ. અમ.૨.**

માથું પડી જાશે.' માટે યથાર્થ જ્ઞાન તો પુરુષોત્તમ શ્રીહરિ જ્યારે દયાયે કરીને મનુષ્યભાવનું ગ્રહણ કરે છે ત્યારે મનુષ્યને સર્વે રહસ્ય વાર્તા જાણ્યામાં આવે છે એમ મર્મ પ્રશ્નના ઉત્તરમાં છે. ૨૯

અને શ્રીહરિજી મહારાજ બોલ્યા જે 'આ સચ્ચિદાનંદ સ્વામી જેવા ભક્ત સારુ બ્રહ્માંડનો નાશ થઈ જાય તોપણ પરમેશ્વરને ખટકે નહિ.' તે ઉપર સ્વામીએ દૃષ્ટાંત દઈને વાત કરી જે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને સાથે લઈ શતધન્વા (સુધન્વા)ને જીતવા ગયા અને દિગ્વિજયમાં એ જીતાણો નહોતો ને એ યાદવ માહિલો નહીં પણ ભક્ત ભારે હતો. પછી અર્જુન અને શતધન્વાનું યુદ્ધ થવા લાગ્યું. ત્યારે શતધન્વા કહે જે 'જે દિવસથી મને શ્રીકૃષ્ણ ભગવાન મળ્યા છે તે દિવસથી જો બીજા દેવ માત્રની પ્રતીતિ મારા અંતરમાં ન થઈ હોય, તો આ બાણે કરીને અર્જુનનું માથું પડી જાઓ.'' એ રીતે બાણનો પ્રયોગ કર્યો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન કહે જે મેં રામાવતાર ધારીને જે જે પુણ્ય કર્યું છે તેણે કરીને અર્જુનનું બાણ એના બાણને કાપી નાખો' ત્યારે ફરીને શતધન્વા કહે જે 'જે દિવસથી મને શ્રીકૃષ્ણ ભગવાન મળ્યા છે તે દિવસથી મંત્ર જંત્ર, કામણ ટુમણ, જડીબુટ્ટી, રિદ્ધિ સિદ્ધિ આદિકની પ્રતીતિ લેશ માત્ર ન થઈ હોય તો આ બાણ અર્જુનનું માથું કાપી નાખો.' ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે 'મેં વારાહાદિક અવતારે કરીને જે જે પુણ્ય કર્યું છે તેણે કરીને અર્જુનનું બાણ શતધન્વાના બાણને કાપી નાખો' ત્યારે ફરીને શતધન્વા કહે જે 'જે દિવસથી શ્રીકૃષ્ણદેવ મળ્યા છે તે દિવસથી જો સ્ત્રી માત્રનો સંકલ્પ ન થયો હોય, તો આ મારું બાણ અર્જુનનું માથું કાપી નાખો.' ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા જે 'મેં ગોપિયું સંગાથે રાસક્રીડા કરીને જો નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત રાખ્યું હોય તો અર્જુનનું બાણ શતધન્વાના બાણને કાપી એનું માથું કાપી નાખો.' ત્યારે તે બાણે તેમજ કર્યું. પછી શતધન્વાનું માથું ગંગાજીમાં પધરાવવા જ્યારે બાણ લઈ જતું હતું ત્યારે આકાશ માર્ગે એ ધડ રહિત જે મસ્તક તે કૃષ્ણ કૃષ્ણ કરતું જતું હતું. એવું આશ્ચર્ય જોઈને શિવજીએ એ બાણની સ્તુતિ કરીને તે મસ્તકને માગી લીધું, એવો એ ભક્ત હતો, તો પણ અર્જુન જેવો ન થયો. એવી રીતે હરિભક્તને વિષે પણ સરસ અને નરસપણું ઘણું છે.[1] ૩૦

૧. આમાં અર્જુનની સ્વરૂપનિષ્ઠા અગર અનુવૃત્તિ દૃઢ હોવાથી તેમને શ્રેષ્ઠ કહેલા છે.





અને શ્રીજી મહારાજે કહ્યું છે જે 'અનવધિકાતિશય, નિરંજન અને નિર્વિકારી સ્વરુપ જાણવાને અર્થે : [1]मायामयाकृतितमोऽशुभवासनानाम् ॥ એ શ્લોકના અર્થને સમજીને પોતાની બુદ્ધિને અતિશે શુદ્ધ કરવી ને જે ભાગવતીતનુ[2] છે તેતો શુદ્ધ સત્ત્વમય છે ને જે સંકલ્પનો દેહ છે તે સ્થૂળદેહની પેઠે પડ્યો રહે છે ને બ્રહ્મમયતનુ[3] છે તેતો નિર્ગુણ છે ને ચૈતન્યનું બંધાય છે. ૩૧

અને દામોદર (ભકત)નો પ્રશ્ન જે 'વાતો કરતાં તો ડાહ્યા બહુ જણાય ને ક્યારેક તો જાણીયે કાંઈએ સમજતા નથી, એ કેમ હશે ?' તેનો ઉત્તર જે એ પ્રકૃતિ જીત્યા નથી માટે પ્રકૃતિ જીતવી. ને **જેણે પ્રકૃતિ જીતી હોય તેથી જેમ તેમ ન બોલાય. ને જેણે પ્રકૃતિ ન જીતી હોય તે બીજાને વાર્તા બહુ સારી કરે પણ જ્યારે પોતાના ઉપર આવે ત્યારે કાંઈ ઠા રહે નહિ.** ને માની પ્રકૃતિને જોગે કરીને તો પોતા થકી ધર્માદિકે કરીને શ્રેષ્ઠ હોય તો પણ તેની આગળ નમ્રભાવે વર્તાય નહિ. ૩૨

અને આ દેહમાં ઉત્તમ રુચિ પક્વ કરે તો હવે જે દેહ આવશે તેમાં ઐશ્વર્ય, સામર્થિ ને તેજ બહુ આવશે, તે ઉત્તમ રુચિની વિગત જે જીવથી લઈને પુરુષોત્તમ સુધી યથાર્થ સમજીને ઉત્તમ રુચિ રાખવી. 'તે કેમ સમજવું ? એ પ્રશ્ન. તેનો ઉત્તર જે જીવ તો મલિન રજ, તમ ને સત્ત્વ તેણે કરીને યુક્ત વર્તે છે ને કર્મવશ છે ને જે જે યોનિમાં જાય છે ત્યાં તેવો થઈ જાય છે અને જે ઈશ્વર છે તેતો શુદ્ધ સત્ત્વગુણમય જે દૃઢ ગ્રંથી તેણે યુક્ત વર્તે છે, ને જે મૂળપુરુષ છે તેતો ક્યારેક જુદા વર્તે છે ને ક્યારેક મિશ્રિતભાવે વર્તે છે પણ

૧. **અર્થ :—** શ્રીવાસુદેવ ભગવાનની મૂર્તિમાં માયિક આકાર, અજ્ઞાન અને અશુભ વાસનાનો અત્યંત નિષેધ કરવા માટે, નિર્બીજસાંખ્ય અને નિર્બીજયોગ (નિર્બીજયોગ એટલે, ઈંદ્રિયો અને અંતઃકરણની વૃત્તિઓને વિષય થકી પાછી વાળી શુદ્ધ જ્ઞાનરૂપ આત્મા સાથે જોડવી તે)ની યુક્તિઓને અનુસરતા એવા રક્ષા કરનારા હે શ્રી ભક્તિ-ધર્મના પુત્ર, તમારા શરણને હું પામ્યો છું.

૨. સંતદાસજીનો દેહ ભાગવતીતનુનો હતો.

૩. સ્વરૂપાનંદ સ્વામીનો દેહ બ્રહ્મમય હતો.

ચોખ્ખું[1] જુદું વર્તાતું નથી. અને જે માયા છે તે જડચૈતન્યમય છે ને જે અક્ષરધામના મુક્ત છે તે તો ગુણાતીત વર્તે છે તે ગીતામાં કહ્યું છે જે :—

प्रजहाति[2] यदा कामान् सर्वान् पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ गीता-२-५५

અને જે પુરુષોત્તમ છે તેતો અક્ષરાદિક સર્વેના નિયંતા છે ને પ્રકાશક છે ને એ સર્વેને વિષે શક્તિયે કરીને અન્વયપણે રહ્યા છે ને પોતે તો પોતાના ધામને વિષે સ્વતંત્રપણે રહ્યા છે. ૩૩

અને ત્રણ ગુણને વિષે ને અહંમમત્ત્વને વિષે ને પંચ વિષયને વિષે આસક્તિયે રહિત વર્તવું. ને ડાહ્યો હોય તે વાર્તા સમજે ને કરે પણ ખરો ને વર્તવું તો ઘણું કઠણ છે. ને એક તો વર્તે છે ને વાર્તા પણ કરે છે, ને એક તો કેવળ વાર્તા કરે છે, એ બે કેમ જણાય ? એ પ્રશ્નનો ઉત્તર, જે વરતે છે તેને મુમુક્ષુને સમજાવતાં આવડે છે ને બીજાને ન આવડે, ને વર્તવું તેતો પેટ કટારી નાખ્યા જેવું કઠણ છે ને ખડગે કરીને માથું કાપ્યા જેવું કઠણ છે. ૩૪

અને 'દેહને વિષે, પંચ વિષયને વિષે ને ભગવાનને વિષે જેવો અભિનિવેશ છે તેવો સંતને વિષે નથી ને સંત એના કરાવનારા છે. ત્યારે સ્વામી કહે, શ્રીહરિજીને વિષે પણ અભિનિવેશ નથી. તે મહારાજ સાથે વ્યવહાર પડે તો જણાય. તે કહ્યું છે જે ॥ **व्यवहारेण साधुः** ॥ આણીકોરે તો કોઈ નથી ને એણીકોરે હોય તો કોણ જાણે અને શ્રીહરિજીના મહિમાનો ને આત્મનિષ્ઠાનો ઠેરાવ નિત્ય પ્રલયાદિકે કરીને વારંવાર આગ્રહ રાખીને કરે તો અભિનિવેશ (આત્મબુદ્ધિ) થાય છે. તે હરિભક્તને દૃષ્ટાંતે[3] આગ્રહ રાખ્યાની વાર્તા બહુ કરી. ૩૫

---

૧. મૂળ પુરુષ સુધી પ્રકૃતિનો સંબંધ છે માટે શુદ્ધ નિર્ગુણ થવાતું નથી.

૨. **અર્થ** :- હે પાર્થ ! જ્યારે મનુષ્ય મનમાં રહેલી સર્વ કામનાઓ ત્યજી દે છે અને આત્મા (શુદ્ધમન)દ્વારા આત્મામાં(પરમાત્મામાં) જ સંતોષ પામે છે, ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

૩. બંને દેશના કેટલાક ગુરૂજનો પોતાની કહેલી વાર્તા દ્વારા હરિભક્તોને પોત પોતાના દેશના દેવ લક્ષ્મીનારાયણ તથા નરનારાયણમાં અભિનિવેશ = ઉપાસનાની દઢતા કરાવે છે પણ તેવી દૃઢતા સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણને વિષે કરાવતા નથી.





અને 'અભિનિવેશ થયો કેમ જણાય ? તેનો ઉત્તર જે શ્રીહરિજી તથા સત્પુરુષ તે હજારોનો વ્યવહાર ધુળમાં ભેળવી દીએ તો પણ રાજી રહેવાય ને લગારે પણ ભાવ ફરે નહિ ત્યારે દઢ અભિનિવેશ થયો કહેવાય ને રજોગુણ, તમોગુણ ને સત્ત્વ ગુણને નિર્ગુણ વ્યવહાર[1] સમજે તો અભિનિવેશ અતિ પક્વ થાય; ને વાર્તા સાંભળે છે, તો પણ વર્તવાને વિષે મેળવતાં આવડતું નથી. જેમ પ્રથમ શાસ્ત્ર ભણ્યો હોય છે, તો પણ બીજે મેળવતાં આવડતું નથી તેમ છે એમ વાર્તા બહુ કરી. ૩૬

અને ટેવ પાડ્યાની વાર્તા કરી જે માંદા તથા વૃદ્ધ સંતના દેહનાં આચરણ જોઈને જુવાન હોય તે પણ ઝીણાં વસ્ત્ર તથા પથારી કરવી તથા ખાન પાનાદિકની ટેવું પાડે છે એ સારું નથી. તે ટેવુંમાંથી તો સત્સંગમાંથી બારું જાતું રહેવાય છે માટે ટેવ માત્ર ન શીખવી. એમ કહીને ઉંદરને[2] દૃષ્ટાંતે સુખિયા રહ્યાની વાર્તા તથા પાટીદારને[3] દૃષ્ટાંતે કરીને દુખિયા થયાની વાર્તા બહુ કરી. ૩૭

---

૧. અર્થાત્ ક્યારેક રજોગુણ-તમોગુણ યુક્ત જણાતી, શ્રીહરિ અને સત્પુરૂષની ક્રિયા પણ પરિણામે જીવાત્માઓના કલ્યાણને અર્થે જ હોય છે માટે તેને નિર્ગુણ ક્રિયા કહેલી છે.

૨. એક ઉંદર હતો તે એક વાણિયાના ઘરમાં રહેતો. ગોળની ભીલીની કોઠી ઘરના માણસે ઉઘાડી એટલે લાગ જોઈને અંદર પડી ગયો. તે ગોળ ખૂબ ખાધો પછી વળી બે ત્રણ દહાડે પાછી કોઠી ઉઘાડી ત્યારે તે ઉઘાડનારના શરીર ઉપર ચડીને કૂદકો મારી બહાર નીકળી ગયો પછી ઘરધણીયે રાત્રે ઉંદરિયું મૂકીને પકડ્યો અને બહાર મૂક્યો એટલે તે કપાસિયાની વખારમાં પેસી ગયો. બે ત્રણ દહાડે વખારનાં માલિકે ઉઘાડીને જોયું તો કપાસનાં બી બહુજ જણાયા એટલે તેણે ઉંદરિયું મૂકીને પકડ્યો અને છેટે નદી પાસે જંગલમાં મૂકી આવ્યો એટલે નદી ઉપર લીલી કૂંપળો ખાઈને ઉંદર તો પુષ્ટ થયો. એવામાં પેલા ગોળવાળા ઘરનો માલિક અને તેનો દીકરો ફરતાં ફરતાં નદી પર આવ્યા અને ઉંદરને વાચા થઈ તે બોલ્યો કે 'તમારા ઘર કરતાં હું અહીં સુખી છું, કેમકે મને અહીં સંપૂર્ણ સ્વતંત્રતા છે અને તમારે ત્યાંતો કેદમાં હતો.' ઉંદરે આ પ્રમાણે એક જ ટેવ ન રાખી તેથી તે સુખિયો થયો.

૩. ગુજરાતમાં ચરોતર (ખેડા જિલ્લા)માં બાર ગામના પાટીદારો પોતાને ઊંચા કહેવડાવે છે, ને તે સિવાયના ગામની કન્યા લેતા નથી, ને તેમ કરવામાં ઘણીવાર ખૂબ હેરાન ને દુઃખી થાય છે, તો પણ પોતાના માનેલા રિવાજની દહેજ વગેરેની ટેવને મુકતા નથી. એ રીતે ટેવ પડે તો તેમાંથી દુઃખિયા થવાય છે. કારણકે મધ્યમ કક્ષામાં જ સદા સુખ રહેલું છે.

અને વક્તાપણાનું ને સમજુપણાનું માન તો બહુ હોય છે પણ જેમ સમજવું ઘટે તેમ સમજે નહિ, તે કેમ હશે ? તે તો શ્રવણ મનનાદિકે કરીને ઘટાડ્યા કરે તો સમજાય છે. ૩૮

અને જાણપણા રૂપે વરત્યાનો ને શ્રીહરિજીનો મહિમા સમજ્યાનો અતિ આગ્રહ રાખવો ને શુદ્ધ બ્રહ્મરુપ થઈને શ્રીજીને ભજવા પણ બગડેલ થઈને ન ભજવા, તે શ્રીજીએ આ શ્લોકમાં કહ્યું છે જે :— ॥ धर्मस्थितै-रु पगतैर्बृहता निजैक्यं[1] ॥ ને **જે સત્તારૂપ થઈને ધ્યાન કરે છે તેને જ્ઞાન વૃદ્ધિ પામે છે ને દેહરુપ થઈને કરે છે તેને તો ઇંદ્રિયુંનું જ્ઞાન વૃદ્ધિ પામે છે.** ને યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા ધ્યાન ને સમાધિ એ જેમ કઠણ છે. તેમ ધર્માદિક પણ અતિ કઠણ છે. ૩૯

અને પ્રથમ સત્સંગમાં આવે ત્યારે દેહનું માન હોય છે પછી ભક્તિનું માન આવે છે ને પછી આત્મજ્ઞાનનું માન આવે છે ને પછી ઉપશમે કરીને એ સર્વેનું માન ટાળે છે. તે કહ્યું છે જે :-

त्यज[2] धर्ममधर्मं च उभे सत्यानृते त्यज ।
उभे सत्यानृते त्यक्त्वा येन त्यजसि तत्त्यज ॥

માટે અસત્ય સંકલ્પ થાય તો સત્તારુપે થઈને ટાળવા ને નિયમ, વિચાર તથા ઉપશમે કરીને સ્થૂળાદિકનું માન ટાળવું ને જુવાનને તો યુક્ત ભોજન કરવું ને નવધા ભક્તિ આળસ મેલીને કરવી ને ઉપશમનો અભ્યાસ પ્રમાદ મૂકીને કર્યા કરવો ને સત્પુરુષનો સંગ રાખવો ને માંદાને ને વૃદ્ધને તો યુક્ત આહાર, ઉપશમ અને સમાગમ કરવો. ૪૦

અને ઉત્તમ મુમુક્ષુનાં લક્ષણ એજ છે જે સ્ત્રી, દ્રવ્ય, સ્વાદ ને માન

---

૧. **અર્થ** :- પોતાના એકાંતિક ધર્મમાં રહીને તેમજ પોતાના આત્મસ્વરૂપને અક્ષરબ્રહ્મ સાથે સાધર્મ્ય પામેલું જાણીને ભગવદ્ભજન કરવું. (સ. જી. ૫-૬૬-૨૧)

૨. **અર્થ** :- ધર્મરૂપ અથવા અધર્મરૂપ,સત્યરૂપ, અસત્યરૂપ જે જે સંકલ્પ આવે તેનો ત્યાગ કર અને જે વિચારે કરીને એને તજે છે તે વિચારનો પણ ત્યાગ કરી દે. (ભારત, મોક્ષ. ૩૩/૪૦)





એનો ત્યાગ કરે ને મોટા સંત સ્વભાવ ટાળવાને અર્થે દુઃખવીને કહે તો પણ મૂંઝાય નહિ. ૪૧

અને શ્રીજી મહારાજે વચનામૃતમાં વાર્તા કરી છે જે, પ્રવૃત્તિ નિવૃત્તિ ધર્મ છે તે શ્રીહરિકૃષ્ણજી મહારાજને સંબંધે સહિત પણ છે ને સંબંધે રહિત પણ છે. તેમાં જે સંબંધે સહિત છે તેજ ભાગવતધર્મ છે. તે ભાગવતધર્મ ને ભક્તિ તે બેય એકજ છે ને તે ભાગવતધર્મ સ્થાપન કરવાને અર્થે શ્રીહરિજી મહારાજનું પૃથ્વીને વિષે જયકારી પ્રવર્તકપણું છે અને તે ભાગવતધર્મને શિક્ષાપત્રી આદિકને વિષે શ્રીજીમહારાજે યથાર્થપણે કહેલ છે તે પ્રમાણે વર્તવું. ૪૨

અને **સ્વભાવ ટાળીને સત્તારૂપે વર્તવું** એમ વર્તવે કરીને કારણ આદિક શરીરનો નાશ થઈ જાય છે અને એમ ન વર્તે તો વૃદ્ધપણામાં ઠા રહે નહિ ને વૈરાગ્યવાનને તો સહેજે નિયમ રહે છે ને મંદ વૈરાગ્યવાળાને તો નિયમ દ્રઢપણે રાખવા અને ઈંદ્રિયોની જે વૃત્તિ છે તે તો ઘોડા જેવી બળવાન છે. તે જેમ ઘોડાને દાડી ફેરવ્યા કરે તો વશ રહે છે ને યથાર્થ તો ચાલાક અસ્વાર વશ કરે છે. તેમ **ધર્મમાં રહેવે કરીને ઇંદ્રિયું વશ થાય છે** ને યથાર્થ **વશ તો ઉપશમે કરીને થાય છે.** તેતો જાણે જે 'નવરા રહીએ તો શીખવાનો અભ્યાસ કરીએ' એમ કાંઈ થાતું નથી ને મૂળગી આળસ પેસે છે. માટે શ્રીહરિની નવધા ભક્તિ કરતાં કરતાં જે અભ્યાસ થાય છે તેજ ખરો છે તે ઉપર પાણીયારીના ને ઘોડેસ્વારના[1] દ્રષ્ટાંતે કરીને વાર્તા બહુ કરી. ૪૩

અને યુવાન, વૃદ્ધ, ને રોગીને વર્ત્યાની વિક્તિના ભેદ જે ચાર પ્રકારનાં ભોજન[2] મનુષ્ય નિત્ય જમે છે તોપણ નવું ને નવું રહે છે. પણ નિત્ય જમીએ

---

૧. પાણિયારી પાણી ભરે ત્યારે અને ઘોડેશ્વાર ઘોડો ચલાવે તે વખતે ચારે કોર દૃષ્ટિ રાખે છે, તેમ વ્યવહારમાં રહિને પણ ભગવાનની નવધા ભક્તિનું નિશાન ચૂકવું નહીં. (વચ. ગ. અં. ૯મું.)

૨. ચાર પ્રકારના ભોજનમાં **ભક્ષ્ય** = બટકા કરીને રોટલાદિક, ખાવું તે. **ભોજ્ય** = ચણાદિક શેકીને ખાવા તે, **લેહ્ય** = મધ આદિક ચાટીને ખાવું તે અને **ચોશ્ય** = કેરી આદિક ચુસીને ખાવું તે.

છીએ તેનાં તે જ છે એમ થાતું નથી. તે કહે છે જે 'આજ તો જેવી રોટલી થઈ છે એવી તો કોઈ દિવસ થઈ જ નથી ને શાક પણ આજના જેવું તો થયું જ નથી. તથા વસ્ત્રનું પણ એમજ રહે છે એનું નામ ભેદ છે, અને તેથી પંચવિષય સંબંધી ક્લેશ થાય છે. માટે **વિષયની આસક્તિ ટળી જાય તો ક્લેશ માત્રની નિવૃત્તિ થઈ જાય છે.** ૪૪

અને શ્રીહરિજીના માહાત્મ્યની વાર્તા જાતવાન[1] ઘોડાના દૃષ્ટાંતે કરીને બહુ કરી ને લોભ, કામ, રસાસ્વાદ અને જેવો સ્વભાવ પોતામાં હોય તેવો પરમેશ્વરને વિષે તથા મોટા સંતને વિષે પરઠે છે, માટે સ્વભાવ ટાળીને શુદ્ધ બ્રહ્મરૂપ થઈને વરતે તો ન પરઠાય ને ગુણ વિચારીને અવગુણ ટાળીએ છીએ અને અલ્પ સ્વભાવનો અવગુણ લેતા નથી તે તો પોતાનું વિચારી જોઈએ છીએ. ને પ્રિયવ્રતાદિક અવતાર ન કહેવાય અને નારદ સનકાદિક અવતાર કહેવાય. ૪૫

અને 'શ્રીહરિજી મહારાજને હવે રાજી કરવાનો શો ઉપાય છે ?' એ પ્રશ્નનો ઉત્તર જે ધર્મામૃત, શિક્ષાપત્રી ને નિષ્કામશુદ્ધિ પ્રમાણે વરતે તો રાજી થાય ને શ્રીહરિજીનું કયાં પરોક્ષપણું છે ? એતો સદાય પ્રત્યક્ષ જ છે ને **ઉપાસ્ય[2], ઉપાસક અને સ્થાનકની શુદ્ધતાએ કરીને અતિ ઉત્તમ થવાય છે.** તે ઉપાસકનું લક્ષણ જે, **यो वेत्ति युगपत्सर्वं प्रत्यक्षेण सदा स्वतः**[3] એમ જાણે તે કહેવાય. ૪૬

---

૧. જાતવંત ઘોડાની કિંમત જાણીને તેને માટે અશ્વશાળા (તબેલા)માં અશ્વોને ખાવા માટે ઘાસના ભૂસાની કુંડી, બાજરાની તથા ચણાની કુંડી તથા જળની કુંડી ભરેલી રાખે છે. તથા બેસવા માટે જમીન પણ સ્વચ્છ રખાય છે, જેથી જાતવાન ઘોડાઓ સુખી રહે છે તેમ ભક્તને પણ ભગવાનનો મહિમા જાણીને તેમણે આપેલું ધન, બંગલા, ખેતીવાડી, પુત્ર-પરિવાર-દેહ વગેરે સાધન દ્વારા શ્રીહરિમાં આત્મનિવેદન ભક્તિથી જોડાઈને સુખી થવાય છે.

૨. **ઉપાસ્ય** : શ્રીસ્વામિનારાયણ ભગવાન. **ઉપાસક** : પોતાના આત્માને અક્ષરબ્રહ્મનું સ્વરૂપ માનનાર. **સ્થાનક** : અક્ષરધામ

૩. **અર્થ** : જે ભગવાન સાધન વિના (સ્વયં) પણ જડચેતન સમગ્ર વિશ્વને એક સાથે પ્રત્યક્ષપણે હંમેશા જાણે છે.





અને વિશલ્યકરણીના વચનામૃતમાં[1] અહંમમત્વ ટાળ્યાની વાર્તા આવી ત્યારે પ્રશ્ન પૂછ્યું જે, 'એ અહંમમત્વ કેમ ટળે ?' ત્યારે તેનો ઉત્તર કર્યો જે, જેમ દેહને વિષે આત્મબુદ્ધિ છે અને અતિશે હેત છે તેમ શ્રીહરિજીને વિષે થાય તથા મોટા સંતને વિષે થાય તો અહંમમત્વ ટળે માટે **આત્મવિચારનો ને શ્રીહરિજીના મહિમાનો વેગ જીવમાં અતિ બળવાન લગાડી દેવો.** જેમ મંદવાડ હાડમાં પેસી જાય છે, ને જેમ વૈરીનો વેગ પેસી જાય છે તેમ. ૪૭

અને વ્યાસાદિક[2] નિર્ગુણ અવતાર છે ને પરશુરામ તથા સંકર્ષણાદિક સગુણ અવતાર છે એમ રામાનુજાચાર્યે મહાભાષ્યમાં કહ્યું છે. ૪૮

અને ઉપશમ[3] જ્યારે રહેવા માંડે ત્યારે વૈરાટાદિકની સામર્થી દેખાઈ આવે છે પણ તેને ગ્રહણ ન કરે ને તેને તિરસ્કાર કરીને ઉપશમને વિષે વર્તતા થકા શ્રીહરિજીનું ભજન કર્યા કરે, તો એ એકાંતિક ભક્ત થાય છે અને અવતાર માત્રની એ રીત છે જે સ્ત્રી દ્રવ્યનો ત્યાગ કરાવવો ને ગરીબની રક્ષા કરવી. તે વિદ્યા, વૈરાગ્ય તથા ભક્તિને બળે કરીને કોઈક ગરીબનો તિરસ્કાર કરતો હોય તો તેને દેખીને ખમી શકે નહિ એવો સહજ સ્વભાવ છે. ૪૯

અને નિર્બળ તથા બળવાન કેમ જણાય ? એ પ્રશ્નનો ઉત્તર જે, ઈંદ્રિયો, મન, બુદ્ધિ ને જીવથી જે શ્રીહરિના ભક્તરૂપે વર્તવું, તે એક એકથી બળિયો કહેવાય છે. તેની વિગત જે, કોઈક તો પરદેશમાં[4] જાય છે ને ત્યાંજ વળગી રહે છે ને કોઈક તો ઘરમાં અહીં જ વળગી રહે છે ને કોઈક તો બુદ્ધિએ કરીને નિશ્ચય કરે છે ત્યાર પછી તે ક્રિયાને કરે છે ને કોઈક તો સત્તારૂપે વર્તે છે. ને

---

૧. વચ. ગ. અં.નું ૩૯મું.

૨. વ્યાસજીએ સહુને મોક્ષમાર્ગે ચઢાવ્યા તેથી નિર્ગુણ અવતાર અને પરશુરામે અસુરોને માર્યા માટે સગુણ.

૩. ઈંદ્રિયોની વૃત્તિ વિષયમાંથી પાછી ખેંચાઈને આત્મ સ્વરૂપમાં જ રહે, પણ વિષયમાં પ્રવર્તે નહિ તેવી ઉત્તમ સ્થિતિ.

૪. પરદેશ એટલે આ મૃત્યુલોક. ઘરમાં એટલે દેહમાં બુદ્ધિએ કરીને નિશ્ચય કરી કર્મ કરે તે. સત્તારૂપ એટલે આત્મસ્વરૂપે વર્તે તે, અને એકાંતિક થઈને વર્તે એમ પાંચ ભેદ કહ્યા છે.

કોઈક તો નિત્ય પ્રલયાદિકે કરીને સર્વે પદાર્થને નાશવંત ને અસાર જાણીને તથા વૈરાગ્યનું ગ્રહણ કરીને શ્રીહરિજીને વિષે પ્રીતિ કરે છે. તે એકએકથી બળિયા છે. ૫૦

અને અન્નમયકોષ, પ્રાણમયકોષ, મનોમયકોષ, વિજ્ઞાનમયકોષ ને આનંદમયકોષ[૧] એમની સ્થિતિ જુદી જુદી કહી છે. ૫૧

અને જે આધુનિક મુક્ત છે તે અનાદિમુક્ત જેવા થાય છે કે નથી થાતા? એ પ્રશ્નનો ઉત્તર જે, સત્પુરુષને સંગે કરીને ધર્મજ્ઞાનાદિક પક્વ થયાં હોય તો તે અધિક છે ને તેમાં ન્યૂનપણું હોય તો તે ન્યૂન રહે છે. ૫૨

અને ધારણા, ધ્યાન ને સમાધિ એ સવિકલ્પ તો હોય અને નિર્વિકલ્પ તો ઈશ્વર ઈચ્છાએ કરીને થાય છે. સવિકલ્પ સમાધિ કરવી તથા સત્તારુપે વર્તવું એતો જીવના હાથમાં છે, તે જો ॥ **अर्थं साधयामि वा देहं पातयामि** ॥ એમ સાચો થઈને મંડી પડે તો થાય. ૫૩

અને અમદાવાદમાં[૨] નટવા રમાડ્યા ત્યારે મહારાજ કહે જે 'અમે તમારો તમાસો જોવા નથી રમાડતા, પણ સૌને એમ દેખાડીએ છીએ જે આમ પેટને અર્થે અતિશે પુરુષ પ્રયત્ન કરે છે માટે ઈશ્વરને અર્થે કરે તો શું ન થાય? જે કરે તે સર્વે સાધન સિધ્ધ થાય છે. જો જીવ એવો સાચો થાય તો.' ૫૪

અને શમ[૩], દમ[૪], ઉપરતિ[૫], તિતિક્ષા[૬], શ્રદ્ધા[૭] ને સમાધાન[૮] એ છ

૧. **અન્નમય** = ભૌતિક દેહ. **પ્રાણમય** = સૂક્ષ્મદેહ. **મનોમય** = કારણ દેહ, **વિજ્ઞાનમય** = આત્મસ્વરૂપ. **આનંદમય** = પરમાત્માસ્વરૂપ.

૨. અમદાવાદમાં હાલના મંદિરના ચોકમાં નટ રમાડેલા. તેમાં એક નટ નાગરણ થયો અને બીજો ઢેઢડી થયો. બંનેએ માથે બેડાં લીધાં અને પગે શિંગડાં બાંધ્યાં અને દોરડાં ઉપર સામસામા ચાલ્યા, પરંતુ પરસ્પર અડક્યા નહીં અને ચાલ્યા ગયા એજ પ્રમાણે ત્યાગી તથા ગૃહી પોતપોતાના ધર્મની સુરત રાખી ચાલે તો હરકત આવે નહીં.

૩. મનોનિગ્રહ.

૪. ઈંદ્રિયોનું દમન. ૫. વ્યર્થ વ્યાપાર નિવૃત્તિ.

૬. સુખદુ:ખાદિ દ્વન્દ્વનું સહન કરવું તે. ૭. દઢ વિશ્વાસ.

૮. શંકા કે સંશયનું નિરાકરણ.





એક સાધન કહેવાય છે. વૈરાગ્ય, વિવેક અને મુમુક્ષુતા એ ત્રણ મળીને સાધન ચતુષ્ટય કહેવાય છે. ૫૫

અને ચાર પ્રકારે નિષ્કામી રહેવાય છે. તેની વિગત જે એક તો ધર્મામૃત પ્રમાણે વર્તવે કરીને તથા અષ્ટાંગયોગે કરીને તથા સત્તારૂપે વર્તવે કરીને તથા લાજે કરીને પણ નિષ્કામી રહેવાય છે. ૫૬

અને જ્ઞાનાંશ તે કેમ સમજવો ? એ પ્રશ્નનો ઉત્તર જે પુરુષોત્તમનું તથા અક્ષરનું તથા મૂળપુરુષનું, મૂળમાયાનું તથા પ્રધાનપુરુષનું તથા વિરાટપુરુષનું તથા જીવનું જે રુપ પૃથક કરીને કહે છે ને સમજે છે એનું નામ જ્ઞાનાંશ કહેવાય છે. ત્યાં શ્લોક છે જે,

क्षेत्राणां[१] च क्षेत्रविदां प्रधानपुरुषस्य च ।
मायायाः कालशक्तेश्चाक्षरस्य च परस्य च ॥ ૫૭

અને વચનામૃતમાં નિરભે રહ્યાનું કહ્યું છે તેનું કેમ સમજવું ? એ પ્રશ્નનો ઉત્તર જે એક તો આત્મનિષ્ઠા પક્વ હોય અને શ્રીહરિજીનું માહાત્મ્યે સહિત યથાર્થ જ્ઞાન હોય તો શ્રીજી મહારાજ જેમ કહે તેમ વિશ્વાસપૂર્વક પ્રતીતિ આવે ને માર્ગમાં સિંહ કે સર્પ મળે તેમ હોય અથવા ઓગણોતેરા જેવો કાળ પડ્યો હોય તેવા સમામાં મહારાજ કહે જે 'નિરભે રહેજો કાંઈ ફીકર કરશોમાં' એવાં વચનમાં જેને યથાર્થ પ્રતીતિ હોય તેને તો લેશ માત્ર ભય આવે જ નહિ. પણ જીવને પ્રાકૃત પદાર્થની પ્રતીતિ તરત આવી જાય છે જેમ સિંહની બીક લાગતી હોય ત્યાં બે શૂરા બે કોરે રક્ષા કરતા જાતા હોય ને કાળ પડ્યો હોય તે સમે કોઈક હજાર રૂપિયા આપે તો જેવો નિરભે ને આનંદ થાય છે, તેવો શ્રીહરિજીનાં વચનને વિષે નિરભે ને આનંદ આવતો નથી. માટે એ પ્રકારે સત્સંગ સમજાયો નથી તે સારુ સત્પુરુષનો સમાગમ કરીને કસર માત્રને ટાળીને સાધુ થાવું ને એથી કોઈ અધિક પ્રાપ્તિ નથી. ૫૮

૧. **અર્થ :–** સમગ્ર જીવ ઈશ્વરાદિકના શરીરો-જીવાત્માઓ, પ્રધાન પુરુષ, ત્રિગુણી માયાનું કાર્ય, કાળકર્માદિ પ્રભુની શક્તિઓ તથા અક્ષરનું સ્વરુપ ને તે સર્વથી પર એવા પરમાત્માના સ્વરૂપને જાણે તે જ્ઞાનાંશ છે.

અને કારીયાણીમાં રામદાસ વૈદ્યને મહારાજે કહ્યું જે, 'બીક બહુ જણાય છે ?' ત્યારે તેણે કહ્યું જે 'હા મહારાજ' તે ઉપર વાર્તા કરી જે 'પરમેશ્વર તો સર્વેના અંતર્યામી છે ને સર્વેના પ્રેરક છે ને સર્વેના નાડીપ્રાણ એમના હાથમાં છે' એમ કહીને ચકલાને સમાધિ કરાવી દેખાડી. ૫૯

અને મહાભારતમાં બ્રાહ્મણી ગીતા છે તેમાં અશ્વમેધ યજ્ઞ કહ્યો છે તેની રીત એમ છે જે જીવરુપ રાજા છે ને મન રૂપ ઘોડો છે ને ઇંદ્રિયુંરુપ પૂર્વ પશ્ચિમ આદિક દિશાઉં છે તે પ્રત્યે મૂકે છે ત્યારે તે મનરૂપ ઘોડાને જ્યારે કોઈ ઈંદ્રિયું પોતપોતાના વિષયમાં બાંધી શકે નહીં ત્યારે એમ જાણીયે જે સર્વે દિશાઉં જીતાણી ને યજ્ઞ જે શ્રીહરિજી મહારાજ સંબંધી જપયજ્ઞ, તપયજ્ઞ, યોગયજ્ઞાદિક સર્વે યજ્ઞ તે સંપૂર્ણ થયા કહેવાય. એવી રીતે ગોમેધાદિક સર્વે યજ્ઞની રીત જાણવી. ૬૦

અને લિંગદેહ કેમ નાશ પામે ? એ પ્રશ્નનો ઉત્તર જે **સત્તારૂપ થઈને શ્રીહરિજીનું ધ્યાન કર્યા કરે તો કાળે કરીને લિંગદેહનો નાશ થઈ જાય છે.** ૬૧

અને જેને જેવો અભ્યાસ હોય તેવું કામ કર્યાનો તે આગ્રહ કરે છે તો તેને કાર્યની સિદ્ધિ વહેલી થાય છે. ને રજોગુણી બુદ્ધિવાળો તો ઉત્થાન ભેળી જ ક્રિયા કરવા માંડે છે. ને તમોગુણી તો અંધધંધ જેવી ક્રિયા કરે છે અને સત્ત્વગુણી તો વિચાર્યા વિના કરે જ નહિ. ૬૨

અને સર્વે સમાન છે એમ કહે છે તેની વિગત જે જેમ ચિંતામણિ આગળ પારસમણિ આદિક સર્વે સમાન છે, ને પારસમણિની આગળ હીરા મોતી આદિક સર્વે સમાન છે. તેમ પુરુષોત્તમ ભગવાન આગળ અક્ષરાદિક સર્વે સમાન છે ને તે અક્ષર તથા તેમાં રહ્યા જે મુક્ત તેની આગળ મૂળપુરુષાદિક ને તેની આગળ પ્રધાન પુરુષાદિક ને તેની આગળ વિરાટપુરુષાદિક ને તેની આગળ બ્રહ્માદિક એમ એક એકની આગળ બીજા સર્વે સમાન છે. ૬૩

અને ઉત્તમ મુમુક્ષુનાં લક્ષણ એ છે જે સત્પુરુષને ઓળખી કાઢે ને તેને





મન સોંપી દીએ ને તેમના સમાગમને અર્થે સર્વ પ્રકારની ભીષણ ખમે ને કોઈક ઉત્તમ વિષયને વિષે લોભાવા માંડે તોપણ ન લોભાય ને ધર્મ જ્ઞાનાદિક સાધનને દેશકાળાદિકના વિષમપણાએ કરીને પણ મૂકે નહિ ને આત્મા અનાત્માનો વિચાર કરે. **ને સર્વ સત્શાસ્ત્રનો પણ એજ સિદ્ધાંત છે જે સત્તારૂપ થઈને શ્રીહરિજીનું ધ્યાન કરવું ને એમ ને એમ અનેક જન્મ સુધી કર્યા કરે ત્યારે કારણ શરીર નાશ પામે છે.** ૬૪

અને શ્રીહરિજીનું ભજનસ્મરણ કેમ કરવું ? એ પ્રશ્નનો ઉત્તર જે અક્ષર ને અક્ષરના મુક્ત છે તે તો અક્ષરરૂપ થઈને ભજન કરે છે અને શ્વેતદ્વીપના મુક્ત તો કારણ ભાવને ટાળતા થકા ભજન કરે છે ને બદ્રિકાશ્રમના મુક્ત તો સત્તારુપે રહીને સ્થૂલ સૂક્ષ્મના ભાવને ટાળતા થકા ભજન કરે છે ને આપણે સર્વે તો સ્થૂળના ભાવે વર્તતા થકા ભજન કરીએ છીએ. તેમાં પણ કેટલાક તો અક્ષરના ભાવે વર્તે છે, ને કેટલાક તો સત્તારૂપપણે વર્તે છે ને **સર્વ કરતાં અનુવૃત્તિમાં[1] રહેવું કઠણ જણાય છે.** કેમજે બીજાના મનના ગમતા પ્રમાણે વર્તવું, માટે સ્વરૂપમાં રહેવા કરતાં પણ એ કઠણ છે. ૬૫

અને બુદ્ધિવાન હોય તેને એકાંતિક ધર્મ સમજાય તો ખરો પણ પોતાના જે નાના પ્રકારનાં બીબાં (સ્વભાવ) તેને મૂકી શકે નહિ ને સત્પુરુષની અનુવૃત્તિમાં પણ રહી શકે નહિ. એ ખોટ્ય બુદ્ધિવાળાને વિષે જણાય છે ને મૂઢ ભક્તમાં શ્રદ્ધા તો હોય પણ સમજી શકે નહિ, એ ખોટ્ય છે. ૬૬

અને શ્રીહરિજીના સ્વરૂપને સર્વે સ્થાનકને વિષે પ્રકાશમાન જોવું. ને વિજ્ઞાનદાસજીને મહારાજે કહ્યું જે 'તમારે તો કુંઠિત વાસના છે,' પછી અમે તેમને કહ્યું જે, અમારું પૂછો પછી તેણે પૂછ્યું. ત્યારે શ્રીજીએ કહ્યું જે 'એમની તો નિર્મૂળ વાસના છે. પછી ફરીને પુછાવ્યું તો પણ એમ ને એમ કહ્યું. ૬૭

અને વિશલ્યકરણીના વચનામૃતની[2] વાર્તા કરતા હતા ત્યારે પૂછ્યું જે

૧. અનુવૃત્તિ એટલે શ્રીજીની મરજી પ્રમાણે વર્તવું તે.
૨. ગ. અં. પ્ર. ૩૯.

'અહંમમત્વ કેમ ટળે ?' તેનો ઉત્તર જે દેહને વિષે જેમ આત્મબુદ્ધિ[1] ને અસાધારણ હેત છે, તેમ શ્રીહરિજી મહારાજને વિષે અને સત્પુરુષને વિષે હોય તો ટળી જાય છે. ૬૮

અને જ્ઞાની અજ્ઞાનીનું લક્ષણ સંક્ષેપે કરીને કહીએ છીએ જે જ્ઞાનીભક્ત પ્રવૃત્તિમાર્ગમાં શ્રીજીની આજ્ઞાએ કરીને પ્રવર્ત્યો હોય તોપણ શ્રીહરિજીની કથા, વાર્તા, કીર્તન, ભક્તિ તથા આત્મા અનાત્માનો વિવેક, તે કર્યા વિના રહી શકે નહિ. ને બીજો તો પ્રવૃત્તિમાં અતિશે જોડાઈ જાય ને ભજન સ્મરણ પણ યથાર્થ થાય નહિ. ૬૯

અને ત્રણ પ્રકારના પ્રલયમાં[2] કેમ વર્તે તો ન જોડાય ? એ પ્રશ્નનો ઉત્તર જે, એક તો શ્રીહરિજી મહારાજનું ધ્યાન ને બીજું જન્મકર્મનું દિવ્યપણું યથાર્થ જાણવું ને ત્રીજું આત્મસત્તારૂપે વર્તવું. એ ત્રણનું અનુસંધાન નિરંતર રહ્યા કરે તો ન જોડાય. ૭૦

અને હેત હોય ને વિશ્વાસ ન હોય તથા વિશ્વાસ હોય ને હેત ન હોય, એમ વાર્તા કરી, ત્યારે પૂછ્યું જે 'એ બેની સમજણમાં શું ખોટ્ય હશે ?' તેનો ઉત્તર જે, વિશ્વાસીને તો એ ખોટ્ય છે જે પંચ વિષયને વિષે રાગ છે એટલે હેત થાતું નથી ને હેતવાળાને એ ખોટ્ય છે જે, સત્પુરુષની મોટપ યથાર્થ જણાતી નથી. ૭૧

અને દેહ તથા દેહના સંબંધીને વિષે જીવને અતિશે હેત રહે છે. ને આ મનોહરદાસને આપણે સર્વે રાંકની પેઠે તગડીને કાઢી મેલીએ છીએ. પણ જો આપણા સંબંધી રાંક થઈને આવ્યા હોય તો તે ઉપર દયા આવી જાય ને કોઈ કાઢી મેલે કે અન્ન ન દીએ તો તે સંતનો પણ અવગુણ આવે. તે ઉપર પ્રાંતિજના

૧. આત્મબુદ્ધિ એ વિશલ્યકરણી ઔષધી કહી. વિષયોરૂપી શલ્ય વાગ્યાં હોય તેને કાઢવા માટે સંત તથા શ્રીહરિને વિષે આત્મબુદ્ધિ ને અસાધારણ હેત એજ ખરો ઉપાય છે.

૨. **વચ. ગ. પ્ર. પ્ર. ૧૨.**





ગોવિંદરામના[1] દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી. ૭૨

'સંબંધીમાં એવું દઢ હેત છે તે કેમ ટળે ?' એ પ્રશ્નનો ઉત્તર જે તેમાં વૈરાગ્ય સોતું આત્મજ્ઞાન નથી તથા માહાત્મ્યે સહિત શ્રીજીનું જ્ઞાન નથી, માટે નાત જાતને વિષે તથા દેહ ગેહને વિષે તથા દેહના સંબંધીને વિષે આસક્તિ છે ને તેતો સમુદ્રની પેઠે અંતરમાં ભરી છે, ને સત્સંગ તો સમુદ્રની લહેરની પેઠે છે. માટે શ્રીજી મહારાજનો મહિમા મોટપ તથા મરજીને તથા અતિશે દયાળુપણું, અતિશે કૃપાળુપણું, અતિશે વત્સલપણું તથા અનવધિકાતિશય જ્ઞાન, બળ, ઐશ્વર્ય, શક્તિ, તેજવાળાપણું તથા સત્ય તથા અસંખ્યેય કલ્યાણ ગુણગણને રહેવાપણું તથા નિરવદ્ય, નિરંજન ને નિર્વિકારપણું તથા અનવધિકાતિશય સૌંદર્ય, સૌકુમાર્ય, લાવણ્ય, યૌવનાદિક અનંત ગુણના નિધિપણું તથા સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિ એ સર્વેને અંતઃકરણને વિષે ભરે તથા મોટા પુરુષની મરજી પ્રમાણે વર્તવાપણું પણ ભરે ને ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનું[2] વિભાગપણું પણ ભરે, ત્યારે એ સર્વે જીવને વિષે અવ્યક્તપણે નામરૂપની પેઠે ખૂંતી રહ્યું હોય, પછી તે જ્યારે સંભારે ત્યારે તદ્રુપ થઈ જવાય. માટે એવું વર્તતું હોય તો દેહ તથા દેહનાં સંબંધીને વિષેથી સ્નેહરૂપ સમુદ્રનો નાશ થઈ જાય છે ને શ્રીહરિજીને વિષે પ્રીતિરૂપ સમુદ્ર વૃદ્ધિને પામે છે. ૭૩

અને મુક્તાનંદ સ્વામીને મહારાજ વઢીને ક્યારેય પ્રસાદીનો થાળ કે વસ્ત્ર

૧. પ્રાંતિજના ગોવિંદરામને દેહ અને દેહના સંબંધીમાં બહુ હેત હોવાથી કાંઈ દોષમાં આવ્યા. શ્રીહરિએ તેમને વિમુખ કરીને કાઢી મુક્યા, છતાં તે રોજ મંદિરમાં આવતા હતા. હરિભક્તો શ્રીહરિની આજ્ઞાથી તેનો તિરસ્કાર કરી કાઢી મુકતા અને શ્રીહરિ પણ તે દોષયુક્ત છે એમ ભક્તોની આગળ કહેતા હતા ત્યારે ગોવિંદરામ ભક્તે કહ્યું કે– શ્રીહરિમાં પણ એક દોષ છે કે જે માટે તે મારા હૃદયમાંથી બહાર નીકળતા નથી જો તે મારા હૃદયમાંથી નીકળી જાય તો હું મંદિરમાંથી બહાર નીકળી જાઉ. 'જો શ્રીહરિ આપ મારા હૃદયમાંથી ન નીકળી શકતા હો તો મને અહીં રાખો.' આ પ્રમાણે કહેવાથી શ્રીહરિએ તેમને પ્રાયશ્ચિત્ત કરાવીને મંદિરમાં આવવા દીધા.

૨. ક્ષેત્ર એટલે દેહ ને ક્ષેત્રજ્ઞ એટલે જીવ. બન્ને જુદા છે એવી રીતે ક્ષેત્ર એટલે જીવ ને ક્ષેત્રજ્ઞ એટલે પરમાત્મા.

દેતા નહિ ને સહેજે તો દાડી પ્રસાદી ને વસ્ત્ર આપતા ને બીજાને તો વઢે ત્યારે પ્રસાદી તથા વસ્ત્ર આપ્યા વિના રહેજ નહિ. તે શું જે, મુક્તાનંદ સ્વામીને મૂંઝવણ થાતી નહીં એટલે ન દેતા. 'તે કેમ સમજતા જે મૂંઝવણ જ આવતી નહિ ?' એ પ્રશ્નનો ઉત્તર જે તે પોતાને ત્રણ ગુણ અને ત્રણ શરીર થકી રહિત સમજતા ને શ્રીજી મહારાજની મોટપ ને મહાત્મ્ય અતિશેપણે સમજતાં ને તેમજ વર્તતા ને હિતકારી પણ અતિશે જાણતા તેણે કરીને મૂંઝવણ ન આવતી. ૭૪

અને શ્રીહરિજીને પુરુષોત્તમ સમજીયે છીએ તેનો ઠેરાવ કરવો ને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા મહાત્મ્યે સહિત ભક્તિ, તેનો પણ ઠેરાવ કરવો ને જે સત્પુરુષને ગુરુ જેવા માનવા તેનો પણ નિરધાર કરવો. કેમ જે, નિરધાર કર્યા વિના દેશકાળાદિકે કરીને એક સ્થિતિ રહેતી નથી ને શ્રીજીના ભક્તની સેવાચાકરી, નમસ્કાર, પૂજા, આદિક જે જે કરવું તેનો પણ ઠેરાવ કરવો ને એમ કર્યા વિના તો શ્રીહરિજીને અર્થે યજ્ઞ આદિક[1] કરતા હોઈએ તે બીજા દેવને અર્થે પણ થઈ જાય. તે સારુ દ્રઢ વિચાર કરીને ઠેરાવ કરવો ને એ વાર્તાનો તલતુંબડીની[2] પેઠે શ્રદ્ધા સહિત અતિશે શ્રવણ, મનનાદિક અભ્યાસ કર્યા કરે તો સાક્ષાત્કાર થાય. ૭૫

અને એક હરિજન તો સત્સંગ સંબંધી ભીષણ ખમે છે ને એક નથી ખમી શકતો એ બેમાં શું ગુણદોષ હશે ? એ પ્રશ્નનો ઉત્તર જે, જે ભીષણ ખમતો નથી તેમાં એ દોષ છે જે, એ **શ્રીજી મહારાજનો ને મોટા સંતનો મહિમા સમજતો નથી ને શ્રદ્ધા પણ અલ્પ છે ને દેહાભિમાન પણ બહુ છે માટે સત્સંગ એના જીવને વિષે પેસતો નથી.** એટલે વૃદ્ધિ પણ પામતો નથી. ૭૬

૧. જપયજ્ઞ, તપયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, યોગયજ્ઞ વગેરે.

૨ તલતુંબડી ન્યાય એટલે કે અગાઉ અભ્યાસ કરનાર, પોતે એક તુંબડીમાં તલ ભરીને એકેક તલ દરેક પાઠ પૂરો થતાં બહાર કાઢતાં, અને એ પ્રમાણે જેટલા તલના દાણા હોય તેટલી વખત પાઠ કરતાં અને વળી પાછા બધા તલ બહાર નીકળી રહે એટલે ફરીથી તુંબડીમાં ભરીને પાછા તલની સંખ્યા પ્રમાણે પાઠ કરતા. આને તલતુંબડી ન્યાય કહે છે.





અને સ્થાનક જે દેહ, ઈંદ્રિયો ને અંતઃકરણ તેને વિષે પંચવિષય સંબંધી રાગ રહ્યા છે. તે સારુ મુમુક્ષુને એ ઓળખવા જે એ રાગ કયે ઠેકાણે છે ? તથા મુમુક્ષુને આત્મસત્તારુપે વર્તવું તે કેમ વર્તાય ? તો ત્રણ ગુણ ને ત્રણ અવસ્થા છે તે થકી હું રહિત છું એમ વર્તવું ને ઈંદ્રિયોની જે ક્રિયા તે જાગૃત અવસ્થા છે, ને સંકલ્પ વિકલ્પ તે સ્વપ્ન અવસ્થા છે, ને લય તે સુષુપ્તિ છે. એમ જાણીને સર્વથી રહિત સત્તારુપે વર્તવું એ આત્મસત્તારૂપ વર્તન કહેવાય. ૭૭

અને નિર્ગુણ સગુણપણું સંતમાં કેમ સમજવું ? એ પ્રશ્નનો ઉત્તર જે, અક્ષરરૂપે જે સંત વર્તતા હોય તે વર્તન નિર્ગુણ કહેવાય, ને એમ ન હોય તો સગુણ[1] વર્તન કહેવાય. ને **જે સત્સંગી ધર્મને વિષે દ્રઢ વર્તતો હોય ને શ્રીહરિજી મહારાજની મરજીને જાણતો હોય ને સત્પુરુષને ઓળખતો હોય તે પાકો સત્સંગી કહેવાય.** ૭૮

અને ચાર પ્રકારના માંદાની વિગતિ જે, એક તો દેહે કરીને માંદો, ને બીજો મને કરીને માંદો, ને ત્રીજો તો દેહે તથા મને કરીને માંદો, ને ચોથો તો સાજો માંદો. એ ચાર પ્રકારે માંદાની વાર્તા તો સોનાના[2] વાટકાને ને કાચના વાટકાને દ્રષ્ટાંતે કરીને બહુ કરી. તેમાં જે કેવળ દેહે માંદો છે તેતો સાજો થાય, ને બીજા ત્રણનો તો મંદવાડ લાંબો ચાલે ખરો. ૭૯

અને ચાર પ્રકારની અનુવૃત્તિયે કરીને તો અતિશે મોટા થવાય છે, તેની વિગતિ જે પ્રથમ તો હરિભક્તની અનુવૃત્તિમાં વર્તે તો સત્સંગી થવાય, તે કેડે સંતની અનુવૃત્તિમાં વર્તે તો સાધુ થવાય, તે કેડે એકાંતિકની અનુવૃત્તિમાં વર્તે તો એકાંતિક થવાય, ને પછી શ્રીજી મહારાજની અનુવૃત્તિમાં વર્તે તો ભગવદ્ભાવને પામે છે ને એમ ન વર્તે તો અસત્ દેશકાળાદિકે કરીને જો મોટા પુરુષને વિષે અસત્ બુદ્ધિ થઈ જાય, તો આસુરભાવને પણ પામી જવાય. માટે

૧. આ લોકમાં સારું દેખાડવા સંપ્રદાયની શૈલી પ્રમાણે વર્તવું તે સગુણ વર્તન. શ્રીજીને રાજી કરવાને વર્તવું તે નિર્ગુણ વર્તન.

૨. સોનાના વાટકાને કાંઈ પણ આંચ આવતી નથી. કાચના વાટકાને ભાંગી જતાં વાર ન લાગે તેમ દેહનો મંદવાડ તો તુરત જાય પણ મનનો મંદવાડ જતો નથી.

**જ્ઞાનાંશનો અભ્યાસ પ્રમાદ મૂકી દઈને કરવો.** ને અતિશે બીક રાખીને વર્તવું પણ નિર્ભય ન થાવું. ૮૦

અને નારાયણ બ્રહ્મચારીએ પૂછ્યું જે 'એક તો મુમુક્ષુ જેવો જણાતો હોય તેને મોટાનો જોગ થાતો નથી અને બીજો મોટાનો જોગ કર્યામાં બહુ બીએ છે, એ બેયનું શું કારણ હશે ?' તેનો ઉત્તર જે, જેને જોગ થાતો નથી તેને તો મોટાની ક્રિયામાં અરુચિ છે એ જ કારણ જણાય છે ને જે બીએ છે તેને તો આ જન્મે અથવા જન્માન્તરને વિષે ધર્મમાં શિથિલપણું છે. ૮૧

અને વાચકૂટના પ્રશ્નની વિગત જે ધર્મદેવ જે તે અધર્મના સર્ગને દોરડામાં નાખીને તાણે છે ને કલંગીવાળા દેવ જે તે ચારે કોરેથી મારીમારીને અધર્મના લશ્કરને ગળાંને વિષે દોરડાં બંધાવે છે ને નારાયણ મુનિનું ચક્ર જે તે ચારે પાસથી બાળે છે, તેને જોઈને ધર્મદેવને વળી દયા આવે છે ને તે અતિ દયાળુ છે. એ વાચકૂટ પ્રશ્ન. તેનો ઉત્તર જે ધર્મદેવને ઠેકાણે તો આચાર્યજી મહારાજ છે, ને અધર્મના સર્ગને ઠેકાણે તો જે ધર્મમાં યથાર્થ નથી વર્તતા એવા ત્યાગી તથા ગૃહસ્થ છે, ને કલંગીવાળાને ઠેકાણે તો જે શ્રીહરિના ભક્ત ધર્મમાં યથાર્થ વર્તે છે ને બહુ બુદ્ધિવાળા છે, તે છે, ને નારાયણ મુનિના ચક્રને ઠેકાણે તો તેમનું જે વચન શિક્ષાપત્રી, ધર્મામૃત, વચનામૃત, નિષ્કામશુદ્ધિ તે છે. એ ચારેકોરથી બાળે છે. એટલે જે ધર્મને વિષે મોળો વર્તે છે. તેને સત્શાસ્ત્ર, શ્રીજી તથા સંત સર્વ ઠબકો દીએ છે એથી તે નિરંતર બળ્યા કરે છે ને સુખીયો રહેતો નથી. ૮૨

અને કાળના માન (સમય ગણના)ની વાર્તા કરી જે આલોકને વિષે તો સૂર્યે કરીને કાળનું માન છે, ને બ્રહ્મપુરને વિષે તો શ્રીહરિજીના શયને કરીને રાત્રી કહેવાય છે. ને જાગવે કરીને દિવસ કહેવાય છે એમ રીતિ છે. ૮૩

અને સનકાદિક જે તે ત્યાગ અને નિષ્કામાદિક ધર્મને વિષે અતિ કુશળ છે. તોપણ તેનું વૈરાટ ભેગું કેમ લય ને ઉપજવું થાય છે ? એ પ્રશ્નનો ઉત્તર જે એને વૈરાટ પુરુષની ઉપાસના છે તેણે કરીને વારંવાર જન્મ મૃત્યુ થાય છે. ને





મુમુક્ષુના કલ્યાણને અર્થે તો દત્ત, કપિલ, એ શ્રેષ્ઠ જણાય છે, ને એથી ઋષભદેવજી ને એ કરતાં રામચંદ્રજી ને એ કરતાં તો શ્રીકૃષ્ણ ભગવાન અતિશે શ્રેષ્ઠ છે ને અતિશે સમર્થ છે, ને એ સંગાથે જે જોડાય છે તેનું કલ્યાણ થાય છે તે ભાગવતમાં કહ્યું છે જે :–

कामं[1] क्रोधं भयं स्नेहमैक्यं सौहृदमेव च ।
नित्यं हरौ विदधतो यान्ति तन्मयतां हि ते ॥
–भा.१०/२९/१५

અને આજ તો આશ્રય માત્રે કરીને કલ્યાણ થઈ જાય છે. પણ એટલે કરીને પૂર્ણ ન થાવું ને ધર્મજ્ઞાનાદિકને પુરુષ પ્રયત્ને કરીને શીખીને, શ્રીજી મહારાજના એકાંતિક ભક્ત થાવું એ સત્સંગ કર્યાનું ફળ છે. ૮૪

અને હરિમંદિર સંબંધી કામ કરતો હોય તે ઓથ લઈને કાંઈક વધું ઓછું વર્તાય તો શ્રીજી મહારાજ રક્ષા કરે કે ન કરે ? કેમકે આજ્ઞાએ કરે છે માટે એ પ્રશ્ન છે. તેનો ઉત્તર જે, જો પુરુષપ્રયત્ને કરીને સાવધાન વર્તતો હોય, ને અજાણમાં જો આડું અવળું થઈ જાય તો રક્ષા કરે ને જાણી જાણીને પ્રકૃતિ વધારે, તો રક્ષા ન કરે, ને તેનો દંડ ભોગવવો પડે. ૮૫

અને પ્રકૃતિની ઈચ્છાએ કરીને પુરુષનું રૂપ છે, ને પુરુષની ઈચ્છાએ કરીને પ્રકૃતિ રૂપવાન થઈ આવે છે. પણ એ બેયનું મૂળ રૂપ કેવું છે ? એ પ્રશ્નનો ઉત્તર જે મૂળ રૂપ તો એ બેયનાં દિવ્ય છે. ત્યારે પૂછ્યું જે અક્ષરના મુક્ત જેવાં છે ?' ત્યારે કહે ના, અક્ષરના મુક્ત જેવાં કે બદ્ધ જીવોના જેવાં તો નથી, પણ એ બેય શ્રીહરિજીની શક્તિઓ છે, માટે દિવ્યરૂપ છે ને એમાં જે નાના પ્રકારના વિકાર જણાય છે તે તો શ્રીહરિજીની ઈચ્છાએ કરીને છે. ૮૬

અને શ્રીજી મહારાજનો મહિમા એમ સમજવો જે, જેમ નવસો ને નવાણું નદીયુંનું પુર ભેળું વહેતું હોય તો લાખ મણના પાષાણાદિક તણાઈ જાય

૧. **અર્થ** :- જેઓ શ્રીહરિ ઉપર નિત્ય કામ, ક્રોધ, ભય, સ્નેહ, એકતા તથા ભક્તિ રાખે છે, તેઓ શ્રીભગવાનમય થઈ જાય છે.

પણ કોઈ ટકી શકે નહિ. તેમ પુરુષોત્તમની મોટપ સર્વ કરતાં અધિક જાણવી જે બ્રહ્માદિક સર્વે દેવતા તથા કાળાદિક તે થકી તથા અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા જે અનંતકોટિ મુક્ત તથા અક્ષર એ સર્વ થકી મહારાજ પર વર્તે છે, અને એ સર્વના પ્રેરક, પ્રવર્તક ને નિયંતા છે ને જ્ઞાન તથા ઐશ્વર્યના આપનારા છે, ને સેવ્ય છે ને સ્વામી છે ને ભજનીય છે. એવી રીતે શ્રીહરિજીનો મહિમા યથાર્થપણે સમજે ને જીવાત્માને ત્રણ દેહ, ત્રણ અવસ્થા ને ત્રણ ગુણ તથા પંચપ્રાણ પંચભૂત ને પંચવિષય, તથા ચાર અંતઃકરણ તથા દશ ઈંદ્રિયો તથા ચૌદ દેવતા એ સર્વે માયાના ટોળા થકી અતિ વિલક્ષણ અને અતિ પૃથક જાણીને તેને અક્ષર સાથે મનન દ્વારાયે કરીને નિરંતર જોડ્યા કરે તો સંકલ્પ વિકલ્પ કાંઈ ટકી શકે નહિ ને સર્વે શમાઈ જાય. ૮૭

અને શ્રીહરિજીની ક્રિયાશક્તિ, ઈચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ એમાં કઈ સરસ છે ? ત્યારે સંતે કહ્યું જે, જ્ઞાનશક્તિ સરસ છે. ત્યારે સ્વામી કહે, 'જે સમે જે કામમાં આવે તે સરસ છે.' ૮૮

અને મોટા સંતને મંદવાડ કેમ નડે છે ? તેનો ઉત્તર જે એમને વિષે કોઈ જાત્યની ખોટ્ય તો નથી પણ લગારેક **દેહાભિમાન હોય તે મંદવાડે કરીને ટળી જાય તે સારુ મહારાજ મંદવાડ આપે છે.** ૮૯

અને બે સરખા હરિભક્ત હોય તેમાં એક તો પોતાનું જ કરે ને બીજો તો બહુ મનુષ્યને સમાસ કરે તેમાં સરસ કયો છે ? તો જે સમાસ કરે તેજ સરસ છે. ૯૦

**અને સંત જે સ્વભાવને ટાળવા સારુ લાગતાં વેણ કહે ને તે દુઃખવીને કહે તોપણ હિતકારી માનવું ને સંત ભેળા ભળવું, પણ સ્વભાવ ભેળા તો ભળવું જ નહિ.** ૯૧

અને પોતાને પાપે કરીને માંદો થયો છું ને વળી દેહને અર્થે તથા નાશવંત ને અતિ તુચ્છ પંચવિષય સારુ હરિભક્ત તથા સંતના અવગુણ લેવા રૂપ પાપ કરું છું તો હું ક્યાં છુટીશ ? એમ સમજીને કોઈનો અવગુણ ન લેવો. ૯૨





અને ફળ મૂળાદિકને વિષે તથા વગડાઉ સામા આદિકને વિષે તથા બાજરો, ઘઉં, ચોખા આદિક કાચા દાણાને વિષે તથા લોટ, ઘી, ગોળ મિશ્રિત અન્ન એ સર્વેને વિષે એક એકથી અધિક ધુમાડો ને પ્રમાદ[1] રહ્યો છે. ૯૩

અને જીવ કીયે ઠેકાણે રહે છે ? જો સુષુમ્ણા નાડીમાં રહે છે એમ કહીએ તો એતો મુક્તની નાડીછે. તેનો ઉત્તર જે, જીવની દૃષ્ટિ દૃશ્ય સામી રહે છે માટે બદ્ધ રહે છે તેને પતંગિયાને[2] દૃષ્ટાંતે કરીને સ્વામીએ બહુ વાત કરી. ૯૪

અને પરમેશ્વરની આજ્ઞામાં બ્રહ્માદિક દેવ કેમ વર્તે છે ? તો જેમ રાજાની આજ્ઞામાં તેના કારભારી વગેરે વર્તે છે તેમ. ૯૫

અને પૂછ્યું જે મહાપુરુષને રહ્યાના સ્થાનક શાનાં છે ? ત્યારે કહ્યું જે પંચભૂતના છે. ત્યારે સ્વામી કહે, તે સમે પંચભૂત ક્યાંથી હોય ? ઉત્તર જે જેમ મૂર્તિમાન અગ્નિદેવમાં જ્વાળા રહી છે તેમ પંચભૂત તો એમાં રહ્યાં છે. ૯૬

અને જીવ તો માયાને વિષે જ સદા વર્તે છે. ને તે મલિન સત્ત્વ, રજ ને તમ તેણે યુક્ત છે. અને ઈચ્છા સહિત છે. અને શ્રીહરિજી તો પ્રથમ સત્યુગને વિષે તે જીવને સત્ત્વગુણમય શરીર આપે છે, ને પછી જેવું જેવું કર્મ કરતો જાય છે તેવા તેવા દેહને તે પામતો જાય છે. ને સત્સંગ કરીને શ્રીહરિજીની ને મોટા પુરુષની જેમ જેમ મોટપ જાણતો જાય છે ને વિશ્વાસ પણ આવતો જાય છે, તેમ તેમ તે શુદ્ધ અને પ્રકાશવાન થાતો જાય છે. ૯૭

અને પ્રથમ પંચવિષયને વિષે દોષ દેખાડીને, દુઃખરૂપ તથા અસત્યપણાની વાત કરવી, ને પછી સત્પુરુષની સાખ્ય લાવીને શ્રીહરિજીના મહિમાની વાત કરવી. ને જેને શ્રીહરિજીનો મહિમા યથાર્થ સમજાય છે તેની તો આવી સ્થિતિ થાય છે, જેમ વૈકુંઠનાથના માહાત્મ્યે કરીને સનકાદિકનું ચિત્ત તે ક્ષોભને પામી ગયું. કહેતાં અક્ષરની સ્થિતિમાંથી બાહેર નિસરી જવાણું તેની ખબર રહી

૧. સાદા ખોરાક કરતાં, ભારે અને મિષ્ટ ખોરાક ખાવાથી પ્રમાદ વધારે થાય છે તેમજ તે રાંધવામાં પણ ધુમાડો વધારે કરવો પડે છે.

૨. મતલબ કે જીવને માયાના રૂપનો મોહ છે. જેમ પતંગિયાને દીવાના રૂપમાં મોહ છે તેમ, તેથી બદ્ધ રહે છે.

નહિ. **જેમ રાંકને ઈન્દ્રપદવી આવે તેને જેમ આશ્ચર્ય થાય છે, એમ વર્તાય ત્યારે જાણીએ જે મહિમા સમજાણો છે.** એમ કહી પથાભાઈ ગરાસિયાના દીકરાને[1] દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી. ૯૮

અને સમૈયામાં જઈને સત્પુરુષની સોબત કરીને કમાણી કરવી ને તેને વધારવી. તે કોઈક તો વધારે છે અને કોઈક તો ઘટાડી પણ દીએ છે ને કેટલાક તો બરોબર પણ રાખે છે તે કમાણી શી ? તો શ્રીહરિજીને વિષે માહાત્મ્યે યુક્ત ને ધર્માદિક અંગે સહિત ભક્તિ કરવી, ને તેને વધારવી તે મહત્પુરુષના સંગે કરીને શીખવું એ કમાણી સમૈયામાં કરવી. ૯૯

અને પાડરુંના[2] અભ્યાસને દૃષ્ટાંતે કરીને વાર્તા કરી જે **સદ્‌રુચિનો અભ્યાસ સત્પુરુષના સંગે કરીને નિરંતર કર્યા કરે તો સદ્‌વાસના વૃદ્ધિ પામે છે.** ૧૦૦

અને જેમ ત્રણ-ચાર મનુષ્યે મળીને ગાયનો[3] વાઘ કર્યો તે દૃષ્ટાંતે કરીને સ્વભાવના અસત્યપણાની વાર્તા કરી જે અતિ નિર્બળ ને કાયર ને ઈશ્વરના

૧. લીંબડી શહેરમાં કરશન નામનો બ્રાહ્મણ હતો તે પોતે એવું માનતો હતો કે હું પથાભાઈ દરબારનો વારસદાર - ઉત્તરાધિકારી પાટવી રાજકુમાર છું. આ પ્રકારના અભિમાનથી તે વિપ્ર ક્ષત્રિયનો વેષ પણ પહેરતો હતો, તે ગોપાળાનંદ સ્વામીના દર્શનાર્થે ગયો, ત્યારે તેને સ્વામીએ કહ્યું 'આવો વિપ્ર કરશન ! સુખી છો ને ? આમ કહ્યું ત્યારે તે બ્રાહ્મણે કહ્યું—સ્વામી ! મને આવી રીતે બોલાવશો નહિ. હું તો પથાભાઈ દરબારનો પાટવી રાજકુમાર છું. મને રાજ્ય મળશે ત્યારે એક ગામ મૂળી મંદિરને તથા એક ગામ શ્રી ગોપીનાથજીને અર્પણ કરીશ. આ પ્રકારે મિથ્યા અભિનિવેશથી બોલતો હતો તેમજ ઢાલ તલવારને પણ ધારણ કરતો હતો.

૨. પાડરું એટલે ભેંસનું બચ્ચું. એક માણસ પાડરુંને લઈ નિત્ય અગાસીમાં ચઢાવવાનો અભ્યાસ રાખતો તો તે પાડરું મોટી ભેંસ થઈ ગઈ છતાં તેને પણ નિત્યના અભ્યાસથી ઉપાડી શકતો.

૩. એક બ્રાહ્મણ ગાય લઈને જતો હતો, રસ્તામાં વારાફરતી કેટલાક ચોર મળ્યા. એક કહે, એય આતો વાઘ છે. એને ક્યાં લઈ જાય છે ? થોડે દૂર જતાં બીજાએ પણ એમ કહ્યું, એમ ત્રીજા ચોથા ચોરે તે પ્રમાણે 'વાઘ' કહેવાથી બ્રાહ્મણ ગાયને વાઘ માનીને મૂકીને જતો રહ્યો ને ચોર ગાયને લઈ જતા રહ્યા.





બળ પરાક્રમને ન જાણતા એવા જે અજ્ઞાની મનુષ્ય તેમણે સ્વભાવનું બળ વખાણ્યું છે ને શ્રીજીના એકાંતિક ભક્ત છે તેની આગળ તો સ્વભાવ અતિ તુચ્છ ને રાંક છે. તે ભાગવતમાં કહ્યું છે જે :-

किं[1] नु बालेषु शूरेण कलिना धीरभीरुणा ।
अप्रमत्तः प्रमत्तेषु यो वृको नृषु वर्तते ॥ १०१

અને ટિટોડીને[2] દૃષ્ટાંતે કરીને પુરુષ પ્રયત્નની વાર્તા કરી જે, જો એ મંડી તો ગરુડે સહાય કરી, તેમ જીવ જો સાચો થઈને એકાંતિક થવાને અર્થે સાધન શીખે તો શ્રીહરિજી તથા તેમના સંત જરૂર સહાય કરે. ૧૦૨

અને બે પ્રકારની બુટ્ટીની વાર્તા કરી જે એક બુટ્ટી તો ત્રાંબા આદિકને સોનું કરી આપે છે, ને એક બુટ્ટી તો સોનાને રાખ કરી નાખે છે. તેમ બહુ બુદ્ધિવાન સંતને સંગે કરીને એકાંતિક ભક્ત થાય છે ને અલ્પ બુદ્ધિવાનના સંગે તો ડોળિયા થઈ જાય છે. માટે **સારા નરસા થવાનું કારણ તો સંગ કુસંગ જ છે.** ૧૦૩

અને જીવને પંચવિષય સંબંધી સુખ તે નવાં ને નવાં જ રહે છે ને પરમેશ્વરની જે ભક્તિ કરવી ને મહિમા શીખવો તથા શ્રીહરિજીના જે એકાંતિક સાધુ છે તેમનો મહિમા સમજવો તથા ધર્મ ભક્તિ જ્ઞાનાદિક સમજવું એ સર્વે જૂનું થઈ જાય છે, એનું કારણ એ છે જે શ્રીહરિજી મહારાજનો મહિમા સમજાણો નથી, માટે શ્રદ્ધા અતિ મંદ રહે છે. તે સારુ સત્પુરુષનો સંગ કરીને મહિમા શિખવો. ૧૦૪

૧. **અર્થ :—** કળિયુગ શૂરવીર છે, છતાં ધીર પુરુષથી ડરે છે. માટે તેનાથી શું થવાનું છે ? માત્ર તે અધીર અને ગાફલ મનુષ્યોની ઉપર સાવધ થઈને નારની પેઠે તૂટી પડે છે. **(ભાગ. ૧-૧૮-૮.)**

૨. ટિટોડીનાં બચ્ચાં સમુદ્રના કિનારે હતાં. તે સમુદ્રના જળથી ઘસડાઈ ગયાં. તેથી ટિટોડીએ બચ્ચાને પાછા મેળવવા માટે ચાંચ વડે સમુદ્રનું જળ ખાલી કરવા માંડ્યું. તેને માટે ગરુડજીને દયા આવતાં તેમણે સહાય કરી ને આખરે સમુદ્રે બચ્ચાં કાઢી આપ્યાં, એમ ભગવાન અને સંતોને સહાયક બનાવીને જીવ જો ભગવાનનો સાક્ષાત્કાર કરવા માટે ભક્તિરૂપી પુરુષપ્રયત્ન કરે તો ભગવાન અને સંતો જરૂર સહાય કરે છે

અને અખંડાનંદ સ્વામીની પેઠે મોટમના થાવું પણ વાતવાતમાં મુંઝાવું નહિ. તે અખંડાનંદ સ્વામીને માથે નિષ્કામી વર્તમાન ચૂક્યાનો અપવાદ એક સાધુએ નાખ્યો ત્યારે તેમણે કહ્યું જે 'ખોટા ક્યું બોલતા હો' પણ તેનો મનમાં શોક કે ઉદ્વેગ લગારે પણ થયો નહિ. એ મોટમનાનું લક્ષણ છે. એ શું કહ્યું ? તો પંચવિષયની ઉપેક્ષા રાખ્યાની યુક્તિ કહી. ને **ક્ષમા પણ સમર્થ અસમર્થ સર્વને રાખવી. તે સમર્થને શોભારૂપ છે ને અસમર્થને સુખકારી છે.** તેણે કરીને નિર્માની વર્તમાન દૃઢપણે પાળવાનું કહ્યું. ૧૦૫

અને ત્રણ પ્રકારના બુદ્ધિવાનની વાર્તા કરી જે એક તો હજારૂંના બંધન કાપી નાખે ને ખાનપાનાદિક સન્માનને વિષે બંધાય નહીં. ને બીજો તો ઘણાકનો સમાસ કરે, પણ પંડે સન્માનાદિકે કરીને બંધાય જાય, ને ત્રીજો તો પોતાનો માંડમાંડ સમાસ કરે. એવી રીતે સત્વ, રજ ને તમોગુણમય બુદ્ધિના ભેદ કહ્યા. ૧૦૬

અને પાંચ પ્રકારના મનુષ્ય સંસારનો ત્યાગ કરે છે. તેમાં એક તો નિર્ધન, બીજો આળસુ, ત્રીજો ક્રોધી, ચોથો વિચારવાન ને પાંચમો બાળક, તેતો જેવો સંગ મળે તેવો તે થાય છે ને જો અલ્પ બુદ્ધિવાનનો સંગ મળે તો ડોળીયો થઈ જાય છે. જેમ બાળકને જેવી ગળહુતી પાય તેવો તે બળીયો થાય છે. તે ગળહુતીને ઠેકાણે સંગ જાણવો. તે વિદુરનીતિમાં વિદુરજીએ કહ્યું છે જે -

[1]याद्दशैः सन्निविशते याद्दशांश्चोपसेवते ।
याद्दगिच्छेच्च भवितुं ताद्दग्भवति पुरुषः ॥
(वि.नी. ४-१३) १०७

અને ચૈતન્યાનંદ સ્વામી કહે, એક સમે સ્વામીએ મારા સામું જોઈને અતિશે દયાએ કરીને વાત કરી જે, એક અણુ માત્ર પણ પ્રીતિ માયિક પંચવિષયને વિષે રાખશોમાં. એ કલ્યાણના માર્ગમાં વિઘ્ન કરનારી છે. ૧૦૮

અને 'વૈરાટ તથા મહાપુરુષાદિક જે તે મૂર્તિનો મહિમા તો સમજે છે ને માયા સાથે કેમ જોડાય છે ?' એ પ્રશ્નનો ઉત્તર જે એ ઐશ્વર્યાર્થી ભક્ત છે

૧. **અર્થ :–** જેવા મનુષ્યો પાસે બેસે છે, જેવાનું સેવન કરે છે, અને જેવો થવાની ઈચ્છા કરે તેવો પોતે થાય છે





તે સારુ જોડાય છે. ને જ્ઞાની[1] ભક્ત હોય તેતો ન જોડાય તે માટે જ્ઞાનીને જ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને શ્રેષ્ઠ કહ્યો છે. ને તે ભક્ત જેમ શ્રીજીને ભજે છે તેમ શ્રીજી પણ એને ભજે છે. ૧૦૯

અને ભજન સ્મરણ જે કરતો હોય તેણે ત્રણ અવસ્થા તથા તેના જે ગુણ તે ઓળખવા. ને દેહરૂપ થઈને ભજન સ્મરણ કરે તો તત્કાળ વાસનામય દેહ નાશ પામે નહિ. ૧૧૦

અને બે પ્રકારનો[2] ધર્મ હોય ને જ્ઞાન વૈરાગ્ય પણ હોય તો પણ ભક્તિ વિના સંપૂર્ણ ન કહેવાય ને એ ચારેય હોય પણ શ્રીજી મહારાજની કૃપા વિના સંપૂર્ણ થવાય નહિ. ૧૧૧

હવે તે ધર્માદિકમાં જે ગુણ છે તેને પૃથક પૃથક કહીએ છીએ. તેમાં પ્રથમ ધર્મમાં એ ગુણ છે જે, ધર્મને વિષે દૃઢપણે વર્તતો હોય તો તેનો પાયો સત્સંગને વિષે અચળ થાય છે ને જ્ઞાનમાં એ ગુણ છે જે, આત્મા અનાત્માના વિવેકને યથાર્થ સમજતો હોય તો માન અપમાને કરીને ને સુખ દુઃખાદિકે કરીને દુઃખી થાય નહિ. ને વૈરાગ્યમાં તો એ ગુણ છે જે, ચાર પ્રકારના પ્રલયે[3] કરીને પ્રકૃતિ પુરુષથી લઈને તૃણ પર્યંત ક્યાંયે શ્રીજી અને તેના સંત વિના બીજે પ્રીતિ રહે નહિ. ને મહિમામાં એ ગુણ છે જે, પુરુષોત્તમનો મહિમા સમ્યક્

૧. ઈંદ્રિયો, અંતઃકરણ અને અનુભવ એ ત્રણે પ્રકારે કરીને જે ભગવાનને યથાર્થ જાણતો હોય તેને જ્ઞાની કહીએ. (-વચ. લોયાનું ૭મું.)

૨. ભાગવત ધર્મ અને વર્ણાશ્રમ ધર્મ.

૩. નિત્ય, નિમિત્ત, પ્રાકૃત અને આત્યંતિક આ ચાર પ્રકારના પ્રલય છે. તેમાં **નિત્ય** = દેવ અને મનુષ્યાદિકના જે દેહ તેનો જે ક્ષણ ક્ષણ પ્રત્યે નાશ. ને **નિમિત્ત** = આપણા વર્ષ ૮,૬૪,૦૦,૦૦,૦૦૦ આઠ અબજને ચોસઠ કરોડ થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય છે. તે દિવસ દિવસ પ્રત્યે ત્રિલોકીનો નાશ થાય છે તે નિમિત્ત પ્રલય. **પ્રાકૃત** = બ્રહ્મા એમના ૧૦૦ વર્ષ સુધી દેહ રાખે છે ને જ્યારે દેહ મૂકે ત્યારે પ્રકૃતિથી ઉપજ્યું કારજ તે સર્વે પ્રકૃતિ (મહામાયા)માં લય પામે છે તે પ્રાકૃત પ્રલય અને **આત્યંતિક** = એ મહામાયા તે અક્ષરબ્રહ્મના પ્રકાશને વિષે લય પામે છે જેમ દિવસને વિષે રાત્રિ લય પામે છે તેમ લય પામે તે આત્યંતિક પ્રલય, જેને જ્ઞાન પ્રલય પણ કહે છે. (વચ. ગ. પ્ર. ૧૨મું તથા ખગોળ ભૂગોળનું)

પ્રકારે સમજાણો હોય તો અક્ષરથી લઈને વિરાટપુરુષ પર્યંત કોઈની મોટપ મનમાં પેસે જ નહિ ને ભક્તિમાં એ ગુણ છે જે ભક્તિને મૂર્તિમાં ચોટાડ્યાનો સ્વભાવ છે માટે સાકાર[1] વિના નિરાકારને[2] વિષે કોઈ શાસ્ત્રે કરીને, ને કોઈની વાર્તાયે કરીને, પણ કોઈ કાળે પ્રતીતિ આવેજ નહિ. ૧૧૨

અને પરમેશ્વર વિના બીજો કોઈ આકાર મનમાં ધરાઈ જાય તો તેને ટાળ્યાની યુક્તિ શાસ્ત્રને વિષે સત્પુરુષે કહી છે તે શીખવી તે શું ? તો શ્રીજી મહારાજના ધ્યાનને વિષે જાણપણારૂપે રહીને બીજા આકારને ટાળવાને અર્થે નિત્ય પ્રલયાદિકે કરીને નાશવંત, અતિ તુચ્છ અને સ્વપ્ન તુલ્ય સર્વે આકૃતિયુંને જાણવી. તે ઉપર કાખના મુવાળાનું વચનામૃત[3] તથા પાંચવાનાનું નિત્યે અનુસંધાન[4] રહે છે એ બે વચનામૃત વંચાવ્યા. ૧૧૩

અને એક ભક્ત તો પરમેશ્વરને ને જીવસત્તાને દેખે છે, ને એક તો યથાર્થ જાણે છે, એ બેમાં કીયો સરસ છે ? એ પ્રશ્નનો ઉત્તર જે દેખવા કરતાં તો યથાર્થ જાણે છે તે બહુ શ્રેષ્ઠ છે ને એ બેય હોય તો કોઈ વાતનો વાંધોજ રહે નહિ. ને એને જ્ઞાની ભક્ત કહેવાય ને તે એમ સમજે જે આત્મા તો સૃષ્ટિને આદ્યે જનમ્યો નથી ને અંત્યે નાશ પણ નહિ થાય ને મધ્યે વ્યભિચારને પણ પામતો નથી. ને દેખે છે, સાંભળે છે, ઈત્યાદિક જે જે ક્રિયા કરે છે તે જીવ જ કરે છે. એમ દૃષ્ટારૂપે જે વર્તે છે તેને કોઈ ગધેડો કહે, મીંદડો કહે ઈત્યાદિક જે માન અપમાન તેને પોતાને વિષે માને નહિ. તેને જ્ઞાની ભક્ત કહેવાય. ૧૧૪

અને આત્યંતિક પ્રલયને અંતે શ્રીજી મહારાજ અક્ષરધામને વિષે જેવા અલૌકિક પાર્ષદ, ઐશ્વર્ય ને સામર્થિયે સોતા રહ્યા છે એમ યથાર્થ જાણવા એને

---

૧. દિવ્ય આકારે યુક્ત.

૨. અર્થાત્ પ્રાકૃત (માયિક) આકારથી રહિત જ જાણે.

૩. **વચ. ગ. મ. ૫૫.**

૪. પાંચ વાનામાં ૧. આ દેહને મૂકીને જરૂર મરી જવું છે. ૨. મરીશું તેમાં આટલું કામ તો આપણે કર્યું છે ને આટલું બાકી છે. ૩. પંચવિષયની વાસના ટળી છે કે નથી ટળી ? ૪. આને આની વાસના ટળી છે અને આને આની નથી ટળી. એમ સર્વેના હૃદય સામું જોયા કરવું. ૫. ને મનને ઉદાસ ન કરવું. **-વચ. ગ. અં. ૩૦મું**





જ્ઞાન કહીએ. ને એના એ ભાવે સોતા જ મનુષ્યરૂપે થયા છે પણ તેમાં જે કામાદિક સર્વે ભાવ દેખાય છે તે દિવ્ય છે, એમ યથાર્થ પણે સમજવું તેને વિજ્ઞાન કહીએ. ત્યાં ગોપિયુંના ને બલિરાજાના[1] દૃષ્ટાંતે કરીને બહુ વાત કરી. ૧૧૫

અને વૈરાગ્ય, ભક્તિ ને ધર્મ એમનાં હેતુ, સ્વરૂપ અને ફળ જે છે તેને પ્રથક પ્રથક કહો ? એ પ્રશ્નનો ઉત્તર જે, ભક્તિના કારણ તો જે ભાગવત ધર્માદિક સાધન તે છે. ને શ્રીજી મહારાજને વિષે પ્રીતિ છે તે સ્વરૂપ છે, ને શ્રીજી મહારાજ વશ થાય એ ફળ છે. ને વૈરાગ્યનો હેતુ તો પદાર્થ માત્રને વિષે જે દોષ દૃષ્ટિ તે છે. ને તેનું સ્વરૂપ તો વિષય માત્રનો જે ત્યાગ કરવાની ઈચ્છા તે છે. ને જે વિષયનો ત્યાગ કર્યો છે ને વળી મળે તો તે ભોગવવામાં રાંકપણું થાય નહિ તે ફળ કહ્યું છે. અને શ્રીહરિજીનું અને આત્માનું જે જ્ઞાન છે, તેને ઉપજ્યાનું કારણ તો સત્પુરુષ અને સત્શાસ્ત્રનો જે સંગ તે છે. અને એ બેયની જેમ છે તેમ સ્થિતિ પોતાની બુદ્ધિને વિષે નિરંતર રહ્યા કરે તેને સ્વરૂપ કહે છે, ને શ્રીહરિને વિષે જે માહાત્મ્યે સહિત પ્રીતિ છે તેને ફળ કહે છે. ને ધર્મ ઉપજ્યાનું કારણ તો ધર્મશાસ્ત્રનું આદરે સહિત જે શ્રવણ કરવું તે છે, ને જે નિયમ છે તે ધર્મનું સ્વરૂપ છે ને જ્ઞાન વૈરાગ્યાદિકને ધરી રહે તે ફળ છે. ૧૧૬

અને સત્સંગમાં તો અન્નવસ્ત્ર યથાયોગ્ય મળે છે, તોપણ મુંઝવણ રહે છે તેનું શું કારણ છે ? તેનો ઉત્તર જે, તેતો પંચવિષયની આસક્તિએ કરીને રહે

---

૧. પ્રૌઢ સ્વભાવની ગોપીઓ ભગવાનનો મહિમા બહુ સમજતી હતી, અને ભગવાનની બધી ક્રિયાઓ દિવ્ય સમજતી હતી. તેમણે ઉધ્ધવજીને કહ્યું કે જો અમારા હાડકાંની વાંસળી બનાવશો તો તેમાંથી પણ ‘કૃષ્ણ કૃષ્ણ, કૃષ્ણ’ એવા શબ્દ નીકળશે. ગોપીઓ દહીં વેચવા ગઈ તો ‘દહીં લો, દહીં લો’ કહેવાને બદલે ‘કૃષ્ણ લો, કૃષ્ણ લો,’ એમ બોલવા લાગેલી. આ રીતે, તેમણે ભગવાનમાં **તદાત્મકપણું** સિદ્ધ કરેલું.

વળી, શ્રી વામનજીએ બલિરાજાના માથા ઉપર પોતાનો પગ મૂકી બલિરાજાને પાતાળમાં પેસાડ્યા ત્યારે પણ બલિરાજાએ એમ જ કહ્યું કે હે ભગવાન, મારા વાળ ને રૂંવાડા લોઢાના શૂળ જેવા છે. તેથી આપના કોમળ પગમાં ઘૂસીને વાગ્યા હશે, તેથી મોં ને આંખથી પગને પંપાળવા લાગ્યા. આ રીતે, ભગવાનને તેમણે પ્રસન્ન કર્યા. હરિભક્તે ભગવાનને વિષે આવો **દિવ્યભાવ** રાખવો.

છે ને તેનાં બીબાં તો અનેક પ્રકારનાં છે તેને વિષે મુંઝવણ માત્ર રહી છે. માટે આસક્તિ ટાળીને સંત થાવું. તેનાં લક્ષણ મુક્તાનંદ સ્વામીએ 'સંતજન સોય સદા મોય ભાવે' એ ચાર કીર્તનમાં કહ્યાં છે, તેવા થાવાની દૃઢ રુચિ કરવી. ત્યારે સંતે કહ્યું જે 'એ ચાર કીર્તનનો જે ભાવ હોય તે કહો' ત્યારે કહ્યું જે **धर्मस्त्याज्यो**[1] **न कैश्चित्** ...એ શ્લોકને વિષે ચારેય કીર્તનનું રહસ્ય છે. તે કહીએ છીએ જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય તેણે સહિત શ્રીજી મહારાજની ભક્તિ કરવી અને તે માહાત્મ્ય જાણવાને અર્થે સાચા સંતને સેવવા. એ પ્રમાણે ભાવ છે. ને જે **પંચવિષયને વિષે આસક્તિ છે તેને કોઢ જેવી જાણવી. ને ધર્મ જ્ઞાનાદિકને વિષે જે આસક્તિ ઉપજે તેને તો પુત્રાદિકની પ્રાપ્તિ જેટલો આનંદ આપનારી જાણવી.** ૧૧૭

અને એક દિવસ એમ વાર્તા કરી જે, ગુરુ થાવું કે શિષ્ય થાવું એ બેયમાંથી એક શીખવું. પછી બીજે દિવસે સર્વને પૂછ્યું જે, મૂંઝવણ ટાળવાને અર્થે એક બે સંતને મન સોંપ્યું છે કે નહિ ? પછી સર્વેએ જેને જેને મન સોંપ્યું હતું તેનાં નામ લઈને કહી દેખાડ્યું. અને ત્રીજે દિવસે વાર્તા કરી જે કેવાં લક્ષણે યુક્ત હોય જે જેનો સત્સંગને વિષે અચળ પાયો હોય ને તેને કોઈ વિઘ્ને કરીને પણ મૂકી શકે નહિ ? પછી તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, **એક તો શ્રદ્ધા અતિશે હોય ને સ્વભાવ ટાળવાને વિષે આગ્રહ પણ ઘણો હોય ને સત્સંગની ભીષણ સર્વે પ્રકારે ખમે ને કોઈ રીતે કચવાઈ જાય નહિ, એવાનો અચળ પાયો જાણવો.** અને એવી જાતની સમજણ નક્કી કરવી એજ કલ્યાણનું મૂળ સાધન છે. ૧૧૮

અને પુરુષોત્તમ ભગવાન, અક્ષર અને અક્ષરના મુક્તનું તથા પુરુષ,

૧. **અર્થ :–** શ્રી ધર્મદેવના પુત્ર નીલકંઠવર્ણિ પોતાના ભક્તોને કહે છે કે, "કોઈએ પણ વેદે કહેલો પોતાનો ધર્મ તજવો નહિ. અક્ષરબ્રહ્મની સાથે પોતાની એકતાપણાનો નિશ્ચય કરી, શ્વેત અને ઘાટા પ્રકાશયુક્ત દિવ્ય મૂર્તિમાન શ્રીવાસુદેવ ભગવાનની ભક્તિ કરવી. ભગવાન સિવાયની વસ્તુમાત્રમાંથી પ્રીતિ તજવી અને ભગવાનનું માહાત્મ્ય જાણવા માટે એકાંતિક સાધુઓનો સમાગમ કરવો. **(-સ. જી. ૫-૫૫-૨૮)**





કાળ, માયા, જીવ અને ઈશ્વરનું તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત શ્રીજી મહારાજની ભક્તિ તથા વ્યવહાર એ સર્વેનું જ્ઞાન યથાર્થ જાણ્યું જોઈએ ને વ્યવહારનું જ્ઞાન ન હોય તોપણ મૂંઝવણ આવે છે એમ માવા ભક્તને[1] દૃષ્ટાંતે વાર્તા બહુ કરી. ૧૧૯

અને શ્રીહરિજીનો ભકત હોય ને તે રજોગુણને વિષે અતિ આસક્ત વર્તતો હોય તો તે અનિરુદ્ધ કે બ્રહ્મા જેવો થાય છે. ને તમોગુણને વિષે અતિ આસક્ત મતિ હોય તો સંકર્ષણ કે શિવજી જેવો થાય છે ને સત્ત્વગુણને વિષે અતિ આસક્ત મન હોય તો પ્રદ્યુમ્ન તથા વિષ્ણુ જેવો થાય છે ને જે એકાંતિકના સંગે કરીને ભાગવત થાય છે તે તો નિર્ગુણ ભક્ત કહેવાય છે. ને એ સર્વેને વિષે શ્રેષ્ઠ કહેવાય છે. એને વિષે પણ નિર્બળ ને અતિ બળવાન હોય છે. તેમાં જે અતિ બળીયા એકાંતિક

૧ આ એકાંતિક માવાભક્ત જેતપુર પાસેના **થાણાગાલોળ** ગામના હતા. તેમણે એક વાણિયાને રૂપિયા ઉધાર આપેલા. ઉઘરાણી કરવા તે વાણિયાને ગામ પોતાના મિત્ર કાયાભાઈને સાથે લઈને ગયા, તે બંનેને જોઈને તે વાણિયો કપટથી (ઢોંગ કરીને) રડવા લાગ્યો. માવાભક્તે પૂછ્યું કે કેમ રડો છો ? વાણિયો કહે : મારી પાસે બિલકુલ પૈસા નથી, હું તમને કેવી રીતે પૈસા આપીશ ? હું નિર્ધન ક્યાંથી ધન લાવીશ ? વગેરે કહીને તે ફરી પાછો રડવા લાગ્યો. માવાભક્ત કહે : અત્યારે ન હોય તો કાંઈ નહિ, પછી આપજે. તો પણ વાણિયો રડતો બંધ થયો નહિં. માવાભક્તે પૂછ્યું કે હજુ કેમ રડે છે ? વાણિયો કહે : જ્યારે પણ પૈસા લેવા આવશો ત્યારે હું પૈસા ક્યાંથી કાઢીશ ? માવાભક્ત કહે : જા, એ પૈસા તને કૃષ્ણાર્પણ કરી દીધા, હવે લેવા નહિ આવું, બસ. એમ કહીને લેખપત્રમાં સહી કરી દીધી કે, પૈસા મળી ગયા છે. આ રીતે વણિકે માવાભક્તને ભોળવીને પૈસા ખોટા કરાવ્યા હતા.

વળી માવાભક્ત પાસે ઘાસચારાનો મોટો ગંજ હતો. તે ઓછા પૈસે ખરીદી લેવા એક પટેલ આવ્યા. માવાભક્તે તેની કિંમત ૧૫૦ રૂા. કહી, તો પટેલ કહે : કાંઈક ઓછું કરો. માવાભક્તે સીધા ૧૦૦ રૂા. કહ્યા. પટેલ કહે : હજી વધારે પડે છે, માટે કાંઈક ઓછા કરો. માવાભક્ત કહે : તો પચાસ દઈ દ્યો ! ત્યારે પટેલ એ ગંજી લઈ ગયા. પછીથી આવીને માવાભક્તને કહ્યું કે એમાંથી તો ચાલીસ રૂપિયાનું જ ઘાસ નીકળ્યું એટલે લ્યો ચાલીસ રૂપિયા રાખો. માવાભક્તે કહ્યું : ઠીક, એમ હશે. એમ કહીને રૂપિયા ચાલીશ જ લીધા. આ પ્રમાણે વ્યવહારના જ્ઞાનથી અજાણ હતા તેથી ઉપરોક્ત પ્રમાણે શઠ લોકો તેમને છેતરી જતા હતા.

ભક્ત હોય છે તે તો શ્રીજી મહારાજની આજ્ઞાએ કરીને પ્રદ્યુમ્ન આદિકને વિષે જો માન આવ્યું હોય તો તે માનને ઉતારીને રૂડી રીતે સ્થિત્યાદિકે કરીને ધર્મ જ્ઞાનાદિક સોતી ભક્તિ પ્રવર્તાવીને નિર્લેપ થકા પાછા આવીને સેવાને વિષે તત્પર રહે છે ને જે હરિભક્તને સત્ત્વ પ્રધાન વર્તતો હોય તેનેય મૂંઝવણ તો આવે પણ તે સત્સંગનું અવળું કરે નહિ ને બીજા બે તો કરે ને બીયે પણ નહિ. એમ રજ, તમ ને સત્ત્વગુણી તથા નિર્ગુણ ભક્તની સ્થિતિ કહી ને તે ઉપર ભીષ્મ[1], શંકર[2] અને અક્રુરને[3] દૃષ્ટાંતે બહુ વાર્તા કરી. ૧૨૦

૧. **ભીષ્મપિતામહ** શ્રીકૃષ્ણને ભગવાન જાણતા હતા છતાં મહાભારતના યુદ્ધ વખતે કૌરવોના પક્ષમાં રહ્યા અને પ્રતિજ્ઞા કરી કે કાલે કાં તો પૃથ્વી ઉપર પાંડવવંશનો નાશ કરીશ કાં તો શ્રીકૃષ્ણને હથિયાર ધારણ કરાવીશ. ને જો તેમ નહિ કરી શકું તો દેહત્યાગ કરીશ. આ પ્રતિજ્ઞા જાણીને શ્રીકૃષ્ણએ દ્રૌપદીને દુર્યોધનની પત્ની જેવો વેષ પહેરાવી ભીષ્મપિતામહને પગે લાગવા મોકલ્યાં, દુર્યોધનની પત્ની જાણીને ભીષ્મપિતાએ દ્રૌપદીને 'અખંડ સૌભાગ્યવતી થા' એવા આશીર્વાદ આપ્યા. પછીથી શ્રીકૃષ્ણની આ લીલા જાણી, ને યુદ્ધ વખતે ભીષ્મપિતામહ તમોગુણના વેગમાં આવી શ્રીકૃષ્ણને ખુબ બાણ મારવા લાગ્યા, શ્રીકૃષ્ણ લોહિલુહાણ થઈ ગયા, અર્જુન પણ એવા જ લોહિલુહાણ થયા. ત્યારે સ્વભક્ત અર્જુનના રક્ષણાર્થે ને ભીષ્મની પ્રતિજ્ઞા રાખવા શ્રીકૃષ્ણે રથનું પૈડુ શસ્ત્રરૂપે ધારણ કર્યું. આમ, શ્રીકૃષ્ણને ભગવાન જાણવા છતાં તમોગુણના આવેગથી ભીષ્મપિતામહ અજાણ્યાની જેમ દુશ્મનની જેમ વર્ત્યા.

૨. હજાર હાથવાળો **બાણાસુર** એક બળવાન રાજવી હતો. તેની પુત્રી ચિત્રલેખા (ઉષા=ઓખા) એ શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધનું ગુપ્ત રીતે અપહરણ કરાવી તેની સાથે લગ્ન કર્યું. અનિરુદ્ધને છોડાવવા શ્રીકૃષ્ણે બાણાસુર સાથે યુદ્ધ કર્યું. બાણાસુર શંકરના ઉપાસક હોવાથી, શ્રીકૃષ્ણને ભગવાન જાણવા છતાં શિવજી બાણાસુરના પક્ષમાં રહીને શ્રીકૃષ્ણ સામે લડ્યા, તોય બાણાસુર હાર્યો. આમ, શ્રીકૃષ્ણને ભગવાન જાણવા છતાં શંકર તેમની સામે લડ્યા.

૩. **અક્રૂર** વંદન ભક્તિમાં પ્રખ્યાત મહાન ભક્ત હતા છતા તેમણે સુધન્વા પાસે સ્યમંતક મણિની ચોરી કરાવી. સુધન્વાએ શ્રીકૃષ્ણની બીકથી તે મણિ અક્રૂરને દઈ દીધો ને પોતે ભાગી ગયો. શ્રીકૃષ્ણે તેનો પીછો કરીને તેને માર્યો પણ મણિ મળ્યો નહિ. ત્યારબાદ અક્રૂરે કાશીએ જઈ ગંગાજી ઉપર મણિકર્ણિકા ઘાટ બનાવરાવ્યો. શ્રીકૃષ્ણે એ જાણ્યું ને અક્રૂર પાસેથી મણિ લઈ આવ્યા. આમ, અક્રૂર ભક્ત હોવા છતાં ભગવાન પાસે કપટ કર્યું. એ રીતે જે હરિભક્ત સત્ત્વગુણ પ્રધાન ન વર્તે તેનાથી અવળ કર્મ થઈ જાય.





**અને જે વિષયને વિષે આસક્ત છે તેતો ભૂતપ્રેતાદિકના અવતારને પામે છે ને જે હરિભક્તનો અવગુણ લે છે તેતો આસુર ભાવને પામે છે.** ૧૨૧

અને શ્રીજી મહારાજ તથા તેમનો મહિમા, અને તેમનું ધામ, તેમના અવતાર અને તેમના જે સત્પુરુષ, તેમનો મહિમા એ સર્વેને યથાર્થપણે જાણતા હોય તો તે સત્સંગમાંથી કોઈ રીતે પડે નહિ ને સર્વે પ્રકારે ભીષણ પણ ખમે. અને એવી જાતની સમજણવાળાના અંતરમાં ચિકાશ હોય છે તે જ્યાં જાય ત્યાં ભગવાનને ન મૂકી શકે. ૧૨૨

અને જેને શ્રીજી મહારાજને રાજી કરવા હોય તેને એમ વર્તવું જે **પંચવિષયના સુખને અતિ દુઃખદાયક જાણીને તથા દેહાભિમાનની આસક્તિ ટાળીને નિર્વાસનિક થાવું** ને ગાયક વિદ્યા તથા શાસ્ત્ર વિદ્યાદિક ગુણે કરીને પોતાને ગુણવાન ન માનવું. તે ઉપર **'મારો[1] મત કહું, તે સાંભળો વ્રજવાસીજી, તજો સાધનનો ઉર આમળો વ્રજવાસીજી.'** એ કીર્તન ગવરાવીને વાર્તા બહુ કરી. ૧૨૩

અને મયારામ ભટ્ટજીને પૂછ્યું જે 'ઉદ્ધવજી[2] કેમ વાર્તા કરતા ?' ત્યારે તે બોલ્યા જે 'આપણા સત્સંગને વિષે શાસ્ત્રવિદ્યા ને વ્યાકરણાદિક શાસ્ત્ર તથા ગાનવિદ્યા ને વાજાં તે નથી એમ વાર્તા કરતા.' તે સાંભળી સંતે પૂછ્યું તે ઉપર સ્વામીએ વાત કરી જે એ બે વિદ્યા આદિક સર્વે વિદ્યાની પ્રવૃત્તિ સત્સંગને વિષે શ્રીજી મહારાજે અતિશે પ્રવર્તાવી દીધી ને ગાયક પાઠક દ્વારાયે કરીને તથા મંદિર અને મૂર્તિ દ્વારાયે કરીને અનંત રજોગુણી તમોગુણી જીવોનાં કલ્યાણ પણ કર્યા. તથા **વક્તાની અશુદ્ધતાયે કરીને શુધ્ધ શાસ્ત્ર પણ અશુદ્ધપણાને પામી જાય છે.** એવી રીતે શાસ્ત્રની શુદ્ધિ અશુદ્ધિની વાત બહુ કરી. ૧૨૪

અને એકાંતિક ભક્તને વિષે શ્રીજી મહારાજની મરજી અને વાર્તા યથાર્થ રહે છે તે ઉપર '**कस्मै येन विभासितो**' એ શ્લોકની બહુ વાર્તા કરી

૧. મુક્તાનંદ સ્વામીએ રચેલું આ કીર્તન કીર્તનસાર સંગ્રહ ભાગ-૧માં છે.

૨. સ.ગુ.શ્રી રામાનંદ સ્વામી

તથા એવા **શુદ્ધ ભક્તને વિષે શ્રીજી મહારાજ નિવાસ કરીને રહે છે** તે આ શ્લોકમાં કહ્યું છે જે :–

न[१] काम्यकर्मबीजानां यस्य चेतसि सम्भवः ।
वासुदेवैकनिलयः स वै भागवतोत्तमः ॥ ભાગ. ૧૧-૨-૫૦

ને બીજા ભક્તને વિષે તો પોતાના સ્વભાવ ભળી જાય છે માટે તે સ્વભાવ પ્રમાણે વર્તે છે ને વાર્તા પણ તેજ પ્રમાણે કરે છે. ત્યારે સંતે પ્રશ્ન પૂછ્યો જે 'આ ભક્ત સ્વભાવ પ્રમાણે વર્તે છે ને આ ભક્ત તો મરજી પ્રમાણે વર્તે છે તે કેમ જણાય ?' તેનો ઉત્તર જે જેની બુદ્ધિ દેશકાળાદિકે કરીને ફરી જાય એવી હોય તેનું વર્તન સ્વભાવ પ્રમાણે છે એમ જાણવું. અને જેની બુદ્ધિ એણે કરીને ન ફરે એવી હોય તેનું વર્તન મરજી પ્રમાણે છે એમ જાણવું. **ને જે રાતદિવસ અતિશે ચાડ રાખીને શ્રવણ મનનાદિકે કરીને બુદ્ધિને વિષે ખચિત કર્યું હોય તેની બુદ્ધિ ફરે નહિ.** ૧૨૫

અને મુને[૨] મહારાજે કહ્યું જે 'આકારે રહિત વર્તવું[૩]' ત્યારે મેં શંકા કરી જે મૂર્તિ ભૂલી જવાશે, તે સાંભળીને મહારાજ બહુ દિલગીર થઈ ગયા ને નેત્રકમળ સજળ થઈ ગયાં ને એમ બોલ્યા જે 'જેને રાજી કરવાને અર્થે પ્રયત્ન કરે છે તેને કેમ ભૂલી જવાશે ? તે દિવસથી મારા હૃદયને વિષે એ વચન અચળ ખુતી રહ્યું છે ને તેમજ વર્તાય છે ને શ્રીજીને એમ વર્તવું ગમે છે. માટે અનેક યુક્તિએ કરીને એ વાર્તા કરીએ છીએ. અને એવી સ્થિતિવાનને તો અન્ય સંકલ્પ થાય જ નહિ ને કદાચિત અસત્ દેશાદિકે કરીને થાય તો જેમ દેહે કરીને પ્રાયશ્ચિત્ત કર્યે સંતોષને પામે છે તેમ એ જ્ઞાની ન પામે. એતો ઉપશમરૂપી પ્રાયશ્ચિત્ત કરીને સંતોષને પામે છે તે શ્રુતિમાં કહ્યું છે જે यस्य ज्ञानमयं तपः માટે સવાસનિક ને નિર્વાસનિક હરિભક્તના પ્રાયશ્ચિત્તને વિષે બહુ ફેર છે ને

૧. **અર્થ :–** જેના મનમાં વિષય-ભોગની ઇચ્છા, કર્મ-પ્રવૃત્તિઓના બીજરૂપ વાસનાઓનો ઉદય ન હોય તથા જેને એક ભગવાનનો જ આશ્રય હોય તેને ઉત્તમ ભક્ત જાણવો.
૨. ગોપાળાનંદ સ્વામીને.
૩. દેહરૂપે નહિ અર્થાત્ આત્મારૂપે વર્તવું.





જ્ઞાનીમાં ને ભગવાનમાં એટલો ફેર છે જે સ્થિત્યાદિક[૧] એથી ન થાય. ત્યારે સંતે પૂછ્યું જે 'કોઈકને તો ભજન કરવું ને કોઈકને તો મૂર્તિમાં જ રહેવું ને કોઈકને નવધા ભક્તિ કરવી ઇત્યાદિક શ્રીજી સંબંધી ક્રિયા તે જુદી જુદી ગમે છે ને કોઈકને તો એ સર્વે ગમે છે તે કેમ હશે ?' તેનો ઉત્તર જે **શ્રીજી મહારાજને વિષે જેવા જેવા ભાવે યુક્ત હમણાં અથવા મોર્યે વર્તતા હોય તેવા તેવા ગુણ એ ભક્તને વિષે આવે છે.** તે ઉપર ગુણાતીતાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીના દૃષ્ટાંતે[૨] કરીને બહુ વાર્તા કરી. ૧૨૬

અને વિજયાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે 'જેવા તેવા જીવને શ્રીહરિજી મહારાજનો જોગ થઈ જાય છે ને મુમુક્ષુને થાતો નથી તેનું શું કારણ હશે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, શ્રીહરિજીને જે દેશને વિષે ધર્મ સ્થાપન કરવો હોય તથા જે દેશને વિષે મુમુક્ષુ બહુ હોય તે દેશમાં શ્રીજીનું વિચરવું હોય એટલે તે દેશમાં મુમુક્ષુના તથા બીજા પણ સર્વેના મોક્ષ સહેજે થઈ જાય છે ને મુમુક્ષુ હોય પણ તેનો દૂર દેશને વિષે જન્મ હોય તે રહી જાય છે. **માટે મુમુક્ષુએ કોઈ દેશની વાસના તથા નાતજાતની પણ વાસના ન રાખવી. ને પ્રકૃતિ પુરુષથી લઈને સર્વે પદાર્થને નાશવંત ને કાખના મુવાળા જેવા અતિ તુચ્છ ને સ્વપ્ન તુલ્ય જાણવા ને શ્રીજી તથા તેમના મોટા સંત તથા જીવાત્મા તે વિના બીજે ક્યાંય પ્રીતિ ન રાખવી.** અને મહારાજની સેવા વિના શ્વેતદ્વીપાદિક ધામને વિષે પણ વાસના ન રાખવી, અને શ્રીજી તો ગમે ત્યાં રાખીને પણ કસર માત્ર ટાળી નાખવાને સમર્થ છે માટે સત્તારુપે રહીને તેમના એકાંતિક ભક્તનો સમાગમ અતિશે રાખવો ને તેને અર્થે શીત, ઉષ્ણ, ભૂખ, તરસ, માન, અપમાન, હર્ષ, શોકનું સહન કરવું ને એને વિષે વૈરાગ્ય પામવો નહિ ને વિષયની પ્રાપ્તિને અર્થે જે ઉદ્યમ કરવો તેમાં વૈરાગ્ય પામવો.

૧. ભગવાનની પેઠે જ્ઞાની ભક્તથી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય ન થાય.
૨. ગુણાતીતાનંદ સ્વામીને વિષે શ્રીજીની રૂચિ પ્રમાણે મંદિરની સેવા, મૂર્તિમાં અખંડ વૃત્તિ, તથા સર્વોપરિ ઉપાસના આદિ ગુણો તેમજ મુક્તાનંદ સ્વામીને વિષે વર્તન, માહાત્મ્ય, શ્રદ્ધા તથા વિશ્વાસ આદિ ગુણો હતા. **(વચ.ગ.અં.૨૪)**

એમ કહી મોકાખાચરનું દૃષ્ટાંત[1] આપી કહ્યું જે આવી રૂડી ભગવત્ વાર્તા છે પણ તે કેટલાકને ગમતી હશે ને કેટલાકને તો નહિ ગમતી હોય. ૧૨૭

અને 'કેમ સમજે તો સદા સુખિયો રહે ?' એ પ્રશ્નનો ઉત્તર જે **સદા સુખિયો તો તે રહે જે જેને કોઈ પદાર્થ જોઈએ જ નહિ.** ને જેવાં તેવાં વસ્ત્ર ને લૂખું સૂખું અન્ન તો સહેજે જ મળી રહે છે માટે સંતોષ રાખીને વર્તે તો સુખી રહેવાય છે ને વિશ્વાસ કરવા યોગ્ય તો ડોડિયા પુંજા ભક્ત જેવા સત્પુરુષ જ છે ને બીજે તો દુઃખિયા થાવાનું છે. ૧૨૮

અને જ્ઞાન વૈરાગ્ય વિના સૂક્ષ્મ ને કારણ શરીર ટળે નહિ ને એકલી ભક્તિએ કરીને તો ટળે પણ ખરાં, ને ટળે પણ નહિ. ૧૨૯

અને સર્વે સંતને ધર્મામૃત પ્રમાણે વર્તવું એમ વાર્તા કરીને સ્વામી બોલ્યા જે **ગૃહસ્થ હરિભક્તનો મહિમા સમજીને વિશ્વાસ કરીએ તો તે પોતા સરખો કરે.** જેમ શૃંગી ઋષિને[2] કરી નાંખ્યા તેમ. માટે આપણે પણ અતિ વિશ્વાસ ન કરવો. ૧૩૦

અને 'લોભ, કામ, માનાદિકે કરીને શ્રીજીની આજ્ઞા લોપાય છે તે કેમ સમજે તો ન લોપાય ?' તેનો ઉત્તર જે

मद्‌भयाद्वाति[3] वातोऽयं सूर्यस्तपति मद्‌भयात् ।
वर्षतीन्द्रो दहत्यग्निर्मृत्युश्चरति मद्‌भयात् ॥
[4]यन्नामधेयश्रवणानुकीर्तनाद् यत्प्रह्वणाद्यत्स्मरणादपि क्वचित् ।
श्वादोऽपि सद्यः सवनाय कल्पते कथं पुनस्ते भगवन्नु दर्शनात् ॥

૧. ગામ વાંકિયાના દરબાર મોકાખાચરનું પોતાનું ગામ કોઈ અન્ય દરબારની સત્તામાં ચાલ્યું ગયું હતું, તેને પ્રાપ્ત કરવા માટે મોકાખાચરે જીવનપર્યંત પ્રયત્ન કર્યો હતો. તેવી રીતે હરિના ભકતોને પણ પોતાના સ્વભાવોને નષ્ટ કરવા માટે જીંદગી પર્યંત પ્રયત્ન કરવો જોઈએ, નિરાશ થવું નહિ.

૨. એકલશૃંગી લોમપાદ રાજાના સંગે ગૃહસ્થાશ્રમી બન્યા હતા.

૩. **અર્થ :–** વાયુ મારા ભયથી વાય છે, સૂર્ય મારા ભયથી તપે છે, ઈંદ્ર મારા ભયથી વરસાદ વરસાવે છે, અગ્નિ મારા ભયથી જગતને બાળે છે, મૃત્યુ મારા ભયથી જગતમાં ફરે છે.

૪. **અર્થ :–** હે ભગવન્ ! ચંડાળ પણ કોઈવાર આપના નામનું શ્રવણ કરવાથી તથા આપનું સ્મરણ કરવાથી પણ તત્કાળ યજ્ઞ કરવાને યોગ્ય થાય છે, ત્યારે તમારા દર્શનથી યોગ્ય થાય તેમાં કહેવું જ શું ? – ભાગ. ૩-૩૩-૬ (વચ. ગ. અં. ૫)





એ બે શ્લોકમાં જેમ મહિમા કહ્યો છે તથા જેમ મહાવિષ્ણુને[1] કાળરૂપ ઈશ્વર ગળી ગયા. એવી રીતનો મહિમા સમજે તો આજ્ઞા લોપાય નહિ. ૧૩૧

અને હરિભક્તે પૂછ્યું જે 'જગત્ ખોટું કેમ થાય ?' ત્યારે સ્વામી બોલ્યા જે જેમ બાળક રમત કરે છે. તેમાં કેટલાક તો સૂર્ય ને કેટલાક તો ચંદ્ર થઈને આવે છે ને વળી ધૂળનાં વરકન્યા ને ધૂળનો કંસાર તે વળી મૂત્રના ઘીમાં પલાળે છે ને ધૂળના મગ ચોખા કરે છે, એ સર્વે જેમ સત્ય નથી તેમ સંસાર વ્યવહાર પણ અસત્ય છે પણ તેને બાળકની પેઠે સત્ય માન્યો છે. માટે એ પણ બાળક છે. એમ કહી ભવાયાને દૃષ્ટાંતે બહુ વાર્તા કરી. ૧૩૨

અને જીવનમુક્ત, વિદેહમુક્ત અને કૈવલ્યમુક્તની સ્થિતિ એમ છે જે જીવનમુક્ત તો વિષયને વિષે બંધાઈ જાય. ને વિદેહમુક્ત છે તે પણ અસત્ય દેશકાળાદિકે કરીને બંધાય ને કૈવલ્યમુક્ત તો તેણે કરીને પણ બંધાય નહિ. ૧૩૩

અને 'પ્રથમ સંસાર અસત્ય જણાતો ને શ્રીજી મહારાજને વિષે પણ હેત જણાતું ને હવે એવું કેમ જણાતું નથી ?' એ પ્રશ્નનો ઉત્તર જે પ્રથમ એની ઈન્દ્રિયોની વૃત્તિ વિષયને વિષે પ્રવેશ કરતી નહોતી ને સત્સંગનો વેગ ઈંદ્રિયોને વિષે લગાડ્યો હતો. ને જ્યારે વિષયસુખનો અનુભવ થયો ત્યારે એ સત્સંગમાંથી મોળો પડી ગયો. એજ એનો ઉત્તર છે ને **વિષય ભોગવીને ન બંધાય એવા તો નરનારાયણ ઋષિ વિના બીજો કોઈ નથી.** ૧૩૪

અને વિજ્ઞાનદાસજીને અવસ્થા લોપતી નથી ને મૂંઝાતા નથી અને સદા સુખીયા રહેતાં આવડે છે ને નિર્માની પણ બહુ છે ને શ્રીજી મહારાજનો ને સત્પુરુષનો વિશ્વાસ પણ અતિશે છે ને સિદ્ધાનંદ સ્વામીને તો અવસ્થા લોપે છે

૧. મહાવિષ્ણુ (પ્રધાનપુરુષ) ને ગર્વ થવા લાગ્યો કે 'હું જ પરમેશ્વર છું મારાથી પર કોઈ નથી.' તે સમયે ભયંકર મહાકાળે ત્યાં આવીને મહાવિષ્ણુને કોળિયાની પેઠે પોતાનાં મોઢામાં નાખી દીધા, ત્યારે મહાવિષ્ણુ પ્રાર્થના કરવા લાગ્યા કે કોઈ મારાથી મોટા હોય તો તે મારી રક્ષા કરજ્યો.' ત્યારે ભગવાને કાળને પાછો હઠાવી લીધો. માટે ભક્તજનોએ ક્યારેય ગર્વ ન કરવો જોઈએ.

ને મૂંઝવણ પણ આવે છે. ને પુરુષપ્રયત્ને કરીને અતિ આગ્રહ કરે તો ન આવે. ને કોઈકને તો વાતચીત કરતાં તથા સર્વે ક્રિયાને વિષે પણ શ્રીજી મહારાજ દેહની પેઠે નિરંતર સાંભર્યા કરે છે ને પૃથ્વીની પેઠે આધારપણાનો વિશ્વાસ પણ સદા વર્તે છે. ૧૩૫

અને વ્યાપકાનંદ સ્વામીને નિશ્ચય થાતો નહોતો પછી શ્રીજી મહારાજે તેને સમાધિ કરાવીને અક્ષરધામને વિષે અનંતકોટિ મુક્ત સોતું પોતાનું દર્શન કરાવ્યું તો પણ નિશ્ચય ન થયો. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, ''આ સર્વે મુક્તોનાં રૂપને ધરી ધરી ને અમારી પૂજા આરતી કરો.' ત્યારે તે કહે જે, 'કેમ ધારું ?' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'રામાનંદ સ્વામી જો પુરુષોત્તમ ભગવાન હોય તો મુને સર્વેનાં રૂપ ધરતાં આવડો એમ સંકલ્પ કરો.' ત્યારે તેણે તેમ સંકલ્પ કર્યો તોપણ ન ધરાણાં. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'ચોવીસ અવતાર જો પુરુષોત્તમ ભગવાન હોય તો આવડો એમ કહો.' ત્યારે તેમણે એમ કહ્યું તોપણ ન ધરાણાં પછી મહારાજ બોલ્યા જે, 'હવે અમારે વિષે એ પ્રમાણે સંકલ્પ કરો.' ત્યારે તેમણે કહ્યું જે, 'આ સહજાનંદ સ્વામી જો પુરુષોત્તમ ભગવાન હોય તો મુને મુક્તનાં રૂપ ધરતાં આવડો' ત્યારે ધરાણાં. પછી સ્વામીને શ્રીજીને વિષે પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો. અને સર્વે આવિર્ભાવના ભક્તોને પુરુષોત્તમપણાનો નિશ્ચય થાતો નહોતો ત્યારે શ્રીજીએ તેમને બ્રહ્મધામનું ધારણ (સમાધિ) કરાવીને પોતાનો પ્રતાપ દેખાડ્યો જે પોતપોતાના ઈષ્ટદેવ હતા તે સર્વે શ્રીહરિની સેવા ચાકરીમાં દાસની પેઠે રહ્યા કરે છે તે જોઈને સર્વેને શ્રીજીને વિષે પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો. ૧૩૬

અને એક દિવસ શ્રીજી મહારાજે તે વ્યાપકાનંદ સ્વામીને કહ્યું જે, ઈન્દ્રલોકમાં જાઓ' ત્યારે તેણે કહ્યું જે, 'જઈ આવ્યો' ત્યારે ફરીને આજ્ઞા કરી જે 'બ્રહ્માના કમળના નાળનો પાર લઈ આવો' ત્યારે તે કહે જે 'લઈ આવ્યો' વળી આજ્ઞા કરી જે 'ગોલોક વૈકુંઠ ને બ્રહ્મધામને વિષે જાઓ.' ત્યારે કહે 'જઈ આવ્યો' વળી આજ્ઞા કરી જે 'ભૂમાપુરુષ પાસે જાઓ' ત્યારે કહે જે 'ત્યાંતો હજાર માથાનો દૈત્ય માર્ગ રોકીને રહ્યો છે.' ત્યારે શ્રીજી કહે 'તમે પણ તેવા





રૂપને ધારીને તેને જીતીને જાઓ' ત્યારે તેમ કર્યું ને ફરી કહ્યું જે બીજો દશ હજાર માથાનો દૈત્ય આગળ છે' ત્યારે મહારાજ કહે 'તમે પણ તેથી મોટું રૂપ ધારીને તેને જીતીને જાઓ' પછી તે તેમ કરીને **ભૂમાપુરુષ**[1] પાસે ગયા ત્યારે તેમણે કહ્યું જે, 'પુરુષોત્તમનો પ્રગટપણે પૃથ્વીને વિષે અવતાર થયો ?' ત્યારે સંત કહે 'હા થયો' એ વાત સાંભળીને અતિશે ગદ્ગદ્ કંઠ થઈને ભૂમાપુરુષ રાજીરાજી થઈ ગયા. ને તે સંતને સરસ સિંહાસન ઉપર બેસારીને અતિશે સુગંધીમાન અને અતિશે સરસ પુષ્પ ચંદનાદિકે કરીને અતિશે ભારે પૂજા કરી. ને અતિશે આનંદ સોતા શ્રીજી મહારાજના સમાચાર પૂછીને બોલ્યા જે 'મુને મહારાજે કહ્યું હતું જે અમો જ્યારે બ્રહ્માંડને વિષે પધારશું ત્યારે તમારી પાસે સંતને મોકલશું, તે વચન આજ સત્ય કર્યું' એવી રીતે પરસ્પર બે જણે મહારાજની વાર્તા સારી પેઠે કરી. પછી તે સંતે એ લોકના ચાર ભુજાવાળા મુક્તોને શ્રીહરિજીની વાતો કરીને પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવીને બ્રહ્મપુરને વિષે મોકલી દીધા. પછી શ્રીજી પાસે આવીને પોતાનું વૃત્તાંત જેમ થયું તેમ કહ્યું. તે વાત સાંભળીને શ્રીજીને વિચાર થયો જે 'જ્યારે બાદશાહ ગાદીએ બેસે ત્યારે બંધીવાન માત્રને છોડી મુકે છે તેમ અમારે પણ અનેક જીવનાં કલ્યાણ કરવાં છે,' એમ વિચારીને સ્વરૂપાનંદ સ્વામીને આજ્ઞા કરી જે, 'સર્વે નરકકુંડના જીવમાત્રને ચતુર્ભુજ રૂપ ધરાવીને ભૂમાપુરુષના લોકમાં મોકલો' ત્યારે તે સંતે તેમ કર્યું. એમ સર્વે વાર્તા જે તે શ્રીહરિજીએ બેઠા બેઠા સહેજે કરી. એવી રીતે પોતાનું પુરુષોત્તમપણાનું પ્રગટપણું અતિશે જણાવ્યું. ૧૩૭

---

૧. **ભૂમાપુરુષ** = પ્રધાનપુરૂષ, આ પૃથ્વીના ગોળાની અંદર અડતાલીશ કરોડ યોજન અવકાશ છે. તે અવકાશમાં સાત દ્વીપ ને સાત સમુદ્ર છે, તેનાં ફરતો લોકાલોક પર્વત છે. તે લોકાલોકને ફરતું અંધકાર છે. તે અંધકારના ફરતું આ પૃથ્વીના ગોળાનું દળ એક કરોડ યોજન જાડું છે. તે દળની ને અંધકારની વચમાં ભૂમાપુરૂષ પોતાના પાર્ષદો સહિત રહે છે, તે ધામને અવ્યાકૃત ધામ (મહાવૈકુંઠ) કહે છે. પૃથ્વીના દળના ફરતાં જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર ને મહત્તત્ત્વના આવરણ છે. તેનાથી પર પ્રધાનપુરૂષનું (-પ્રકૃતિનું) આવરણ છે ત્યાં ભૂમાપુરૂષનું ધામ છે. ત્યાં રહ્યા થકા તે અવ્યાકૃત ધામમાં દર્શન આપે છે. (વચ. ગ. પ્ર. ૬૬)

અને 'જીવમાત્રને અતિશે બંધનકારી કીયું પદાર્થ છે ?' એ પ્રશ્નનો ઉત્તર, કોઈકે તો સ્નેહ કહ્યો ને કોઈકે તો માન કહ્યું ને કોઈકે સ્ત્રી આદિકનું બંધન કહ્યું. એવી રીતે ઘણેક પ્રકારે કરીને કહ્યું. પછી સ્વામીએ કહ્યું જે **અતિશે બંધનકારી તો દેહાભિમાન જણાય છે.** ને શ્રીજીએ પણ વચનામૃતમાં[1] કહ્યું છે જે 'દેહાભિમાનને વિષે સર્વે દોષ રહ્યા છે.' ત્યાં દૃષ્ટાંત છે જેમ મોટું ફળિયું હોય ને તેમાં વચ્ચે મોટો ખાડો હોય ને તે વળી તરણે કરીને ઢંકાયેલો હોય તેમાં જેમ સર્વે આવીને પડે છે તેમ દેહાભિમાનરૂપ ખાડો છે તે પંચવિષયરૂપ તરણે કરીને ઢંકાણો છે તેને વિષે લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, માનાદિક સર્વે દોષ આવી આવીને પડે છે માટે તેને સત્ અસત્નો વિવેક કરીને કાઢવા. ને દેહને વૃક્ષરૂપે કરીને પણ કહ્યું છે તેમાંથી માનરૂપી અંકુર થાય છે ને અહંમમત્વરૂપી મોટાં મોટાં બે ડાળાં થાય છે ને દશ ઈંદ્રિયો રૂપ નાનાં ડાળખાં થાય છે ને સંકલ્પ વિકલ્પરૂપી અતિ નાની ડાળીયું થાય છે ને તેણે કરીને જે કર્મ કરે છે તે રૂપ પાનડાં થાય છે ને જેમ પત્રે કરીને વૃક્ષ વધે છે તેમ કર્મે કરીને અનંત દેહ આવે છે. ૧૩૮

અને 'પરોક્ષના ભક્તમાં અને પ્રત્યક્ષના ભક્તમાં કેટલો ફેર છે ?' એ પ્રશ્ન યોગાનંદ સ્વામીને પૂછ્યો તેનો ઉત્તર તેમનાથી ન થયો ત્યારે સ્વામીએ પોતે ઉત્તર કર્યો જે પરોક્ષ અવતારના ભક્ત તો રૂપા જેવા છે ને બ્રહ્માદિક ને ઈંદ્રાદિક દેવના ભક્ત તો પીતળ જેવા ને કાંસા જેવા છે. ને મદ્ય માંસના ખાનારા જે તમોગુણી દેવ છે તેના ભક્ત તો કથીર ને લોઢા જેવા છે અને **પ્રત્યક્ષ પુરુષોત્તમના એકાંતિક ભક્ત છે તે તો કુંદન અને જાંબુનદ[2] સુવર્ણ જેવા છે** અને તેમાં તો ભારે ચમત્કાર રહ્યો છે. તેની વિગત જે જોડિયા ગામમાં વશરામ સુતારે લાખું કીડિયુંનું કીડિયારું જોયું ત્યારે તેને દયા આવી જે 'આ બિચારા જીવોનું કેમ કલ્યાણ થાશે ?' એટલામાં કરોડો વિમાન આવ્યાં ને એ સર્વે જીવો ચતુર્ભુજરૂપ થઈ થઈને વિમાનમાં બેસીને શ્રીહરિજીના ધામમાં ગયા. તે માટે પ્રત્યક્ષના ભક્તનો તો આવો મોટો મહિમા છે. ૧૩૯

---

૧. લોયાનું ૬ઠ્ઠું.

૨. જાંબુનદ = જાંબુ (શોણભદ્ર) નદીમાંથી મળતું અતિ શુદ્ધ સોનું.





અને રત્નાભક્તની વાર્તા કરી જે એને ભાણેજે પ્રત્યક્ષના સંતને બે રોટલા આપ્યા હતા તેની પ્રાપ્તિની વાર્તા કરી ને કહ્યું જે જે હરિભક્ત છે તેતો સંતને રોટલાનો જ લોટ દીયે છે ને અભક્તતો સદાવ્રત આપે છે તો પણ એ કરતાં તે રોટલાનો લોટ અધિક થાય છે. ૧૪૦

અને મુક્તાનંદ સ્વામીને નિશ્ચય થાતો નહોતો ત્યારે રામાનંદ સ્વામીએ આવીને કહ્યું જે ''સહજાનંદ સ્વામી પુરુષોત્તમ ભગવાન છે ને અમે પણ એમના જ દાસ છીએ' એવી રીતે પ્રત્યક્ષના ભક્તની અતિશે મોટપ્ય છે ને લગારેક એના સંબંધે કરીને મોટું કામ થઈ જાય છે. ૧૪૧

અને વક્તા જો મુમુક્ષુને ઓળખીને ભગવદ્વાર્તા કરે તો સમાસ થાય છે કેમકે કોઈકને તો ભક્તિનું અંગ હોય ને કોઈકને જ્ઞાનનું ને કોઈકને વૈરાગ્યનું ને કોઈકને સ્વરૂપનિષ્ઠાનું ને કોઈકને મહિમાનું એવી જાતનાં અનેક પ્રકારનાં અંગ હોય છે તે તે અંગનું સ્થાપન કરીને જો જ્ઞાનાદિકની વાર્તા હળવે રહીને સમજાવે તો સમજે. ૧૪૨

અને 'તમોગુણ કેમ ટળે ?' એ પ્રશ્નનો ઉત્તર જે, લાજ રાખે તો ટળે. તેની વિગત જે પોતા થકી જે મોટો હોય તેની તથા ભાઈ, બાપ, કાકા આદિકની તથા સાધુ સંતની તથા કોઈક મોટેરા સત્સંગીની લાજ રાખવી. ને સાંખ્ય વિચારે કરીને તો કોઈક ટાળતા હશે પણ ઘણાને તો લાજે કરીને રહે છે ને વ્યવહારમાં પણ ક્ષત્રિય આદિક વર્ણમાં એમજ દેખાય છે. ૧૪૩

અને જ્યારે નટવાની ડુગડુગી વાગે છે ત્યારે મનુષ્ય સર્વે ઘરમાંથી બહાર નિસરી આવે છે. એતો દૃષ્ટાંત છે, એનું સિદ્ધાંત તો એમ છે જે જ્યારે પંચવિષય સંબંધી ડુગડુગી વાગે છે ત્યારે આત્મા અનાત્માના વિચારને મુકીને શ્રીજીને તથા તેમની કથાવાર્તાને મુકી દઈને લોભરૂપે, કામરૂપે, રસાસ્વાદરૂપે, સ્નેહરૂપે, માનરૂપે ને દેહાભિમાનને યોગે કરીને અહંમમત્વરૂપે થઈ જવાય છે અને સંકલ્પ વિકલ્પને યોગે કરીને પણ દેહરૂપે થઈ જવાય છે. માટે સત્તારૂપ થઈને અતિ દૃઢાવ કરીને સ્થિર બુદ્ધિ રાખવી. ૧૪૪

અને ‘સંસારમાં રહીને વિષય કેમ જીતાય ?’ એ પ્રશ્નનો ઉત્તર જે, નિયમ રાખે તો જીતાય છે. તેની વિગતિ જે આ વરસમાં ને આ મહિનામાં આવી રીતે વરતવું. જેમ વરસમાં દશ શેર રતાળું ખાવાનું નિયમ લે છે એમ કર્યે વિષય જીતાય છે. ને એ સુખને વિષે તો કેવળ દુઃખજ રહ્યું છે ને મોટા મોટા રાજા છે તેમને તો ખાવા પીવાને વિષે સ્ત્રી પુત્રાદિકનો પણ વિશ્વાસ આવે જ નહિ ને દીકરો તે બાપનો લાગ જોતો હોય ને બાપ તે પણ પુત્રનો લાગ જોતો હોય ને મા દીકરાને વિષે તથા ધણી ધણીયાણીને વિષે પણ એમજ છે માટે સંસારનાં સુખ તો આવાં છે તોપણ જીવ વિષયને વિષે અતિ આસક્ત છે ને મૂર્ખ છે તે સારુ નાશવંત ને સ્વપ્નતુલ્ય ને અતિશે તુચ્છ જે વિષયસુખ તેને અર્થે અનેક પ્રકારનાં દુઃખને સહન કરે છે. ને **સુખીયો તો, તો થાય જો સત્પુરુષનો પ્રસંગ કરીને શુદ્ધ સત્તારૂપે રહીને શ્રીજી મહારાજનું ભજન કરે.** ૧૪૫

અને ‘સ્વભાવ ટાળવાને અર્થે પુરુષપ્રયત્ન કરતા નથી ને નિષ્ફીકર રહે છે માટે તેને સ્વભાવ હશે કે નહિ હોય ? એ પ્રશ્નનો ઉત્તર જે સ્વભાવ તો છે પણ કોઈક તો આશરાનું બળ લે છે ને કેટલાકને તો પ્રમાદ બહુ છે ને કેટલાક તો સ્વભાવને ઓળખતા નથી ને કેટલાક તો મહત્પુરુષના સંગે કરીને ટાળવાને અર્થે પુરુષ પ્રયત્ન પણ કરે છે ને **માન, ક્રોધ ને ઈર્ષા એ કલ્યાણના માર્ગને વિષે વિરોધી છે** માટે એ દોષે કરીને સંકર્ષણ ને વૈરાટ જેવા મોટા થાય છે પણ એકાંતિક ભક્ત જેવા તો થાય જ નહિ ને સત્પુરુષના સંગે કરીને સાચો થઈને જો સ્વભાવને ટાળે તો અલ્પ કાળમાં ટળી જાય, નહિ તો અંત સમે પણ ટળી જાય છે. અથવા બદ્રિકાશ્રમ તથા શ્વેતદ્વીપને વિષે કલ્પજીવી[1] સરજે છે માટે ત્યાં સુધી પુરુષપ્રયત્ન કરવો પડે. ૧૪૬

અને ‘દઢ ઉપાસનાનું શું રૂપ છે ?’ એ પ્રશ્નનો ઉત્તર જે એક તો સ્થાનકને ઓળખે. તે જે સ્થાનકને વિષે શ્રીજી મહારાજે પોતાનું કરીને ઘણા વરસ સુધી નિવાસ કર્યો હોય તેનું કોઈ ઘસાતું બોલે તો ખમી શકે નહિ ને જેમ

૧. કલ્પજીવી એટલે બ્રહ્માના એક દિવસ સુધી જેની આવરદા હોય તે.





છે તેમ યથાર્થ ઉત્તર કરે. ને આજ્ઞાએ કરીને બીજે ઠેકાણે રહેતો હોય તોપણ ત્યાં હેત વધુ રાખ્યા કરે ને સંભાર્યા કરે ને જે શ્રીજી મહારાજ છે તે તો સર્વ કર્તા છે ને સર્વ નિયંતા છે ને સર્વ સુખમય છે ને સર્વ અંતર્યામી છે. એવા જે શ્રીજી તે જે તે સત્સંગને વિષે કોઈક મહત્ વિક્ષેપ આવીને પડ્યો હોય તેને ટાળવાને અર્થે કોઈક હરિભક્ત દ્વારાએ વાર્તા કરીને તેને ટાળી નાખે ને સંપ કરાવી દીયે તો તેને સત્ય જાણવું. જેમ શુકજી સર્વ વૃક્ષરૂપે બોલ્યા તે સત્ય મનાય છે તેમ માનવું ને એતો યોગેશ્વર છે ને સર્વ કળાના ને સર્વ વિદ્યાના નિધિ છે માટે તેના ઐશ્વર્યને વિષે શંકા જ નથી. **અને ઐશ્વર્યવાનનું ધ્યાન ન થાય ને ધ્યાન તો પ્રત્યક્ષ મૂર્તિનું જ થાય** એમ શ્રીજીને મહિમા સોતો યથાર્થ સમજે ને તેમના એકાંતિક ભક્તને ઓળખે ને એમનો વિશ્વાસપૂર્વક મન, કર્મ, વચને કરીને સમાગમ કર્યા કરે એ ત્રણ પ્રકારની સમજણની જે અતિશે દઢતા તેણે કરીને ઉપાસના પક્વ થાય છે. ૧૪૭

અને ‘વિશ્વાસ કેમ થાય ?’ એ પ્રશ્નનો ઉત્તર જે શ્રીજી મહારાજની આજ્ઞા જે સંતને હોય જે ‘તમે ધર્મમાં રહેજો ને બીજાને રખાવજો’ તે માટે પોતે ધર્મને વિષે યથાર્થ વર્તતા હોય ને બીજા બહુ મનુષ્યને પણ વર્તાવતા હોય એવી જાત્યના ઐશ્વર્યને જોઈને વિશ્વાસ કરવો ને એવાનો સંગ કરીને નિર્વાસનિક થાવું ને **એવા સત્પુરુષને મન સોંપ્યા વિના તો બ્રહ્મા તથા વિરાટ તથા સંકર્ષણ જેવાને પણ કસર રહી જાય છે.** અને એ સમર્થ તો બહુ છે પણ વાસના ટાળ્યા વિના સકામ ભક્ત કહેવાય છે. ૧૪૮

અને આટલી વાર્તા કલ્યાણને અર્થે સમજવી છે જે એ જીવ છે તે ઈશ્વર તથા બ્રહ્માદિક દેવ તથા મનુષ્ય, પશુઆદિક યોનિને વિષે અનેકવાર જન્મ મરણને પામ્યો છે તોપણ પોતે તો એવો ને એવો શુદ્ધ છે. જેમ આકાશ ચાર ભૂતને સંગે કરીને પણ રંચમાત્ર મેલો થતો નથી તેમ એ આત્મા શુદ્ધ છે અને એને મનન દ્વારાયે કરીને અક્ષર સાથે એકતા સમજીને શ્રીજી મહારાજનું ભજન કરવું ને પોતાને પ્રત્યક્ષ મળ્યા જે શ્રીજી મહારાજ તેને સર્વે અવતાર થકી વિલક્ષણ સમજવા ને એમનું જેવું બોલવું છે અને એમની જેવી ચાલ્ય છે અને

એમની જેવી સુગંધ છે ને જેવી લાવણ્યતા[1] છે ને જેવી વાત્સલ્યતા છે ને જેવી દયા છે ને જેવું ઐશ્વર્ય છે ને જેવું બળ છે ને જેવી શક્તિ છે ને જેવું જ્ઞાન છે ને જેવું તેજ છે ને જેવું સ્વરૂપ છે ને જેવો સ્વભાવ છે, જેવા ગુણ છે, જેવી વિભૂતિ છે, જેવું સુંદરપણું છે, જેવું સુશીલપણું છે, જેવું ઉદારપણું છે, જેવું ઉજ્જવળપણું છે, જેવું કરુણાપણું છે. ઈત્યાદિક અનંત ગુણગણમંડનરૂપ તો એક શ્રીજી મહારાજ છે, એવા બીજા કોઈ નથી. ને અક્ષરથી લઈને અવતાર પર્યંત એ સર્વે જે તે પુરુષોત્તમ જે શ્રીહરિજી મહારાજ તેમની ઉપાસના ને ભજન સ્મરણ કરે છે. એવા જે એ **શ્રીજી મહારાજ તેમની પ્રસન્નતાને અર્થે નવધાભક્તિ જે તે અતિશે હેતે સહિત કરવી.** ને એ વાર્તા શ્રવણ મનનાદિકે કરીને અતિ દૃઢ કરી રાખવી. ૧૪૯

અને **જેને દશ, વિશ, પચાસ કે સો મનુષ્ય માનતાં હોય તેને ગંડવા થાય છે, ને તેના ભેળા જે મનુષ્ય રહેતા હોય તે જો તે રોગને ન ઓળખે તો તેને પણ એ થાય છે,** માટે જ્ઞાનાંશનું એ બે ઠેકાણે જરૂર કામ પડે છે. ને જેને જ્ઞાન હોય તે તો એ રોગને ઓળખી કાઢે તેથી તેમાં લેવાય નહિ. ને જે આવા મોટા સ્થાનકને વિષે રહેતા હોય તેને તો જ્ઞાનાંશની વાર્તા

૧. **લાવણ્યતા** = નિરતિશય શોભા સમુદાય. **વાત્સલ્યતા** = ભક્તોના દોષને નહિ જોઈને તે પર અતિશય સ્નેહ કરવાપણું, **દયા** = સ્વાર્થ નિરપેક્ષ પરદુઃખ અસહિષ્ણુતા. **ઐશ્વર્ય** = સ્વતંત્રપણે વિશ્વ સર્જકપણું તથા નિયામકપણું. **બળ** = વિશ્વધારણ સામર્થ્ય. **શક્તિ** = જગતની ઉત્પત્ત્યાદિક કાર્ય કરવા માટેનું સામર્થ્ય. **જ્ઞાન** = જે સ્વયંપ્રકાશ હોઈ સર્વ વસ્તુને નિત્ય જાણનાર ગુણ તે. **તેજ** = પરને પરાભવ પમાડવાનું સામર્થ્ય. **સ્વરૂપ** = સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરવધિકાતિશય આનંદાદિ કલ્યાણ ગુણઘન હેયગુણ પ્રતિભટ્ટ (દોષનો અભાવ) **સ્વભાવ** = સત્ ચૈતન્યાદિ. **ગુણ** = વાત્સલ્યાદિ. **વિભૂતિ** = નિયમન રૂપ ઐશ્વર્ય તે જેની ઉપર પ્રવર્તે છે તે પ્રધાન પુરૂષ અને અક્ષરાદિ નિત્ય મુક્તોને પણ વિભૂતિ કહે છે. **સુંદરપણું** = કરચરણાદિ અવયવોની નિરતિશય સમુચિત શોભા. **સુકુમારપણું** = અનાદિ સિદ્ધ સોળ વર્ષની રમણીય અવસ્થા. **સુશીલપણું** = મહદ્નું અલ્પ સાથેનું અંતરે રહિત પણે સંશ્લેષ (મળવું) **ઉદારપણું** = સ્વાર્થ નિરપેક્ષ યથેપ્સિત અર્પણ. **ઉજ્વળપણું** = નિરતિશય કાંતિ. **કરુણાપણું** = સ્વાર્થ રહિતપણે પરદુઃખ નિવૃત્તિકરણ તત્પરતા.





જરૂર સમજી જોઈએ. કેમજે કોઈક તો કોઠારને યોગ્ય હોય ને કોઈક તો ભંડાર યોગ્ય હોય ને કોઈક પૂજા કરવા યોગ્ય હોય. એવા અનેક પ્રકારના મનુષ્યો હોય છે. તે સર્વેને ઓળખીને જ્યાં જેને જેમ ઘટે ત્યાં તેને તેમ પ્રવર્તાવ્યું જોઈએ ને કોઈક બેઠાડું હોય તે પણ જાણ્યું જોઈએ. માટે જ્ઞાનનું કામ તો બહુ પડે છે, ને **માણસ ભેગાં કરવાં એતો કાંઈ કઠણ જ નથી પણ તેને સદ્બુદ્ધિ આપીને હરિભક્ત કરવા એ કઠણ છે.** એતો જ્ઞાની ભક્તને જ આવડે છે.ને તે ગંડવા તો માસ, બે માસ, છ માસ રહે ને કોઈકને તો આવરદા પર્યંત રહે છે. ને તે તો લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, માન ઈત્યાદિક સંબંધી હોય છે. તેને જ્ઞાનવાન ઓળખે છે ને બીજાને તો ન જ ઓળખાય. તે ઉપર વિવેકસારની[1] વાર્તા કહી દેખાડી ને બોલ્યા જે શ્રીજી મહારાજ પણ કહેતા જે, 'આવાનો સંગ ગમે છે ને આવી રુચિ છે'.[2] એમ બહુ વાર્તા કરી. ૧૫૦

અને જ્ઞાની ભક્ત હોય તે તો અતિ શ્રેષ્ઠ હોય ને તેનાં વચન પણ ધર્મજ્ઞાનાદિકે કરીને યુક્ત હોય માટે બળવાન બહુ હોય. તેનાં વચનને વિષે વિશ્વાસપૂર્વક ત્વરાવાન થઈને મુમુક્ષુ જો શ્રવણ કરે તો સત્ અસત્ની વિક્તિ તથા બહુ બુદ્ધિવાન ને અલ્પ બુદ્ધિવાન હરિભક્તની વિક્તિ જણાઈ આવે છે. ને શ્રવણ મનનાદિકે કરીને જ્યારે જ્ઞાનાંશ પક્વતાને પામે છે ત્યારે સર્વ વક્તાનાં વચન પ્રમાણ થઈ આવે છે. માટે ગમે તેવો પંડિત હોય ને ગમે તેવો ડાહ્યો હોય ને ગમે તેવો મોટેરો હોય ને ગમે તેવો વાચાળ હોય તે સર્વેની પરીક્ષા આવી જાય છે. જે આ બહુ બુદ્ધિવાન ભક્ત છે ને આ નથી. માટે મુમુક્ષુને સંગ, સોબત, વાતચીત ઈત્યાદિક સર્વે સત્પુરુષનું જ ગમે છે. ને એમનાં વચનને વિષે જે બળ છે, ત્યાં દૃષ્ટાંત જે શ્રીજી મહારાજની મરજી પ્રમાણે વર્તતા ને ધર્મવાળા ને ગરીબ એવા જે સપ્તઋષિ તેનાં વચનનો ઉપરિચરવસુએ જો અનાદર કર્યો તો વિમાનમાંથી પૃથ્વી ઉપર પડી ગયો. ને

૧. પ્રેમાનંદસ્વામીએ પોતે બનાવેલા **વિવેકસાર** નામના ગ્રંથમાં ઘણા પ્રકારનો વિવેક બતાવ્યો છે, તેની વાર્તા કરી.

૨. **-વચ. લોયા. ૧૪.**

વળી પાતાળમાં પણ પેસી ગયો. ઈન્દ્રે જો એમનું અપમાન કર્યું તો ધાનને ને દાંતને હજારું વરસ સુધી વેર રહ્યું. એવું મહત્પુરુષનાં વચનમાં બળ છે. અને શ્રીરામચંદ્રજીએ પરશુરામને રાંક બ્રાહ્મણ કરી મૂક્યા. એમ મોટાના સંકલ્પમાં પણ અપાર બળ રહ્યું છે. એમ કહી હરજી ઠક્કરને[૧] દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી. ૧૫૧

અને ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગ કરે છે પણ ઉપરછલો કરે છે ને જીવમાં પ્રવેશ કરાવતા આવડતો નથી ને સત્પુરુષ પાસેથી એવી યુક્તિ પણ શીખતા નથી. તે ઉપરછલો સત્સંગ કેમ જાણવો ? તો બાહ્ય દૃષ્ટિએ કરીને શ્રીજી મહારાજની નવધા ભક્તિ કરે છે પણ હાણ વૃદ્ધિની અંતરમાં તપાસ કરતા નથી, એને ઉપરછલો સત્સંગ જાણવો. તેની વિગતિ જે કોઈકને પ્રાકૃત તથા સંસ્કૃત ગ્રંથ ભણવાને વિષે તથા લખવાને વિષે લગની છે ને કોઈકને તો ગાન વિદ્યાદિકને વિષે લગની છે ને કોઈકને તો ગૃહસ્થને કથાવાર્તા કીર્તન સંભળાવવાને વિષે લગની છે ને કોઈકને તો ગૃહસ્થ હરિભક્ત સાથે ભાઈબંધાઈ રૂપ સુવાણને વિષે લગની છે તથા કોઈકને ધર્મશાળાઓ તથા ફુલવાડી તથા કુવા, વાવ તથા ખેતી કરાવ્યાને વિષે લગની છે. ત્યારે એ સર્વે ભક્તિ તો ખરી પણ ઉપરછલી કહેવાય છે. કહેતા દેહરૂપ થઈને અહંમમત્વ સોતા કરાય છે. માટે સત્પુરુષને સંગે કરીને ધર્મજ્ઞાનાદિક જીવને વિષે પ્રવેશ કરાવીને સાધુ થાતાં આવડતું નથી ને **સાધુ તો, તો થવાય જો મનગમતા વિષયની પ્રાપ્તિયે કરીને મન ટાઢું ન થાય અને અપ્રાપ્તિયે કરીને ઉનું ન થાય**[૨] એ વાર્તા શ્રીજીએ વચનામૃતમાં પણ કહી છે જે 'દેહરૂપ થઈને રૂપ કુરૂપને તથા બાળજોબન આદિક અનંત પદાર્થને જુએ છે ને શ્રોત્ર, ત્વક્, રસના, ઘ્રાણે કરીને પણ વિષયસુખને ભોગવે છે ને જાણે છે પણ પોતે પોતાના સુખને ભોગવતો

૧. તળાજા ગામના હરજી ઠક્કર જ્યારે ગઢપુરમાં રહેવા આવ્યા ત્યારે નિર્ધન હતા, પછીથી શ્રીહરિના પ્રતાપથી શ્રેષ્ઠ ધનવાન થયા, શ્રીહરિ તથા મહાન સંતોના સંકલ્પમાં એવું બળ રહેલું છે કે જેથી ભાગ્યરેખાનો ઉદય થાય છે.

૨. **વચ. ગ. મ. ૨૩.**





નથી ને પોતે પોતાના રૂપને જાણતો પણ નથી એજ સર્વે અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે ને એજ ઘેલામાં અતિશે ઘેલો છે ને એજ મૂરખમાં અતિશે મૂરખ છે ને એજ સર્વે નીચમાં અતિશે નીચ[૧] છે,' જે અંતર સન્મુખ દૃષ્ટિ કરીને પોતાના રૂપને જોતો નથી ને સત્સંગનો જીવમાં પ્રવેશ કરાવતો નથી. ૧૫૨

અને વળી 'મળમૂત્રના ભર્યા થકા પૂજા ન કરવી ને નાહી ધોઈને પૂજા કરવી.' એમ શ્રીજી મહારાજે વચનામૃતમાં[૨] કહ્યું છે માટે આત્મસત્તારૂપે થઈને લોભ, કામ, રસાસ્વાદ, માન, ક્રોધ, ઈર્ષ્યા, કપટ, હિંસા, મત્સર ઈત્યાદિક જે અધર્મસર્ગ તેને કાઢીને ધર્મસર્ગ જે જ્ઞાન, વૈરાગ્ય, શમ દમાદિક ગુણ તેને જીવને વિષે પ્રવેશ કરાવવાને અર્થે વારંવાર તપાસ કર્યા કરવો જે મારે વિષે સાધુના ગુણ કેટલા આવ્યા છે ને કેટલા આવ્યા નથી. ને શ્રીજીનો કેટલો વિશ્વાસ છે ને નૈષ્ઠિક ને અહિંસાધર્મ ને જ્ઞાન વૈરાગ્ય ને શ્રીજીનું મહાત્મ્યે સહિત જ્ઞાન ને સત્પુરુષનો મહિમા કેટલો આવ્યો છે ને કેટલો નથી આવ્યો?' એમ તપાસ કરીને પાયો પાકો કરવો. કહેતાં અસદ્ભાવને અંતરમાંથી કાઢીને જીવને વિષે સત્સંગનો વેગ લગાડી દેવો. એમ નિરંતર વિચાર કર્યા કરવો ને એમાં વૈરાગ્ય પામવો નહિ. એવી રીતે તપાસ કર્યા કરવો ને એમ તપાસીને જો ન વર્તે ને ઉપરછલો વર્ત્યા કરે ને તેને કોઈક કારસો આવે તો સત્સંગને વિષે પગ ટકે નહિ. ને એમ કહે જે 'આણે કારસો કર્યો' પણ પોતાની ભૂલ તો જુવે જ નહિ. ૧૫૩

અને 'સર્વે વર્ણને વિષે ધર્મ કેમ રહ્યો છે ?' એ પ્રશ્નનો ઉત્તર જે કોઈકને વિષે તો અર્થને લઈને ધર્મ રહ્યો છે ને કોઈકને વિષે તો કામને લઈને ધર્મ રહ્યો છે ને કોઈકને વિષે કપટે કરીને ધર્મ રહ્યો છે. ઈત્યાદિક ઘણે પ્રકારે કરીને ધર્મ રહ્યો છે પણ કેવળ મોક્ષને અર્થે નથી જણાતો. ત્યારે કોઈકે પૂછ્યું જે 'ત્યાગીને હશે ?' ત્યારે સ્વામી કહે એમાં પણ નાત્યને લઈને તથા પ્રબંધે કરીને રહ્યો છે. ત્યારે ફરી પૂછ્યું જે 'તે મોક્ષને અર્થે કેમ થાય ?' ત્યારે સ્વામી કહે સત્પુરુષને

૧. **વચ. ગ. પ્ર. ૨૦.**

૨. **વચ. અમ. ૨.**

ઓળખીને તેમનો સંગ મન કર્મ વચને કરીને કરે ને તેમના હાથ તળે રહ્યો થકો વર્ત્યા કરે તો મોક્ષને અર્થે થાય છે. ને એમ ન વર્તે તો ધર્મ અર્થ ને કામ પર થઈ જાય છે, એમ કહીને અર્જુનના શૂરવીરપણાની વાત સાથે બીજા પણ શૂરવીરોની[1] વાત કરી. ૧૫૪

અને 'નિશ્ચયનું શું લક્ષણ છે ?' એ પ્રશ્નનો ઉત્તર બીજાએ કહ્યો જે 'ઓળખવું કે જ્ઞાન એને કહેતા હશે' ત્યારે એકે કહ્યું જે 'નિશ્ચયનું તો કાંઈ ઠેકાણું નથી, કેમ જે પ્રથમ તો અતિશે જાણતો હોય ને પછી કાંઈએ રહે નહિ'. ત્યારે સ્વામી બોલ્યા જે એવાને તો પ્રથમથી જ નહિ હોય ને કોઈકને લગાર ઈંદ્રિયોમાં કે અંતઃકરણમાં હશે તે કાંઈક અસમર્થ ચરિત્ર જણાઈ આવે તેણે કરીને ટળી જાય છે. ૧૫૫

અને 'સર્વે ક્રિયાને કરતા થકા અકર્તા કેમ સમજવા ?' એ પ્રશ્નનો ઉત્તર જે :- **रामो न गच्छति न तिष्ठति** એમ અકર્તા શ્રીજી મહારાજ નથી. એતો અક્ષરધામને વિષે જેવા અલૌકિક ઐશ્વર્ય, પાર્ષદ ને સામર્થી સોતા બિરાજે છે તેવા ને તેવા જ મનુષ્યભાવને વિષે પણ વર્તે છે ને એવા થકા અક્ષરથી પર છે ને સર્વના નિયંતા છે ને સર્વના પ્રકાશક છે ને સર્વના કર્તા છે એવા જે મહારાજ તેની જે સર્વે ક્રિયા છે તે જીવના કલ્યાણને અર્થે છે ને જ્ઞાનાકાર છે પણ પોતાના સુખને અર્થે નથી માટે અકર્તા છે. જેમ કોઈકે સો મનુષ્ય મારી નાખ્યા હોય

૧. અર્જુન એવો શૂરવીર અને નિશાનબાજ હતો કે તેણે છોડેલું બાણ ક્યારેય નિષ્ફળ જતું ન હતું. અન્ય યોદ્ધાઓને પણ અર્જુનનું નામ સાંભળતાં જ શૂરાતન ચઢી જાય છે.
એક ગામમાં વધારે પ્રમાણમાં શૂરવીર લોકો જ રહેતા હતા, ધીરે ધીરે તેમના મરણ બાદ એક જ વૃદ્ધ શૂરવીર બાકી રહ્યા હતા. બહારના ડાકુ લોકો આ ગામથી ડરતા હતા. તેમ છતાં તેઓ આ ગામમાં લૂંટ ચલાવવાનો વિચાર કરવા લાગ્યા, નિશ્ચય કરીને ડાકુ લોકોએ તે ગામને લુંટવાનું શરૂ કરી દીધું, ત્યારે પેલા વૃદ્ધ શૂરવીરને શૂરાતન ચઢ્યું અને પોતે એકલા મારવા કે મરી જવા માટે તલવાર, ઢાલ, ધનુષ, બંદૂક લઈને ડાકુઓ સાથે લડાઈ કરવા લાગ્યા. તે જોઈને ગામના કમજોર લોકોને પણ શૂરાતન ચઢ્યું, તેઓ શસ્ત્ર લઈ લઈને ડાકુઓની સાથે લડવા લાગ્યા. ડાકુઓ તેમનો મોટો સમુદાય જોઈને બીક પામીને ભાગી ગયા. આ સાથે શ્રીજીના પાર્ષદ ભગુજી, વગેરે ભક્તોની પણ શૂરવીરતાની વાતો કરી.





અને બીજા સોને મારવાને અર્થે સોમલખાર નખાવીને લાડવાનું જમણ કરાવતો હોય ત્યારે એ તે મારે છે કે જમાડે છે ? એ તો મારે જ છે ને વળી જેમ કોઈક કામ્યયજ્ઞ કરે છે ને તેમાં દેવને આરાધે છે ત્યારે એતે દેવને અર્થે કરે છે કે સ્વર્ગસુખને અર્થે કરે છે ? એતો સ્વર્ગસુખને અર્થે જ કરે છે. તેમ પરમેશ્વર જે તે ઉંચ નીચ, યોગ્ય અયોગ્ય જે જે ક્રિયા કરે છે તે સર્વે જીવના કલ્યાણને અર્થે જ કરે છે પણ પોતાના સ્વાર્થને અર્થે લેશમાત્ર કરતા નથી. માટે એ સર્વે ક્રિયાને કરતા થકા અકર્તા જ છે. એમ અજ્ઞાની જીવ નથી સમજતા ને પોતા જેવા જાણીને લોભ કામાદિક ભાવ ઈશ્વરને વિષે કલ્પે છે. અને જે શાસ્ત્રને વિષે એના કલ્યાણને અર્થે નિયમ કહ્યા છે તેને પણ ખોટા કલ્પે છે ને દ્વેષ કરે છે માટે અસુરભાવને પામી જાય છે ને એના કલ્યાણને અર્થે પણ થાતાં નથી. ને એમનાં ચરિત્ર સર્વે દિવ્ય છે ને કલ્યાણૈકતાન છે. તે કોઈકનું પદાર્થ લઈને કોઈકને દઈ દે ને કોઈકની વહુ, દીકરી કોઈકને દઈ દે ને કોઈકની બહેન, સ્ત્રી કોઈકને દઈ દે, એવાં અનંત પ્રકારનાં જે ચરિત્ર તેને દિવ્ય સમજે ને એમ જાણે જે 'એનું કલ્યાણ તો એમ કર્યે જ થાતું હશે' એમ અલૌકિકપણું સમજે ને એમ પણ જાણે જે **મહારાજને તો કોઈ પદાર્થ જોતું નથી ને જે ગ્રહણ કરે છે તે તો જીવના કલ્યાણને અર્થે કેવળ દયાએ કરીને જ કરે છે.** ને પોતે તો અન્નજળ વિના વાયુ ભક્ષણ કરીને પણ રહેતા. માટે સર્વે ક્રિયાને કરતા થકા પણ **ભગવાન અકર્તા છે ને તેની સર્વે ક્રિયા કલ્યાણરૂપ છે ને દિવ્ય છે.** ત્યાં શ્લોક છે જે :-

जन्म[1] कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥ गीता ४-९
न[2] मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बध्यते ॥ १५६

૧. **અર્થ :–** હે અર્જુન ! મારાં જન્મ ને કર્મ તે દિવ્ય છે. તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મને નથી પામતો (પણ) મને જ પામે છે. (વચ. ગ. મ. ૧૦ અને વર. ૧૮)

૨. **અર્થ :–** મને કર્મો લેપ-આવરણ કરી શકતાં નથી તેમ જ મને કર્મફળમાં સ્પૃહા નથી; એમ મને જાણે છે. તે પણ કર્મોથી બંધાતો નથી. (ગીતા ૪-૧૪)

અને જીવાત્માને મનન દ્વારાએ કરીને અક્ષરના સાધર્મ્યપણાને પમાડ્યો હોય ને સત્તારૂપે વર્તતો હોય ને જગતની સર્વે ક્રિયાને સ્વપ્ન તુલ્ય ને નાશવંત ને કાખના મુવાળા જેવી અતિ તુચ્છ સમજતો હોય ને તેને શ્રીહરિજી મહારાજ કહે જે ‘જગતના સર્વે વૈભવ અસત્ય છે ને અતિશે દુઃખરૂપ છે ને અસાર છે’ તો એ વચન યથાર્થપણે સત્ય મનાય જાય છે. ને એવો જ્ઞાની ભક્ત તો જીવાત્માને પણ નિર્દોષ ને અકર્તા માને છે ને શ્રીહરિજીને અલૌકિક ને અકર્તા સમ્યક્ પ્રકારે સમજીને જે ભજનસ્મરણ કરે છે તેને પણ કર્મફળ વળગતું નથી. અર્જુન યથાર્થ મહિમા ને અકર્તાપણું ઈશ્વરમાં સમજીને ને પોતાને આત્મસત્તારૂપે માનીને અકર્તાપણે વર્ત્યા તો કર્મ વળગ્યું જ નહિ. ત્યાં શ્લોક છે જે :—

न[1] कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ गीता ५-१४
यस्य[2] नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमांल्लोकान्न हन्ति न निबध्यते ॥ गीता १८-१७
नैव[3] किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यञ्शृण्वन्स्पृशंजीघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन् ॥
प्रलपन्विसृजन्गृहणन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥ गीता ५-८/९

---

૧. **અર્થ :—** જીતેન્દ્રિય સમર્થ યોગી પુરુષ લોકનું કર્તૃત્વ અને કર્મને નથી સર્જતો, તેમજ કર્મફળના સંયોગને પણ નથી સર્જતો, પરંતુ સ્વભાવ જે પ્રકૃતિ તેનાથી જ આ બધું પ્રવર્તે છે.

૨. **અર્થ :—** કર્મોમાં જેને ‘હું કર્તા છું.’ એવો અહંકારનો ભાવ નથી, ને (ફળની લાલસાથી) જેની બુદ્ધિ લેપાતી નથી, તે આ બધા લોકોને મારી નાખે તો પણ તે મારતોય નથી ને બંધાતોય નથી.

૩. **અર્થ :—** કર્મયોગી તત્ત્વવેત્તા પુરુષે હું કાંઈ કરતો જ નથી, એમ માનવું અને પોતે જોતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સૂંઘતાં, ખાતાં, ચાલતાં, ઉંઘતા, શ્વાસ લેતા અને મુકતાં, બોલતાં, મળમૂત્રાદિકનો ઉત્સર્ગ કરતાં, ગ્રહણ કરતાં, નેત્ર ઉઘાડતાં અને મીંચતા પણ, ઈંદ્રિયો પોતપોતાના વિષયોમાં આપો-આપજ પ્રવર્તે છે એમ ધારીને અસંગપણે રહેવું.





એવી રીતે જ્ઞાની ભક્તનું વર્તન કહ્યું. ત્યારે પરમેશ્વરનું તો તે કરતાં પણ અતિશે અકર્તાપણે કરીને વર્તન સર્વે શ્રુતિ સ્મૃતિને વિષે કહ્યું છે, માટે કર્તા, અકર્તા અને અન્યથાકર્તા પરમેશ્વર છે. ૧૫૭

અને ‘ઘરમાં રહેતા હોઈએ ત્યારે બહુ મહિમા જણાય છે ને ભેગા રહ્યે નથી જણાતો તે કેમ ?’ એ પ્રશ્નનો ઉત્તર જે એક તો ત્યાગીને વિષે રહ્યા ને વેશે કરીને સરખા થયા ને વળી ભેગા રહ્યે કરીને જેવું જેનું વર્તન હોય તે જણાઈ આવે છે માટે ભાર રહેતો નથી. ને જે મોટા પુરુષ હોય તેતો શિક્ષાપત્રી, ધર્મામૃત ને નિષ્કામશુદ્ધિ પ્રમાણે વર્તે છે ને બીજાને પણ એમ વર્તવાની વાર્તા કરે છે તેનો તો મહિમા સહેજે જ રહે છે, **ને જે સત્ અસત્‌ને ઓળખતો હોય તેને તો ગડબડીયાનો ભાર રહે નહિ.** ૧૫૮

અને સુતાર ખીમાભક્તે શ્રીજી મહારાજની લીલાની વાત બહુ કરી તે સાંભળીને સ્વામી કહે જે મહારાજે તો સુખ દીધામાં કોઈ રીતે ખામી રાખી નથી પણ આપણે મહિમા સમજતા નથી ને કેવળ ખોટજ ખાઈએ છીએ. ત્યારે તે ભક્તે કહ્યું જે ‘મહિમા સમજે ત્યારે કેમ વરતાય ?’ ત્યારે સ્વામી બોલ્યા જે ત્યારે તો કેવળ શ્રીજી મહારાજ સામું જોઈ રહેવાય. ત્યારે કોઈક સંતે કહ્યું જે ‘જોવે કરીને બહુ સુખ જણાતું હશે ?’ ત્યારે સ્વામીએ કહ્યું જે જોયામાં તો બહુ સુખ રહ્યું છે. કેમ જે, એ સુખની પ્રાપ્તિને અર્થે તો મોટા મોટા જે તે અહંમમત્ત્વને મૂકી દીએ છે ને તેને મૂકવાનો ઉપાય તો કર્મયોગ, જ્ઞાનયોગ ને ભક્તિયોગ છે. તે વાર્તા વિસ્તાર કરીને કહ્યું જે જ્ઞાનયોગ જેને પક્વ હોય તેને એમ વર્તે છે જે :-

न कर्तृत्वं[1] न कर्माणि लोकस्य सृजति प्रभुः । तथा
कर्मण्यकर्म[2] यः पश्येदकर्मणि च कर्म यः ॥ १५९.

---

૧. **ગીતા ૫-૧૪** (જુઓ વાત નં. ૧૫૭ ની ટીપ્પણી નં.૧ પેઈજ નં-૮૮)

૨. કર્મમાં અકર્મ જે જુએ છે અને અકર્મમાં કર્મ જે જુએ છે. **ગીતા ૪-૧૮** **(વચ.ગ.મ. ૧૧)**

અને માવે ભક્તે પૂછ્યું જે 'રામચંદ્ર ભગવાન જ્યારે સીતાને લાવવા સારુ લંકામાં ગયા હતા ત્યારે ત્યાં રાવણે નાગપાશે કરીને રામચંદ્રજીને બાંધ્યા. પછી ગરુડજી આવ્યા ત્યારે સર્વે નાગ જે તે રામચંદ્રજીનો ત્યાગ કરીને ભાગી ગયા. તે જોઈ ગરુડજીને સંશય કેમ થયો ?' ત્યારે સ્વામી કહે એ ગરુડજી તો ભગવાનના પાર્ષદ છે તોપણ એમણે ભગવાનના દિવ્યભાવને ને મનુષ્યભાવને નક્કી સમજીને દૃઢ ઠેરાવ કર્યો નહોતો માટે એમને સંશય થયો. ત્યારે તે ભક્તે કહ્યું જે 'એ બેય ભાવનો દૃઢ ઠેરાવ કેમ કરવો ?' ત્યારે સ્વામીએ કહ્યું જે મનુષ્યભાવ છે તેને તો આપણે સર્વે દેખીએ છીએ તેને વિષે દિવ્યભાવ સમજવો જે એ મનુષ્યરૂપ મૂર્તિને વિષે કેટલાકને તો પ્રકાશ જણાય છે ને કેટલાકને તો એમ જણાય છે જે મહારાજ કાઠીના સ્વાર સોતા હરિભક્તોને તેડવા આવે છે ને એમને દિવ્યરૂપ કરી દીધા,ને કોઈક ભક્તને વિષે તો ચોવીશ અવતારને લીન કરાવી દીયે છે. ને કોઈક ભક્ત ઈચ્છે જે ચોવીશ અવતાર કેવા હશે ? તો તત્કાળ તેને એમનાં દર્શન કરાવે છે. ને જે અવતાર છે તેતો પોતાના જે દૃઢ ભક્ત હોય તેને પણ અક્ષરધામનાં દર્શન ક્યારેક કરાવે છે ને અવતારી જે શ્રીજી મહારાજ તેતો જેવા તેવા હજારું પ્રાકૃત મનુષ્યને અક્ષરધામનાં દર્શન વારંવાર કરાવે છે ને અંતકાળે પોતાના ભક્તને તેડવા આવે છે ને વળી યવન, જૈનાદિકને પણ એમના ઈષ્ટદેવનાં દર્શન કરાવે છે. ને તે દેવ જેતે પોતપોતાના સેવકને વાત કરે છે જે 'પરમેશ્વર તો આ સ્વામિનારાયણ છે ને અમે સર્વે તો એમના સેવક છીએ, એવી રીતે અનેક પ્રકારની વાર્તા કરીને શ્રીજી મહારાજનો નિશ્ચય કરાવીને સત્સંગ કરાવી દીએ છે. એવી રીતે અનેક પ્રકારની અલૌકિક ને દિવ્ય સામર્થી સત્સંગને વિષે જોઈને મનુષ્યભાવ ને દિવ્યભાવ તે એકજ છે એવી રીતે ઠેરાવ અતિશે નિશ્ચળ કરવો. ૧૬૦

અને સ્વામીએ વાત કરી જે નામને તો સ્વરૂપ, ગુણ ને ચરિત્રનો સંબંધ રહે છે ત્યારે પૂછ્યું જે, સ્વરૂપ, ગુણ ને ચરિત્રમાં શો ફેર છે ? ત્યારે સ્વામી કહે જે [1]પુંડરિકાક્ષ, પુંડરિકવદન[2] નિષ્કલંક, ચંદનાર્ચિત આદિક સ્વરૂપ નિર્ણય

૧. પુંડરિક = કમળ, જેમના નેત્રો કમળ સમાન છે તેવા.

૨. જેમનું મુખારવિંદ કમળ સમાન છે.





છે ને અતિ દયાળુ, અતિ કૃપાળુ, અતિ વત્સલ ઈત્યાદિક ગુણનિર્ણય છે. ને ચરિત્ર તો જે નાના પ્રકારની ક્રિયા કરવી તે છે. ૧૬૧

અને 'જીવને શાસ્ત્રને વિષે શુદ્ધ કહ્યા છે તેને વિષે કર્મ તથા માયા કેમ સમજવી ?' તેનો ઉત્તર જે, જીવતો અનાદિના જ માયાત્મક છે માટે કર્મ તથા માયા તે ભિન્ન ન કહેવાય. તે કઈ માયા ? તો જે જીવને વિષે ઈચ્છારૂપે રહી છે તે, જેમ બીજને વિષે અંકુર છે તેમ અવ્યક્તપણે રહી છે માટે કર્મ તથા માયા જુદાં છે ને અનાદિથી ભેગાં પણ છે. ને **સત્શાસ્ત્રને વિષે જે જીવને શુદ્ધ કહ્યા છે તેવા તો મહત્પુરુષની સેવાયે કરીને થાય છે.** તે વાત મુક્તના ભેદના વચનામૃતને[1] વિષે શ્રીજી મહારાજે કહી છે. ૧૬૨

અને 'જીવ, માયા અને પરમેશ્વર એ ત્રણેય અનાદિ છે, તેમને મધ્યે પુરુષોત્તમને સર્વકારણપણું ને સર્વકર્તાપણું કેમ છે ?' ત્યારે સ્વામી બોલ્યા જે પુરુષોત્તમ તો માયાને તથા જીવને સૂક્ષ્મ ભાવને પમાડી દીએ છે અને એને વિષે જે ક્રિયા કરવાનું સામર્થ્ય તથા પ્રકાશપણું ઈત્યાદિક અનેક પ્રકારની સામર્થી રહી છે તેતો પુરુષોત્તમની આપેલ છે માટે શ્રીહરિજીને વિષે સર્વનું કર્તાપણું સર્વનું નિયંતાપણું ને સર્વનું કારણપણું કહેવાય છે. ૧૬૩

અને-विद्याविद्ये[2] मम तनू विद्ध्युद्धव शरीरिणाम् ।
बन्धमोक्षकरी आद्ये मायया मे विनिर्मिते ॥

એ શ્લોકને વિષે વિદ્યા ને અવિદ્યા એ બેયે કરીને બંધ મોક્ષ કહ્યા છે.' તે વિદ્યા ને અવિદ્યા તે શું ?' ત્યારે સ્વામી બોલ્યા જે વિદ્યા જે ધર્મને વિષે વર્તવું, જ્ઞાન શીખવું, વૈરાગ્ય શીખવો ને શ્રીજી મહારાજનો ને મોટા સંતનો મહિમા શીખવો ને નવ પ્રકારની ભક્તિ કરવા શીખવી અને શમદમાદિક સાધન શીખવાં ઈત્યાદિક સર્વે વિદ્યાશક્તિ કહેવાય છે. ને પંચવિષયને વિષે રાગ રાખવો ને

૧. **વચ. સા. ૧૭.**

૨. અર્થ :– હે ઉદ્ધવ ! વિદ્યા અને અવિદ્યા તે મારા શરીર ભૂત છે અને મારી માયા (સંકલ્પ)થી નિર્માણ થયેલી ને આદિભૂત છે તે વિદ્યા અને અવિદ્યા શરીરીઓને બંધન અને મોક્ષ કરનારી છે. વિદ્યાશક્તિ મોક્ષ કરનારી છે અને અવિદ્યાશક્તિ બંધન કરનારી છે. **–ભાગ. ૧૧-૧૧-૩ (વચનામૃત લોયા ૧૦)**

દેહાભિમાન સોતા વર્તવું ઈત્યાદિક સર્વે અવિદ્યાશક્તિ કહેવાય છે. અને અવિદ્યાને વિષે જે વિદ્યા જણાય છે તે પણ અવિદ્યાજ છે. ને તે અવિદ્યા પણ બે પ્રકારની છે તે અજ્ઞાની જીવમાત્રને વિષે ને ઐશ્વર્યાર્થીને વિષે રહી છે. ને તે અજ્ઞાનીમાં જે વિદ્યા જણાય છે તે શું ? તો યજ્ઞ, દાન, પુણ્ય, વેદાધ્યયન, તીર્થ વ્રતાદિક જે જે શુભ ક્રિયા કરે છે તે સર્વે ફળ પામવાની ઈચ્છાએ સહિત કરે છે માટે એ વિદ્યા પણ અવિદ્યા જ છે, ને જે ઐશ્વર્યાર્થી છે તેને વિષે જે વિદ્યા જણાય છે તે પણ અવિદ્યા જ છે કેમ જે એ સકામ ભક્ત છે માટે, ને તે ઐશ્વર્યાર્થી તો સનકાદિકથી લઈને પ્રધાનપુરુષ પર્યન્ત કહેવાય છે. માટે જે ભક્તની ઈંદ્રિયોની વૃત્તિયું આત્મા કે પરમાત્માને સન્મુખ વર્તે છે ને વિષયને વિષે દોષના ધ્યાને યુક્ત વર્તે છે તે ભક્ત જે તે વિદ્યાશક્તિએ યુક્ત કહેવાય છે. ને જે ભક્તની ઈંદ્રિયોની વૃત્તિઓ બાહેર વર્તે છે ને વિષયને વિષે ગુણના ધ્યાને યુક્ત વર્તે છે તે ભક્ત જે તે અવિદ્યા શક્તિએ યુક્ત કહેવાય છે ને જે હરિભક્ત એમ નથી સમજતા ને નિશ્ચયનું કે મહિમાનું બળ લઈને સ્વભાવને ટાળતા નથી. ને જે હરિભક્ત શ્રીજી મહારાજની કે સત્પુરુષની બીક રાખીને, ને ભગવાનને અંતર્યામી જાણીને પ્રકૃતિને ટાળે છે એ બેયને સરવાળે બહુ ફેર પડે છે ને હમણા તો સરખા જણાય છે, જેમ બે નાવ સમુદ્રમાં જાતાં હોય તેમાં સુકાનને લગાર લગાર મરડ્યા કરે તો આગળ જાતાં સો બસો ગાઉનો ફેર પડી જાય છે. તેમ જે સ્વભાવ ટાળતો હોય ને ટાળતો ન હોય તેમાં પણ એમ ફેર પડે છે. ને કેવળ વિદ્યાશક્તિયે યુક્તતો શ્વેતદ્વીપના મુક્ત તથા બદરિકાશ્રમના મુક્ત વર્તે છે. ને તે કર્તા, કર્મ ને ફળના સંગને વિષે આસક્તિયે રહિત વર્તે છે. અને જો કદાચિત્ દેશકાળાદિકના વિષમપણાયે કરીને એ મુક્તોને પણ પંચવિષયને વિષે સન્મુખપણું ને ગુણનું ધ્યાન થઈ જાય તો તેને પણ વિદ્યાને વિષે અવિદ્યા કહેવાય ને **જે અક્ષરધામના મુક્ત છે તેતો ગુણાતીત વર્તે છે માટે એ નિર્ગુણ કહેવાય છે.** ને જે આ વાર્તાને શ્રવણ, મનન અને નિદિધ્યાસ તેણે કરીને યથાર્થ સમજ્યો હોય ને તે જો થોડાક દિવસનો હરિભક્ત હોય તોપણ તે સંગ કુસંગને ઓળખે છે ને તેમાં લેવાતો નથી. ૧૬૪





અને 'કેમ સમજે તો નિરાકારની વાત શંકરાચાર્ય જેવા કરે તોપણ તેનો ગંધ અંતઃકરણને વિષે પેસેજ નહિ ?' ત્યારે સ્વામી કહે તે એમ સમજે તો એ વાતનો ગંધ અડેજ નહિ જે, શ્રુતિ સ્મૃતિ સર્વેને વિષે પરમેશ્વર અને પરમેશ્વરના જે ગોલોક, વૈકુંઠ ને બ્રહ્મપુરાદિક દિવ્ય ધામ તથા નંદ સુનંદાદિક દિવ્ય પાર્ષદ તથા લક્ષ્મીજી, રાધિકાજી આદિક દિવ્ય શક્તિયું, એ સર્વે સાકાર કહ્યાં છે ને તે સાકારપણાના નિરૂપણ કરનારી હજારું શ્રુતિયું તથા સ્મૃતિયું છે જે :-

नित्यो नित्यानाम् चेतनश्चेतनानाम् ॥ स ऐक्षत ॥
सर्वे निमेषा जज्ञिरे विद्युतः पुरुषात् ॥
[1]यदा यदा हि धर्मस्य ॥
[2]जन्म कर्म च मे दिव्यम् ॥
[3]न मे पार्थास्ति कर्तव्यम् ॥

ઈત્યાદિક અનેક વચને કરીને સર્વેના સાકારપણાનો દૃઢ ઠરાવ કર્યો હોય ને **શુદ્ધ સંપ્રદાયે કરીને સત્પુરુષ પાસેથી અધ્યાત્મજ્ઞાન શ્રવણ કર્યું હોય તો નિરાકારપણાની પ્રતીતિ સ્વપ્નમાં પણ થાય નહિ.** ને અસત્ સંપ્રદાયના અસત્પુરુષ પાસેથી જ્ઞાન પામ્યો હોય તો નિરાકારપણાની પ્રતીતિ થાય છે માટે **સત્અસત્ વિવેકનું કારણ તો સત્અસત્ પુરુષ જ છે.** ૧૬૫

અને 'સત્પુરુષનો અવગુણ કેમ સમજે તો ન આવે ?' ત્યારે સ્વામી બોલ્યા જે જેને એમના ઠેરાવ સામી દૃષ્ટિ હોય તેને એમનો અવગુણ ન આવે. તે ઠેરાવની વિગત જે, મહત્પુરુષ હોય તેમનું વર્તન તો પરલોકને અર્થે હોય પણ દેહની આબરૂને અર્થે કે આંહીના સુખને અર્થે ન હોય ને એમના સંગી હોય તેમનું પણ પરલોકને

---

૧. આ સંપૂર્ણ શ્લોકનો **અર્થ** એવો છે કે હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરું છું. **–ગીતા ૪-૭.**

૨. આ શ્લોકનો **સંપૂર્ણ અર્થ** વાત નં. ૧૫૬ની ટિપ્પણી નં. ૧માં છે.

૩. આ સંપૂર્ણ શ્લોકનો **અર્થ** એવો છે કે– હે અર્જુન ! મારે ત્રણે લોકમાં કંઈ કરવાનું નથી કે નહિ મળેલું મેળવવાનું નથી; છતાં હું કર્મમાં વર્તું જ છું. **–ગીતા ૩-૨૨.**

વિષે સારું થાય એમજ ઈચ્છે છે ને એમજ તેને વર્તાવે છે ને આ લોકનાં જે સુખ છે તેતો ચાર પ્રકારના પ્રલયે કરીને નાશ થઈ જાય એવા છે ને દુઃખરૂપ ને સ્વપ્ન તુલ્ય છે એવી રીતે અનંત યુક્તિએ કરીને વાર્તા કરે છે. તે કહ્યું છે જે :- **संत एवास्य छिन्दन्ति मनोव्यासंगमुक्तिभिः** ॥ ૧૬૬

અને લોભ કામાદિકની ઈચ્છા અલ્પ જેવી જણાય છે પણ તે મુંબઈ, કાશી અને અરબસ્તાન ઈત્યાદિક અનેક દેશને વિષે લઈ જાય છે ને તે તે દેશને વિષે અતિ દુઃખ ભોગવાવે છે, પણ એ જીવ મૂર્ખ છે, અજ્ઞાની છે, ને સંસારમાં આસક્ત છે એટલે તેને એ દુઃખ જણાતું નથી પણ લોભાદિકની વાસના તો અતિ મોટી છે માટે તેને ટાળવાને અર્થે સત્પુરુષના સંગે કરીને ધર્મ જ્ઞાનાદિક ગુણને વિષે પાયો અતિ પાકો કરવો ને ધર્માદિકની પ્રાપ્તિને અર્થે શૂરવીર થઈને પુરુષપ્રયત્ન કરવો તે **'દેહં પાતયામિ વા અર્થં સાધયામિ'** એવી રીતે મંડે તો ટળે છે. એમ હિરણ્યકશિપુના દૃષ્ટાંતે કરીને વાત કરી. ૧૬૭

**અને ધર્મ જ્ઞાનાદિકની પક્વતાએ કરીને માયિક વિષયની ઇચ્છા ટળી જાય છે. તેણે કરીને એમને કચરો ને કંચન એ બેય સરખા જણાય છે,** કેમ જે એ બેયનું પ્રયોજન જ્ઞાની ભક્તને રહેતું નથી માટે તે સરખા જણાય છે ને જે **સુખદુઃખ છે તેતો જીવની સમજણમાંજ રહ્યાં છે.** કેમ જે આ વસ્તુ તો સુખદાયક છે ને આ વસ્તુ તો દુઃખદાયક છે એવી અંતરમાં જે સમજણની દૃઢ ગાંઠ પડી છે તેમાં સુખ દુઃખ રહ્યાં છે. તે જુઓને આ લોકમાં કોઈ પુરુષ પોતાના પુત્રને પરણાવવા જાય છે ત્યાં પોતાને 'મોચીના, ઘાંચીના, સઈ સુતારના એવી અનેક પ્રકારની ગાળ્યું દે છે પણ તે સાકર જેવી ગળી લાગે છે. ત્યારે એ સુખ દુઃખ તે સમજણમાં જ રહ્યાં છે. માટે અંતરમાં સત્‌અસત્‌તો વિવેક કરીને આ લોકનાં સુખ દુઃખને ખોટાં સમજે તો બહારથી પણ તે ખોટાં થઈ જાય છે. ૧૬૮

અને નૃસિહાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'આસ્તિક કેને કહીએ ?' ત્યારે સ્વામીએ કહ્યું જે જેને શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા તેમના અવતાર તથા તેમનાં





ધામ તથા તેમના એકાંતિક સાધુ તથા વેદાદિક સત્‌શાસ્ત્ર એ સર્વેના સત્યપણાનો વિશ્વાસ હોય તેને આસ્તિક મતિવાળો ભક્ત કહીએ. ૧૬૯

અને જગત્ આદ્યે નહોતું ને અંતે પણ નહિ રહે ને મધ્યે ઝાંઝવાના જળની પેઠે જણાય છે તે કહ્યું છે જે :—

[1]नयदिदमग्र आस ॥

तथा

[2]अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥ ૧૭૦

અને પૂછ્યું જે, 'સ્વભાવ કેમ ટળે ?' ત્યારે સ્વામી કહે ધર્માદિકને પુરુષપ્રયત્ને કરીને અતિ પક્વ કરે તો ટળે ને વળી જેમ વિષયને વિષે જીવને સહજ લગની છે ને વળી જેમ [3]**साध्वीचकोरशलभास्तिमि कालकंठ कोकानिजेष्ट विषयेषु यथैव लग्नाः** ॥ એ શ્લોકને વિષે પતિવ્રતા સ્ત્રી આદિક પાંચને પોતપોતાના વિષયમાં સહજ લગની કહી છે. તેમ શ્રીહરિજી મહારાજની મહાત્મ્યે સહિત જે નવ પ્રકારની ભક્તિ તેને વિષે લગની જોઈએ. ને વળી જેમ કાળમીંઢ પાણાને ખોદીને તેમાં નાના પ્રકારની રચના કરવી પડે તેમાં વાર બહુ

૧. વેદ સ્તુતિના આ આખા શ્લોકનો **અર્થ** એવો છે કે આ વિશ્વ ઉત્પત્તિ પૂર્વે નહોતું અને પ્રલય પછી નહિ રહે. એકરસ પરિપૂર્ણ એવા તમારા સ્વરૂપના જ્ઞાનથી તે અત્યંત મિથ્યા ભાસે છે માટે અમે તો દ્રવ્યના નાના પ્રકારના ભેદો જે રૂપિયા, સોનામહોર, પૈસા આદિકની પેઠે જગતને પ્રકૃતિના વિકાર રૂપ અને મનના મિથ્યા વિલાસ રૂપ માનીએ છીએ અજ્ઞાનીઓ તેને સત્ય માની બેસે છે. **—ભાગ. ૧૦-૮૭-૩૭.**

૨. **અર્થ :—** હે ભારત ! સર્વભૂત પ્રાણીમાત્ર આદિભાગમાં અવ્યક્ત રૂપે જ હોય છે, ફક્ત વચલી અવસ્થામાં વ્યક્ત થઈને આખરે પાછા અવ્યક્તમાંજ લય પામનારા છે, તો પછી તેમાં શો શોક કરવો ? **—ગીતા. ૨-૨૮.**

૩. **અર્થ :—** આ લોકમાં જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિરૂપી, ચકોરપક્ષી ચંદ્રમા રૂપી, પતંગિયું અગ્નિરૂપી, માછલું જળરૂપી, બપૈયો મેઘરૂપી, અને સારસ પક્ષી સારસીરૂપી પોતપોતાના ઈચ્છિત વિષયમાં આસક્ત રહે છે. તેમ. **—સ. જી. ૫-૬૬-૧૯.**

લાગે, તેમ સ્વભાવ ટાળવાને અર્થે પુરુષપ્રયત્ન કરવો પડે તેમાં ઉતાવળા થાવું નહિ. ને એવી રીતે પુરુષપ્રયત્ન કર્યા વિના તો સહજ પ્રકૃતિ ટળે નહિ. ને તે સહજ પ્રકૃતિ ટાળ્યાની યુક્તિ વચનામૃતમાં[1] મહારાજે કહી છે. તેને શીખીને તે પ્રમાણે વર્ત્યાનો આગ્રહ રાખવો. ૧૭૧

અને સત્વ, રજ ને તમ એ ત્રણે ગુણમાંથી જે ગુણ જીવને વિષે અજ્ઞાનકાળે સરસ વર્તતો હોય તે જ ગુણ સત્સંગને વિષે આવ્યા પછી પણ વૃદ્ધિને પામે છે. તે સારુ સત્પુરુષને સેવીને પુરુષપ્રયત્ને કરીને તે ગુણને કાઢે તોજ નિસરે નહિ તો ન નિસરે. ને ધર્મજ્ઞાનાદિક જે ગુણ અજ્ઞાનકાળે જીવમાં મુખ્યપણે હોય છે તેજ સત્સંગમાં આવ્યા પછી વૃદ્ધિને પામે છે માટે મોટા પુરુષને સેવીને જો એ ગુણને વધારે તો વૃદ્ધિને પામે અને સત્સંગ કર્યાનું એજ ફળ છે. ૧૭૨

અને સ્વામીએ વાત કરી જે અમે તો એકલી સાકર જ ખાઈએ છીએ ને જો તેમાં ધૂળ આવે છે તો તેને ઉલખ કરી નાખીએ છીએ. ત્યારે કહેશો જે એતે શું કહ્યું ? તો, એમ કહ્યું જે આત્મસત્તારૂપ થઈને જાણપણારૂપ દરવાજે ઉભા રહ્યા થકા પુરુષોત્તમ મહારાજના દર્શન કરીએ છીએ ને તેમાં જે લોભ કામાદિક પેસવા આવે તેનો નાશ કરી નાખીએ છીએ. એવી રીતે શ્રીજી મહારાજની ચાકરીમાં સાવધાન થકા ઉભા છીએ. ૧૭૩.

અને **લોભ કામાદિક જે અંતઃશત્રુ છે તેને આત્મસત્તારૂપ થઈને ટાળે તો શ્રીજી મહારાજનું ભજન સ્મરણ સુખે થાય ને તે શત્રુને ટાળવાને અર્થે** મોટા પુરુષની અનુવૃત્તિને વિષે વર્તવું. ૧૭૪

નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'પંચવિષયને કેમ ભોગવવા ?' ત્યારે સ્વામી બોલ્યા જે જેમ કોઈક વૈરી મોટો મનુષ્ય હોય ને તે પોતાને ઘેર મેમાન થાય તો તેને સાકરનાં સિધાં આપવાં પડે છે પણ અભાવ સોતાં આપે છે. એમ વિષય ભોગવવાને વિષે દેહને પ્રવર્તાવવું. ૧૭૫

અને રજોગુણી બુદ્ધિ મોક્ષ માર્ગને વિષે ચાલી શકે નહિ. ત્યાંતો સત્પુરુષની આપેલ બુદ્ધિ પુગે છે. તે કઈ બુદ્ધિ ? તો **સત્પુરુષનાં વચનને વિષે વિશ્વાસ રાખવો એજ મોક્ષ બુદ્ધિ છે.** ૧૭૬

---

૧. વચ. ગ. મ. ૩૭.





અને અયોગ્ય સંકલ્પને ટાળવાનો ઉપાય કહ્યો જે **શ્રીજી મહારાજનો મહિમા તથા આત્મનિષ્ઠા તથા વૈરાગ્ય તેનો વારંવાર અતિશે વિચાર કરવો ને તેનો અંતરમાં વેગ લગાડી દેવો** એટલા ઉપાયે કરીને એ અયોગ્ય સંકલ્પ ટળે છે. ૧૭૭

અને પંચવિષયની રુચિ અંતઃકરણમાં જ્યાં સુધી વર્તે છે ત્યાં પર્યંત ધર્મજ્ઞાનાદિક ગુણ અંતઃકરણમાં નિવાસ કરીને રહે નહિ, ને શ્રીજીનું પણ એમ જ જાણવું. જેમ જે કુવામાં મોટી શિલા નિસરે તેમાં કોશ બે કોશનાં જળ થાય નહિ. ૧૭૮

અને **ધર્મજ્ઞાનાદિક ગુણને વિષે જ્યાં સુધી રુચિ નથી ત્યાં સુધી તે પાકો સત્સંગી ન કહેવાય.** માટે સત્પુરુષને સંગે કરીને એ ગુણને વિષે પક્વ રુચિ કરવી. ૧૭૯

અને 'ઉત્તમ વિષય છે તે અતિ કનિષ્ઠ કેમ થઈ જાય ?' એ પ્રશ્નનો ઉત્તર જે એક તો શ્રીજી મહારાજનો મહિમા અતિશે સમજે ને આત્મનિષ્ઠા પણ અતિશે દૃઢ કરે તો જે ઉત્તમ વિષય હોય તે પણ ભગવાનના ભક્તને અતિશે કનિષ્ઠ થઈ જાય છે. ૧૮૦

અને પૂછ્યું જે, 'ઉત્તમ અને મધ્યમ ભક્તનું વર્તન કેવું હોય ?' ત્યારે સ્વામીએ કહ્યું જે ઉત્તમ ભક્ત તો જાગૃતને વિષે સુષુપ્તિની પેઠે વર્તે ને જે મધ્યમ ભક્ત છે તે તો જાગૃતને વિષે સ્વપ્નની પેઠે વિષયને ભોગવે છે. ૧૮૧

અને 'ત્રણ ગુણનો વેગ તથા વિષયનો વેગ કેમ ટળે ?' ત્યારે સ્વામી કહે શ્રીજી મહારાજના મહિમાને સારી પેઠે સમજીને જાણપણારૂપ થઈને ધીરે ધીરે ટાળે તો એ બેયનો વેગ ટળી જાય છે તે ઉપર હનુમાનજીના[1] દૃષ્ટાંતે કરીને વાત બહુ કરી. ૧૮૨

---

૧. સીતાજીની શોધમાં હનુમાનજી લંકા ગયા, ત્યારે તેમને કેટલીય સ્ત્રીઓને જોવી પડેલી, પણ જ્યારે તેમણે તપાસ કર્યો કે મને વિકાર થયો છે કે નહિ ત્યારે તેમને એમ જણાયું કે મેં તો રામચંદ્રજીની આજ્ઞાના અનુસંધાનથી તે સ્ત્રીઓને જોયેલી હોવાથી કોઈ પ્રકારનો વિકાર થયો ન હતો. (વચ. જે. ૨)

અને અન્ન ને વસ્ત્ર એ બે વિના ન ચાલે ને બીજા સર્વે વિના ચાલ્યું જાય છે માટે **શ્રીજી મહારાજ પ્રસન્ન થાય તે સારુ ધર્મજ્ઞાનાદિક ગુણને સિદ્ધ કરવાને અર્થે પ્રમાદ મેલીને પુરુષપ્રયત્ન કરવો** ને એ બે વાનાં તો પ્રારબ્ધ પ્રમાણે સહેજે જ મળી રહે છે તે સારુ દેહરૂપ થઈને શ્રીજી મહારાજને વિસારી દેવા નહિ. ૧૮૩

અને લીંબુ, વઘાર, પુસ્તક અને વસ્ત્રને દૃષ્ટાંતે કરીને અહંવૃત્તિની વાર્તા કરી જે જેમ લીંબુનો રસ લગારેક હોય છે તે જેમાં નાખે તે સર્વે વસ્તુમાં વ્યાપી જાય છે. તેમજ વઘારનું પણ જાણવું. અને વસ્ત્ર તથા પુસ્તકને જોઈને તેને ત્રાગે ત્રાગે ને પાને પાને વૃત્તિ થઈ જાય છે તેમ અહંવૃત્તિ પણ દેહને વિષે નખથી લઈને શિખા પર્યંત વ્યાપીને રહી છે. ૧૮૪

અને વિષયમાંથી પ્રીતિ કેમ ટળે ? એ પ્રશ્નનો ઉત્તર જે ચાર પ્રકારના પ્રલયની વાર્તાને સારી પેઠે સમજે તથા દેહાદિકને વિષે વૈરાગ્ય બુદ્ધિ સદાય રાખ્યા કરે અને શ્રીજી મહારાજનો મહિમા સમજે તો વિષયમાંથી પ્રીતિ ટળી જાય છે. ૧૮૫

અને ઉપશમે કરીને ઐશ્વર્ય જણાય છે તે જેમ જેમ ઉપશમમાં અતિશે રહેવા માંડે તેમ તેમ અધિક ઐશ્વર્ય દેખાતાં જાય છે તે પ્રથમ તો ઈંદ્રાદિકનાં ઐશ્વર્ય જણાય છે, તે પછી બ્રહ્માદિકનાં ને તે પછી વૈરાટ પુરુષનાં ને તે પછી પ્રધાન પુરુષનાં ને તે પછી મૂળપુરુષનાં ઐશ્વર્ય દેખાય છે, પણ એ ઐશ્વર્યને વિઘ્નરૂપ ને નાશવંત જાણીને અને શ્રીજી મહારાજનો મહિમા સમજીને ઉપશમમાં રહ્યો થકો ભજન કર્યા કરે તો એકાંતિક ભક્ત થાય છે. હવે તે ઉપશમ તે શું ? તો જે પોતાની ઈંદ્રિયુંની અને અંતઃકરણની વૃત્તિને ભગવાનના સ્વરૂપને વિષે અખંડ જોડી રાખવી પણ ક્યારેય પંચવિષયને વિષે તણાવા દેવી નહિ. એનું નામ ઉપશમ કહેવાય. ને શ્રીજી મહારાજને સંભારવા તે તો અલૌકિક ઐશ્વર્ય ને અલૌકિક મહિમા સોતા વારંવાર અતિશે સંભારવા ને અતિશે પ્રકાશમાય જોયા કરવા ને ત્રણ ગુણના તથા પંચવિષયના જે લેશ આવે





તેને ટાળીને જાણપણારૂપે વર્તવું એજ અક્ષરનો ભાવ કહેવાય છે, **ને આંટી, અભાવ ને ઉપશમ એ ત્રણેયે કરીને વૈરાગ્ય ઉપજે છે,** તેમાં ઉપશમે કરીને જે વૈરાગ્ય ઉપજે છે તે શ્રેષ્ઠ છે ને બીજા બે તો મધ્યમ તથા કનિષ્ઠ છે. ૧૮૬

અને 'માન કેમ ટળે ?' એ પ્રશ્નનો ઉત્તર જે માન ટાળવાનો તો એ ઉપાય છે જે સર્વે વસ્તુને વિષે દોષબુદ્ધિ રાખે ને સર્વે ક્રિયાને કાખના મુવાળા જેવી જાણે તથા જેમ ઠાલા કુવામાંથી પાણી સિંચે તેમાંથી કોઈ કાળે પાણી મળે જ નહિ. એ વાર્તાને યથાર્થ સમજે તો માન ટળી જાય ને વળી એ માન તો શ્રીજી મહારાજને ગમતું નથી માટે પરમેશ્વરના ભક્તે માન ન રાખવું ને તે માન તો ક્રોધ, મત્સર, ઈર્ષ્યા, દ્રોહ ને કપટ તેનો આધાર છે ને કલ્યાણના માર્ગમાંથી પાડનારું છે માટે મુમુક્ષુએ શત્રુની પેઠે તેનો ત્યાગ કરવો. ૧૮૭

અને આ ચાર જીવના કલ્યાણના હેતુ છે તેમાં એક તો શ્રીજી મહારાજ, બીજા એમના એકાંતિક સાધુ, ત્રીજું મંદિરમાં પધરાવેલી ભગવાનની મૂર્તિયું ને ચોથાં સત્શાસ્ત્ર. તેમાં પ્રથમના ને બીજા એ બે શ્રેષ્ઠ છે ને ત્રીજા તથા ચોથા તે એથી લગારેક ન્યૂન છે. ૧૮૮

અને ઈંદ્રિયુંની વૃત્તિને વિષય થકી પાછી વાળવી તેની વિગત જે જાણપણારૂપે રહીને શબ્દાદિક વિષય સન્મુખ જાતી એવી જે ઈંદ્રિયુંની વૃત્તિ તેને આત્માને વિષે કે પરમાત્માને વિષે હોમ્યા કરે તો વાસનામાત્ર નાશ થઈ જાય છે. ૧૮૯

અને કર્મ, ભક્તિ ને જ્ઞાનના ભેદ છે તેની વિગત જે કર્મયોગ તે પોતાના વર્ણાશ્રમને અનુસારે ઉદ્યમ કરે ને તેમાંથી દશોંદ વિશોંદ શ્રીજી મહારાજને અર્થ કાઢે તેને કહીએ ને **ત્યાગી થઈને નવધા ભક્તિ પ્રમાદ મૂકીને નિષ્કામપણે કર્યા કરે તેને ભક્તિયોગ કહીએ ને સત્તારૂપ થઈને ગુણને ટાળતા થકા કૈવલ્યપણે ભક્તિ કરે તેને જ્ઞાનયોગ કહીએ.** ૧૯૦

અને શ્રીજી મહારાજમાં શક્તિ રહી છે તેને કેમ સમજવી ? તો જે મનુષ્ય, પશુ આદિક સર્વે શ્રીજીની મૂર્તિ જોઈને તેને વિષે અતિશે તણાય છે

ને પોતાની ક્રિયા કરવા સમર્થ થાતાં નથી અને જેની શક્તિ ભક્તમાં, કાળમાં, નામમાં તથા વચનમાં પણ રહી છે. એમ વિસ્તારે કરીને વાત બહુ કરી. ૧૯૧

અને પૂછ્યું જે 'ઋષભદેવાદિક તથા શુક, જડભરતાદિક એ સર્વે ત્યાગી છે તેમાં કોણ શ્રેષ્ઠ છે ?' તેનો ઉત્તર જે ઋષભદેવાદિક તો અતિશે શ્રેષ્ઠ છે. ૧૯૨

અને પૂછ્યું જે 'પ્રેમીભક્ત છે તેતો ઐશ્વર્યાર્થીમાં વળગી જાય છે ને જ્ઞાની છે તેતો બ્રહ્મ સુખમાં વળગી જાય છે માટે એ બેયને બાધ આવ્યો તે કેમ કરે તો ટળે ?' તેનો ઉત્તર જે એ બેય જો શ્રીજી મહારાજનો મહિમા સમજે તો ટળે, તે ઉપર વજની ખીલીનું વચનામૃત વંચાવ્યું ને કહ્યું જે દિવ્યભાવ તથા મનુષ્યભાવ એ બેય તુલ્ય છે તેમાં રંચમાત્ર ફેર નથી. પણ **જો જ્ઞાન વૈરાગ્યાદિક સાધને કરીને નિર્વાસનિક થવાય તો સર્વ પ્રકારે મહાત્મ્ય સમજાય છે.** ૧૯૩

અને અહંવૃત્તિની ઘણી વાર્તા કરી જે આત્મસત્તારૂપે વર્તતો હોય તો પણ અહંપણું રહે છે માટે અતિ વિચાર કર્યાનો આગ્રહ કરે તો ટળે. એમ કહી પૃથ્વી આદિક જે અષ્ટાવરણ છે તેને દેહને વિષે દેખાડીને વાર્તા કરી. ૧૯૪

અને 'શ્રીજી મહારાજના ભક્ત અને બીજા અવતારના ભક્ત તેમાં કેટલો ફેર છે ?' એ પ્રશ્નનો ઉત્તર જે શ્રીજી મહારાજનો ભક્ત જેવો તેવો ઐશ્વર્યાર્થી હોય તે જેવા તો બીજા અવતારના એકાંતિક ભક્ત પણ ન થાય ને આ સત્સંગને વિષે તો ઋષભદેવ, દત્ત અને કપિલદેવ જેવા સંત વર્તે છે માટે આજની મોટપની શી વાર્તા કહીએ ? શ્રીજી મહારાજ તો આ સમે અઢળક ઢળ્યા છે. ૧૯૫

અને 'સર્વે મનુષ્યમાં તથા હરિભક્તમાં તથા એકાંતિક ભક્તમાં શ્રીહરિજી કેમ રહ્યા છે ?' એ પ્રશ્નનો ઉત્તર જે જેમ પૃથ્વી તથા ડોળાએલ જળ તથા શુદ્ધ નિર્મળ જળ એમને વિષે સૂર્યાદિક ભાસે છે તેમ પ્રકાશ, મૂર્તિમાન ને અલૌકિક સામર્થીયે સોતા તારતમ્યપણે રહ્યા છે તે વેદસ્તુતિના ગદ્યમાં કહેલ છે જે : [1]तरतमतश्चकास्त्यनलवत् स्वकृतानुकृतिः॥ એમ રહ્યા છે. ૧૯૬

---

૧. વેદો સ્તુતિ કરતા આ શ્લોકમાં કહે છે કે, હે હરે ! તમે પોતે સર્જેલા નાના પ્રકારના દેહોમાં કારણરૂપે પ્રવેશ કરી; કાષ્ટમાં રહેલ અગ્નિની પેઠે તે તે દેહો જેવા જણાતા થકા તારતમ્ય પણે પ્રકાશો છો. — ભાગ. ૧૦-૮૭-૧૯ (વચ. ગ. પ્ર. ૪૧)





અને **જીવને એટલું જ કરવા યોગ્ય છે જે સર્વે ઇંદ્રિયોની વૃત્તિનું પિંડીકરણ કરવું કહેતાં તેમને પંચ વિષયમાંથી પાછી વાળીને ભગવાનના સ્વરુપને વિષે હોમવી.** ૧૯૭

અને નિષ્કુળાનંદ સ્વામીએ પૂછ્યું જે 'સર્વેનું કલ્યાણ સરખું થાય છે કે નહિ ?' ત્યારે સ્વામીએ કહ્યું જે સર્વે શ્રીજી મહારાજના નોરમાં[1] તો ચાલ્યા જાય છે. પણ તેમાં જે અધિક ભજન સ્મરણ કરે છે તે મુક્તાનંદ સ્વામી તથા પર્વતભાઈ જેવા થાય છે. ૧૯૮

અને કોઈક હરિભક્તે કહ્યું જે 'મહારાજ ! હેત રાખજો' તે ઉપર સ્વામીએ વાત કરી જે દેવલોકને વિષે બહુ સુખ છે ને તેથી બૃહસ્પતિ આદિકના લોકને વિષે બહુ સુખ છે ને તેથી વૈરાટ પુરુષના લોકને વિષે બહુ સુખ છે ને તે થકી પ્રધાન પુરુષના લોકને વિષે બહુ સુખ છે ને તે થકી મૂળ પ્રકૃતિના લોકને વિષે બહુ સુખ છે. એવી રીતે તે સર્વેના લોકને વિષે અધિક અધિક સુખ છે ને એ સર્વના કરતાં અક્ષરધામને વિષે અતિશે સરસ સુખ છે ને એ થકી પણ શ્રીજી મહારાજની મૂર્તિને વિષે તો અતિ અધિક સુખ રહ્યું છે પણ એ સર્વે સુખના આપનારા શ્રીજી મહારાજ છે એવી રીતે મોટપ સમજે તો સહેજે જ હેત રહે છે ને એમ **સમજણ વિના જે હેત છે તે તો પ્રાકૃત છે ને સુવાણ્ય છે તે અંતે જાતાં રહે નહિ.** ૧૯૯

અને 'શિખર ચણીને મંદિર સંપૂર્ણ ક્યારે થાય ?' એ પ્રશ્નનો ઉત્તર જે ધર્મજ્ઞાનાદિક ગુણને પુરુષપ્રયત્ને કરીને જ્યારે અતિ પક્વ કરે ને તેણે કરીને નિર્મૂળ વાસના થઈ જાય ત્યારે શિખર ચણીને મંદિર પૂરું થયું કહેવાય. ને તે વિના તો અધૂરું જ કહેવાય. ૨૦૦

અને **મોટા પુરુષનું એ લક્ષણ છે જે પોતે અક્ષરરૂપે વર્તે ને મુમુક્ષુને પણ અક્ષરરૂપ સ્થિતિ કરી આપે** ને સત્ અસત્‌ના વિવેકનો ઉપદેશ કરીને શ્રીજી મહારાજનો અને સત્પુરુષનો સંગ અતિ આસક્તિએ સહિત કરાવે તે મોટા પુરુષ કહેવાય. એ પ્રમાણે અફીણિયાના ને જારસ્ત્રીના દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી. ૨૦૧

---

૧. માર્ગ, ધોરણ, મર્યાદામાં.

અને કોઈક તો જ્ઞાનવાર્તા સમજે છે ને વર્તતા નથી અને કેટલાક તો સમજતા નથી ને દેહે કરીને વર્તે છે ને કેટલાકને વિષે તો એ બેય વાત છે ને કોઈકને વિષે તો એ બેય નથી. ૨૦૨

અને શ્રીજી મહારાજ કહે જે 'અમે તો જ્ઞાન વૈરાગ્યાદિક જે સર્વે અમારી સંપત્તિ તે સર્વે સાધુને અને સત્સંગીને સોંપી છે ને અમે તો સર્વેનાં દુઃખ લીધાં છે માટે તમે સર્વે સુખે કરીને પ્રભુને ભજો.' માટે એવા અવતારી જે પુરુષોત્તમ શ્રીજી મહારાજ તેનાં જે સ્વરૂપ, સ્વભાવ, ગુણ ને વિભૂતિ તે સર્વે અવતાર કરતાં અતિ વિલક્ષણ છે. ૨૦૩

અને 'ગમતું, દાસપણું ને ઉપાસના એ ત્રણેને વિષે કેટલો ફેર છે ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે ઉપાસના તો અંગી છે ને બીજાં તો અંગ છે. માટે ઉપાસના જો દૃઢપણે ન હોય તો ગમતું ને દાસપણું તો બીજાનું પણ કરવા માંડે, માટે ઉપાસના તો અતિ શ્રેષ્ઠ છે. અને **શ્રીજી મહારાજનું ગમતું જો યથાર્થપણે કરે તો તે બહુ મોટપને પામે છે.** તે એ પ્રમાણે વર્તવાથી જાનકીજીને વિષે ભક્તપણામાં કોઈ વાતની કસર રહી નહિ. ૨૦૪

અને 'અજ્ઞાન તથા રાગ એ બેય એક છે કે નહિ ?' ત્યારે એનો ઉત્તર સ્વામીએ કર્યો જે **અજ્ઞાન તો આત્મા પરમાત્માની વિવેક સોતી યથાર્થ સમજણ ન હોય તેને કહીએ. ને રાગ તો પંચ વિષયને વિષે જે પ્રીતિ છે તેને કહીએ** પણ એ બેય કાંઈ એક નથી. એમાં તો બહુ ભિન્નપણું છે. ૨૦૫

અને શ્રીજી મહારાજે કહ્યું જે, 'પુરુષપ્રયત્ન કરે તો આત્મા જણાય છે ને તેને વિષે પરમાત્મા પણ જણાઈ આવે છે' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'તમારી કૃપા હોય તો જણાય' તે પછી શ્રીજી મહારાજ કહે જે, 'જુઓને આ બ્રહ્માંડ છે તે પણ અક્ષરને વિષે અણું જેટલું જણાય છે માટે એ બ્રહ્માંડ તો અક્ષરની ગણતીમાં જ નથી. એવાં અનંત બ્રહ્માંડ જેના એક રોમના છિદ્રને વિષે ઉડતાં ફરે છે એવું મહત્‌પણું તો અક્ષરનું છે ને હું તો એ થકી પર છું. માટે મારી આગળ એ બ્રહ્માંડમાં રહ્યા જે જીવ તે શી ગણતીમાં છે ? કાંઈ





ગણતીમાં નથી. એવો જે હું તે તમારી આગળ વાત કરું છું, ભાઈબંધી કરું છું, દાડી દર્શન દઉં છું, જમાડું છું અને નામ લઈને બોલાવું છું ઈત્યાદિક અનેક પ્રકારે કરીને તમ સાથે પ્રીતિ કરું છું ને ઓળખાણ કરું છું ને કાંઈક આડુંઅવળું થાતું હશે તે પણ સંબંધીની પેઠે સહન કરું છું એવી રીતે તમ સાથે વર્તું છું તોપણ તમે કહો છો જે 'કૃપા કરો' તે હવે કેટલી કૃપા કરું ?' એમ સ્વામીએ મહારાજની વાત કરી. ૨૦૬

અને 'આત્મા દેહથી જુદો છે તોપણ એક કેમ જણાય છે ?'' એ પ્રશ્નનો ઉત્તર જે જેમ ધન ને પુરુષ જુદાં છે તથા સ્ત્રી ને પુરુષ પણ જુદાં છે તોપણ અતિ લોભી ને અતિ કામી છે તેનો એ બેને નાશે કરીને નાશ થઈ જાય છે માટે જુદાં નથી. તે એક રાજા[1] હતો તે છ મહિના સુધી સમાધિ કરતો પણ ત્યાં રહ્યો થકો રાજ્ય, સ્ત્રી અને ધનને સંભાર્યા કરતો. પછી તેને જ્યારે સંતદાસજી સાધુ મળ્યા ત્યારે જુદા પાડ્યાં. માટે **એકાંતિક ભક્તના સંગે કરીને જો અભ્યાસ કરે તો આત્મા અને દેહ જુદા જણાય છે.** માટે સર્વકાળને વિષે ત્રણ શરીર થકી પોતાને પૃથક્ વર્તવું. ૨૦૭

અને જયાનંદ સ્વામીએ કહ્યું જે 'ક્રોધ ન જ કરવો. એવી આંટી પાડીયે તો ક્રોધ ન થાય' તે સાંભળીને સ્વામી કહે **જીવ તો સત્સંગે કરીને બહુ સમર્થ થાય છે.** માટે લોભ કામાદિક સંબંધી સંકલ્પ નજ કરવા એવી આંટી જો દૃઢ પાડે તો તેને સંકલ્પ ન જ થાય ને એ તો એવો બળિયો છે તે જે ધારે તે કરે જો સાચો થાય તો. ૨૦૮

અને સંતે કહ્યું જે 'સંત તો સર્વે સરખા જણાય છે' તે સાંભળી સ્વામી કહે જે વિવેકી હોય ને તે જો મહત્પુરુષનો સંગ કરે તો તેને સરસ નરસ જણાય છે. ત્યારે પૂછ્યું જે 'સાધને કરીને ને મહત્પુરુષના સંગે કરીને જેણે પંચ વર્તમાન દૃઢ કર્યા હોય તે સરસ, કે સહેજે જેને પંચવર્તમાન દૃઢ હોય તે સરસ ?' તેનો ઉત્તર જે સાધને કરીને તથા મહત્પુરુષના સંગે કરીને જેણે પંચ વર્તમાન દૃઢ કર્યાં છે તે સરસ છે, કેમજે એવાં જે વર્તમાન છે તેતો અસત્ દેશકાળાદિકે

---

૧. આ રાજા કૈલાય દેશનો હતો. તે વાત ભ. ચિં. પ્ર. ૧૨૯માં છે.

કરીને પણ નાશ ન થાય ને જેને એવા દઢ વર્તમાન નથી તેનો તો ધર્મ છિન્નભિન્ન થઈ જાય છે. ૨૦૯

અને શ્રીજી મહારાજે કહ્યું જે 'ભગવાનની કથા વાર્તાનું શ્રવણ, મનન ને નિદિધ્યાસે કરીને જો સાક્ષાત્કાર કર્યો હોય તો તે જીવને બહુ સહાય કરે.' ૨૧૦

અને **જેને દત્તાત્રેયની પેઠે જ્યાં ત્યાંથી સિદ્ધાંત જ ગ્રહણ કરતાં આવડે છે તે ક્યાંય બંધાતા નથી.** એવી રીતે કપાસનાં[1] બે ક્ષેત્રને દૃષ્ટાંતે વાત કરી. ૨૧૧

અને સ્વામીએ વાત કરી જે સર્વે પ્રકારે ભીષણ ખમે ને નવધા ભક્તિ કર્યાને વિષે ઝડપું ભરે ને પોતાનો ભક્તિભાવ દેખાડે તે અમને ગમે છે એમ શ્રીજી મહારાજે કહ્યું છે. ૨૧૨

અને શિષ્ય, વાહનાદિકે કરીને તથા ભોજન આચ્છાદનાદિકે કરીને જે આનંદ પામવું એતો બાહેરલું સુખ છે ને તે નાશવંત ને નિરાનંદ છે તે કહ્યું છે જે :- योन्त[2]:सुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ॥ તે વાસ્તે અંતરદષ્ટિએ કરીને આત્માને વિષે રહ્યા એવા જે પરમાત્મા શ્રીહરિજી મહારાજ તેમના ધ્યાનને સુખે કરીને સુખીયા થાવું અને **પંચ વિષયને વિષે જેવા રાગ ને તૃષ્ણા છે તેવા શ્રીજી મહારાજના મહિમાને વિષે તથા આત્મનિષ્ઠાને વિષે રાખવાં.** ને પંચવિષયમાંથી તો જરૂર ઉખેડવાં ને માયાને વિષે તો એવું વિચિત્રપણું રહ્યું છે તેથી તેમાં દેવ મનુષ્યાદિક સર્વેય લોભાઈ રહ્યાં છે પણ અંતે જાતાં તો તે ગોડિયાની બાજી જેવું જ છે એમાં સંશય નથી. ૨૧૩

અને જીવ કલ્યાણના માર્ગમાં ચાલે છે તો ખરો પણ તેને ઠેશું બહુ વાગે

---

૧. કપાસના ખેતરમાં છોડ ઉપરથી રૂ ભેગું કરવામાં આવે છે, ને ડાળાં પાંદડાં પડી રહેવા દેવામાં આવે છે. તેમ મનુષ્ય બધેથી ગુણ ગ્રહણ કરે, ને દોષ પડી રહેવા દે, તો ગુણનો ઢગલો થાય.

૨. **અર્થ :–** જે અંતર્યામી એવા પરમાત્માને સુખે સુખિયો છે, અંતર્યામીને વિષેજ રમણ કરનારો છે ને અંતર્યામી એવા પરમાત્માના પ્રકાશથી પ્રકાશિત છે એવો યોગી બ્રહ્મરૂપ થઈને પ્રભુને પામે છે. **–ગીતા. ૫-૨૪.**





છે તેણે કરીને આડોઅવળો પડી જાય છે જેમ આંધળો મારગ ભૂલીને કુમાર્ગે ચાલે છે તેને જેમ ઠેશું વાગે છે. ને તે પડી જાય છે. તેમ વિચાર અને વિવેક વિના સત્ અસત્ સંગને ઓળખતો નથી માટે સત્પુરુષને ઓળખીને તેમનો સમાગમ કરીને પંચવિષય સંબંધી સંકલ્પ વિકલ્પરૂપ જે ઠેશું છે ને દેહાભિમાન સંબંધી જે ભારે ઠેશ છે ને પ્રાણ સંબંધી જે ઠેશ છે તે સર્વેને સત્સંગને પ્રતાપે કરીને કાઢીને અતિ શુદ્ધ થાવું. જેમ ખેડુ છે તે ખેતરને સમાર દઈને ચોખ્ખું કરે છે તેમ જીવને ચોખ્ખો કરવો. ૨૧૪

અને સ્વામીએ વાત કરી જે **ધર્મને વિષે અતિશય દૃઢપણે વર્તવે કરીને સુખી થવાય છે** અને કર્મને વિષે આસક્તિ રાખવે કરીને દેવતા થવાય છે ને વિષયમાં આસક્તિએ કરીને ભૂત પ્રેત કે સ્થાવરાદિક થવાય છે, ને સત્પુરુષના વિશ્વાસે કરીને તો બહુ મોટા થવાય છે. ત્યારે કોઈ સંતે પૂછ્યું જે 'એ પ્રમાણે મોટા આ જન્મે કરીને થવાય છે કે જન્માન્તરે કરીને થવાય છે ?' ત્યારે સ્વામી બોલ્યા જે તમે સત્સંગમાં આવીને કેટલાંય વસ્ત્રો કાઢી નાખ્યાં હશે ને તમે તો તેવા ને તેવા જ છો તેમ આત્મા તો અજન્મા છે ને કહો છો જે આત્મારૂપે વર્તીએ છીએ. ૨૧૫

અને **જીવ જે તે જેટલો ધર્મ, અર્થ અને કામને અર્થે પુરુષપ્રયત્ન કરે છે તેટલો મોક્ષને અર્થે કરતો નથી.** તે એનું જ નામ મોહ છે. જે 'પ્રત્યક્ષ ભગવાન તથા પ્રત્યક્ષ સંતને મેલીને બીજે ઠેકાણે અજ્ઞાની અને પામર જેવા જીવને વિષે વિશ્વાસ કરે છે માટે એ મોહ છે.' ૨૧૬

અને સ્વામીએ નિર્ગુણ સગુણની વાર્તા કરી જે આચાર્યજી મહારાજ તથા સંત સર્વે જેતે કલ્યાણરૂપ દિગ્વિજય કરવાને અર્થે બ્રહ્માંડમાં વિચરે છે તેમની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ છે કેમજે તે ક્રિયાને જે જે જીવ દેખે, સાંભળે ને ચિંતવન કરે ને વળી જે એમના કોઈક ઉપયોગમાં આવે તે સર્વેનું કલ્યાણ થાય છે માટે એ નિર્ગુણ છે ને સગુણપણું તો જે અહંમમત્વરૂપી માયા પરસ્પર

હરિજનમાં રહી છે તે છે. માટે **'એકાંતિક સાધુના સંગે કરીને એ માયાને ટાળીને એકાંતિક થાવું એજ સત્સંગ કર્યાનું ફળ છે.** ૨૧૭

અને જે હરિભક્તને વિષે સાંખ્ય ને યોગ એ બે હોય તો તેને કાંઈ વાંધો રહે જ નહિ. અને **સાંખ્ય તે શું તો પંચવિષયને વિષે દોષબુદ્ધિ રાખવી** ને તે બુદ્ધિ જે તે દિવસે દિવસે વૃદ્ધિ પામે તેને અર્થે વારંવાર પુરુષપ્રયત્ન કરીને નિત્ય પ્રલયાદિકનો વિચાર કર્યા કરવો તે. અને **યોગ જે પુરુષોત્તમ ભગવાનને પૂર્ણકામ સમજીને તેમની નવધા ભક્તિ કરવી** ને તેમનો મહિમા સમજવો જે, તે શ્રીહરિકૃષ્ણજી મહારાજ દયાયે કરીને જે જે પદાર્થનો અંગિકાર કરે છે તે તો જીવના કલ્યાણને અર્થે જ કરે છે પણ પોતાના સ્વાર્થને અર્થે લેશ માત્ર નથી કરતા ને એ શ્રીજી મહારાજની સૂક્ષ્મતા આગળ અક્ષર તો અતિ સ્થૂળ જણાય છે ને એતો એમને રહ્યાનું પૃથ્વીરૂપ સ્થાનક છે ને **ઉપાસ્ય, ઉપાસક ને સ્થાનક એ ત્રણેયના શુદ્ધપણાએ કરીને ઉપાસક જે તે ઉત્તમ ભક્ત થાય છે.** સનકાદિકને ઉપાસ્ય સરસ નથી એટલે તે સરસ થાતા નથી. ને પર્વતભાઈને રહેવાનું સ્થાનક (આશ્રમરૂપ) સારું નહોતું તેથી સુખ ન આવ્યું. પણ આગ્રહે કરીને સત્પુરુષને સહાય રાખીને જો ઉપાસ્ય સ્વરૂપને સમજવા માંડે તો વૈરાટપુરુષથી લઈને પુરુષોત્તમ ભગવાન પર્યંત જેમ છે તેમ યથાર્થ સમજે ખરા. તે ઉપર માછલાંને[1] દૃષ્ટાંતે કરીને પુરુષપ્રયત્નની બહુ વાર્તા કરી. ૨૧૮

અને 'વિષય જીતાય ત્યારે શ્રીજી મહારાજનું ધ્યાન થાય કે ધ્યાન થાય ત્યારે વિષય જીતાય ? એ પ્રશ્નનો ઉત્તર જે **વિષય જીતાય ત્યારે ધ્યાન થાય છે.** ને તે વિના તો કોઈક ધ્યાન કરે છે, કોઈક પુરુષોત્તમનું નિરૂપણ કરે છે ને કોઈક વૈરાગ્યનું, કોઈક જ્ઞાનનું ને કોઈક ભક્તિનું નિરૂપણ કરે છે પણ સર્વે અહંવૃત્તિએ કરીને કરે છે. એમ કહીને સ્વામીએ તે અહંવૃત્તિની વાર્તા કીડીથી લઈને પુરુષોત્તમ ભગવાન પર્યંત વર્ણન કરી દેખાડી. ૨૧૯

---

૧. માછલી પોતાની પાંખના બળથી જળપ્રવાહનો સામનો કરીને દોડે છે તેમ પર્વતભાઈ ગૃહસ્થાશ્રમી હોવા છતાં શ્રીહરિના અતિબળથી સદાય સંતો પ્રત્યે ગતિમાન હતા. અને શ્રીહરિમાં અખંડ વૃત્તિ રાખતા હતા.





અને સ્વામીએ વાત કરી જે કેટલાક મનુષ્ય ઓળખે નહિ ને વેગ કરે એટલે જ્યાં ત્યાં ભરાઈ જાય. ને જીવને યથાર્થ તો મહારાજ ઓળખતા તે જીવ જેવો શુદ્ધ કે અશુદ્ધ હોય તેવો ગંધ પોતાને જણાઈ આવતો ને સત્પુરુષ પણ ઓળખે છે. ૨૨૦

અને ધર્મ જ્ઞાનાદિકની અવધિ જોઈ ત્યારે પ્રથમના ત્રણની તો અવધિ જાણ્યામાં આવી ને એક (ભક્તિ) તો અગાધ રહી. ૨૨૧

અને 'સત્સંગ સહેજે મળ્યો હોય તે પુરુષપ્રયત્ન કર્યા વિના વૃદ્ધિ પામે કે નહિ ?' તેનો ઉત્તર જે, પોતાને જોયા કરે જે મારામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને શ્રીજી મહારાજની માહાત્મ્યે સહિત ભક્તિ, એમાંથી કયા ગુણ આવ્યા છે અને કયા નથી આવ્યા ? તથા આસ્તિકપણું કેટલું છે ને કેટલું નથી ? ને લોભ કામાદિક કેટલા ઓછા થયા છે ને કેટલા નથી થયા ? એમ અહોનિશ તપાસ કર્યા કરે ને પુરુષપ્રયત્ન કરીને ધ્રો ને બોરડીની પેઠે સત્સંગને વિષે નક્કી પાયો કરે તો સત્સંગ વૃદ્ધિ પામે. નહિ તો દેશકાળાદિકની વિષમતાએ કરીને લાંપડાંની[1] પેઠે ઉડી જાય. ૨૨૨

અને હરિભક્તને વિષે **જે બળવાન પ્રકૃતિ હોય તેને પણ સત્પુરુષના સંગે કરીને ટાળે તો ટળી જાય છે.** ને તે સહજ પ્રકૃતિ ટાળ્યાના વચનામૃતમાં[2] શ્રીજી મહારાજે ત્રણ ઉપાય કહ્યા છે. તેની વિગત જે વક્તા જે સત્પુરુષ તેને વિષે અતિશે હેત, ને તેમનાં વચનને વિષે અતિશે વિશ્વાસ, ને વઢીને કહે તોપણ તેને હિતકારી સમજવા એ ત્રણ ઉપાય છે. અને — **निर्मानत्वमसंगत्वमहिंसा[3] ममतत्यजिः । आत्मनिष्ठा च तस्यैव सन्ति भक्तेरलंक्रियाः ॥** એમ તે ઉપાયો મુમુક્ષુને શોભારૂપ પણ છે. ૨૨૩

---

૧. એ નામનું અતિશય હલકું ઘાસ.

૨. વચનામૃત ગઢડા મધ્યનું ૩૭.

૩. અર્થ :— નિર્માનીપણું, અનાસક્તપણું, અહિંસા તથા મમતાનો ત્યાગ, અને આત્મનિષ્ઠા એ મુમુક્ષુને ભક્તિના અલંકાર રૂપ છે.

અને બંધીવાળા મંડપને વિષે કીર્તન ગાયાં ત્યારે તેમાં શબ્દ ભરાઈ રહ્યો તે જોઈને સ્વામીએ વાત કરી જે આ પ્રમાણે ઈંદ્રિયોને વિષયમાં ન જાવા દીયે તો અંતઃકરણમાં જ્ઞાન ભરાઈ રહે. ૨૨૪

અને 'કેમ સમજે તો અસત્ દેશાદિકે કરીને લેવાય નહિ ?' તેનો ઉત્તર જે એક તો સ્થાનકને ઓળખે ને શ્રીજી મહારાજની મરજીને ઓળખે તથા સત્પુરુષને ઓળખે તો લેવાય નહિ. ૨૨૫

અને શુકજીને જ્ઞાનાંશની સમજણ હતી તો શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રને વિષે સંશય થયો નહિ. પરીક્ષિત રાજાની જન્મોત્તરીમાં તો અતિ મોટપ કહી છે પણ એને જ્ઞાનાંશ વિના શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રને વિષે સંશય થયો છે. બ્રહ્મા તથા નારદને[1] પણ તેમની પેઠે થયું છે. માટે એકાંતિકનો સંગ કરીને જ્ઞાનાંશની સમજણનું અતિ દ્રઢપણું કરવું. ને ઈંદ્રિયું મન, બુદ્ધિ અને જીવ એમને વિષે ભગવાનનો નિશ્ચય થયા પછી સત્પુરુષના સંગે કરીને જીવ બહુ વૃદ્ધિને પામે છે. તે ઉપર વેલનું દૃષ્ટાંત દઈને વાર્તા બહુ કરી. ૨૨૬

અને આ **ત્રણ ઠેકાણે દેહાભિમાન જણાઈ આવે છે તે એક તો ભોજન સમે તથા ભય જણાય ત્યારે ને સ્ત્રીઓને પડખે નિસરે ત્યારે.** એમ કહીને પછી હનુમાનજી તથા ગરુડજીને[2] દૃષ્ટાંતે કરીને ઉપાસનાની પક્વ અપક્વપણાની વાર્તા બહુ કરી. ૨૨૭

અને ત્રણ શરીરની ભાવનાએ રહિત થકા શ્રીજી મહારાજનું ભજન

---

૧. દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણને ૧૬૧૦૮ રાણીઓ હોવાથી ભગવાનનો ગૃહસ્થાશ્રમ કેમ ચાલતો હશે એવો નારદજીને સંશય થયો હતો. (શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ)

૨. હનુમાનજીને શ્રીરામચંદ્રજીમાં પૂર્ણ નિષ્ઠા હતી, શ્રીરામચંદ્રજીના ચરિત્રોમાં સંશય થતો નહીં.

રામ-રાવણનું યુદ્ધ થયું ત્યારે લંકામાં રાક્ષસે નાગપાશથી શ્રીરામચંદ્રજીને બાંધ્યા હતા. તે વખતે ગરૂડજી આવ્યા, તેથી તેમનાથી ડરીને સર્વે નાગ ભાગી ગયા, ને રામચંદ્રજી છૂટા થયા. આ જોઈને ગરૂડજીને રામચંદ્રજીના સામર્થ્યમાં સંશય થયો હતો. આ રીતે ગરૂડજીની ઉપાસના અપક્વ હતી.





સ્મરણ કરવું. તેની વિગત જે જોયાની કે સાંભળ્યાની આદિક જે જે ઈચ્છા ઉપજે તે સ્થૂળ દેહની ભાવના કહેવાય ને મનમાં સંકલ્પ વિકલ્પનો જે ઘાટ ઉપજે તે સૂક્ષ્મ દેહની ભાવના કહેવાય ને લય થાવા માંડે તે કારણ શરીરની ભાવના કહેવાય. ૨૨૮

અને **મોટા પુરુષની જે ક્રિયા તે જીવના કળ્યામાં આવે નહિ.** કેમજે એતો નિર્સ્વાદી થકા સ્વાદ કરતા હોય અને નિર્લોભી થકા લોભ કરતા હોય ઈત્યાદિક સર્વે ક્રિયા અલૌકિક હોય છે માટે જીવના કળ્યામાં ન આવે. જેમ સૂર્યની પ્રકાશરૂપ શક્તિ નેત્રમાં આવે છે તેને ઈંદ્રિયોના દેવતા ને જીવ કોઈ કળી શકતા નથી. ને વળી જેમ વૈરાટ પુરુષના ગોલક (નેત્રાદિક ઈન્દ્રિયોના સ્થાન)ની જે શક્તિ છે તે દેવ મનુષ્યાદિકના ઇન્દ્રિયાદિકને પ્રકાશ કરે છે તેને પણ કોઈ કળી શકતા નથી. ને વળી જેમ પુરુષોત્તમ ભગવાનની જે શક્તિ છે તે તો અક્ષર ને મૂળપુરુષાદિક સર્વેને પ્રકાશ કરે છે પણ તેને કોઈ જાણી શકતા નથી. અને તે કેમ રહી છે ? તો જેમ પુરુષ છે તે બરછી કે તીર નાખે છે તેમાં હાથની શક્તિ જાય છે. પણ હાથમાં જેટલી છે તેટલી જાતી નથી ને લેશમાત્ર જાય છે. તેમ શ્રીપુરુષોત્તમની જે શક્તિ છે તેતો બ્રહ્મ, માયા અને કાળાદિકને વિષે લેશમાત્ર જ આવી છે ને પોતાને વિષે તો અપાર રહી છે. એવો મહિમા દ્રઢપણે સમજીને ભજન સ્મરણ કરવું. ૨૨૯

અને 'ભગવાનને જ્ઞાની ભક્ત કેમ અધિક ગમે છે ?' એ પ્રશ્નનો ઉત્તર જે, તે **જ્ઞાની ભક્ત પ્રયત્ને કરીને સ્વભાવ ટાળે છે. માટે તે શ્રીજી મહારાજને બહુ ગમે છે.** ૨૩૦

અને અધર્મસર્ગના મોટેરા એવા જે લોભાદિક[1] પાંચ દોષ છે તેને ધર્મસર્ગના નિર્લોભાદિક જે પાંચ ગુણરૂપ ઉપાય કહ્યા છે તેણે કરીને જીતીને ભક્તિ કરવી. એમ પાંચ અધ્યાયે[2] કરીને કહ્યું છે ને છઠ્ઠા અધ્યાયને વિષે જ્ઞાન,

---

૧. સત્સંગિજીવન પ્ર. ૨. અ. ૧૧ થી ૧૨ માં વર્ણન કરેલું છે.

૨. સ.જી. પ્ર-૪ અ.૬૨ થી ૬૭(સંતોના નિર્લોભાદિક પંચ વર્તમાન=ધર્મામૃત)

વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિ કહી છે. તે માહાત્મ્ય એમ જાણવું જે ભગવાનનો દિવ્યભાવ ને મનુષ્યભાવ તે એક જ છે રતીમાત્ર પણ ફેર નથી. એમ જાણી નિરાકાર થઈને ભગવાનને ભજવા. તે નિરાકાર કેમ થવું ? તો માયિક આકાર માત્રને ટાળીને જાણપણારૂપે વર્તવું, એ નિરાકાર સમજણનું લક્ષણ છે. ને તે આકાર બે પ્રકારના છે, એક બાહેરલા ને એક માંહિલા ને તેમાં પણ બે પ્રકાર છે, એક રાગે સહિત છે ને એક રાગે રહિત છે, ને તે રાગ પણ બે પ્રકારના છે એક વિષય સંબંધી ને એક શ્રીહરિ સંબંધી. તેમાં જે શ્રીહરિ સંબંધી રાગ છે તે તો ધર્મજ્ઞાનાદિક સાધને યુક્ત છે ને એવી જાતના રાગને તો અતિશે દઢપણે કરીને રાખવો ને તે વચમાં બીજા આડા અવળા ઘણા સંકલ્પ આવી જાય પણ તેની તો ઉપેક્ષા જ રાખવી. જેમ વરતાલ ગયાનો મુખ્ય સંકલ્પ હોય ને માર્ગમાં આડા અવળા ઘણાક પદાર્થ આવી જાય તે જેમ ગણતીમાં ન હોય તેમ. ને વળી જેમ નિશાનના વચનામૃતમાં[1] કહ્યું છે જે એક નિશાન લેવાનો જ મુખ્ય સંકલ્પ છે તેમ. ને હમણાં તો બીજા સંકલ્પનું બળ જણાય છે ને મુખ્ય સંકલ્પનું બળ નથી જણાતું પણ અંતે જાતાં એ જ વૃદ્ધિ પામશે. કેમજે શ્રીહરિ સંબંધી છે માટે. તે ઉપર સાકરકોળાના[2] દૃષ્ટાંતે કરીને વાત કરી. ૨૩૧

અને 'શાસ્ત્રમાં વિષય જીત્યાનું કહ્યું છે તે કેમ જીતાતા નથી ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જ્ઞાન વૈરાગ્યાદિક સાધને યુક્ત એવો જે એકાંતિક ભક્ત છે તે મંડે તો વિષયને ટાળી નાખે પણ દેહની સ્થિતિ એવી ને એવી રહે નહિ. તેણે કરીને વાતચીતની સુવાણ રહે નહિ ને કાંતો દેહ પડી જાય. ને બીજાને તો વિષય જીત્યાનો એ ઉપાય છે જે એ **વિષયના તાલ જ્યારે આવે ત્યારે એ તાલને ભાંગી નાખ્યા કરે તો અલ્પ કાળમાં રાગ ઓછા**

૧. વચનામૃત ગ. મ. ૨૨.

૨. સાકરકોળાના વેલામાં જ્યાં સુધી કોળાના ફળ બેસતા નથી, ત્યાં સુધી તેના પાંદડા, ડાળિયો, વગેરે મોટા લાગે છે, પણ કોળાંનાં ડીંટ આવે ને મોટા થતા જાય તેમ તેમ ડાળાં-પાંદડા તથા વેલનું બળ કમજોર થઈ જાય છે. તે રીતે સાકરકોળારૂપ મુખ્ય સંકલ્પ છે. મુખ્ય સંકલ્પ દઢ થાય તેમ બીજા સંકલ્પ ગૌણ થઈ જાય. ભગવાનને પામવાનો મુખ્ય સંકલ્પ હોય તો બીજા સંકલ્પ ગૌણ થાય.





**થઈ જાય.** ત્યાં દૃષ્ટાંત જેમ વૃક્ષને એકવાર કાપી નાખે તો કોંટા બહુ બળિયા નિસરે પણ એમ ને એમ દશ વિશવાર કાપે તો ન નિસરે કે નિસરે તો લગારેક નિસરે. એમ પંચવિષયના તાલ ભાંગ્યા કરે તો વિષય જીતાય છે. ૨૩૨

અને 'શ્રીહરિજીના ભક્તને હરિ ભજવામાં કોઈ રોધક છે કે નથી ?' એ પ્રશ્નનો ઉત્તર જે રોધક તો છે તેની વિગત જે, મોટા ગૃહસ્થ છે તેમને તો ગામ, ગરાસ અને વાહનાદિક તથા વ્યવહાર જે રાજ્યકાર્યાદિક તથા ખાનપાનાદિક એ સર્વે રોધક થાય છે. ને ગરીબ હરિભક્તને પણ એ મોટા ગૃહસ્થ રોધક થાય છે.ને ગરીબ જે ત્યાગી છે તેને તો બરોબરીઆ જે ત્યાગી તથા મોટા મનુષ્ય એ રોધક થાય છે. ત્યારે પૂછ્યું જે 'એ રોધક કેમ ન થાય?' ત્યારે સ્વામી કહે ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય એ ત્રણ અંગે સહિત જે ભક્તિ તેણે યુક્ત એવા જે સત્પુરુષ તેમને ઓળખીને, તેમની અનુવૃત્તિમાં રહીને જો એમનો સમાગમ કરે તો કોઈ રોધક ન થાય. ત્યારે કોઈ કહે 'એથી બીજાનો દ્રોહ ન થાય ?' ત્યારે સ્વામી કહે એમાં દ્રોહ શાનો થાય ? એમ ન સમજે ને સર્વેને સરખા સમજે તેને તો પશુ જેવો મૂર્ખ જાણવો ને શાસ્ત્રમાં પણ કહ્યું છે જે સંત છે તેતો ત્રીશ★ તથા ચોસઠ● લક્ષણે કરીને યુક્ત છે. ને શ્રીજીએ

★ ૧. કૃપા. ૨. અદ્રોહ. ૩. ક્ષમા. ૪. સત્ય અને ૫. અદ્વેષ. ૬. સમાનતા ૭. ઉપકાર ૮. અકામ. ૯. જીતેંદ્રિયપણું ૧૦. કોમળતા ૧૧. નિર્મળતા ૧૨. અસંગ્રહ ૧૩. સદાચાર ૧૪. લઘુઆહાર ૧૫. શાંતિ ૧૬. સદ્વિચાર ૧૭. ભગવદાશ્રય ૧૮. સાવધાનતા ૧૯. નિર્વિકારતા ૨૦. ધૈર્ય ૨૧. ગાંભીર્ય ૨૨. દયા ૨૩.છ ઊર્મિ (ભૂખ, તરસ, શોક, મોહ, જરા ને મૃત્યુ) એ રહિતપણું. ૨૪. નિર્માનતા ૨૫. વિવેક ૨૬. ઉપદેશ શક્તિ ૨૭. જ્ઞાતાપણું ૨૮. સુહૃદપણું ૨૯. શ્રદ્ધા ૩૦. ભગવત્ પરાયણતા.

● ૧. દયાળુ ૨. ક્ષમાવાળા ૩. સર્વજીવનું હિત ઈચ્છનારા ૪. ટાઢ તડકાદિનું સહન કરનારા ૫. કોઈના પણ ગુણમાં દોષ નહિ જોનારા. ૬. શાંત ૭. જેનો કોઈ શત્રુ નથી થયો એવા. ૮. અદેખાઈ તથા વૈર રહિત. ૯. માન તથા મત્સર રહિત. ૧૦. બીજાને યથાયોગ્ય માન આપનારા ૧૧. પ્રિય અને સત્ય બોલનારા ૧૨. કામ, ક્રોધ, લોભ તથા મદ રહિત ૧૩. અહંમમત્વ રહિત ૧૪. સ્વધર્મમાં દઢ રહેનારા ૧૫. દંભ રહિત ૧૬. અંદર અને બહાર પવિત્ર રહેનારા ૧૭. દેહ તથા ઈન્દ્રિયોને દમનારા ૧૮. સરલ સ્વભાવવાળા ૧૯. ઘટિત બોલનારા ૨૦. જીતેન્દ્રિય ૨૧. પ્રમાદ રહિત ૨૨.

પણ સત્સંગિજીવનને વિષે ધર્મરક્ષાના અધ્યાયમાં X બે પ્રકારના સંત કહ્યા છે. તેમાં અલ્પબુદ્ધિવાળાનો સંગ પાપીની પેઠે દૂરથી ત્યાગ કરવાનું કહ્યું છે અને **બહુ બુદ્ધિવાળા સંતના સંગે કરીને ત્રણ અંગે સહિત જે ભક્તિ તે વૃદ્ધિને પામે છે.**[1] એમ કહીને પછી મુક્તાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી તથા સચ્ચિદાનંદ સ્વામી, એમના પ્રસંગની વાર્તા નિસરી. તથા પર્વતભાઈ, તથા ડોડિયા પુંજાભક્ત એમની વાર્તા વિસ્તારીને બહુ કરી. તેમાં પણ સચ્ચિદાનંદ સ્વામી દેહ મૂકીને બ્રહ્મપુરમાં ગયા ને ત્યાં ચોરની પેઠે છુપાઈ રહ્યા એવી રીતે વાર્તાનો પ્રસંગ બહુ નિસર્યો. પછી સંતે પૂછ્યું જે 'એવામાં સ્વભાવ હોય કે નહિ ?' ત્યારે સ્વામી કહે મુક્તાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી એ આદિક જે સંત તેમણે તો પુરુષપ્રયત્ને કરીને પોતાના સ્વભાવને

સુખદુઃખાદિકે રહિત ૨૩. ધીરજવાળા ૨૪. કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિયોની ચપળતા રહિત ૨૫. પદાર્થના સંગ્રહે રહિત ૨૬. બોધ કરવામાં નિપુણ ૨૭. આત્મનિષ્ઠાવાળા ૨૮. સર્વને ઉપકાર કરવાવાળા ૨૯. ભય રહિત ૩૦. કોઈ પણ પ્રકારની આશા રહિત ૩૧. વ્યસન રહિત ૩૨. શ્રદ્ધાવાળા ૩૩. ઉદાર ૩૪. તપસ્વી ૩૫. પાપ રહિત ૩૬. ગ્રામ્ય કથા ને વાર્તા નહિ સાંભળનારા ૩૭. સત્ શાસ્ત્રના નિરંતર અભ્યાસવાળા ૩૮. માયિક પંચ વિષયની આસક્તિ રહિત ૩૯. આસ્તિક બુદ્ધિવાળા ૪૦. સત્ અસત્‌ના વિવેકવાળા ૪૧. મદ્યમાંસાદિના સંસર્ગે રહિત ૪૨. દૃઢ વ્રતવાળા ૪૩. કોઈની ચાડીચૂગલી તથા ચોરી નહિ કરનારા ૪૪. કોઈની છાની વાતને પ્રગટ નહિ કરનારા ૪૫. નિદ્રાજીત ૪૬. આહારજીત ૪૭. સંતોષવાળા ૪૮. સ્થિરબુદ્ધિવાળા ૪૯. હિંસા રહિત વૃત્તિવાળા ૫૦. તૃષ્ણા રહિત ૫૧. સુખદુઃખમાં સમભાવવાળા ૫૨. અકાર્ય કરવામાં લાજવાળા ૫૩. પોતાનાં વખાણ નહિ કરનારા ૫૪. બીજાની નિંદા નહિ કરનારા ૫૫. યથાર્થ બ્રહ્મચર્ય પાળનારા ૫૬. યમ તથા નિયમવાળા ૫૭. આસનજીત ૫૮. પ્રાણજીત ૫૯. ભગવાનના દૃઢ આશ્રયવાળા ૬૦. ભગવદ્‌ભક્તિ પરાયણ ૬૧. ભગવાનને અર્થે જ સર્વ ક્રિયા કરનારા ૬૨. ભગવાનના ચરિત્રનું પ્રેમથી નિરંતર શ્રવણ તથા કીર્તન કરનારા ૬૩. ભગવાનની મૂર્તિના ધ્યાન પરાયણ રહેનારા ૬૪. ભગવાનની ભક્તિ વિના એક ક્ષણ પણ વ્યર્થ નહિ જવા દેનારા. -**સત્સંગિજીવન પ્ર. ૧-૩૨ શ્લોક ૨૫ થી ૫૭ (હરિગીતા)**

X..૧ સ. જી. પ્ર. ૩ અ. ૨૪ તથા ૨૫.

૧. વચનામૃત લોયા-૩ તથા ગ.અં.પ્ર.૧૬





ટાળ્યા હોય માટે તેવા સંતને વિષે ન હોય. પછી સંતે પૂછ્યું જે 'એવા જે વિષય તે બંધન કરે કે ન કરે ?' તેનો ઉત્તર જે બહુ ઉપશમ રૂપ ઐશ્વર્યને જે પામ્યા હોય તેતો જીવના કલ્યાણને અર્થે વિષયનું ગ્રહણ કરે પણ તત્કાળ વિષયના બંધનને ટાળી નાખે ને અતિશે ઉપશમ રૂપ સામર્થીને પામ્યા હોય તેતો જીવના કલ્યાણને અર્થે વિષયનું ગ્રહણ કરે પણ તત્કાળ વિષયના બંધનને ટાળી નાખે ને અતિશે ઉપશમ રૂપ સામર્થીને પામ્યા હોય તેતો શાસ્ત્રના રહસ્યને પોતાની મેળે સમજે ને બીજા તો એવાની પાસે શાસ્ત્રના રહસ્યને શીખે તો જાણે. ૨૩૩

અને શાંતાનંદ સ્વામીએ પૂછ્યું જે 'ચાંદ્રાયણ ને ધારણા પારણાદિક જે વ્રત તેને આવરદા પર્યંત કર્યા કરે તો વાસના ટળે કે નહિ ?' ત્યારે સ્વામીએ કહ્યું જે એમ કર્યાથી ઉપરથી ટળ્યા જેવું જણાય પણ કારણ શરીરમાંથી ન ટળે. જુઓને સૌભરી ઋષિને અને ચ્યવન ઋષિને ઉપરથી તો જણાતું નો'તું પણ કારણ શરીરમાં હતું તો પરણ્યા. માટે **વિષયને વિષે દોષબુદ્ધિ થયા વિના વાસના ટળે જ નહિ.** ને જેમ અમારા વિષે તમારે હેત છે પણ જો દોષ આવે તો અમારો સંગ ગમે નહિ. તેમ નિત્ય પ્રલયાદિકનો વિચાર કરીને માયિક પદાર્થને વિષે દોષબુદ્ધિ સમજીને ને **આત્મસત્તારૂપ થઈને શ્રીજી મહારાજનું ધ્યાન કરીને વાસના ટાળે તો ટળે છે.** એ પ્રમાણે શૂરવીર તથા સતીના[1] દૃષ્ટાંતે કરીને વાર્તા બહુ કરી. ૨૩૪

અને 'તપે કરીને અંતઃકરણ શુદ્ધ થાય છે ને શ્રીહરિજી પણ પ્રસન્ન થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે પણ ભક્તિએ કરીને થાય છે એમ કેમ કહેતા નથી?' તેનો ઉત્તર જે તપે કરીને પંચવિષયની નિવૃત્તિ થઈ જાય છે ને અંતઃકરણ શુદ્ધ

૧. **શૂરવીર - સતીનું દ્રષ્ટાંત** :- ગ.મ. ૨૨માં વચનામૃતમાં શૂરવીરનું દ્રષ્ટાંત આવે છે કે, જેમ શૂરવીર પુરૂષને મૃત્યુનો ભય હોતો નથી તેને તો એકમાત્ર લક્ષ્યસિદ્ધિ-વિજય પ્રાપ્તિનું જ અનુસંધાન હોય છે. તથા ગ.અં. ૧૬માં વચનામૃતમાં સતી-પતિવ્રતાનું દ્રષ્ટાંત આવે છે જે, તેનો પતિ ગરીબ-કંગાળ-કુરૂપ-રોગી-વૃદ્ધ-નિર્ધન અને પાગલ હોય તોપણ પતિવ્રતાનું મન બીજા કોઈ રૂપવાન-યુવાન પુરૂષમાં મન ખેંચાતું નથી. તેમ શ્રીહરિના આશ્રિતોને શૂરવીરની જેવી દ્રઢતાથી પતિવ્રતા નારી જેવી પતિમાં નિષ્ઠા રાખે છે; તેવી પરમેશ્વરમાં રાખવી જોઈએ. ૧/૨૩૪.

થાય છે ને ભક્તિમાં તો સકામ ભક્તને પંચવિષયનો સંબંધ રહે છે એટલે અંતઃકરણ શુદ્ધ થાતું નથી માટે ભક્તિએ કરીને અંતઃકરણની શુદ્ધિ શાસ્ત્રમાં કહેતા નથી. ૨૩૫

અને 'ભક્તિ, તપ અને જ્ઞાન તથા વૈરાગ્ય, સ્વધર્મ અને વ્રતાદિક એમાં કોણ શ્રેષ્ઠ છે ?' તેનો ઉત્તર જે નિષ્કામભાવે કરીને કરે તો એ સર્વે શ્રેષ્ઠ છે, નહિ તો સર્વે સમાન છે. ૨૩૬

અને એક દિવસ જમ્યાની વાત નિસરી ત્યારે સ્વામીએ કહ્યું જે અમે સર્વે તપાસીને જોયું ત્યારે એમ જણાણું જે **રસે કરીને તો પ્રમાદ થયા વિના રહે જ નહિ.** ૨૩૭

અને સ્વામીએ વાત કરી જે જેમ છે તેમ સમજતાં પોતાની મેળે સર્વેને આવડતું નથી. અને કેટલાકને તો સમજાતું જ નથી ને કેટલાક સમજે છે પણ વિષયને મૂકી શકતા નથી કેમ જે જુવોને સાઠ હજાર વાલખિલ્ય ઋષિ છે તે સમજતા નથી ને બૃહસ્પતિ, ઈંદ્ર અને દક્ષાદિક તે સર્વે સમજે છે પણ તે વિષયને મૂકી શકતા નથી ને એમ સમજે છે જે આપણે તો એમજ રહેવાય. એમ મનમાં આંટી પાડી છે. તેમ આ લોકના ભક્તને વિષે પણ સમજણ છે. ત્યારે કોઈએ પૂછ્યું જે 'તે કેમ સમજણ રાખવી ?' ત્યારે સ્વામી કહે જે ધર્મજ્ઞાનાદિક સાધને કરીને બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ જે શ્રીહરિકૃષ્ણજી મહારાજ તેમને અતિશય શુદ્ધ ને અતિશય નિર્વિકાર ને સર્વ થકી પર ને સર્વેના અંતર્યામી ને સર્વેના પ્રેરક ને સર્વેના સ્વામી ને સર્વેના કર્તા ને સર્વેના કર્મફળપ્રદાતા એવા અનેક ગુણગણે યુક્ત સમજીને તેમની અતિશે દૃઢ ઉપાસના કરવી. ૨૩૮

અને જ્ઞાનશક્તિ,[1] ક્રિયાશક્તિ તથા ઈચ્છાશક્તિનાં લક્ષણ કહ્યાં જે

૧. **જ્ઞાનશક્તિ** : ભગવાન જીવને સુષુપ્તિમાંથી જગાડીને સર્વે ક્રિયાનું જ્ઞાન આપે છે તે. **ક્રિયાશક્તિ** : જીવ જે જે ક્રિયામાં પ્રવર્તે છે તે ભગવાનની જે ક્રિયાશક્તિ તેનું અવલંબન કરી પ્રવર્તે છે તે, અને **ઇચ્છાશક્તિ** : જીવ જે જે કોઈ પદાર્થની ઈચ્છાને પ્રાપ્ત થાય છે તે પરમેશ્વરની ઈચ્છાશક્તિને અવલંબને કરીને પ્રાપ્ત થાય છે તેને ઈચ્છાશક્તિ કહીએ. વચનામૃત ગઢડા પ્રથમનું ૬૫મું.





પરમેશ્વર શ્રીહરિજી મહારાજ તે જે તે પોતાની જે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ ને ઈચ્છાશક્તિ તેને અનુસારે પ્રેરે છે. તે વ્યાસજીએ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે **बुद्धीन्द्रियमन[1]ः प्राणान् जनानामसृजत्प्रभुः। मात्रार्थं च भवार्थं च ह्यात्मनेऽकल्पनाय च ॥** અને નરનારાયણ ભગવાનનું તપ પણ એમજ છે અને જ્ઞાનશક્તિ આદિક પણ એ પ્રમાણે છે. ૨૩૯

અને 'ઉત્તમ ભક્તને સુષુપ્તિની પેઠે વર્તે છે' એમ વચનામૃતનો પ્રસંગ નિસર્યો. ત્યારે હરિભક્તે શંકા કરી જે 'સુષુપ્તિમાં તો અજ્ઞાન છે ને જ્ઞાની ભક્તને તો તે ન હોય માટે એ કેમ સમજવું ?' ત્યારે સ્વામીએ કહ્યું જે જ્ઞાની ભક્તને સુષુપ્તિની પેઠે તો વિષયને વિષે વર્તવાપણું છે તે ભગવાને ગીતામાં કહ્યું છે જે - **या[2] निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी । यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥**

એમ પાટીદારનાં[3] તેર ગામના તથા ભંગિયાના ખાડાના તથા ગૃહસ્થના વ્યવહારના દૃષ્ટાંતે કરીને વાર્તા બહુ કરી. ૨૪૦

અને પ્રત્યક્ષ શ્રીહરિજી કે તેમના સંત મળ્યા એટલે કલ્યાણ તો થઈ રહ્યું પણ ત્રણ અંગે સહિત ભક્તિરૂપ સાધન કર્યા વિના કારણ દેહની વાસના

૧. **અર્થ :—** સર્વે જનનાં બુદ્ધિ, ઈન્દ્રિયો, મન અને પ્રાણ તેને ભગવાન જે તે સૃજતા હવા. તે જીવને વિષયભોગને અર્થે તથા જન્મને અર્થે તથા લોકાંતરમાં જવાને અર્થે તથા મોક્ષને અર્થે સૃજ્યાં છે. **—ભાગવત ૧૦-૮૭-૨** (વચનામૃત કારીયાણીનું ૧લું)

૨. **અર્થ :—** સર્વભૂત-પ્રાણીમાત્રની જે રાત્રિ-અજ્ઞાનરૂપ અંધકારમય છે, તેમાં સંયમી-જ્ઞાની પુરુષ જાગે છે-જાણપણે યુક્ત વર્તે છે. અને જેમાં ભૂત-પ્રાણીમાત્ર જાગે છે. સાવધાન વર્તે છે તે આત્મદર્શી મનનશીલ સંયમી પુરુષની રાત્રિ (તે તરફ અણગમો) છે. - **ગીતા ૨-૬૯.**

૩. ગુજરાતમાં તેર ગામના પાટીદાર લોકો પોતાને ઉત્તમ માને છે. માટે કન્યા પણ પરસ્પર તેરગામના પાટીદારોમાં જ દેવાય છે. તેમની સ્ત્રીઓ પરદાનશીન રહે છે, કોઈને મુખ દેખાડતી નથી, તે માટે અન્ય ગામોમાં કન્યા દેવાથી કીર્તિ ઓછી થવાનું માને છે. તેમજ ભંગી જાતને પણ પોતાના હાથ નીચેના પાયખાનામાં અભિમાન થાય છે. તથા ગૃહસ્થોને પણ પોતાના સ્ત્રી, પુત્ર, સસરા આદિકને વિષે અભિમાન થાય છે. ભગવદ્ભક્તને તેવા અભિમાનનો ત્યાગ કરવો જોઈએ.

નાશ પામતી નથી ને શ્રીજી મહારાજ પણ પ્રસન્ન થાતા નથી. ને તે સાધન તો એકાંતિક ભક્તના સંગે કરીને ને અતિ દૃઢ પુરુષપ્રયત્ને કરીને શીખે તો સિદ્ધ થાય છે એમ સમજ્યા વિના નિષ્કામ ભક્તિ થાતી નથી. ને જે **પોતાના મનને જાણ્યે ભક્તિ કરે છે તે તો સકામ થઈ જાય છે** ને **ભાગવત ધર્મમાં નવધા ભક્તિ સત્પુરુષ પાસેથી શીખ્યાનું કહ્યું છે** ને ભગવાને પણ ગીતામાં કહ્યું છે જે –

मां[1] च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान्ब्रह्मभूयाय कल्पते ॥

માટે **નિષ્કામપણે શ્રીજી મહારાજની પ્રસન્નતાને અર્થે ત્રણ અંગે સહિત ભક્તિ કરવી પણ બીજું કાંઈ ઇચ્છવું નહિ. એ એકાંતિક ભક્તની સમજણ છે ને જે સકામ ભક્તિ છે** તે તો દેહને અર્થે છે ને કામ, લોભ, રસાસ્વાદ, સ્નેહ ને માન ઈત્યાદિકને અર્થે થઈ જાય છે. તે સારુ સમજીને ભક્તિ આદિક સાધન કરવાં. ૨૪૧

એક દિવસ સ્વામીએ વાત કરી જે શહેરના ને ગામડાના હરિભક્તની સમજણ કેવી છે તે તમે ઓળખો છો ? ત્યારે સંતે કહ્યું જે 'નથી ઓળખતા'. પછી તે ઉપર સ્વામીએ વાત કરી જે જેમ બ્રહ્માદિકને અને ઈંદ્રાદિકને વિષય વિના ન ચાલે તેમ પરમેશ્વર વિના પણ ન ચાલે. તેમાં એટલો ફેર છે જે બ્રહ્માદિક છે તેતો દેશકાળાદિકના વિષમપણાને વિષે પણ પરમેશ્વરને મૂકી શકે નહિ ને વિષયને મૂકી દીએ ને ઈંદ્રાદિકને તો પરમેશ્વર જે તે દેશકાળાદિકની વિષમતાયે કરીને ગૌણ થઈ જાય પણ વિષયને મૂકી શકે નહિ. એવી રીતે ગામડાના તથા શહેરના હરિભક્તની સમજણ છે. ૨૪૨

અને સ્વામીએ વાત કરી જે માયા પર દિવ્ય ધામને વિષે એક મોટો ઓરડો છે ને તેને ચારે પાસ નાની નાની ઓરડીયું છે. તેમાં મોટા ઓરડામાં

૧. અર્થ :– જે મને અવ્યભિચારી-નિશ્ચળ ભક્તિયોગથી નિરંતર સેવે છે-ભજે છે. તે પુરુષ આ ત્રણેય ગુણો (સત્વ, રજ અને તમ)ને ઉલ્લંઘીને બ્રહ્મરૂપ થવાને માટે યોગ્ય બને છે. –ગીતા ૧૪-૨૬





તો પુરુષોત્તમ ભગવાન રહે છે ને એમની દૃઢ ઉપાસનાયે કરીને નક્કી હરિભક્ત થયા હોય ને ભગવાનનાં મનુષ્ય ચરિત્રને વિષે કોઈ દિવસ મોહ ન પામ્યા હોય એવા જે ભક્ત તેતો હજારો જીવનાં કલ્યાણ કરે એવા સમર્થ હોય છે ને જે ધર્મજ્ઞાનાદિકની પક્વતાયે કરીને એકાંતિકપણાને પામ્યો હોય તેની સામર્થીની વાત જુદી છે. ને તે પુરુષોત્તમ ભગવાન ભેગા જ રહે છે. ને જે નાની નાની ઓરડીયું છે તેમને વિષે સર્વે અવતાર રહે છે ને જે એમના ભક્ત છે તેતો પોતાનું કલ્યાણ કરે છે ને બીજાનાં તો માંડ માંડ કરે એવા છે ને તે તેમની સાથે જ રહે છે. માટે પુરુષોત્તમ અને તેમના ભક્ત તેતો બહુ શ્રેષ્ઠ છે. ૨૪૩

અને 'સદ્‌ગુરુ ને સત્‌શાસ્ત્રે કરીને દૃઢ વૈરાગ્યને પામ્યો હોય અને દૃઢ શ્રદ્ધાવાન હોય ને અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યને અતિશે દૃઢ પાળતો હોય ને અહિંસા ધર્મને વિષે દૃઢ પ્રીતિવાન હોય ને આત્મનિષ્ઠા પણ અતિ પરિપક્વ હોય તેને માથેથી જન્મ મરણની નિવૃત્તિ થઈ જાય છે. એમ શ્રીજી મહારાજે વચનામૃતમાં[1] કહ્યું છે તે સાચું કહ્યું છે કે ફોસલાવવાને અર્થે કહ્યું છે ?' ત્યારે સંત કહે 'એતો સાચું જ કહ્યું છે.' ત્યારે કહે 'એમ કેમ વર્તાતું નથી ?' ત્યારે સંત કહે 'એટલી ભૂલ છે' અને એકે કહ્યું જે 'પ્રમાદ છે' પછી સંતે પૂછ્યું જે 'એ સાધન કેમ શીખવાં ?' ત્યારે સ્વામી કહે **નિત્યપ્રલયાદિકના વિચારે કરીને વૈરાગ્ય શીખવો ને સત્ અસત્‌ના વિવેકે કરીને આત્મનિષ્ઠા શીખવી.** ને એમ વર્તવાને વિષે શ્રદ્ધા જે ત્વરા તે શીખવી, એવી રીતે સર્વે ગુણ સત્પુરુષ પાસેથી શીખવા. ૨૪૪

અને શાંતાનંદ સ્વામીએ પૂછ્યું જે ''વૈરાગ્યાદિક ગુણનો અવધિ છે કે નહિ ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે શ્રીહરિજી મહારાજના ચરણકમળ વિના ક્યાંય અણુમાત્ર પણ પ્રીતિ ન રહે એ વૈરાગ્યનો અવધિ છે ને ઉર્ધ્વરેતા થવાય એ બ્રહ્મચર્યનો અવધિ છે ને શ્રીહરિજીની કથાવાર્તાદિકના શ્રવણ, મનન ને નિદિધ્યાસને વિષે અતિશય ત્વરા વર્તે એ શ્રદ્ધાનો અવધિ છે. ૨૪૫

૧. વચનામૃત સારંગપુરનું ૧૧મું.

અને સ્વામીએ વાત કરી જે આ સર્વે ગરીબ જેવા જણાય છે પણ એક એક બ્રહ્માંડની ક્રિયા કરે એટલી એટલી પ્રવૃત્તિ એ સર્વેને વિષે રહી છે. ને જેને પંચવિષયની વાસના લગાર જો રહી હોય તો જ્યારે તેને સ્વતંત્રપણું આવે ત્યારે સર્વે બ્રહ્માંડના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને ભોગવે તો પણ પૂર્ણ થવાય નહિ. માટે ધર્મજ્ઞાનાદિક ગુણને વિષે પક્વ રુચિ જો કરી હોય તો જ્યારે એને સ્વતંત્રપણું આવે ત્યારે તે દત્તાત્રેય કે કપિલજી કે શુકજી કે રામાનુજાચાર્ય જેવા થાય. માટે પુરુષપ્રયત્ને કરીને મહિમા પૂર્વક અંગે સહિત ભક્તિ કરવી. ને એને વિષે અતિ દૃઢ રુચિ રાખવી. એજ સત્સંગ કર્યાનું ફળ છે. ૨૪૬

અને 'વ્યવહારમાં રહીને શ્રીજી મહારાજ કેમ મુખ્ય રહે ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે શ્રીહરિજીનો મહિમા સમજીને વ્યવહાર કરે તો શ્રીજી મહારાજ મુખ્ય રહે. જેમ ચક્રવર્તી રાજા હોય તેના મહિમાને જાણીને તેના જે કામદાર હોય તે કામકાજ કર્યા કરે છે. તેમ શ્રીહરિજીનો મહિમા સમજીને વ્યવહાર કરે તો પરમેશ્વર મુખ્ય રહે. ત્યારે શંકા કરી જે 'મહિમા સમજીને વ્યવહાર કરે તો પણ વ્યવહાર મુખ્ય થયા વિના કેમ રહે ?' ત્યારે સ્વામી કહે પ્રથમથી જ નિત્યપ્રલયાદિકનો વિચાર કરીને ને પીંડ બ્રહ્માંડને અતિ અસાર જાણીને સત્ અસત્‌ના વિવેકે કરીને વ્યવહારના રૂપને સ્વપ્ન તુલ્ય યથાર્થ અસત્ય સમજ્યો હોય તો વ્યવહાર મુખ્ય થાય નહિ ને પરમેશ્વર મુખ્ય રહે. ને એમ ન સમજ્યો હોય તો સંસાર મુખ્ય થઈ જાય. ૨૪૭

અને શાંતાનંદ સ્વામીએ પૂછ્યું જે 'માણસ સત્સંગી ક્યારે થાય ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેણે જ્યારથી વર્તમાન ધાર્યા ત્યારથી તે સત્સંગી તો થયો ત્યાં દૃષ્ટાંત જેમ કુંભારે ચક્ર ઉપર માટીનો પીંડો ઘડો કરવાને અર્થે મૂક્યો ત્યારથી એનું નામ ઘડો પડ્યું. પણ એ ચક્રથી ઉતરશે ને તડકે સુકવશે ને ઘડશે ને નિંભાડામાં બાળશે પછી પાણી ભરીને વાવરશે. તે એટલે ઠેકાણે જો નક્કી રહ્યો તો જાણીએ જે હવે આ નિવડ્યો ને નક્કી થયો તેમ ભગવાનના માહાત્મ્ય પૂર્વક અંગે સહિત ભક્તિ કરતે કરતે આત્માને વિષે જ્યારે પરમાત્માનું દર્શન થાય ત્યારે સત્સંગ સંપૂર્ણ થયો જાણવો. તે એકાદશીના વચનામૃતને[1]

૧. વચનામૃત ગઢડા મધ્યનું ૮મું.





વિષે કહ્યું છે જે'યજ્ઞ કરતે કરતે હૃદયને વિષે પુરુષોત્તમ ભગવાન જ્યારે દર્શન આપે ત્યારે યજ્ઞ પૂરો થયો જાણવો.' **માટે ઇંદ્રિયોની વૃત્તિઓને ભગવાનના સ્વરૂપને વિષે હોમ્યા રૂપ જે યજ્ઞ તે નિરંતર કર્યા કરવો.** ૨૪૮

એક દિવસ સ્વામીએ ઉપાસનાની વાત કરી જે આપણે જેમ શ્રીજી મહારાજને પુરુષોત્તમ ભગવાન કહીએ છીએ તેમ રામચંદ્રજી આદિકના ઉપાસક તે પણ પોતપોતાના ઈષ્ટદેવને પુરુષોત્તમ કહે છે. એમજ આપણે કહી છીએ કે બીજી રીતે છે ? એમ પોતાનું મન શંકા કરે કે કોઈક પ્રતિપક્ષી પૂછે ત્યારે જો દૃઢ ઠેરાવ ન કર્યો હોય તો પોતાને શંકા થાય ને ઉત્તર પણ નિઃશંકપણે યથાર્થ થાય નહિ. માટે પુરુષોત્તમપણાનો દૃઢ ઠેરાવ કરવો. ત્યારે સંતે શંકા કરી જે 'કેમ સમજે તો નિઃશંકપણે પુરુષોત્તમપણાનો દૃઢ ઠેરાવ થાય ?' ત્યારે સ્વામી કહે જ્યારે શ્રીજી મહારાજ પ્રગટ થયા ત્યારે જે જે અવતારના ઉપાસક શ્રીજી મહારાજને દર્શને આવતા તે સર્વેને મહારાજ ભજનમાં બેસારીને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવતા. એવી રીતે ચોવીશેય અવતારનાં દર્શન કરાવીને તથા મુસલમાનને અલ્લાનાં અને શ્રાવકને તીર્થંકરનાં દર્શન કરાવીને તે સર્વેને પોતાનો આશ્રય કરાવતા તથા વ્યાપકાનંદ સ્વામીને પોતાને વિષે ચોવીશ અવતાર લીન કરીને પોતાના પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવ્યો. તથા હરિભક્ત પર્વતભાઈએ એમ સંકલ્પ કર્યો જે 'પરમેશ્વરના અવતાર કેવા હશે?' ત્યારે તે ભક્તની આગળ આવીને ચોવીશેય અવતારોએ દર્શન આપ્યાં. ને બ્રહ્મપુરને વિષે પોતાનાં દર્શન જેવા તેવા જીવને સહેજે કરાવતા. એવી જાતની અનેક પ્રકારની સામર્થી સત્સંગમાંથી સમજીને શ્રીજી મહારાજને વિષે પુરુષોત્તમપણાની ઉપાસના નિઃશંકપણે અતિ દૃઢ કરવી. ને જે સ્વયં પુરુષોત્તમ ભગવાન છે તેતો આ ફેરેજ આવ્યા છે એ વાર્તા પરમ સત્ય છે ને વળી પરમેશ્વરની મરજીને જાણે એવા જે પરમ ભાગવત ભક્ત તેમણે કહી છે. ૨૪૯

અને એક સમે વાર્તાનો પ્રસંગ નિસર્યો તે સમે સ્વામી બોલ્યા જે, સર્વે પોતાની મેળે ઠેરાવ કરી લે છે પણ શુદ્ધ પરંપરાએ કરીને કરતા નથી. ત્યારે સંતે પૂછ્યું જે 'શુદ્ધ પરંપરા કેમ સમજવી ?' ત્યારે સ્વામી કહે, પુરુષોત્તમ ભગવાન

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ.

કે તેમના એકાંતિક ભક્ત તેમની પાસેથી શ્રીહરિકૃષ્ણ મહારાજના અવતારની રીતને સમજે તથા એકાંતિકની સમજણને સમજે તથા બ્રહ્મપુર, ગોલોક આદિક ધામના મહિમાને સમજે તથા તે ધામના પાર્ષદોનો અને મૃત્યુલોકના પાર્ષદોનો મહિમા સમજે તથા આ લોકનાં તીર્થોનો અને ધામોનો મહિમા સમજે તેને શુદ્ધ પરંપરા કહીએ, ને એમ સમજ્યા વિના તો કેટલાક આત્માનંદ સ્વામીને તથા રામાનંદ સ્વામીને તથા નરનારાયણાદિકને પણ પુરુષોત્તમ સમજે છે. માટે એ કહી એવી શુદ્ધ પરંપરાની રીતે કરીને પુરુષોત્તમને સમજવા. ૨૫૦

અને 'સર્વે સંત શ્રીહરિજીની ભક્તિ કરે છે તેમાં કેટલાક તો જ્ઞાન શીખે છે ને કેટલાક તો વૈરાગ્ય શીખે છે ને કેટલાક ધર્મ ને કેટલાક ભક્તિ શીખે છે, પણ પરસ્પર ઈર્ષ્યા શા સારુ કરે છે ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે શ્રીજી મહારાજ તથા તેમને અતિ વહાલા એવા જે એકાંતિક ભક્ત તે પાસેથી નવધા ભક્તિ તથા પ્રેમલક્ષણા ભક્તિ શીખીને ને તેનો મર્મ સમજીને નિષ્કામભાવે કરીને કરે તો ઈર્ષ્યા[1] ન આવે. પણ એવી રીતે સત્પુરુષ પાસેથી તો શીખતા નથી ને પોતાની મેળે અહંમમત્વ સોતા કરે છે માટે પરસ્પર ઈર્ષ્યા થાય છે. ૨૫૧

અને એક દિવસ સ્વામીએ ધર્મ, અર્થ, કામ ને મોક્ષ પર એવા જે ચાર પ્રકારના પુરુષ તેમની વાર્તા કરી દેખાડી જે મોક્ષપર વર્તતા હોય તેમના મનમાં કોઈ પદાર્થની સ્પૃહા ન હોય. તે ગમે તો સ્ત્રીપુત્રાદિક નાશ પામી જાઓ કે લાખોની દોલત હોય તે જતી રહો કે ગામ ગરાસ હોય તે પણ જાતાં રહો પણ તેના અંતરમાં ખટક કે મૂંઝવણ થાય નહિ ને નરસી મહેતાની પેઠે શ્રીહરિજીનું ભજન સુખેથી કર્યા કરે પણ અંતરમાં બીજાની પેઠે દુઃખીયો થાય નહિ. ને એ મોક્ષાર્થી જે તે અર્થાદિકનો સંગ્રહ કરતા નથી ને જે કરે છે તે પણ

૧. અહીં **રહસ્ય** એ છે કે–શ્રીહરિમાં સર્વોત્કૃષ્ટ ભક્તિ અને ઉપાસના જ મોક્ષનું મુખ્ય સાધન છે, શ્રીહરિ અવતારી પૂર્ણ પુરુષોત્તમ છે, તેમણે પોતાના ભક્તોને અન્ય અવતારોના રૂપમાં દર્શન આપ્યા છે, તે જ સ્વરૂપો મંદિરોમાં પધરાવેલા છે. માટે તે તે સ્વરૂપો દ્વારા અવતારી શ્રીહરિ જ બિરાજે છે એમ સત્પુરૂષ દ્વારા સમજે તો પરસ્પર ખંડન અથવા ઈર્ષ્યાનો પ્રસંગ જ ન રહે.





ઉપર કહ્યું એમ સમજીને કરે છે. ને કલ્યાણરૂપ ધર્મમાં રહીને અર્થને ઉપજાવે છે ને તે ધર્મરૂપ જે અર્થ છે તેનું ફળ વિષય ભોગજ છે એમ નથી સમજતાં. ને તે વિષય ભોગનું પણ ઈંદ્રિયુંને લડાવવી એજ ફળ નથી જાણતા પણ દેહ રહે એટલું જ ફળ સમજે છે. ને તે દેહ રાખ્યાનું ફળ પણ એમ સમજે છે જે **'અંગે સહિત ભક્તિ કરીને શ્રીહરિજી મહારાજના એકાંતિક ભક્ત થાવું.'** ને જે અજ્ઞાની છે તેતો એમ સમજે છે જે ધર્મનું ફળ ધન મળ્યું એ છે, ને ધનનું ફળ વિષય ભોગવવા એ છે, ને તેનું ફળ ઈંદ્રિયુંને લડાવવી એ છે ને ફરી પણ એમને એમ કર્યા કરવું એવી અસત્ સમજણની શાસ્ત્રમાં ના પાડી છે. તે ઉપર શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધમાં શ્લોક છે જે –

[1]धर्मस्य ह्यापवर्ग्यस्य नार्थोऽर्थायोपकल्पते ।
नार्थस्य धर्मैकान्तस्य कामो लाभाय हि स्मृतः ॥
कामस्य नेन्द्रियप्रीतिर्लाभो जीवेत यावता ।
जीवस्य तत्त्वजिज्ञासा नार्थो यश्चेह कर्मभिः ॥

અને જે અર્થપર વર્તે છે તે પણ ધર્મમાં રહીને અર્થનો સંગ્રહ કરે છે. ને જે ધર્મપર વર્તે છે તે પણ ધર્મ સોતાજ અર્થને ભેગા કરે છે ને એ બેય જણા અર્થને મોક્ષના માર્ગને વિષે વાવરે છે માટે એ પણ ઠીક સમજે છે. ને જે કામપર વર્તે છે તે તો અર્થને ને ધર્મને કામ પર કરે છે. માટે એની સમજણ સારી નથી. ૨૫૨

અને સંતસભામાં પ્રસંગ નિસર્યો જે 'સરલ સ્વભાવ સારો છે' ત્યારે સ્વામી કહે જે સરલ સ્વભાવને વિષે એ દોષ છે જે સત્પુરુષના સંગે કરીને ધર્મજ્ઞાનાદિકે સહિત શ્રીહરિજી મહારાજની ભક્તિ કરતો હોય ને તેને અલ્પબુદ્ધિવાળો ભક્ત મળે ને આડી અવળી વાર્તા કરીને કોઈક બીજે માર્ગે

૧. **અર્થ :–** મોક્ષ સંબંધી ધર્મનું પ્રયોજન દ્રવ્ય નથી. મોક્ષ સંબંધી દ્રવ્યનું પ્રયોજન ભોગ પ્રાપ્તિ નથી. મોક્ષ સંબંધી ભોગ ઈંદ્રિયોની પ્રીતિ માટે નથી હોતા. મુમુક્ષુ ભોગનો ઉપભોગ એટલીજ માત્રામાં કરે છે કે જેનાથી જીવનનિર્વાહ થાય અને જીવનનું પ્રયોજન પણ મોક્ષ છે પરંતુ કર્મોથી પ્રાપ્ત થતાં નાશવંત પદાર્થો નથી. **(ભાગ. ૧-૨-૯/૧૦).**

ચઢાવી દીએ તો ચઢી જાય માટે **સર્વે ઠેકાણે સરલપણું ઠીક નહીં ને જ્યાં રાખવું ઘટે ત્યાં સમજીને રાખે તો સરલપણું ઠીક છે ને આંટી પણ જ્યાં રાખવી ઘટે ત્યાં ધર્માદિક પાળવામાં સમજીને રાખે ને જ્યાં ન રાખવી ઘટે ત્યાં ન રાખે તો સમજુ કહેવાય,** નહિ તો સ્વભાવવશ કહેવાય. ૨૫૩

અને 'ધીરજ ટાણા ઉપર રહેતી નથી તે કેમ સમજે તો રહે ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે, શ્રીજી મહારાજની ભક્તિ માહાત્મ્યે સહિત હોય ને આત્મનિષ્ઠાનો વિચાર અતિ પક્વ હોય તો રહે. ને તે ધીરજ પણ ત્રણ પ્રકારની છે તેમાં એકને તો ક્રિયા કરતાં પણ રહે, ને બીજાને ક્રિયા કરતાં મધ્યે સાંભરી આવે ને ત્રીજાને ક્રિયા કરી રહે ત્યારે સાંભરે. એ ત્રણેય ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ કહેવાય ને જેને સાંભરે જ નહિ તેતો અધમ કહેવાય. જેમ મુક્તાનંદ સ્વામીને કોઈક ભક્તજન કાંઈક વાત કહેવા આવે ત્યારે પ્રથમ તો તે સામું જોઈ રહેતા ને તપાસ કરતા. પછી કહેવું ઘટે તો કહેતા, નહિ તો અંતરદષ્ટિ કરીને શ્રીહરિજીના ભજનમાં મંડ્યા રહેતા. એવી રીતનો બળિયો વિચાર હોય તો ટાણા ઉપર ધીરજ રહે. માટે પીંડબ્રહ્માંડને સ્વપ્ન તુલ્ય, અતિ અસાર ને કાખના મુવાળા જેવાં સમજીને ત્રણ શરીર થકી પૃથક્ જાણપણારૂપે નિરંતર વર્ત્યા કરે તો ટાણા ઉપર ધીરજ રહે છે. તે ઉપર જડભરત[1] તથા અખંડાનંદ[2] સ્વામીનાં દષ્ટાંતે કરીને વાર્તા બહુ કરી. ૨૫૪

અને સંતે પૂછ્યું જે 'અવતાર સર્વે સરખા છે કે કાંઈ ભિન્નભાવ છે ?' ત્યારે બીજા સંત કહે જે 'સરખા છે.' ત્યારે શંકા કરી જે 'સામર્થીમાં ન્યૂનાધિક

૧. ઋષભદેવ ભગવાનના પુત્ર ભરતજીને મૃગલામાં આસક્તિ રહી તેથી મૃગનો દેહ આવ્યો, ત્યારબાદ ફરી મનુષ્ય જન્મ આવ્યો ત્યારે કોઈ જગ્યાએ આસક્તિ ન થઈ જાય તે માટે જાણીને ગાંડાની પેઠે વર્ત્યા, તેથી જડભરત કહેવાયા. તે વખતે તેમનું શરીર પુષ્ટ જોઈને દેવી ભક્તો તેમનું બલિદાન-ભોગ દેવીને આપવા માટે તેમને લઈ ગયા અને મારવા માંડ્યા તો પણ ધીરજ ડગી નહિ.

૨. સ.ગુ. અખંડાનંદ સ્વામી શ્રીજીમહારાજના આશ્રિત મહાન સંત હતા. તેમને જંગલમાં વાઘ મળ્યો ને તેમને મારવા નજીક આવ્યો, તોય સ્વામીની ધીરજ ડગી નહિ. આ રીતે આત્મનિષ્ઠા દૃઢ કરવી જોઈએ.





કેમ છે ?' ત્યારે તે સંત કહે 'એતો જ્યાં જેટલી જણાવવી ઘટે ત્યાં તેટલી જણાવે છે.' તે સાંભળીને સ્વામી કહે અવતાર સર્વે સરખા કહેવાય નહિ. તેમાં કોઈ આવેશાવતાર[1] ને કોઈ કળાવતાર[2] પણ હોય. ને એમ ન કહીએ તો પરશુરામજી તથા વ્યાસજી તે ચિરંજીવી રહ્યા છે તે આવતા મન્વંતરને વિષે સપ્તઋષિ થાશે તે કેમ ઘટે ? અને શ્રીજી મહારાજ જ્યારે પ્રગટ થયા ત્યારે જે જે અવતારના ઉપાસક દર્શને આવતા તેને તેતે મૂર્તિઓનાં દર્શન કરાવતા ને વ્યાપકાનંદ સ્વામીને વિષે ચોવીશ અવતાર લીન કરાવી દીધા ને તે પર્વતભાઈ પટેલના સાંતીને આગળ ને આગળ ફરતા ને આ વિજ્ઞાનદાસજી તો શ્રીજી મહારાજની ઉપર મોટા મોટા અવતાર પણ ચમર ઢોળે છે ને છત્ર ધરે છે એમ દેખે છે માટે **સર્વે આવિર્ભાવ તો પુરુષોત્તમ ભગવાનના ભક્તમાં જણાય છે.** એ વાત સાંભળીને કેટલાક તો દિગ્મૂઢ જેવા થઈ ગયા ને ઘડીક પછી બોલ્યા જે 'એ વાત શાસ્ત્રમાં હશે, ને શ્રીજી મહારાજને મુખેથી શ્રવણ કરી છે ?' ત્યારે સ્વામી કહે : શ્રીજીને મુખેથી તો ઘણીવાર શ્રવણ કર્યું હોય પણ સમજણમાં આવવું કઠણ છે ને શાસ્ત્રમાં પણ હોય પણ તે અતિ મોટા પુરુષ પાસેથી સમજાય છે. ત્યારે સંતે પૂછ્યું જે 'આજ વર્તમાન કાળે એવા મહત્પુરુષ હશે ને તેમને બ્રહ્મપુરના મુક્તોની પેઠે દર્શન દેતા હશે ?' ત્યારે સ્વામી કહે **એવા મોટા પુરુષ તો આપણી સમીપમાં બેઠા હોય તો પણ તે ઓળખવા કઠણ છે** ને જેમ બ્રહ્મપુરને વિષે મુક્તોને શ્રીજી મહારાજ દર્શન દીએ છે તેમજ તે એકાંતિકને પણ પૃથ્વી ઉપર દર્શન આપે છે ને તે સાથે વાર્તા પણ કરે છે ને કોઈ ક્રિયા ન આવડે તો તે ભક્તને શીખવી દીયે છે. ને તે ભક્ત પણ કોઈક વાત પૂછવી હોય તો પૂછી લીએ છે. એમ એ સત્પુરુષને ને ભગવાનને અતિ સાધર્મ્યપણું વર્તે છે ને જેમ અતિ હેતવાળા બે મિત્ર હોય તેમને કોઈ વાતનો પરસ્પર અંતરાય રહેતો નથી તેમ એ ભક્ત પણ શ્રીહરિજી મહારાજને વિષે અતિશે હેતે કરીને જોડાઈ જાય છે તેથી તેને પરસ્પર કોઈ રીતનો અંતરાય

૧. પરશુરામ, નારદ, સનકાદિક વગેરે.

૨. જ્ઞાન પ્રચાર માટે આવેલા કપિલજી તથા વ્યાસજી વગેરે.

રહેતો નથી. ને આજના ભક્તોની સામર્થી તો જુઓ ! સંતદાસજી બદરિકાશ્રમમાં જઈને આવ્યા ને સચ્ચિદાનંદ સ્વામીને બેડી તથા તાળાં તથા ભીંત તથા નદી તથા ગઢ આદિક કોઈ આવરણ નડ્યાં નહિ. ને રતનાભક્તને પણ તાળાં ને ભીંત આડ્ય કરી શક્યાં નહિ. ને વશરામભક્ત સુતારના સંકલ્પે કરીને લાખો કીડીયું દિવ્યરૂપ ધરીને વિમાનમાં બેસીને પરમેશ્વરના ધામને પામીયું. એવી અનેક પ્રકારની વાત આ સત્સંગમાં છે. ૨૫૫

અને 'જીવ સર્વે સરખા છે કે નાના મોટા છે ? એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જીવ સર્વે જાણપણારૂપે તો સરખા છે પણ જેમ શ્રીજી મહારાજનો મહિમા સમજાતો જાય ને ધર્મ જ્ઞાનાદિક સાધન અતિ દૃઢ થાતાં જાય તેમ તેમ તેજ, પ્રતાપ ને ઐશ્વર્યાદિક સર્વે એ ભક્તને પ્રાપ્ત થતાં જાય છે ને એ વાર્તા શ્રીજી મહારાજે સારંગપુરના મુક્તના ભેદના વચનામૃતમાં[1] પણ કહી છે. ૨૫૬

અને સર્વે સંત તથા હરિભક્તને ઉપાસના અને ભજન સ્મરણાદિક સર્વે સરખાં છે તોપણ તેમાં નાના મોટા કેમ થઈ જાય છે ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેમ ક્ષેત્રમાં ખેડુ બીજ વાવે છે તેમાં પણ નાના મોટા છોડવા થઈ જાય છે તેતો ખાતર કે ધરતીના ફેરથી થાય છે, તેમ હરિજનને પણ **સંગ, સાધન, શ્રદ્ધા, ઉપાસના કે શ્રીજીની શ્રવણાદિક ભક્તિ કરવી તેમાં જેટલો ફેર રહે છે તેટલી હરિભક્તમાં નાનપ મોટપ રહે છે.** ૨૫૭

અને 'પૃથ્વી ઉપર ચાલતા હોય તે તો પડે પણ જે આકાશ માર્ગે ગતિ કરતા હોય તે કેમ પડે છે ? તે આકાશ માર્ગે ગતિ કરનારા તો સમાધિવાળા ભક્ત કહેવાય ને તે તો સર્વે હરિજનને બ્રહ્મપુરને વિષે તેજોમય શરીરવાળા દેખે છે તે કેમ સત્સંગમાંથી પડી જાય છે ?' ત્યારે સ્વામી કહે એ વાર્તા તો એમ છે જે અતિ દૃઢ શ્રીજી મહારાજના ભક્ત ન હોય તે યોગભ્રષ્ટ થાય છે પણ પડતા નથી. તે ગીતામાં કહ્યું છે જે—

૧. વચનામૃત સારંગપુર ૧૭.





पार्थ[1] नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥
प्राप्य पुण्यकृत्ताँल्लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥

ને વળી **જ્યાં સુધી તે એકાંતિક ભક્ત ન થયો હોય ત્યાં સુધી તેને ઇંદ્રિયો અંતઃકરણરૂપ માયા જે તે પીડે છે. ને એકાંતિક ભક્તને તો માયા સહાય કરે છે.** જેમ ગુણબુદ્ધિવાળા સત્સંગીને કુસંગી ડગાવે છે ને જે નક્કી સત્સંગી છે તેની તો ખુશામત કરે છે. એમ શ્રીજી મહારાજે લોયાના વચનામૃતમાં કહ્યું છે. ૨૫૮

અને 'દેહ તો નર્કરૂપ છે તેની પૂજા સેવાદિકે કરીને શું ફળ થાય ?' તેનો ઉત્તર સ્વામી કહે જે એમ તો મુમુક્ષુએ પોતાના દેહને સમજવો. ને સત્પુરુષનાં શરીર છે તે તો નિર્ગુણ છે. જુવોને સચ્ચિદાનંદ સ્વામીના શરીરને બેડી, ભીંત ને તાળાં સોતાં કમાડ એ કોઈ આડાં આવ્યા જ નહિ, ને સંતદાસજીને પણ હિમાળો રોકી શક્યો નહિ ને વિજ્ઞાનદાસજીને પણ તાળાં સોતાં કમાડ ને ભીંત આડાં (આવરણ રૂપ) ન થયાં ને એમના દેહ આકાશ માર્ગે ઉડીને ગોલોકમાં વિરજ્યા નદીને વિષે જળ પાન કરીને પાછાં જ્યાં હતાં ત્યાં આવ્યા માટે એ સર્વે બ્રહ્મરૂપ હતા તો આવરણ કોઈ આડું ન આવ્યું. તે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે '**गुणापाये ब्रह्मशरीरमेति**' એવી રીતે જે ભજન સ્મરણે કરીને તથા ધર્માદિક સાધનની પક્વતાયે કરીને ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તેતો નિર્ગુણ છે ને વચનામૃતમાં[2] પણ શ્રીજી મહારાજે કહ્યું છે જે 'છ લક્ષણે યુક્ત જે ભક્ત છે તેને પૂજ્યે પરમેશ્વર પૂજાય છે ને તેનો દ્રોહ કરે તો શ્રીહરિજીનો દ્રોહ થાય છે'

૧. **અર્થ :—** હે પાર્થ ! યોગભ્રષ્ટ આ લોકમાં પોતાનો માર્ગ ક્યારેય ચૂકતો નથી. પરલોકમાં પણ તેની અધોગતિ થતી નથી. હે તાત ! મોક્ષસાધનમાં ઉપયોગી કર્મને કરનારા પુરુષની ક્યારેય પણ અસદ્‌ગતિ થતી નથી. પુણ્યશાળીઓને પામવા યોગ્ય લોકને પામીને ત્યાં બહુકાળ ભોગ ભોગવીને પવિત્ર શુદ્ધ આચારવાળા મોક્ષોપયોગી સમૃદ્ધિએ યુક્ત શ્રીમંતના ઘેર એ યોગભ્રષ્ટ જન્મે છે. **—ગીતા ૬-૪૦/૪૧.**

૨. વચના. ગઢડા અંત્યનું ૩૫મું.

साक्षात्संबंधतो[1] यस्य कर्ता श्रद्धा च कर्म च ।
ज्ञानं स्थानं च द्रव्यादि गुणवच्चापि निर्गुणम् ॥

એમ કહીને ધર્માદિક ચાર સાધનની તથા સંત અસંતની અતિશે વાર્તા કરી. ૨૫૯

અને સ્વામીએ વાત કરી જે મુક્તબુદ્ધિ શીખવી ને તેતો સત્વગુણી હોય તેનાથી શીખાય છે તેનું લક્ષણ જે—

**प्रवृत्तिं[2] च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।**
**बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ॥** ૨૬૦

અને એક દિવસ સ્વામીએ વાત કરી જે ઇન્દ્રિયોમાં, અંતઃકરણમાં ને કારણદેહમાં ધ્યાન સર્વે કરીએ છીએ પણ સત્ અસત્‌નો વિચાર કરીને ત્રણ શરીરથી જુદા પડીને જીવમાં ધ્યાન કરે તો શુદ્ધ થાય છે. તે શ્રીજીએ વચનામૃતમાં[3] કહ્યું છે જે 'નાહિ ધોઈને પૂજા કરવી, અને વળી જેમ શાહુકાર અન્ન જળ દેવારૂપ સદાવ્રતની પેઢી કરી જાય છે. તેમ **શ્રીજી મહારાજ કલ્યાણરૂપ સદાવ્રતની પેઢી કરી ગયા છે** ને જે ધર્મને વિષે દઢપણે વર્તતો હોય ને સત્પુરુષનો અતિ દઢ વિશ્વાસ હોય તો તેને ગમે તેવું કઠણ પ્રારબ્ધ હોય તો પણ તે ટળી જાય છે. ૨૬૧

અને પુરુષોત્તમ ભગવાન તે અક્ષર, મૂળપુરુષ પ્રધાનપુરુષ ને વિરાટાદિક એ સર્વેને વિષે સાક્ષીરૂપે કેમ રહ્યા છે ?' એ પ્રશ્નનો ઉત્તર જે જેમ શ્રીજી મહારાજની આજ્ઞા આચાર્યજી મહારાજ ઉપર છે ને તેમની આજ્ઞા મોટા સાધુ

૧. **અર્થ :—** જે ભગવાનનો સાક્ષાત સંબંધ થવાથી તે કર્તા, તેમાં રહેલી શ્રદ્ધા, તેણે કરેલા કર્મો, જ્ઞાન, સ્થાન અને દ્રવ્ય વગેરે માયાના ગુણવાળા હોવા છતાં પણ નિર્ગુણ બની જાય છે. — **સત્સંગિજીવન ૧-૩૪-૧૦ (હરિગીતા)**

૨. **અર્થ :—** હે પાર્થ ! અર્થ કામના સાધનભૂત પ્રવૃત્તિ, મોક્ષના ઉપાયભૂત નિવૃત્તિ, કરવા યોગ્ય તથા ન કરવા યોગ્ય એવાં કાર્યો, ભય તથા અભય, સંસારનું બંધન તથા મોક્ષનું સ્વરૂપ, જે બુદ્ધિથી જાણી શકાય છે તે સાત્વિકી બુદ્ધિ કહેવાય છે. **—ગીતા ૧૮-૩૦**

૩. વચનામૃત અમદાવાદનું ૨જું.





ઉપર હોય ને તેમની આજ્ઞા મંડળના સાધુ ઉપર હોય એવી રીતે રહ્યા છે ને એમાં જે તારતમ્યપણું[1] છે તેને શ્રીજી મહારાજ જાણે છે કે જેના ઉપર એમની પ્રસન્નતા હોય છે એવા મોટા સંત જાણે છે પણ બીજો કોઈ કોટિ ઉપાયે કરીને પણ જાણી શકે નહિ. ૨૬૨

અને કાળ કર્માદિકને વિષે જે કર્તાપણાનો વિશ્વાસ તેતો મોટા ઋષિઓને છે ને કેટલાક આધુનિક પંડિતોને તો તે પણ નથી ને નાસ્તિક જેવા જ છે. ને જે શ્રીજી મહારાજના ભક્ત છે તેતો પુરુષોત્તમ ભગવાનને જ જગતના કર્તા માને છે ને બીજા કોઈને માનતા નથી. ૨૬૩

અને 'નિષ્ઠા ને મહિમા એક છે કે જુદાં છે ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે, નિષ્ઠા તો એને કહીએ જે એક પુરુષોત્તમને વિષે જ સર્વનું અંતર્યામીપણું, તથા સર્વનું કર્તાપણું તથા સર્વનું આધારપણું તથા સર્વનું પ્રેરકપણું રહેલું છે એવી રીતે અંતઃકરણમાં નિરંતર દઢ વર્ત્યા કરે તેને (નિષ્ઠા) કહીએ. ને મહિમા તો આવે ને જાય પણ ખરો પણ એવી વાર્તાનું શ્રવણ, મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે તો મહિમા નિરંતર રહે ને સાક્ષાત્કાર થાય. જેમ કોઈ શ્લોક કે કીર્તન મુખપાઠ કરેલ હોય તેને વરસ છ મહિના સુધી ખટકો રાખીને વાર્તા કર્યામાં લાવ્યા કરે કે સંભાર્યા કરે તો પક્વ થાય. ૨૬૪

અને એકાંતિક ભક્તની વૃત્તિમાં ભગવાન રહ્યા છે તે એવા ભક્તનું વર્તન કેવી જાતનું હોય ?' એ પ્રશ્નનો ઉત્તર જે, એવાની જે ક્રિયા તે આચાર્યજી મહારાજને અર્થે હોય કે મંદિરને અર્થે હોય પણ પોતાને અર્થે ન હોય ને જે એવા ગૃહસ્થ હરિભક્ત હોય તેને પણ—

प्रसंगमजरं[2] पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

૧. ચઢતા-ઉતરતાપણું, ન્યૂનાધિકપણું.

૨. **અર્થ :—** જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દઢ પ્રસંગ છે તેવોને તેવોજ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. **—ભાગવત ૩-૨૫-૨૦**

એ શ્લોકમાં કહ્યું છે એવી રીતે સત્સંગને વિષે મમત્વ હોય. ૨૬૫

અને આજ તો અક્ષરના મુક્ત પણ કથાવાર્તા સાંભળવા આવે છે. તે એવો અહીંયા શો વિશેષ છે ? એમ શંકા કરીને તેનો ઉત્તર પણ સ્વામીએ પોતે જ કર્યો જે પ્રથમના કરતાં આજ ઐશ્વર્યનું વિશેષપણું બહુ જણાય છે ને રામાનુજાદિકે પુરુષોત્તમ નિરુપણ કર્યું છે પણ તે જાણ્યે શીખીને કર્યું હોય ને શું એમ જણાય છે ને શ્રીજી મહારાજના કરાવેલ ગ્રંથ ને બીજા કવિના કરેલા ગ્રંથ જોઈએ છીએ તે જાણ્યે શીખીને કરેલા હોય ને શું એમ જણાય છે જે- **यो[1] लोकत्रयमाविश्य बिभर्त्यव्यय इश्वरः** ॥ તથા –**पुरु षेणात्मभूतेन[2] वीर्यमाधत्त वीर्यवान्** ॥ એવા કાવ્ય છે. ને ઐશ્વર્ય પણ વર્તમાનકાળમાં બહુ વિલક્ષણ છે તે કેટલાંક કહી દેખાડીયે ? સર્વે શાસ્ત્રનું સિદ્ધાંત જોયું પણ પુરુષોત્તમ શ્રીહરિજી મહારાજ જેવા તો કોઈ કાળે કોઈ પણ થઈ શકે જ નહિ. ૨૬૬

એક દિવસ સ્વામીએ 'એક વાત સુણો વ્રજવાસીરે પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' એ કીર્તન ગવરાવીને તે ઉપર વાત કરી જે આકાશને ઠેકાણે તો અક્ષર છે ને અંધકારને ઠેકાણે માયા છે ને વાદળાને ઠેકાણે તો મહાવિરાટ છે ને પક્ષીને ઠેકાણે તો ક્ષુદ્રવિરાટ છે ને વિજળીને ઠેકાણે અક્ષરના મુક્ત છે ને સગુણ નિર્ગુણ તો અક્ષર થાય છે ને પોતેતો આકાશને વિષે જેમ શબ્દ છે તેની પેઠે અક્ષરમાં રહ્યા છે ને–

**॥ माया पैरेत्यभिमुखं च विलज्जमाना ॥**

એ શ્લોકમાં કહ્યું છે એમ પુરુષોત્તમ ભગવાન આગળ માયા ઉભી રહેતી નથી. ને મહાપુરુષાદિકને તો પાસેજ રહે છે અને વૈરાટ પુરુષના તથા પ્રધાન પુરુષના તથા મૂળ પુરુષના તથા અક્ષરના જે ભક્ત છે તે સર્વે પરતંત્ર છે ને

૧. **અર્થ :–** જે ત્રણે લોકમાં અંતર્યામી રૂપે પ્રવેશ કરીને તેને ધારણ કરે છે અને જે અવિનાશી છે તે ઈશ્વર કહેવાય છે. **–ગીતા ૧૫-૧૭.**

૨. **અર્થ :–** પોતે જેના અંતર્યામી છે. એવા પુરુષ દ્વારે તે ભગવાને માયામાં વીર્ય ધારણ કર્યું. **–ભાગ. ૩-૫-૨૬ (વચ. પં. ૭મું)**





પુરુષોત્તમના જે ભક્ત છે તેતો સ્વતંત્ર છે ને તે જેવો તેવો હોય તો પણ ઈંદ્ર કે બ્રહ્મા કે વૈરાટપુરુષ કે પ્રધાનપુરુષ જેવો થાય છે ને જેને ઉપાસના અતિશે દૃઢ હોય તે મૂળપુરુષ જેવો થાય ને **સત્પુરુષના સંગે કરીને ધર્મજ્ઞાનાદિકને અતિ પક્વ કરે તો અક્ષર જેવો એકાંતિક ભક્ત થાય છે.** તે વાર્તા સોનાના તથા અંગ્રેજના મહેતાના[1] દૃષ્ટાંતે કરીને બહુ કરી. ૨૬૭

અને '**कर्मात्मकं येन शरीरबन्धः**' એ શ્લોક બોલીને તે ઉપર સ્વામીએ વાત કરી જે જીવ જે તે પ્રથમ દેહાભિમાને યુકત થકો પંચ વિષય સંબંધી ક્રિયાને મમત્વે સહિત કરે છે ને પછી સત્સંગ કરીને પોતાને જીવરૂપે માનીને શ્રીજી મહારાજને અર્થે તથા તેમના ભક્તને અર્થે પણ તેવો જ મમત્વ રાખીને નવધા ભક્તિ અતિશે કરે ત્યારે અંતઃકરણ શુદ્ધ થાય છે. તે પછી સત્તારૂપ થઈને વારંવાર ઉપશમે કરીને જળના ફુવારાની પેઠે અનેક પ્રકારે થયેલી જે ઈંદ્રિયોની વૃત્તિયો તેનું પીંડીકરણ વારંવાર કર્યા કરે ત્યારે એ જીવને અતિશે બંધનરૂપ જે કારણ શરીર તેનો નાશ થઈ જાય છે. એમ કહીને સ્વામીએ તે ઉપર ત્રણ વચનામૃત વંચાવ્યા તે એક તો રહસ્યનું[2] ને બીજું સર્વેને ખબડદાર રહેવાનું[3]ને ત્રીજું નાહી ધોઈને પૂજા કર્યાનું.[4] ૨૬૮

અને 'સમાધિવાળાને શ્રીજી મહારાજની મરજી જણાય કે નહિ ?' તે પ્રશ્ન ઉપર સ્વામીએ વાત કરી જે શ્રીજી મહારાજની સાથે જે અતિશે એકતાને પામી જાય છે તેને ક્યારેક જણાય છે પણ બીજાને તો ન જણાય. ને જેને ધર્મજ્ઞાનાદિક અતિશે પક્વ હોય એવો જે એકાંતિક ભક્ત છે તેને તો સદાય જણાયા કરે છે. ૨૬૯

૧. સોનાને પૃથ્વીમાં દાટે તો પણ વૃદ્ધિને પામે પણ નાશ પામતું નથી. (વચ.ગ.મ.૪) તથા જે સરકારી નોકરી કરે છે તેનું વેતન (પગાર) વધે છે પરંતુ ઘટતા નથી તેમ સત્પુરૂષને યોગે જીવ વૃદ્ધિ પામે છે.

૨. ગઢડા મધ્ય ૫૦.

૩. ગઢડા મધ્ય ૪૫.

૪. અમદાવાદ ૨.

અને 'માની પ્રકૃતિ હોય ને વળી માન મળતું હોય તેનું માન કેમ ટળે?' તેનો ઉત્તર જે વૈરાટપુરુષની તથા પ્રધાનપુરુષની તથા મૂળપુરુષની સામર્થીને જુવે ને તપાસ કરે જે એમના જેવી સામર્થી મારામાં કેટલી છે જેથી હું માન રાખું છું ? એમ વિચાર કરે તો માન ટળી જાય, ને વળી શ્રીહરિ મહારાજના જે મોટા મોટા સાધુ શતાનંદમુનિ તથા સ્વરૂપાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી તથા હરિભક્ત પર્વતભાઈ, એમના જેવી સામર્થી હુંમાં કેટલી છે ? એમ વિચારે તો પણ માન રહે નહિ. ૨૭૦

અને 'શ્રીજી મહારાજના મહિમાની ને જીવના સ્વરૂપની વાર્તા સમજે છે તોપણ સ્વભાવ ટળતો નથી તેનું કેમ હશે ?' તેનો ઉત્તર જે એતો શ્રીહરિજીના મહિમાના તથા સ્વરૂપના વારંવાર શ્રવણ મનનાદિકે કરીને સ્વભાવને ઘટાડ્યા કરે તો ટળે છે, નહિ તો ન ટળે. તે ઉપર બે વચનામૃત વંચાવ્યા તે એકતો સહજ પ્રકૃતિ ટાળ્યાનું[1] ને બીજું શત્રુભાવનું.[2] ૨૭૧

અને સ્વામીએ વાત કરી જે નિષ્ઠાના સ્વરૂપને જાણ્યાનું એ લક્ષણ છે જે **વહાણ બુડતું હોય તથા દૈવ ઇચ્છાએ કરીને વગડામાં એકલા જ પડી ગયા હોઈએ ને વળી દેહ પણ અતિ માંદો હોય ને પોતાની મેળે ક્રિયા કરવા સમર્થ ન હોય તોપણ પોતે કાયર ન થાય ને શ્રીજી મહારાજના અંતર્યામિપણાનો જે વિશ્વાસ તે પણ લેશમાત્ર ગૌણ પડે નહિ તેની પક્વ નિષ્ઠા કહેવાય.** તથા શ્રીહરિજી કે સત્પુરુષ તે નાના સાધુના વચનમાં વર્તાવે તોપણ જેમ મહારાજની સમીપે તથા મોટા સંતની સમીપે વર્તતો હોય તેમજ વર્તે પણ લેશમાત્ર આડું અવળું કરે નહિ. તેની પણ પક્વ નિષ્ઠા કહેવાય. અને એવી પક્વ નિષ્ઠા કેમ થાય ? તો તેનો ઉત્તર જે પ્રથમ કહી તેવી બે પ્રકારની પક્વ નિષ્ઠાનાં લક્ષણોની વાર્તા કર્યામાં તથા સાંભળ્યામાં બહુ શ્રદ્ધા રાખે તથા મોટા પુરુષનો સંગ કર્યા કરે તો થાય છે. ૨૭૨

અને જે 'શ્રીજી મહારાજને જ દેખે છે પણ પોતાના સ્વરૂપને જુદું દેખતો નથી તે કેમ હશે ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે એતો સાધનકાળને

૧. વચ. ગઢડા મધ્યનું ૩૭મું.

૨. વચ. ગઢડા [illegible]





વિષે જ જો જીવ, ઈશ્વર ને પરમેશ્વરના સ્વરૂપનું ભિન્ન ભિન્ન શ્રવણ, મનન, નિદિધ્યાસ કર્યો હોય તો દૃઢ સ્થિતિમાં પણ જુદાં જણાય છે, નહિ તો ન જણાય. ૨૭૩

અને 'માનસી પૂજાને વિષે તથા સ્થૂળ દેહે કરીને પૂજા કરીએ તેને વિષે રસના આદિક ઈંદ્રિયોની વૃત્તિ કેમ કરવી ?' ત્યારે તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે પરમેશ્વરની મૂર્તિને આગળ ધારવી પછી તેને જીહ્વાદિક દ્વારાએ કરીને અંતરમાં ઉતારવી પછી સત્તારૂપ થઈને તે સામું જોઈ રહેવું. એમ ને એમ કર્યા કરે તો રાગ ઓછા થઈ જાય છે. ને **જે સંકલ્પ વિકલ્પ કર્યાની વૃત્તિ છે તે વાસનાલિંગ શરીર કહેવાય** ને જે અવ્યક્તપણે રહ્યું છે તે કારણ શરીર છે ને જ્યારે અતિ રાગ થઈ જાય છે ત્યારે તે સ્થૂળ થઈ આવે છે, જુઓને નેત્રની આગળ સર્વે સંકલ્પની ગાંઠ્યું રહી છે જે આ ઝાડની પંક્તિ છે ને આ મનુષ્યની પંક્તિ છે તે નેત્ર મીંચીને જુઓ તો પણ જણાઈ આવે. અને સ્પર્શના સંકલ્પ થાય ત્યારે તે વૃત્તિને મસ્તકને વિષે રાખે તો તે સંકલ્પ ટળી જાય છે. તેમજ શબ્દની વૃત્તિને નેત્રમાં રાખે તો શ્રોત્રવૃત્તિ ઓછી થઈ જાય છે. એ યોગકળા છે. અને સૌભરી ઋષિને યોગકળા એકલી જ આવડતી હતી પણ જ્ઞાનકળા આવડતી નહોતી તેથી યોગબળે કરીને જ સર્વે ક્રિયા કરી. અને ભ્રમર જેમ કમળને વિષે સ્નેહે સોતો ચોટી રહે છે તેમ **ભગવાનના સ્વરૂપને વિષે પ્રીતિએ સોતા જોડાઈ જાવું.** અને કપિલજીએ દેવહુતિ પ્રત્યે વાર્તા કરી જે મહિમાએ સહિત ભક્તિ ને ભક્તિએ સોતું જ્ઞાન ને જ્ઞાને સોતો વૈરાગ્ય, ઈત્યાદિકની પક્વતાએ કરીને મોહ ટળી જાય છે. અને એ **જ્ઞાનાદિકનું શ્રવણ, મનન ને નિદિધ્યાસ બહુ કરે ત્યારે સાક્ષાત્કાર થાય છે.** પણ એ ઉતાવળે થાતું નથી. એમને એમ વૈરાગ્યે સહિત કર્યા કરે તો સિધ્ધ થાય છે. એમ કહીને સ્વામીએ હરજી ઠક્કર સામું જોઈને કહ્યું જે તમને આંક મેળવતાં જેમ કઠણ પડતા નથી તેમ ધર્મજ્ઞાનાદિક અભ્યાસે કરીને સરળ થઈ જાય છે. ૨૭૪

અને 'બદ્રિકાશ્રમના તથા શ્વેતદ્વીપના મુક્ત કેમ વર્તે છે ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે બદરિકાશ્રમના મુક્ત તો જાણપણારૂપ થઈને ઈંદ્રિયો

અંતઃકરણને જીતે છે ને શ્વેતદ્વીપના મુક્તો વાસુદેવ ભગવાનનું ધ્યાન કરે છે. ને એતો નિરન્ન કહેવાય છે. કેમ જે ? બે શરીરની ભાવનાએ રહિત વર્તે છે ને આત્મસત્તારૂપ થઈ ભગવાનનું ધ્યાન કરીને કારણ શરીરના રાગને ટાળે છે માટે નિરન્ન કહેવાય છે. ને શ્રીજી મહારાજ દયાએ કરીને એકવાર તો સર્વે હરિભક્તને બ્રહ્મપુરમાં લઈ જાય છે. ને પોતાને વિષે પ્રીતિ પણ અતિશે કરાવે છે. ને પોતાનું અલૌકિક સુખ પણ અતિશે આપે છે. તે પછી જેને જ્યાં મોકલવા ઘટે ત્યાં તેને મોકલે છે. પછી તે ભક્ત એ સુખને સંભારતો થકો બીજા રાગને ટાળીને પાછો શ્રીજી મહારાજ પાસે આવે છે. ૨૭૫

અને શ્રીજી મહારાજને સર્વે ભજે છે પણ જેમ છે તેમ જાણવા બહુ કઠણ છે ને આત્માને પણ સર્વે સંત જાણે છે પણ આત્મારૂપે વર્તવું અતિ કઠણ છે. ત્યારે કોઈએ પૂછ્યું જે 'કેમ વર્તવું ?' ત્યારે સ્વામી કહે નિત્યપ્રલયાદિકે કરીને સર્વે ક્રિયાઓને અસત્ય, નાશવંત ને સ્વપ્ન તુલ્ય જાણીને ક્યાંય પ્રીતિ ન રાખે ને એમને એમ ઠેરાવ કર્યા કરે તો એવી સ્થિતિ થાય છે એમ પોતાને[૧] દૃષ્ટાંતે કરીને સ્વામીએ વાત કરી. ૨૭૬

અને વિશ્વાસી ભક્તે શ્રીજીની લીલાનું ચિંતવન કરવું ને બુદ્ધિવાળાએ ગુણ વિચારવા તે રૂક્મિણીએ (ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે) શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે—

૧. શ્રી ગોપાળાનંદ સ્વામીએ **પોતાનું દૃષ્ટાંત** આપ્યું કે— હું સદાય અન્તર્વૃત્તિ વાળો થઈને ઉપશમસ્થિતિ યુક્ત બ્રહ્મભાવથી વર્તું છું. તે માટે હે હરજી ભક્ત ! તમે મને વારંવાર બોલાવતા રહેજો, નહિતો હું અન્તર્વૃત્તિથી પત્થરની માફક સુષુપ્તિ, મૂર્ચ્છા અથવા જડભાવ સમાન દશાને પામી જઈશ. આ પ્રકારે વિદ્યાર્થીઓને ભણાવતી વખતે પણ વિદ્યાર્થીઓ સ્વામીને વારંવાર પૂછતા હતા. તે જોઈને મહાપુરૂષાનંદ સ્વામીએ વિદ્યાર્થીઓને તેમ કરવાથી સ્વામીને તકલીફ ન આપવા સૂચન કર્યું; ત્યારે સ્વામીએ કહ્યું કે એ બરાબર કરે છે. અન્યથા હું સમાધિ સ્થિતિને પામી જાઉં. તેમના પ્રશ્ન પૂછવાથી જાગ્રત વૃત્તિ રહે છે. માટે તે બરાબર છે. આ પ્રમાણે મુક્તજનોને તો શ્રીહરિમાં આ પ્રકારની સ્થિતિ સદાય રહે છે.





श्रुत्वा[१] गुणान् भुवनसुन्दर शृण्वतां ते
निर्विश्य कर्णविवरैर्हरतोऽङ्गतापम् ।
रूपं दृशां दृशिमतामखिलार्थलाभं
त्वय्यच्युताविशति चित्तमपत्रपं मे ॥

અને બુદ્ધિ તો એકજ છે પણ જે જે ભાવે કરીને ભાવિત થાય છે તેવી કહેવાય છે. જેમ શાસ્ત્રીય, વૈદ્યકીય અને લૌકિક બુદ્ધિ કહેવાય છે ને સત્સંગને યોગે કરીને અલૌકિક પણ કહેવાય છે. એમ બીલોરી કાચના[૨] દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી. ૨૭૭

અને 'બ્રહ્મપુરાદિક ધામના મુક્ત શ્રીજી મહારાજ ભેળા પૃથ્વી ઉપર આવ્યા હોય તે કેમ ઓળખ્યામાં આવે ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે બ્રહ્મપુરના જે મુક્ત હોય તેતો ધર્મજ્ઞાનાદિક જે એકાંતિક ભક્તનાં લક્ષણ તેણે યુક્ત હોય ને તેમજ વર્તતા હોય ને વાર્તા પણ તેમજ કરે ને જે વૈકુંઠના મુક્ત હોય તેને ધર્મ પ્રધાનપણે વર્તતો હોય ને બીજા ગૌણ હોય અને જે ગોલોકના મુક્ત હોય તેને તો ભક્તિ પ્રધાન હોય ને બીજા ગૌણ હોય અને જે ગોલોકના મુક્ત હોય તેને તો ભક્તિ પ્રધાન હોય ને બીજા ગૌણ હોય ને જે શ્વેતદ્વીપના મુક્ત હોય તેતો આત્મસત્તારૂપે વર્તતા થકા શ્રીજીનું ધ્યાન કરીને કારણ શરીરના

૧. **અર્થ :—** હે ત્રિભુવન સુંદર ! તમારા ગુણોને સાંભળીને સાંભળનારાના કાન દ્વારા તે ગુણો હૃદયમાં પ્રવેશ કરી, સર્વે તાપોનો નાશ કરે છે. અને તમારા રૂપનું દર્શન કરવું, તે જ દૃષ્ટિવાળા પ્રાણીઓને માટે સર્વે પુરૂષાર્થની સિદ્ધિ છે. હે અચ્યુત ! મારું મન લાજ શરમ છોડીને તમારામાં પ્રવેશ કરી રહ્યું છે. **—ભાગવત ૧૦-૫૨-૩૭**

૨. ભીષ્મપિતામહની બુદ્ધિ શાસ્ત્રીય ને નીતિવાળી બુદ્ધિ હતી. બ્રાહ્મણ ઋષિઓની બુદ્ધિ વૈદિક બુદ્ધિ હતી, જેથી તેઓ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણને અન્ન ન આપી શક્યા. દશરથ રાજાની બુદ્ધિ માત્ર લૌકિક બુદ્ધિ હતી, જેથી તેમણે કૈકેયીને આપેલા વચનનું પાલન કર્યું અને રામને વનવાસ આપ્યો. લક્ષ્મીજીની બુદ્ધિ સર્વોપરિ હતી કે જેથી તેમણે અન્ય પુરૂષોને વિષે દોષ અને શ્રીહરિને સર્વગુણસંપન્ન જાણીને તેમનો આશ્રય કર્યો માટે બિલોરી કાચની માફક સ્વચ્છ અને પરા બુદ્ધિ લક્ષ્મીજીની હતી - મોક્ષને બતાવનારી બુદ્ધિ જ સર્વોપરી કહેવાય છે.

ભાવને ટાળતા હોય, ને જે બદરિકાશ્રમના મુક્ત હોય તેતો સ્થૂળ ને સૂક્ષ્મ એ બે દેહના ભાવને ટાળતા થકા પ્રધાનપણે ત્યાગને વિષે વર્તતા હોય. ને જે સ્વર્ગલોકના હોય તેને કીર્તિ પ્રધાનપણે વર્તતી હોય ને જે આધુનિક હોય તેને વિષયની આસક્તિ પ્રધાનપણે વર્તતી હોય. ૨૭૮

અને 'પરમેશ્વર તો પૂર્ણકામ છે તેને કાંઈ જોઈતું નથી ને ગ્રહણ કરે છે તેનું કેમ જાણવું' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે પરમેશ્વરતો જીવના કલ્યાણને અર્થે અતિશે દયાયે કરીને મનુષ્યભાવનું ગ્રહણ કરે છે. ને જો એ કોઈ પદાર્થને અંગીકાર ન કરે તો આપણું શ્રેય શાણે કરીને થાય ? માટે પોતે એવો સંકલ્પ કર્યો છે જે 'અમને ભૂખ, તરસ, શિત, ઉષ્ણાદિક મનુષ્યની પેઠે થાઓ' અને એ વાત શ્રીજીએ પંચાળાના (ચોથા) વચનામૃતમાં કહી છે. ૨૭૯

અને 'લય, વિક્ષેપ, રસાસ્વાદ અને કષાય એ ચારને ટાળ્યાનો શો ઉપાય છે ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે લય તો ભગવાનની લીલાનાં ચિંતવને કરીને તથા સ્વામિનારાયણ નામના ભજને કરીને ટળે છે. ને વિક્ષેપ તો શ્રીજી મહારાજના માહાત્મ્યના વિચારે કરીને તથા આત્મા અનાત્માના વિવેકે કરીને ટળે છે. ને રસાસ્વાદ તો નિયમને વિષે યથાર્થપણે વર્તવે કરીને ટળે છે. ને કષાય તો સત્તારૂપ થઈને શ્રીજી મહારાજનું ધ્યાન કરવાથી ટળે છે. ૨૮૦

અને 'પંચવિષયમાં અરુચિ કેમ થાય ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે એ પંચવિષય સંબંધી ઉદ્યમને વિષે વારંવાર અતિશે દુઃખ જોયા કરે તો થાય. ને **જો વિષય સહેજે મળે તોપણ એને ભોગવવે કરીને મહારાજની અપ્રસન્નતા થાય છે એમાં લેશમાત્ર સંશય નથી.** એમ મનમાં યથાર્થ દૃઢ નિશ્ચય કરે તો અરુચિ થાય. ૨૮૧

અને સ્વામીએ વાત કરી જે પરમેશ્વરને યથાર્થ સમજ્યાની જે વાત છે તે જો હરિભક્તને ન સમજાવે ને છાની રાખે તો તેને વિષે તમોગુણ વૃદ્ધિ પામે છે. ને એ મોટા થાય તોપણ સંકર્ષણ જેવા થાય છે. ને શ્રીહરિજીની સેવાને વિષે અખંડ રહી શકે નહિ. કેમજે એને તમોગુણ પ્રધાન છે માટે. ૨૮૨





અને 'નિર્વાસનિક ભક્ત અમને ગમે છે. એમ શ્રીજીએ કહ્યું છે તે કેમ થવાય ?'' એ પ્રશ્નનો ઉત્તર જે બે પ્રકારના ભક્ત છે તેમાં એકતો સવાસનિક છે ને બીજો નિર્વાસનિક છે ને એ બેયનું કલ્યાણ તો શ્રીજી મહારાજ કરે છે પણ સનકાદિક જેવા જે નિર્વાસનિક ભક્ત છે તે ઉપર શ્રીજીનો જેવો રાજીપો જણાય છે તેવો રાજીપો બ્રહ્માદિક જેવા જે સવાસનિક ભક્ત છે તે ઉપર જણાતો નથી. એ વાત મોક્ષધર્મમાં કહી છે જે 'ભગવાન બ્રહ્માદિકની પૂજા પગે કરીને ગ્રહણ કરે છે ને એકાંતિક ભક્તની પૂજા તો મસ્તકે કરીને ગ્રહણ કરે છે.' ને બ્રહ્માદિકની તો બ્રહ્માંડમાં મોટપ બહુ જણાય છે ને સનકાદિક તો ગરીબ જેવા જણાય છે પણ એ બહુ મોટા છે ને એવાને સંગે કરીને નિર્વાસનિક થવાય છે. ૨૮૩

અને 'ધર્મ, વૈરાગ્ય, ભક્તિ ને વિચાર એમાં શ્રેષ્ઠ કીયો હશે ?' એમ પૂછ્યું ત્યારે સર્વે સંતે વિચારને શ્રેષ્ઠ કહ્યો. પછી સ્વામી કહે અમને પણ એ જ જણાય છે. **જુઓને પરમેશ્વરની મોટપ, એમને ભજી ભજીને તો શુક નારદાદિક પણ ભગવાન કહેવાયા છે.** એવા એ ભગવાન અનેક સામર્થીએ યુક્ત ને પૂર્ણકામ છે ને એમને કોઈ પદાર્થ માત્ર જોઈતું નથી. એતો **કેવળ દયાએ કરીને જીવના કલ્યાણને અર્થે મનુષ્યભાવને ગ્રહણ કરે છે.** ને તેમણે ઉત્તમ મુમુક્ષુની શિક્ષાને અર્થે તથા સર્વે આવિર્ભાવની શિક્ષાને અર્થે પ્રથમ વનમાં રહીને અષ્ટાંગ યોગ સાધ્યો ને શરીરમાં રુધિરતો રહેવા દીધું જ નહિ. ને અન્ન તો જમતા જ નહિ ને વાયુભક્ષણ કરીને રહેતા અને સ્ત્રીનો ગંધ ગમતો નહિ. એવા અતિ ત્યાગી જે શ્રીજી મહારાજ તે આપણા કલ્યાણને અર્થે જમવા માંડ્યા ને વસ્ત્ર પણ પહેરવા ઓઢવા માંડ્યા. પણ આપણ સર્વેથી જેમ ઘટે તેમ યથાર્થ સેવા થઈ નહિ. કેમ જે કોઈ સત્સંગી છ મહિના કે વરસ પર્યંત દહાડી દહાડી થાળ કરીને કે કરાવીને શ્રીજી મહારાજને અતિશે પ્રીતિએ કરીને જમાડી શક્યા નહિ. ને વસ્ત્ર આભૂષણ પણ વરસો વરસ ભાવે સોતા અર્પણ કરી શક્યા નહિ. એવી રીતે મહિમા સમજ્યામાં ઘણી કસર રહી જાય છે. ૨૮૪

અને 'સત્તારૂપ થઈને માંહી રહીએ તો સુખ રહે છે ને બહાર રહીએ તો દુઃખ થાય છે. તે કેમ વર્તીએ તો દુઃખ ન થાય ?' ત્યારે સ્વામી કહે જે જેમ

માંહી વર્તિયે છીએ તેમજ દેહમાં આવીયે તોપણ વર્તિયે તો દુઃખ થાય જ નહિ. ને એમ વર્તવાથી જેમ તેમ બોલી જવાય ને કોઈ કાંઈક કહે તો તેનું દુઃખ લગાડીએ નહિ. ને આપણે ક્યાં વિદુરનીતિ ભણ્યા છીએ જે તે પ્રમાણે ન બોલાણું તો લાજ નહિ રહે ?' એમ તો કાંઈ નથી. માટે **માંહી ને બાહેર જાણપણારૂપે વર્તિયે તો દુઃખ જ નથી.** ૨૮૫

અને **વિષયને ભોગવવા ન દઈએ તો મન સંકલ્પ વિકલ્પ કર્યા કરે ને ભોગવવા દઈએ તો જીવનું ભૂંડું થાય માટે આહાર વિહાર યુક્ત રાખવો એ ઠીક છે.** ૨૮૬

અને 'શ્રીકૃષ્ણ ભગવાને અહિંસા ધર્મ પ્રવર્તાવ્યો નહિ ને એકલી મારકૂટ જ કેમ કરી ? તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે શિશુપાલ ને જરાસંધાદિક જે આસુરી રાજા હતા તેમણે જ્યારે ભાગવત ધર્મ પૃથ્વી ઉપર પ્રવર્તવા ન દીધો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને વિચારીને અર્જુન ભીમાદિક દ્વારાએ અધર્મરૂપ રાજાઓની સમાપ્તિ કરાવી ને યુધિષ્ઠિર રાજા દ્વારાએ શ્રીમદ્ ભાગવત તથા શ્રીમદ્ ભગવદ્ગીતારૂપ જે સદ્ધર્મ તે પ્રવર્તાવ્યો. ૨૮૭

અને મંડળમાં જે બખેડો થાય છે તેનું એ કારણ છે જે સરખા રુચિવાળા ન હોય માટે માંહોમાંહી સંપ રહેતો નથી. ને એક રુચિવાળા હોય છે તેમાં પણ વૈરાગ્યને ભેદે કરીને સરસ નરસ હોય છે. તે ઉપર કુટિચક, બહુદક, હંસ ને પરમહંસને દૃષ્ટાંતે કરીને સ્વામીએ વાત કરી જે કુટિચકને જ્ઞાન ગૌણ ને આશ્રમધર્મ મુખ્ય ને બહુદકને આશ્રમધર્મ તથા જ્ઞાન તુલ્ય હોય ને હંસને આશ્રમધર્મ ગૌણ ને જ્ઞાનાભ્યાસ મુખ્ય હોય ને પરમહંસને આત્માનો તથા પરમાત્માનો સાક્ષાત્કાર હોય તેમાં કુટિચક એમ જાણે જે, 'એ ત્રણ મારી જેમ કેમ વર્તતા નથી ?'' તે એની એવી સમજણ ખોટી છે ને જે સરસ વર્તતો હોય તે એમ જાણે જે 'બીજા મારી પેઠે વર્તતો ઠીક' તે એની સમજણ તો શ્રેષ્ઠ છે. ૨૮૮

અને એક દિવસ સ્વામીએ સાંજને સમે દયા કરીને પોતાની મેળે વાત કરી જે ભક્તિએ કરીને જીવનું કલ્યાણ તો થાય છે પણ ત્રણ અંગ વિના યથાર્થ હરિભક્ત થાતો નથી. તે અંગ કીયા ? તો દાસપણું, પ્રીતિ ને આત્મનિષ્ઠા.





એમ કહીને એ ત્રણેય ગુણની વાત વિસ્તારીને કરી ને કહ્યું જે એ ત્રણ ગુણ જેને પરિપૂર્ણ હોય છે તે એકાંતિક ભક્ત કહેવાય છે. ને એ ભક્તને ને શ્રીહરિજીને લેશમાત્ર અંતરાય રહેતો નથી. ને અતિ હેતે કરીને એક જેવું થઈ જાય છે. ને એ ભક્તને શ્રીજીની મરજી પણ જાણ્યામાં આવે છે તે માટે તેમની મરજી પ્રમાણે જ વર્તે છે. ને કોઈક વાત ન જણાય તો શ્રીજી તેમને શીખવી દે છે. જેમ બે મિત્ર હોય છે તેમને કોઈ અંતરાય રહેતો નથી ને એક જીવ જેવા થઈ જાય છે તેમ પરમેશ્વરને ને એકાંતિક ભક્તને પણ એક જેવું થઈ જાય છે. ને તે પૂર્ણ ભક્ત કહેવાય છે. એમ કહી પતિવ્રતાના અને શૂરવીરના દૃષ્ટાંતે[1] બહુ વાત કરી. ૨૮૯

અને એક દિવસ સ્વામીએ વાત કરી જે જે એકાંતિક ભક્ત હોય તે પોતાને એમ માને જે માન થાઓ કે અપમાન થાઓ ને રામપાત્ર લઈને ઘેર ઘેર માગી ખાઓ કે હાથીએ બેસો ને સુખ થાઓ કે દુઃખ થાઓ ને શરીર રોગી રહો કે નિરોગી રહો પણ આવા પુરુષોત્તમ ભગવાનની ને મોટા પુરુષની પ્રાપ્તિ થઈ છે માટે મારા મોટાં ભાગ્ય છે. એમ માનીને **અલમસ્ત થકા શ્રીજી મહારાજને ભજ્યા કરે પણ એ કોઈમાં લેવાય નહિ તે એકાંતિક ભક્ત કહેવાય.** ૨૯૦

અને પરોક્ષને પ્રત્યક્ષ કેમ કરવા ? તેનું લક્ષણ જે દશ વિશ પ્રામાણિક મનુષ્ય હોય ને તે પણ સમીપ સંબંધી હોય તે સર્વે કહે જે આ વાર્તા તો એમ જ છે ને પરમ સત્ય છે તો તે વાત તરત મનાઈ જાય પણ લગારેય સંશય ન રહે. તેમ મોટા પુરુષ કહે જે 'શ્રીજી મહારાજ જેવા બ્રહ્મપુરને વિષે ઐશ્વર્ય, પાર્ષદ ને સામર્થી સોતા વિરાજે છે તેવા ને તેવા જ આ પૃથ્વી ઉપર વિચરે છે ને તે મનુષ્યરૂપને વિષે એવી ને એવી સામર્થી સોયે સો ને હજારો હજાર જીવને દેખાઈ આવે છે ને તે કહે છે પણ ખરા.' એ વાત જેને સત્ય મનાય તેને પ્રત્યક્ષ થયા પણ પરોક્ષ રહ્યા નહિ ને આવું જે શ્રીહરિના સ્વરૂપ સંબંધી જ્ઞાન તે

૧. વચ.અં.પ્ર.૧૬ તથા વચ. ગ.મ.૨૨.

એકાંતિક થકી જ પમાય છે એમ જાણવું. એમ કહીને સ્વામીએ તે ઉપર સર્પને[1] દૃષ્ટાંતે કરીને બહુ વાત કરી. ૨૯૧

અને વળી એક દિવસ સ્વામીએ વાત કરી જે **ડોળિયાં મનુષ્યનો સંગ કરવો નહિ તેણે કરીને અંતર મલિન થઈ જાય છે.** તે પાછો તપાસીને શુદ્ધ કરે તો થાય. પણ એવી રીતે કરતાં મોટાને જ આવડે છે ને બીજાને તો શુદ્ધ અશુદ્ધની ખબર જ પડતી નથી. જેમ વહાણને વિષે અલ્પ ભાર હોય ત્યારે તે સરસર ચાલ્યું જતું હોય ને પછી તેને વિષે ઘણો ભાર ભરે તો તેમ ન ચાલે ને ધીરું પડી જાય છે એતો દૃષ્ટાંત છે તેનો સિદ્ધાંત જે, તેમ ડોળિયા મનુષ્યના સંગે કરીને ઈંદ્રિયો અંતઃકરણને વિષે રજ તમના વેગ લાગે છે તે પાપરૂપ મેલ પેસે છે તેણે કરીને ભજન સ્મરણ મંદ પડી જાય છે ને જેમ પ્રથમ હેતે સહિત ભજન સ્મરણ થાતું હોય તેમ ન થાય. તે સારુ તો દત્તાત્રેયાદિક ભગવાન હતા તોપણ બીક રાખીને વર્ત્યા ને આપણે તો એકલું શાક જ ખાઈએ છીએ ને તેમાં કોઈક તો પેટ ભરીને ખાય છે ને લાડુ તો મુખવાસ જેટલો જ જમે છે. ને કોઈક તો અરધો ને કોઈક તો પોણો ખાય છે ને પેટ ભરીને તો અન્ન કોઈક ખાતા હશે. એમ મર્મે કરીને વાત કરી. ૨૯૨

અને એક દિવસ સ્વામીએ અર્થારામ ને ઈંદ્રિયારામના ગુણાધ્યાન ને દોષાધ્યાનની વાર્તા વિસ્તારીને કરી તે સાંભળીને સંતે પૂછ્યું જે 'કેમ સમજીને દોષાધ્યાન કરે તો બાધ ન આવે ને કેમ કરે તો બાધ આવે ને ગુણાધ્યાન કેમ કરવું ને કેમ ન કરવું ?' ત્યારે સ્વામીએ કહ્યું જે જેને વિષે કાંઈ દોષ હોય તેને કોઈ પ્રસંગે કરીને કહેવાય તો તેનો દોષ નહિ ને અવગુણ લીધો પણ ન કહેવાય ને જેને વિષે દોષ ન હોય તેને વિષે તે પરઠે તો તે દોષ લીધો કહેવાય

૧ સર્પની ફેણ, પુંછડી, શરીરના સાંધા, રેખા વગેરે સર્પના જેવા જ હોય છે. એ જ રીતે દિવ્ય અક્ષરધામમાં સર્વે મુક્તોના સ્વરૂપ શ્રીહરિજીની મૂર્તિના સમાન જ આકૃતિવાળા છે. તેમજ શ્રીહરિ મનુષ્યરૂપે આ બ્રહ્માંડમાં પધાર્યા ત્યારે પણ ધામની મૂર્તિ જેવું જ આ સ્વરૂપ હતું, તેમાં એક રોમનો પણ ફેર ન હતો. (વચ. ગ.અં.૩૧)





ને તેનું અતિશે ભૂંડું થાય. ને કલ્યાણના માર્ગ થકી પડી જવાય. ને જેમ હોય તેમ કહે તેનો દોષ તો જણાતો નથી. જુઓને બ્રહ્મા નારદાદિકને શાસ્ત્ર કહે છે ને ? અને શ્રીજી મહારાજે વચનામૃતને વિષે પણ કહ્યું છે જે 'નારદ સનકાદિક જેવા જે સાધુ છે તે એને રાંક ને પાપી જાણે છે'.[1] એ દોષ લીધો ન કહેવાય, અને મુક્તાનંદ સ્વામી તથા શતાનંદમુનિ પણ જાણતા હતા જે 'આને વિષે આટલો દોષ છે ને આને વિષે એ નથી' ને વચનામૃતમાં[2] મહારાજે પણ કહ્યું છે જે 'અમે જોયા કરીએ છઈએ જે આને આ વર્તમાનમાં આટલી કસર છે ને આને ઠીક છે. એમ મોટા મોટામાં જોયા કરીએ છઈએ.' માટે એવી રીતે જે કહેવું તે દોષાધ્યાન ન કહેવાય. ત્યારે હરજી ઠક્કરે પૂછ્યું જે 'એક હરિભક્ત તો નાનો હોય ને બીજો ભક્ત તો મોટો હોય ને તેમાં દોષ તો નક્કી હોય તે જણાય તો ખરો માટે એ દોષ લીધો કહેવાય કે નહિ ?' ત્યારે સ્વામી કહે એ દોષ લીધો ન કહેવાય. કેમજે **જે વિવેકવાન હોય તેને સાચું ખોટું જણાય તો ખરું.** ૨૯૩

અને વળી એક દિવસ સ્વામીએ કહ્યું જે દાસ, પ્રેમી અને જ્ઞાની એ ત્રણ પ્રકારના ભક્ત છે તેમને પરમેશ્વર જ્યારે પોતા સંબંધી કે ભક્ત સંબંધી ક્રિયામાં જોડે ત્યારે દાસ અને પ્રેમી તો ક્રિયા કરતા થકા તેમાં જોડાઈ જાય. કેમ જે એ બેયને તો કર્યાનું ધ્યાન અવ્યક્તપણે રહ્યું હતું ને જ્ઞાની તો કરતા થકા તેમાં ન જોડાય. કેમજે એતો ક્રિયા માત્રનો નિષેધ કરીને શ્રીજીને વિષે જ પ્રધાનપણે જોડાણો છે તે ઘટે તેટલી જ ક્રિયા કરીને રહેવા દીયે ને એકાંતિક તો એ ત્રણેય કહેવાય ખરા. ૨૯૪

અને સ્વામીએ વાત કરી જે આ જગતમાં બે પ્રકારના મનુષ્ય છે. તેમાં એકનાં ઈંદ્રિયો અંતઃકરણ ધર્મ અર્થ ને કામ પર વર્તે છે ને તેઓ આત્માને તથા સૂક્ષ્મ દેહને જાણે છે પણ અર્થાદિકને સારૂ જ ઉદ્યમ કરે છે ને ધર્મ કરે છે તે પણ તે સારુ જ કરે છે ને તે અર્થકામને વિષે તો અનેક ભેદ રહ્યા છે. તેની વિગત જે,

૧. વચ. ગઢડા પ્રથમનું ૩૬મું.
૨. વચ. ગ. અં. ૩૦

કોઈકને તો ઈંદ્રાદિકના અર્થ કામ જોઈએ છીએ ને કોઈકને તો બ્રહ્માદિકના ને કોઈકને બૃહસ્પતિ આદિકના ને કોઈકને તો વૈરાજપુરુષના ને કોઈકને પ્રધાનપુરુષના ને કોઈકને મૂળપુરુષના અર્થકામ જોઈએ છીએ. તે અર્થાદિક તો લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, માન, ક્રોધ, મદ, ઈર્ષ્યા અને મત્સરાદિકે કરીને ભરેલ છે. અને બીજા ભક્તને તો દેહ, ઈંદ્રિયું ને અંતઃકરણ એ સર્વે મોક્ષપર વર્તે છે. ને તે પ્રકૃતિપુરુષને તથા તેનાં સર્વે કાર્યને અસત્ય, અત્યંત અસાર, નાશવંત, તુચ્છ અને સ્વપ્ન તુલ્ય જાણીને ને પોતાના જીવાત્માને બ્રહ્મ સાથે એકપણાને પમાડીને પરબ્રહ્મ પુરુષોત્તમને ભજે છે. ત્યાં શ્લોક છે જે—

आत्मारामाश्च[1] मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थम्भूतगुणो हरिः ॥ તથા
ब्रह्मभूतः[2] प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ તથા
[3]धर्मस्थितैरुपगतैर्बृहता निजैक्यं
सेव्यो हरिः सितमहः स्थितदिव्यमूर्तिः ।
शब्दाद्यरागिभिरिति स्वमतं वदन्तं
त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥

૧. અર્થ :— આત્મારામ અને રાગદ્વેષાદિકરૂપ ગ્રંથીએ રહિત એવા પણ મુનિઓ ભગવાનની ફળાનુસંધાને રહિત નિષ્કામ ભક્તિ કરે છે. કારણ કે એવા મુનિઓ પણ ભક્તિ કરે એવા ભગવાનમાં કારુણ્ય, સૌશીલ્ય, વાત્સલ્યાદિક શ્રેષ્ઠ ગુણો રહ્યા છે. —ભાગ. ૧-૭-૧૦.

૨. અર્થ :— જે બ્રહ્મરૂપ થયો છે અને જેનું મન પ્રસન્ન છે એટલે કલેશાદિક વડે જેનું મન કલુષિત થતું નથી અને અપ્રાપ્ત વસ્તુનો શોક કરતો નથી અને કોઈ પદાર્થને ઈચ્છતો નથી. સર્વેભૂતમાં સમદૃષ્ટિ—પરમેશ્વરની દૃષ્ટિ રાખનારો મારી પરા ભક્તિને પામે છે. અર્થાત્ બ્રહ્મરૂપે આત્માનો સાક્ષાત્કાર થયો હોય તેને જ પરાભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે. —**ગીતા ૧૮-૫૪** (વચ. લો.૭, પં.૨, ગ.અં.૩)

૩ અર્થ :— જેઓ પોતાના એકાંતિક ધર્મમાં રહેવાથી અક્ષરબ્રહ્મની સમાનતાને પામેલા છે અને જેઓ શબ્દાદી પંચ વિષયોમાં દોષ દૃષ્ટિ વડે તીવ્ર વૈરાગ્યવાળા છે, તેઓએ પણ અક્ષરબ્રહ્મના શ્વેત પ્રકાશમાં રહેલા દિવ્ય મૂર્તિમાન શ્રી વાસુદેવ ભગવાન સેવવા જોઈએ. એમ પોતાના સ્વતંત્ર સિદ્ધાંતને પોતાના આશ્રિતો આગળ કહેતા એવા, રક્ષા કરનારા હે શ્રી ભક્તિ-ધર્મના પુત્ર, તમારો હું આશ્રય લઉં છું. —**સત્સંગિજીવન ૫--૬૬-૬૧**





આ ત્રણ શ્લોકમાં જેવી વાત કહી છે તેવી જાતની રુચિ અતિશે પક્વ કરી હોય તો કોઈ કાળે ને કોઈ વિક્ષેપે કરીને તેનો નાશ થાય નહિ. ત્યાં દૃષ્ટાંત જે જીવને જ્યારે અંતસમો આવે છે ત્યારે મૂર્છાવસ્થા થઈ જાય છે. તે સમે કાંઈ ખબર રહેતી નથી ને તે પાછો જ્યાં દેહ ધરે છે ત્યાં પૂર્વની પેઠેજ રાગદ્વેષાદિકને લઈને ઉઠે છે. તેમ જેને ધર્મ જ્ઞાનાદિક સંબંધી અતિ પક્વ રુચિ થઈ હોય તો તે જ્યાં જાય ત્યાં તેવી રુચિ લઈને ઉઠે છે. માટે **શ્રીજી મહારાજની મૂર્તિને દૃષ્ટિ આગળ ધારીને ઇંદ્રિયું દ્વારાયે કરીને અંતરમાં ઉતારવી ને આત્મસત્તારુપે રહી, તે મૂર્તિ સામું જોઈ રહેવું. એમ કર્યા કરે તો ઇંદ્રિયુંમાંથી રાગ ઓછા થઈ જાય છે.** ને એમ વર્ત્યા વિના તો ધર્મને વિષે રહીને વિષયને ભોગવતો હોય પણ વિષયને મૂકી શકે નહિ. ને મોર્યે કહ્યું એમ વર્તતો હોય તેતો મૂકી દીયે. કેમજે તેની ઈંદ્રિયુંની વૃત્તિ કોમળ હોય છે. તેથી તેને જેમ ફેરવે તેમ ફરે છે. જેમ નાનો વડનો વૃક્ષ હોય છે તેને જેમ મરડે તેમ મરડાય છે પણ બહુ મૂળ ઘાલેલ ને અતિ વિસ્તારવાન જે વડ હોય છે તે મરડ્યો મરડાય નહિ. માટે **પુરૂષપ્રયત્ને કરીને પ્રતિલોમપણે વર્ત્યાનો આગ્રહ રાખવો.** ૨૯૫

અને **ધર્મજ્ઞાનાદિકની પક્વતાયે કરીને પંચવિષયને વિષે બંધાય નહિ ત્યારે એકાંતિક થાય.** ને પ્રેમી ભક્તને પતિવ્રતાનું અંગ હોય ને દાસને તો વચનમાં યથાર્થ વર્ત્યાનું અંગ હોય તેણે કરીને વિષયને વિષે અરુચિ હોય છે પણ **જ્ઞાન વિના મૂળ ઉખડે નહિ. માટે ઉપશમે કરીને રાગ ઓછા કરવા.** જેમ ઝાડને વારંવાર કાપ્યા કરે તો કોંટા નિર્બળ નિસરે. ૨૯૬

અને 'सत्वं यद्ब्रह्मदर्शनं' સત્ત્વગુણથી બ્રહ્મનું દર્શન થાય છે એવી જે માયા તે દુઃખરૂપ કેમ કહેવાય છે ? એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેમ પૃથ્વીની ઘટાદિક એવા અનેક પ્રકારની રચના છે તથા કાચ આદિકને વિષે સ્વચ્છપણું છે તે સર્વે કર્તાની શિલ્પતાયે કરીને છે, તેમ શ્રીહરિજી મહારાજ અને તેમના સત્પુરુષના સંબંધે કરીને સત્ત્વગુણને વિષે બ્રહ્મદર્શનપણું છે. ને એમ ન હોય તો આરબ ને કોળી આદિકને વિષે સત્ત્વગુણ તો દેખાય છે તો પણ બ્રહ્મદર્શન તો કહેવાય નહિ. ને નિર્ગુણપણું તો એ બેયના સંગે કરીને આવે

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ.

છે. ને તેને વિષે બીજો એક ભેદ છે જેમ આંહીથી વડતાલ તથા ધોલેરે કે જુનાગઢ ગયા તો પણ ગયા કહેવાય ને હોય તો મારગમાં, તેમ હરિભક્ત નિર્ગુણ કહેવાય. એમ દેવને[1] દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી. ૨૯૭

અને 'પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપને કેમ સમજવું ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેવી રામકૃષ્ણાદિક ભગવાનની મૂર્તિ છે તેવી જ પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ હોય પણ સ્વરૂપ, સ્વભાવ, ગુણ ને વિભૂતિ આદિકના તથા ઐશ્વર્ય, પ્રકાશ ને શક્તિ આદિકના અનવધિકાતિશયપણાયે કરીને અત્યંત વિલક્ષણપણું છે. ત્યાં દૃષ્ટાંત જે જેમ ચિત્રામણનો સૂર્ય અને પ્રત્યક્ષ સૂર્ય તથા ચિત્રામણની હોળીનો અગ્નિ ને પ્રત્યક્ષ હોળીનો અગ્નિ તેમ પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપને સમજવું. ૨૯૮

અને 'સાધર્મ્યપણું કેમ જાણવું ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેમ દાવાનળે વનનો એક દેશ બાળ્યો હોય તોપણ વન બાળ્યું કહેવાય. તેમ ભગવાનની આજ્ઞા પ્રમાણે **ભગવાનને માર્ગે ચાલ્યો જે ભક્ત તે ભગવાનને ને સત્પુરુષને સંગે કરીને નિર્ગુણપણાને પામ્યો કહેવાય છે.** અને એ નિર્ગુણપણું જ ભગવાનનું સાધર્મ્યપણું છે. તે સાધર્મ્યપણાને આપણે સર્વે પામ્યા છીએ તો જીવના કલ્યાણ કરીએ છીએ. ત્યાં દૃષ્ટાંત છે જેમ એક પર્વત તો સાકરનો જ હોય ને એક પર્વત તો પોણા ભાગનો સાકરનો હોય ને એક તો અર્ધો સાકરનો હોય ને એક તો પા ભાગનો સાકરનો હોય ને એક પર્વતના તો શિખર માથે સો કે પચાસ મણ સાકર પડી હોય ત્યાં જે જીવ જાય તે સર્વેનાં મુખ ગળ્યાં થાય તેમ સાધર્મ્યપણામાં ભેદ છે. ૨૯૯

અને 'આત્માને ને ભગવાનના મહિમાને કેમ જાણવો ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે **આત્માને એમ જાણવો જે ચોરાશી લાખ જાત્યના દેહ ધર્યા પણ તે ક્યાંય મર્યો નથી ને જેવો છે તેવો ને તેવો જ રહ્યો છે**

૧. દેવ અનેક પ્રકારના છે, તેમની પાત્રતાને અનુસારે નિર્ગુણતા પણ અનેક પ્રકારની છે. બ્રહ્માદિકથી ઉત્કૃષ્ટ નિર્ગુણતા ભૂમાપુરૂષ આદિકમાં છે, અને સૌથી અધિક નિર્ગુણતા પરબ્રહ્મમાં છે. પરબ્રહ્મના સંબંધવાળા ભક્તોમાં પણ એવી અપાર નિર્ગુણતા હોય છે.





**માટે અજર અમર છે ને અછેદ્ય અભેદ્ય આદિક લક્ષણે કરીને તે જીવને સત્તારૂપ જાણવો.** ને પુરુષોત્તમ ભગવાનનો મહિમા તો એમ સમજવો જે **જેની બીકે કરીને સમુદ્ર ચોસઠ ગાઉ ઉંચે જળને ધરી રહ્યો છે ને જેની બીકે કરીને વાયુ પણ નિરંતર વાય છે. ને જે ભગવાન જળના બિંદુમાંથી આવી કાયા કરી આપે છે. એવી જાતનો મહિમા અપાર રહ્યો છે** એમ પુરુષોત્તમ ભગવાનનો મહિમા સમજવો. ૩૦૦

અને એક દિવસ સ્વામીએ વાત કરી જે જેટલાં પદાર્થ બાહેર રહ્યાં છે તેટલાંજ જીવમાં રહ્યાં છે. ને જીવની અહંવૃત્તિ બહુ બળવાન છે કેમજે સભામાં અતિશે સરસ ભગવત વાર્તા થાતી હોય ને અહંવૃત્તિ જો બીજે ઠેકાણે જાય તો તે સભામાંથી તુરત ઉઠીને ચાલી નિસરે. ને એ અહંવૃત્તિ બહુ વિસ્તારવાળી જણાય છે. જુઓને સાહેબલોક ઘોડાને ને સ્વારને તોળીને દોડાવે છે અને તેને જો ફરીને તોળે તો જે આગળ નિસર્યો હોય તેમાં ચાર પાંચ શેર વધુ ભાર થાય છે. ત્યારે કોઈએ પૂછ્યું જે એ અહંવૃત્તિ કેમ ટળે ? તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે શિક્ષાપત્રી, ધર્મામૃત અને નિષ્કામશુદ્ધિ એ ત્રણ ગ્રંથ પ્રમાણે નિયમમાં દેહને વર્તાવે ને પ્રમાદ મુકીને સત્પુરુષના સંગે કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત શ્રીહરિજીની ભક્તિ શીખીને તેમજ વર્તે તો ટળે. ને એ **અહંવૃત્તિ જ જન્મ મરણનું કારણ છે.** ૩૦૧

અને સ્વામીએ વાત કરી જે ધર્મજ્ઞાનાદિકે કરીને બે સરખા હોય તેમાં એક તો શ્રીહરિજી મહારાજની અનુવૃત્તિને વિષે વર્તે છે ને એક નથી વર્તતો તે બેમાં કોણ શ્રેષ્ઠ છે ? તો **જે અનુવૃત્તિમાં વર્તે છે એજ શ્રેષ્ઠ છે. કેમજે યથાર્થ મહિમા સમજતો હોય તેજ અનુવૃત્તિમાં વર્તે છે.** ૩૦૨

અને 'જે સત્સંગ કરે છે તેને દિવ્ય દેહ કેમ બંધાય છે ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેમ મૂર્તિનું બીબું મીણનું કરે છે. તેમાં પાંચ પ્રકારના રસ રેડે છે તે રસની મૂર્તિ બંધાય છે ને મીણનું બીબું ગળી જાય છે. પછી તે ઉપર માટીનું ખોખું હોય તેને ભાંગી નાખે છે. તેમ ધર્મજ્ઞાનાદિક જેમ જેમ પક્વતાને પામતાં જાય છે તેમ દિવ્ય દેહ બંધાતો જાય છે ને તેમાં પ્રકાશાદિક ઐશ્વર્ય આવતાં જાય છે. ને એ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ.

ચારેય સાધન જ્યારે જીવને વિષે સંપૂર્ણ પ્રાપ્ત થાય છે ત્યારે તે દિવ્ય દેહ સર્વ પ્રકારે સંપૂર્ણ થાય છે ને તે પછી માટીના ખોખાને ઠેકાણે જે સ્થૂલ દેહ તે પડી જાય છે. ને જેમ મૂર્તિને ઘસી ભૂંસીને દિવ્ય કરે છે તેમ એ એકાંતિક ભક્તને શ્રીહરિજી મહારાજ અતિ દયાએ કરીને પોતાની દૃષ્ટિ વડે જ સર્વે કસર ટાળી નાખે છે. ને દેહાભિમાન તો સ્થૂળ દેહને વિષે રહે છે ને માન તો સૂક્ષ્મ દેહને વિષે રહે છે તેથી દિવ્ય દેહમાં તે નડતાં નથી. ૩૦૩

અને સ્વામીએ વાત કરીજે નર તથા માદા નામે બે પ્રકારના જીવ અસુરમાં ને દેવમાં રહ્યા છે. તે અસુર નર જો પૃથ્વી ઉપર આવેલો હોય તો અનેક જીવને અસુર કરે છે ને જો દેવ નર આવેલો હોય તો હજારો જીવને દેવ કરે છે. ને નર વિના એકલી માદાને ફળ લાગે નહિ તેમ **એકાંતિક ભક્તના પ્રસંગ વિના એકાંતિક થવાય નહિ.** એ પ્રમાણે પપૈયાના[1] વૃક્ષને દૃષ્ટાંતે કરીને વાત બહુ કરી. ૩૦૪

અને સ્વામીએ વિષયખંડનના વચનામૃત (ગઢડા મ.૨૩) ની વાત કરી જે સમજીને વિષય ભોગવે તો સુખિયો રહે, નહિ તો દુ:ખિયો થાય. ત્યારે સંતે પૂછ્યું જે 'કેમ સમજીને વિષય ભોગવવા ?' ત્યારે સ્વામી કહે શિક્ષાપત્રી, ધર્મામૃત ને નિષ્કામશુદ્ધિ એ પ્રમાણે જે વર્તવું તે સમજીને વિષય ભોગવ્યા કહેવાય. ૩૦૫

અને 'સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પૂછ્યું જે 'વાસના બહુ બળવાન છે તે કેમ જીતાય ?' ત્યારે સ્વામી કહે જે, **સત્પુરુષના સમાગમે કરીને ધર્માદિક ચાર સાધનને પક્વ કરે તો વાસના જીતાય ને શુદ્ધ ભક્ત થવાય.** ત્યારે ફરી પૂછ્યું જે 'ભગવાનના ભક્તને વ્યવહારના વિક્ષેપ બાધ કરે કે નહિ ?' ત્યારે સ્વામી કહે જે, જે સમર્થ હોય તેતો વિક્ષેપને અંતઃકરણમાં પ્રવેશ કરવા દીયે નહિ ને ઉપર ઉપરથી તો ખરખરો બહુ કરે. ને જે અસમર્થ હોય તેને તો એ વિક્ષેપ અંતઃકરણમાં પ્રવેશ કરી જાય છે. ૩૦૬

---

૧. પપૈયાના વૃક્ષોમાં નરજાતિના એકાદ પપૈયા વિના કેવળ માદા=નારી જાતિના પપૈયાના વૃક્ષને ફળ આવે નહિ.





અને ભક્તનો ભગવાનમાં પ્રવેશ થાય છે એ (ગઢડા મધ્યનું ૩૮મું) વચનામૃત વંચાવ્યું ત્યારે તે સાંભળીને સોમલે ખાચરે પૂછ્યું જે, દેહ મૂકીને પ્રવેશ થાતો હશે કે દેહ છતાં પ્રવેશ થાતો હશે ?' ત્યારે સ્વામી કહે જે, દેહ છતાં પણ પ્રવેશ થાય છે કેમજે **જેનો જેને વિષે અતિ સ્નેહ હોય તેનો તેને વિષે પ્રવેશ કહેવાય છે.** તે જ્યારે શ્રીજી મહારાજ સંતને જુનાગઢ મોકલવા માંડ્યા ત્યારે પ્રવેશ અપ્રવેશની ખબર પડી. એવી રીતે પાષાણને[1] દૃષ્ટાંતે વાર્તા બહુ કરી. ૩૦૭

અને 'સર્વે જીવનાં કર્મ તો એક સરખાં નથી ને ઉત્પત્તિ તથા પ્રલય એક કાળે કેમ થાય છે ?' ત્યારે સ્વામી કહે જે, એ ઉત્પત્તિ આદિક તો વૈરાજપુરુષને લઈને થાય છે જેમ આપણે જુનેગઢ જાઈએ છીએ ત્યારે મંડળના સાધુને ગમે ન ગમે પણ આવવું પડે છે એમ ઉત્પત્તિ પ્રલયની રીત છે. પછી ફરી પૂછ્યું જે 'મહત્તત્ત્વાદિક ચોવિશ તત્ત્વ ભિન્ન ભિન્ન ઉપજે છે કે એક કાળે ઉપજે છે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, એતો જેમ બાળક ઉત્પન્ન થાય છે તે સર્વે અવયવે સહિત જ થાય છે તેમ સર્વે તત્ત્વ એક કાળેજ ઉપજે છે. ૩૦૮

અને સ્વામીએ વાત કરી જે, જીવમાત્ર ક્રિયા કરે છે બહુ પણ જે કરવાનું છે તે રહી જાય છે. જેમ લહિયા થાવું કે કવિ થાવું એ આદિક સાધન તો આળસ મેલીને કરે છે પણ એકાંતિક થયાનું સાધન તેવો તત્પર થઈને કરતો નથી. ને **જેવું જીવને પ્રાકૃત વસ્તુમાં હેત થાય છે તેવું હેત ભગવાન કે ભગવાનના મોટા સાધુને વિષે હોય તો કોઈ વાતની મણાજ ન રહે ને બહુ મોટા થાય.** અને દેહનો ભાર તો જેમ ગોદડાં કે લાકડાં ભેગાં કરીને ખડક્યાં હોય તેમ જણાય છે. ૩૦૯

---

૧. પાષાણને ફેંકનારો જેટલા જોરથી તેને ફેંકે છે તો તેવા બળસહિત તે તેટલો દૂર જાય છે, અન્યથા જ્યાં હોય ત્યાં જ પડી રહે છે. તેમ શ્રીહરિમાં જેને જેટલો પ્રવેશ થયો હોય તે તેટલી આજ્ઞાનું ગ્રહણ કરે છે. જૂનાગઢ જવાનું કહ્યું ત્યારે પ્રવેશવાળા હતા તે તૈયાર થઈ ગયા. અને જેમને શ્રીહરિને વિષે પ્રવેશ ન હતો તે પોતાના ગુરૂજનોને પુછવા ગયા તો તેમણે નિષેધ કરવાથી જૂનાગઢ ન ગયા. માટે શ્રીહરિમાં અધિક સ્નેહ કરવો જોઈએ.

અને 'જીવ પરોક્ષ ભજન સ્મરણ તો બહુ કરે છે પણ જેમ પ્રત્યક્ષના ભજનાદિકે કલ્યાણ થાય છે તેમ કેમ થાતું નથી ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે, જ્યારે ભગવાન પ્રત્યક્ષ હોય ત્યારે તો પોતાને જીવનાં કલ્યાણ કરવાનો સંકલ્પ હોય તેથી જે જીવને પોતાનું દર્શન થાય તેણે કરીનેજ તેનું કલ્યાણ થાય એમ અનેક જીવનો મોક્ષ થાય છે. ને અવતાર અવતારીના સંકલ્પમાં પણ ન્યૂનાધિકપણું અતિશે છે. તે **અવતારી તો સંકલ્પ કરે તે માત્રમાં જ તે ક્રિયા સિદ્ધ થાય છે ને અવતાર તો સંકલ્પ કરીને તે ક્રિયામાં પોતે ભળે ત્યારે તે સિદ્ધ થાય છે.** ૩૧૦

અને એક દિવસ સ્વામીએ વાત કરી જે, અહંવૃત્તિ જે તે સકામ ને નિષ્કામ ભક્તિએ કરીને અતિશે વૃદ્ધિને પામે છે. તેમાં સકામ ભક્તિએ કરીને તો મનુષ્યથી લઈને પ્રકૃતિપુરુષના જેવી મોટપને પામે છે ને નિષ્કામ ભક્તિએ કરીને જીવસત્તા જે તે અક્ષરના સાધર્મ્યપણાને પામે છે. ૩૧૧

અને સ્વામીએ વાત કરી જે કોઈ એમ જાણે જે 'હું સત્સંગમાં આવતાં વેત જ મોટો થાઉં' પણ એમ મોટપ આવે નહિ. તેતો સત્સંગને વિષે દૃઢ નિષ્ઠા રાખવે કરીને તથા ધર્મજ્ઞાનાદિક જે સાધન તે એકાંતિક પાસેથી શિખીને તે સાધનને પકવ કરે તો મોટપને પામે છે. તે ઉપર સ્વામીએ પોતાના વૃત્તાંતની[1] વાર્તા બહુ કરી. ૩૧૨

અને 'શક્તિ, ઐશ્વર્ય ને વિભૂતિ એ ત્રણેય એક છે કે ભિન્ન છે ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે શક્તિ અને ઐશ્વર્ય એ તો એક જ છે ને વિભૂતિ તો જુદી છે. ૩૧૩

અને સત્સંગી હોય તો પણ જે રાજાના રાજ્યમાં રહેતા હોય તેને અનુસરે છે ને તે તે જેવા થાય છે તેમ જે બ્રહ્મા, શંકર, સૂર્ય વિગેરેને અનુસરે

૧. ગોપાળાનંદ સ્વામીએ શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદ મુનિ આદિક સંતોના સમાગમથી શ્રીહરિમાં ઉત્તમ નિષ્ઠા, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, યોગાભ્યાસ, તીવ્ર તપ, નિરંતર ધ્યાન આદિ ગુણો સંતો દ્વારા શીખી લીધા હતા. જેના ફળ સ્વરૂપે સત્સંગમાં અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કરેલું છે.





છે તે તેવા થાય છે ને **જે પુરુષોત્તમ ભગવાન કે મોટા સાધુની અનુવૃત્તિમાં વર્તે છે તે અક્ષર જેવા થાય છે.** ૩૧૪

અને 'હેત ને માહાત્મ્ય જેમ પ્રથમ હતાં એમને એમ સદાય કેમ રહેતાં નથી ?' એનો ઉત્તર સ્વામીએ કર્યો જે તે પ્રથમની પેઠે ન રહે પણ ગૂઢ થઈ જાય છે ને ગૂઢપણે રહીને અતિશે વૃદ્ધિને પામે છે. ૩૧૫

અને સ્વામીએ વાત કરી જે 'एकोऽहं बहु स्याम्' એ શ્રુતિનો અર્થ શ્રીજી મહારાજે કર્યો છે જે 'એક એવા જે પુરુષોત્તમ ભગવાન તે અંતર્યામીપણે કરીને અક્ષરબ્રહ્મ તથા પ્રકૃતિપુરુષ આદિકને વિષે તારતમ્યપણે કરીને રહ્યા છે.' તે કાષ્ટમાં રહેલ અગ્નિને[1] દૃષ્ટાંતે કરીને કહ્યું છે ને તે તેમજ છે કેમજે અંતર્યામી સ્વરૂપ જે પ્રકાશ તે રૂપે કરીને પુરુષોત્તમ ભગવાન સર્વેને વિષે રહ્યા છે એમ પુરુષોત્તમ ભગવાનનું વ્યાપકપણું સમજવું. ૩૧૬

અને સ્વામીએ વાત કરીજે, પ્રથમ જેને કાંઈક આડુંઅવળું વર્તાણું હોય તે જો ફરી પોતાના ધર્મમાં ખબડદાર થઈને વર્તેતો પાછો શુદ્ધ થઈ જાય છે. ૩૧૭

અને પુરુષોત્તમભગવાન, માયા અને જીવ એ ત્રણેય અનાદિ છે એ વાત યથાર્થ છે પણ માયા અને જીવ તો ભગવાન આગળ અતિ અસમર્થ ને પશુ જેવાં જણાય છે, ને એને અનાદિપણું છે એટલું જ સરખાપણું છે પણ સર્વ ઐશ્વર્યયુક્ત તો પુરુષોત્તમ ભગવાન એકલા જ છે. એમ સ્વામીએ મનુષ્ય અને પશુના દૃષ્ટાંતે કરીને બહુ વાત કરી. ૩૧૮

અને પૂછ્યું જે 'મન તો સત્વગુણમાંથી થયું છે તેમાં રજ તમના વિકાર કેમ રહ્યા હશે ?' ત્યારે સ્વામીએ દીપકના દૃષ્ટાંતે કરીને કહ્યું જે, 'મન તો વિષયનું પ્રકાશક છે પણ પોતે વિકારવાન નથી ને જો વિકારવાન હોય તો નારદ સનકાદિકનાં મન વિકારવાન કેમ નથી ?' ૩૧૯

અને 'જે સ્થિતિવાન હોય તે ઠીક વર્તતા ન હોય ને જે સ્થિતિવાન ન હોય તે જેમ સંત કહે છે તેમ કરે છે એ કેમ હશે ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે સ્થિતિવાન નથી તેને સાધન છે ને જે સ્થિતિવાન છે તેને સાધન નથી. ૩૨૦

૧. વચ.ગ. પ્ર.પ્ર.૪૧.

અને 'અક્ષરબ્રહ્મ સર્વને વિષે વ્યાપકપણે કેમ રહ્યા છે ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે પોતાના ઐશ્વર્યે કરીને રહ્યા છે. જેમ સૂર્ય પ્રકાશે કરીને સર્વ જગતને વિષે રહ્યા છે તેમ. ૩૨૧

અને 'ઉપાસ્ય, ઉપાસક ને સ્થાનક એ ત્રણની શુદ્ધતા કહો ?' ત્યારે સ્વામીએ કહ્યું જે પુરુષોત્તમ ભગવાનને તુલ્ય ઉપાસ્ય કોઈ નથી એમ સમજવું તે ઉપાસ્યની શુદ્ધતા કહેવાય, ને અક્ષરના સાધર્મ્યપણે વર્તવું તે ઉપાસકની શુદ્ધતા કહેવાય. ને સ્થાનકની શુદ્ધતા તો અક્ષરબ્રહ્મ જ છે એમ જાણવું. ૩૨૨

અને 'સદા સુખિયા કેમ રહેવાય ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે પોતાને કાંઈ જોઈએ જ નહિ એમ સમજીને વર્તે તો સદા સુખી રહેવાય. ને જે પદાર્થ સત્સંગને અર્થે જોતાં હોય તે પોતાનાં ન કહેવાય. ૩૨૩

અને 'પંચવિષયની અરુચિ કેમ થાય ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે **સર્વે વસ્તુને વિષે દોષાધ્યાન નિરંતર રહ્યા કરે તો વિષયને વિષે અરુચિ થાય.** ૩૨૪

અને પૂછ્યું જે 'જેને ઈંદ્રિયોને વિષે, અંતઃકરણને વિષે ને જીવને વિષે ભગવાનનો નિશ્ચય હોય તે ત્રણેયની નોખી નોખી પ્રાપ્તિ કહો ?' ત્યારે સ્વામીએ કહ્યું જે જેને ઈંદ્રિયોને વિષે ભગવાનનો નિશ્ચય હોય તેતો દેહ મૂક્યા પછી ઈંદ્ર જેવો થાય ને જેને અંતઃકરણને વિષે નિશ્ચય હોય તે બ્રહ્માદિક દેવ જેવો થાય અને જેને જીવને વિષે નિશ્ચય હોય તે તો અક્ષરના મુક્ત જેવો થાય. ને શ્રવણ મનનાદિક સાધન કર્યા વિના ઉત્તમ થાતા નથી ને વિષયમાંથી રાગને ટાળતા નથી. ૩૨૫

અને સંતે કહ્યું જે 'આ હરજી ઠક્કરને તો મહારાજ મળ્યા એટલે શાંતિ થઈ ગઈ' ત્યારે સ્વામી કહે જે, ઉત્તમ મુમુક્ષુને તો દર્શને કરીને જ શાંતિ થઈ જાય છે. ને માની, લોભી એવા જે મુમુક્ષુ હોય તેને તો માન, લોભ સોતો જો સત્સંગ રહે તો શાંતિ રહે, નહિ તો ઉદ્વેગ રહે. ૩૨૬

અને 'અક્ષર તો સર્વે ઠેકાણે છે તેમાં પુરુષોત્તમ ભગવાન ક્યાં રહેતા હશે ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે પુરુષોત્તમ ભગવાન પોતાના





એકાંતિક ભક્તમાં રહે છે. ને તેવા ભક્ત પણ અનંત છે માટે તેમને મધ્યે જે અતિ ઉત્તમ એકાંતિક ભક્ત હોય તેમાં મૂળ સ્વરૂપે રહે છે, જેમ રાસમંડળમાં શ્રીશ્યામાજી (રાધિકાજી) પાસે મૂળ સ્વરૂપે રહેતા તેમ રહે છે. ૩૨૭

અને 'ભગવાનના કેવા ભક્ત કેવા ધામને પામે છે ? એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે, **ભગવાનની દૃઢ ઉપાસના ને એકાંતિક ધર્મ એ બેય જેમાં સંપૂર્ણ હોય તે તો અક્ષરધામને પામે છે** ને ધર્મને વિષે કસર હોય તો મૂળ પુરુષને પામે ને એથી વધુ સવાસનિક હોય તો પ્રધાનપુરુષને તથા વૈરાજપુરુષાદિકને પામે ને જેને એ બેયને વિષે કસર હોય તે બ્રહ્માદિક દેવ જેવો થાય ને ગુણબુદ્ધિવાળો હોય ને સાધુની સેવા ચાકરી કરતો હોય તો તે ઈંદ્ર જેવો થાય. તે વચનામૃતમાં શ્રીજીએ કહ્યું છે જે 'પાંચ સાધન સંપૂર્ણ હોય તો અક્ષરધામને પામે; નહિ તો બીજા ધામને પામે ને અતિ સવાસનિક હોય તો દેવલોકને પામે.' ૩૨૮

અને સ્વામીએ વાત કરી જે, સ્વાદ, માન, ક્રોધ ને ઈર્ષા એ આદિક દોષને ટાળવાનાં સાધન કર્યા કરે ને તેને વિષે દોષ દૃષ્ટિ રાખે તો ધીરે ધીરે એ દોષ નિવૃત્તિ પામી જાય છે એમ સ્વભાવ ટાળ્યાની રીત છે. ૩૨૯

અને સ્વામીએ વાત કરી જે, સ્થૂળ, સૂક્ષ્મ, દેહના ભાવ ટાળવાના પુરુષપ્રયત્નમાં બદરિકાશ્રમના ઋષિ મંડ્યા છે ને કારણ શરીરના ભાવ ટાળવાના પુરુષપ્રયત્નમાં શ્વેતદ્વીપના મુક્ત મંડ્યા છે. ૩૩૦

અને સ્વામીએ વાત કરી જે, શ્રદ્ધામાં વૈરાગ્યાદિક આવી જાય છે. તે સાંભળીને સંતે આશંકા કરી જે 'ત્યારે તે જુદા શા સારુ કહ્યાં ?' ત્યારે સ્વામી કહે શ્રદ્ધા તો બીજે પણ થાય છે માટે **સત્શાસ્ત્ર અને સત્પુરુષને સંગે કરીને જ્ઞાન વૈરાગ્યાદિકને શ્રવણ મનનાદિકે કરીને શિખે તો સાચી શ્રદ્ધા ઉપજે છે.** ને તે શ્રદ્ધામાં જ્ઞાન વૈરાગ્યાદિક રહ્યાં છે. ૩૩૧

અને 'સ્વયં, અંશ, કળા ને વિભૂતિ એ ચાર પ્રકારના અવતારના ભેદ કેમ સમજવા ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે, સગુણ અને નિર્ગુણ એમ બે પ્રકારના ભગવાનના અવતાર છે. તે સગુણમાં પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ ને સંકર્ષણ

એ સ્વયં અવતાર છે ને બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તે અંશાવતાર છે ને કશ્યપાદિક કળાવતાર છે. અને નિર્ગુણમાં તો શ્રીકૃષ્ણાદિક સ્વયં અવતાર છે ને દત્ત કપિલાદિક અંશાવતાર છે ને મચ્છ કચ્છપાદિક કળાવતાર છે. અને વિભૂતિ તો ઈંદ્રાદિકને જાણવા તે વિભૂતિ તો ભગવાનની છડી છે. ને ગીતામાં તો રાજાને પણ ભગવાનની વિભૂતિ કહેલ છે માટે છડી તો સર્વને માનવા યોગ્ય છે, તે જુઓને રાજા પરીક્ષિતનું ઋષિએ સન્માન ન કર્યું તો કેટલી ઉપાધિ થઈ ? ને તે રાજાઓને વિષે જે સ્વાભાવિક ગુણ રહે છે તે પોતાનો છે ને જે વિશેષ ઐશ્વર્ય જણાય છે તે પરમેશ્વરનું છે. ૩૩૨

અને એક દિવસ સ્વામીએ વાત કરી જે જીવને જેવી આત્મબુદ્ધિ અને પૂજ્યબુદ્ધિ દેહને વિષે છે તેવી આત્મબુદ્ધિ ને પૂજ્યબુદ્ધિ જો મોટા પુરુષને વિષે સમજીને આદરે સહિત રાખે તો તેને વિષે જ્ઞાનાદિક સર્વે સદ્‌ગુણ આવે છે એમાં કાંઈ સંશય નથી. ને **પોતાની મેળે તો જીવ બહુ કરે છે પણ તે લેખે આવતું નથી. ને જો મોટા તે પુરુષની આજ્ઞા અને મરજી પ્રમાણે વર્તેતો અલ્પ કરે તે પણ બહુ થાય છે.** જેમ રસે યુક્ત અન્ન અલ્પ જમે તો પણ તૃપ્ત થાય છે ને ભાજી બશેર જમે તથા છાશ પતર બે પીએ તો પણ તેવો સંતોષ ન થાય. ૩૩૩

અને સંતે પૂછ્યું જે 'માન કેમ ટળે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે પોતાને સત્તારૂપ સમજે ને પોતે ભગવાન કે સત્પુરુષ આગળ તો અતિશે હળવો વર્તે અને પોતાને વિષે જે કાંઈક ગુણ હોય તે તો જેમ કોઈકનાં વસ્ત્ર આભૂષણ માગી લાવીને પહેર્યાં હોય તેમ મોટા પુરુષના કે ભગવાનના છે એમ સમજે તો માન ટળી જાય. ૩૩૪

અને એક દિવસ ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું જે 'વાસનામય જે લિંગ શરીર તે નાશ પામ્યું કેમ જણાય ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, ઉત્તમ પંચવિષય પ્રાપ્ત થયા હોય તેને મૂકી દીએ તોપણ ફરી પાછા સાંભરે નહિ તે જેમ જન્માંતરનાં વિષય સુખ નથી સાંભરતા તેમ ન સાંભરે ત્યારે લિંગ દેહનો નાશ થયો જાણવો. ૩૩૫





અને પૂછ્યું જે 'ઉપાસના ને ધર્મ બેય સરસ હોય, ધર્મ ન્યૂન ને ઉપાસના સરસ હોય, ઉપાસના ન્યૂન ને ધર્મ સરસ હોય ને બેય ન્યૂન હોય એ ચાર પ્રકારના ભક્તની પ્રાપ્તિ કહો ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે **ઉપાસના અને ધર્મ જો સંપૂર્ણ હોય તો તે અક્ષરધામને પામે** ને ધર્મ ન્યૂન હોય તો પ્રકૃતિપુરુષના ધામની પ્રાપ્તિ થાય ને ધર્મનિષ્ઠા અધિક હોય તો ઋષિના લોકની પ્રાપ્તિ થાય ને બેયમાં કસર હોય તો બ્રહ્માદિક ત્રણ દેવના ધામની પ્રાપ્તિ થાય અને જો ઉપાસના તો હોય પણ અક્ષરનો મહિમા અધિક સમજતો હોય તો તે ભક્ત અક્ષરમાં લીન થાય છે. ૩૩૬

અને સ્વામીએ વાત કરી જે, એક દિવસ અમે ત્રણ કે ચાર સંત બેઠા હતા તે સમે શ્રીજીએ વાત કરી જે 'સર્વે આવિર્ભાવ છે તેતો પુરુષોત્તમ નારાયણના અંશ અને કળા અવતાર કહેવાય છે માટે સેવકપણે વર્તે છે. ને ભગવાનના ધામમાં અનંત પ્રકારની વાર્તા સમજવાની છે ને જેને દર્શને મોટા મોટા પણ તણાયને આવે તે અવતારી કહેવાય. ત્યારે કોઈ કહેશે જે 'એવા અવતારી આવ્યા ને પૃથ્વી ઉપરથી સર્વે કુસંગને કેમ ટાળી ન નાખ્યો ?' તો એ વાતનું એમ છે જે આ સમે ભગવાન અહિંસાધર્મ પરાયણ વર્તે છે માટે સહેજે ટળે એટલો ટાળે છે પણ બહુ આગ્રહ કરતા નથી.' ૩૩૭

અને એક દિવસ સ્વામી ભગવાનની વાત કરતા હતા તે સાંભળવા ત્યાં મનોહરદાસ બેઠા હતા તેને તે વાત શ્રવણ કરતાં લક્ષ થઈ ગયો તે જોઈ શાંતાનંદ સ્વામીએ કહ્યું જે, 'આમને બહુ સુખ આવતું હશે ?' ત્યારે સ્વામી કહે તમારે સમાધિ જોઈએ છે ? ત્યારે તે કહે 'મહારાજનું દર્શન થાય તેતો શ્રેષ્ઠ જ છે તો !' ત્યારે સ્વામી કહે **ઇંદ્રિયોને વિષયમાંથી રેતી જેવી લુખી કરી નાખે ને જીવસત્તાને અક્ષર સાથે એકપણાને પમાડીને પોતે અક્ષરરૂપ થઈ પુરુષોત્તમ નારાયણની ઉપાસના કર્યા કરે. એમ જે વર્તવું તેને અમે સમાધિ કરતાં પણ શ્રેષ્ઠ માનીએ છીએ.** ૩૩૮

અને (ચૈતન્યાનંદ સ્વામી[1] કહે કે) એક દિવસ સ્વામીએ મારી આગળ

૧. આ પ્રથમ પ્રકરણની વાતોના સંગ્રહકર્તા સદગુરૂ ચૈતન્યાનંદ સ્વામી.

એમ વાત કરી જે પોતાનો જેવો સ્વભાવ હોય તેવો સર્વનો કરવા ઈચ્છીએ તો તે કેમ થાય ? કારણ કે શરીરનાં બીબાં જુદાં જુદાં છે માટે ન થાય ને તમોગુણ ને રજોગુણના જે મલિન સંકલ્પ છે તેતો શમદમાદિકે કરીને તથા શ્રીજી મહારાજના ગુણચરિત્રનાં કીર્તને કરીને ટળે છે. વિષયની ઉત્પત્તિ તો વિષયમાંથી ને દેહાભિમાનમાંથી છે અને સૂક્ષ્મભાવ તથા સ્થૂળભાવને ઓળખવા. તે સૂક્ષ્મભાવ શું જે મુક્તાનંદ સ્વામી જેવા સંત તે અનેક જીવનાં કલ્યાણ કરવાને અર્થે સર્વેના સરખા વર્તે છે ને પોતાને વિષે તો વૈરાગ્યાદિકનું બળ અપાર રહ્યું છે તોપણ એમ વર્તે એ સૂક્ષ્મભાવ કહેવાય. ને સ્થૂળભાવ તો એ જે પોતાના અંતઃકરણમાં તો બળ અલ્પ હોય ને બાહેર બહુ જણાવે એ સ્થૂળભાવ કહેવાય. ૩૩૯

અને સ્વામીએ વાત કરી જે સર્વે પુસ્તકને અર્થે તથા ચરણારવિંદને અર્થે બહુ દાખડો કરે છે. એ સર્વે છે તો ખરું પણ મોટા પુરુષના સમાગમમાં રહીને ને ધન, સ્ત્રી આદિક પદાર્થનો ત્યાગ કરીને શ્રીજી મહારાજની અનુવૃત્તિમાં રહીને પોતાનું ઉત્તમ કલ્યાણ કરવું એ શ્રેષ્ઠ સમજણ છે. ને જે એવી બુદ્ધિનું ગ્રહણ નથી કરતા તેનાં પુસ્તકાદિક સર્વે પડ્યાં રહે છે ને પોતે સત્સંગ થકી પડી જાય છે. ૩૪૦

અને પૂછ્યું જે 'અમદાવાદના બીજા વચનામૃતમાં સત્તારૂપ થઈને માનસી પૂજા આદિક કરવાનું કહ્યું છે તે સત્તારૂપ કેમ થવાય ? તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે પચવીશ[1] સાધને યુક્ત જે વર્તતા હોય તે સત્તારૂપ કહેવાય. ૩૪૧

**ઇતિશ્રી સહજાનંદ સ્વામિ શિષ્ય-અગ્રગણ્ય સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી તેમણે કરેલી વાતો શ્રવણ કરીને ચૈતન્યાનંદ મુનિયે લખી તેમાં ભગવાનનો મહિમા કહ્યો એ નામે પ્રથમ પ્રકરણ સમાપ્ત થયું.**

● ● ●

૧. પચીસ સાધન આ પ્રમાણે છે :- ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, સ્વાધ્યાય, શૌચ, તપ, સંતોષ, અહિંસા, સત્ય, શીલવ્રત, અપરિગ્રહ, અસ્તેય, આસનસિદ્ધિ, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, કથા-શ્રવણ, હરિકીર્તન, ભગવત્સ્મરણ, ચરણસેવન, મૂર્તિ અર્ચન, ક્ષમાવંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન, આ સાધનોથી બ્રહ્મરૂપ મુક્ત બની શકાય છે.



ૐ

॥ श्री हरिकृष्णाय नमो नमः ॥

## પ્રકરણ બીજું

### ભગવાનનો નિશ્ચય સમજવાની રીત

ઉત્તમ સવિકલ્પ નિશ્ચયવાળો ભક્ત ભગવાનને એમ સમજે છે જે, ભગવાનને કોઈ દોષ અડતો નથી. કેમજે ભગવાન તો સર્વના કારણ છે, ને જીવની જે જે ક્રિયા પ્રવર્તે છે તે ભગવાનની અંતર્યામીપણે પ્રેરણાએ કરીને પ્રવર્તે છે, પણ તે વિના તો જીવ કાંઈ કરવાને કે ભોગવવાને સમર્થ નથી. એમ સમજનારામાં એવો શો દોષ આવ્યો જે ઉત્તમ સવિકલ્પ નિશ્ચય એવો ભેદ પડ્યો ? તે કહીએ છીએ જે એમ સમજનારો અંતર્યામીપણે સર્વે ક્રિયાને ભગવાન કરે છે એમ સમજે છે તેમાં આ બે દોષ આવે છે જે સર્વ જીવપ્રાણીમાત્રને વિષે અંતર્યામીપણે તો મહાપુરુષ છે તે જેવા પુરુષોત્તમને જાણ્યા. એક તો એ દોષ ને બીજો એ જે ભગવાન જે તે સર્વને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા થકા સર્વજીવ પ્રાણીમાત્રના જે વિષય તેને ભોગવે છે. પણ ભગવાન તો અતિ સમર્થ છે તેને કોઈ દોષ અડતો નથી પણ ભગવાનને એ વિષય ભોગવ્યા વિના ચાલતું નથી એમ ભગવાનને જાણે પણ એમ ન જાણે જે ભગવાન તો જે જે કાંઈ પદાર્થને તથા જે કાંઈ ગ્રહણ કરે છે તેતો જીવના કલ્યાણને અર્થે છે એમ ન જાણે. ૧

અને કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભગવાનને આકાશ જેવા જાણે છે. જેમ આકાશને ચાર ભૂતની ક્રિયા અડતી નથી તેમ ભગવાનને કોઈ દોષ અડતો નથી. એમ સમજે પણ દેશકાળે કરીને કોઈક સમે વૈરાજપુરુષની તથા સંકર્ષણની મોટપ કે ઐશ્વર્યને જોઈને તથા શાસ્ત્રમાંથી સાંભળીને એવો ઘાટ થાય જે ભગવાન આગળ એ પણ છે. તથા તેના વિષયમાં કોઈ સમે રાગ જેવું જણાય પછી તે સંકલ્પને ટાળીને ખોટો કરી નાખે ને વળી કોઈ સમે એવો ઘાટ થાય તે માટે તેનો કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચય એવો ભેદ પડ્યો. ૨

અને મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભગવાનને બ્રહ્મરૂપ સમજે જે ભગવાન તો કોઈને પ્રવૃત્તિને વિષે જોડતા નથી અને વૈરાજ પુરુષ તથા મહાવિષ્ણુ આદિક જે કોટાનકોટિ માયાને વિષે જોડાણા છે તેતો પોતાને રાગે કરીને જોડાણા છે પણ ભગવાન તો કોઈને માયાને વિષે કે વિષયને વિષે જોડતા નથી એમ સમજે માટે એને કોઈને વિષે ભાર ન આવે પણ મહાપુરુષની મોટપ જોઈને તથા સાંભળીને તથા તેનાં ઐશ્વર્ય જોઈને કોઈક સમે એવો સંકલ્પ થાય જે ભગવાનને પણ આવી વિભૂતિઓ છે તથા તેના વિષયને વિષે રાગ જેવું જણાય તથા તે વિષયમાં સારપ્ય મનાય પછી વળી તે સંકલ્પને ખોટા કરીને એમ સમજે જે મહાપુરુષ તથા બીજા જે જે માયાને વિષે જોડાયા છે તથા નિવૃત્તિધર્મને વિષે જોડાયા છે. તે પોતાને મોટપ્યનો રાગ છે તે માટે જોડાયા છે. પણ ભગવાન તો કોઈને કોઈ સંગાથે તથા મોટપ્યમાં તથા કોઈ વિષયમાં જોડતા નથી, ને જે જોડાય છે તે તો પોતાને રાગે કરીને જોડાય છે. એમ સમજીને તે સંકલ્પને ખોટો કરી નાખે તે માટે એનો મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચય એવો ભેદ પડ્યો. ૩

અને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભગવાનને એમ સમજે જે, મહારાજ તો કોઈને ક્યાંય જોડતા જ નથી. મહારાજ તો અક્ષરધામને વિષે પોતાના એકાંતિક ભક્તને નિરંતર દર્શન આપે છે. પણ પોતાને બીજા પાસે કાંઈ કરાવવું નથી ને જે મહાપુરુષ તથા જે જે પ્રવૃત્તિ તથા નિવૃત્તિને વિષે જોડાય છે તેતો પોતાને રાગે કરીને જોડાય છે તેને અક્ષર દ્વારે જોડે છે પણ પોતે તો કોઈને પ્રવૃત્તિને વિષે જોડતા નથી. તે ઉપર મહારાજે વાત કરી હતી જે પ્રથમ સૃષ્ટિ કરવાનો સમય થયો ત્યારે ભગવાને અક્ષર સામું જોયું ત્યારે અક્ષરમાં અનંતકોટિ મુક્ત બેઠા હતા તેમાંથી જેને સદ્ આશય હતો એવો જે પુરુષ તે આગળ આવીને ઉભો રહ્યો. તેને વૃત્તિએ કરીને માયાને વિષે જોડ્યો ત્યારે માયા થકી અનંતકોટિ મહાવિષ્ણુ થયા પછી એક એક મહાવિષ્ણુ થકી એક એક બ્રહ્માંડ ઉત્પન્ન થયું એવી રીતે અનંતકોટિ બ્રહ્માંડ ઉત્પન્ન થયાં. ત્યારે કેટલાકે તો એમ જાણ્યું જે એને રાગ હતો તે જોડાણો. ને કેટલાકે તો એમ જાણ્યું જે એને રાગ





પણ હતો ને મહારાજે આજ્ઞા કરી એટલે માયા સાથે જોડાણો. ને કેટલાકે તો એમ જાણ્યું જે એને જોડાવું નહોતું પણ મહારાજે આજ્ઞા કરી તેથી માયા સાથે જોડાણો. માટે એ બે કેડ્યેથી કહ્યા તેમણે એ કાચપ્ય ટાળી જોઈએ. એમ જે સમજે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. ૪

અને વ્યાસસૂત્રમાં એમ વાત છે જે, બીજા અવતાર થાય છે તે જ્યાંથી આવે છે ત્યાં પાછા જાય છે પણ અક્ષરધામને કોઈ પામતા નથી. ને જ્યારે પુરુષોત્તમ પોતે અક્ષરધામમાંથી આવે છે ત્યારે તે ભેળા બીજા અવતાર તથા મૂળપુરુષ તથા પ્રધાનપુરુષ તથા વૈરાજપુરુષ તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈંદ્ર, વરુણ, કુબેર, સૂર્ય, ચંદ્રમા, યમરાજા આદિક અવતાર તથા ઐશ્વર્યાથી એ સર્વે પૃથ્વી ઉપર દેહ ધારે છે ને પુરુષોત્તમના ભક્ત થાય છે. ત્યારે એ જેને ઉપદેશ કરે ને જે સત્સંગી થાય તથા ત્યાગી થાય ત્યારે જો એને મહારાજની સાથે હેત થાય તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત જો ભક્તિ કરે તો તે સર્વે અક્ષરધામને પામે. પણ બીજા અવતારાદિક આંહી સાધુ તથા સત્સંગી તથા બ્રહ્મચારીરૂપે પુરુષોત્તમના આશ્રિત થયા હોય તે સાથે જે જોડાણો હોય તેને તેઓ પોતાને ત્યાં લઈ જાય છે. કેમજે તેતો જ્યાંથી આવ્યા હોય ત્યાં પાછા જાય છે ને આંહી આવે છે ત્યારે કાંતો એક દેહને ત્યાં મેલીને બીજે દેહે કરીને આવે છે તથા બીજાને પોતાની ગાદી સોંપીને આવે છે. ને આંહી આવીને પુરુષોત્તમની ઉપાસના દઢ કરીને પોતાની ખોટ્ય ટાળીને પછી પોતે જ્યાંથી આવ્યા હોય ત્યાં પાછા જાય છે ને પોતાની આવરદામાં જેટલાં વરસ બાકી રહ્યાં હોય તેને પુરાં કરીને પછી ત્યાંથી અક્ષરધામમાં જાય છે. પણ તે આવરદાને ભોગવ્યા વિના પાધરા આંહીથી અક્ષરધામમાં ન જવાય. માટે જે **મુમુક્ષુ હોય તેણે ભગવાનના જેવું હેત કોઈ મુક્ત કે સાધુને વિષે ન કરવું ને જો તેવું હેત તેને વિષે કરે તો તેને પણ પોતાને વિષે જોડે માટે વિચારીને હેત કરવું.** આ વાત અવશ્ય સમજવાની છે. ૫

અને જેમ સમુદ્રને વિષે જીવ રહે છે તે જે જે થકી મોટો હોય તે તે થકી બળે કરીને અધિક હોય. તેમ મુક્ત પણ જે જે થકી મોટા હોય તે તે થકી

સામર્થ્ય, બળ તથા ઐશ્વર્યે કરીને અધિક હોય. ને દીવા થકી મહાતેજ પર્યંત જે ભેદ કહ્યા છે તે મુક્તના કહ્યા છે. તેમાં જે વીજળી જેવા મુક્ત છે તે તો વિષયરૂપી મેઘમાં રહે તોપણ વિષય એને લોપી શકે નહિ પણ દેશકાળે કરીને ધન તથા સ્ત્રી તેને વિષે એને લોભ (આસક્તિ) જેવું જણાય તથા અહંમમત્વ જેવું જણાય પણ મુકે ત્યારે ન સાંભરે. અને જે ચંદ્રમા જેવા મુક્ત છે તેતો જેમ ચંદ્રમા ઉગે ત્યારે રાત્રીનું અંધારું ન રહે પણ જ્યારે વાદળાં આડાં આવે ત્યારે તેનો પ્રકાશ ઢંકાઈ જાય પણ સુજે ખરું. તેમ તે મુક્તને ગમે તેવા વિષય પ્રાપ્ત થાય તોપણ તેમાં લેવાય નહિ પણ દેશકાળે કરીને કોઈ સમે રાગ જેવું જણાય પણ પછી તેની તુચ્છતા જણાઈ જાય. અને જે સૂર્ય જેવા મુક્ત છે તેતો જેમ સૂર્ય ઉગે ત્યારે રાત્રી ન રહે પણ વાદળાં આડાં આવે ત્યારે પ્રકાશ ઢંકાઈ જાય પણ રાત્રી ન કહેવાય. તેમ તેવા મુક્તને તો સુજે તેવા વિષય પ્રાપ્ત થાય તથા ગમે તેટલી મોટપ મળે તોપણ તેમાં રાગ ન થાય તથા બંધાય નહિ પણ કોઈક દેશકાળે કરીને સારપ્ય જેવું જણાય ને પછી વળી અસત્ય થઈ જાય. ને જે પ્રલયકાળના અગ્નિ જેવા મુક્ત છે તેતો જેમ પ્રલયકાળે પંચભૂત તથા દેહધારી માત્રનો નાશ કરીને એક પોતે અગ્નિ તથા વાયુ તથા આકાશ એ ત્રણ્ય રહે છે પણ બીજું કાંઈ નથી રહેતું તેમ તેવા મુક્તને તો એક પોતાનો આત્મા તથા અક્ષર તથા પુરુષોત્તમ એ ત્રણ્ય વિના બીજું કાંઈ પંચવિષય કે લોકભોગ સંબંધી સુખ તે ટકી શકે નહિ. અને મહાતેજ જેવા જે મુક્ત છે તેને તો કાંઈ ટકી શકે નહિ. કેમ જે પ્રલયકાળનો જે અગ્નિ છે તેને વિષે તો રાખ પણ રહે છે ને મહાતેજને વિષે તો કાંઈ ટકે નહિ તેમ પ્રલયકાળના અગ્નિ જેવા જે મુક્ત છે તેને તો કાંઈક વિષયના આભાસ જેવું જણાય છે પણ જે મહાતેજ જેવા મુક્ત છે તેને તો જેમ મહાતેજના પ્રકાશમાં જીવ, માયા ને ઐશ્વર્યાર્થી એ સર્વે લીન થઈ જાય છે તેમ તેની દૃષ્ટિમાં માયાનું આવરણ કાંઈ ન રહે ને પુરુષોત્તમ તથા અક્ષરના મુક્ત તે વિના બીજું કાંઈ એની દૃષ્ટિમાં ન આવે. તેમાં સૂર્ય જેવા તો બદરિકાશ્રમના મુક્ત છે ને પ્રલયકાળના અગ્નિ જેવા તો શ્વેતદ્વીપના મુક્ત છે ને મહાતેજ જેવા તો અક્ષરના મુક્ત છે. અને એ જે ત્રણ પ્રકારના





મુક્તના ભેદ કહ્યા તે આપણા સત્સંગમાં છે ને બીજા મુક્તના ભેદ કહ્યા તે પણ સત્સંગમાં છે એમ જાણવું. એવી રીતે મુક્તની તારતમ્યતા છે. તે આ વાતને પોતે વિચારે તો પોતે જેવો હોય તેમ માલમ પડે. ૬

અને ચોખ્ખી ઉપાસના કરવી પણ તેમાં લોચો ન રાખવો ને જે ઉપાસનામાં ભેદ પડે છે તે પક્ષપાતે કરીને પડે છે. કેમજે પોતાનો પક્ષ રાખ્યા સારુ પોતાના જે સેવક હોય તેને કહે જે ''લક્ષ્મીનારાયણ છે તથા નરનારાયણ છે તેજ મહારાજ છે' એમ સમજાવે ને પોતે તો જેમ સમજતા હોય તેમ સમજે માટે આપણે તો કોઈ અવતારને વિષે મોટપ્ય ન સમજવી. ને **મહારાજ સર્વે અવતારના અવતારી પોતે એકજ છે અને અવતાર માત્રના સ્વામી છે ને બીજા સર્વે અવતાર છે તે તો તેમના ભક્ત છે એમ સમજવું, ને બીજાને પણ એમ સમજાવવું.** તે કેમ જાણીયે તો એકવાર અમને મહારાજના ને શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન થયાં ત્યારે શ્રીકૃષ્ણ, મહારાજની સેવામાં દેખાણા. ને રામચંદ્રજીના તથા મહારાજના દર્શન થયાં ત્યારે પણ રામચંદ્રજી, મહારાજની સેવામાં દેખાણા. ને નરનારાયણના તથા મહારાજના દર્શન થયાં ત્યારે પણ નરનારાયણ મહારાજની સેવામાં દેખાણા. ને મહારાજે વ્યાપકાનંદ સ્વામીને પણ પોતાના સ્વરૂપને વિષે ચોવીશ અવતાર લીન કરી દેખાડ્યા ને પર્વતભાઈ પણ ચોવીશ અવતારને મહારાજની સ્તુતિ કરતા નિરંતર દેખતા. ને વળી એકને સમાધિ થઈ ત્યારે તેમણે એમ કહ્યું જે હું બ્રહ્મમહોલને દરવાજે ગયો ત્યારે માંહીથી મહારાજે કહ્યું જે નરનારાયણને કહીએ જે એને માંહી આવવા દીયો.' તથા એક વખત વિજ્ઞાનદાસજી અમારે દર્શને આવ્યા હતા. પછી તેણે કહ્યું જે 'મારે નરનારાયણના દર્શન કરવા જાવું છે' ત્યારે અમે તેને કહ્યું જે 'સમાધિ કરીને મહારાજ પાસે જાઓ' ત્યારે તે સમાધિ કરીને અક્ષરધામમાં ગયા. તે સમે ત્યાં નરનારાયણ તો મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા. પછી તેને મહારાજે આજ્ઞા કરી જે 'તમે બદરિકાશ્રમમાં જાઓ.' ત્યારે નરનારાયણ ત્યાંથી ચાલી નિસર્યા તે પોતાને સ્થાનકે ગયા. **એવા એવા હજારું વાર ચમત્કાર મહારાજે જણાવ્યા છે ને હમણાં પણ જણાય છે. તેથી બીજા**

**અવતાર જેવા આપણે મહારાજને કેમ સમજીએ ?** માટે આપણે તો એમ ચોખ્ખી ઉપાસના સમજવી જે બીજા અવતાર તથા અક્ષરના મુક્ત તથા અક્ષર અને પૂર્વે જે જે અવતાર થઈ ગયા છે તથા આગળ થાશે એ સર્વેના અવતારી શ્રીજી મહારાજ છે ને એ સર્વે અવતાર તો મહારાજના ભક્ત છે એમ સમજવું ને એ સર્વેને નિયમમાં રાખનારા પોતે એક જ છે પણ એ વિના બીજો કોઈ નથી. એ મોટા સંતનો સિદ્ધાંત છે. ૭

સ્વામીએ વાત કરી જે કળવું, કહેવું ને રહેવું. તે કળવું તે શું ? તો ભગવાનને કળવા. તે કેમ કળવા ? તો મહારાજનો ચમત્કાર જોવો ને શ્રીકૃષ્ણની સામર્થી જોવી ને રામચંદ્રજીની સામર્થી જોવી ને ઋષભદેવની સામર્થી જોવી ને કપિલ તથા દત્તાત્રેયની સામર્થી જોવી ને પછી પૂર્વાપર વિચારીને જુવે ત્યારે બીજા અવતાર કરતાં શ્રીકૃષ્ણ ભગવાનની સામર્થીમાં બહુ ફેર છે. તે જ્યારે તપાસીને જુએ ત્યારે ખબર પડે. કેમજે શ્રીકૃષ્ણ ભગવાને પોતાને વિષે બીજા અવતારને પૃથક પૃથક દેખાડ્યા. તે જોતાં એમ જણાય છે જે બીજા અવતારના અવતારી શ્રીકૃષ્ણ ભગવાન છે ને મહારાજ ને શ્રીકૃષ્ણની સામર્થી જોઈએ તો મહારાજે પોતાને વિષે ચોવીશેય અવતારને પૃથક્ પૃથક્ દેખાડ્યા ત્યારે **શ્રીકૃષ્ણના અવતારી શ્રીજી મહારાજ છે.** એમ પોતાની બુદ્ધિમાં તપાસ કરીને સર્વે અવતારના અવતારી શ્રીજી મહારાજ છે એમ જે જાણવું તેને કળવું કહીએ, ને એવા જે મહારાજ તેના જે એકાંતિક મોટા સાધુ હોય તેને ઓળખવા ને તે સાથે હેત કરવું તેને કહેવું કહીએ. ને એવા જે મોટા સાધુ તેની અનુવૃત્તિ રાખવી તથા એમની સેવા કરવી ને ભગવાનની આજ્ઞામાં ફેર ન પાડવો ને માથા સાટે સત્સંગનો પક્ષ રાખવો. એ આદિક જેજે એકાંતિક સાધુ કહે તેમ કરવું તેને કરવું કહીએ. ૮

અને મહારાજ તથા સાધુ તેડવા આવે ત્યારે કેના ભેગું જાવું ? કેમજે મહારાજ એમ કહે કે 'તમારે આ સાધુ સાથે હેત છે ને અમે આમ ફરીને આવીએ છીએ તે તમારી નજરમાં આવે તો અમ ભેળા આવો કે તે સાધુ ભેળા જાઓ' ત્યારે કેના ભેગા જાવું ? વાસ્તે મહારાજના જેવું કોઈ મુક્તને વિષે હેત





ન રાખવું. ને **જેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તેને તો એક ભગવાનને વિષે જ પ્રીતિ રાખવી,** પણ બીજા કોઈ મુક્તને વિષે ન રાખવી. ને જેને ધર્મ, જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ તે અતિ દૃઢ ન હોય તેણે તો કોઈ મોટા એકાંતિક સાધુ હોય તે સાથે હેત કરવું. ને સત્સંગીની સભા બેઠી હોય ત્યારે તો પર્વતભાઈ જેવા પાસે બેસવું. ને સત્સંગી તથા સાધુની સભા બેઠી હોય ત્યારે તો મુક્તાનંદ સ્વામી જેવા સંત પાસે બેસવું. ને મહારાજે સહિત સભા બેઠી હોય ત્યારે તો મહારાજની પાસે બેસવું તથા હેત પણ મહારાજ સાથે રાખવું પણ બીજા કોઈને વિષે હેત તથા સંગ તે મહારાજના જેવું ન રાખવું. ૯

અને મુક્તાનંદ સ્વામી તથા બીજા સદ્‌ગુરુ બેઠા હોય ત્યારે તેમાં જે સરસ જણાય તે પાસે બેસવું. એવી રીતે **સત્સંગ કરવામાં વિવેક તો રાખવો પણ એ વાત ભૂલવી નહિ.** ૧૦

અને જેને આત્મા તથા પરમાત્મા અખંડ દેખાતા હોય તેમણે પણ શબ્દાદિક પંચવિષયમાં ન લોભાવું અને જે પુરુષના **ઇંદ્રિયો શબ્દાદિક પંચવિષયમાં આસક્ત હોય તે ભગવાનના સુખને ક્યારેય ન પામે.** ૧૧

અને રસના આદિક સર્વે ઈંદ્રિયોને નિયમમાં રાખે ને રસે રહિત તથા માપે જુક્ત જમે. કહેતાં બે ભાગ અન્ને કરીને ને એક ભાગ જળે કરીને પુરે ને એક ભાગ ખાલી રાખે. એવી રીતે સર્વે ઈંદ્રિયોને નિયમમાં રાખે એવો જે પુરુષ તે કામે કરીને ક્યારેય પણ ન પડે. ૧૨

અને જે પુરુષમાં બે વાનાં હોય, તે કયા ? તો એક તો જાણીને વીર્યપાત કરે તથા ધન રાખે. એવો જે પુરુષ તે સત્સંગમાંથી જરૂર પડી જાય. ૧૩

અને **ત્યાગી થઈને ધન રાખે તે પુરુષને દિવસ દિવસ પ્રત્યે હજાર ગાયું માર્યાનું પાપ થાય.** એમ સનાતન જે જુની શ્રુતિ તેમાં કહ્યું છે. ૧૪

અને **સ્વભાવ ટાળવો તે સર્વથી કઠણ છે.** તેતો અતિ કલ્યાણનો ખપ હોય, તથા દૃઢ શ્રદ્ધાવાળો હોય તથા અતિ શૂરવીર હોય તથા કોઈ એક

કહેનારો હોય તથા પોતે પણ નિરંતર ખટકો રાખે તથા નિરંતર જાણપણામાં રહે. આ કહ્યા એ ઉપાય કરતા કરતા જો અતિશે ખપવાળો હોય તો સાત આઠ વરસે કરીને સ્વભાવને ટાળે, નહિતો ત્રણ જન્મે કરીને ટળે. તે માટે જેને પોતાના સ્વભાવ ટાળવા હોય તેણે પ્રથમ તો મોટા સાધુ સાથે અતિશે હેત કરવું ને તે સાધુ નિરંતર કઠણ વચન કહેતા રહે તથા પોતે પણ નિરંતર તે સ્વભાવ ઉપર ખટકો રાખે તથા નિરંતર જાણપણામાં રહે તો ધીરે ધીરે સ્વભાવ ટળે, નહિ તો ન ટળે. તે ઉપર બિલાડીનું દૃષ્ટાંત[1] દીધું. ૧૫

અને જે માની હોય તેને કોઈક વખાણે ત્યારે ફુલી જાય ને પોતાને બરોબરિયા જે સાધુ હોય તેની કોઈ પૂજા કરે તથા વસ્ત્ર ઓઢાડે ઈત્યાદિક સન્માન કરે ને પોતાનું ન કરે ત્યારે તે લજામણીની પેઠે કરમાઈ જાય ને મુવા જેવો થઈ જાય. માટે વ્રત, તપ, ત્યાગ, જ્ઞાન, કથા, વાર્તા, ધ્યાન, ભક્તિ ઈત્યાદિક જે જે સાધન કરે છે તે માન વધે તે વાસ્તે કરે છે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ન કરે. ને **માન તથા કામ એ બે દોષ તો જીવમાં રહ્યા છે તે ટળવા મહા કઠણ છે.** તે એ બે દોષ તો ત્યારે ટળે જ્યારે દેહ, ઈંદ્રિયો, અંતઃકરણ, દેવતા અને પંચવિષય એ સર્વેનો વારંવાર નિષેધ કરે ને નિરંતર આત્મસત્તારૂપે વર્તે ત્યારે ટળે. તે વિના બીજા કોટિ ઉપાય કરે તો પણ માન તથા કામ એ બે દોષ ન ટળે. ૧૬

૧. એક બિલાડીએ દૂધ પીવા માટે માટીના ઘડામાં જોરથી મોઢું નાખ્યુ અને દૂધ પીઈ લીધું પરંતુ પછી માથું બહાર કાઢી શકી નહિ; પ્રયત્ન કરતા ઘડો ફૂટી ગયો, પણ ઘડાનો કાંઠો ગળામાં રહી ગયો. આથી બિલાડીને છૂટથી હાલવા ચાલવાનું મુશ્કેલ થયું. આ રીતે ગળામાં કાંઠલો પહેરેલી બિલાડીને જોઈને ઉંદર પૂછવા લાગ્યા : આ ગળામાં શું છે ? બિલાડી કહે : હું કેદારેશ્વર તીર્થ કરવા ગઈ હતી, ત્યાંથી આ કેદારનાથનું કંકણ પહેરીને આવી છું. હવે મેં અહિંસાનું વ્રત લીધું છે, હું પવિત્ર સાધ્વી થઈ ગઈ છું, કોઈને બિલકુલ મારીશ નહિ. આવો તમે બધા નિર્ભય થઈને મારા પગમાં પડો, હું તમને આશીર્વાદ આપીશ. વિશ્વાસ રાખો. આથી ઉંદરોને વિશ્વાસ આવ્યો અને પગમાં પડવા માંડ્યા. પણ જ્યારે કોઈ ઉંદર એકલો આવે તો તેને મારી ખાય. આ રીતે બિલાડીનો સ્વભાવ ગયો નહિ, તેમ મહાન સંતના સમાગમ વિના જીવના કામ, ક્રોધ, લોભ, મોહ સંબંધી અવળા સ્વભાવ ટળતા નથી.





અને વિષયમાં રાગ છે તેતો ત્યારે ટળે, જ્યારે ઈંદ્રિયો અંતઃકરણ એ સર્વેનો નિષેધ કરીને **આત્મસત્તારૂપ થઈને જીવમાં ભગવાનની મૂર્તિ ધારે તો ધીરે ધીરે એ રાગ ટળી જાય પણ તે વિના ન ટળે.** તે ઉપર વિજ્ઞાનદાસજીની વાત કરી જે તે બાહેર ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા ત્યારે તેને વિષયમાં રાગ હતો ને જ્યારે જીવમાં ધ્યાન કરવા માંડ્યું ત્યારે રાગ માત્ર ટળી ગયા. ૧૭

અને જગત તે શું ? તો, **શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તે જગત છે. તેમાં પણ માન, સ્ત્રી અને ધન એ ત્રણ તો વિશેષે જગત છે.** માટે ત્યાગીને તો બાળકની પેઠે કોઈ માન કરે તથા કોઈ અપમાન કરે તથા પૂજા કરે તથા ધૂળ નાખે તે બેયને વિષે સમભાવ રહે તો જગતમાં ન લેવાણો ને જો હર્ષ શોકને પામે તો જગતમાં લેવાણો. તેમજ ત્યાગીને ધન ને સ્ત્રી એ બે તો ન હોય પણ જો કોઈક ભગવાનના મંદિરને વિષે ધૂળ નાખીને ખાડા પુરે તથા પાણા ફેરવે તથા મંદિરમાં ગાર્ય કરે તથા સંતની સેવા કરે, ને કોઈક તો રજોગુણી મનુષ્યને સત્સંગ કરાવીને ને તેને ઉપદેશ કરીને બે ત્રણ હજાર તથા ચાર હજાર રૂપિયા લાવે ત્યારે જો એ બેયની ઉપર સમભાવ રહે તો જાણવું જે એ જગતને વિષે ન લેવાણો. ને જો ભગવાનના મંદિરની સેવા કરે તેથી ધન લાવે તે ઉપર મનમાં બહુ રાજી થાય તો જાણવું જે એ જગતમાં લેવાણો. માટે ત્યાગીને તો કોઈ ભગવાનના મંદિરને વિષે ગાર્ય કરે તથા જગ્યામાં ખાડા પુરે તથા પાણા ફેરવે તથા કોઈ રૂપિયા લાવે તે બેયને વિષે સમભાવ રાખવો ને જો એમ ન કરે ને અધિક ન્યૂનભાવ રખાય તો જાણવું જે એ જગતમાં લેવાણો. ૧૮

અને માવેભક્તે કહ્યું જે 'ત્યાગીને સ્ત્રી અને ધન એ બે નથી જણાતાં પણ દેહ અને સ્વભાવ એ બેતો જણાય છે.' ત્યારે સ્વામીએ કહ્યું જે **દેહમાં ધન રહ્યું છે ને સ્વભાવમાં સ્ત્રી રહી છે.** તે કેમ રહી છે ? તો ઉપરથી તો ત્યાગ કરીને બેઠો છે પણ જો દેશકાળે કરીને સ્ત્રીનો યોગ થાય ત્યારે તેને ભોગવવાની આસક્તિ થાય તથા ભોગવે, તે માટે સ્ત્રી તે સ્વભાવમાં રહી છે. ને દેહમાં

ધન તો એમ છે જે, દેહમાં મંદવાડ થાય તથા કોઈક જાતનો સ્વભાવ પડે તથા વસ્ત્રાદિક પદાર્થ જોઈએ ત્યારે ધનમાં આસક્તિ થાય તે માટે ધન તે દેહમાં છે. ને સ્વભાવમાં સ્ત્રી તો આમ રહી છે જે જુઓ, ચ્યવન ઋષિ એવા સમર્થ હતા જે બીજાના દેહની નાડીયુને બંધ કરે તોપણ સ્ત્રી પરણ્યા ને સૌભરી ઋષિએ પણ સાંઠ્ય હજાર વર્ષ પર્યંત તપ કર્યું હતું તો પણ તે સ્ત્રી પરણ્યા માટે સ્ત્રી તો સ્વભાવમાં રહી છે. ને આપણે આંહી સંકલ્પ થાય તો ઉપવાસ કરે ત્યારે દોષ ટળે ને દેહે કરીને જો સ્ત્રીનો સંગ થાય તો સત્સંગમા ન રખાય. પણ સંકલ્પે કરીને સત્સંગમાંથી ન કઢાય. ને બદરિકાશ્રમમાં સંકલ્પ થાય તો ત્યાંથી દેવલોકમાં કાઢે ને ત્યાં સ્ત્રી ભોગવીને પછી તે સ્ત્રીનો ત્યાગ કરીને સ્ત્રીનો પોતાના જીવમાંથી રાગ ટાળીને ત્યાં જાય ત્યારે રાખે. ને શ્વેતદ્વીપમાં તો સ્ત્રીનો અવ્યક્ત રાગ લગારેક થાય તો ત્યાંથી બદરિકાશ્રમમાં કાઢી મુકે. માટે બદરિકાશ્રમવાળાને શ્વેતદ્વીપવાળા જેવું થાવું છે ને શ્વેતદ્વીપવાળાને અક્ષરના મુક્ત જેવું થાવું છે. ને શ્વેતદ્વીપમાં ભગવાન પાંચ વખત દર્શન દીયે છે ને ત્યાંથી અક્ષરધામમાં જાવું હોય તો જાય ને ત્યાં દર્શન કરીને પાછા શ્વેતદ્વીપમાં આવે પણ ત્યાં રહેવાય નહિ. ને શ્વેતદ્વીપવાળાને વૈરાજની મોટપ જોઈને તથા મહાવિષ્ણુની મોટપ જોઈને તેમાં મોહ ન થાય, પણ દેશકાળે કરીને કોઈક સમે રાગ જેવું જણાય ને પછી તે સંકલ્પને ખોટો કરી નાખે. ને અક્ષરના મુક્તને તો સુજે તેટલી સ્ત્રીનો જોગ થાય તથા કોઈક મહાપુરુષના જેવો અધિકાર આવે તથા દેશકાળ વિષમ થાય તોપણ મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તે ને તેમાં બંધાય નહિ ને તે વિષય એને કાંઈ બાધ ન કરે ને આજ્ઞા પ્રમાણે રહેવા દીયે. માટે જે અક્ષરભાવને પામ્યો હોય તેને સુજે તેટલો વિષયનો યોગ થાય તથા માન થાય ને પોતે તે સુજે તેટલી પ્રવૃત્તિમાં જોડાણો હોય તોપણ તેમાં બંધાય નહિ તથા તેમાં હર્ષશોકને ન પામે. તે માટે **જે શુદ્ધ અક્ષરભાવને પામ્યો હોય તે પુરુષોત્તમની સેવાનો અધિકારી થયો.** ને ભગવાન જેમ કાળ, કર્મ, માયા અને આવરણે રહિત છે તેવો તેને પણ કરે છે. ને અખંડ પોતાની સેવામાં રાખે છે. તે માટે એવા સાધુ થાવું તે સૌથી અતિ કઠણ છે.





ને જે એવો સાધુ થયો તેને ને ભગવાનને અંતરાય નથી રહેતો. તે જ્યારે સાધુની સભા થઈ ત્યારે સનકાદિકનું પ્રમાણ ન થયું. કેમજે તેને ક્રોધ થયો. ત્યાં તો નરનારાયણ ઋષિનું પ્રમાણ થયું. કેમજે તેને ક્રોધ ન ઉપજ્યો. તો કામ તો ક્યાંથી જ ઉપજે ? તે ઉપર ઈંદ્રનું[1] આખ્યાન કહી દેખાડ્યું ને કહ્યું જે તે માટે એવા સાધુ થાવું. **ને સ્વભાવ માત્રને ટાળીને જ્યારે શુદ્ધ અક્ષરભાવને પામે ત્યારે ભગવાનની સેવામાં રહેવાય.** ને જો આંહી લગારેક વચન લોપ્યું હોય તો ત્યાં બહુ અપમાન થાય. તે ઉપર શાહુકારની શાહુકારીનું[2] દૃષ્ટાંત દીધું. ૧૯

અને જ્ઞાનની પકવતા ન હોય તો પોતાને બંધન થાય તથા પોતાના આશ્રિતને બંધન થાય તેની આગળથી ખબર ન પડે. ને જ્ઞાનની પક્વતા કાળે કરીને ધીરે ધીરે થાય છે. ૨૦

અને અતિશે દીન થાય તોપણ દેહભાવ રહે છે ને અતિશે આકરાઈ કરે તો પણ દેહભાવ રહે છે તે માટે એ બેયને મુકીને કેવળ સત્તારૂપે વર્તે તો તેમાં કોઈ રીત્યે કરીને ખોટ્ય ન રહે. ૨૧

અને મહારાજ આજ્ઞા કરે જે ‘તમારી નજરમાં આવે ત્યાં અવતાર ધરીને જીવનાં કલ્યાણ કરી આવો’ ત્યારે એવે ઠેકાણે દેહ ધરવો જે ગરીબ બ્રાહ્મણ હોય ને માગીને પેટ ભરતો હોય ને વેદનો ભણેલો ને ધર્મવાળો હોય

---

૧. એક સમયે ઈંદ્ર અપ્સરાગણ, વસન્ત, કામદેવ આદિકને લઈને બદરિકાશ્રમમાં શ્રીનરનારાયણ ભગવાનની તપશ્ચર્યાનો ભંગ કરાવવા ગયો, ત્યારે નારાયણના કહેવાથી નરઋષિએ નારાયણ ઋષિએ આપેલા આમ્રવૃક્ષના પુષ્પને પોતાની ઉરુ (જાંઘ)માં ઘસવાથી તેનાથી ઉર્વશી અપ્સરા ઉત્પન્ન કરી, જેથી ઈંદ્રની સાથે આવેલી અપ્સરાઓ તેની આગળ નિસ્તેજ થઈ ગઈ ને ઈંદ્રનો ગર્વ ઉતરી ગયો. ભગવાન નરનારાયણના ચરણમાં પડી માફી માગી. નારાયણે તે ઉર્વશી અપ્સરા તેને આપી દીધી. આ રીતે નારાયણ ઋષિમાં ક્રોધ કે કામ ન હતા.

૨. પૈસાવાળા તરીકે પ્રખ્યાત નામવાળા દુકાનદારનું દિવાળું નીકળે તો તેનું બધી જગ્યાએથી અપમાન થાય છે, તેમ ભગવાન શ્રીહરિની આજ્ઞા લોપે તેનું સર્વત્ર અપમાન થાય છે. (સહજાનંદ સ્વામિ ચરિત્ર, વાત નં-૧૫૩)

તેને ઘેર દેહ ધરવો. તે કન્યા પણ ન મળે એટલે તરત ઘરનો ત્યાગ કરીને ત્યાગી થવાય. ને જો ભારે ધનાઢ્ય ગૃહસ્થને ઘેર જન્મ ધરે તો નાનો હોય ત્યાંથીજ એવા માર્ગમાં ચડાવી દીયે જે માન મોટપ, સ્ત્રી, ધન, અને લોકની આબરુ તથા પોતાનાં જે સંબંધી તેમાં સ્નેહ થાય પછી તે મુકીને નીકળાય નહિ તે માટે દેહ ધરવો પડે તો એમ સમજી વિચારી તપાસ કરીને દેહ ધરવો એ વાત અવશ્ય સમજવાની છે. ૨૨

અને ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું જે 'દેશકાળાદિકે કરીને એક નિર્ધાર રહે એમ જણાતું નથી. માટે કેમ કરે તો મતિ ન ફરે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, એતો એક ભગવાનને વિષે મોટપ સમજે પણ બીજા કોઈનો ભાર ન આવે ને સત્સંગનો વધારો થાય તથા ઘટી જાય તો પણ એમ સમજે જે ભગવાન મળ્યા છે તેતો ક્યાંઈ જાતા રહે એમ નથી તથા કોઈ લઈ લે એમ પણ નથી. ને જો સત્સંગનો વધારો થાશે ને લોક બહુ માનશે તો સામો ભગવાનને ભજતાં એટલો વિક્ષેપ થાશે ને જો રજોગુણી મનુષ્ય સત્સંગી થાશે ને બહુ માનશે તો સામા આપણને પણ રજોગુણી કરશે માટે એમ ચોખ્ખું સમજે જે ભગવાન કરતા હશે તે ઠીક કરતા હશે. એમ સમજે તો કોઈ રીતે મતિ ન ફરે. ૨૩

અને **પંચ ઇંદ્રિયોએ કરીને જે જે ક્રિયા કરે તે કર્મયોગ કહેવાય ને ભગવાન સંબંધી જે જે ક્રિયા કરે તે ભક્તિયોગ કહેવાય ને આત્મામાં તથા પરમાત્મામાં મન અખંડ રહે ત્યારે સાંખ્યયોગ કહેવાય.** ૨૪

અને માવેભક્તે પૂછ્યું જે 'કરી રહ્યા તે કેમ જણાય ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, આત્મામાં પરમાત્માને અખંડ જોઈ રહે ત્યારે કાંઈ કરવું ન રહ્યું એમ જાણવું. ૨૫

અને પૂછ્યું જે 'ગુણની પ્રવૃત્તિ તો રજોગુણ, તમોગુણ ને સત્ત્વગુણે કરીને છે તે કેમ ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, જ્યારે સત્ત્વગુણ વર્તે ત્યારે શમદમાદિક ધર્મસર્ગ વર્તે ને રજોગુણ વર્તે ત્યારે અનેક પ્રકારના સંકલ્પ થાય ને તમોગુણ વર્તે ત્યારે ચાર દોષ વર્તે. તે કયા ? તો એક તો પ્રમાદ, બીજો મોહ, ત્રીજો આળસ, અને ચોથી નિદ્રા. એવો તેને જીતવાના ઉપાય કહીએ છીએ જે





પ્રમાદ તો જો શુદ્ધ જ્ઞાન થાય તો ટળે. ને મોહ તો ત્યારે ટળે જે જ્યારે શુદ્ધ જ્ઞાન થાય ને જાણપણું નિરંતર રહે ત્યારે. ને આળસ તો એમ ટળે જે, જ્યારે આળસ આવે ત્યારે ભગવાનનું માહાત્મ્ય જાણીને ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરે તો. ને નિદ્રા તો ત્યારે ટળે જે જ્યારે નિદ્રા આવે ત્યારે ઉભા થાવું તથા કીર્તન ગાવાં તથા કથા વાંચવી ને સાંભળવી એ આદિક ક્રિયા કરે ત્યારે નિદ્રા જીતાય. એમ એ ચાર ઉપાય સિદ્ધ કરે ત્યારે તમોગુણ જીતાય. ને મલિન સત્વે કરીને રજોગુણને જીતે ને શુદ્ધ સત્વે કરીને મલિનસત્વને જીતે ને શુદ્ધ સત્વને ભગવાનની મૂર્તિનું ધ્યાન ને ઉપશમ તેણે કરીને જીતે ત્યારે સિદ્ધ થયો કહેવાય. ૨૬

પછી સંતે પૂછ્યું જે 'ભગવાનનો અખંડ સંબંધ થયો તે કેમ જાણવો ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, ભગવાનનો સંબંધ તો તેને કહીએ જે જેમાં અંતરાય ન રહે. ને ભગવાનને સર્વોપરિ સમજે. ને ભગવાન જે જે વચન કહે તે સત્ય માને. ને જ્યાં મુકે ત્યાં રાજી થકો જાય પણ મુંઝાય નહિ. તથા કોઈ વિષયને વિષે બંધાય નહિ ને તે વિષયને વિષે રાગ પણ ન થાય. ને નિરંતર વિષયને વિષે દોષને દેખે. એમ વર્તે ત્યારે જાણીયે જે તેને ભગવાનનો સંબંધ અખંડ થયો છે. ૨૭

એક તો ત્યાગીને ત્યાગીનો ધર્મ દૃઢ પાળવો ને ગૃહસ્થને ગૃહસ્થનો ધર્મ દૃઢ પાળવો ને શ્વેતતેજને વિષે ભગવાન સદાય મૂર્તિમાન વિરાજમાન છે એમ જાણીને તે ભગવાનની ભક્તિ કરતો હોય ને પોતાને ને અક્ષરને એક કરીને ભગવાન વિના બીજે એક અણુમાત્ર પણ પ્રીતિ રાખતો ન હોય એવી રીતનો પોતે થયો હોય તોપણ તેણે **ભગવાનનું માહાત્મ્ય જાણ્યાને અર્થે એકાંતિક સાધુનો મન, કર્મ, વચને કરીને સંગ નિરંતર રાખવો.** ૨૮.

અને દેહ છે **તે સ્ત્રી છે ને સંકલ્પ થાય છે તે દીકરા થાય છે** તે જ્યારે દેહને સાંખ્યવિચારે કરીને ખોટો કરીને તેથી નોખો સત્તારુપે વર્તે ત્યારે સ્ત્રીનો ત્યાગ કર્યો કહેવાય. ને સંકલ્પને ખોટા કરીને અખંડ ભગવાનની મૂર્તિને સંભારે ત્યારે દીકરાનો ત્યાગ કર્યો કહેવાય. નહિતો સ્ત્રી ને દીકરારૂપે

દેહ ને સંકલ્પ વળગ્યા છે એમ જાણવું. માટે **દેહાભિમાનનો ને સંકલ્પનો ત્યાગ કરીને કેવળ સત્તારુપે નિરંતર વર્તે ત્યારે સ્ત્રીનો ને દીકરાનો ત્યાગ કર્યો કહેવાય.** આ વાત અવશ્ય સમજવાની છે તે સમજીને એમ વર્તવું. ૨૯

અને ભગવાનનું ધ્યાન કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે તથા ભક્તિ કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે તથા જ્ઞાન કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે તથા વૈરાગ્ય રાખે તે પણ દેખાડ્યાને અર્થે રાખે તથા ધર્મ પાળે તે પણ દેખાડ્યાને અર્થે પાળે તથા સેવા કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે તથા કથા વાર્તા વગેરે જે જે ક્રિયા કરે તે લોક જાણે તથા પોતાની મોટપ વધે તથા માન વધે તેને અર્થે તથા દેખાડ્યાને અર્થે ઉપરથી કરે તેને **કનિષ્ઠ ભક્ત** જાણવો, અને જે દેખાડ્યાને અર્થે તથા ભગવાન પ્રસન્ન થાય એ બેયને અર્થે કરે તેને **મધ્યમ** કહીએ. ને જે ધર્મ પાળે તથા તપ કરે તથા ત્યાગ કરે તથા જ્ઞાન કરે તથા વૈરાગ્ય રાખે તથા ભક્તિ કરે તથા ભગવાનમાં હેત કરે તથા સેવા કરે તથા ધ્યાન ધરે તથા કથા, વાર્તા, કીર્તન વગેરે જે જે કરે તે કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે ને ભગવાનને અર્પણ કરે પણ લોક વખાણે તથા માન આપે તથા અપમાન કરે તથા તિરસ્કાર કરે તોપણ હર્ષ શોકને ન પામે, ને માન કરે તેમાં રાજી ન થાય ને તિરસ્કાર કરે તેમાં શોક ન કરે પણ રાજી રહે ને **જે જે કરે તે ભગવાનને અર્પણ કરે** એવો જે હોય તેને **ઉત્તમ ભક્ત** જાણવો. તે સારુ જે જે કરવું તે ભગવાનને રાજી કર્યાને અર્થે કરવું પણ કોઈક વખાણે તે સારુ ન કરવું. ૩૦

અને જોગી એવો જે પુરુષ તેને કામ જે તે ભયાનક છે કહેતાં દાવાનળની પેઠે બાળે છે. તે કામ તે શું ? તો શબ્દ, સ્પર્શ, રુપ, રસ ને ગંધ એ જે પંચ વિષય તેની જે ઇચ્છા વર્તે તે કામ છે ને તે જીતવો અતિ દુર્જય છે. તે જો દેહને બળહીન કરે તો ઈંદ્રિયોમાં રાગ રહે ને દેહ તથા ઈંદ્રિયો એ બેયને બળહીન કરે તો મનમાં રાગ રહે છે. ને મનના સંકલ્પ બંધ કરે તો બુદ્ધિમાં કામ રહે છે તે માટે કામ તો બુદ્ધિ થકી પર એવો ને અનાદિ અજ્ઞાનરૂપ જે કારણ શરીર તેણે યુક્ત એવો જે જીવ તેને વિષે છે માટે કામ જીતવો અતિ દુર્જય છે. ૩૧





અને પ્રકૃતિએ યુક્ત એવો જે પુરુષ તે જે તે કર્મયોગ કરે. તે કર્મયોગ શું ? **તો ભગવાનની શ્રવણકીર્તનાદિક જે જે ભગવાનને અર્થે ક્રિયા કરવી તે ક્રિયાયોગ, અને તે ક્રિયા કરતાં જે સુખદુઃખ આવે તેનું સહન કરવું તે જ્ઞાનયોગ.** અને તે જ્ઞાનયોગ, ક્રિયાયોગને વિષે ભળ્યો એવો જે કર્મયોગ તેને પ્રકૃતિયે યુક્ત એવો જે પુરુષ તે જેતે કરે અને એવો જે કર્મયોગ તેતો જ્ઞાનયોગનો અધિકારી હોય તેણે પણ કરવો. તો કર્મયોગના અધિકારીએ તો જરૂર કરવો. ને જે આત્માને ને પરમાત્માને સાક્ષાત્કાર દેખતો હોય તે ન કરે તો બાધ નહિ. પણ તેણેય કર્મયોગ કરવો તો જોઈએ. કેમજે તે જો કર્મયોગ કરે તો તેને દેખીને બીજા પણ ક્રિયાયોગમાં પ્રવર્તે. ૩૨

અને **જે નવ વાનાં રાખે તેને કલ્યાણના માર્ગમાં કોઈ રીતે વિઘ્ન ન આવે.** તે નવ વાનાં કીયાં જે, એક તો કોઈ રીતે ફરે નહિ એવી ભગવાનની દૃઢ **ઉપાસના** કરવી. અને બીજું ભગવાનના જે જે **નિયમ** છે તેમાં દૃઢપણે રહેવું પણ કોઈ રીતે નિયમનો ભંગ ન કરવો. અને ત્રીજું **શુભ દેશ** સેવવો પણ અશુભ દેશ ન સેવવો. અને ચોથો **શુભ કાળ** સેવવો પણ ભૂંડો કાળ ન સેવવો. અને પાંચમો **સત્પુરુષનો સંગ,** મન કર્મ વચને કરવો પણ તે સત્પુરુષનો સંગ કરતા જો કોઈક સ્વભાવ આડો આવે તો તે સ્વભાવનો ત્યાગ કરવો પણ સત્પુરુષના સંગનો ત્યાગ ન કરવો. અને છઠ્ઠી તે પોતાને **ઉત્તમ શ્રદ્ધા** રાખવી પણ તેમાં પ્રમાદ ન રાખવો. અને સાતમો આચાર્યજીનો તથા સાધુનો તથા બ્રહ્મચારીનો તથા પાળાનો તથા સત્સંગીનો ઇત્યાદિક કોઈ ભગવાનના ભક્તનો **અવગુણ ન લેવો.** અને આઠમું **દેહાભિમાનનો ત્યાગ** કરવો. અને નવમું તે કોઈ મંડળના તથા મંદિરના થઈને રહેવું પણ **અધરિયા ન રહેવું.** આ નવ વાનાંમાંથી જો એકેય ન હોય તો તેને સત્સંગમાં જરૂર વિઘ્ન પડે. માટે જેને પોતાનો સત્સંગ નિર્વિઘ્ન રાખવો હોય તેણે આ નવ વાનાં અતિશે દૃઢ કરીને રાખવાં. ૩૩

અને જીવમાં પંચ વિષયરુપી રાગ રહ્યા છે તે ક્યારે ટળે ? તો જ્યારે આત્મસત્તારુપ થઈને વારંવાર પ્રતિલોમ દૃષ્ટિ કરે તથા ભગવાનની મૂર્તિને વારંવાર ધારે. તે કેમ ધારે ? તો, જાણીયે આગળ ભગવાન ચાલ્યા આવે છે તે ભગવાનની મૂર્તિને ત્વચાયે કરીને સ્પર્શ કરે, તે કરતે કરતે દેહને સાંખ્ય વિચારે કરીને ખોટો કરતો જાય ને ભગવાનની મૂર્તિને જીવમાં ધારે. પછી એમને એમ ધારતે ધારતે જ્યારે દેહના ભાવ ખોટા થઈને કેવળ જીવમાં ભગવાનની મૂર્તિ રહે ત્યારે વળી તે મૂર્તિને બહાર લાવે. પછી જાણીએ ભગવાન ભારે ભારે શણગાર પહેરીને આગળ સામા ચાલ્યા આવે છે. પછી તે ભગવાનનાં નેત્રે કરીને દર્શન કરતે કરતે મૂર્તિને પ્રતિલોમપણે કરીને જીવમાં ઉતારતા જાવું ને દેહના તથા ઈંદ્રિયોના ભાવને ખોટા કરતા જાવું. પછી જ્યારે કેવળ જીવમાં ભગવાનની મૂર્તિજ રહે પણ બીજો કોઈ આકાર ન રહે ત્યારે વળી તે ભગવાનની મૂર્તિને બહાર લાવે. પછી જાણીયે ભગવાન ગાતા ગાતા ચાલ્યા આવે છે. પછી શ્રવણ ઈંદ્રિયની વૃત્તિ દ્વારા મૂર્તિને જીવમાં ઉતારતા જાવું ને દેહ ઈંદ્રિયુંના ભાવને ખોટા કરતે કરતે જ્યારે જીવમાં ભગવાનની મૂર્તિ રહે ત્યારે વળી તે મૂર્તિને બહાર લાવે પછી જાણીયે ભારે ભારે અત્તર ચંદનાદિકની સુગંધીયે યુક્ત થકા ચાલ્યા આવે છે. પછી નાસિકા ઈંદ્રિય દ્વારા ભગવાનનો સુગંધ લેતા જાવું ને દેહ ઈંદ્રિયું તથા અંતઃકરણના ભાવને ખોટા કરતાં જાવું. પછી જ્યારે માયાના ભાવ માત્ર ટળી જાય અને સત્તામાત્ર જે જીવાત્મા તેમાં ભગવાનની મૂર્તિ રહે પણ બીજો કોઈ પંચવિષય સંબંધી ઘાટ ન થાય ત્યારે તે જે કેવળ જીવાત્મા તેમાં ભગવાનની મૂર્તિને જોઈ રહેવું. પછી એમ માનવું જે મારો જીવાત્મા છે તે જ અક્ષરબ્રહ્મ છે. કેમજે અક્ષરમાં પણ પુરુષોત્તમ ભગવાન રહ્યા છે, તેના તે જ મારા જીવાત્માને વિષે રહ્યા છે. એમ ને એમ પંચ ઈંદ્રિયું તથા ચાર અંતઃકરણ સંબંધી જે ભાવ તેને ખોટા કરતા જાવું. એમ **વારંવાર લોમ પ્રતિલોમપણે કરીને જીવમાં ભગવાનની મૂર્તિને ધારે ત્યારે જીવમાં રાગ રહ્યા છે તે ટળે પણ તે વિના બીજા કોટિ ઉપાય કરે તોપણ જે જીવમાં રાગ છે તે ન ટળે.** ને સમાધિનિષ્ઠ હોય તથા જ્ઞાની હોય તથા વિચારવાન હોય તોપણ જીવમાંથી રાગ ન ટળે. જીવમાંથી તો જ્યારે પૂર્વે કહ્યાં





તેવી રીતે વારંવાર લોમ પ્રતિલોમપણે કરીને જીવમાં ભગવાનની મૂર્તિને જોઈ રહે તો જીવમાં પંચવિષયની વાસના છે તે ટળે ને આ ધ્યાનનો ઉપાય કીધો એમ કરે તો જીવમાંથી રાગ ટળે માટે લીંગદેહ ટાળ્યાનો એજ ઉપાય છે. ૩૪

અને આત્મનિષ્ઠાની તો એમ રીત છે જે આપણામાં જે ત્યાગી ખરેખરા છે તે આત્મનિષ્ઠાએ કરીને દેહસંબંધી પદાર્થ તથા દેહના સંબંધી એ સર્વેને નાશવંત જાણીને એનો અતિશે નિષેધ કરે તથા પોતાને વસમાં લાગે એવાં વચન કહે તથા પોતાના સંબંધીનું કોઈક ખોદે તોપણ તેનો અવગુણ ન આવે. શા માટે જે એણે આગળથી જ એવો નિરધાર કરી રાખ્યો છે જે આ દેહ ને દેહનાં સંબંધી તો જેવાં પૂર્વ જન્મનાં છે તેવાં જ છે. માટે તેણે કરીને મનમાં હર્ષ શોક ન કરે તથા મનમાં પણ વસમું ન લાગે પણ દેહે કરીને ગૃહસ્થની પેઠે ટાઢ તડકો તથા ભૂખ તરસ તે ખમાય નહિ. શા માટે તો એનો અભ્યાસ નથી કર્યો ને ગૃહસ્થે તો તેનો અભ્યાસ કરી રાખ્યો છે માટે દેહના કષ્ટને ખમે છે. પણ જો કોઈક દેહ ને દેહનાં સંબંધીનું ખોદે તો મુવાથી પણ વધુ વસમું લાગે. ૩૫

અને વળી એકાંતિક ધર્મને વિષે વર્તાવવું તે તો પંડે ભગવાન હોય તો વરતાવે તથા તે ભગવાનના એકાંતિક સાધુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિએ યુક્ત હોય તથા ભગવાનની મરજી જાણીને તે ભગવાનની મરજી પ્રમાણે વર્તતા હોય તથા પોતે ઐશ્વર્યે કરીને સર્વેને દાબે એવા સમર્થ હોય તે પણ એકાંતિક ધર્મને વિષે વરતાવે પણ તે વિના બીજો તો એમ મનમાં જાણે જે 'હું પણ બીજાને એકાંતિક ધર્મને વિષે વરતાવીશ' એમ જાણીને વરતાવવા જાય તો પોતે પણ જે જે ક્રિયા કરે તેમાં મમતે કરીને બંધાઈ જાય. માટે જ્યારે ભગવાનનું તથા એકાંતિક સાધુનું પરોક્ષપણું હોય ત્યારે તો એમ રહેવું જે પોતપોતાનાં અંગમાં મળતા આવે એવા દશ હોય તો દશેયને ભેગા થાવું ને પાંચ તથા ચાર તથા બે હોય તો **એકસરખા અંગવાળા બેયે ભેગા થાવું ને આચાર્ય મહારાજની તથા ભગવાનની સેવા કરવી ને મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું ને પોતપોતાને ગમતું કહેવું જે 'મારે**

**આજ્ઞામાં ફેર પડે તો તમારે ટોકવું ને તમારે ફેર પડે તો મારે ટોકવું.'** એમ બેયને એકએકની ખોટ્ય કહેવી. પછી તે દોષ પોતાની બુદ્ધિયે કરી તેને તપાસીને તેનો ત્યાગ કરવો. એવી રીતે વરતે તો **વિષમ દેશકાળાદિકમાં પણ એકાંતિક ધર્મને વિષે વરતાય** પણ તે વિના વિષમ દેશકાળાદિકમાં એકાંતિક ધર્મને વિષે રહેવાનો બીજો ઉપાય નથી. ૩૬

અને **સપ્ત પ્રકારના મુક્તનાં લક્ષણ** કહીએ છીએ. તેમાં જે આલોકનો મુક્ત હોય તેને એમ ઓળખવો જે, તે આ લોકમાં વિખ્યાતિ થાય તથા માન વધે એવી ક્રિયા કરે તથા તપ કરવું તથા ધર્મ પાળવો તથા જ્ઞાન શીખવું તથા વૈરાગ્ય શીખવો તથા સત્સંગ કરાવવો તથા વાર્તા કરવી વગેરે જે જે ક્રિયા કરે તે આ લોકમાં વિખ્યાતિ થાય તથા કીર્તિ થાય તેને અર્થે ને પોતાની મોટપ વધારવાને અર્થે કરે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ન કરે. જે હું આવી રીતે ધર્માદિકને દૃઢપણે પાળીશ તો ભગવાનનો મારી ઉપર રાજીપો થાશે ઈત્યાદિક ભગવત્પ્રસન્નતા વિના કેવળ આ લોકની વિખ્યાતિને અર્થે કરે. આવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ને તે પ્રગટ ભગવાનનો ઉપાસક હોય તોપણ તેને એમ જાણવો જે એ આ લોકનો મુક્ત છે. અને દેવલોકના મુક્તને એમ ઓળખવો જે, તેને એવી ક્રિયા ગમે જે સારા રમણિક પદાર્થ ભોગવવા તથા વાજીંત્ર વગાડવા ને ગાવણું શીખવું તથા ગવરાવીને સાંભળવું તથા ભારે ભારે કાવ્યો બાંધવી તથા ભારે રાગવાળા શ્લોક બાંધવા તથા સૂક્ષ્મ વસ્ત્ર રાખવાં તથા છોકરાની અને બરોબરીયાની સોબત રાખવી તથા રજોગુણી મનુષ્યમાં માગ કરીને તે સાથે હેત કરવું ઈત્યાદિક જે ક્રિયા તેનું મુખ્યપણું હોય ને ભગવાનનું ગૌણપણું હોય એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે તેને જાણવો જે આ દેવલોકનો મુક્ત છે. અને વૈકુંઠના મુક્તને એમ ઓળખવો જે, કેવળ ધર્મ પાળવો તે ઉપરજ તેની દૃષ્ટિ હોય ને જો તેને ભગવાન કહે જે 'તમે એ ધર્મને મોળો પાડીને અમે કહીએ એમ વરતો' ત્યારે જો પોતાના અંગમાં મળતું આવે એવું વચન હોય તો માને અને જો ધર્મવિરુદ્ધ વચન હોય તો તે વચનનો ત્યાગ કરે. પણ ધર્મને મોળો પાડીને ભગવાનનું વચન મનાય નહિ. એવી રીતનાં





લક્ષણ જેને વિષે જણાય ત્યારે જાણવું જે આ વૈકુંઠનો મુક્ત છે. અને ગોલોકના મુક્તને એમ ઓળખવો જે તેને એવી જાતની ઈચ્છા હોય જે ભગવાનની ભક્તિ કરવી તથા ભગવાનને થાળ ધરવા તથા ભગવાનને અર્થે ભારે વસ્ત્ર તથા ઘરેણાં કરાવવાં તથા ભગવાનનાં મંદિર કરાવવાં તથા ભગવાનને અર્થે ભારે ભારે બાગબગીચા કરાવવા તથા ફરીને ગાવું ઈત્યાદિક ક્રિયાએ કરીને ભગવાનની ભક્તિ કરે ને જો એનું ભગવાન ખંડન કરીને એમ કહે જે 'તમારે હવે એ ક્રિયા ન કરવી ને આ અમે કહીએ છીએ એમ કરો.' ત્યારે તે ભગવાનનાં વચન પણ મનાય નહિ ને તે ભગવાનનાં વચનનો ત્યાગ કરે પણ પોતાના અંગને ઘસારો ન લગાડે એવાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે એમ જાણવું જે આ ગોલોકનો મુક્ત છે. અને બદરિકાશ્રમના મુક્તને એમ ઓળખવો જે તેને કેવળ તપ કરવાને વિષે રુચિ હોય પણ તે તપને ઘસારો આવે એવી કોઈક ક્રિયા હોય ને તે તપને મોળું પાડીને પંડે ભગવાન કહે જે 'આ પ્રવૃત્તિની ક્રિયા કરો' ત્યારે તે ભગવાનનું વચન પણ જો પોતાના અંગમાં મળતું આવે એવું હોય તો માને ને જો પોતાના અંગને ઘસારો આવે તો પોતાનું તપનું અંગ હોય તે રાખે પણ ભગવાનનું વચન મનાય નહિ એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે એમ જાણવું જે આ મુક્ત બદરિકાશ્રમનો છે. અને શ્વેતદ્વીપના મુક્તને એમ ઓળખવો જે તેને દેહ, ઈંદ્રિયો તથા અંતઃકરણ થકી પ્રતિલોમપણે વરતવું તથા મનમાં કોઈ વિષયના ઘાટ સંકલ્પ તથા કોઈ માયિક પદાર્થના ઘાટ સંકલ્પ ન થાવા દેવા. તથા મનમાં સંકલ્પ થાય તેને જીતવા સારુ નિરંતર જાણપણામાં વૃત્તિ રાખે ને જો તે પોતાના અંગને મુકાવીને ભગવાન કહે જે 'આ પ્રવૃત્તિની ક્રિયા કરો' ત્યારે તે પોતાના અંગમાં મળતું આવે એવું વચન હોય તો માને ને જો પોતાના અંગને ઘસારો આવતો હોય તો તે વચનને મુકે પણ પોતાના અંગને મોળું ન પાડે. એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે તેને એમ જાણવું જે આ મુક્ત શ્વેતદ્વીપનો છે. હવે અક્ષરના મુક્તને એમ ઓળખવો જે, સાધારણપણે તો પોતાને વિષે અતિ દૃઢ ધર્મ હોય તથા ભગવાનના મહાત્મ્યે સહિત અતિ પરિપક્વ જ્ઞાન હોય તથા અતિ દૃઢ વૈરાગ્ય હોય તથા ભગવાનના

માહાત્મ્યે સહિત એકાંતિકી ભક્તિ પોતે કરતો હોય ને જો તેને પ્રગટ ભગવાન એમ આજ્ઞા કરે જે 'તમે ધર્મ તથા જ્ઞાન તથા વૈરાગ્ય તથા ભક્તિ ઈત્યાદિક જે સાધન તેને મોળાં પાડીને આ અમે કહીએ છીએ એમ કરો. ત્યારે તે જેમ ભગવાન આજ્ઞા કરે એમ જ વર્તે ને વળી એમ કહે જે 'હે મહારાજ જેમ તમે કહેશો તેમજ હું કરીશ' એમ કહીને તે ભગવાનનાં વચનને ઉત્સાહે સહિત થકો પાળે પણ તેમાં લેશમાત્ર સંશય ન કરે. અને જ્યારે ભગવાનનું પરોક્ષપણું હોય ત્યારે તો જેમ ભગવાને આજ્ઞા કરી હોય તથા જેમ ભગવાને મર્યાદા બાંધી હોય તે ધર્મ મર્યાદા પ્રમાણે પોતે વર્તે પણ તેને મુકીને લગારેય આડો અવળો ચાલે નહિ. આવી રીતનાં લક્ષણ જણાય ત્યારે જાણવું જે એ અક્ષરધામનો મુક્ત છે. આ સાત પ્રકારના મુક્તનાં લક્ષણ કહ્યાં તે પ્રગટ ભગવાનના મળેલા જે સાધુ તેમાં એ સાત પ્રકારના હોય. તે માટે જે મુમુક્ષુ હોય તેણે આ વાત વિચારીને હેત કરવું. અને પૂર્વે કહ્યા જે છ પ્રકારના મુક્ત તેમાંથી જો કોઈકની હારે હેત થાય તો જેમ પોતે સંસારરૂપી સમુદ્રમાં તરે છે તેમ જે પોતા સાથે જોડાણો હોય તેને પણ સંસારને વિષે તારે છે પણ પૃથ્વીને દૃષ્ટાંતે જે ભગવાનની મૂર્તિ તેને વિષે ચોટવા દીયે નહિ. ને જે અક્ષરના મુક્ત સાથે હેત કર્યું હોય તેતો કેમ ભગવાનમાં ચોટાડે ? તો જેમ હજાર મણનો પાણો હોય તે ભેળું મણનું લાકડું બાંધ્યું હોય તે તત્કાળ પૃથ્વીમાં ચોટાડે તેમ અક્ષરના મુક્ત સાથે જે જોડાણો હોય તેતો સુજે એવું આવરણ હોય તોપણ તેને તોડીને ભગવાનની મૂર્તિમાં જોડે છે. ને પૂર્વે કહ્યા જે છ પ્રકારના મુક્ત તેની સાથે જોડાણો હોય તો તે કેવી રીતે સંસારમાં તારે ? તો જેમ હજાર મણનું લાકડું હોય તે ભેળો મણનો પાણો બાંધ્યો હોય ને તે પાણાને તો ઘણોય બુડવાનો સ્વભાવ છે તોપણ તે લાકડું પાણાને તારે છે તેમ તેપણ સંસારરુપી સમુદ્રને વિષે તારે છે. પણ ભગવાનની મૂર્તિને વિષે ચોટવા દીયે નહિ. તે માટે મુમુક્ષુએ આ વાતને વિચારીને હેત કરવું. ૩૭

અને સંબંધીમાં હેત ન રાખવું ને તેને બોલાવવો નહિ ને રસના ઈંદ્રિયને જીતવી ને વસ્ત્ર ઝીણાં ન રાખવાં ને બરોબરીયાનો સંગ ન કરવો ને મનને સારું





લાગે તે ન આપવું ને પોતાને કરવાનું શું છે ? તેનો તપાસ કરવો ને ટાઢ્ય, તડકો, ભૂખ, તરસ તેનું સહન કરવું ને ખાધાની તૃષ્ણા ન રાખવી ને કોઈને કઠણ વચન ન કહેવું ને સાધુનાં લક્ષણ વાર્તાવિવેકમાં તથા હરિગીતામાં કહ્યાં છે તે શીખવાં ને અધર્મથી છેટે રહેવું ને જેનો સંગ કરવાથી ન્યૂનતા આવે તેનો સંગ ન રાખવો ને ઈંદ્રિયોને જીતવી ને મોટાની અનુવૃત્તિ રાખવી ને અસત્‌વાસના રાખવી નહિ અને એક હરિ, બીજા તેના સંત અને ત્રીજા તેના હરિભક્ત, એ **ત્રણ ઠેકાણે આ આઠ વાનાં ન રાખવાં.** તેનાં નામ જે એક કપટ, બીજું માન, ત્રીજો લોભ, ચોથું છળ, પાંચમી ઈર્ષ્યા, છઠ્ઠી હાંસી, સાતમી નિંદા ને આઠમો દ્રોહ. અને **દેહમાંથી હેત તોડીને જીવમાં હેત કરવું તથા દેહના સંબંધીમાંથી હેત તોડીને ભગવાનના જે એકાંતિક સાધુ તેમાં હેત કરવું. તથા આ લોકમાંથી પ્રીતિ તોડીને ભગવાનના ધામમાં પ્રીતિ કરવી ને પ્રકૃતિમાંથી થયું જે યત્‌કિંચિત્‌ માયિક પદાર્થ માત્ર તેમાંથી પ્રીતિને તોડીને ભગવાનની મૂર્તિમાં હેત કરવું.** આ ચાર વાતને વિચારીને નિત્ય પ્રત્યે કરે તો તત્કાળ પંચવિષય થકી મુક્ત થાય ને આ વાત ભગવાનના ભક્તે નિત્ય પ્રત્યે કરવાની છે. ૩૮

અને મુક્તની તારતમ્યતાના ભેદ કહ્યા છે જે અનંતકોટિ વૈરાજ પુરુષનું તેજ ભેળું કરીએ ત્યારે મહાવિષ્ણુના એક રોમના કોટિમાં ભાગની બરોબર થાય અને એવા અનંતકોટિ મહાવિષ્ણુનું તેજ ભેળું કરીએ તે મહાપુરુષના એક રોમના કોટિમા ભાગમાં લીન થાય છે. અને એવા અનંતકોટિ મહાપુરુષનું તેજ ભેળું કરીએ તે અક્ષરના જે સાધારણ મુક્ત તેના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે. અને એવા અનંતકોટિ મુક્તનું તેજ ભેળું કરીએ તે અક્ષરને વિષે રહ્યા જે મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા મુક્ત તેના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે. અને એવા અનંતકોટિ મુક્તનું તેજ ભેળું કરીએ તે અક્ષરના જે મહા મુક્ત છે તેના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે. અને એ સર્વે જે અક્ષરના મુક્ત તે સર્વેનું તેજ ભેળું કરીએ તે અક્ષરના એક રોમના કોટિમાં ભાગમાં લીન થઈ જાય છે અને એવા

અનંતકોટિ અક્ષરનું તેજ ભેળું કરીએ તે પુરુષોત્તમ નારાયણના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે તે પુરુષોત્તમનારાયણ તે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિકૃષ્ણજી મહારાજ આ પ્રગટ પ્રમાણ છે એમ જાણવું. ૩૯

અને શ્રીજી મહારાજની નજરમાં આવે તો અનંતકોટિ મુક્ત તથા અક્ષર એ સર્વેની સેવાને અંગીકાર કરતા થકા બિરાજમાન રહે અને એ શ્રીજી મહારાજની નજરમાં આવે તો એ અક્ષરને પોતાને વિષે લીન કરીને અનંતકોટિ મુક્તને પોતાના ઐશ્વર્યે કરીને ધારીને તે મુક્તની સેવાને અંગીકાર કરતા થકા બિરાજમાન રહે છે. અને તે શ્રીજી મહારાજની નજરમાં આવે તો મુક્તે સહિત અક્ષરને પણ પોતાને વિષે લીન કરીને પોતે એકલાજ સ્વરાટ થકા બિરાજમાન રહે છે. અને જો એ શ્રીજી મહારાજની નજરમાં આવે તો એ અક્ષરે સહિત મુક્તની સેવાને અંગીકાર કરતા થકા ને તેમને આનંદ ઉપજાવતા થકા તેમની ભક્તિને અંગીકાર કરે છે. આવી રીતે શ્રીજી મહારાજના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરવો. ૪૦

અને 'શાસ્ત્રમાં મહાપુરુષાદિકના અવતાર થયા હોય તેને પણ અક્ષર અને પુરુષોત્તમ કહ્યા હોય તે કેમ સમજવું એ વાત સમજાતી નથી તે કહો ?' ત્યારે સ્વામીએ કહ્યું જે એ વાત યથાર્થ સમજાય એમ કહીએ છીએ જે જ્યારે અક્ષરનો અવતાર પૃથ્વી ઉપર થયો હોય ત્યારે અક્ષરને પુરુષોત્તમ કહ્યા હોય ને ત્યારે અક્ષર તે મહાપુરુષને સમજવા. તેમ જે જે ઉતરતા તેને અક્ષર સમજવા અને તેથી પરને પુરુષોત્તમ સમજવા. ને તે ઈંદ્ર અક્ષર ને બ્રહ્મા પુરુષોત્તમ. ને બ્રહ્મા અક્ષર ને વૈરાજ પુરુષોત્તમ. ને વૈરાજ અક્ષર ને પ્રધાન પુરુષ પુરુષોત્તમ. ને પ્રધાન પુરુષ અક્ષર ને તેથી પર મહાપુરુષ પુરુષોત્તમ. ને મહાપુરુષ અક્ષર ને અક્ષર તે પુરુષોત્તમ. ને તેથી પર અક્ષરાતીત પુરુષોત્તમ છે તે જ આ શ્રીજી મહારાજ આપણને દયા કરીને મળ્યા. એમ અક્ષર તથા પુરુષોત્તમ તે જ્યાં જેનું પ્રકરણ હોય ત્યાં તેને કહ્યા હોય તે વાતને સમજ્યા વિના મતિ ભ્રમી જાય છે. અને ઈંદ્રનો પૃથ્વી ઉપર અવતાર થયો હોય ને તેને પુરુષોત્તમ કહ્યા હોય પણ તે પોતાનું ઐશ્વર્ય હોય તેટલું જ દેખાડે પણ તેથી





અધિક ન દેખાડાય. તે ઈંદ્રથી લઈને બ્રહ્મા, વૈરાજ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ ને અક્ષર પર્યંત સર્વે પોતપોતાનું સામર્થ્ય દેખાડે પણ તેથી અધિક ન દેખાડે ને પુરુષોત્તમ તો અક્ષર ને તેથી ઉતરતા ઈંદ્ર સુધી સર્વેનું સામર્થ્ય, લોક, ભોગ ને ઐશ્વર્ય તે પંડે દેખાડે તથા ભક્તદ્વારા દેખાડે તથા પોતાના સંબંધને પામ્યું જે પદાર્થ તેનાં દર્શન તથા સ્પર્શથી પણ ભક્તને દેખાઈ આવે ત્યારે પુરુષોત્તમ સર્વ અવતારના અવતારી એજ છે એમ જાણવું અને આ વાત પંડે પુરુષોત્તમ થકી ને તેના એકાંતિક સાધુ થકી સમજાય છે ને તે વિના તો શાસ્ત્ર ભણ્યે તથા સાંભળ્યે પણ ન સમજાય. ૪૧

અને ઈંદ્ર થકી મહાપુરુષ પર્યંત અવતાર થાય છે તેના ભક્તના ઐશ્વર્યના ભેદ કહીએ છીએ. જેમ ઈંદ્રનો અવતાર પૃથ્વીને વિષે થયો હોય તેને પુરુષોત્તમ જાણીને જો ઉપાસના કરી હોય તો એ બહુ મોટો થાય તો દેવતા જેવો થાય. અને બ્રહ્માનો અવતાર થયો હોય તેને જો પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તોપણ બહુ મોટો થાય તો ઈંદ્ર જેવો થાય. અને વૈરાજનો અવતાર થયો હોય તેને જો પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તોપણ એનો ભક્ત બહુ મોટો થાય તો બ્રહ્મા જેવો થાય ને મહાવિષ્ણુનો અવતાર થયો હોય તેને જો પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તોપણ તેનો ભક્ત બહુ મોટો થાય તો વૈરાજ જેવો થાય પણ એથી મોટો ન થાય ને મહાપુરુષનો અવતાર થયો હોય તેને પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તોપણ તેનો ભક્ત બહુ મોટો થાય તો મહાવિષ્ણુ જેવો થાય અને પુરુષોત્તમ પોતે પધાર્યા હોય ત્યારે તે પુરુષોત્તમનો આશ્રયમાત્ર કર્યો હોય ને તેને વિષયને વિષે રાગ હોય તે મરે ત્યારે મહાપુરુષ જેવો તો તે પણ થાય ને એ પુરુષોત્તમના જે ખરેખરા ભક્ત હોય તે દેહનો ત્યાગ કરીને અર્ચિ માર્ગે કરીને અક્ષરધામને પામે છે ને અક્ષરના સાધર્મ્યપણાને પામે છે ને અખંડ ભગવાનની સેવામાં રહે છે. ૪૨

અને તે પુરુષોત્તમને કેમ ઓળખવા ? તો મહાપુરુષાદિક અવતાર ધરીને આવ્યા હોય ત્યારે પોતાનું ઐશ્વર્ય હોય તેટલું જ દેખાડે પણ અધિક ન દેખાડે કેમજે જેટલું પોતાનું હોય તેટલું દેખાડી શકે પણ વધુ ક્યાંથી દેખાડે ?

ને પુરુષોત્તમ પોતે પધાર્યા હોય ત્યારે અક્ષરધામ તથા અનંતકોટિ બીજાં ધામ તથા અનંત પોતાનાં ઐશ્વર્ય તે સર્વેય જેને જેને પોતાની મૂર્તિનો સંબંધ થયો હોય એવા જે સત્સંગી તથા કુસંગી તે સર્વેયને દેખાડે છે. પણ પાત્ર કુપાત્ર કાંઈ ગણે નહિ. ૪૩

અને હવે એ પુરુષોત્તમને મળેલા જે ભક્ત તેને ભજ્યાની જે રીતિ તે કહીએ છીએ જે, એક ભક્ત ભગવાનને ભજે પણ તેને ઐશ્વર્ય પામવાની ઈચ્છા હોય. ને બીજાને એમ જે પ્રથમ આત્માને જોઈને પછી તે આત્માને વિષે ભગવાનની મૂર્તિને જોયાની ઈચ્છા હોય અને ત્રીજાને એમ વર્તે જે ભગવાનની મૂર્તિને વિષે હેત કરવું તથા સ્પર્શ કરવો તથા ધ્યાન કરવું તેને વિષે ત્વરા વર્તે અને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં કરતાં આત્મા દેખાય તો ભલે પણ કેવળ આત્માને જોવા ન ઈચ્છે. હવે જેને ઐશ્વર્યની ઈચ્છા હોય તે તો મહાપુરુષાદિકના ઐશ્વર્યમાં જોડાઈ જાય ને જેને આત્માને જોવાની ઈચ્છા હોય તેને તો અક્ષર લીન કરી નાખે અને **ભગવત્નિષ્ઠને તો અક્ષર લીન કરે તો પણ અક્ષરનો લીન કર્યો લીન થાય નહિ ને તેતો ભગવાનની સેવામાં રહે છે.** ૪૪

અને ગોલોકમાં જે ભગવાનની સેવા કરે છે તેમાં કોઈક મુક્ત તો ઢોલીયો તથા તળાઈ તથા તકીયો તથા ચમર, ઝારી, વિંજણો, ચાંખડીયું તથા ઘોડો તથા પલાણ, છત્ર વિગેરે તે તે પદાર્થરૂપે તથા તે તે સેવકરૂપે થાય છે. ને ભગવાન જ્યારે ચાલે છે ત્યારે મુક્ત છે તે આગળથી રસ્તાની બેય કોરે વૃક્ષ થઈને પુષ્પ તથા ફળે સહિત ભગવાનની ઉપર છાયો કરે છે ને જ્યારે ભગવાન આગળ ચાલ્યા જાય ત્યારે પાછા ત્યાંથી ઉઠીને આગળ જઈ છાયો કરે છે. ૪૫

અને હવે અક્ષરના મુક્તના સુખનું તારતમ્યપણું કહીએ છીએ. તે ચાર પ્રકારના મુક્ત છે તેમાં એક તો ભગવાનનાં દર્શન કરે ને બીજા મુક્તનાં પણ દર્શન કરે. અને બીજા જે મુક્ત છે તે ભગવાનને મેષોન્મેષ જોઈ રહે પણ સન્મુખ બેઠા જે મુક્ત તેને પણ દેખે. તેમાં પ્રથમ કહ્યા તેથી બીજાને અનંતગણું સુખ આવે છે. અને ત્રીજા જે મુક્ત છે તેતો કેવળ ભગવાનને જ દેખે છે પણ બીજા કોઈને ન દેખે પણ પોતાના દેહની સ્મૃતિ રહે છે અને તેને ભગવાનનું





સુખ બીજા મુક્ત કરતાં કોટિગણું આવે છે. અને ચોથા જે અતિ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા મુક્ત છે તેને તો કેવળ ભગવાનની મૂર્તિ વિના કોઈ મુક્તની તથા પોતાના દેહની ખબર ન રહે ને તેને ભગવાનનું સુખ કેવું આવે તો જેમ ભગવાનને પોતાની મૂર્તિનું સુખ પોતાને આવે છે તેવું ભગવાનનું સુખ એને આવે છે માટે તેના સુખનું વર્ણન કેમ કરાય ? જે આવું સુખ એને છે તેતો શેષજી પર્યંત કોઈ કહેવાને સમર્થ થાય નહિ. ૪૬

અને એ અક્ષરધામને ક્યારે પમાય ? તો જ્યારે પુરુષોત્તમ ભગવાન એવો સંકલ્પ ધારીને આંહી પધારે જે 'મારી મૂર્તિનો સંબંધ જેને થઈને મારા સ્વરૂપનો નિશ્ચય જેને થાય તે સર્વેને મારા અક્ષરધામમાં લાવવા છે' એવો સંકલ્પ ધારીને જ્યારે આંહી પધારીને જેને પોતે લઈ જાય તે થકી જ અક્ષરધામમાં જવાય છે પણ બીજા અવતારથી અક્ષરધામમાં ન લઈ જવાય તો સાધને કરીને તો ક્યાંથી પામે ? ૪૭

અને અક્ષરધામમાં સ્ત્રી પુરુષ એવો ભેદ નથી કેમજે સ્ત્રીના દેહમાં જે યોનિ આદિક ચિહ્ન તેણે રહિત સ્ત્રીનો દેહ છે ને પુરુષના દેહમાં જે શિશ્ન આદિક ચિહ્ન તેણે રહિત ત્યાં પુરુષનો દેહ છે. માટે એ અક્ષરધામને વિષે યોનિ, શિશ્ન ને ગુદા એ ત્રણે રહિત મુક્તનો દેહ છે. ને એ અક્ષરધામને વિષે તો એક પુરુષોત્તમની મૂર્તિને સંગાથે જ રમણ છે ને એક પુરુષોત્તમના બે ચરણારવિંદની જ ઉપાસના છે. ને બીજા ધામમાં તો ચાર ચરણારવિંદની ઉપાસના છે. માટે પુરુષ મુક્ત હોય ને જો તેને સ્ત્રીની ઈચ્છા હોય તો તે અક્ષરધામને સ્વપ્નમાં પણ ન દેખે તો બીજો તો ક્યાંથી દેખે ? ને સ્ત્રી પણ મુક્ત હોય ને તેને જો પુરુષને વિષે ભોગ બુદ્ધિ હોય તો તે પણ અક્ષરધામને તો સ્વપ્નમાં પણ ન દેખે તો બીજો તો ક્યાંથી પામે ? માટે આપણે પણ જો સ્ત્રી તથા ધનની વાસના રહી હોય તો અક્ષરધામને ન પમાય. માટે સ્ત્રી અને ધન એ બેનો રાગ દેહ થકી પર ઈંદ્રિયો, ને ઈંદ્રિયો થકી પર મન, ને મન થકી પર બુદ્ધિ, ને બુદ્ધિ થકી પર જે કારણ શરીર, તે શરીરે સહિત જે જીવ તેમાં છે તેને વારંવાર ધર્મ, જ્ઞાન ને વૈરાગ્યના ડંખ લગાડીને તે સ્ત્રી ધનનાં મૂળ

ઉખાડી નાખવાં ને વારંવાર દેહ ઈંદ્રિયો ને અંતઃકરણનો નિષેધ કરીને આત્મસત્તારૂપ થઈને જીવમાં ભગવાનની મૂર્તિને ધારે તો ધીરે ધીરે સ્ત્રી ધનનો રાગ ટળે છે ને તે રાગને ટાળે ત્યારે અક્ષરધામમાં રહેવાય છે. અને તેનાં મૂળ ઉખેડીને સત્તારૂપ થયો હોય તોપણ ગાફલપણું ન રાખે તથા ઉતરતાનો સંગ તથા પંચવિષય તથા વિષમ દેશકાળ તથા સૂક્ષ્મ વસ્ત્ર તથા છોકરાં સંગાથે ભાઈબંધાઈ તેમના થકી તો હરણની પેઠે બીતો રહે ને સંગ તો પોતાથી ઉત્કૃષ્ટ અંગવાળા હોય તેનો કરવો ને આ વાત જેવા તેવા આગળ ન કહેવી. ૪૮

અને વળી ચાર જે મુક્ત, મુમુક્ષુ, વિષયી ને પામર તેનાં લક્ષણ જાણવાં. તેમાં પામરનું તો એ લક્ષણ છે જે પામર છે તે પંચ વિષયને મૂઢપણે ભોગવે પણ સાર અસારને ન જાણે તથા ધર્મ અધર્મને ન જાણે તથા પાપ પુણ્યને ન જાણે તથા સત્ય અસત્યને ન જાણે તથા ન્યાય અન્યાયને ન જાણે તથા આમ કરીશ તો મારું સારું થાશે ને આમ કરીશ તો મારું સારું નહિ થાય. ઈત્યાદિક કોઈ જાતનો વિવેક ન હોય ને કેવળ વિષય ભોગવ્યાને વિષે જ આસક્તિ હોય એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે એમ જાણવું જે એ પામર છે. અને વિષયીને એમ જાણવો જે શાસ્ત્રમાં જેવી રીતે વિષય ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે લોકમાં વિહિત એવા પંચવિષયને ભોગવે ને વળી એમ જાણે જે 'આમ શાસ્ત્ર પ્રમાણે વર્તશું તો પરલોકમાં સ્ત્રી આદિક પંચવિષયને પામશું.' એવી રીતનાં લક્ષણ જણાય ત્યારે જાણવું જે આ વિષયી છે. અને મુમુક્ષુને એમ વર્તે જે ધર્મ પાળવો તથા જ્ઞાન શિખવું તથા વૈરાગ્ય શિખીને સંસાર થકી મુકાવું તથા પોતાના આત્માને અને ભગવાનને પામવાની મનને વિષે ત્વરા વર્તે તથા આત્માને પામ્યાનાં સાધન કહ્યા હોય તેને શિખે તથા ભગવાનને પામ્યાના જે સાધન તેને શિખીને પછી તે ભગવાનને પામીને પછી ભગવાનને રાજી કરવાની મનમાં તીવ્ર શ્રદ્ધા વર્ત્યા કરે તથા ભગવાનની એકાંતિક મહાત્મ્યે સહિત જે ભક્તિ તે કર્યાનાં જે સાધન તેને શિખ્યાની તથા તે ભક્તિ કર્યાની પોતાના મનમાં તીવ્ર શ્રદ્ધા વર્ત્યા કરે આવી રીતે જે વર્તે તેને જાણીએ જે આ મુમુક્ષુ છે. અને જે પુરુષ પંચવિષયને તથા દેહ ઈંદ્રિયાદિકને તથા ત્રણ ગુણ, ત્રણ અવસ્થા





અને ત્રણ દેહ એ સર્વેની ક્રિયાને પોતે દબાવીને વર્તે પણ એ એકેયને વિષે દબાય નહિ ને એકેયના પેચમાં ન આવે ને અતિ વિરક્ત વર્તે ને દેહનો કુસંગ તથા સત્સંગમાં કુસંગ તથા બહારનો કુસંગ એ સર્વેને પોતે દબાવીને વર્તે પણ તેને કોઈ દબાવી શકે નહિ. તથા કોઈની મોબતમાં લેવાય નહિ તથા કોઈના કળ્યામાં આવે નહિ એવી રીતે વર્તતો હોય ત્યારે જાણીયે જે આ મુક્ત છે. માટે મુમુક્ષુ હોય તેમણે આ ચાર જાતના જે પુરુષ તેનાં લક્ષણ જાણવાં. ૪૯

અને મહારાજે કહ્યું જે 'બીજા અવતાર કરતાં ઋષભદેવજી બહુ ગમે છે' તેનો શો હેતુ છે ? તો ઋષભદેવજી ભગવાન તો વાસુદેવ ભગવાન સંગાથે એકત્વને પામ્યા હતા તોપણ બીજા ત્યાગીની શિક્ષાને અર્થે તે સિદ્ધિયુંને ન ગ્રહણ કરતા હવા એવી રીતે અસંગીપણું છે તથા જે જીવ જેવો હોય તેને તેવી રીતે ધીરે રહીને સમજાવવું એવી રીતે દયાળુ સ્વભાવ છે એ હેતુ માટે. અને કપિલ તથા દત્તાત્રેય તો ત્યાગી છે તથા એમને વિષે અસંગીપણું છે એ માટે એથી ઉતરતા ગમે છે. અને 'એથી કોટિગણું શ્રીકૃષ્ણને વિષે હેત છે' તેનું કારણ એ છે જે શ્રીકૃષ્ણને વિષે જે જે ભાવે કરીને જે જોડાણા તે સર્વે જીવનો મોક્ષ કર્યો. તે માટે એવી રીતે મહારાજે પોતાની રુચિ કહી. તેમાંથી આપણે એમ સમજવું જે શ્રીકૃષ્ણ ભગવાને તો પોતાની મૂર્તિનો સંબંધ જેને થયો ને જે સ્નેહભાવ તથા દ્વેષભાવ આદિકથી પોતાના સંબંધને પામ્યા તેનું કલ્યાણ કર્યું. જેમ પારસમણિને લોઢું અડે ત્યારે સોનું થાય તેમ આ કહ્યા જે અવતાર તેના જોગમાં આવે ત્યારે તેનું કલ્યાણ થાય તથા વ્રજવાસીઓએ કહ્યું જે 'તમે ભગવાન છો માટે અમને તમારું ધામ દેખાડો.' ત્યારે તેને એક વાર પોતાનું ધામ દેખાડ્યું અને મહારાજે તો પોતાનું કીર્તન ગાયું તેનું તથા કોઈ સત્સંગીનો ગુણ લીધો તેનું તથા જે જે સંતના જોગમાં આવ્યા તે સર્વેનું કલ્યાણ કર્યું તો પોતાના સંબંધને પામ્યા તેના મોક્ષમાં શું કહેવું ? તથા સાધુ દ્વારે તથા સત્સંગી દ્વારે તથા સોટી અને લાકડી દ્વારે કરીને સમાધિ કરાવી તો પોતાને જોઈને સમાધિ થાય તેમાં શી મોટી વાત કહેવી. એવી રીતે મહારાજની સામર્થી જોઈને વિચારીએ તો એ પૂર્વના અવતાર કરતાં લાખગણું હેત મહારાજને વિષે

કર્યું જોઈએ. તથા પોતાના દર્શન માત્રે કરીને હજારું ને લાખું સત્સંગી તથા કુસંગી તે સર્વેને સમાધિ થઈ ને બ્રહ્મપુરાદિક ધામ દેખાડ્યા. તેતો જેમ ચિંતામણિ હોય તેને વિષે જે ચિંતવે તે મળે. તેમ મહારાજનો જેને સંબંધ થયો તથા સંતનો તથા સત્સંગીનો સંબંધ થયો તે સર્વેનું કલ્યાણ મહારાજે કર્યું તે એવું સમર્થપણું તો પુરુષોત્તમ વિના બીજા અવતારમાં ન હોય. અને શ્વેત તેજને વિષે ભગવાનની મૂર્તિ છે તે મૂર્તિને જોઈને આનંદ પામવો પણ તે મૂર્તિ વિના અક્ષરનું તેજ દેખાય તોપણ તેણે કરીને શાંતિ પામવી નહિ ને અતિશે તપી જવાય. ૫૦

અને તે ભગવાનને વિષે અતિશે હેત કરવું અને તે હેત કરતા કાંઈ વિકાર થાય તો તેનો એમ વિચાર કરવો જે 'મારે આ વિકાર ઇંદ્રિયોમાં થયો તે રાગે કરીને થયો કે સહેજે થયો ?' તે સહેજે તથા રાગે થયો કેમ જાણીએ? તો પૂર્વે જે જે વિષય ભોગવ્યા હોય તેની સ્મૃતિ થાય પણ ભોગબુદ્ધિ ન થાય ત્યારે એમ જાણવું જે 'અમથા એ વિષય સ્ફુરી આવ્યા છે પણ મારે તો એનો રાગ નથી.' ને તે વિષયના સંકલ્પરૂપી સ્મૃતિ થાય છે તે ક્યારે ટળે ? તો જે ભગવાને ગીતામાં જ્ઞાનીને ક્રિયાયોગ કહ્યો છે તેવી રીતે ક્રિયાયોગ કરે તો ટળે. ને એ વિષયમાં સ્મૃતિરૂપ જે રાગ છે તે ટાળ્યા વિના જ્ઞાનીને પણ વિષયને વિષે સહજ સ્મૃતિરૂપ રાગ ન ટળે. અને જેને વિષયને વિષે ભોગબુદ્ધિ થાય ત્યારે એમ જાણવું જે 'મારે વિષયને વિષે રાગ છે.' તે રાગ કેમ ટાળવો ? તો એમ વિચાર કરવો જે સ્ત્રી આદિક પંચ વિષયને વિષે દોષ રહ્યા છે તે વિચારીને તેના દોષને મોટા સંત પાસેથી શીખે પછી તેનો અભ્યાસ કરીને તે રાગને ટાળ્યાનો અભ્યાસ નિત્યે તીવ્ર શ્રદ્ધા રાખીને કરે તો ધીરે ધીરે રાગ ટળે, નહિ તો ન ટળે. ૫૧

અને મહારાજે પોતાની રુચિ કહી તેના ઉપર સ્વામીએ વાત કરી જે ભક્તિસિદ્ધિમાં[૧] ઓગણપચાસ અધર્મનો સર્ગ કહેલ છે તેણે રહિત જે સંત

૧. એ નામનો સત્સંગિજીવનનો અધ્યાય (સ.જી.દ્વિ.પ્ર.અ.૧૦) અથવા સદ્. ગોપાળાનંદ સ્વામી કૃત ગ્રંથ.





હોય, અને તેને વિષે કહ્યો જે ઓગણસાઠ ધર્મનો સર્ગ તેણે સહિત જે સંત હોય તથા ધર્મામૃતમાં જે ધર્મ કહ્યા છે તેને અતિશે દૃઢ પાળતો હોય તથા ભગવાનની ભક્તિયે યુક્ત હોય એવાનો સંગ આપણે કરવો પણ દોષે યુક્ત હોય તેનો સંગ તો ક્યારેય ન કરવો. ને જો તેનો સંગ કરે તો તેના દોષ પોતામાં આવે. તે માટે વિચારીને સંગ કરવો. ૫૨

અને **ભગવાનને અર્થે જે કરવું તેને ભક્તિ કહી છે.** ને નિરંતર ભગવાનનો સંબંધ રાખવો પણ તેમાં જો કોઈક અંતરાય આવે તોપણ તે અંતરાયનો રોક્યો રોકાય નહિ ને **નિરંતર ભગવાનનું સમીપપણું રાખે તેને ઉપાસના કહીએ.** ૫૩

અને મનને વિષે સંકલ્પ વિકલ્પનો વેગ વર્તતો હોય ત્યારે આત્મા-અનાત્માનો જે વિચાર તે સંબંધી સંકલ્પ કરવા તથા ભગવાનના મહાત્મ્યના વિચાર સંબંધી સંકલ્પ કરવા. ને ઉદાસીપણું હોય ત્યારે ચાર પ્રકારના પ્રલયનો વિચાર કરીને વૈરાગ્ય સંબંધી સંકલ્પ કરીને પદાર્થની તુચ્છતા જાણવી. ને આનંદ વર્તતો હોય ત્યારે ઉપશમ કરીને ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું. ને રાગ વર્તે ત્યારે ભગવાનનાં કીર્તન ગાવવાં. અને ઇંદ્રિયોની ક્રિયામાં મન વર્તે ત્યારે ભગવાનની ભક્તિ, સેવા ચાકરી કરવી. એવી રીતે એ પાંચ સમયને વિષે પાંચવાનાં કરે તો તત્કાળ સિદ્ધ થાય ને એમ ન કરે તો તત્કાળ સિદ્ધ ન થાય. ૫૪

અને એક વેગ રાખીએ તો સર્વે વેગ રહે એવો કયો વેગ છે ? તો, **ભગવાનના મહાત્મ્યજ્ઞાને સહિત જે ભગવાનને વિષે પ્રીતિનો વેગ તે નિરંતર રાખવો ને** એ વેગના વિરોધને કરવાવાળા જે બીજા સંકલ્પ તેને ટાળવાને કાજે વૈરાગ્ય, ધર્મ અને આત્મજ્ઞાનાદિક સંબંધી વિચાર કરવા ને તેણે કરીને પ્રથમના વેગને પુષ્ટ કરવો. ૫૫

અને ભગવત્જ્ઞાન સંબંધી શાસ્ત્રે કરીને હરિના મહાત્મ્યની વૃદ્ધિ થાય ને તે મહાત્મ્યજ્ઞાને કરીને પ્રીતિની વૃદ્ધિ થાય ને ભગવાનના ગુણ, સ્વભાવ, વિભૂતિ, સુખ, ઐશ્વર્ય તેને જાણીને જે પ્રીતિ થાય છે તે અચળ છે ને તે વિના જે કેવળ ભોળાભાવે ને દીધે દીધે પ્રીતિ થાય તેનો નિર્ધાર નહિ. હેત જે વિષય

દેશ કાળ આવે ત્યારે એ પ્રીતિ ટકે નહિ ને પ્રથમની જે પ્રીતિ તે કોઈ પ્રકારે જાય નહિ. ૫૬

અને **સત્પુરુષ ને સત્શાસ્ત્રનાં વચન વિના પોતાના મનને જાણે જીવ જે કાંઈ કરવાનું ધારે તેને દેહાભિમાન કહેવાય** ને તેને કોઈ ટાળવાનું કરે ત્યારે તેને બહુ દુઃખ થાય. ૫૭

અને જેનો કોઈક જાતનો અયોગ્ય સ્વભાવ હોય ને તેમાંથી તેના જીવનું ભૂંડું થાય એવું હોય તેને કોઈ ભગવાન કે સાધુ ટોકે ત્યારે તે સવળું ન લેવાય ને અવળું લેવાય અને તેની આંટી બંધાય એવો જે હોય તેના સત્સંગનો નિરધાર ન જાણવો. એતો જ્યારે ત્યારે જરૂર વિમુખ થાય. અને જો કોઈ એને નભાવનારો હોય ને એના સ્વભાવ પ્રમાણે કાંઈક વર્તવા દીયે તો એ માંડ માંડ સત્સંગમાં નભે. ને એવો નભાવનારો ન હોય તો એ જરૂર સત્સંગમાંથી પડી જાય માટે **સ્વભાવને ટાળવા સારુ મોટા પુરુષ વચન કહે તેને હિતકારી માનીને તે પ્રમાણે વર્તવું** પણ આંટી ન બાંધવી. ૫૮

અને ઇંદ્રિયોની વૃત્તિને અંતર સન્મુખ રાખે ત્યારે તે વૃત્તિઓ સૂક્ષ્મભાવને પામીને એમાં યથાર્થ જ્ઞાન થાય ને પછી શાસ્ત્રનો અર્થ પણ એને યથાર્થ સૂઝે ને વિષયની વાસના ધીરે ધીરે ટળતી જાય. માટે જ્ઞાન વૈરાગ્યનો વિચાર રાખીને ઇંદ્રિયોની વૃત્તિને આત્મા સન્મુખ રાખવાનો અભ્યાસ રાખવો ને તેમાં ભગવાનનું ધ્યાન કરવું. ને એમ ન કરે ને તે વૃત્તિઓને બાહેરજ પ્રવર્તવા દીયે તો તેમાં સ્થૂળ ભાવ આવી જાય ને ગુણ દોષ યથાર્થ સુજે નહી. ૫૯

અને ભગવાનનું મહાત્મ્ય જાણતો હોય તોપણ જો વૈરાગ્યનો વિચાર તે એને આવડતો ન હોય તો એ મહાત્મ્ય એમાં ટકે નહિ ને વૈરાગ્યને વિચારે કરીને માયિક સર્વે પદાર્થની તુચ્છતા ને નાશવંતપણું જાણ્યું હોય તો એનું મન કોઈ પદાર્થમાં અટકે નહિ ને એને તે માહાત્મ્યજ્ઞાન દૃઢ થાય. માટે **ચાર પ્રકારના પ્રલયે કરીને વૈરાગ્યની દૃઢતા કરવી.** ૬૦

અને **ભક્તિ તે હેતને કહીએ ને અનુવૃત્તિ તે ભગવાનના ગમતા**





**પ્રમાણે કરવું તેને કહેવાય** ને ગમતાં પ્રમાણે થોડુંક ભજન કરે તો ભગવાન બહુ માને ને ગમતાં પ્રમાણે ન કરે ને પોતાના ગમતા પ્રમાણે ઘણું કરે તોપણ તેને થોડું માને. ૬૧

અને ભગવાનના ભક્તમાં ત્રણ ભેદ છે એક તો નિષ્કામપણે ભગવાનના ગમતા પ્રમાણે જ કરે ને બીજો નિષ્કામપણે કરે પણ પોતાના ગમતા પ્રમાણે ભગવાનને કરાવે ને ત્રીજો સકામપણે કરે ને પોતાના ગમતા પ્રમાણે કરે ને એ ભગવાનને સર્વ દેવ થકી સમર્થ જાણે ને સર્વથી શ્રેષ્ઠ મોટા ભોગ આપવાને વિષે મહા સમર્થ માને માટે એ ભગવાનને ભજે પછી તે ભોગને ભગવાનથી પામે ને ભજ્યા કરે. એ ત્રણ પ્રકારના ભક્ત છે. ૬૨

અને મુક્તાનંદ સ્વામીએ અંતકાળ સમે પોતાના સાધુને શિક્ષા કહી તેની વાત કરી જે, ધન સ્ત્રીનો પ્રસંગ તે કોઈ રીતે ન કરવો તથા શહેરમાં ન જાવું તથા સત્સંગને મેલીને પરદેશમાં જાવું નહિ તથા એકાંતિક સાધુનો સંગ રાખવો ને એમનો વિશ્વાસ રાખવો. એવી રીતે પરમહંસને શિક્ષા કહી. ૬૩

અને કોઈક હરિભક્તનો અવગુણ લેવો તેમાં આ ત્રણ વિચાર કરવા જે એનો મને અવગુણ આવે છે તે એની ઉપર મારે ઈર્ષા છે તેણે કરીને આવે છે? કે એણે મને મારા કોઈ સ્વભાવ ઉપર ટોક્યો છે તેણે કરીને મને એનો અવગુણ આવે છે ? કે એ દોષ તે એમાંજ છે જે તેણે કરીને અવગુણ આવે છે ? એમ વિચારીને ઈર્ષાએ કે ટોકવે કરીને જો અવગુણ આવતો હોય તો ન લેવો ને એમાં એ દોષ ખરેખરો હોય તો લેવો પણ આવી રીતે વિચાર્યા વિના કોઈનો અવગુણ ન લેવો. ૬૪

અને મહારાજ પધાર્યા પછી સાંપ્રત આટલું કાર્ય અવશ્ય વિચારીને કરવાનું છે. તે કેવી રીતે તો, મહારાજ બિરાજતા હતા ત્યારે આપણી વતે કોઈ અવળી ક્રિયા થઈ જાય ત્યારે મહારાજ કોઈ પ્રકરણ ફેરવે. એટલે તે સર્વે મટી જાય ને પાછું સવળે માર્ગે ચલાય તથા મહારાજ પંડે ઠબકો દઈને આપણને સવળે માર્ગે ચલાવે ને હમણાં તો સત્સંગનું કામકાજ આચાર્યની આજ્ઞાયે અથવા મોટા સાધુની આજ્ઞાયે કરવું. પણ તેમાં પોતાને રતી ધનાદિક વિષયનો

સંબંધ થઈ જાય ને વચનનું ઉલ્લંઘન થઈ જાય ને અંતે કોઈ પદાર્થમાં આસક્ત થઈ જવાય ને વિમુખ થઈ જવાય એવું વચન ન માનવું. એટલો તો પોતાને જાણે પોતે વિચાર કરવો પણ તેમાં મોટેરાનો વિશ્વાસ ન રાખવો. કેમ જે મોટેરા તો પોતાના કામ કરવાના સ્વાર્થપરાયણ હોય પણ આ જીવ આવો છે તે એને આનો સમાગમ થાય તો વધે ને આનો સમાગમ થાય તો ઘટી જાય એવી રીતે સર્વ પ્રકારે જીવનું પરલોકમાં હિત થાય એમ કરતાં આવડે એવો મોટેરો તો હોય કે ન હોય માટે આટલો તો પોતાને જ વિચાર રાખવો. ૬૫

અને શ્રીજી મહારાજનાં વચન પ્રમાણેજ જે સંતને પોતાના આત્માનું હિત કરતાં આવડે ને તે વચન પ્રમાણે રહીને મહારાજની પ્રસન્નતા કરવી તેનો ખટકો હોય ને તે પ્રમાણેજ વર્તતો હોય ને સર્વ પ્રકારે બુદ્ધિ પોંચતી હોય ને બીજાના જીવને પણ જાણતો હોય ને તેના જીવનું પરલોક સંબંધી જે હિત તે સર્વ પ્રકારે કરતાં આવડતું હોય એવા જે સંત પોતાને જણાય તેના વચનમાં વિશ્વાસ રાખીને તે પ્રમાણે વર્તે તો તે પણ ઠીક છે ને એ વિના જે બીજો માર્ગ તેતો પડવાનો છે. ૬૬

અને **દેશકાળાદિક આઠ છે તેમાં સર્વ કરતાં સંગનું બળ અધિક છે કેમ જે સત્પુરુષનો સંગ હોય તો દેશકાળાદિક સારાજ થાય છે. અને અસત્પુરુષનો સંગ થાય તો દેશકાળાદિક અસત્ થાય છે.** ને પુરુષ પણ જો રૂડા સત્પુરુષનો નિરંતર સંગ કરે તો જ એ સારો ને સારો જ રહે ને જો દેહાભિમાની એવા અસત્પુરુષનો સંગ કરે તો તે બગડી જાય છે. ત્યારે પ્રશ્ન પૂછ્યું જે 'એ પુરુષને ક્યાં સુધી સત્સંગ કરવો ?' ત્યારે તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે એ પુરુષનો સત્સંગ કરતે કરતે એવો સ્વભાવ થઈ જાય જે રૂડું ખાવું, રૂડું વસ્ત્ર, રૂડી પથારી, માન ઇત્યાદિક જે પંચ વિષય સંબંધી રૂડા પદાર્થના ભોગ તેનો સહજ સ્વભાવે અરુચિનો સ્વભાવ થઈ જાય માટે એ સારા પદાર્થનો જોગ થાય તોપણ તેનો ત્યાગ કરવો તેજ ગમે પણ તેનો ભોગ તો ગમે જ નહિ ને જેવે તેવે અન્ન વસ્ત્રાદિકને ભોગે કરીને દેહ નિર્વાહ કરે એવો સ્વભાવ થાય ત્યારે જાણીએ જે એ સત્સંગ કરીને પક્વ થયો ને જ્યાં સુધી એવો નથી થયો





ત્યાં સુધી તો એનો એને ભય છે. ને તેને જો સત્સંગનો જોગ રહે તો એ સારો રહે ને સત્સંગ ન કરે ને પોતે પોતાને જાણે જે 'હું તો હવે સારો થઈ ગયો માટે મારે હવે શો ભય છે ?' એમ પ્રમાદ રાખે તો એનું ઠેકાણું ન રહે અને એ પક્વ થયો હોય તો એ જ્યાં જાય ત્યાં એને એવું બળ હોય જે જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, ભક્તિ તે સંબંધી વાત કરીને કેટલાક પુરુષનો પોતાના જેવો સ્વભાવ કરે પણ પોતે કોઈ વિષયને ચાળે ચડી જાય નહિ. આ વાર્તા નિશ્ચિત છે પણ એમાં કાંઈ સંશય નથી. ૬૭

અને **એકવાર પોતાના જીવને શુદ્ધ કરીને પછી ભક્તિ કરવી, બીજાને સત્સંગ કરાવવો, સત્સંગનો મમત્વ રાખવો** ઇત્યાદિક જે જે કરવું તે તે પછી કરવું. તે શુદ્ધ કેમ કરવો ? તો સ્ત્રી ને ધન એ બેમાં કોઈ રીતે જીવ ભળી જાય નહિ. તેવો દૃઢ વિચાર કરવો તથા આત્મનિષ્ઠા ને વૈરાગ્યની રીત સારી પેઠે જાણવી તથા ભગવાનના સ્વરૂપને યથાર્થ જાણવું ને તેનું માહાત્મ્ય જાણીને ભક્તિ કરવાની રીત જાણવી એટલાયે કરીને જીવ શુદ્ધ કરવો ને એમ શુદ્ધ ન કરે ને કદાચિત્ જો સ્ત્રી આદિકમાં આસક્ત થઈ જાય તો તે ભક્તિ ભગવાનને ગમે નહિ. જેમ અપવિત્ર થકો હરિને અર્થે થાળ લઈને આવે તો તે હરિને ગમે નહિ તેમ તે ભક્તિ પણ ગમે નહિ માટે એકલી ભક્તિમાં કાંઈક કહેવત[1] છે ને જીવને શુદ્ધ કરીને થોડીક ભક્તિ કરી હોય તો જેટલી કરી હોય એટલી જાય નહિ. ૬૮

અને પોતામાં કોઈ દોષ હોય તે જો પોતામાં ને પોતામાં રાખે તો તે મોટેરાની ઉપર હરિનો કુરાજીપો બહુ થાય નહિ ને એ દોષ બીજામાં પ્રવર્તાવે તો તેથી ઘણા જીવનું ભૂંડું થાય તેનું પાપ એને લાગે ને તે દોષનું ફળ તે એ મરીને મુક્ત થાય તોપણ એના બહુ ભૂંડાને કરે. ૬૯

અને હરિભક્તને આ ત્રણ વાતું અતિશે સિદ્ધ કરવી. તે કઈ તો એક તો ભગવાનનું સ્વરૂપ યથાર્થ માહાત્મ્ય જ્ઞાનપૂર્વક જાણીને તે હરિમાં ને હરિના

૧. બદનામી, કલંકભર્યું નુકશાન, ખોટ-ખામી.

ખરેખરા ભક્તમાં હેત કરવું. અથવા તે હરિ ને હરિભક્ત ભેળા રહેવે, લીધે, દીધે, બોલાવ્યે ચલાવ્યે સહેજે હેત કરવું. અને બીજું પોતાના જીવને શોધવો. કહેતાં કામ, ક્રોધ, લોભ, માન, દંભ, ઈર્ષા, મત્સર, સ્નેહ આદિક જે આસુરી સંપત્તિરૂપ અધર્મનો સર્ગ તેણે કરીને તથા કોઈક માયિક ભાવે કરીને જીવ પરાભવ ન પામે ને દોષે રહિત થકો ને કેવળ સત્તાપણે રહ્યો થકો બ્રહ્મરુપ થઈને ભગવાનની સેવામાં રહે ને એવો બ્રહ્મરૂપ થાય ત્યારે હરિને વરણીય થાય માટે આતો અવશ્યપણે નિરંતર અનુસંધાન રાખીને ને સત્શાસ્ત્ર થકી જ્ઞાન, વૈરાગ્યનો વિચાર પામીને તથા સત્સંગ કરીને એ વાત દૃઢ કરવી. અને ત્રીજી કોઈ ઉપર દયા કરીને તેના જીવનું પરલોક સંબંધી હિત કરવું ને તેનો જીવ અન્ય વાસનાએ રહિત થઈને ભગવાનને પામે ને એવી દયા કરે તો એની ઉપર ભગવાનની પ્રસન્નતા થાય. કેમ જે પોતાના ધામથી અહીંયાં શ્રીહરિ આવે છે તે જીવની ઉપર દયાયે કરીને તેમનાં કલ્યાણ કરવાને કાજે આવે છે. તે ભગવાનના સંકલ્પ ભેળી એની ક્રિયા ભળી માટે ભગવાન પ્રસન્ન થાય. તથા હરિમંદિર પોતે કરાવ્યાં છે તે બીજા જીવ ઉપર દયા કરીને તેના કલ્યાણને અર્થે કરાવ્યાં છે એમ ધારીને હરિપ્રસન્નતાને અર્થે મંદિરનો પક્ષ રાખીને તે સંબંધી કામકાજ કરવું. ને કોઈ જીવ ઉપર દયા કરીને કલ્યાણની વાત કરવી પણ તેના ગુણદોષમાં પોતાના જીવને બાધ પામવા દેવો નહિ. વાત કરીને છેટે રહેવું પણ દયાએ કરીને તે ભેળું તેના ડોળમાં ભળવું નહિ. એ ત્રણ વાત સિદ્ધ કરવી. ૭૦

અને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ એ ચાર ગુણવાળા જે ઉત્તમ પુરુષ સાધુ તે એક પ્રકૃતિવાળા જ્યારે એકાંતમાં ભેળા થયા હોય ત્યારે અતિશે શ્રેષ્ઠ જે ભગવદ્વાર્તા તથા જેના જે ગુણદોષ હોય તેને નામને વિષે જુક્ત કહી દેખાડીને યથાર્થ વાર્તા થાય. કેમજે એકાંતમાં જેમ હોય તેમ યથાર્થ કહેવાય ને કોઈને અવગુણ આવે એમ ન હોય. ને તે શ્રેષ્ઠ પ્રકૃતિવાળા જ્યારે સભામાં વાર્તા કરે ત્યારે તે સભામાં તો ઘણી જાતનાં મનુષ્ય હોય તેમાંથી કોઈને અવળી લાગે માટે યથાર્થ વાર્તા ન થાય. અને મધ્યમ ને





કનિષ્ઠ પુરુષ તેતો સભામાં તો શ્રેષ્ઠ વાર્તા કરે ને જ્યારે એક પ્રકૃતિવાળા ભેગા થાય ને એકાંતમાં બેસે ત્યારે તો તે મધ્યમથી મધ્યમ ને કનિષ્ઠથી કનિષ્ઠ એવી વાર્તા કરે તેને જાણવી. ૭૧

અને ખરેખરા સાધુ હોય તેને પોતાને કોઈ જાતનો સ્વાર્થ ન હોય ને પોતાથી જેની શ્રેષ્ઠ પ્રકૃતિ હોય તેની પાસે પોતાનો શિષ્ય જાય ત્યારે રાજી થાય કેમ જે તેને તો તેના જીવનું હિત કરવું હોય. ને ઉતરતી પ્રકૃતિવાળા પાસે જાય તો તો કુરાજી થાય કેમ જે એનો જીવ બગડી જાશે એમ જાણે. અને **સાધુ હોય તેને તો તેના જીવનું ભગવાનમાં હેત કરાવવાનું હોય ને સ્વાર્થી હોય તેને તો પોતાની ઉપર તેનું હેત કરાવવાનું હોય** માટે સ્વાર્થી સાધુ હોય તેને તો ઈંદ્ર બ્રહ્માદિક દેવ જેવો ભગવદ્ ભક્ત જાણવો અને જે સ્વાર્થ રહિત હોય તેને નારદ, સનકાદિક, શુકદેવ ને જડભરતાદિક જેવો સાધુ જાણવો. ૭૨

અને **શ્રીહરિના ધ્યાન કરતાં પણ જ્ઞાન અધિક છે.** તે જ્ઞાન તે શું જે, ભગવાન જેમ છે તેમ યથાર્થ જાણવા ને ભગવાનને અર્થે જેજે કરવાનું છે તેને જાણવું તથા જીવ, ઈશ્વર, પ્રકૃતિ, પુરુષ, અક્ષર એમના સ્વરૂપને ધર્મ, વૈરાગ્યના સ્વરૂપને જાણવું તથા ભગવાનના ભક્ત જેવા હોય જે આને તો સર્વથી ભગવાન જ અધિકપણે છે. અને જે ભગવાનના ગમતાં પ્રમાણે જ વર્તતો હોય તથા વર્તવાનું હોય ને પોતાનું ગમતું કરવાનો સ્વભાવ ન હોય, ને તે હોય તો તેને ટાળ્યાનો આગ્રહ હોય. ને જેને ભગવાનમાં પ્રીતિ હોય ને કાંઈક પોતાનું મન ગમતું કરવાનું પણ હોય એવો હોય તેને પણ જાણવો, ઈત્યાદિક જ્ઞાન કહેવાય ને એવું જ્ઞાન હોય તો તેમાં સહેજે ભગવાનનું ધ્યાન થાશે, માટે એ સર્વે વાતને જાણવી ને જરૂર પોતાને મુખે કરીને કહેવી તે જેટલી યોગ્ય હોય તેટલી કહેવી અથવા ન કહેવી. તેમાં તો દેશકાળનો અનુસાર જાણવો. ને એ સર્વે વાતને ન જાણે તો ભગવાનનો શ્રેષ્ઠ ભક્ત હોય તેને મધ્યમ ને કનિષ્ઠ જેવો જાણે. ને મધ્યમને ને કનિષ્ઠને શ્રેષ્ઠ જેવો જાણે પછી એ ભક્ત વૃદ્ધિને ન પામે કેમ જે એ જાણે નહિ માટે જેવા તેવાનો સંગ કરે પણ શ્રેષ્ઠનો સંગ ન કરે ને પોતે સારા જેવો હોય પણ ઉતરતાને સંગે ઉતરતો થાય ને ઉતરતાને હેતે કરીને પક્ષ લઈને મોટાનો અભાવ લે ને તેના પક્ષ તથા મોબતમાં દબાઈ રહે એવી રીતે જાણવા ન જાણવામાં ગુણ દોષ છે. ૭૩

અને **વિષય છે તેના દોષને વારંવાર વિચાર્યા કરવા ને તે વિષયનો ત્યાગ કરવો** ને એવી વાર્તા કરવા સાંભળવાનો અભ્યાસ રાખવો તો એ વિષય જીવમાં પેસી ન જાય ને એમ ન કરે તો જરુર વિષય જીવમાં પેસી જાય ને એના **જીવને બાધ પમાડી દે એવા એ વિષય ભૂંડા છે** એમ જાણવું. અને એમ વિચાર કરતાં કરતાં જ્યારે એને આમ ખચિત જણાઈ જાય જે સ્ત્રી, ધન, માન, સ્વાદ, કામ, ક્રોધાદિક જે જે આલોક પરલોક સંબંધી પંચવિષયનું માયિક સુખ છે તેને વિષે સહજ સ્વભાવે લાખો ક્લેશ જણાયા કરે ને દોષ, દુઃખ, ભય જણાયા કરે ને એમાં સુખ છે એવો તો મનમાં સંકલ્પ પણ ક્યારેય ન થાય ને કેવળ આત્મા રૂપ થઈને પરમાત્માનું ચિંતવન કરવું તેમાંજ એક સુખ જણાય એવી રીતે તે ભક્તનો સહજ સ્વભાવ થઈ જાય ત્યારે જાણીએ જે તે ભક્તને જે કરવાનું હતું તે સિદ્ધ થયું. ને એ સંતનો જ્યારે એવો સ્વભાવ થઈ જાય ત્યારે કોઈ વિષય સુખ પામવાનું એ જતન કરે જ નહિ ને સહેજે મળે એવે અન્ન વસ્ત્રાદિકે કરીને એ દેહ નિર્વાહ કરે. ૭૪

અને સંતને મનગમતું કરવામાં ભેદ છે તે કઈ રીતે જે એક તો ભગવાનની આજ્ઞા પ્રમાણે ત્યાગ વૈરાગ્ય રાખે તથા રૂડા સાધુનો સંગ રાખે તથા આત્મનિષ્ઠા, ભગવાનનું માહાત્મ્ય અને પંચવર્તમાનના નિયમ પ્રમાણે વર્તવું ને નવ પ્રકારે ભક્તિ કરવી ઈત્યાદિક ભગવાનની આજ્ઞા પ્રમાણે મનગમતું કરવું તે બીજા કોઈ તેને મુકાવે તો મૂકે જ નહિ એવું પણ એ મનગમતું કહેવાય પણ એ મનગમતું તે ઠીક છે પણ એમાં બાધ નથી ને એવા મનગમતાને તો મોટા સંત કોઈ રીતે મુકેજ નહિ ને કોઈક સ્વાર્થને અર્થે મુકાવે તો તેને સ્વાર્થી જાણીને મુકે નહિ ને તેને દુઃખ ન લાગે એવી કળા કરીને જેમ પોતાને દુઃખ ન થાય તેમ વર્તવું પણ એ મનગમતાને મૂકવું નહિ. અને બીજું મનગમતું જે ભગવાનની આજ્ઞા પ્રમાણે તો અતિશે ન હોય ને પોતાના સ્વભાવ પ્રમાણે વર્તવું ને તેવાનો સંગ કરવો ને તેવે ઠેકાણે રહેવું ને તેવી ક્રિયા કરવી. ઈત્યાદિક મનગમતું તે ખોટું છે ને એ બેયને જે સમાન જાણે તે મૂર્ખ છે. ૭૫

અને ક્રોધ પણ બે પ્રકારનો છે. એક તો કોઈક બીજો પોતાને વિષયનો





સંબંધ કરાવવા આવે તો તેની ઉપર ક્રોધ કરે તથા કોઈક અવળે માર્ગે ચાલતો હોય તો તેને સવળે માર્ગે ચલાવવાને અર્થે ક્રોધ કરે ને તેને શિક્ષાનાં વચન કહે તથા કોઈક પોતાને ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવા થકી કાંઈક નિષેધ કરે ત્યારે તેની ઉપર રીસ કરીને તેને કઠણ વચન કહે ને એને વિષે ક્રોધ કરીને ન કહે તો તેને માને નહિ. ને નરમ થઈ જાય ને આકરપ ન રાખે તો ત્યાગ વૈરાગ્યાદિક પ્રમાણે વરતાય નહીં ને કોઈની મોબતમાં લેવાઈ જાય તો મૂળગો ઉતરતો સ્વભાવ થઈ જાય તો તેમાં શો સાર છે ? અને બીજો તો પોતાને મનગમતો વિષય ન મળે તથા મનગમતું ખાન, પાન, સ્થાનક, વસ્ત્ર, શિષ્યાદિક ન મળે તેને અર્થે ક્રોધ કરે ત્યારે એ ક્રોધ તે ભૂંડો છે અને એ બે પ્રકારના ક્રોધને વિષે સમાનપણું જાણે છે તે વિવેકે રહિત છે ને મૂર્ખ છે. ૭૬

અને **જેને કોઈ પદાર્થની ઇચ્છા નહિ તે હરિનો એકાંતિક ભક્ત થયો તેને પણ હરિ ને હરિના ભક્તની સેવા તો કરવી.** કેમજે એતો સર્વથી શ્રેષ્ઠ છે ને બીજા સર્વે સાધન તો એને અર્થે છે તથા એવાને પણ ભગવાનના ખરેખરા ભક્તનો સંગ રાખવો. ૭૭

અને જે બાળપણામાંથી ત્યાગી થયો છે તેણે તો સ્ત્રી આદિક વિષય ભોગવ્યા નથી ને તેને વિષય ભોગની વાસના ઉદય થાય છે તે શાણે કરીને થાય છે ? તો બીજા તે વિષયને ભોગવતા હોય તેને દેખે તથા તે જાત્યની વાર્તા સાંભળે તેણે કરીને તેના મનમાં તે વિષયને વિષે સુખની ભાવના થઈ આવે છે. માટે તે વિષયનો ત્યાગ રાખે તો ઠીક ને વિષયનો જોગ કરે તો તેને મૂકી શકે નહીં, અને જે વિષયને સેવતો હોય પણ જો તે વિષયના અભાવે સહિત સેવતો હોય ને તે વિષયનો ત્યાગ કરે તો થોડાક દિવસ સુધી તો તે વિષય સાંભરે પણ પછી તેની વિસ્મૃતિ થઈ જાય. ને જ્ઞાન, વૈરાગ્ય ને હરિનું માહાત્મ્ય તેનો નિરંતર આગ્રહપૂર્વક દૃઢ અભ્યાસ કરીને તે વિષયને વિષે ક્લેશ, દુઃખ ને દોષની જ દૃઢ ભાવના થઈ જાય ને કોઈ કાળે એમાં સુખની ભાવના તો થાય જ નહિ ને એની અતિ તુચ્છતા જણાઈ જાય. જેમ કોઈક પદાર્થ હોય તેમાં માલ જેવો છે તેવો જાણ્યો પછી તેમાં એવો ભાવ થાય જે 'આ પદાર્થ તે આવું છે એની વારંવાર શી તથ્યા કરવી' જેમ પોતાના ભુંડાનો કરનારો

માણસ હોય અથવા શત્રુ હોય તેને દેખીને અથવા તે ભેળે રહીએ પણ તેના અભાવની મનમાં ભાવના છે તેણે કરીને તેમની ઉપર હેત થાય જ નહીં. તેમ વિષયનો અભાવ થયો હોય જે એ વિષય તો દુઃખરૂપ જ છે ને એમાં કાંઈક સુખની ભાવના રહી જાય છે તે એવા અભ્યાસની દૃઢતા વિના રહી જાય છે માટે નિરંતર દૃઢ અભ્યાસ કરવો. ૭૮

અને જેમ થોડી બુદ્ધિવાળો પુરુષ હોય પણ તે જો વિદ્યા ભણ્યાનો અભ્યાસ અતિશે મન, કર્મ, વચને કરીને વેગે સહિત કરે તો તેને વિદ્યા આવડે ને બુદ્ધિવાન હોય પણ અભ્યાસ ન કરે તો કોઈ વિદ્યા પણ ન આવડે. તેમ જો **એ વિષયનો અભાવ કર્યાનો દૃઢ અભ્યાસ રાખે તો તે જરૂર થાય.** ને જે એવો અભ્યાસ નથી થાતો તો એને એનો સુધો ખપ જ નથી ને જો ખપ થાય તો જરૂર અભ્યાસ કરે કેમ જે જગતમાં દેખાય છે જે જેને જે જે સ્ત્રી, ધન, રાજ્ય, માન, સ્વાદ, તેનો ખપ છે તો તેનો અભ્યાસ કરીને તેને સિદ્ધ કરે છે ને તેમાં દૈહિક દુઃખ થાય છે તેને ગણતા નથી ને રાત દિવસ તેનાજ મનસુબા કરે છે તેમ અભ્યાસ રાખવો અને એવો અભ્યાસ તો નથી કર્યો ને જે સહજ સ્વભાવે સાત્વિકપણાની પ્રકૃતિ થકી અથવા થોડુંક હરિનું માહાત્મ્ય જાણીને નિયમમાં રહીને જે વિષયના ત્યાગી જણાય છે તે જો વિષયનો ત્યાગ જ રાખે ને તેનો સંબંધ જ થાવા ન દે તો તો એ પાર પડે ને જો વિષયનો સંબંધ એને વિષમ દેશ, કાળ, સંગે કરીને થઈ જાય તો તે વિષયને મુકી શકે નહિ કેમ જે આવો અભ્યાસ કરીને એણે વિષયની તુચ્છતા જાણી નથી ને **જેણે અભ્યાસે કરીને વિષયની તુચ્છતા જાણી છે તેતો વિષયને ગ્રહણ કરે પણ મુકવા ઘટે તો મુકી દે ને તેના ગ્રહણ ત્યાગને વિષે સ્વતંત્ર થાય પણ બંધાઈ રહે નહિ.** માટે એને એનો ભય નથી ને જેણે આવો અભ્યાસ નથી કર્યો તેને ભય છે. માટે નિરંતર વિષયના દુઃખપણાની ભાવનાનો અભ્યાસ રાખવો. ૭૯

અને જેમ કામાદિક દોષ છે તે ભક્તને ભગવાન સાથે અંતરાય કરે છે તેમજ એ દોષ ન હોય તોપણ જો એને ભગવાનની મરજી પ્રમાણે વર્તતા એવા જે એકાંતિક ભક્ત તેનો સમાગમ ન હોય તો એને ભગવાન સાથે અંતરાય રહી જાય. કેમ જે એ એકાંતિક ન હોય તેથી તેને ભગવાનની મરજી પ્રમાણે





વર્તવાની રીત યથાર્થ આવડતી ન હોય ત્યારે એના સંગના કરવાવાળાને તે રીત ક્યાંથી શીખવે ? માટે એને ભગવાન સાથે અંતરાય રહી જાય છે. માટે જેને અંતરાય ન રાખવો હોય તેને એકાંતિક ભક્ત સાથે હેત ને સંગ કરવો. ૮૦

અને એક તો જે ભક્તને જ્ઞાનાંશની યથાર્થ દૃઢતા હોય તેમાં કોઈ જાતની કસર રહેતી નથી, અને બીજો જેને ભગવાન ને ભગવાનના ખરેખરા એકાંતિક ભક્તનો દૃઢ વિશ્વાસ હોય તેણે કરીને જેમ એ કહે તેમજ એ મન, કર્મ, વચને વર્તે તો તેમાં પણ કોઈ જાતની કસર ન રહે, ને પ્રથમ કહેલ તેનો જે સંગ કરે તેને તે પોતા જેવો કરે ને બીજો તે પોતાના જીવાત્માનું જ રૂડું કરે પણ બીજાને સમજાવી શકે નહિ. એટલો એ બેમાં ભેદ છે. ૮૧

અને શ્રીજી મહારાજે પોતાની રુચિ પોતાને મુખવચને કરીને પોતે કહી છે તે રુચિને યથાર્થ જાણીને તે પ્રમાણે જ જે ભક્તે પોતાની રુચિ કરી હોય તેને જ શાસ્ત્રનો અર્થ યથાર્થ સમજાય ને જે એવો ન હોય તેને તો પોતાની રુચિ પ્રમાણે શાસ્ત્રનો અર્થ સમજાય છે. ૮૨

અને કોઈક ભક્ત થોડું કરે છે તેની ઉપર ભગવાન રાજી થાય છે ને કોઈક ભક્ત ઝાઝું કરે છે તેની ઉપર પણ ભગવાન રાજી નથી થાતા. તેનો એ અભિપ્રાય છે જે થોડું કરે છે પણ તે ભગવાનની મરજી પ્રમાણે કરે છે માટે રાજી થાય છે ને ઝાઝું કરે છે પણ તે પોતાના મનગમતા પ્રમાણે કરે છે માટે તેની ઉપર ભગવાન રાજી થાતા નથી. ૮૩

અને ભગવાનના ભક્તને આ ત્રણ વાનાં નિરંતર કરવાનાં છે. એક તો ભગવાનના ખરેખરા ભક્ત હોય તેની ઉપર એવું હેત કરવું જે એથી કાંઈ અધિક ન રહે એવું નક્કી હેત કરવું. ને બીજું કામ, લોભાદિક શત્રુ તથા દેહાભિમાન તેને ટાળી નાખીને ધર્મ, વૈરાગ્યે સહિત આત્મનિષ્ઠા ખચિત સિદ્ધ કરવી. અને ત્રીજું કોઈ જીવને એના મોક્ષની વાત ખરેખરી સમજાવવી એવી દયા રાખવી પણ તેમાં પોતાને બંધન કોઈ જાતનું ન થાય એવી કળા રાખવી. એ ત્રણ વાર્તા ખટકો રાખીને નિરંતર કરવાની છે. ૮૪

અને **ભગવાનના ભક્તને આત્મનિષ્ઠા ને ભગવાનને વિષે પ્રીતિ એ ભેળું શ્રવણ, મનન ને નિદિધ્યાસ તે કર્યા કરવાં.** પણ એ નિષ્ઠા જ્યાં સુધી

સિધ્ધ ન થાય ત્યાં સુધી સંતોષ ન પામવો. અને તે આત્મનિષ્ઠા કેવી સિદ્ધ કરવી તો એક આત્માને વિષેજ સુખપણાની ભાવના રહે અને તે આત્મા વિના જે બીજા માયિક આકારમાત્ર તેને વિષે કેવળ દુઃખ જ જણાયા કરે ને ચાર પ્રકારના પ્રલયમાં જે જે આકારનો વિનાશ થાય છે તેને વિષે કેવળ દુઃખની જ ભાવના જણાયા કરે. ને પ્રીતિ તો બે પ્રકારે સિદ્ધ કરવી જે 'कामार्ततस्कर' એ શ્લોકમાં જેમ કહ્યું છે તેમ અંતઃકરણે કરીને પ્રીતિ સિદ્ધ કરવી. તથા 'साध्वी चकोरशलभाः' એમાં કહ્યું છે તેમ દેહે કરીને ભગવાનમાં પ્રીતિ કરવી. એવી રીતે એ બે પ્રકારની નિષ્ઠાને શ્રવણ, મનન ને નિદિધ્યાસે કરીને સિદ્ધ કરવી. ૮૫

અને **ઉપાસક, ઉપાસ્ય ને ધામ એ ત્રણની જે શુદ્ધિ તેને યથાર્થ જાણીને ભગવાનને ભજે તો તેને કોઈ જાતની કસર ન રહે** તે માટે તે ત્રણયનાં સ્વરૂપ કહીએ છીએ.(૧) ઉપાસક જે ભગવાનની ઉપાસનાનો કરનારો જીવાત્મા તેને વિષે અક્ષરની ભાવના દૃઢ કરવી ને તે અક્ષર વિના જે પ્રકૃતિ પુરુષાદિક ભાવ તે કોઈમાં એનું મન સ્થિરતાને પામે નહીં ને એક અક્ષરભાવને વિષે સ્થિર થાય. એ ઉપાસકની શુદ્ધિ કહેવાય. અને (૨) ઉપાસ્યમૂર્તિ જે શ્રીહરિ તેનું જેવું સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્યાદિક છે તેવું અક્ષરાદિક કોઈને વિષે નથી ને એ ભગવાનનાં સ્વરૂપાદિક તે અપરિમીત છે ને અક્ષરાદિક સર્વેથી વિલક્ષણ છે. એવી રીતે શ્રીહરિ જે ઉપાસ્ય તેની શુદ્ધિ જાણવી. અને (૩) એ શ્રીહરિનું ધામ અક્ષર છે ને પોતે પોતાને અનુરૂપ તે અક્ષરધામ માન્યું છે ને બીજાં જે ધામ છે તેમાં પોતે દેખાય છે તેતો તે ધામના નિવાસી ભક્તને સુખ દેવાને અર્થે તે ભક્તની રુચિ અનુસારે દેખાય છે. જેમ પૃથ્વીને વિષે ભગવાન દેખાય છે તે મનુષ્યરૂપ ભક્તને સુખ દેવાને અર્થે તેની રુચિ અનુસાર દેખાય છે તેમ બીજાં ધામમાં દેખાય છે. એવી રીતે ધામની શુદ્ધિ જાણવી. ૮૬

અને ઉપાસક, ઉપાસ્ય ને ધામ એ ત્રણ પ્રકારને જાણતો જે ભક્ત તેણે કેવા ભક્ત સાથે પ્રીતિ રાખવી ? તો જે ભક્ત પોતે અક્ષરભાવને પામીને એ અક્ષરધામને વિષે રહ્યા જે એ પુરુષોત્તમ તેને વિષે અત્યંતપણે જોડાણો હોય ને તેથી જે ઓરા ભાવ છે તે કોઈને વિષે ન જોડાય ને બીજાં ધામમાં જે ભગવાનની મૂર્તિઓ રહી છે તથા સુખ ઐશ્વર્ય રહ્યાં છે તે કોઈને વિષે આનંદ





ન પામે. એવી રીતનો જે હોય તેની સાથે જ ગુરુભાવ ને મિત્રભાવ રાખવો. ને જે ભક્ત એવો ન હોય તેને વિષે શિષ્યભાવ રાખવો ને તેને તો એમ જાણવો જે જેવી રીતે જે જે ભક્ત ભગવાનને ભજે છે તે રૂડા છે ને ધીરે ધીરે કાળે કરીને પ્રથમના જેવા સર્વોત્કૃષ્ટ ભાવને પામશે માટે એ પણ ઠીક છે ને નમસ્કાર કરવા યોગ્ય છે એમ સમજવું. ૮૭

અને ભગવાનના ભક્તને વિષે કોઈ જાતનો દોષ કેમ રહી જાય છે ? તો એ દોષ મોટો છે પણ તેને વિષે એને અલ્પપણું જણાય છે તથા એ દોષને વિષે એને કોઈક જાતનો ગુણભાવ રહે છે તેણે કરીને એ દોષ રહે છે. ને એ દોષને વિષે અલ્પપણું ને ગુણભાવ રહે છે તેના ચાર હેતુ છે. એક અજ્ઞાન, બીજો મોહ, ત્રીજો પ્રમાદ ને ચોથું આળસ. તે એ ચાર જાય તો એ બે વાનાં જાય એમ સમજવું. ૮૮

અને વિષય છે તે બે પ્રકારના છે. એક સ્થૂળ અને બીજા સૂક્ષ્મ. તેમાં સ્થૂળ કીયા તો જેની ઉપર પોતાને અતિશે ભાવ ન હોય ને અભાવ પણ ન હોય ને ન જોઈતા હોય ને સહેજે આવે એવા જે વિષય તેને સ્થૂળ કહેવાય તે ત્યાગ કરવા અતિશે કઠણ નથી. ને સૂક્ષ્મ વિષય કીયા તો જેની ઉપર પોતાના મનને અતિશે રુચિ હોય ને પોતાના મનને અતિશે ગમતા હોય તે વિષય ત્યાગ કરવા ઘણા કઠણ છે ને એમને ટાળ્યાનો તો એ મોટો ઉપાય છે જે સ્ત્રી, ધન, સ્વાદ, માન, આદિક જે જે ઉપર પોતાના મનને રુચિ હોય તે વિષયને વિષે દોષ બુદ્ધિનો અતિશે વિચાર થાવા લાગે ને તે મનગમતા વિષયનો ત્યાગ કરે તે દોષબુદ્ધિએ યુક્ત ત્યાગ કરે ને મનમાં એ વિષયની દોષબુદ્ધિની ગ્રંથી પડે ત્યારે ટળે. ને ઉપરથી ત્યાગ કર્યો હોય તો એ વિષયનો જોગ ન હોય તો તો ત્યાગ રહે ને જ્યારે એનો જોગ થાય ત્યારે એમાં બંધાય ને દોષબુદ્ધિની દૃઢતા થઈ હોય તો જ્યારે એ વિષય સાંભરે તે ભેળે દોષબુદ્ધિની પણ સ્મૃતિ થઈ આવે માટે એ વિષયમાં જોડાય જ નહીં. અને એમાં એમ દોષ દૃષ્ટિ કરવી જે એ સ્ત્રી ધનાદિકને વિષે અનેક દુઃખ, ક્લેશ, પ્રયાસ, શોક, મોહાદિક રહ્યાં છે ને એમાં ત્રિકાળે સુખનો તો ગંધ પણ નથી અને પોતાને આત્મારૂપ માનીને ભગવાનનું ધ્યાન કરવું તથા કીર્તન ગુણવર્ણન કરવા તેમાંજ

પરમ સુખ રહ્યું છે. એ આદિક ભગવાનનું મહાત્મ્ય વિચારીને બીજાં જેટલાં માયિક સુખ, ભોગ, લોક ને દેહ તેમાં કેવળ દુઃખના સમૂહ નજરે આવે ત્યારે એ સૂક્ષ્મ વિષય ટળી જાય છે. ૮૯

અને વિષયાસક્તિ તથા દેહાભિમાન તથા કામ, ક્રોધ માનાદિક દુષ્ટ સ્વભાવ તે કેના ટળે ? તો જે ભક્ત જ્ઞાન, વૈરાગ્ય તથા ભગવાનનું મહાત્મ્ય એ આદિક સાધનને અભ્યાસે કરીને ધીરે ધીરે તે સ્વભાવને ટાળતો જાય ને થોડો થોડો તે સ્વભાવ ટાળવાનો જે આગ્રહ તે રાખવા ઉપર નજર હોય તો તે સર્વે ધીરે ધીરે કાળે કરીને ટળી જાય. જેમ ઘટગામીની તિથિ તે ધીરે ધીરે ઘટતી ઘટતી ક્ષય પામી જાય છે તેમ તે દોષ મૂળમાંથી ઉખડી જાય. અને તે દોષ કેના ન ટળે ? તો તે દોષને ઘટાડે તો નહિ ને મૂળગો વધારતો જાય ને તે દોષ જેમ જેમ વધે તેવા સ્થાનક, પદાર્થ ને સંગ, તેનું સેવન કરતો જાય તેને તો તે દોષ વધતા જાય ને તેથી અંતે તે સત્સંગમાંથી વિમુખ પણ થાય. જેમ વૃદ્ધિ તિથિ છે તે થોડી થોડી વધતી વધતી વધીને સાઠ ઘડીની થાય છે તેમ તે દોષ વધતા જાય છે. માટે **જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તે દોષ વધે એવું આચરણ ન કરવું ને જેવી રીતે તે દોષ ઘટે તેવી રીતના વિચારમાં રહેવું તથા તેવું આચરણ કરવું.** ૯૦

અને જગતમાં મોટા માણસને તથા રાજાને સત્સંગ થાય તથા ઘણા માણસને સત્સંગ થાય તથા મંદિરમાં ને આચાર્યના ઘરમાં ઘણી ઉપજ વધે તથા મોટી આબરુ થાય પણ જો પોતાનો કોઈક સ્વભાવ વધી જાય ને સત્સંગમાંથી પાછું પડી જવાય તો તે સર્વે આપણા જીવના કલ્યાણને અર્થે શા પ્રયોજનમાં આવ્યા ? એણે કરીને પોતાનું કાંઈ કલ્યાણરુપ કાર્ય સિદ્ધ ન થયું. જેમ કોઈક માંદો પડ્યો તેને સારાં સારાં ભોજન, દૂધ, સાકર, ઘી હોય તે શા કામમાં આવે? તેમાંથી લગારેય પણ ખવાય નહિ, તેમ તે સર્વે તેના કામમાં ન આવે. તે માટે પ્રથમ તો પોતાનો સત્સંગમાં અચળ પાયો થાય ને દેશકાળાદિક વિષમ થાય તોપણ કોઈ રીતે પાછું પડાય નહિ એવો પોતાનો જીવ સાધને કરીને સિદ્ધ કરવો ને **પોતાનો કોઈ અયોગ્ય સ્વભાવ હોય તેની ઉપર દોષદૃષ્ટિ રાખીને તેને ટાળવાનો નિરંતર આગ્રહ રાખવો ને એનો ઘણો ખટકો રાખવો** ને એમ





કરતાં કરતાં સત્સંગ કરાવવો ને સત્સંગનો મમત્વ રાખવો ને ઉત્કર્ષ પણ યથા શક્તિ કરવો પણ સ્વભાવની ઉપરતો દૃષ્ટિ નહિ ને કેવળ સત્સંગ કરાવવા ઉપર તથા વધારવા ઉપર નજર ન રાખવી. આટલી વાત સમજ્યો ત્યારે જાણીએ જે એને સત્સંગના નોરની સમજણ આવી છે. ૯૧

અને સત્સંગ સંબંધી તથા મંદિર સંબંધી જે જે ક્રિયા કરવી તથા જ્ઞાન, ધ્યાન, તપ, વ્રતાદિક જે જે રૂડી ક્રિયા કરવી તે ભેળે દેહાભિમાન પણ વધતું જાય એવો જીવનો સ્વભાવ છે તે કેમ સમજે તો ન થાય ? ત્યારે તેનો ઉત્તર જે **જેને શાસ્ત્રમાં બુદ્ધિ પુગતી હોય તથા મોટા સાધુનો જેને વિશ્વાસ હોય તેને દેહાભિમાન ન આવે.** ૯૨

અને વિદ્યા, બુદ્ધિ, કળા, ચાતુરી, ગાવવું એ આદિક જે જે વ્યાવહારિક ગુણ છે તે કેને પોતાના કલ્યાણને અર્થે થાય છે ? તો જેને કેવળ પોતાનું કલ્યાણ કરવું હોય ને પોતાના દોષ ટાળીને ભગવાનના એકાંતિક ભક્ત થાવું હોય એવો જેનો સત્ આશય હોય તે તો એ પોતાના ગુણને સત્સંગના કામમાં વાવરે એટલે એને એ પોતાના ગુણ કલ્યાણને અર્થે થાય છે. અને જેને પંચ વિષયના સુખને દેહે કરીને ને મને કરીને પામવાની ઈચ્છા હોય એવા અસત્ આશય વાળાને એ ગુણ વિષય સુખ પામ્યાને અર્થે જ થાય છે. પણ પોતાના કલ્યાણને અર્થે નથી થાતા. ૯૩

અને ચાર અંતઃકરણને જીતવાના ઉપાય કહીએ છીએ. તેમાં બુદ્ધિને એમ જીતવી જે બુદ્ધિને વિષે માયિક પદાર્થ માત્રના આકારના નિશ્ચય થાય છે તે સર્વે પદાર્થના ચાર પ્રકારના પ્રલયે કરીને નાશવંતપણાનો નિશ્ચય થાય ને પોતાનો આત્મા તથા ભગવાન ને ભગવાનનું ધામ ને તે ધામના મુક્ત એમના અવિનાશીપણાનો નિશ્ચય થાય. એવી રીતે જો બુદ્ધિમાં એ બે પ્રકારના નિશ્ચયની દૃઢતા થઈ ત્યારે બુદ્ધિ જીતાઈ જાણવી. અને મનને એમ જીતવું જે મન છે તે માયિક પદાર્થના સંકલ્પ કરવા એવો એનો સ્વભાવ છે. તે મનને તે પદાર્થના સંકલ્પ ન કરવા દેવા ને તે સંકલ્પથી પાછું વાળીને ને તે સંકલ્પને મુકી દઈને ભગવાનની મૂર્તિના સંકલ્પ કરવા તથા ભગવાનની લીલા ચરિત્રના સંકલ્પ કરવા. એવી રીતે મનને જીતાય. અને ચિત્તને એમ જીતવું જે ચિત્તને

વિષે માયિક પદાર્થના આકાર તે ચિંતવને કરીને સ્ફુરી આવે છે તે ચિત્તનું આત્માકારપણે કરીને ઉપશમ થાય ત્યારે તે આકારની વિસ્મૃતિ થાય પછી એક ભગવાનના આકારનું ચિંતવન કરવું. એવી રીતે ચિત્ત જીતાય. અને અહંકારને એમ જીતવો જે અહંકાર છે તે વર્ણ, આશ્રમ, જાતિ, કુળ, રૂપ, ગુણ તેને વિષે અહંપણું ધરે છે ને પોતાને તેવે આકારે માને છે તે અહંપણાને મૂકીને આત્માને વિષે અહંપણું માનવું. જે હું તો જાણપણે યુક્ત એવો જે આત્મા તે છું પણ વર્ણાશ્રમાદિક ધર્મવાળો જે દેહ તે હું નહીં એવો નિરંતર અભ્યાસ કરવો ત્યારે અહંકાર જીતાય. ૯૪

અને **ઇંદ્રિયો છે તેતો શાસ્ત્રમાં કહ્યા જે પોતપોતાના નિયમ તેણે કરીને જીતાય છે** એમ જાણવું. તે નિયમ કીયા ? તો શ્રવણે કરીને ભગવાનના જશ સાંભળવા, તથા ત્વચાયે કરીને ભગવાનનો સ્પર્શ કરવો ને નેત્રે કરીને ભગવાનના ને સંતના દર્શન કરવાં તથા નાસિકાએ કરીને ભગવાનના ને સંતના પ્રસાદી એવાં જે પુષ્પચંદન તેનો સુગંધ લેવો તથા વાણીએ કરીને ભગવાનનાં ચરિત્ર તથા જશ કહેવા તથા રસનાએ કરીને ભગવાનનો પ્રસાદ લેવો તથા હાથે કરીને ભગવાનની ને સંતની તથા મંદિરની સેવા પરિચર્યા કરવી તથા પગે કરીને ભગવાન સંબંધી સેવાને અર્થે ચાલવું પણ આડાઅવળા ફરવું નહીં એવી રીતે દશ ઈંદ્રિયુંને નિયમમાં રાખે તો તે જીતાય ને અખંડ ભગવાન સાંભરે ને તેને કોઈ સ્વભાવ પણ ન રહે. ૯૫

અને આ જીવને વિપરીત ફળ થાય છે તે પણ જાણ્યું જોઈએ. તે વિપરીત ફળ તે શું ? તો વિષયનો ત્યાગ કરવાને આવ્યા ને વિષય વળગ્યા, ને સંતમાં હેત કરવાને આવ્યા ને કુહેત થયું. ૯૬

અને સર્વે જીવમાત્ર છે તે પોતપોતાની પ્રકૃતિને ભજે છે, ને **જે મુમુક્ષુ છે તે પોતાની પ્રકૃતિનો ત્યાગ કરીને ભગવાનની આજ્ઞામાં રહે છે.** ને દેહના સુખદુઃખમાં લેવાતા નથી. ૯૭

અને **જેને આ દેહે કરીને ભગવાનને રાજી કરવા હોય તેને કોઈના બરોબરીયા થાવં નહિ. ને કોઈ સંગાથે પિતરાઈ દાવો બાંધવો**





**નહિ. ને પોતાના દોષને ટાળવા ને ધર્મ પાળવો તેમાં કોઈનો વાદ ન લેવો. ને અનુવૃત્તિમાં રહેવું ને ગરીબ થાવું.** ૯૮

અને જળજંતુ તો સર્વે કહેવાય પણ માછલાંને તો જળ છે તે જ જીવનપ્રાણ છે. ૯૯

અને શ્રીજી મહારાજે કહ્યું છે જે 'જેવો હું સત્સંગે કરીને વશ થાઉં છું તેવો તપ તથા દાન તથા તીર્થ તથા યજ્ઞ તથા અષ્ટાંગયોગ તેણે કરીને નથી થાતો.' એવો જે સત્સંગ તેતો મોટા સંતના સમાગમ થકી સમજાય છે તે હેતુ માટે મન, કર્મ તથા વચને કરીને તેનો સંગ કરવો. ૧૦૦

અને જેવો રાજા હોય તેવી જ તેની સભા હોય તેમ જેવું ગુરુમાં દૈવત હોય તેવું શિષ્યમાં દૈવત આવે છે. ૧૦૧

અને પોતે પોતાનું તળ તપાસ્યું ન હોય ને જો પોતાનું અપમાન થાય અથવા જેને ભજતા હોય તે જ પાડવાનું કરે તો સત્સંગ ન રહે. માટે તળ તપાસીને સત્સંગ કરવો તો સત્સંગ ન ટળે. તે ઉપર અમદાવાદના[1] બે ગરાસિયાનું દૃષ્ટાંત દીધું. ૧૦૨

અને વાણિયાને બે હજારના લીંટા તાણેલા ચોપડા હોય તેમાંથી એક બદામ આવે નહિ. તેમ વિષયમાંથી એક પૈસાનો માલ નથી નિસરતો. ૧૦૩

અને કેટલાક મુમુક્ષુ છે તેતો સત્સંગ કરીને દિવસે દિવસે સત્સંગનો અભાવ કરે છે ને કેટલાક તો તેનો આદર કરે છે. ૧૦૪

અને શ્રીજી મહારાજ કહેતા જે 'સત્સંગ તો સર્વે કરે છે પણ સૌ આધારે કરીને સુખી રહે છે, કોઈ માન મોટાઈને આધારે ને કોઈ સારાં ખાધાને આધારે ને કોઈ સારાં વસ્ત્રને આધારે ને કોઈ ચેલાને આધારે સુખી રહે છે. અને **જે હરિના**

૧. અમદાવાદમાં ખોડોજી તથા મોકોજી નામના બે ક્ષત્રિય હતા, તેઓ ખાખી સંપ્રદાયના આશ્રિત હતા. તેમણે જ્યારે સાંભળ્યું કે 'સ્વામિનારાયણ ભગવાન છે' ત્યારે તેમની પાસે આવીને તે ભગવાનના આશ્રિત થયા. પરંતુ તેમને માનનું અંગ હોવાથી તેમના ખાખી ગુરૂએ બોલાવીને સમજાવ્યા, ત્યારે પ્રત્યક્ષ ભગવાન સ્વામિનારાયણનો આશ્રય તજીને પાછા ખાખીના શિષ્ય બની ગયા. કારણ કે શ્રીહરિ તેમને અભિમાની જાણીને અતિ સન્માન કરતા ન હતા. માટે પોતાનું તળ તપાસી પાકો સત્સંગ કરવો.

**દાસ છે તેને તો ભગવાનની મૂર્તિ તે જ આધાર છે.** જેમ દુબળા વાણિયાનો[1] અજમે હાથ હોય તેમ તે ભગવાન વતે જ સુખી રહે છે.' ૧૦૫

અને આપણને શ્રીજી મહારાજ મંદિર અધુરાં રહેશે તેનો ઠબકો નહીં દીયે ને હવેલી અધુરી રહેશે તેનો ઠબકો નહીં દીયે ને રૂપિયાનો નહીં દીયે. આપણને તો જેટલો ધર્મ લોપાશે તેનો ઠબકો દેશે માટે **ધર્મમાં ખબડદાર રહેવું તો ભગવાન રાજી થાશે.** ૧૦૬

અને જે પુરુષે જેને વિષે પોતાનો સ્વાર્થ માન્યો હોય તેમાં લાખ દોષ હોય પણ તેને એકેય સુઝે નહીં ને પોતાનો પણ દોષ સુઝે નહીં જુઓને ઉપરિચરવસુને ન સુઝ્યો તેણે કરીને પડ્યો. ૧૦૭

અને મુમુક્ષુ હોય તેતો એમ જાણે જે **આપણે તો આજ્ઞામાં રહેવા આવ્યા છીએ પણ કોઈને આજ્ઞામાં રાખવા નથી આવ્યા ને નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી થાવા આવ્યા છીએ પણ તેને વધારવા નથી આવ્યા.** ૧૦૮

અને જેવો જીવને બીજો આદર છે તેવો જો ભગવાન ભજ્યાનો આદર હોય ને વિષયને ટાળવાનો આદર હોય તો વિષયનો શો ભાર છે ? ને **વિષયનું સુખ તો લાંપડાના તાપ જેવું છે.** માટે વિષયને માર્ગે ચાલવું નહીં એ સિદ્ધાંત વાત છે. ૧૦૯

અને જીવ માત્ર મોટેરા વતે સુખિયા ને મોટેરા વતે દુઃખિયા માટે **મોટેરાને વિષે એ ત્રણ વાનાં જોઈએ. તે ધર્મ, ધીરજ ને જ્ઞાન તે હોય તો શોભે.** ૧૧૦

અને જીવ માત્રને બે દુઃખ છે એક આધિ ને બીજું વ્યાધિ તેને જાણે. તથા બીજાં ત્રણ દુઃખ છે તે એક અન્ન, બીજું વસ્ત્ર ને ત્રીજું વચન તેને જાણીને વાત કરે તો સુખી રહે. ૧૧૧

---

૧. ગરીબ વાણિયાને સસ્તા ઔષધ તરીકે અજમો આધારરૂપ હોય છે. પેટમાં દુઃખે તો અજમો ને સંચળ, માથું દુઃખે તો અજમાનો લેપ, શરદી થઈ હોય તો અજમાની પોટલી, તાવ આવ્યો હોય તો અજમાની ફાકી; વગેરે રીતે ગરીબ વાણિયો અજમાને ઔષધ તરીકે વાપરે છે.





અને એક સમે શ્રીજી મહારાજ બોલ્યા જે 'તમને ભૂત વળગે છે કે નથી વળગતું ?' ત્યારે કોઈ ન બોલ્યા ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે 'અમને ત્રણ્યને ન વળગે ને બીજાને ક્રોધરૂપી ભૂત વળગે છે, માનરૂપી ભૂત વળગે છે, લોભરૂપી ભૂત વળગે છે, સ્વાદરૂપી ભૂત વળગે છે ને કામરુપી ભૂત વળગે છે.' ૧૧૨

સિધું, પાણી ને ઈંધણાં એ ત્રણ્ય જો સારાં હોય તો રાંધનારને દાખડો પડે નહિ. તેમ **સંગ, સ્થાન ને શ્રદ્ધા એ ત્રણ્ય જો સારાં હોય તો મુમુક્ષુને વિષય જીત્યામાં દાખડો ન પડે.** દિનદિન પ્રત્યે વૃદ્ધિને પામે, તે વેલો જેમ ઝાડને જોગે વધે છે તેમ. ૧૧૩

જે પુરુષ વિષયનો પ્રસંગ રાખીને પોતાનું શ્રેય ઈચ્છે છે તે મૂર્ખ છે. અને જે મુમુક્ષુ હોય તેતો નિત્યે પોતાનાં વર્તમાન તપાસીને જુવે ને પોતાના શત્રુને તપાસે અને તે શત્રુને વશ ન વરતે. ૧૧૪

અને શ્રીજી મહારાજે કહ્યું જે 'ત્રણ્ય પ્રકારનો વાયુ વાય છે તેમાં તમારે કયો વાયુ વાય છે ?' એક તો એવો વાયુ જે પાનડાં ખરે ને એક તો ડાળાં ભાંગે ને એક તો ઝાડને મૂળમાંથી ઉખેડી નાખે. એતો દૃષ્ટાંત છે. તેમ એક તો સંકલ્પ થાય ને ટળી જાય ને એક તો પંચ વર્તમાનમાં ફેર પડે તેનું પ્રાયશ્ચિત્ત કરીને સત્સંગમાં રહે ને એક તો સત્સંગમાંથી જાતું રહેવાય. ૧૧૫

અને માબાપ થકી જે દેહ પમાય છે તેતો અજ્ઞાનમય છે ને ગુરુ થકી જે દેહ પમાય છે તેતો જ્ઞાનમય દેહ છે. ને મોક્ષનો હેતુ છે ને જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિને પમાડનારો છે. ૧૧૬

અને **જે ત્યાગી હોય તેણે વિષયમાં રુચિ ન રાખવી. રુચિ તો ધર્મમાં રાખવી, વૈરાગ્યમાં રાખવી ને તપમાં રાખવી.** પણ પદાર્થને વાસ્તે યુક્તિ, કળા કરવી નહીં. ૧૧૭

અને જીવમાત્ર પાંચ વૃત્તિએ કરીને દેહની ક્રિયા કરે છે પણ એક વૃત્તિ જો ભગવાનમાં રાખે તો બહુ સમાસ થાય. ૧૧૮

અને પૂછ્યું જે 'વાતું સાંભળીને આવો વિચાર રાત દિવસ કરીએ છીએ

પણ વાસના ટળતી નથી એનું શું કારણ છે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે એ વાસના ટાળ્યાનો ઉપાય આજ ખરેખરો કહીએ છીએ જે તે વિષયના અભાવનો વિચાર કરે છે તે દેહમાં તથા ઈંદ્રિયુંમાં કરે છે પણ વિષયના દોષની શેડને જીવમાં ઉતારીને એ દોષનો પાશ બેસાર્યો નથી. માટે તે વિચાર એમ કરવો જે પ્રથમ તો કામમાં દોષ છે તેને વિચારતા વિચારતા તે દોષને દેહમાં ઉતારવા, પછી તે દોષને ઈંદ્રિયુંમાં ઉતારવા, પછી તે દોષને ઈંદ્રિયું થકી પર જે મન તેમાં ઉતારવા, પછી મન થકી પર જે બુદ્ધિ તેમાં એ દોષને ઉતારવા ને પછી બુદ્ધિ થકી પર જે જીવ તેમાં એ દોષના ડંખ વારંવાર લગાડવા; તે જ્યાં સુધી જાગૃત, સ્વપ્ન ને સુષુપ્તિને વિષે નિરંતર એ દોષ જાણપણામાં રહે. તેવી રીતે લોભના દોષ છે તેને પણ પૂર્વે કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને જીવમાં ઉતારવા તે નિરંતર જાણપણામાં રહે, તથા સ્વાદના, સ્નેહના ને માનના દોષને પણ એ પ્રમાણે અનુક્રમે કરીને જીવમાં ઉતારવા. તેમજ મત્સર, ઈર્ષા અને ક્રોધાદિક જે અધર્મનો સર્ગ છે તેમાં જેજે દોષ રહ્યા છે તેને જેમ છે તેમ યથાર્થ જાણીને તેને પણ પૂર્વે કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને જીવમાં ઉતારવા ને વારંવાર અનુલોમ દૃષ્ટિ કરીને તે દોષનો વિચાર દૃઢ કરવો. પછી પ્રતિલોમ દૃષ્ટિએ કરીને તે દોષને જીવમાં ઉતારવા. તે એમ નિરંતર કર્યા કરવું જેથી એવી દોષ દૃષ્ટિ જીવના જાણપણામાં ત્રણેય અવસ્થાને વિષે નિરંતર રહે, પણ તેની ક્યારેય વિસ્મૃતિ થાય નહિ. ને જ્યારે એ વિચાર જીવમાં ઠરે ત્યારે જીવમાં જે રાગ રહ્યા છે તે ધીરે ધીરે ટળે. ને એમ દોષને જીવમાં ઉતાર્યા વિના બીજા કોટી સાધને કરીને પણ જીવમાંથી એ રાગ ટળે નહીં. ૧૧૯

અને ભગવાનનો નિશ્ચય પણ એમ કરવો જે મહારાજ પ્રથમ આવ્યા ત્યારે સ્ત્રીનો ગંધ આવે તો ઉલટી થઈ જાતી. ને પંચ વિષયનો ગંધ જ ન ગમતો. પછી આપણા કલ્યાણને અર્થે જે જે ખાનપાન, વસ્ત્ર, ઘરેણાં આદિક સેવા કરી તેને અંગીકાર કર્યું. ને પાછા જ્યારે સ્વધામમાં જાવાના થયા ત્યારે પૂર્વે કહ્યું તેવી રીતે વિષયનો અભાવ કરીને સ્વધામમાં પધાર્યા. ને વચમાં જે સેવા અંગીકાર કરી તેતો આપણા કલ્યાણને અર્થે કરી તે વિચારવું. ને મહારાજે





જે પરચા જણાવ્યા તે વિચારવા. તથા મહારાજનો જે અલૌકિક મહિમા તે વિચારવો. તથા મહારાજ અંતકાળે પાત્રકુપાત્રને તેડીને પોતાના ધામમાં લઈ જાય છે તે તથા અવતાર અવતારીનાં જે લક્ષણ છે તે વિચારીને તથા મહારાજનાં જે અલૌકિક ઐશ્વર્ય તેને જોઈ તપાસ કરીને પછી મહારાજને સર્વ અવતારના અવતારી જાણવા. ને એ આદિક જે મહારાજનો મહિમા તેનો દૃઢ વિચાર કરીને તે વિચારને અનુક્રમે કરીને ઈંદ્રિયુંમાં, મનમાં, બુદ્ધિમાં અને જીવમાં ઉતારવો. ને પછી એ મહિમાને પ્રતિલોમ દૃષ્ટિએ કરીને જીવમાં રહેલું જે જાણપણું તેમાં ઉતારવો. ને એવી રીતે મહિમાને જીવમાં ઉતારીને નિશ્ચય કર્યો હોય તો એ નિશ્ચય કોઈ રીતે ન ટળે. માટે આ વિચાર નિત્યે કરવો. ૧૨૦

અને બે પ્રકારનું સત્ય જાણવું તેમાં એક તો એમ જે આ લોકમાં પોતાનું ને પારકું હિત થાય એવું સત્ય વચન બોલવું તેને લૌકિક સત્ય કહીએ. ને બીજું સત્ય જે આ લોક તથા દેવલોક તથા બ્રહ્મલોક તથા અનંતકોટિ બ્રહ્માંડ તથા અનંતકોટિ પ્રધાન પુરુષ એ સર્વેને નાશવંત જાણવાં કેમ જે એ સર્વેને કાળ નાશ કરી નાખે છે.અને પછી મૂળ પ્રકૃતિ પણ પુરુષને વિષે લીન થઈ જાય છે અને પુરુષ પણ અક્ષરને વિષે લીન થઈ જાય છે. એવી રીતે એ સર્વને નાશવંત જાણીને એ પ્રકૃતિના કાર્યને વિષે પ્રીતિ છે તે તોડીને ભગવાન સદા અક્ષરધામને વિષે બિરાજમાન છે તેને સત્ય જાણવા, તથા તે ભગવાનના ધામને સત્ય જાણવું, તથા ભગવાનના ભક્તને સત્ય જાણવા. એવી રીતે જે જાણવું તેને અલૌકિક સત્ય કહેવાય. ૧૨૧

અને શૌચ ત્રણ પ્રકારનું છે. તેમાં એક તો દેહે કરીને પવિત્ર રહેવું તથા અંતઃકરણમાં કામ, ક્રોધાદિકનો ઘાટ થાવા ન દેવો એ અંતઃકરણની શુદ્ધિ કહેવાય. અને **જીવમાં અવ્યક્ત રાગ છે તેને ટાળીને એક ભગવાન વિના બીજી કોઈ જાતની ઇચ્છા ન રહે ત્યારે જીવની શુદ્ધિ થઈ કહેવાય.** ૧૨૨

અને બે પ્રકારની દયા જાણવી. તેમાં એક તો એવી દયા કરે જે આ લોકમાં દેહે કરીને સુખીયો રહે પણ એ દયાયે કરીને તો જીવનો પરલોક બગડે ને એને બંધન થાય તે લૌકિક દયા કહેવાય. ને બીજી એવી દયા કરે જે દેહ

તથા દેહ સંબંધી પદાર્થને વિષે તથા દેહનાં સંબંધીને વિષે તથા આ લોકથી આરંભીને પ્રકૃતિ પર્યંત ક્યાંય પણ પ્રીતિ ન રહેવા દીયે ને એ સર્વેને વિષેથી પ્રીતિ તોડીને એક ભગવાનને વિષે પ્રીતિ કરવી ને પછી તે પ્રીતિને ભગવાનના સ્વરૂપને વિષે જોડે. તે એવી દયા તો ભગવાન તથા એકાંતિક મોટા સાધુને વિષે હોય ને તે અલૌકિક દયા કહેવાય. ૧૨૩

અને બે પ્રકારનું તપ જાણવું. તેમાં એક તો એમ જે જુવાન અવસ્થા જેને હોય તેણે વ્રત ઉપવાસાદિકે કરીને દેહને બળહીન કરી નાખવું ને શરીરમાં બળ ન હોય ત્યારે તો વિહિત ભોગનો સંકોચ કરવો તથા શીતઉષ્ણાદિકનું સહન કરવું તેને પણ તપ કહીએ. અને બીજું ઈંદ્રિયું તથા મન આદિક અંતઃકરણ એ સર્વેને એકાગ્ર કરીને ભગવાનને વિષે અખંડ વૃત્તિ રાખવી તેને પણ તપ કહીએ અને તે ઉત્કૃષ્ટ તપ કહેવાય. ૧૨૪

અને અહંમમત્વ પણ બે પ્રકારનો છે, એક દેહનો ને બીજો ભગવાનના મંદિર સંબંધી તથા એકાંતિક ધર્મ પાળવા સંબંધી તે. તેમાં દેહનો મમત્વ તો ભૂંડું કરે એવો છે ને ભગવાન સંબંધી જે મમત્વ છે તે તો પોતાનો મોક્ષ કરે એવો છે. ૧૨૫

અને ધર્મ પણ બે પ્રકારનો છે તે જાણવો. તેમાં એક લૌકિક જે વર્ણાશ્રમનો ધર્મ પાળવો તે. અને તે ધર્મથી આ લોકમાંજ વિખ્યાતિ થાય તથા પરલોકમાં વિષયને પમાડે અને એકાંતિક ધર્મે કરીને તો ભગવાનના અક્ષરધામને પામે છે. ૧૨૬

અને ભગવાનનું ધ્યાન કરવું તેના ત્રણ ભેદ છે. તેમાં બહાર લીલાનું ચિંતવન કરીને ભગવાનનું ધ્યાન કરે તેણે કરીને સ્થૂળ દેહને ધક્કો લગાડે. અને મનન દ્વારા ભગવાનનું ધ્યાન કરે તેણે કરીને સૂક્ષ્મ અને સ્થૂળ એ બેયને ધક્કો લગાડે. અને ઈંદ્રિયું અંતઃકરણ તથા માયિકભાવે રહિત કેવળ સત્તારૂપ થઈને પોતાને અક્ષરરૂપ માનીને હૃદયમાં ભગવાનને પ્રતિલોમ વૃત્તિયે સન્મુખ રહીને ધ્યાન કરે તો એ ભક્તને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણનો ભાવ ટળી જાય છે ને કારણ શરીરે સહિત ત્રણ દેહનો નાશ થઈ જાય છે. એ શ્રેષ્ઠ ધ્યાન છે. ૧૨૭

અને ભગવાનના ભજનમાં ત્રણ ભેદ છે. તેમાં એક તો એમ જે જીહ્વાએ





કરીને ભજન કરે તે સ્થૂળ દેહને બાળે. અને કંઠમાં ભજન કરે તે સૂક્ષ્મ તથા સ્થૂળ એ બેયને બાળે. અને જીહ્વા તથા કંઠને ન હલવા દીયે ને હૃદયને વિષે શ્વાસ ઉઠે છે ત્યાં ભજન કરવું તે કેવું છે ? તો કારણ શરીરે સહિત ત્રણ દેહનો નાશ કરે એવું છે. માટે બુદ્ધિવાન હોય તે આ વાતને વિચારીને ભજન કરે તો તત્કાળ થોડે કાળે કરીને કારણ શરીરનો નાશ થાય ને તે વિના કોટિ ઉપાય કરે તોપણ કારણ શરીર ન ગળે. ૧૨૮

અને ત્રણ પ્રકારનું બ્રહ્મચર્ય છે. તેમાં (૧) ઉત્તમ બ્રહ્મચર્ય તો એને કહીએ જે ત્રણે અવસ્થામાં બાળ, જોબન ને વૃદ્ધ એ ત્રણે પ્રકારની સ્ત્રીયુંને દેખે પણ **રાગ તથા ભોગબુદ્ધિ તો ક્યારેય પણ ન થાય તથા સ્વપ્નમાં પણ વીર્યપાત ન થાય એવો જે હોય તે ઉત્તમ બ્રહ્મચર્યવાળો પુરુષ કહેવાય.** અને (૨) મધ્યમ બ્રહ્મચર્ય એમ જે ત્રણે અવસ્થામાં એ ત્રણ પ્રકારની સ્ત્રીયુંને દેખે ત્યારે રાગ તથા ભોગબુદ્ધિ તો ક્યારેય પણ ન થાય પણ ક્યારેક રજોગુણને યોગે કરીને સ્વપ્નને વિષે જુવાન સ્ત્રીને દેખે તો કોઈક સમે મનમાં રાગ થાય અને વીર્યપાત તો તેને પણ ત્રણે અવસ્થામાં ન થાય એવો જે હોય તે **મધ્યમ બ્રહ્મચર્યવાળો** પુરુષ કહેવાય. ને (૩) કનિષ્ઠ બ્રહ્મચર્યવાળો એને કહીએ જે જાગૃતમાં તો એ ત્રણેય પ્રકારની સ્ત્રીયુંને દેખે પણ રાગ ન થાય પણ સ્વપ્નમાં એ ત્રણે પ્રકારની સ્ત્રીયુંને દેખીને રાગ થાય ને કોઈક સમે વીર્યપાત પણ થાય તે **કનિષ્ઠ બ્રહ્મચર્યવાળો** કહેવાય. એવી રીતે આ વાતને વિચારીને પોતાને ઉત્તમ બ્રહ્મચર્યમાં કાંઈ કસર હોય તો ધીરેધીરે આગ્રહ કરીને ઉત્તમ બ્રહ્મચર્યવ્રત અતિ દૃઢ કરવું તો જ પુરુષોત્તમ ભગવાનની સેવામાં રહેવાય ને તેમાં કાંઈ કસર હોય તો સેવામાં ન રહેવાય. ૧૨૯

અને હઠયોગ વિના ઉત્તમ બ્રહ્મચર્ય આવવું ઘણું કઠણ છે તો પણ આ કહીએ એવો ઉપાય અતિ દૃઢ કરીને પાળે તો ધીરે ધીરે તે સિદ્ધ થાય. તેવું સાધન હવે કહીએ છીએ જે એક તો મનમાં અખંડ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી ને મનમાં સ્ત્રીઓનો તો સંકલ્પ ન થાવા દેવો. ને જો મનમાં સ્ત્રીયોનો સંકલ્પ થાય તો વીર્ય પાણી થઈને પરસેવા દ્વારે પણ નીકળી જાય. અને ધર્મામૃતમાં જે નિયમ

કીધા છે તે દૃઢ પાળવા તથા ભગવાનનો મહિમા અતિ દૃઢ જાણવો. તથા આત્મનિષ્ઠા અતિ પરિપક્વ કરવી તથા ઈંદ્રિયું અંતઃકરણ જીતીને પોતાને વશ કરીને તે થકી અતિ વિરક્ત વરતવું. તથા જેમ પટાનો રમનારો કોઈના લાગમાં નથી આવતો તેમ તે પણ ઈંદ્રિયું અંતઃકરણના પેચમાં ન આવે આવી રીતની યોગરીતિને શીખે. તથા દિવસે સૂવું નહિ અને અરધી રાત ગયા પછી સૂવું. તેમાં પણ હરણની પેઠે ફડકો રાખે ને એક નિદ્રા આવ્યા પછી જ્યારે જગાય ત્યાર પછી ફરીને સૂવું નહીં તથા એક ઠેકાણે બેસવું ને બેસવું ત્યારે આસન વાળીને બેસવું ને પ્રયોજન વિના જ્યાં ત્યાં ફરવું નહીં તથા રસના ઈંદ્રિયને જીતવી તેની વિગતિ જે આહાર કરવો તેમાં ખાવું ત્યારે ત્રીજા ભાગનો પાણીનો માગ રાખવો તે પણ એક વખત ખાવું ને કાચું કોરું કાંઈ ખાવું નહીં તથા અતિ મરચું, મીઠું કે આદું ખાવું નહિ. અને અતિ ખટાશ ખાવી નહીં તથા અતિ ગળ્યું ચીકણું ખાવું નહિ, તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ને ગંધ તે સર્વે કામની ઉત્પત્તિનાં કારણ છે તે માટે એ સર્વે નિયમ અતિશે દૃઢ કરીને રાખવા ને ઈંદ્રિયોને વશ કરીને મનને વશ કરવું ને પછી એ સર્વેનો નિષેધ કરીને કેવળ સત્તારૂપ થઈને પોતાને વિષે ભગવાનની મૂર્તિ ધારે તો ઉત્તમ બ્રહ્મચર્ય સિદ્ધ થાય ને ત્યારે જ ભગવાનની સેવામાં રહેવાય ને તેમાં કાંઈ કાચ્યપ હોય તો પુરુષોત્તમની સેવામાં ન રહેવાય માટે મુમુક્ષુ હોય તેણે આ વાતને વિચારીને પોતાને વિષે કાચ્યપ હોય તેને ટાળીને ઉત્તમ બ્રહ્મચર્યવ્રત સિદ્ધ કરવું. ને આ વાતને આજ કરો તથા દેહ મુક્યા પછી બદરિકાશ્રમમાં જઈને કરો પણ તે **ઉત્તમ બ્રહ્મચર્ય સિદ્ધ કર્યા વિના છૂટકો જ નથી.** માટે આ વાતને અતિ દૃઢ કરીને રાખજો ને **આ વાત તો ચિંતામણિ તુલ્ય છે** તેને રાખે તો પુરુષોત્તમની સાથે નિમેષમાત્ર પણ છેટું રહે નહિ **ને આ વાત મુમુક્ષુને પરમ અર્થ રૂપ છે** ને જે અધીરિયા હોય તેને તો આ વાત વિષ જેવી છે કેમકે તેને તો એ માર્ગે ચાલવું જ નથી. માટે મુમુક્ષુના કામની આ વાત છે. ૧૩૦

**ઇતિશ્રી સહજાનંદ સ્વામિ શિષ્યાગ્રગણ્ય સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તેમણે શ્રીપુરુષોત્તમ ભગવાનના સર્વોત્કર્ષ નિશ્ચયની વાત કહી એ નામે બીજું પ્રકરણ સમાપ્ત થયું.**

• • •



ૐ

॥ श्री हरिकृष्णाय नमो नमः ॥

## પ્રકરણ ત્રીજું

## ભગવાન તથા ભક્તને ઓળખવાની રીત

શ્રીપુરુષોત્તમ ભગવાન જ્યારે દયા કરીને જીવોના કલ્યાણ કરવાને અર્થે અક્ષરધામમાંથી મુક્તે સહિત પૃથ્વી ઉપર પધારે છે ત્યારે તે સર્વે મનુષ્ય દેહે હોય તેને કેવી બુદ્ધિએ કરીને ઓળખવા જે આ પુરુષોત્તમ છે ને આ મુક્ત છે'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેમ ગોપીચંદન[1] અને ખડીમાં[2] ભેદ છે તથા જેમ શિંગડિયો વછનાગ[3] અને સોમલખારમાં ભેદ છે, તથા જેમ ચંદન અને મલિયાગરમાં ભેદ છે તથા જેમ કપુર અને કસ્તુરીમાં ભેદ છે. તે મલિયાગર[4] ચંદન લગારેક શરીરે ચરચે ત્યારે તત્કાળ ટાઢક થાય તેવી બીજે ચંદને ન થાય ને કસ્તુરી જો લગારેક સૂંઘે તો તત્કાળ શરીરમાં ગરમી થાય તેવી કપુરે ન થાય. તેમ મુક્તમાં ને પુરુષોત્તમમાં ભેદ છે તે ભક્તમાં **જે બુદ્ધિવાળો હોય તે જાણે જે આ મુક્ત છે ને આ પુરુષોત્તમ છે.** ને હવે તેને જાણવાની રીત કહીએ છીએ જે પુરુષોત્તમ આંહી પધાર્યા હોય ત્યારે તે મનુષ્ય જેવા જણાય પણ સહેજે જ એવો પોતાની મૂર્તિમાં ચમત્કાર હોય જે પોતાને દર્શને કરીને, સ્પર્શે કરીને તથા દૃષ્ટિએ કરીને હજારો જીવને તત્કાળ માયા થકી મુકાવીને બ્રહ્મમહોલમાં પહોંચાડે તથા સર્વે અવતાર પોતાની મૂર્તિને વિષે લીન થાય પણ પોતાની મૂર્તિ કોઈ અવતારને વિષે લીન ન થાય. તથા પોતાની મૂર્તિને વિષે સહેજે મનુષ્યના મનની વૃત્તિયું તણાઈ જાય તથા પોતે આવી રીતે સાધુને વર્તાવ્યા તથા સાધુ, સત્સંગી, સાંખ્યયોગી અને કર્મયોગીના ધર્મ કહ્યા

---

૧. તિલક કરવામાં વપરાતી પીળી માટી, દ્વારકા પાસેની ગોપી તળાવડીની માટી.
૨. ખડી =માટી.
૩. શિંગડીયો વછનાગ = શિંગ (બી વાળી પાપડી) વાળું ઝેરી ઝાડ.
૪. મલયાગર = મલય નામના પર્વત ઉપર થતું ચંદન.

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ.

તે ધર્મામૃત, શિક્ષાપત્રી ને નિષ્કામશુદ્ધિમાં તથા સત્સંગીજીવનમાં લખ્યા છે. તથા તેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભગવાનના માહાત્મ્યજ્ઞાને સહિત જે ભક્તિ તેને ઉપજ્યાના હેતુ પણ લખ્યા છે તે સર્વેને પૂર્વાપર વિચારે તથા તેમના રચાવેલા ગ્રંથ છે તેને જ્યારે વિચારે ત્યારે જે બુદ્ધિવાળો હોય તેને એમ જણાય જે આવી રીતનો જે ધર્મ તથા શાસ્ત્ર તેમાં બીજા અવતાર કરતાં કરોડ ગણો ફેર છે. અને તે વાતને વિચારીને એમ જણાય જે **સર્વે અવતારના અવતારી મહારાજ છે.** એમ જે બુદ્ધિવાળો હોય તે અવતાર અવતારીને કળે તથા તે અવતારી જે પુરુષોત્તમ અને બીજા અવતાર તેમાં જેમ પારસમણિ અને ચિંતામણિમાં ફેર છે તેમ ફેર છે. તે અવતારમાં એટલું બળ હોય જે પોતાની મૂર્તિના સંબંધને પામે તેનું કલ્યાણ કરે અને તે સામર્થ્ય તો મોટા મોટા અવતારમાં જ હોય ને જે સાધારણ અવતાર હોય તેતો પોતે જેમ કહે તેમ કરે તેનું જ કલ્યાણ કરી શકે. ને પુરુષોત્તમ જ્યારે આંહી પધાર્યા હોય ત્યારે તો જે પોતાના સંબંધને પામ્યા હોય તે સર્વેનો મોક્ષ કરે તથા પોતાના સાધુ દ્વારે ને સત્સંગી દ્વારે પણ બીજા અવતારના જેવું કલ્યાણ કરે ને તે ભક્ત જ્યારે દેહ મેલે ત્યારે બીજા અવતારના જે મળેલા હોય તેમાં પણ જે એકાંતિક હોય તે જેવો તો તે પણ થાય ને જે પુરુષોત્તમના ખરેખરા ભક્ત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિએ યુક્ત હોય તે તો લિંગ દેહે સહિત ત્રણ દેહનો ત્યાગ કરીને અક્ષરના સાધર્મ્યપણાને પામીને અખંડ ભગવાનની સેવામાં રહે છે. ૧

અને પુરુષોત્તમ ભગવાન પોતે મળ્યા પછી પણ મુક્તમાં ભેદ કેમ રહે છે ? તો તેનું કારણ એ છે જે **જેને જેવા જ્ઞાનવાળો વક્તા મળે છે તે તેવા જ્ઞાનને પામે છે.** અને જેને ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળ્યો હોય ને તે થકી જે જ્ઞાનને પામ્યા હોય તેને આવી રીતે જે પુરુષોત્તમ ભગવાનના સ્વરુપને યથાર્થ જાણ્યામાં ફેર રહે છે તેનું કારણ એ છે જે તેના પૂર્વ જન્મનાં બીજબળમાં ઉત્તમ, મધ્યમ, કે કનિષ્ઠ એવો ભેદ છે. માટે જે મંદ બીજવાળો હોય તે બીજા અવતારને પુરુષોત્તમ જાણે ને મધ્યમ બીજબળ જેને હોય તે અવતાર અવતારીને જાણે તો ખરો પણ યથાર્થ જેમ છે તેમ ન જણાય, કિંચિત ફેર રહે. ને ઉત્તમ





બીજબળ જેને હોય તેતો ઉત્કૃષ્ટ વક્તાને પામીને જેવા પુરુષોત્તમ છે તેવા જાણે માટે ઉત્કૃષ્ટ જ્ઞાન જેને હોય એવા જે મોટા એકાંતિક સાધુ તેનો જેને સંગ છે તેને જે ફેર રહે છે તેને બીજબળમાં ફેર છે એમ જાણવું. ૨

અને આળસ, પ્રમાદ, મોહ, ઈર્ષા, દંભ ને કપટ, એટલાં જે એ દોષ તેનાં લક્ષણ તથા તેમને જીતવાના ઉપાય કહીએ છીએ જે જેને સારું કે નરસું કાંઈ કરવું નહિ એવું વરતે તેને આળસ કહીએ. ને જેને ન કરવાનું કરવું ને કરવાનું ન કરવું એવું વર્તે તેને પ્રમાદ કહીએ. ને જેને બીજુ હોય ને બીજું (વિપરીત) જણાય એમ વર્તતું હોય તેને મોહ કહીએ, ને એ ત્રણેય દોષ એક એકમાં મળી જાય એવા છે, તે ત્રણ દોષ તો ત્યારે ટળે જે ધર્મ જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેણે જુક્ત હોય ને એ દોષ જેવા છે તેવા તેને જાણતા હોય તથા તેને ટાળ્યાના ઉપાયને પણ યથાર્થ જાણતા હોય એવા જે મોટા સંત હોય તેને એમ કહેવું જે 'એ પૂર્વે કહ્યા એવા જે દોષ તે મારામાં આવે ત્યારે તમારે મુને ટોકવો.' પછી તે **મોટા સંત સ્વભાવ ઉપર ખટકો રાખીને નિરંતર ટોકે ત્યારે તેને ખમે ત્યારે ધીરે ધીરે કાળે કરીને એ સ્વભાવ ટળે પણ તે વિના ન ટળે.** અને ઈર્ષાને એમ ઓળખવી જે પોતાના બરોબરીયાની ઉત્કૃષ્ટતા જણાય ત્યારે તેના ઉપર ઈર્ષા આવે ત્યારે તેનો એમ વિચાર કરવો જે 'મારે એના ઉપર ઈર્ષા આવી તે એનામાં દોષ છે ને આવી કે નથી ને આવી ?' પછી એનો નિર્ધાર કરીને વિચાર કરવો જે 'એનામાં દોષ નથી ને મુને એનો અવગુણ આવ્યો માટે મારો ઈર્ષાવાળો સ્વભાવ છે.' પછી તે ઈર્ષાને એમ ટાળવી જે એનામાં જે ગુણ હોય તેને વિચારવા જે આવી રીતે તેનામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્યે સહિત ભક્તિ તથા દેશકાળે ન ડગે એવો ભગવાનનો નિશ્ચય છે તથા સત્સંગને વિષે આત્મબુદ્ધિ દૃઢ છે તથા દેશકાળે કરીને સત્સંગમાંથી એનો પગ પાછો પડે એવો નથી ઈત્યાદિક જે એનામાં મોટા મોટા ગુણ પર્વતપ્રાય છે ને મારામાં એ ગુણ છે ખરા પણ દેશકાળે કરીને એનો ઠા રહે એમ જણાતું નથી ને મુને એમના ઉપર ઈર્ષા આવે છે એ મારામાં અતિ ભૂંડો દોષ છે ને મારું પરલોકમાં અતિ ભૂંડું કરે એવો છે એમ જાણીને

પછી તેના ગુણને વિચારીને તેનો વારંવાર ગુણ લેવો. ને જો તેને મોઢે દીનવચન બોલીને પ્રાર્થના થાય તો તેને પગે લાગીને તેની આગળ પ્રાર્થના કરીને કહેવું જે 'મને ઈર્ષાએ કરીને તમારો અવગુણ આવ્યો છે માટે મારો અપરાધ ક્ષમા કરજો' ને એને મોઢે ન કહેવાય તો મનમાં તેની પ્રાર્થના વારંવાર કરવી ને પછી ભગવાનની પ્રાર્થના કરવી જે 'હે મહારાજ ! મારામાં ઈર્ષ્યા રહી છે તેને તમે ટાળો' એમ વારંવાર ભગવાનની પ્રાર્થના કરવી ને એમ વિચાર કરવો જે 'એ ઈર્ષ્યા જો મારામાં રહેશે. તો તેણે કરીને મારે પરલોકને વિષે પ્રાપ્તિમાં બહુ ફેર રહેશે ને ભગવાન મારા ઉપર રાજી નહિ થાય.' એમ મનમાં નિરંતર ખટકો રહે ને તે ઈર્ષ્યા ન ટળે ત્યાં સુધી મનમાં પશ્ચાતાપ કર્યા કરે તો ધીરે ધીરે ઈર્ષ્યા ટળે ને દંભને એમ ઓળખીને ટાળવો જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તથા ત્યાગ તથા ધ્યાન તથા ભગવાનના સ્વરુપનું નિરૂપણ કરવું તથા માહાત્મ્ય કહેવું એ આદિક જે જે કરે તે લોકને દેખાડ્યાને અર્થે ઉપરથી રાખે પણ કોઈ ન દેખે ત્યારે નજરમાં આવે તેમ કરે એવું જ્યારે જણાય ત્યારે એમ જાણવું જે મારામાં દંભ છે. પછી તેને એમ ટાળવો જે 'હું જે સાધન કરું છું તે ઉપરથી દંભે કરીને લોકને દેખાડ્યાને અર્થે કરું છું તે મારામાં અતિ મોટો દોષ છે' એમ જાણીને પછી એમ વિચાર કરવો જે 'આ લોકની જે મોટપ તે કેટલા દિવસ રહેશે ? એતો નહિ જ રહે, ને ભગવાન મારા હૃદયમાં રહ્યા થકા મારા જે ગુણ તથા અવગુણ તેને નિરંતર જોઈ રહ્યા છે તે માટે મારામાં જો લગારેક પણ દંભ રહેશે તો તેથી મારું પરલોકમાં બહુજ ભૂંડું થાશે.' એમ જાણીને નિરંતર મનમાં ખટકો રાખે ને તેને ટાળ્યાના ઉપાયમાં શૂરવીરની પેઠે તત્પર રહે ને જે નિરદંભી મોટા એકાંતિક સાધુ હોય તેની નિરદંભપણે અનુવૃત્તિયે સહિત મન, કર્મ, વચને કરીને સેવા કરે ત્યારે ટળે. અને **જે કપટી હોય તે તો ઉપરથી દેખાડ્યાને અર્થે ધર્માદિકને પાળે ને કોઈ ન દેખે તો ન પાળે એવો જે હોય તેને કપટી જાણવો.** તે કપટને ટાળવા સારુ એમ વિચાર કરવો જે 'મારામાં કપટ છે માટે એ કપટે કરીને મારો જીવ આસુરી થઈ જાશે.' એમ વિચારીને પછી તેને ટાળ્યાને અર્થે મનમાં નિરંતર





અનુતાપ રહ્યા કરે ને તે કપટ ન ટળે ત્યાં સુધી જેમ જળ વિના મચ્છ તરફડે તેમ તેને રાત્રી દિવસ નિદ્રા ન આવે તથા શિત, ઉષ્ણ, ભૂખ, તરસની પણ ખબર ન રહે. પછી જે મોટા એકાંતિક સંત હોય તેને એ દોષ કહે જે 'હે મહારાજ ! મારામાં આ દોષ છે તે ટળે એવો ઉપાય મને દયા કરીને બતાવો ને એ દોષ મારામાંથી ટળે ત્યાં સુધી દયા કરીને મને કઠણ વચનના ડંખ મારીને મારો એ દોષ ટાળી નાખો.' એમ કરે તો ધીરે ધીરે એ દોષ કાળે કરીને ટળી જાય. ૩

અને સંતે પૂછ્યું જે 'પોતામાં જે દોષ હોય તેને ટાળ્યાની યુક્તિ જાણતો હોય પણ તે દોષ તેમના તેમ રહે છે ને તેનો ત્યાગ કરીને સવળે માર્ગે વર્તાતું નથી તેનો શો હેતુ છે ? એક તો એ ને બીજું મોટા સંતને યથાર્થ જાણતો હોય પણ કોઈકની વાત સાંભળીને સામો તેનો અવગુણ લે છે તે એને જાણ્યામાં ફેર છે કે નિશ્ચયમાં ફેર છે ? ત્યારે સ્વામીએ તેનો ઉત્તર કર્યો જે નિશ્ચયમાં તો કિંચિત્ ફેર હોય ને બહુધા તો એમ જણાય છે જે એની બુદ્ધિમાં સ્થિરતા નથી તેથી એની બુદ્ધિમાં કાર્ય અકાર્યનો વિવેક નથી રહેતો ને જ્યારે જાણપણામાં કાર્ય અકાર્યનો વિવેક ન રહે ત્યારે ન કરવાની ક્રિયા કરે અને કરવાની ન કરે. અને તે બુદ્ધિ સ્થિર ક્યારે થાય ? તો જ્યારે રજ, તમને ટાળીને શુદ્ધ સત્વગુણને વધારે ત્યારે થાય. ને તે સત્વગુણની વૃદ્ધિ ક્યારે થાય ? તો જ્યારે રજોગુણી ને તમોગુણી આહારનો ત્યાગ કરીને સત્વગુણની વૃદ્ધિ કરે એવો આહાર કરે, તેની વિક્તિ જે જેમ ધર્મામૃતમાં આહારને નિયમે કરીને રસનાને જીતવાની યુક્તિ કહી છે તેમ રસનાને જીતવી તથા ગુણ વિભાગમાં સાત્ત્વિક પુરુષને સત્વગુણી આહાર કહેલ છે તેમ આહાર કરે તથા સાત્ત્વિક શાસ્ત્રને ભણે તથા સાંભળે તથા સાત્ત્વિક પુરુષનો સંગ કરે ને નાના છોકરાંથી તો જેમ સ્ત્રીથી બીયે છે તેમ બીયે ને વળી કાર્ય અકાર્યનો એમ વિવેક શિખે જે ''આ ક્રિયા કરીશ તો કાર્ય થાશે ને આ ક્રિયા કરીશ તો અકાર્ય થાશે' એવી રીતે જે જે ક્રિયા કરે તે વિચારીને કરે તથા ભય અભયને જાણે જે 'આ ક્રિયા કરીશ તો ભય થાશે ને આ ક્રિયા કરીશ તો અભય થાશે' માટે તે વિચારીને કરે તથા બંધ

મોક્ષને જાણે જે 'આવી રીતે **ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ ક્રિયા કરીશ તો બંધન થાશે ને ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તિશ તો મારો મોક્ષ થાશે'** એવી રીતે કાર્યાકાર્ય, બંધ મોક્ષ તથા ભય અભયનો જે વિવેક તેના નિરંતર જાણપણામાં રહે ત્યારે જે જે ક્રિયા કરે તે વિચારીને થાય. ને આ કહ્યું એટલાં વાનાં રાખે તો સત્વગુણ વૃદ્ધિને પામે. ને જ્યારે **રજ તમને ટાળીને નિરંતર સત્વ વર્તે ત્યારે સ્થિર બુદ્ધિ થાય.** ને જ્યારે એવી સ્થિર બુદ્ધિ રહેવા માંડે ત્યારે શું કરવું ? તો શ્રીજી મહારાજે કહ્યું છે તેમ જેને કામ, ક્રોધાદિક ભૂત ન વળગતાં હોય ને જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિએ યુક્ત મોટા સંત હોય તેને સંગે રહીને એ જેમ ઈંદ્રિયુંને જીતવાની યુક્તિ બતાવે તેમ ઈંદ્રિયું અંતઃકરણને જીતીને પછી **ભગવાનની મૂર્તિને વિષે તેલધારાવચ્છિન્ન વૃત્તિ રાખવાનાં જે સાધન તેને શીખવાં ને તેમ કરવામાં જે પદાર્થ અંતરાય કરે તેનો ત્યાગ કરીને અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવી.** ૪

અને એક દિવસ સ્વામીએ શુદ્ધ સંપ્રદાયના જ્ઞાનની વાત કહી જે જ્યારે પુરુષોત્તમ ભગવાન આ પૃથ્વીને વિષે પધાર્યા હોય ત્યારે તેમાં સહેજે જ એવો ચમત્કાર હોય જે પૂર્વના અવતારને પોતાના સ્વરૂપમાંથી પ્રગટ કરી દેખાડે તથા તેને પોતાના સ્વરૂપને વિષે લીન કરી દેખાડે. ત્યારે એ વાર્તાને જોઈને તથા સાંભળીને એમ સમજવું જે સર્વે અવતારના અવતારી શ્રીહરિજી મહારાજ છે, અને પછી તે શ્રીહરિજીના સ્વરૂપને એમ સમજવું જે એ ભગવાનના સ્વરુપને કાળ, કર્મ તથા માયા પણ પરાભવ કરવાને સમર્થ થાય તેમ નથી તો મનુષ્ય તો ક્યાંથી જ એમનો પરાભવ કરે ? કેમ જે એ ભગવાન તો કોઈના માર્યા મરે એવા નથી. એવી રીતે ભગવાનના સ્વરૂપને સમજવું. ત્યારે કોઈકને એમ શંકા થાય જે 'એ ભગવાન તો માર્યા મરે એવા નથી ત્યારે ભીષ્મપિતાયે શ્રીકૃષ્ણ ભગવાનને બાણ માર્યાં એમાં એમનો શો બાધ છે ? કેમ જે ક્ષત્રિયનો એમ ધર્મ છે જે સંગ્રામમાં જે સામો આવે તેની સન્મુખ ઉભા રહેવું ને મારવું તે ક્ષત્રિયનો ધર્મ રાખ્યા સારુ એમણે ભગવાનને બાણ માર્યા કેમ જે ભગવાન





તો કોઈના માર્યા મરે એવા નથી એમ એની સમજણ હતી.' પણ એ શુદ્ધ સંપ્રદાયના જ્ઞાનમાં કસર કહેવાય. માટે જે શુદ્ધ સંપ્રદાય થકી જ્ઞાનને પામ્યો હોય તે ભીષ્મની પેઠે ભગવાનને ન સમજે ને **એ ભગવાન તો જેવા અક્ષરમાં છે તેવા જ પ્રગટ મનુષ્યના જેવી મૂર્તિ ધરીને વિચરતા હોય તેને સમજે પણ એમાં ને આમાં ફેર ન સમજે** ને એમ સમજે જે એ અક્ષરાતીત પુરુષોત્તમ ભગવાન એવો શુભ સંકલ્પ ધારીને આ લોકને વિષે પધાર્યા હોય જે 'મારે અસંખ્યાત જીવનો ઉદ્ધાર કરવો છે' ત્યારે તે પ્રગટ ભગવાનની મૂર્તિનો સંબંધ જે જે જીવને જે જે પ્રકારે થાય તે સર્વે જીવનો મોક્ષ થાય. તથા તે ભગવાનના જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને મહાત્મ્યે સહિત એકાંતિક ભક્તિ તથા પ્રેમલક્ષણા ભક્તિ તેમણે યુક્ત જે એકાંતિક ભક્ત હોય તેમને પોતાની મૂર્તિ સંબંધી સુખ આપવું એવો સંકલ્પ ધારીને પધાર્યા હોય ત્યારે પોતે એમ વર્તે જે જેમ મનુષ્યને વિષે પક્ષપાત તથા પારકું પોતાનું તથા જે જે મનુષ્યના સ્વભાવ તેને ગ્રહણ કરીને ભગવાન પણ વર્તે ત્યારે તે જીવોનો મોક્ષ પણ થાય ને પોતાના એકાંતિક જે ભક્ત હોય તેને પોતાની મૂર્તિનું સુખ પણ ત્યારે આવે તે વાસ્તે ભગવાનને વિષે મનુષ્યના જેવી સર્વે રીત હોય ત્યારે જે **એ ભગવાનને વિષે અવળો સંકલ્પ કરે તેને એવું પાપ લાગે** જે એનો જીવ પણ નાશ થઈ જાય. શા માટે ? તો એ ભગવાન એક નિમેષમાત્ર આ લોકમાં જો અધિક રહે તો અસંખ્યાત જીવોનો મોક્ષ થાય પણ આ લોકમાં આવે ત્યારે ભગવાન પણ મનુષ્યની રીત્યે વર્તતા હોય તે અંતર્ધાન થઈ જાય. વાસ્તે જેમ કોઈ રાજા આગળ દશ વીશ નટે રમત કરી હતી તે માંહોમાંહી કપાઈને મરી ગયા ને પછી ચાળીશ ગાઉ ઉપર નિસર્યા. તે દૃષ્ટાંતે કરીને જાણવા. તે માટે જ્યારે ભગવાન અંતર્ધાન થઈ જાય ત્યારે એક તો અગણિત જીવોનો મોક્ષ થાતો તે ન થાય ને એકાંતિક ભક્તને ભગવાનનો વિયોગ પણ થાય ને તે અવળો સંકલ્પ કરનારો જે જીવ તે નરકમાં જાય ને તેને એવું પાપ લાગે જે તે પાપની ગણતી કરવાને શેષજી પર્યંત કોઈ સમર્થ ન થાય. માટે જેમ અતિ અધિક જે મહાપાપ વિગેરે પાપનો નિર્ણય તથા પ્રાયશ્ચિત્ત નથી તેમજ

ભગવાનને વિષે અવળો સંકલ્પ કરનારાનું પણ જાણવું. ૫

અને સ્વામીએ કૃપા કરીને વાત કરી જે ભગવાન પૃથ્વી ઉપર બિરાજતા હોય ત્યારે જો કોઈકને કાંઈક વર્તમાનમાં ફેર પડ્યો હોય ને તે જો દીન થઈને સ્તુતિ કરીને ભગવાનને કહે તો તત્કાળ ભગવાન રાજી થાય ને તે જેમ કહે તેમ કરે તો અતિ શુદ્ધ થાય. ને ભગવાન અંતર્ધાન થયા પછી તો શાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરે તોયે પૂર્વે કહ્યો તેવો શુદ્ધ ન થાય તથા ભગવાન પ્રગટ બિરાજતા હોય ત્યારે તો સુઝે તેવો પાપી હોય ને તે જો ભગવાનને ભાવે તથા અભાવે કાંઈ આલે તે દયા કરીને પોતે ગ્રહણ કરે. તથા ભગવાન લગારેક કોઈકને કામ બતાવે ને તે જો કરે તો તેટલામાં પોતે રાજી થાય તથા જે જે સેવા કરે તે અંગીકાર કરે તથા કોઈ અન્ન જળ આપે તથા વસ્ત્ર ઘરેણાં આપે તથા સજ્યા બીછાવી દીયે ઈત્યાદિક જે જે સેવા કરે તેને અંગીકાર કરે. અને જ્યારે ભગવાન અંતર્ધાન થયા હોય ત્યારે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ સહિત જે ભક્ત હોય ને તે જો માનસી પૂજાએ કરીને અર્પણ કરે તો તેને ગ્રહણ કરે. વાસ્તે જો ભગવાન તથા એકાંતિક સંત તે અતિ માંદા હોય તેને એમ જાણે જે આ હવે તો બહુ દુઃખ પામે છે માટે સ્વધામમાં જાય તો ઠીક' એવો જો મનમાં અતિ અલ્પ પણ સંકલ્પ થાય તો તેને બહુ પાપ લાગે છે. વાસ્તે આ વાતને અતિ દઢપણે કરીને જાણવાની છે. ૬

અને સ્વામી કહે જે આ વાત પણ અતિ દઢ સમજવાની છે જે **ભગવાન તથા એકાંતિક સાધુ એ બેયના સામાવડિયા ન થાવું.** કેમ જે સામાવડિયાના પક્ષમાં ભળે તો જરુર ભગવાનનો તથા એકાંતિક ભક્તનો દ્રોહ થાય માટે સુઝે એવું વિઘ્ન હોય તો પણ તેને તોડીને ભગવાનના ને એકાંતિકના પક્ષમાં ભળવું, ને સામાવડિયાનો પક્ષ મૂકી દેવો પણ તેના પક્ષમાં ન ભળવું. ૭

અને વળી પુરુષોત્તમ ભગવાને આચાર્યજી મહારાજને આજ પોતાના દત્તપુત્ર કરીને સર્વે સાધુ તથા સત્સંગીના ગુરુ કરીને પોતાની ગાદી ઉપર બેસાર્યા છે, તેમાં તથા લક્ષ્મીનારાયણ આદિક જે મૂર્તિયું પોતે પધરાવી છે તેમાં પણ પોતાના અવતાર જેટલું દૈવત પોતે મુક્યું છે. માટે તે આચાર્ય તથા પોતાની





પધરાવેલી જે મૂર્તિયું તેને અવતારી જે પુરુષોત્તમ ભગવાન તેના અવતાર જેવા જાણવા ને જેમ અવતારને અર્થે કરે તેને પોતે અંગીકાર કરે છે તેમજ આચાર્યજીને અર્થે તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેમને અર્થે જે સેવા કરે તે પોતે અંગીકાર કરે છે. તેમજ તેમને અર્થે કોઈક સેવા કરતા હોય તેને અવળી વાત કહીને ભાંગી નાખે તથા એમ કહે જે 'આચાર્યને ને લક્ષ્મીનારાયણને ક્યાં ખોટ છે માટે કાંઈ ધર્માદાનું હોય તથા નામનું હોય તે સંતને અર્થે ખરચો. કેમ જે સંતને અર્થે જે જે કરે છે તે તત્કાળ ઉગી નિસરે છે.' એમ અવળો ઉપદેશ કરીને પોતાની શુશ્રૂષાને અર્થે બીજાને મોળા પાડે છે, તથા કોઈક સારું મનુષ્ય હોય ને તે દેવની તથા આચાર્યની સેવા કરતો હોય તેને પોતાની સેવા કરાવ્યાને અર્થે અવગુણ ઘાલીને તેમની સેવામાંથી પાછા પાડીને પોતાની સેવા કરાવે તો તેને પંચ મહાપાપ જેવું પાપ થાય છે માટે આ કહ્યું એમ સમજે તોજ શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન પામ્યા કહેવાય, નહિ તો અશુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન કહેવાય ને આ વાત તો કેવી છે તો જેમ હીરો હોય ને તેને જતન કરીને રાખે તેમ આ વાતને હીરાની પેઠે નિત્યે નવી ને નવી રાખજો પણ ગાફલપણે કરીને ભુલશોમા જરૂર ભુલશોમા કેમ જે આ વાતને જે ન સમજે તેને મોક્ષના માર્ગમાં બહુ ફેર પડે છે. ૮

અને એક દિવસ સ્વામી સંત હરિજન પર અતિ કૃપા કરીને બોલ્યા જે બે પ્રકારનું જ્ઞાન છે તેનાં લક્ષણ તથા તેને ઉપજવાનો જે ઉપાય તે આજ કહીએ છીએ. તે બે પ્રકારનું જ્ઞાન ક્યું ? તો એક તો એવું જ્ઞાન હોય જે તેમાં વિષયનો અવ્યક્ત રાગ રહે ને તે રાગ નિર્મૂળ ન થાય માટે તે વિષયાસક્તિયે સહિત કહેવાય, ને બીજું જ્ઞાન તો એવું જે તેમાં વિષયનો અવ્યક્ત રાગ લગારેય પણ ન રહે. માટે તે વિષયાસક્તિયે રહિત કહેવાય. હવે તે જ્ઞાન શું ? તો જીવ, માયા અને ઈશ્વરના સ્વરુપને યથાર્થ જાણવું તે તથા સ્થાવર જંગમ જે જીવના ભેદ તે જાણવા તથા મનુષ્ય, દેવ, દૈત્ય તથા મરિચિ આદિક પ્રજાપતિ તથા બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તથા વૈરાટ પુરુષ, પ્રધાન પુરુષ અને મૂળ પ્રકૃતિ પુરુષ એ સર્વેનાં સ્વરુપને જેમ છે તેમ યથાર્થ જાણવાં તથા તેમની ઉત્પત્તિ જે રીતે

થાય છે તે જાણવી તથા તેમની સ્થિતિ જાણવી તથા કાળે કરીને એ સર્વેનો નાશ થાય છે તે જાણવું. તથા પ્રથમ જે પ્રકારે પુરુષોત્તમ ભગવાને અક્ષર દ્વારાયે પુરુષને પ્રેર્યો તે માયા સાથે જોડાણો ને તે થકી પ્રધાનપુરુષ અનંત થયા ને તે એક એક પ્રધાનપુરુષ થકી અનંતકોટિ વૈરાટ થયા તે વાત પણ જાણવી તથા અક્ષરધામ અને તેમાં અનંતકોટિ મુક્તે સેવ્યા એવા પુરુષોત્તમ નારાયણ જે શ્રીહરિકૃષ્ણજી મહારાજ તે સદાય બિરાજમાન છે તેમને જાણવા. આવી રીતે એ સર્વેનાં સ્વરૂપને જાણવું તેને જ્ઞાન કહીએ. અને તે જ્ઞાન તથા વૈરાગ્યને પરસ્પર એમ છે જે જ્ઞાન વિના વૈરાગ્ય ન ઉપજે અને વૈરાગ્ય વિના જ્ઞાન સિદ્ધ ન થાય. તે માટે પ્રથમ તો સ્થાવર જંગમથી આરંભીને પુરુષ પર્યંત એ સર્વેનાં સ્વરૂપને યથાર્થ જેમ છે તેમ જાણીને પછી એમને ચાર પ્રકારના પ્રલયે કરીને નાશવંત જાણવાં ને એ સર્વેને વિષેથી મનને ઉદાસ કરીને તે સર્વેથી પર ચિદાકાશને વિષે સદા બિરાજમાન ને કિશોરમૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન તેમના સ્વરૂપમાં વૃત્તિને ઠેરાવવી. **હવે તે વૈરાગ્યને સંક્ષેપે કરીને કહીએ છીએ** જે પ્રથમ તો નિત્ય પ્રલયને જાણવો જે વીર્યમાંથી આ દેહ બંધાય છે ને પછી તે ગર્ભ વૃદ્ધિને પામે છે ને પછી જન્મે છે, પૌગંડાવસ્થાને પામે છે, જુવાન થાય છે, વૃદ્ધાવસ્થાને પામે છે ને મરી જાય છે. તથા સવારે ખાધું હોય ને સાંજે ક્ષુધા લાગે છે તથા સાંજે ખાઈને સવારે ભૂખ્યો થાય છે. તથા પશુ પક્ષી એ સર્વે ઉપજે છે ને તેનો નાશ થાય છે. તથા વૃક્ષે ફળ ફૂલ આવે છે ને વળી નાશ થાય છે તથા કોઈકનું કોઈ બાળે છે તથા કોઈક લઈ જાય છે તથા કોઈકના ભાઈને તથા દીકરાને તથા બાપને મારી નાખે છે એ સર્વે નિત્યપ્રલયનું દુઃખ જાણવું. અને નૈમિત્તિક પ્રલય તો એને કહીએ જે જ્યારે ચૌદ મનુ એકોતેર એકોતેર ચોકડીનું રાજ્ય કરીને મરી જાય છે ત્યારે વૈરાટ પુરુષની રાત પડી જાય છે. તે જ્યારે ચૌદમો મનુ થઈ રહે ત્યારે તો સો વરસ સુધી તો કાળ પડે છે ત્યારે મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ એ સર્વે નાશ થઈ જાય છે. તથા નદીયુંનાં જળ પણ સુકાઈ જાય છે. ત્યારે પૃથ્વી માત્ર કાળા ઠીકરા જેવી રહે છે. ને ત્યાર પછી એકસો વરસ સુધી તો બાર સૂર્ય છે તે સોળ સોળ કળાનો પ્રકાશ લઈને





ઉગે છે ને પૃથ્વીને બાળીને છાણાની રાખ જેવી કરે છે ને તે પછી શેષનાગના મુખમાંથી અગ્નિ નીકળે છે તે અગ્નિ દશ લોકને બાળીને રાખ કરે છે ને તે પછી સો વરસ સુધી હસ્તીની સૂંઢ જેવી છે ધારા જેની એવા જે પ્રલયકાળના તેર મેઘ તે વરસે છે. તેથી ધ્રુવના તારાસુધી જળ ભરાઈ જાય છે. ત્યારે દશલોકમાં રહ્યા જે ઈંદ્ર, ચંદ્ર, વરુણ, યમ, શિવજી, પ્રજાપતિ એ સર્વેના દેહ નાશ થઈ જાય છે ને એમના જે જીવ છે તે બ્રહ્માને વિષે લીન થાય છે ને બ્રહ્માનો દેહ નાશ થાય છે ત્યારે તે બ્રહ્માનો જે જીવ તે વૈરાટ પુરુષની નાભિમાં લીન થઈ જાય છે તેને નૈમિત્તિક પ્રલય કહીએ અને એવા ત્રીશ દિવસનો વૈરાટનો મહિનો ને એવા બાર મહિનાનું એક વરસ ને એવા પચાસ વરસનું એક પરાર્ધ કહેવાય. એવાં દ્વિપરાર્ધનું વૈરાટનું આયુષ છે. તે જ્યારે સો વરસ પુરાં થાય છે ત્યારે પ્રથમ કહ્યું છે તેમ સો વરસ સુધી અનાવૃષ્ટિ થાય છે અને પછી સો વરસ સુધી બાર સૂર્ય તપે છે ને તે પછી સંકર્ષણના મુખમાંથી મહા અગ્નિ પ્રગટે છે તે ચૌદેય લોકને બાળીને છાણાની રાખ જેવા કરે છે. તે પછી પ્રલયકાળના જે મેઘ છે તે સો વર્ષ સુધી વરસે છે. ત્યારે ચૌદેય લોકમાં જળ ભરાઈ જાય છે. ને ત્યારે જે પૃથ્વી અડાયા છાણાની રાખ જેવી હતી તે ઓગળીને ગંધે સહિત જળને વિષે લીન થાય છે ને તે પછી જળ રસને વિષે લીન થાય છે ને રસ તેજને વિષે લીન થાય છે ને તેજ રૂપને વિષે લીન થાય છે ને રૂપ વાયુને વિષે લીન થાય છે ને વાયુ સ્પર્શને વિષે લીન થાય છે ને સ્પર્શ આકાશને વિષે લીન થાય છે, ને આકાશ શબ્દને વિષે લીન થાય છે ને શબ્દ તામસાહંકારને વિષે લીન થાય છે ને તામસાહંકાર રાજહંસાકારને વિષે લીન થાય છે ને રાજસાહંકાર સાત્વિકાહંકારને વિષે લીન થાય છે ને સાત્વિકાહંકાર મહત્તત્ત્વમાં લીન થાય છે ને અનંત જે મહત્તત્ત્વ તે પ્રધાન જે પ્રકૃતિ તેને વિષે લીન થાય છે ને તે પ્રધાન જે પ્રકૃતિ તે પુરુષને વિષે લીન થાય છે ને પુરુષ તે મૂળ પ્રકૃતિને વિષે લીન થાય છે એને પ્રાકૃત પ્રલય કહીએ. અને એ પ્રાકૃતપ્રલયે કરીને જેનો નિષેધ કર્યો હોય તેમાંથી જે જ્ઞાન પ્રગટે તેણે કરીને જીવમાંથી અવ્યક્ત વિષયનો રાગ ન ટળે. માટે એ જ્ઞાન વિષયાસક્તિએ

સહિત કહેવાય તે માટે **પૂર્વે જે જે મોટા આચાર્ય થયા છે તેને જ્ઞાન શાસ્ત્રમાં પ્રાકૃત પ્રલય સુધી જણાય છે, પણ તેથી અધિક નથી જણાતું તથા તેઓ મહાપુરુષને જ પુરુષોત્તમ જાણે છે.** અને આત્યંતિક પ્રલય તો એને કહીએ જે અનંતકોટિ જે પ્રધાન ને પુરુષ તે સર્વે મહામાયાને વિષે લીન થાય છે ને મહામાયા તે મહાપુરુષને વિષે લીન થાય છે અને મહાપુરુષ પણ એ દેહનો ત્યાગ કરીને પછી ભાગવતી તનુયે કરીને પુરુષોત્તમ ભગવાનની સેવામાં રહે છે તેને આત્યંતિક પ્રલય કહીએ. અને આવી રીતે ચાર પ્રકારના પ્રલયે કરીને એ સર્વેને નાશવંત જાણીને પછી અખંડ, અનાદિ, સત્ય, પરિમાણે રહિત ને અપરિમિત ઐશ્વર્યે સહિત જે અક્ષરધામ તેને વિષે સદા દિવ્યમૂર્તિ એવા પુરુષોત્તમનારાયણ તે અપરિમીત અક્ષર મુક્તે સેવ્યા થકા સદા બિરાજમાન છે ને તે પુરુષોત્તમ ભગવાન તથા અક્ષર મુક્ત તે સદા મૂર્તિમાન થકા બિરાજે છે પણ તેમના આકાર કોઈ દિવસ ટળે એવા નથી, એમ સમજે પણ એ સમજણ કોઈ દેશે કરીને કે કાળે કરીને કોઈ દિવસ ફરે નહિ અને ભગવાનને નિરાકાર માને નહિ ને સદા દિવ્ય સાકાર જ સમજે અને એવા જે એ પુરુષોત્તમ ભગવાન તે દયા કરીને આપણા કલ્યાણને અર્થે આંહી પધાર્યા છે તેને સર્વ અવતારના અવતારી જાણીને પછી એ પુરુષોત્તમના સ્વરૂપને એમ સમજવું જે જ્યાં પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ છે ત્યાંજ અક્ષરધામનું મધ્ય છે એમ જાણવું. તે માટે પૂર્વે કહ્યું તેમ સર્વેનો નિષેધ કરીને પછી એમ જાણવું જે **અક્ષરને વિષે જે પુરુષોત્તમ છે તે જ આ ભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિજી મહારાજ છે અને અક્ષર સોતા જ આંહી પ્રગટ બિરાજે છે,** આવી રીતનું જે જ્ઞાન તેને આત્યંતિક જ્ઞાન કહીએ અને આવો જે જ્ઞાની તેનું ઐશ્વર્ય ભગવાનની પેઠે સ્વતંત્ર હોય ને એવા જ્ઞાની તો બહુ દુર્લભ છે, તે સાધારણ લાખ મનુષ્ય હોય તેમાંથી પોત પોતાના આશ્રમ પ્રમાણે વર્તે એવો એક નીકળે ને એવા લાખ મનુષ્ય હોય તેમાંથી યથાર્થ શાસ્ત્ર પ્રમાણે ધર્મ પાળે એવો એક નીકળે ને એવા લાખ ભેળા કરીએ ત્યારે સત્સંગ કરે એવો એક નીકળે ને એવા હજાર સત્સંગી ભેળા કરીએ ત્યારે નક્કી સત્સંગી એક નીકળે





ને એવા હજાર સત્સંગી ભેળા કરીએ ત્યારે સાધુ થાય એવો એક નીકળે ને એવા હજાર સાધુ ભેળા કરીએ ત્યારે ધર્મામૃત પ્રમાણે યથાર્થ વર્તે એવો તો એક નીકળે ને એવા હજાર ભેળા કરીએ ત્યારે ભગવાનને સંભારે એવો એક નીકળે ને એવા હજાર ભેળા કરીએ ત્યારે પૂર્વે કહ્યું જે જ્ઞાન તેણે સહિત પ્રેમલક્ષણા ભક્તિ કરે એવો એક નીકળે. તે માટે એવું જ્ઞાન પામવું તે મહા કઠણ છે. ૯

અને હરજી ઠકરે પૂછ્યું જે 'માયાવી પુરુષની માયામાં ન લેવાય એવો પુરુષ હોય તેને કેમ ઓળખવો ? ત્યારે સ્વામીએ કહ્યું જે પૂર્વે કહ્યો એવો જે જ્ઞાની હોય તે માયાવી પુરુષની માયામાં ન લેવાય ને બીજો તો ગમે તેવો હોય તોપણ માયાવી પુરુષની માયામાં લેવાય જાય. તે માયાવી પુરુષનું થોડાકમાં લક્ષણ કહીએ છીએ જે પોતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે કરતો હોય પણ બીજા મુમુક્ષુને તે ધર્માદિક દેખાડીને તેનો ઉપદેશ કરે પછી સારા સાધુ સાથે જોડાણો હોય તે સાધુનો અવગુણ ઘાલીને તેને પોતાની પાસે રાખે ને પછી ભક્તિનો ઉપદેશ કરીને તેમાં દોષ દેખાડીને તે ભક્તિ થકી પાડે તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યનો ઉપદેશ કરીને પછી તેમાં દોષ દેખાડીને તે ધર્માદિક થકી પાડી નાખે છે. તથા ભગવાનનું માહાત્મ્ય કહી દેખાડીને પછી તેમાં દોષ દેખાડીને માહાત્મ્ય થકી પાડી નાખે છે. તથા ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અને પ્રતાપ પોતે કહીને પછી તેમાં દોષ દેખાડીને તેને ભગવાનના નિશ્ચય તથા પ્રતાપ થકી પાડી નાખે છે. એવી રીતે એ કહ્યા એથી અનંતગણાં છળ ને કપટ જેને વિષે છે એવો જે માયાવી પુરુષ તેની માયાનું તો અનંતપણું છે તે માટે એની માયામાં તો પૂર્વે કહેલ જે જ્ઞાની તે ન લેવાય તથા તે સાથે જોડાણો હોય તેને પણ એની માયામાં ન લેવાવા દીયે અને **બીજો તો ગમે તેવો હોય તોપણ માયાવી પુરુષની માયામાં લેવાયા વિના રહે નહિ.** માટે આ વાત તે અવશ્ય સમજવાની છે. ૧૦

અને સુપર્ણાનંદ સ્વામીને પૂછ્યું જે બદ્ધ મુક્ત (જીવન્મુક્ત) તથા શુદ્ધ મુક્ત (વિદેહ મુક્ત) તેને વિષયમાં રાગ છે તે કેમ છે ને તે બેને પ્રકૃતિ છે તે કેમ છે ? ત્યારે તેમણે કહ્યું જે 'જીવન્મુક્ત હોય તેને વિષયમાં રાગ પણ થાય

ને પ્રકૃતિ સ્વભાવ પણ હોય ને જે વિદેહ મુક્ત તેતો શુદ્ધ મુક્તભાવને પામ્યા હોય તેને તો કોઈ સ્વભાવ તથા પ્રકૃતિ તે  ન હોય ને જે કાંઈ પ્રકૃતિ સ્વભાવ જણાય છે તેતો જીવના કલ્યાણને અર્થે જણાય છે' ત્યારે સ્વામીએ કહ્યું જે એ ઠીક કહ્યું એનો એજ ઉત્તર છે અને તે બેમાં જે સ્વભાવ પ્રકૃતિ છે તે હમણા તો ન જણાય કેમ જે મોટાનો જે કાયદો હોય તે કાયદા પ્રમાણે સર્વેને વર્ત્યું જોઈએ પણ આડું અવળું ન વરતાય. જુઓને પ્રથમ આપણે એમ આજ્ઞા હતી જે અઢી હાથનો એક હજુરીયો રાખવો પણ એથી અધિક ન રખાય તથા એક કૌપિન ને ગોદડી રાખવી તથા ખટરસના વર્તમાન હતાં. એ આદિક જે જે આજ્ઞા હતી તે પ્રમાણે સૌ વર્તતા પણ અધિક ન્યૂન કોઈનાથી ન વર્તાતું. તેમ અક્ષરધામમાં પણ એક પુરુષોત્તમ ભગવાન પોતે એકજ તે સર્વે મુક્તના નિયંતા છે તે માટે એ મુક્તમાં એકસરખી પ્રકૃતિ જણાય છે પણ જો સ્વતંત્રપણે આંહી આવ્યા હોય ત્યારે જેની જેવી પ્રકૃતિ હોય તે જણાય કેમ જે પોતાની સ્મૃતિને અનુસારે જીવનો મોક્ષ કરે તે ઉપર કહ્યું જે શ્રીરામચંદ્રજીયે અને શ્રીકૃષ્ણ ભગવાને જે કલ્યાણનો રસ્તો બાંધ્યો છે તે તપાસીને જુઓ ને મહારાજે જીવના કલ્યાણને અર્થે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત જે ભક્તિ તેનું સ્થાપન કર્યું છે તે જુવો કેમ જે મહારાજે જે ધર્મ બાંધ્યો છે તેમાં કોઈ કાળે અધર્મને પેસવાનો માગ જ નથી. તે **માટે ગમે તેવો મુક્ત હોય ને જો તે સ્ત્રી, ધન તથા માન એ ત્રણનો અતિ સંગ કરે તો તેનો ઠા ન રહે તો બીજાની તો વાત શી ? ૧૧**

અને સ્વામીએ વાત કરી જે અક્ષરધામનો મુક્ત હોય ને જો તે દેહને ધારીને આંહી આવ્યો હોય ને તે શહેરને સેવે તથા રજોગુણી મનુષ્યની ભાઈ બંધાઈ કરીને તેનો સંગ કરે તથા સારા સારા રસ જમે તો તેણે કરીને વિષયને વિષે એ મુક્તને પણ આસક્તિ થાય તે મુક્યા પણ મુકાય નહીં ને તે જો અક્ષરભાવને પામ્યો હોય ને તે અતિ વિચાર કરીને તેનો નિષેધ કરીને મુકે તો માંડ માંડ મુકાય. ને બીજો તો મુક્ત પણ તે વિષયને ભોગવીને તે મુકવાને સમર્થ ન થાય ત્યારે બીજા જીવની તો વાત શી ? તે માટે **જો આગળથી જ**





**તે વિષયનો ડર રાખીને તેનો જોગ ન કરે તો ઉગરે પણ બીજો ઉગર્યાનો ઉપાય નથી.** ને જે પુરુષોત્તમ છે તે તો માયાનો સંગ કરે તથા સ્ત્રીઓનો સંગ કરે તથા ધનનો ને રજોગુણી મનુષ્યનો સંગ આદિક પંચવિષયને જેમ જેમ ભોગવે તેમ તેમ તેને પણ શુદ્ધ કરે છે ને તે **માયા તથા માયાના જે કાર્ય પુરુષોત્તમના સંબંધને પામ્યાં હોય તે સર્વેને અક્ષરરૂપ કરે છે.** પણ તે પુરુષોત્તમ ભગવાન કોઈ માયિક પદાર્થમાં ન બંધાય તે તો માયામાં રહ્યા થકા પોતાને રૂપે રહે છે. ને મુક્ત તો ગમે તેવો હોય તો પણ તેથી છેટે રહે તો જ ઠીક રહે અને જો એ વિષયનો સંબંધ કરે તો વિષયમાં બંધાઈ જાય તે માટે વિષયનો તો સંકલ્પ પણ ન કરવો. ૧૨

અને દોલતરામે પૂછ્યું જે 'મુક્ત છે તેણે તો માયાને જડ ને દુઃખરુપ જાણી છે તેને વિષે વળી રાગ કેમ થાય છે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે એ મુક્ત છે તેને પ્રથમ સાધનકાળમાં જ માયિક વિષયને વિષે લગારેક રાગ રહ્યો હોય તે રાગે કરીને પાછો એને વિષયમાં રાગ થાય છે. તે માટે **મુક્ત હોય તેમણે પણ વિષય થકી તો છેટે જ રહેવું પણ તેનો વિશ્વાસ કરીને તેને ભોગવવા નહિ.** અને જ્યારે સાંખ્યયોગને દૃઢ કરીને પછી ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયને પામ્યો હોય તેને વિષયમાં રાગ ન થાય કેમ જે એ તો વિષયને સેવે જ નહિ. ૧૩

પછી દોલતરામે ફરી પૂછ્યું જે 'જ્ઞાતા ને જ્ઞાન તે કેમ સમજવું ?' ત્યારે સ્વામીએ કહ્યું જે જેમ દૂધનું પાત્ર હોય તેમાંથી કટોરામાં લઈને હાથે કરીને પીએ છે ત્યારે દૂધનું સુખ જીભને આવે છે પણ હાથ તથા પાત્રને નથી આવતું. તેમ જે જીવ છે તે પોતાની જ્ઞાનમય શક્તિ વડે કરીને જાણે છે ત્યારે તે જ્ઞાન જીવને થયું પણ નેત્રાદિક ઇંદ્રિયોને તથા તેના દેવતા અને ગોલકને થતું નથી. તથા શ્રોત્રાદિક જે ઇંદ્રિયો તથા અંતઃકરણ તથા એમના ગોલક તથા એમના દેવતા તથા એમના વિષય એ સર્વેને પોતે જ્ઞાતારૂપ જે જીવ તે પોતાની જ્ઞાનરુપ જે શક્તિ તે વડે કરીને નોખા નોખા સમજે છે. જેમ સૂર્ય છે તે પોતે તેજોમય છે ને પોતાની તેજરૂપ જે શક્તિ તેણે કરીને બ્રહ્માંડમાં પ્રકાશ કરે છે

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ.

ને પોતે તો સદાય મૂર્તિમાન પોતાના લોકમાં છે. તેમ જે જીવ છે તે પણ સદાય હૃદયમાં રહ્યો છે ને ત્યાં જ રહ્યા થકો પોતાની જ્ઞાનરુપ શક્તિએ કરીને નખશિખાપર્યંત સર્વે ઈંદ્રિયુંને તથા અંતઃકરણને એકકાળે જાણે છે. ને જો એમ ન કહીએ તો બ્રહ્મજ્ઞાનીની પેઠે સમજાય તે માટે આ કહ્યું તેમ જ્ઞાતા અને જ્ઞાનના સ્વરૂપને જાણવું. ૧૪

અને **પૂર્વે જે અવતાર થયા છે તેનો મહારાજે પોતાને વિષે ભાવ દેખાડ્યો છે.** તે વાત કહીએ જે પ્રથમ મહારાજ પ્રગટ્યા ત્યારે એવું પ્રકરણ ચલાવ્યું હતું જે ભજનમાં બેસે ને સંકલ્પ થાય તથા શરીર હલે તો ઉઠાડી મૂકતા એ પોતાને વિષે શ્વેતદ્વીપપતિ વાસુદેવનો ભાવ જણાવ્યો તથા ખટરસનાં[1] વર્તમાનનું નિયમ આપ્યું તથા પાશેર જ અન્ન એક વખત ખાવું, તથા એક કૌપિન ને એક હજુરિયો[2] રાખવો તથા એક ગોદડી રાખવી તથા એક એક જણને એક એકનો શબ્દ ન સંભળાય એમ રહેવું એ આદિક જે સાધુને મહા કઠણ તપ કરાવ્યું એ પોતાને વિષે નરનારાયણનો ભાવ જણાવ્યો. તથા ઓગણોતેરામાં[3] મહારાજ હાથમાં તરવાર લઈને એમ બોલ્યા જે 'આ અમારી તરવાર છે તે કુસંગીનું લોહી પીયે છે ને સત્સંગીની રક્ષા કરે છે તથા આ તરવારે મોટાં મોટાં લશ્કર તથા મોટી જમાત્યો તથા દૈત્ય એ સર્વેને કાપી નાખ્યા તથા આ તરવારે મોટા મોટા ગઢ પાડી નાખ્યા' તથા પોતે ઘોડા ઉપર ચડ્યા તથા ઘરેણાં પેર્યા તથા ભારે ભારે વસ્ત્ર પહેર્યા ને રંગે રમ્યા તથા નાના પ્રકારની લીલાએ કરીને પોતાના એકાંતિક ભક્તને સુખ આપ્યું તે કૃષ્ણાવતારનો ભાવ પોતાને વિષે દેખાડ્યો. તથા પોતે ધર્મની વ્યવસ્થા બાંધી તે પોતાને વિષે રામચંદ્રજીનો ભાવ જણાવ્યો. તથા પોતે જ્ઞાન, વૈરાગ્યને તથા સાંખ્યયોગને પ્રવર્તાવ્યો એ પોતાને વિષે દત્તાત્રેય તથા કપિલદેવજીનો ભાવ જણાવ્યો. તથા પોતે પોતાના આશ્રિતજનને શિક્ષા કરી એ પોતાને વિષે ઋષભદેવ ભગવાનનો

૧. ગળ્યો, ખારો, તીખો, તુરો, કડવો અને ખાટો આ છ પ્રકારના રસાસ્વાદનો ત્યાગ કરવાનો નિયમ.

૨. હજૂરિયો = અઢી હાથ લંબાઈનું ટુંકુ વસ્ત્ર, રૂમાલ, અંગૂછો.

૩. સંવત ૧૮૬૯માં પડેલો ભયંકર દુષ્કાળ





ભાવ જણાવ્યો. અને પોતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્યે સહિત જે એકાંતિક ભક્તિ કરવી તેની રીત દેખાડી તથા પ્રેમ લક્ષણા ભક્તિની રીત દેખાડી તેથી જેમ ગંગાજી જે તે પર્વત તથા જે જે આડાં આવ્યાં તેને તોડીફોડીને સમુદ્રને વિષે જઈને ભળે છે તેમ તે ભક્ત પણ ભગવાનના સ્વરૂપમાં જેજે પદાર્થ તથા પોતાના સંબંધી અંતરાય કરે તેનો ત્યાગ કરીને ભગવાનને વિષે હેતે કરીને જોડાયા તથા **સમાધિઓ કરાવીને જેવો તેવો હોય તો પણ તેને અષ્ટાવરણ પાર જે અક્ષરધામ[1] તે દેખાડ્યું તથા તે સમાધિને વિષે પોતાના અવતાર દેખાડીને તેને પોતાને વિષે લીન કર્યા તથા ભક્તને વિષે લીન કરી દેખાડ્યા તથા પુષ્પ તથા સોટીને સ્પર્શે કરીને પોતાનાં ધામ દેખાડ્યાં. એ સર્વે પોતાને વિષે પુરુષોત્તમપણું દેખાડ્યું.** એવી રીતે મહારાજે પોતાને વિષે પૂર્વે જે જે અવતારે કરીને કાર્ય કર્યું છે તે પોતે સહજ લીલાએ કરીને કર્યું. આવી રીતે આ વાતને વિચારીને પછી એમ નિર્ધાર કરવો જે **જ્યારે સર્વે અવતારનો ભાવ મહારાજે પોતાને વિષે દેખાડ્યો તે માટે સર્વે અવતારના અવતારી તે આ પ્રગટ ધર્મ ભક્તિના પુત્ર એવા શ્રીહરિકૃષ્ણજી મહારાજ છે** એમ મહારાજના સ્વરૂપને સમજવું. તે આ વાતને પણ જે બુદ્ધિવાળો હોય ને શુદ્ધ સંપ્રદાય થકી જ્ઞાનને પામ્યો હોય તે આ વાતને શુદ્ધ સંપ્રદાય થકી સમજે ત્યારે સમજાય પણ તે વિના ન સમજાય. માટે આ વાતને સમજી રાખવી. ૧૫

અને હરજી ઠક્કરે પૂછ્યું જે 'દેહ અને દેહ સંબંધી પદાર્થને વિષે જેવી જીવને પ્રીતિ છે તેવી ભગવાનને વિષે પ્રીતિ કેમ થાતી નથી ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે જીવનો સહેજે જ એવો સ્વભાવ છે જે પોતાના સંબંધીને વિષે એને બહુ માલ જણાય છે ને તેને વિષે અતિશે સ્નેહ રહે છે. અને સત્સંગે

૧. આ બ્રહ્માંડ છે તે આઠ આવરણમાં રહેલું છે. તે આઠ આવરણ – પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ ને પ્રકૃતિ. આ આવરણોથી બહાર અનેક ધામરૂપ ચૈતન્ય ભૂમિકાઓ છે, એ સર્વથી પર, શ્રેષ્ઠ ને સૌના કારણ એવા શ્રીજીમહારાજને રહેવાનું ધામ તે **અક્ષરધામ** છે.

કરીને ભગવાનને વિષે પ્રીતિ તો થઈ છે પણ ગૌણ છે. ને જે ત્યાગી છે તેને પણ દેહ તથા દેહ સંબંધી પદાર્થને વિષે વિશેષ પ્રીતિ છે તથા લખવું, ભણવું અને પુસ્તક તેને વિષે પણ વિશેષ પ્રીતિ છે. માટે તેવી ભગવાનને વિષે પ્રીતિ નથી થાતી. જેમ પચાસ સાઠ પ્રકારનાં ભોજન હોય તેમાં જલેબી અને મોતિયા જેવાં ઉત્તમ ભોજનને ઠેકાણે તો એણે દેહ તથા દેહ સંબંધી પદાર્થને કર્યા છે ને ડોડીની તથા સુવાની ભાજીને ઠેકાણે ભગવાનને કર્યા છે, માટે ભગવાનને વિષે પ્રીતિ નથી થાતી. માટે દેહ તથા દેહ સંબંધી પદાર્થનો નિષેધ કરીને તેમને ભાજીને ઠેકાણે ગણે અને ભગવાનને જલેબી તથા મોતીયાને ઠેકાણે ગણે ત્યારે ભગવાનને વિષે પ્રીતિ થાય. તથા વળી જેમ કોડી ને પૈસો પણ ધન છે ને પારસમણિ તથા ચિંતામણિ તે પણ ધન છે તેમાં ચિંતામણિના જેવું હેત એ જીવને દેહ તથા દેહ સંબંધી પદાર્થને વિષે છે. ને ભગવાનને વિષે જે પ્રીતિ છે તેતો કોડી ને પૈસાના જેવી છે માટે ભગવાનને વિષે તેવી પ્રીતિ નથી થાતી. માટે જો દેહ તથા દેહ સંબંધી પદાર્થને અસત્ય જાણીને તેને કોડી તથા પૈસાને ઠેકાણે ગણે ને ભગવાનને ચિંતામણિને ઠેકાણે ગણે તો ભગવાનને વિષે એ જીવને પ્રીતિ થાય. અને દેહ તથા દેહ સંબંધી પદાર્થ તેતો અસત્ય છે તે કોઈ દિવસ સત્ય નથી. તેમ થઈ ગયાં જે પદાર્થ તે પણ સત્ય નથી અને છે તે પણ સત્ય નથી તથા આગળ થાશે તે પણ સત્ય નથી. ને એને વિષે કોઈ દિવસ માલ નથી. **જેમ ઝાંઝવાનું જળ તે કોઈ દિવસ સત્ય નથી તથા ગધેડાની લાદનું સુખડું કરે તેમાં કોઈ દિવસ સુખ હોય જ નહિ. તેમ તે દેહ તથા દેહ સંબંધી જે વસ્તુ તેને વિષે માલ નથી.** અને આ જીવ છે તે રાજાના જે દેહ સંબંધી ભોગ તેને પામ્યો છે તથા ઈંદ્રના દેહ સંબંધી ભોગને પામ્યો છે. તથા બ્રહ્માના દેહ સંબંધી જે ભોગ તેને પામ્યો છે. પણ તે **બ્રહ્માદિકના જે દેહ તથા દેહ સંબંધી પદાર્થ તે કોઈ દિવસ સત્ય નથી.** એ તો અનંતવાર થઈ ગયા ને અનંતવાર તે ભોગને ભોગવ્યા માટે તે કોઈ દિવસ સત્ય નથી તથા વિરાટનો દેહ ને તે દેહ સંબંધી જે પદાર્થ તે કોઈ દિવસ સત્ય નથી. એતો અસત્ય જ છે કેમ જે તેને કાળ નાશ પમાડે છે. તથા પ્રધાન પુરુષના





જે દેહ તથા તે દેહ સંબંધી પદાર્થ તે પણ સર્વે અસત્ય છે. કેમ જે તેને પણ કાળ નાશ પમાડે છે. અને **આત્યંતિક પ્રલયને વિષે પ્રકૃતિ પુરુષનો દેહ પણ નથી રહેતો ત્યારે બીજું તો ક્યાંથી રહે ?** એમ સર્વેને અસત્ય જાણીને પછી સદા સત્ય એવો જે આત્મા તથા પરમાત્મા તેને જ સદા સત્ય જાણીને પછી તે પરમાત્મા જે નારાયણ તેને વિષે સર્વ પ્રકારે પ્રીતિ કરવી ને સમજવું જે સર્વે જે અપરિમીત સુખ છે તે ભગવાનને વિષે રહ્યું છે ને તે સુખને અનંતકોટિ મુક્ત નિરંતર ભોગવે છે. પણ તેનાથી તૃપ્ત નથી થાતા એવા સદા સુખમય ને સદા દિવ્ય મૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન તે આજ આ શ્રીજીમહારાજ રૂપે આપણા કલ્યાણને અર્થે દયા કરીને પ્રગટ્યા છે, એવી રીતે દેહ ગેહાદિકથી પ્રકૃતિ પુરુષાદિક સુધી સર્વેને અસત્ય જાણીને એને વિષેથી પ્રીતિ તોડીને પછી મહારાજને વિષે પ્રીતિ કરે તો તે પ્રીતિ અતિ દૃઢ થાય પણ તે વિના બીજા કોટિ ઉપાય કરે તો પણ મહારાજને વિષે દૃઢ પ્રીતિ ન થાય. ૧૬

અને મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામીએ વાત કરી જે આ જીવને અવશ્ય કાર્ય કરવાનું છે તે વિચારવું જે આ જીવને પંચવિષયને વિષે ખુતીને રહી જે પંચવિષયની અવ્યક્ત વાસના તેને, 'પ્રકૃતિ પુરુષ પર્યંત દેહ, ગેહાદિક સર્વ અસત્ય છે' એવા વિચારે કરીને ધીરે ધીરે ટાળવી ને **જીવને રાગે રહિત કરવો ને સત્તારૂપ કરવો ને પછી ભગવાનમાં પ્રીતિ કરવી,** ને તે વિના દેહની ક્રિયા જે ભણવું તથા લખવું તથા બીજી જે જે ક્રિયા કરવી તે તો કેમ છે ? તો જેમ કોઈક અતિ મોટું કામ સિદ્ધ કરવું હોય ત્યારે તે કામ કરતા હોઈએ તેમાં સહેજે બીજાં કામ આવે તે કરવાં પડે તેમ દેહક્રિયા તો છે ને અવશ્ય કરવું તો પોતે ધાર્યું હોય તે છે. માટે **જીવને શુદ્ધ કરીને પછી ભગવાનને વિષે દૃઢ પ્રીતિ કરવી એ અવશ્ય કરવાનું છે ને બીજું જે છે તે તો દેહના નિર્વાહને અર્થે છે.** પણ અવશ્ય કરવાનું નથી અને વળી કોઈક જાણે જે બહુ કરીને ભગવાનને રાજી કરું પણ તે ભગવાન તો બહુ કર્યે પણ રાજી થાતા નથી તથા ન કર્યે પણ રાજી થાતા નથી. માટે જે જે કરવું તે સમજીને કરવું. તેની વિક્તિ જે એક તો પોતાને વિષે ખુતીને રહી જે પંચવિષયની

વાસના તેને જીવમાંથી ટાળીને મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું. તેની વિક્તિ જે ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ અને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવું. અને તે ગ્રંથ પ્રમાણે વરતીને મંદિરની તથા દેવની તથા આચાર્ય મહારાજની સેવા કરવી. એ આદિક જે જે કરવું તે પૂર્વે કહ્યા જે ત્રણ ગ્રંથ તે પ્રમાણે વર્તતે થકે જેટલી સેવા થાય તેટલી કરવી. પણ તે ધર્મનો ત્યાગ કરીને સેવા ન કરવી. એમ સમજીને જો થોડું જ કરે તો પણ ભગવાન બહુ માને ને તે વિના તો ઝાઝું કરે તો પણ તેવા ભગવાન પ્રસન્ન ન થાય. ૧૭

અને અક્ષરાનંદ સ્વામીએ પૂછ્યું જે 'અંતઃકરણ અને આત્મા એ બેના વચ્ચે જે વિચાર રહે છે તે વિચાર કેનો સમજવો ?' ત્યારે સ્વામીએ કહ્યું જે એ વિચાર છે તે આત્માનો નથી ને અંતઃકરણનો પણ નથી. એ વિચાર તો સત્શાસ્ત્ર ને સત્પુરુષનો છે. તે જ્યારે મુમુક્ષુ પ્રથમ સત્પુરુષના મુખ થકી અને સત્શાસ્ત્રમાંથી વિચારને શીખે છે ને પછી તે વિચારને ઈંદ્રિયું દ્વારે કરીને અંતઃકરણમાં ઉતારે છે. હવે તે વિચાર શું તો **દેહ છે તે નાશવંત છે, દુઃખરૂપ છે ને વિકારવાન છે તથા દેહનાં જે સગાં સંબંધી અને પદાર્થ તે પણ નાશવંત છે** અને જે આત્મા છે તે અચ્છેદ્ય, અભેદ્ય, અજર, અમર, સત્તારુપ ને સુખરુપ છે તથા સનાતન ને પરિણામે રહિત છે. એવો જે જડ ચૈતન્યનો વિચાર તે સત્પુરુષ ને સત્શાસ્ત્રનો છે. ને તે વિચાર અંતઃકરણ અને આત્મા એ બેના મધ્યમાં રહ્યો થકો દેહ અને જીવ એ બેયને નોખા રાખે છે. તે દેહના ભાવ આત્માને વિષે ભળવા દેતો નથી ને આત્માના ભાવ દેહ ભેળા ભળવા દેતો નથી. ને તે વિચાર જ્યારે દૃઢ થાય ત્યારે નિરંતર દેહને ને આત્માને નોખા રાખે પછી તે ભક્ત આત્માસત્તારૂપે રહ્યો થકો નિરંતર પરમાત્મા એવા જે શ્રીહરિજી મહારાજ પૂર્ણ પુરુષોત્તમ તેમનું ધ્યાન કરે. ૧૮

અને એક દિવસ મૂળ અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામીએ અતિ કરૂણા કરીને વાત કરી જે આ દેહને વિષે તો કેવળ દુઃખ જ છે પણ સુખ નથી. ત્યારે કોઈ કહેશે જે 'સુખ તો થાય છે.' તો એનું એમ છે જે દુઃખ અધિક થયું હોય તે મટે ત્યારે કહે જે 'સુખ થયું' પણ એતો સુખ નથી થયું. દુઃખ જેમ હતું તેમજ





રહ્યું છે, પણ જે અધિક દુઃખ હતું તે મટ્યું. વળી જેમ કોઈ પુરુષ ભૂખ્યો તરશ્યો હોય તે અન્ન ખાય તથા જળ પીયે ત્યારે કહે જે 'સુખ થયું' પણ એમાં કાંઈ સુખ થયું નથી. એતો એ વખતની ભુખ ને તરશ ગઈ ને તેનું દુઃખ તો એમનું એમ છે. અને વળી કોઈક પુરુષ માંદો હોય તે સાજો થાય ત્યારે કહે જે 'હવે સુખ થયું' પણ એમાં શું સુખ થયું ? દુઃખ તો એમનું એમજ છે, એ તો અધિક દુઃખ થયું હતું તે મટ્યું છે. પણ સુખ તો ત્યારે થાય જે પંચવિષયની જીવમાં વાસના છે તેને ટાળીને કેવળ આત્મારૂપ થઈને પુરુષોત્તમ નારાયણ એવા જે શ્રીજી મહારાજ તેમની જ્યારે માહાત્મ્યે સહિત નિષ્કામ ભાવે કરીને પ્રેમલક્ષણા ભક્તિ કરે તથા તે ભગવાનને વિષે અતિશે હેત કરે. જેમ અતિશે કામી પુરુષને સ્ત્રીને વિષે જેવું હેત છે તથા અતિશય લોભીને ધનને વિષે જેવું હેત છે તેવું હેત મહારાજને વિષે કરવું. ને એવી રીતનો ભક્ત જ્યારે દેહનો ત્યાગ કરીને ભાગવતી દેહે કરીને અવતારી એવા જે પૂર્ણ પુરુષોત્તમ ભક્તિધર્મના પુત્ર શ્રી હરિકૃષ્ણજી મહારાજ તેમની સેવામાં રહે ત્યારે સુખ થાય પણ તે વિના તો જેમ જેમ અધિક સંપત્તિને પામે છે તેમ તેમ અધિક દુઃખને પામે છે. તે ઈંદ્રથી લઈને મહાપુરુષ પર્યંત જેમ જેમ અધિક ઐશ્વર્ય ને અધિક મોટપને પામે છે તેમ તેમ અધિક દુઃખને પામે છે પણ **સુખ તો એક મહારાજની મૂર્તિ વિના બીજે ક્યાંય નથી.** ૧૯

અને મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ વાત કરી જે **પાંચ પ્રકારના પુરુષ છે તેને ઓળખીને સંગ કરવો.** તેનાં લક્ષણ કહીએ છીએ જે (૧) એક તો એવો પુરુષ હોય જે પોતે પણ ભગવાનને સંભારે ને બીજા જે પોતાને આશરે આવે તે સર્વેને ભગવાન સંભારવા દીયે ને (૨) બીજો એવો હોય જે પોતે પોતાની મેળે ભગવાનને સંભારે ને (૩) ત્રીજો તો બીજાની ઓથે રહીને ભગવાનને સંભારે ને (૪) ચોથો તો એવો જે પોતે ભગવાનને ન સંભારે ને બીજા જો ભગવાનને સંભારે તોયે ઠીક ને ન સંભારે તોયે ઠીક ને (૫) પાંચમો તો એવો હોય જે પોતે ભગવાનને ન સંભારે ને બીજા સંભારતા હોય તેને પણ ન સંભારવા દીયે. માટે આ પાંચ પ્રકારના પુરુષને ઓળખીને

**જેને એકાંતિક થાવું હોય તેણે પોતે ભગવાન સંભારે ને બીજાને સંભારવા દીયે એવા પુરુષનો સંગ કરવો.** ૨૦

અને હરજી ઠક્કરે પૂછ્યું જે 'મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે એકાંતિક ન હોય તેનો સંકર્ષણાદિકમાં પ્રવેશ થાય છે. તેનું કેમ સમજવું ?' ત્યારે સ્વામીએ કહ્યું જે **સંકર્ષણાદિક તો બીજે નથી એ તો સત્સંગમાં સર્વે છે.** તે જ્યારે પુરુષોત્તમ પ્રગટ થાય છે ત્યારે મહાપુરુષ છે આદિ જેમાં ને ઈંદ્ર છે અંતે જેમાં એવા જે સર્વે ઐશ્વર્યાર્થી તે પોતાના કલ્યાણને અર્થે દેહ ધારીને આંહી આવે છે. તથા બીજા જે અવતાર તે પણ સર્વે પુરુષોત્તમ ભેળા આવ્યા હોય, ત્યારે **જે એકાંતિક હોય તે તો પુરુષોત્તમની સાથે જ હેત કરે તથા તે પુરુષોત્તમની સાથે એકાંતિક ભક્તિયે કરીને સર્વે પ્રકારે જોડાણો હોય માટે એ તો જ્યારે દેહ મુકે ત્યારે પુરુષોત્તમ એવા જે શ્રીહરિકૃષ્ણજી મહારાજ તેમની સેવામાં અક્ષરધામમાં જઈને રહે ને પોતાની સાથે જે જોડાણો હોય તેને પણ અક્ષરધામમાં લઈ જાય છે.** અને પૂર્વે કહ્યા જે ઐશ્વર્યાર્થી તે પણ સત્સંગમાં મોટા ગુરુ થયા હોય, તે જેને મહારાજની વાત કરીને સત્સંગ કરાવે ત્યારે જો તેને મહારાજને વિષે હેત થયું હોય તો એ અક્ષરધામમાં જાય. પણ તે **ઐશ્વર્યાર્થીની સાથે હેત થયું હોય તો એ જ્યાંથી આવ્યા હોય ત્યાં તેને લઈ જાય છે.** કેમ જે તેને પૂર્વનો જે દેહ હોય તે દેહની આવરદા ભોગવવી જોઈએ પણ આ દેહે છુટકો ન થાય. માટે જે જે એમને વળગ્યા હોય તેને તેઓ પોતા પાસે રાખે પણ મહારાજ સાથે હેત ન થાવા દીયે. ને જે એકાંતિક સાધુ હોય તેનો પણ અવગુણ ઘાલીને તે સાથે પણ હેત ન થાવા દીયે. કેમ જે, એ એમ જાણે જે 'જો એમની સાથે હેત થાશે તો મારી પાસે નહિ રહે.' ને વળી એમ જાણે જે 'જો એમને એકાંતિક સાથે હેત થાશે તો એ મહારાજની સાથે હેત કરાવશે ને મારું જેવું રૂપ છે તેવું તેને ઓળખાવશે' એમ જાણીને હેત ન થાવા દીયે. તે વાત વિચારો તો ખબર પડે. કેમજે, જ્યારે મહારાજ ગઢડે બિરાજમાન હતા ત્યારે એમ કહેતા જે 'જુનાગઢ જાય તેને પાંચ વખત અમે





મળીએ[1] ને તેના અમે જમાન થઈએ' ત્યારે કોઈક જાવાનું કરે ત્યારે તેના ગુરુ હોય તે એમ કહે જે 'જો તું જાઈશ તો ત્યાં પથરામાં અથડાઈ અથડાઈને મરી જાઈશ.' એમ કહીને તેને અળસાવી નાખતા. તથા કોઈકને મહારાજની સેવામાં રહેવું હોય તોપણ તેને એના ગુરુ ભાંગી નાખતા. ૨૧

અને એક સમે ગઢપુરમાં એક હરિભક્તને મહારાજે કહ્યું જે 'અક્ષરધામમાં જઈને આવો' પછી તે સમાધિ કરીને સર્વે ધામ જોઈને અક્ષરધામમાં ગયો ત્યાં તેને મહારાજે પૂછ્યું જે કયા કયા ધામ જોતા આવ્યા ? ત્યારે તેણે કહ્યું જે હે મહારાજ હું પ્રથમ બદરિકાશ્રમમાં ગયો ત્યાં મેં આપણા કેટલાક સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગી તેને દીઠા તથા શ્વેતદ્વીપ, વૈકુંઠ અને ગોલોક એ સર્વે ધામમાં પણ દીઠા તે આંહી કેમ ન આવ્યા ? ત્યારે મહારાજે કહ્યું જે 'તેમણે અમને તે તે ધામના પતિ જાણ્યા માટે ત્યાં રહ્યા છે, અને આ સર્વે છે તેણે તો અમને સર્વે અવતારના અવતારી જાણીને સર્વે ધામ થકી પર જે બ્રહ્મમોહોલ તેના પતિ અમને જાણ્યા છે તે માટે એમને અમે અક્ષર જેવા કર્યા છે અને પૂર્વે કહ્યા તેમણે તો અમને તે તે અવતાર જેવા જાણ્યા તે માટે એમને તે તે અવતારના જેટલું ઐશ્વર્ય આપ્યું છે અને તે તે ધામના પતિ અમને જાણીને તે તે ધામમાં રહ્યા છે તે જો અમે પંડે જઈને કહીએ તોપણ ન માને. ને એમ કહે જે અમને તમે ભરમાવો છો પણ અમે એમ તમારા સ્વરૂપમાંથી પડીએ એવા નથી. એમ કહીને તે ધામમાં ને તે ધામમાં રહે' પછી તે

---

૧. જૂનાગઢમાં મંદિરનું ચણતર વગેરે કામ ચાલતું ત્યારે પથ્થરનું ચણતર થતું. તેમાં શારીરિક શ્રમ ઘણો કરવો પડે, વળી જૂનાગઢ રાજ્યના કારભારીઓ પણ ઘણાં વિઘ્નો ઉભાં કરતાં. પરંતુ તે બધી તકલીફોની સામે શ્રીહરિજીના પરમ કૃપાપાત્ર અક્ષરમૂર્તિ સમર્થ સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામીના સમાગમનો લાભ મળતો. આથી જે સાધુ-હરિભક્ત જૂનાગઢ કામ કરવા જાય તેના ઉપર શ્રીજી મહારાજ બહુ પ્રસન્નતા જણાવતાં, પાંચ વાર ભેટતાં, પણ ત્યાં જવા તૈયાર થયેલા સાધુ કે હરિભક્તને તેમના ગુરૂ કે બીજા અટકાવતા ને કહેતા કે 'ત્યાં તો કામ કરી કરીને મરી જાય તેવું છે.' પણ ત્યાં સ્વામીના સમાગમનો અલભ્ય લાભ છે તે કોઈ જોતું નહિ.

હરિભક્ત સમાધિમાંથી પાછા આવ્યા ત્યારે તેને મહારાજે કહ્યું જે 'તમે સમાધિમાં જેમ દીઠું હોય તેમ કહો' ત્યારે તેણે જેમ દીઠું હતું તેમ કહ્યું. માટે જેમ છે તેમ વાત તો અમે પણ કહેવાતી નથી. ને તે વાત ઉઘાડી કહ્યા વિના કોઈને સમજાતી નથી, ને આ વાર્તા કેને સમજાય ? તો જે એમ સમજતો હોય જે **ભગવાનના એકાંતિક જે સંત છે તેને વિષે** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિ હોય છે **તથા હરિગીતામાં જે સાધુનાં લક્ષણ કહ્યાં છે તેણે જુક્ત તે હોય છે** તથા પોતે એકાંતિક ધર્મને ધારીને બીજાને તે ધર્મ ધરાવે એવા હોય છે અને **દેવ, સત્શાસ્ત્ર, સાધુપણું ને તીર્થ એ ચારેય પૂર્વે કહ્યા એવા જે સત્પુરુષ તેને વિષે રહ્યા છે.** કેમ જે જ્યારે એવા સત્પુરુષ જે દેવને પધરાવે છે ત્યારે તે દેવમાં દૈવત આવે છે, તથા સત્શાસ્ત્ર પણ સત્પુરુષના કર્યા થયાં છે; તથા સાધુ પણ સત્પુરુષના કર્યા થાય છે, તથા તીર્થ પણ સત્પુરુષનાં કર્યા થયાં છે પણ એ ચારેયે કરીને સત્પુરુષ નથી થાતા એમ એ ચારેય કરતાં સત્પુરુષને અધિક સમજીને તેમની સાથે હેત કરે ને પછી તે પાસેથી પૂર્વે કહ્યો જે વિવેક તેને શીખે ત્યારે આવડે પણ તે વિના ન આવડે ને આ વાતને ન સમજે તો કલ્યાણમાં બહુ ફેર રહે ને તે ફેર કોઈ રીતે પણ ન ભાંગે. ૨૨

અને કેશવદાસજીએ સ્વામીને પૂછ્યું જે 'એક તો સર્વે વાસનાને ટાળીને સત્તારૂપે રહ્યો હોય તેતો અક્ષરધામમાં રહે અને બીજો જે છે તેમાં વાસના હોય ને અક્ષરધામમાં ગયો ત્યારે એ જે એની વાસના છે તે ત્યાં ટાળે છે કે બીજે મહારાજ ટળાવે છે ? તે કહો.' ત્યારે સ્વામીએ કહ્યું જે ભગવાનના સ્વરુપનો નિશ્ચય હોય ને મહારાજની આજ્ઞા પ્રમાણે રહેતો હોય પણ જીવમાં રાગ રહ્યો હોય તો તે જ્યારે દેહ મુકે ત્યારે તેને મહારાજ અક્ષરધામમાં લઈ જાય ને પછી પોતાનો અવતાર કોઈક બ્રહ્માંડમાં થયો હોય ત્યાં તેને દેહ ધરાવે. પછી તે સંસાર તજીને જ્યાં ભગવાન હોય ત્યાં જાય ને પછી તે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કરીને સાધન કરે ત્યારે થોડેક કાળે તે વાસનાને ટાળી નાખે. કેમ જે ? પૂર્વનું બીજબળ હોય માટે તે વાસનાને પછી ટાળતાં વાર ન લાગે





અને જો ખબડદાર થઈને તે વાસના આંહી ટાળે તો આંહી પણ હમણા ટળે, પણ તે વાત થાતી નથી. કેમ જે **કોઈ અર્થ સિદ્ધ કરવો હોય તેમાં જેવી ચાડ થાય છે તેવી જ્યારે ચાડ થાય ત્યારે તે વાસનાને ટાળતાં કાંઈ વાર ન લાગે. કેમ જે ? જીવ તો અતિ સમર્થ છે તે જે વાતને કરવા ધારે તે વાતને સિદ્ધ કરે એવો છે.** તે માટે એવો વિચાર કરે જે મહારાજની મૂર્તિ સંબંધી જે સુખ તે અવિનાશી છે ને તે મૂર્તિને વિષે એક વિષય ભોગવીએ તો પંચ પ્રકારના જે પંચ ઈંદ્રિયોનાં સુખ છે તે એક કાળે પ્રાપ્ત થાય છે. એવું જે એ ભગવાનનું સુખ છે તેમાં આ લોકના જે પદાર્થ તથા પંચવિષય તથા દેહ અને દેહ સંબંધી પદાર્થ તે અંતરાય કરે એવાં છે. એમ જાણીને તે દેહ તથા દેહ સંબંધી પદાર્થ તથા પંચવિષય તે સાથે જ્યારે અતિશે દ્વેષબુદ્ધિ થાય. પણ આતો તે સાથે તો ક્યાંથી વૈર થાય ? પણ જે તે વિષયનો નિષેધ કરીને તે વિષયમાં જે દોષ છે તેને દેખાડે છે, ત્યારે તે વાતના કરનારાનો અવગુણ લે છે, તે એમ ન સમજવું. પણ એમ સમજવું જે 'મારે તે વિષયાદિકના દોષ જાણવા હતા તે દોષ મુને ઓળખાવ્યા માટે એતો મારા પરમ મિત્ર છે.' એમ જાણીને તે સાથે અતિશે હેત કરે. અને તે વિષયને વિષે કેમ દોષ બુદ્ધિ કરે ?' તો 'આ જે દેહ તથા દેહના સંબંધી છે તે ભગવાન સંબંધી જે સુખ તેમાંથી મુને પાડીને પોતાને વિષે બાંધે એવાં છે ને મુને એણે અનંત જન્મ લગી ભમાવ્યો છે ને જમનો માર ખવરાવ્યો છે ને આજ જો એને વિષે મારે પ્રીતિ રહેશે તો તે મુને અક્ષરધામમાં નહિ જાવા દીયે.' એમ જાણીને તે દેહ તથા દેહનાં સંબંધીને વિષે કેવી વૈરબુદ્ધિ થાય ? તો જેમ કોઈક પોતાના ભાઈને મારી નાખે તથા બાપને મારી નાખે તથા મા, બેન અને દીકરીને લઈ જાય તથા પોતાનો ગામ ગરાસ હોય તે લઈ લે ને પોતાને હાથે પગે કરીને કાઢી મૂકે. ત્યારે તેની ઉપર જેવી વૈરબુદ્ધિ થાય છે તેવી વૈરબુદ્ધિ નિરંતર રહે ત્યારે તેમાંથી રાગ ટળે. તથા તેમજ સ્ત્રીને પણ એમ જાણે જે 'સ્ત્રી છે તેમાં હાડ, માંસ, વિષ્ટા, પરુ, પાસ, શેડાં, પિયા, મૂત્ર, નાડીયું, મજ્જા, મેદ, સ્નાયુ છે તથા રગ રગમાં રક્ત ભર્યું છે.' એવી રીતે વસ્તુ વિચાર કરીને એ સ્ત્રીને વિષે દોષ દેખીને પછી એમ વિચારે જે 'એવી પાપરૂપ જે સ્ત્રી તેને વિષે જો મારે

અવ્યક્ત લગારે પણ રાગ રહ્યો તો મહારાજ મુને અક્ષરધામમાં નહિ રાખે' એમ જાણીને પૂર્વે કહી તેમજ સ્ત્રીને વિષે પણ વૈરબુદ્ધિ કરવી તે સ્ત્રીની વાત થાય ત્યારે ઉલટી થાય. એવી રીતે વૈરબુદ્ધિ કરીને પછી મહારાજનું માહાત્મ્ય વિચારવું જે, જે સુખને ઈંદ્ર પણ નથી પામતા તથા બ્રહ્મા પણ જે સુખને નથી પામતા તથા વૈરાટ પણ જે સુખને નથી પામતા તથા પ્રધાનપુરુષ પણ જે સુખને નથી પામતા તથા મૂળ પ્રકૃતિ પુરુષ પણ જે સુખને નથી પામતા તે સુખને આપણે પામ્યા છીએ તથા જે સુખને અક્ષર તથા અક્ષરના જે અનંતકોટી મુક્ત તે ભોગવે છે તે સુખને આપણે પામ્યા છીએ પણ તેમાં અંતરાય કરે એવી સ્ત્રી છે માટે એ સ્ત્રીનો જીવમાંથી રાગ ટાળવો. ૨૩

અને **શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય છે તેનો પણ જીવમાંથી અભાવ કરવો.** તે એમ વિચાર કરવો જે શબ્દ છે તેને સાંભળી સાંભળીને મરી ગયા તોપણ તૃપ્તિ તો થઈ નથી. ને તે શબ્દમાં હજારો ક્લેશ રહ્યા છે ને જેટલાં દુઃખ થાય છે તેટલાં શબ્દમાં રહ્યાં છે. અને ભગવાન સંબંધી જે શબ્દ છે તેમાં એકકાળે પંચવિષયનાં સુખ પ્રાપ્ત થાય છે પણ તે સુખમાં અંતરાય કરે એવો શબ્દ છે. તેમજ સ્પર્શ છે તેમાં પણ હજારો દુઃખ રહ્યાં છે, તેમાં જે કેટલાકનાં માથાં પડે છે તથા ગામગરાસ લુંટાઈ જાય છે એવાં દુઃખ થાય છે તે સ્ત્રીઆદિકના સ્પર્શમાંથી થાય છે, એવા લાખું દોષ સ્પર્શમાં રહ્યા છે. અને જે ભગવાનનો સ્પર્શ છે તેમાં એકકાળે પંચવિષયનું સુખ આવે છે. ને તેમાં અંતરાય કરનારો સ્ત્રી આદિકનો સ્પર્શ છે. તેમજ રૂપને જોઈ જોઈને મરી ગયા તોપણ તેમાંથી તૃપ્તિ પણ નથી થાતી ને તેમાં સુખ પણ જણાતું નથી. ને એ રૂપ થકી પર જે ભગવાનનું રૂપ છે તેમાં એકકાળાવચ્છિન્ન પંચ ઈંદ્રિયોનું સુખ આવે છે. પણ તેમાં અંતરાય કરે એવું આ રૂપ છે. તેમ જે રસ છે તેને પણ ભોગવી ભોગવીને મરી ગયા તોપણ હજી જીહ્વા તો તૃપ્ત ન થઈ. ને એ રસ કેવો છે ? તો એ રસ ખાઈને પુષ્ટ થાશું તો સત્સંગમાં નહિ રહેવાય. ને પછી જીવશું ત્યાં સુધી ક્લેશને પામશું. અને દેહને મુકીને જમનો માર ખાતાં ખાતાં અંત નહિ આવે. એ આદિક કરોડો દોષ રસમાં રહ્યા છે. એવો એ રસ





છે ને જે ભગવાનનો રસ છે તેમાંતો એકકાળે પંચવિષયનું સુખ પમાય છે. એવું એ ભગવાન સંબંધી સુખ છે. ને તેમાં આ જે રસ છે તે અંતરાય કરનારો છે. તેમ જે ગંધ છે તેમાંથી પણ જીવના પ્રાણ જાય છે એ આદિક અનંત દોષ એમાં રહ્યા છે, એવો એ ગંધ છે અને જે ભગવાન સંબંધી ગંધ છે તેમાં તો એક કાળે પંચવિષયનું સુખ આવે છે. પણ તેમાં અંતરાય કરનારો આ ગંધ છે. એવા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય છે. તેથી જ્યારે અતિશે પૂર્વે કહી જે દોષબુદ્ધિ તેણે કરીને જીવમાંથી રાગ ટાળીને તેનો અતિશે અભાવ આવે તે જ્યારે એ વિષય સાંભરે ત્યારે ઉલટી થઈ જાય, ત્યારે જાણવું જે તે વિષયને વિષે દોષબુદ્ધિ થઈ. તેમજ જે ક્રોધ, ઈર્ષા, મત્સર, અસુયા, દંભ, કપટ, માન, રાગ અને દ્વેષ એ આદિક જે અધર્મનો સર્ગ છે, તેને વિષે પણ અતિશે દોષ જાણે. જે 'એ દોષ છે તે મારા જીવને બંધન કરે એવા છે' એમ જાણીને તેની પૂર્વે કહી જે દોષબુદ્ધિ તેવી દોષબુદ્ધિ જીવમાં ઉતારે ને તે દોષનું કોઈ નામ લે ત્યારે તેના રોમ ઉભાં થાય ને અતિશે ગ્લાનિ પામી જાય ને **જેમ એકનો એક દીકરો મરે ને તેનો શોક તેનાં માબાપને થાય છે તેમ તે દોષ સાંભળીને શોક થાય ત્યારે જાણવું જે તેને દોષબુદ્ધિ થઈ.** ૨૪

અને **વિષયમાં દોષબુદ્ધિ તે ક્યારે દૃઢ થાય તો જ્યારે ભગવાનના સુખમાં દૃષ્ટિ પુગે ત્યારે થાય.** જેમ કોઈ પુરુષ હોય તે કહે જે 'દિવસ ઉગ્યા પહેલાં જે આવે તેને બસેં રૂપૈયા આપીશ' ત્યારે તેને લેવાની કેવી ચાડ થાય છે ને તેને કોઈક કહે જે 'તું આંહી રહે ને તુંને પાંચ રૂપૈયા આપીશ અને જલેબી જમાડીશ.' એમ કહે ત્યારે એને તેનો સામો અભાવ આવે જે 'મુને બસેં રૂપૈયા મળે છે તેમાં એ અંતરાય કરે છે તે માટે એ જ મારો શત્રુ છે.' તેમ જેને એમ જણાય જે આ લોકના પંચવિષય છે તે ભગવાનના ધામમાં જાતાં અંતરાય કરે એવા છે, એમ જાણીને તે ઉપર અતિશે દોષબુદ્ધિ કરે. તે ઉપર મહાભારતમાં એક વાત છે જે વ્યાસજી ચાલ્યા જતા હતા ત્યારે માર્ગમાં એક કીડો પડ્યો હતો. તે કીડો ગાડાં આવતાં હતાં તેથી ભય પામીને માર્ગમાંથી બહાર નિસર્યો. ત્યારે વ્યાસજીએ તેને પૂછ્યું જે 'તું અવળો કેમ ચાલ્યો ?' ત્યારે તે બોલ્યો જે

'ગાડાં આવે છે તે પીલાઈ મરું તે વાસ્તે બહાર નિસર્યો.' ત્યારે વ્યાસજીએ કહ્યું જે 'મુવા, આંહી શું સુખ છે ?' ત્યારે તે બોલ્યો જે 'હે મહારાજ ! આ દેહમાં બહુ સુખ આવે છે.' ત્યારે વ્યાસજીએ કહ્યું જે 'તું મારા સામું જો.' એમ કહી તેને દેહ મુકાવી કોઈક રાજાની રાણીમાં મૂક્યો. પછી તે જનમ્યો ને દશ વીશ વરસનો મોટો થયો ને નાના પ્રકારનાં સુખ ભોગવીને મોજો કરે છે એવા સમયમાં વળી વ્યાસજી ત્યાં બજારમાં થઈને નિસર્યા ત્યારે તે કુંવર ગોખ ઉપર બેઠો હતો તે વ્યાસજીને જોઈને બોલ્યો જે 'એમને મેં દીઠા છે' ત્યારે તેને વ્યાસજીએ પૂર્વની સ્મૃતિ કરાવીને કહ્યું જે 'ઓ કેવું સુખ હતું ?' ત્યારે તેણે કહ્યું જે હે મહારાજ ! એતે સુખ શાનું ? આ તો બહુ સુખ છે' ત્યારે તેને વ્યાસજીએ કહ્યું જે 'આથી પણ આગળ ઘણું સુખ છે' પછી વળી તેને દેહ મુકાવીને કોઈક ચક્રવર્તી રાજાનો કામદાર ને તેને ઘેર હજારો વહાણ ચાલે ને વાણોતર કમાણી કરે એવા શેઠને ઘેર જન્મ ધરાવ્યો. પછી વળી દશ વીશ વરસ થયાં ત્યારે ત્યાં વ્યાસજી આવ્યા ને તેને કહ્યું 'કેમ ઓ સુખ જેવું આ સુખ છે કે નહિ ?' ત્યારે તેણે કહ્યું જે 'આ તો બહુ સુખ છે' પછી તેને ભારે વેદ પુરાણને ભણે ભણાવે ને સર્વ શાસ્ત્રના અર્થને જાણે ને હજારું રૂપિયાનું વર્ષાસન ચાલ્યું આવે એવા બ્રાહ્મણને ઘેર જન્મ ધરાવ્યો પછી તો તે બીજબળવાળો હતો તેથી થોડે દિવસે કરીને વિદ્યા માત્રને ભણી ગયો ને શાસ્ત્રમાં કહેલ જે આ પુણ્યે કરીને આવા સુખને પામે ને આ પાપે કરીને આવા દુ:ખની પ્રાપ્તિ થાય એ સર્વે વાતની ગમ પડી. ત્યારે વળી વ્યાસજી આવ્યા ત્યારે તેણે વ્યાસજીને પગે લાગીને કહ્યું જે 'તમે તો મારા ઉપર બહુ અનુગ્રહ કર્યો' પછી વ્યાસજીએ પૂછ્યું જે 'ઓ સુખ કેવું હતું ?' ત્યારે તેણે કહ્યું જે 'એ શું સુખ હતું ? હવે તો તે સર્વે વાતની ખબર પડી' ત્યારે વ્યાસજીએ તેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિનો ઉપદેશ કરીને કહ્યું જે 'ધ્યાન કર' પછી સમાધિ કરાવીને ભગવાનના દર્શન કરાવ્યા. પછી તેને દેહ મુકાવીને ગરીબ બ્રાહ્મણને ઘેર દેહ ધરાવ્યો પછી તેને ઉપદેશ કરીને ત્યાગી કર્યો ને વાસના ટાળીને ભગવાનના ધામમાં પહોંચાડ્યો. તેમ **જીવને જેમ જેમ આગળ અધિક સુખ જણાય તેમ તેમ વિષયમાંથી**





**પ્રીતિ તુટે માટે જે બુદ્ધિમાન હોય તેણે ભગવાનના સુખમાં દૃષ્ટિ પુગાડવી.** ને એમ સમજે ત્યારે આ લોકમાં મોટા શાહુકાર તથા ચક્રવર્તી રાજાનું સુખ તથા વૈભવ તે ગરીબના સુખથી અતિ ઉત્તમ જણાય. તેમજ તેથી દેવતાનાં સુખને વિચારે ત્યારે રાજાના સુખમાંથી પ્રીતિ મુકીને તે સુખમાં વૃત્તિ વળગે ને તેથી જ્યારે ઈંદ્રના સુખને વિચારે ત્યારે તે સુખની આગળ દેવતાનું સુખ તે શી ગણતીમાં ! એમ જાણીને તેથી ઉદાસ થઈને ઈંદ્રના સુખમાં વૃત્તિ પુગે ને તેથી આગળ જ્યારે બ્રહ્માના સુખનો વિચાર કરે ત્યારે તે ઈંદ્રના સુખની તુચ્છતા થઈ જાય. કેમ જે તે બ્રહ્માની આવર્દામાં ચૌદ ઈંદ્ર તો મરી જાય છે ને તેથી આગળ જ્યારે વૈરાટના સુખનો વિચાર કરે ત્યારે તે બ્રહ્માનું સુખ તુચ્છ થઈ જાય છે કેમ જે વૈરાટના એક દિવસમાં બ્રહ્મા પોતે મરી જાય છે તેથી આગળ જ્યારે પ્રધાનપુરુષના સુખનો વિચાર કરે ત્યારે વૈરાટનું સુખ તુચ્છ થઈ જાય છે. કેમ જે તે પ્રધાનપુરુષના એક મટકામાં અનંત વૈરાટ થાય છે ને પડી જાય છે અને તેની આગળ જ્યારે મહાપુરુષના સુખનો વિચાર કરે ત્યારે તે પ્રધાનપુરુષના સુખનું તુચ્છપણું થઈ જાય છે. કેમ જે મૂળ પ્રકૃતિને વિષે પ્રધાનપુરુષ તે કેમ છે તો જેમ નિમિત્તપ્રલયને વિષે ધ્રુવના તારા સુધી જળ ભરાય છે તેમાં જેમ અનંત બુદબુદ થાય છે ને મટી જાય છે તેમ મહા માયાને વિષે અનંત પ્રધાનપુરુષ થાય છે ને મટી જાય છે ને તેની આગળ અક્ષરના સુખનો વિચાર કરે ત્યારે તે મહાપુરુષના સુખનું તુચ્છપણું થઈ જાય. કેમ જે જ્યારે અક્ષર તે મહાપુરુષ સામું જુવે છે ત્યારે તે મહાપુરુષ માયાને પ્રેરવાને સમર્થ થાય છે ને તેથી આગળ જ્યારે **પુરુષોત્તમ ભગવાન જે શ્રીજી મહારાજ તેની મૂર્તિના સુખનો વિચાર કરે ત્યારે તે અક્ષરનું સુખ પણ તુચ્છ થઈ જાય છે.** કેમ જે અક્ષર તે અનંતકોટિ મુક્તને ધારવાને સમર્થ થાય છે તે પુરુષોત્તમ મહારાજની દૃષ્ટિ વડે થાય છે એવા જે એ પુરુષોત્તમ તે આપણને પ્રગટ મળ્યા છે તેમને મૂકીને જે બીજા સુખને ઈચ્છે છે તેને આવો મહિમા સમજાણો નથી ને તે એ મોટપને મેલીને માનને ઈચ્છે છે, સ્વાદને ઈચ્છેછે, સ્પર્શને ઈચ્છે છે, લોભને ઈચ્છે છે, ને તે સુખને મૂકીને જે વિષય ભોગને ભોગવવા ઈચ્છે છે તે સર્વે મૂર્ખ છે ને તેને આ વાત સમજાણી જ નથી. ૨૫

અને ભગવાનનું જે માહાત્મ્યજ્ઞાન તથા વિષયમાં દોષદૃષ્ટિ એ બેયના જાણપણાને વિષે નિરંતર સાવધાન થકો વર્તે ને જેમ સંકલ્પ થાય તેમ ટાળી નાખે, એમ જ્યારે નિરંતર કર્યા કરે ત્યારે વિષયના સંકલ્પ થાય છે તે જીતાય. **અને મહારાજે આપણને શિક્ષાપત્રી, ધર્મામૃત અને નિષ્કામશુદ્ધિ એ ત્રણ ગ્રંથ પ્રમાણે વર્તવાનું કહ્યું છે તે પ્રમાણે વર્તે ત્યારે સ્થૂળ દેહ અને ઇંદ્રિયોના વિષય જીતાય** પણ મનમાં વિષયના સંકલ્પ થાતા હોય તે ન જીતાય. તે તો જ્યારે પૂર્વે કહી જે **વિષયમાં દોષદૃષ્ટિ અને ભગવાનનું માહાત્મ્યજ્ઞાન એ બેને જ્યારે સિદ્ધ કરે ત્યારે મનમાં વિષયના સંકલ્પ થાય છે તે બંધ થાય** અને જ્યારે સંકલ્પ બંધ થાય ત્યારે સૂક્ષ્મદેહનો નાશ થાય અને સૂક્ષ્મદેહનો નાશ થાય તો પણ લિંગદેહ ન ગળે. અને તે લિંગદેહ કેવું છે ? તો મન થકી પર જે બુદ્ધિ તે થકી પર ને કારણ શરીરે યુક્ત અજ્ઞાનમય એવો અનાદિ જીવ છે તે જીવમાંથી અવ્યક્ત પંચ વિષયનો રાગ ઉઠે છે અને પછી તેનો સૂક્ષ્મદેહમાં સંકલ્પ થાય છે. તે પંચ વિષયનો રાગ જેમાંથી ઉઠે છે તેને લિંગદેહ કહીએ. તે લિંગદેહ તો ટળવું બહુ કઠણ છે. તે ક્યારે ગળે ? તો જ્યારે નિત્યપ્રલયે કરીને આ લોકનો નિષેધ કરે, અને નિમિત્તપ્રલયે કરીને દશ લોકનો નિષેધ કરે, અને પ્રાકૃત પ્રલયે કરીને અનંતકોટિ બ્રહ્માંડનો નિષેધ કરે ને પ્રકૃતિનું કાર્ય સર્વે પ્રકૃતિને વિષે લીન કરે અને આત્યંતિક પ્રલયે કરીને પ્રકૃતિને પુરુષને વિષે લીન કરે ને મહાપુરુષને અક્ષરને વિષે લીન કરે. એમ આત્યંતિક પ્રલયનું ઉપશમ કરીને પછી તે **અક્ષરને પોતાનું સ્વરૂપ માનવું અને તે અક્ષરરૂપ એવો જે પોતાનો જીવાત્મા તેને વિષે પુરુષોત્તમ જે શ્રીજી મહારાજ તેની મૂર્તિનું ધ્યાન જ્યારે નિરંતર કરે ત્યારે તે વાસના લિંગદેહનો ભંગ થાય** ને તે વિના બીજા કોટી ઉપાય કરે તો પણ એ લિંગદેહનો ભંગ ન થાય. ને જ્યારે લિંગદેહનો ભંગ થાય ત્યારે મહારાજની સેવામાં રહેવાય ને લિંગદેહનો ભંગ થયા વિના ક્લેશે રહિત સુખ ન આવે ને પુરુષોત્તમ મળ્યા છે તે અક્ષરધામમાં તો લઈ જાય પણ લિંગદેહનો ભંગ થયા વિના ત્યાં ન રહેવાય. ને તે **અક્ષરધામમાં જે બહુ સુખ છે તે**





**પંચવિષય સંબંધી નથી પણ પુરુષોત્તમ જે શ્રીહરિકૃષ્ણજી મહારાજ તેની મૂર્તિનું છે ને તે મૂર્તિમાં એક એક વિષયમાંથી પંચવિષયનું સુખ આવે છે.** તે વિના બીજું સુખ ત્યાં નથી. ને મૂર્તિ સામું મેષોન્મેષ નિરંતર જોઈ રહેવાથી તે સુખ આવે છે ને તે સુખે કરીને જ સર્વે સુખિયા છે. અને તે સુખ કેને આવે ? તો જ્યારે જેને લિંગદેહ ગળે ત્યારે તેને આવે છે. ને **લિંગદેહ ન ગળ્યું હોય તો મૂર્તિ સંબંધી સુખ લેવાય નહિ, ને ત્યાં રહેવાય પણ નહિ.** તે કાઢવો ન પડે પણ એતો પોતાની મેળે જ કોઈક મોટા ઐશ્વર્યમાં જોડાઈ જાય. તે ઉપર મહારાજે વાત કરી હતી જે 'આ વૈરાટ પુરુષ છે તે જ્યારે કોઈક સમે પુરુષોત્તમનો અવતાર પૃથ્વી ઉપર હતો ત્યારે તે પુરુષોત્તમના ભક્ત હતા. તેને એટલો સંકલ્પ રહ્યો હતો જે આ બ્રહ્માંડનું કામ કેમ થાતું હશે ? એવો સંકલ્પ લગારેક રહ્યો હતો તોપણ કેટલાક કાળ ત્યાં રહ્યા ને પછી જ્યારે સૃષ્ટિ થઈ ત્યારે તેમણે ભગવાનને કહ્યું જે હે મહારાજ ! જો તમે કહો તો આ બ્રહ્માંડમાં સમાસ છે તે હું જાઉં ? ત્યારે ભગવાને આજ્ઞા આપી તે આ વૈરાટ થયા છે.' માટે **વાસના લિંગદેહનો નાશ થયા વિના અક્ષરમાં ન રહેવાય** એતો પોતાની મેળે જ માગ દઈ જાય. માટે આ વાતને સાંભળીને શૂરવીર થઈને જો ખરેખરો સાવધાન થઈને મંડે તો થોડાક દિવસમાં આંહીં તો વાસના ટળે એવો આજ મહારાજનો પ્રતાપ છે. ને પછી તો સાધન કરતે કરતે ઘણે કાળે કરીને માંડ માંડ ટળે. માટે આ વાતનું શ્રવણ, મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કાર કરજો, પણ ભુલશો નહિ. ને બીજા સર્વે કામનો ત્યાગ કરીને આ વાત કરવાની છે ને મનમાં એવી ગાંઠ વાળવી જે લિંગદેહને ટાળીને નિરંતર મહારાજની મૂર્તિનું ચિંતવન કરવું છે. માટે આ વાતને ચિંતામણિની પેઠે રાખજો. ૨૬

અને અક્ષરાનંદ સ્વામીએ પૂછ્યું જે 'જીવમાં કામાદિક સ્વભાવ છે તે અનાદિ છે કે સંગે કરીને પણ આવે છે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે એ સ્વભાવ કેટલાકને તો અનાદિના હોય છે ને કેટલાકને સંગે કરીને પણ આવે છે. તેમાં જે **પૂર્વનો સ્વભાવ હોય તે તો બાળપણમાંથી જ જણાય છે.** તે કેમ ? તો જેમ બે નાના છોકરા હોય તેમાં એકને તો નાનો હોય ત્યારથી જ તેમાં

ક્રોધ, લોભ, માન, સ્વાદ, સ્નેહ, કામ, મત્સર, દંભ ઈત્યાદિક દોષ હોય ત્યારે જાણવું જે એ દોષ એનામાં પૂર્વના છે. ને એક નાનો હોય ત્યારે સાધુ સ્વભાવનો હોય ને પૂર્વે કહ્યા જે દોષ તે તેમાં હોય નહિ. ત્યારે એમ જાણવું જે એનામાં પૂર્વના ભૂંડો સ્વભાવ નથી. અને ભૂંડો હોય તેને જો સારો સંગ મળે તો તે સારો થાય છે ને સારો હોય તેને જો ભૂંડો સંગ મળે તો તે ભૂંડો થાય છે. ૨૭

અને વળી સ્વામીએ વાત કરી જે ગમે તેવો નિષ્કામી હોય પણ જો કામીનો જોગ કરે તો તે પણ કામી થાય. તથા ગમે તેવો નિર્લોભી હોય ને જો લોભીનો સંગ કરે તો તે પણ લોભી થઈ જાય. ઈત્યાદિક **ભૂંડાને સંગે ભૂંડો થાય. તેમ જો સારાનો સંગ થાય તો સારો થાય** જેમ ગમે તેવો કામી હોય ને તે જો નિષ્કામી પુરુષનો સંગ કરે તો પોતે નિષ્કામી થાય. ઈત્યાદિક નિર્દોષ પુરુષનો સંગ કરે તો તે પણ નિર્દોષ થાય. માટે **જે મુમુક્ષુ હોય ને પોતાના દોષને ટાળવાની ઇચ્છા હોય તેણે દોષવાળાથી તો જેમ સર્પ તથા વાઘ થકી બીને છેટે રહેવાય છે તેમ બીને છેટે રહેવું.** અને સંગ તો કેનો કરવો ? તો જે સર્વે પ્રકારે દોષે રહિત હોય ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત એકાંતિક ભક્તિયે યુક્ત હોય ને જગતની કોરે સુષુપ્તિ વર્તતી હોય અને ભગવાનના સ્વરૂપનો મહિમા સમજવો ને ભગવાનનો નિર્વિકલ્પપણે નિશ્ચય કરવો ને ભગવાનની મૂર્તિને સંભારવી તેને વિષે નિરંતર જાગૃત વર્તતા હોય એવા સાધુનો ખાતાં, પીતાં, ચાલતાં એ આદિક સર્વે ક્રિયામાં સંગ કરવો તથા રાત્રીએ સુવું ત્યારે પણ એવા પાસે સુવું. ૨૮

અને **જે શૂરવીર હોય તેને તો એમ વર્તે** જે 'આપણે આ દેહને સુખ થાય છે કે દુઃખ થાય છે' એ બે માંથી કોઈ જાતના સંકલ્પ ન થાય. એને તો એવો એકજ સંકલ્પ હોય જે 'ગમે તેવું સુખ તથા દુઃખ થાય તોપણ આ દેહને મહારાજની આજ્ઞામાં વર્તાવીને દેહને નિયમમાં કરવો છે.' પછી તે ભક્ત ઈંદ્રિયુંને વશ કરીને તથા ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યને અતિ દૃઢ કરીને તથા પંચવિષયના સંકલ્પને ટાળીને તથા સૂક્ષ્મ દેહનો નાશ કરીને પછી વિષયમાં જે અવ્યક્ત રાગ હોય તેને ઉપશમ અને ભગવાનના ધ્યાન વડે ટાળીને પછી





લિંગદેહના ભૂકા કરીને **જીવને બ્રહ્મરૂપ કરીને પુરુષોત્તમ જે શ્રીજી મહારાજ તેમની સેવામાં અક્ષરધામમાં જઈને રહે પણ કોઈ માન મોટપમાં બંધાય નહિ ને તેનો રોક્યો રોકાય નહિ.** એવો જે ભક્ત હોય તેને એકાંતિક ભક્ત જાણવો એમ શૂરવીરને ઓળખવો. ૨૯

અને સ્વામીએ એમ વાત કરી જે જીવ જેજે કરે છે તે એમ કરે છે જે માન, મોટાઈ ને વિખ્યાતિ કરવી તથા પોતાની મોટપ જણાવવી તેને અર્થે શાસ્ત્ર ભણે છે તથા સારા અક્ષર લખવા શીખે છે. તથા સારી રસોઈ શીખવી તથા ગાવણું શીખવું તથા કીર્તન શીખવાં તથા વાતો શીખવી ને **કોઈને ઉપદેશ કરવો એ આદિક ક્રિયાને ભામે ચડી જાય છે. પણ કોઈ એવે ભામે નથી ચડતો જે** આ જીવનો મોક્ષ કરવો ને તેમાં અંતરાયરૂપ એવો જે દેહ તે રથ છે અને તેને ઈંદ્રિયુંરૂપ ઘોડા જોડ્યા છે ને મનરુપ રાસડી છે ને બુદ્ધિરૂપ જે સારથી તે એ રથનો હાંકનારો છે અને રથી જે જીવ છે તેણે બુદ્ધિરૂપ સારથીને નિયમમાં કરીને મનરૂપ રાસડી વતે તે ઈંદ્રિયુંરૂપ ઘોડાને વશ કરીને દેહને ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તાવવો. અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યને અતિ દૃઢ કરીને, મનના સંકલ્પને જીતીને અને અતિ ઉત્તમ ઉપશમને સિદ્ધ કરીને પછી તે ઉપશમ અને ભગવાનનું ધ્યાન તેણે કરીને વાસના જે અવ્યક્ત રાગ છે તેને ટાળી નાખીને **ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે જેવી દેહને વિષે આત્મબુદ્ધિ વર્તે છે તેવી આત્મબુદ્ધિ કરીને મહારાજનું નિરંતર ધ્યાન કરવું ને તેમાં જે અંતરાય કરે તેનો ત્યાગ કરવો.** આ વાતનો આગ્રહ કોઈ નથી કરતા ને આટલી વાત કરીએ છીએ પણ કોઈને ચટકી નથી ચડતી. ૩૦

અને અક્ષરાનંદ સ્વામીએ પૂછ્યું જે 'સવિકલ્પ અને નિર્વિકલ્પ નિશ્ચય હોય તે કેમ ઓળખ્યામાં આવે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે જેને નિર્વિકલ્પ નિશ્ચય હોય તે વિષયમાં ન લેવાય ને **જેને સવિકલ્પ નિશ્ચય હોય તેતો**

**વિષયનો ત્યાગ કરવા જાય તો પણ વિષયમાં એક રસ થઈ જાય.** ને **નિર્વિકલ્પ નિશ્ચય જેને હોય તેને દેહ તથા દેહ સંબંધી પદાર્થ તથા દેહની શુશ્રૂષા કરનારો એટલાને વિષે પ્રીતિ ન થાય.** ને સામો એમ જાણે જે 'રખે મારે એને વિષે હેત રહી જાય, ને જો લગારેક એને વિષે મારે હેત રહેશે તો મારે ભરતજીની પેઠે દેહ ધરવો પડશે.' એમ જાણીને અતિશે બીતો રહે ને જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ અવસ્થામાં જ્યારે દેખે ત્યારે તેને વિષે સાવધ રહે પણ હેત થાય નહિ ને પંચ વિષયને વિષે પણ એને ત્રણેય અવસ્થામાં દેશકાળે પણ રાગ ન થાય તથા કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષા, અસુયા, સ્નેહ, રસાસ્વાદ, અહંમમત્વ એ આદિક કોઈ અધર્મના સર્ગમાં લેવાય નહિ ને તે કોઈક દેશકાળે પણ એને વિષે ન લેવાય. કેમ જે એ ભૂંડા દેશાદિકને સેવે જ નહિ. ને તે પંચવિષયમાં તથા કામાદિક અધર્મ-સર્ગમાં જો લગારેક પણ લેવાય તો એમ જાણવું જે એને વિષે એટલું સવિકલ્પપણું છે. તે જેમ બ્રહ્મા, વિષ્ણુ, શિવ, વૈરાટ પુરુષ, પ્રધાન પુરુષ ને મૂળપ્રકૃતિ પુરુષ એ સર્વે સવિકલ્પ નિશ્ચયવાળા છે તો એ વિષયનો ત્યાગ કરવા જાય તો પણ વિષયમાં એકરસ થઈ જાય છે પણ તેનાથી ઐશ્વર્યનો ત્યાગ કરીને સત્તારૂપ થઈને એ ઉપાધિનો ત્યાગ નથી થાતો. અને જે **અક્ષરના મુક્ત ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા છે તે તો એક પુરુષોત્તમ એવા જે શ્રીજી મહારાજ તેની મૂર્તિમાં જ સુખ પામે છે પણ તે મૂર્તિ વિના અક્ષરને સુખે તથા આત્માને સુખે કરીને પણ અકળાઈ જાય છે પણ તે મૂર્તિ વિના રહી શકતા નથી.** અને શ્વેતદ્વીપના મુક્ત મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા છે ને બદરિકાશ્રમના મુક્ત કનિષ્ટ નિર્વિકલ્પ નિશ્ચયવાળા છે તો પણ તેને કોઈ દિવસ વિષયમાં લગાર પણ માલ નથી જણાતો. તેમ આંહી પણ જેને નિર્વિકલ્પ નિશ્ચય હોય તેને કોઈ દિવસ વિષયમાં રાગ નથી થાતો - તેને તો એ પંચવિષય ઝેર જેવા લાગે છે. જેમ નપુંસક પુરુષ હોય તે જો હજારો સ્ત્રીયું ભેળો રહે તો પણ તેને સ્ત્રીયુંને વિષે રાગ નથી થાતો. તેમ તેને પણ તે વિષયમાં રાગ ન થાય. તથા જેમ અતિ રોગી હોય તેને ગમે તેવા પંચવિષય પ્રાપ્ત થાય તોપણ તેને તે





વિષય ભોગવવાનો કોઈ દિવસ મનમાં રાગ લગારે પણ ન થાય. તેમ જેને નિર્વિકલ્પ નિશ્ચય હોય તેને ગમે તેવા પંચવિષય સંબંધી ભોગ પ્રાપ્ત થાય તો પણ તેમાંથી સામો ઉદાસ થાય પણ તેમાં રાગ ન થાય ને લગારે પણ માલ ન જણાય. તેમ તે નિર્વિકલ્પ નિશ્ચયવાળો વિષયને ભોગવવા જાય તો પણ તે વિષય ભોગવાય નહિ. જેમ એક તો રેતી પલાળીને ઈંટ્યો ચણી હોય ને એક તો ચુનામાં ઈંટ્યો ચણી હોય તે રેતીમાં ચણી હોય તે તર્ત પડી જાય. તેમ જે નિર્વિકલ્પ નિશ્ચયવાળો વિષયમાં રાગ કરવા જાય તો પણ થાય નહિ. અને જે સવિકલ્પ નિશ્ચયવાળો હોય તે તો જેમ વિષયનો ત્યાગ કરવા જાય તેમ તે વિષયમાં સામો એકરસ થાય. જેમ ચુનામાં ઈંટ્યો એકરસ થઈ જાય છે તેમ. માટે જે નિર્વિકલ્પ નિશ્ચયવાળો હોય તેને તો એક પુરુષોત્તમ એવા જે આ પ્રગટ પ્રમાણ શ્રીજી મહારાજ તેની મૂર્તિ વિના અક્ષર તથા આત્મા એ બેમાં પણ સુખ આવે નહિ ને મૂર્તિ ન દેખાય તો તપી જાય. ને વળી એમ સમજે જે મહારાજને તો કોઈ નિવૃત્તિ ધર્મની કે પ્રવૃત્તિ ધર્મની એ આદિક કોઈ ક્રિયા કોઈ પાસે કરાવવી નથી એ તો જેને જે ક્રિયાનો રાગ હોય તેને તે ક્રિયાને વિષે પ્રેરે છે. પણ પોતાને તો એક પોતાની મૂર્તિના દર્શન કરાવવાં છે પણ બીજું કાંઈ કોઈ પાસે કરાવવું નથી. ને જે મહાપુરુષાદિક ઐશ્વર્યમાં જોડાણા છે તે તો પોતાને ઐશ્વર્ય ભોગવવાની વાસના છે તે માટે જોડાણા છે એમ જે સમજતો હોય તેને નિર્વિકલ્પ નિશ્ચયવાળો જાણવો ને એમ જે ન સમજતો હોય તથા **જેને વિષયમાં લગારેક પણ રાગ હોય તેને સવિકલ્પ નિશ્ચયવાળો જાણવો.** એમ સવિકલ્પ અને નિર્વિકલ્પ નિશ્ચયવાળા પુરુષનાં લક્ષણ છે તે જો આ વાતને વિચારે તો જેમ દર્પણમાં ખબર પડે છે તેમ તે બે પ્રકારના પુરુષનાં લક્ષણ યથાર્થ જણાય. ૩૧

અને એક દિવસ સ્વામીએ અતિ દયાએ કરીને પોતાની મેળે વાત કરી જે જીવને મોક્ષને માર્ગે ચાલવામાં હજારો વિઘ્ન છે. માટે નિર્વિઘ્ન મોક્ષ થાવો બહુ કઠણ છે. તે જેમ ખાંડાની ધાર ઉપર ચાલવું એવું મોક્ષને માર્ગે ચાલવું કઠણ છે કેમ જે પ્રથમ સંસારમાંથી સત્સંગી થાવું હોય ત્યારે હજારો રોકનારા

મળે. ને એમ કરતાં કોઈ જોગે સત્સંગ થાય તો પણ નક્કી સત્સંગી થઈને મહારાજની આજ્ઞા પ્રમાણે ધર્મવરો કાઢવો તથા મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું તથા આચાર્ય, સંત કે લક્ષ્મીનારાયણ દેવને દર્શને આવવું તેમાં હજારો પોતાની નાતજાતના ને સંબંધીના કારસા આવે. ને એમ કરતાં નક્કી સત્સંગી થાય તો પણ તેને સાધુ થાવું હોય તો હજારો વિઘ્ન આવે. કેમજે જ્યારે એ સાધુ થાવાનું કરે ત્યારે એક તો પોતાનાં સંબંધી જે મા, બાપ, ભાઈ, બોન તથા સસરો આદિક તથા પોતા પાસે કરજ માગતો હોય તે, તથા રાજા અને વસવાયાં એ સર્વે વેરી થઈને ત્યાગી ન થાવા દીયે. ને એમ કરતાં પણ જો ત્યાગી થાય તો એકાંતિક ધર્મવાળા ને ભગવાનની મરજી પ્રમાણે વર્તતા હોય એવા જે સાધુ તેનો સંગ મળવો બહુ કઠણ છે. કેમજે પોતાના સંબંધીનો ત્યાગ તો થાય પણ આંહીં કોઈ પક્ષમાં બંધાણો હોય તથા ગુરુમાં બંધાણો હોય એ આદિક હજારો અંતરાય તેમાં આડા આવે છે. તેનો ત્યાગ કરીને મુમુક્ષુએ પણ એકાંતિકના ન થવાય તો બીજાની શી વાત કહેવી ? ને એવા એકાંતિક તો મહારાજે કહ્યા હોય જે 'આની આજ્ઞામાં વર્તજો.' પણ તે આજ્ઞા પ્રમાણે વર્તીને એકાંતિકના થાવું તે બહુ કઠણ છે. ને એવાનો સંગ થાય તો પણ લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, માન, મત્સર, ઈર્ષા ને અસુયા એ આદિક **અધર્મનો ત્યાગ કરીને મહારાજની આજ્ઞા પ્રમાણે યથાર્થ વર્તવું એ બહુ કઠણ છે** ને એમ વર્તાય તો પણ ભગવાનની નિરંતર સ્મૃતિ રાખવી એ બહુ કઠણ છે ને એ કરતાં પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્યને અતિ દૃઢ કરીને તથા **સ્થૂળ દેહની વાસના ટાળીને ઇંદ્રિયોને વશ કરવી. અને પછી સૂક્ષ્મદેહમાં જે પંચવિષયના સંકલ્પ થાય છે તે સંકલ્પને જીતીને મનને વશ કરવું. પછી લિંગદેહ જે કારણ શરીર તેમાં પંચ વિષયની અવ્યક્ત વાસના છે તેને ટાળીને જીવમાં ભગવાનનું ભજન કરવું તે કઠણ છે** ને તે કરતાં ચાર પ્રકારના પ્રલયે કરીને પ્રકૃતિ પુરુષ પર્યંત સર્વે નાશવંત જાણીને પછી ઉપશમે કરીને પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સાથે એક કરીને પછી તે **ઉપશમ અને મહારાજની મૂર્તિનું ધ્યાન એ બેયે કરીને વાસનામય લિંગદેહનો ભંગ કરવો એ અતિ કઠણ છે.** અને તે





સર્વે કરતાં પણ મહારાજને સર્વે અવતારના અવતારી જાણીને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરીને પછી મહારાજની મૂર્તિમાં અતિ પ્રેમલક્ષણા ભક્તિએ કરીને સ્નેહ કરવો ને મહારાજની મૂર્તિ વિના અક્ષરના સુખમાં પણ ન લેવાય ને અકળાય જાય, **એક ભગવાનની મૂર્તિયે કરીને જ ગુલતાન રહે એવા મુક્ત થાવું એ સર્વેથી અતિ કઠણ છે.** ને એવો મુક્ત થયો ત્યારે તેને સાધન માત્રનો અંત આવ્યો પછી તે ભક્તને ભગવાનની મૂર્તિનું કેવું સુખ આવે ? તો જેવું ભગવાનને પોતાનું સુખ આવે છે, તેવું તે ભક્તને પણ ભગવાનની મૂર્તિમાંથી સુખ આવે છે. ને તે ભક્ત તો પંડે ભગવાનનું કામ હોય તો પણ તે કરે એવો થાય છે. માટે આ પૂર્વે કહ્યાં એવાં જે સર્વે વિઘ્ન તેને ઉલ્લંઘે ત્યારે એવા થવાય છે. ને તે વિઘ્ન ક્યારે ઉલ્લંઘાય તો જ્યારે આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું ને દાસપણું એ ત્રણ અંગે યુક્ત એવા સાધુનો સંગ થાય ત્યારે તેને પ્રતાપે કરીને એટલાં વિઘ્નને ઉલ્લંઘીને એવો મુક્ત થાય ને તે વિના તો પુરુષોત્તમ મળ્યા હોય તો પણ એવો ભક્ત ન થવાય. એ વાત તે એમ જ છે પણ એમાં સંશય નથી. ૩૨

અને સ્વામીએ એમ વાત કરી જે કોઈક હરિભક્ત તો કાંઈ પાકો સત્સંગી ન હોય ને દેહ મૂકે ત્યારે બોલતો બોલતો દેહ મૂકે છે ને કોઈક તો પાકો હરિભક્ત હોય તો પણ તે કાંઈ સામર્થી ન જણાવે ને એમને એમ ઘેનમાં ને ઘેનમાં દેહ મૂકે છે. તેનું તો એમ છે જે આ દેહરૂપી તો દરવાજો છે તે જ્યારે મહારાજના દર્શન થાય છે ત્યારે દેહ મૂકીને તે ભક્ત મહારાજની મૂર્તિ ભેળો ચાલ્યો જાય છે, ને જેને જે વાતની ઈચ્છા હોય તે તેવા લોકમાં રહે છે. તેની વિક્તિ જે જેને અપસરાઉં તથા બીજા પંચવિષયની ઈચ્છા હોય તે દેવલોકમાં રહે ને મૂર્તિ આગળ ચાલી જાય. ને જેને અમૃત પાનની ઈચ્છા હોય તે ચંદ્રલોકમાં રહે ને જેને ધનમાં રાગ હોય તે કુબેર થાય ને જેને કામભોગની ઈચ્છા હોય તે ઈલાવૃતખંડમાં જાય ને જેને બહુ રૂપની ઈચ્છા હોય તે કામદેવ થાય ને જેને પ્રજાની ઈચ્છા હોય તે બ્રહ્મા થાય ને જેને બ્રહ્માંડને જોયાની ઈચ્છા હોય તે વૈરાટ થાય અને જેને બ્રહ્માંડ કર્યાની ઈચ્છા હોય તે પ્રધાન પુરુષ થાય, અને જેને સર્વનું નિયંતાપણું તથા સર્વ જીવનું અંતર્યામીપણું તથા અનંતકોટિ

પ્રધાન પુરુષને ઉપજાવવા તથા સર્વને નિયમમાં રાખવા ને નાના પ્રકારના વિષય ભોગને ભોગવવા એ આદિકની જેને ઈચ્છા હોય તે મહાપુરુષ થાય છે. અને જેને પ્રગટ ભગવાનની આજ્ઞા લોપીને ધર્મની ઈચ્છા હોય તેને મહારાજ વૈકુંઠમાં મૂકે છે ને જેને સર્વે ઈંદ્રિયુંને જીતીને તપ કરવાની ઈચ્છા હોય તેને બદરિકાશ્રમમાં મૂકે છે ને જેને નિરન્નમુક્ત થાવાની ઈચ્છા હોય તેને શ્વેતદ્વીપમાં મૂકે છે અને જેને આજ્ઞા લોપીને નાનાં પ્રકારનાં વસ્ત્ર તથા ઘરેણાં વતે તથા ભગવાનને થાળ ધરવા તથા નાના પ્રકારના હાર કરીને ભગવાનને ચડાવવા ઈત્યાદિક પદાર્થ વતે ભક્તિ કર્યાની ઈચ્છા હોય તેને ગોલોકમાં મૂકે છે અને જેને મહારાજની સેવામાં રહેવું હોય તે અક્ષરધામમાં મહારાજની સેવામાં રહે છે. ત્યારે કોઈકને એમ સંકલ્પ થાય જે 'મહારાજ તે સર્વેને પોતાની સેવામાં કેમ નથી રાખતા ?' તો એનું તો એમ છે જે ભગવાન તો અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે તે જે જેવી ઈચ્છાવાળો હોય તેને તેવા કામમાં રાખે છે ને તેવા તેને ભોગ આપે છે પછી તે ભોગને ભોગવીને જ્યારે થાકે ત્યારે તેને શ્વેતદ્વીપમાં વાસના ટળાવીને પછી અક્ષરધામમાં લઈ જાય છે પણ જો તે ભોગવાવ્યા વિના લઈ જાય તો તેનાથી ત્યાં ન રહેવાય. અને વળી એમ પણ છે જે જેને જેવા પુરુષ સાથે હેત હોય તે ત્યાં લઈ જાય છે. માટે પોતાને જેને વિષે હેત હોય તો તે પોતે જે લોકમાં રહ્યા હોય તે લોકમાં તેને પણ લઈ જાય ને એમ કહે જે 'આપણે આંહીં હમણાં મોજ કરીને પછી ધીરે ધીરે મહારાજ પાસે જાશું.' એમ કહીને એને પણ ત્યાં રાખે ને જો **નિર્વાસનિક સાથે હેત થયું હોય તો પોતાને રાગ હોય તો પણ તે અક્ષરધામમાં લઈ જાય** પણ તેને ક્યાંઈ બંધાવા ન દે ને જો ક્યાંઈ બંધાય તો તેને ધક્કે મારીને અક્ષરધામમાં લઈ જાય ને મહારાજની મૂર્તિમાં જોડે. માટે હેત કરવું તો એવા સાથે કરવું જે જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, તપ, મહાત્મ્ય અને ભક્તિ ઈત્યાદિક કોઈ સાધને કરીને પોતા થકી અતિ સરસ હોય ને ક્યાંય બંધાય એવા ન હોય એવા સાથે કરવું. પણ પોતા થકી ઉતરતો હોય અને રાગી હોય એવા સાથે તો સહેજે બેઠા ઉઠ્યાનો પણ પ્રસંગ ન રાખવો. ૩૩





અને વળી પોતે એમ વાત કરી જે,જે કશ્યપ તથા મરિચિ આદિક પ્રજાપતિ છે તે જ્યારે બ્રહ્માનું ધ્યાન કરે ત્યારે તે પ્રજાને સર્જવાને અર્થે સમર્થ થાય છે. ને બ્રહ્મા છે તે જ્યારે વૈરાટનું ધ્યાન કરે છે ત્યારે સૃષ્ટિ કરવાને સમર્થ થાય છે, ને વૈરાટ છે તે જ્યારે પ્રધાન પુરુષનું ધ્યાન કરે છે ત્યારે બ્રહ્માંડ રચવાને સમર્થ થાય છે અને તે પ્રધાન પુરુષ છે તે જ્યારે મહાપુરુષનું ધ્યાન કરે છે ત્યારે તે અનંતકોટિ બ્રહ્માંડને સર્જવાને સમર્થ થાય છે અને તે મહાપુરુષ[1]

---

૧. પાતાળથી લઈને સત્યલોક સુધીના ચૌદ લોક છે, તેમનું બ્રહ્મા સર્જન કરે છે - વિષ્ણુ પાલન કરે છે અને શિવ સંહાર કરે છે. બ્રહ્મા-વિષ્ણુ-શિવની ત્રિપુટીથી ઊર્ધ્વ = ઉપર વિરાટપુરૂષ છે તે પ્રધાનપુરુષમાંથી ને પ્રધાનપુરુષ મૂળપુરુષમાંથી થયાં છે. મૂળપુરુષ જ્યારે મૂળમાયા સાથે જોડાય છે ત્યારે પ્રધાનપુરુષની ઉત્પત્તિ થાય છે. પ્રધાનપુરુષને ભૂમાપુરુષ કે મહાવિષ્ણુ પણ કહે છે. મૂળપુરુષને મહાપુરુષ પણ કહે છે. મૂળપુરુષ ગોલોકધામના અધિષ્ઠાતા છે.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની આ વાતોમાં બીજા પ્રકરણની આઠમી વાતમાં સ્વામીશ્રીએ સ્પષ્ટ જણાવેલ છે : ''શ્રીકૃષ્ણ ભગવાને પોતાને વિષે ચોવીસ અવતારને પૃથક્ પૃથક્ દેખાડ્યા તે જોતાં એમ જણાય છે જે બીજા અવતારના અવતારી શ્રીકૃષ્ણ ભગવાન છે, અને મહારાજની અને શ્રીકૃષ્ણની સામર્થી જોઈએ ત્યારે શ્રીકૃષ્ણના અવતારી શ્રીજીમહારાજ છે એમ પોતાની બુદ્ધિમાં તપાસ કરીને તે સર્વે અવતારના અવતારી શ્રીજીમહારાજ છે એમ જાણવું.''

આથી પરાત્પર પૂર્ણપુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આ બ્રહ્માંડમાં પ્રાદુર્ભાવ થયા પછી મૂળપુરુષાદિકની ઉચ્ચતર ચૈતન્ય ભૂમિકાઓની તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનની સર્વશ્રેષ્ઠ ભૂમિકાની સુપાત્ર એવા મુમુક્ષુઓને અનુભૂતિ થઈ. શ્રી સ્વામિનારાયણ ભગવાન સાથે અક્ષરધામથી આ પૃથ્વીલોક ઉપર પધારેલા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી જેવા સત્પુરુષોએ કૃપા કરીને અતિશય દાખડો કરી મુમુક્ષુઓને આ હકીકત સુસ્પષ્ટ રીતે જેમ છે તેમ સમજાવી છે. વળી, સ્વામીશ્રી એમ પણ સમજાવે છે કે ભગવાન શ્રીસ્વામિનારાયણના દિવ્યતમ અને સર્વશ્રેષ્ઠ સ્વરૂપનો અનુભવ થતાં અન્ય સર્વ ભૂમિકાઓ આપોઆપ ગૌણ થઈ જાય છે. આથી ઉચ્ચતમ પરમપદની પ્રાપ્તિ માટે મુમુક્ષુઓનું **અંતિમ લક્ષ્ય** અતિ સ્નેહે કરીને શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરી દિવ્ય સ્વરૂપમાં જ જોડાવાનું રહેવું જોઈએ. એવો રહસ્ય સભર આ વાતનો અભિપ્રાય જણાય છે.

છે તે જ્યારે પુરુષોત્તમનું ધ્યાન કરે છે ત્યારે તે પ્રકૃતિ દ્વારા અનંતકોટિ પ્રધાન પુરુષને ઉત્પન્ન કરીને તેને વિષે અંતર્યામીપણે કરીને રહ્યો થકો તે એક એક પ્રધાન પુરુષ દ્વારા અનંતકોટિ બ્રહ્માંડને બનાવવાને સમર્થ થાય છે. માટે જેટલો જીવ અને વૈરાટ પુરુષમાં ભેદ છે, તેટલો વૈરાટ અને પ્રધાન પુરુષમાં ભેદ છે અને જેટલો વૈરાટ અને પ્રધાનપુરુષમાં ભેદ છે, તેટલો પ્રધાનપુરુષ અને મહાપુરુષમાં ભેદ છે. ને તેથી અનંતગણો મહાપુરુષ અને અક્ષરમાં ભેદ છે ને જેટલો મહાપુરુષ ને અક્ષરમાં ભેદ છે તેથી અનંતગણો ભેદ અક્ષર અને પુરુષોત્તમ જે મહારાજ તેમાં છે એમ જાણવું. ૩૪

અને જે બ્રહ્મ છે તેની તો એમ વિક્તિ છે જે પુરુષોત્તમને પણ બ્રહ્મ કહે છે ને પુરુષોત્તમ પણ કહે છે. અને જે સ્થાનકરૂપ અક્ષર છે તેને પણ બ્રહ્મ કહે છે ને અક્ષરધામ પણ કહે છે. અને મહાપુરુષને બ્રહ્મ કહે છે ને વળી તેને અક્ષર પણ કહે છે. માટે જ્યાં જેનું પ્રકરણ હોય ત્યાં તેને બ્રહ્મ જાણવા. જો મહાપુરુષનો પ્રસંગ હોય તો મહાપુરુષને બ્રહ્મ જાણવા અને અક્ષરનો પ્રસંગ હોય તો અક્ષરને બ્રહ્મ જાણવા. ને જો પુરુષોત્તમનો પ્રસંગ હોય તો પુરુષોત્તમને બ્રહ્મ જાણવા. પણ તે શબ્દ છળને જોઈને મૂંઝાવું નહિ. ૩૫

અને સ્વામીએ એમ વાત કરી જે જીવ જો આ ઉપાય કરે તો તત્કાળ શુદ્ધ થાય. તે એમ વિચાર કરવો જે **'આપણે દેહ તો હજારો થઈ ગયા છે, જેમ કોઈ પુરુષ અંગરખું પહેરે છે ને તે ફાટી જાય ત્યારે તેને કાઢીને બીજું કરાવે છે. તેમ જે માબાપ, સગાંસંબંધી સર્વે માનેલાં છે તે તો અજ્ઞાને કરીને માન્યા છે ને દેહ ઇંદ્રિયો, અંતઃકરણ એ સર્વે થકી હું નોખો છું ને એતો ઝાંઝવાના જળ જેવાં છે'** એમ આત્મવિચાર કરવો. ૩૬

અને વળી એમ વિચાર કરવો જે 'ઇંદ્ર એકોતેર ચોકડી રાજ્ય કરે છે તે આગળ આ સુખ, દેહ ને આયુષ્ય તે મચ્છરનાં જેટલાં પણ નથી અને તે ઇંદ્ર પણ બ્રહ્માના એક દિવસમાં ચૌદ પડી જાય છે માટે તે ઇંદ્ર પણ તેની આગળ મચ્છર જેવો પણ નથી. અને તે વિરાટ પણ પ્રધાન પુરુષની આગળ જેમ અસંખ્ય મચ્છર થાય ને મરી જાય તેમ અસંખ્યાત થાય છે ને મરી જાય





છે. માટે તે સુખ પણ શું છે ? તેમ તે પ્રધાનપુરુષ પણ મહાપુરુષની આગળ શા લેખામાં છે ? જેમ મહાજળમાં અસંખ્ય પરપોટા થાય ને મટી જાય તેમ તે મહા માયાને વિષે અસંખ્યાત થાય છે, ને નાશ પામે છે. અને તે પ્રકૃતિપુરુષને પણ જે પુરુષોત્તમ ભગવાન છે તે અનંતવાર અક્ષરમાં લીન કરે છે ને કાઢે છે માટે એ સુખ પણ નાશવંત છે તે માટે **સર્વે જે સુખ તે પુરુષોત્તમની મૂર્તિમાં રહ્યું છે.** અને તે સુખ કેવું છે ? તો જે સુખને અક્ષર ભોગવે છે તથા અનંતકોટિ મુક્ત ભોગવે છે તથા તે પુરુષોત્તમને ભજીને નવા અનંત મુક્ત અક્ષરધામમાં જાય છે તથા બીજા પણ અનંત તે પુરુષોત્તમને ભજીને જાશે તે ભોગવે છે. એવા જે એ અક્ષરધામના પતિ પુરુષોત્તમ શ્રીજી મહારાજ તે આજ આપણને મળ્યા છે ને તેની જે સુખમય મૂર્તિ તેમાં સુખ માત્ર રહ્યાં છે. તે મૂર્તિને મેલીને આ લોકના વિષયમાં શું પ્રીતિ કરીએ ?' એવી રીતે જે મહાત્મ્ય અને પૂર્વે કહ્યું જે આત્મજ્ઞાન એ બેને જો સિદ્ધ કરે તો વિષયમાંથી પ્રીતિ ટાળીને થોડાક દિવસમાં હમણાં આ દેહ છતાં જ નિર્વાસનિક થાય ને તે વિના તો વાસના ટળવી ઘણી કઠણ છે. અને તે આત્મજ્ઞાન તથા માહાત્મ્ય તે ક્યારે સિદ્ધ થાય ? તો જ્યારે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત પ્રેમલક્ષણા ભક્તિ તેણે યુક્ત ને મહારાજની અનુવૃત્તિ પ્રમાણે વર્તતા એવા જે સાધુ હોય તેની પાસે જ્યારે નિષ્કપટપણે શીખે ત્યારે સિદ્ધ થાય પણ તે વિના સિદ્ધ ન થાય. ને તે **માહાત્મ્ય તથા આત્મજ્ઞાન સિદ્ધ ન થાય ત્યાં સુધી વાસના પણ ન ટળે.** ૩૭

અને ગણેશનું ચક્ર છે ત્યાં પ્રધાનપણે પૃથ્વીતત્ત્વ વર્તે છે, ને બ્રહ્માને સ્થાનકે વિશેષપણે કરીને જળતત્ત્વ વર્તે છે, ને વિષ્ણુને સ્થાનકે વિશેષપણે તેજતત્ત્વ વર્તે છે, ને કંઠસ્થાને તથા ભ્રકુટિ સ્થાને વિશેષપણે આકાશતત્ત્વ વર્તે છે ને બીજા સ્થાનકોને વિષે ને બ્રહ્મરંધ્રને મધ્યે જે સહસ્રદળનું કમળ તે સ્થાનકે વિશેષપણે જ્યોતિઃસ્વરૂપ ચિદાકાશ વર્તે છે. ને બીજા સ્થાનકોને વિષે ચિદાકાશ સામાન્યપણે દેખાય છે. ૩૮

અને ચિદાકાશ તે શું છે ? તો કુટસ્થરૂપે મુક્તને રહ્યાના સ્થાનકરૂપ છે

ને જેમ બદ્ધજીવને રહ્યાનો ભૌતિક આકાશ તે હૃદાકાશરૂપે સર્વે જીવોને ધરી રહ્યો છે, તેમ પરમેશ્વર નિર્મિત જે ચિદાકાશ તે સર્વે મુક્તોને ધરી રહ્યો છે, તેને ચિદાકાશ કહીએ ને તે સારુ જ્યોતિઃસ્વરૂપે જે મુક્તો તેને ચિદાકાશ ભૂમિ છે. ૩૯

બીજું પુરુષોત્તમ પરમાત્મા જે પરબ્રહ્મ તેનાં બે સ્વરૂપ છે, એક નિર્ગુણ ને બીજું સગુણ. તેમાં જે નિર્ગુણસ્વરૂપ તે ગોલોકથી પર જે શૂન્ય તેથી પર છે ને બીજું ગોલોકમાં રહ્યા એવા પરમાત્મા જે શ્રીકૃષ્ણ તે ભગવાનનું સગુણ સ્વરૂપ છે અને ગુણે સહિત એવું જે ભગવાનનું સ્થૂળ શરીર તેમાંથી ભગવાનની યોગમાયાને અંશે કરીને બ્રહ્માદિક સર્વે દેવ થયા છે. અને ગુણ તે શું ? જે ચૈતન્ય દેશ, પોતાનાં ઐશ્વર્ય અને યોગબળ તે થકી ઉપજ્યા એવા જે મહાવિષ્ણુ તે. અને સર્વેની જે ઉત્પત્તિ તે ભગવાનના એ ગુણથકી છે ને પોતે જે ગુણી તેતો અચ્યુત છે તે ચ્યવે નહિ. અને ચ્યવવાનો સ્વભાવ તો ગુણી એવા જે પરમાત્મા તેને આશરે રહેલ જે ગુણ તેનો છે તે અંશઅંશીભાવે કરીને ચ્યવે છે ને વિસ્તારને પામે છે. અને ગુણી જે પરમાનંદ તે સરખા તો તે એકજ છે પણ બીજો કોઈ તે જેવો થાવાને સમર્થ થાતો નથી ને ગુણરૂપે તો થાય છે. અને મહાવિષ્ણુ જે અંશી તે વિરાટના અંતર્યામી છે ને તે વિરાટને વિષે બ્રહ્માંડ રહ્યું છે જેમ પાંચ ભૌતિક જે દેહ તેને વિષે રહેલ જે જીવ તે બુદ્ધિને વિષે વિશેષપણે કરીને રહેલ છે તે જીવનો વિશેષ અંશ છે, ને અંતઃકરણ, દેવતા, ઈંદ્રિયું, પ્રાણ, પંચભૂત ને પંચ તન્માત્રા તે જીવના સામાન્ય અંશ છે, ને પંચભૂતના દેહને વિષે જે કરમિયાં તથા જૂ, લીખ, માંકડ, ચાંચડ રહ્યાં છે માટે તે જીવના સ્થૂળ અંશ છે, તે પ્રમાણે મહાવિષ્ણુ વિરાટના દેહમાં રહ્યા છે તે સ્થૂળભાવે રહ્યા છે, તે વિરાટ મહાવિષ્ણુનું બીજું રૂપ છે ને ઈંડનું ક્ષેત્રજ્ઞ છે. એવા ચૈતન્ય સ્વરૂપ જે મહાવિષ્ણુ તે માયાના ભાગ જે જડ અંશ તેણે કરીને સ્થૂળપણે અનેક પ્રકારે પ્રવર્ત્યા છે ને પુરુષોત્તમ તો એકજ છે, તેને વિષે અંશઅંશીભાવ નથી. ને એવા જે એ શ્રીકૃષ્ણ પરમાત્મા પુરુષોત્તમ અચ્યુત તેને જે અંશઅંશીભાવે કરીને સમજે છે તેને જૈન મતવાળા જાણવા ને દુષ્ટ જાણવા ને એથી ઝાઝું ઝીણું કોઈ સમજવા જાશે તેને માયાનું





આવરણ થાશે. અને એવા જે એ ભગવાન શ્રીકૃષ્ણ તેનું જે ધામ તે તેજોમય છે ને જેમ મહાપ્રલયને વિષે ઈંડનો નાશ થયા પછી એકલું જળ રહે છે પણ બીજો કોઈ આકાર રહેતો નથી. તેમ ભગવાનનું ધામ રૂપ જે સ્થાનક તે તેજોમય છે ને તે ધામને વિષે પોતાની દૃષ્ટિ પ્રતિલોમપણે રહે છે. ત્યારે ગોલોકને વિષે રહ્યા જે મુક્ત તે સર્વે તે ધામને વિષે જાય છે. પછી ગોલોકને વિષે વસ્તી રહેતી નથી ને એકલો ઉજડ રહે છે ને નિરંજન રહે છે. અને બ્રહ્માંડનો પણ પ્રલય થાય છે ત્યારે સર્વે જે જીવ તે એકલી તમરૂપ એવી જે માયા જેને અવ્યાકૃત કહીએ તેને વિષે રહે છે. અને જે મુક્ત તે તો તેજોમય જે ભગવાનનું ધામ તેને વિષે નિર્ગુણરૂપે રહે છે, અને એ ધામને વિષે જે રહ્યું તે ભગવાનનું નિર્ગુણ સ્વરુપ છે. અને જ્યારે ભગવાન ગોલોક સામી અનુલોમ દૃષ્ટિ કરે છે ત્યારે તમ જે માયા તે સમી થાય છે ત્યારે તે ભગવાનનું સગુણ સ્વરૂપ કહેવાય. કેમ જે ? અનુલોમ દૃષ્ટિ તે ભગવાનની સગુણ સ્થિતિ ને પ્રતિલોમ દૃષ્ટિ તે નિર્ગુણ સ્થિતિ છે, અને ભગવાન જે પ્રતિલોમ દૃષ્ટિ કરે છે તે પોતાના જે ભક્ત તેને શુદ્ધ સત્વ ગુણમય જે દેહ ગોલોકને વિષે છે તેની નિવૃત્તિને અર્થે અને સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રાપ્તિને અર્થે છે. ને ભગવાનને તો સગુણ નિર્ગુણપણું નથી પણ તે સગુણ નિર્ગુણપણું તો ભક્તને છે, તે પરમાત્મા શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જે પુરુષોત્તમ તેનું ધામ જે ગોલોકથી પર સચ્ચિદાનંદ ચિદાકાશ તેને વિષે રહેવું તે ભક્તનું નિર્ગુણરૂપ છે ને ભૌતિક આકાશને વિષે રહેવું તે સગુણ સ્વરૂપ છે અને ભગવાન નારાયણ તે સગુણરૂપે કાળ આદિક શક્તિને ગ્રહણ કરીને રહ્યા છે તેતો બ્રહ્માંડને ઉપજાવવું, નાશ કરવો ને સ્થિતિ કરવી તેને અર્થે છે એમ જાણવું. અને પૃથ્વીને વિષે ભગવાનના અવતાર તો એકલા જીવના કલ્યાણને અર્થે જ થાય છે. અને એવા જે એ ભગવાન તેને સાક્ષાત્કાર ભજે. તેની વિક્તિ જે ભગવાનને ખાતા પીતા આદિક ક્રિયા કરતા દેખે ત્યારે એમ જાણે જે 'ભગવાનનાં જે કર્મ તેતો જે ભગવાનને ભજે તેનાં કર્મ ટાળ્યાને અર્થે છે ને ભગવાન તો કૈવલ્ય છે, નિર્ગુણ છે ને ચેષ્ટાયે રહિત છે ને એમની જે સર્વે ક્રિયા તેતો જીવના કલ્યાણને અર્થે છે.' એવા ભગવાનને જાણીને ભજે ને દેહને ખોટો જાણે ને એમ જાણે

જે 'હું તો દેહ નથી, હું તો આત્મા છું, બ્રહ્મ છું, સાક્ષી છું, દૃષ્ટા છું ને અરૂપ છું.' ને એમ સમજનારો જે ભક્ત તેતો ગોલોકથી પર જે ચિદાકાશ તેને વિષે જે અખંડ રાસ તેને પામે છે. અને એવો જે એ ઉત્તમ ભક્ત તેણે વૈરાટનો અંતર્યામી, દૃષ્ટા, સાક્ષી અને તુરીયાતિત જે વિશ્વાભિમાની તેની સાથે, ઈંદ્રિયું અંતઃકરણે યુક્ત, ત્રણ અવસ્થાએ યુક્ત અને ત્રણ શરીરે યુક્ત એવો જે ક્ષેત્રજ્ઞ જીવ તેને એક કરીને ધારવો અને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ તથા વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ સર્વેનો જે સાક્ષી તેને પોતાનું સ્વરૂપ માનવું. અને પરમાત્મા તો પુરુષને બ્રહ્માંડ સાથે જોડે છે ને માયા સાથે જોડે છે ને જે માયા સાથે જોડાણો ને માયાને વિષે વ્યાપીને રહ્યો એવો જે એક રસ ચિદ્‌ઘન તે બ્રહ્મ છે. ને તે માયા સાથે એકરસપણાને જેણે પમાડ્યો તે પરબ્રહ્મ છે. અને પુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્માનો જેને સત્સંગ થયો હોય તેણે પોતાનું રૂપ બ્રહ્મ માનવું. જે 'હું બ્રહ્મ છું.' અને શ્રીમદ્ ભાગવતમાં પણ એ વાર્તા છે જે 'પુરુષોત્તમ ભગવાનનો જે દાસ તેનું રૂપ બ્રહ્મ છે' માટે તેણે **બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમ ભગવાનની ભક્તિ કરવી એજ દાસપણું છે.** ૪૦

અને માનકુવામાં શ્રીજી મહારાજ સાધુ પ્રત્યે બોલ્યા જે 'જીવ જે તે સૂક્ષ્મ થકી સૂક્ષ્મ છે ને મોટા થકી પણ મોટો છે. તે પચાસ કોટિ યોજન પૃથ્વી છે, ને તેથી દશગણું અધિક ને દશગણું સૂક્ષ્મ જળ છે ને તે થકી દશગણું અધિક ને દશગણું સૂક્ષ્મ તેજ છે, ને તે થકી દશગણો અધિક ને દશગણો સૂક્ષ્મ વાયુ છે. એવી રીતે પ્રકૃતિ પર્યંત સર્વે છે. ને તે પ્રકૃતિ થકી અધિક સૂક્ષ્મ ને મોટો જીવાત્મા છે.' એ પ્રમાણે ઉષ્ણિકનું[1] દૃષ્ટાંત દઈને બહુ વાત કરી. ૪૧

અને સ્વામીએ વાત કરી જે એક સમે શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામી આદિકને પ્રશ્ન પૂછ્યું જે 'સત્યુગ, ત્રેતાયુગ તથા દ્વાપર એ ત્રણ યુગને વિષે ભગવાન પોતાના ભક્તની રક્ષાને અર્થે સુદર્શન ચક્રને મોકલતા ને તે ચક્રે

૧. ઉષ્ણિક એટલે પાઘડી. ઝીણા-આછા કપડાની પાઘડી ખૂબ લાંબી ને પહોળી હોય, પણ જ્યારે તેને માથા ઉપર બાંધવામાં આવે છે ત્યારે તે સંકોચાઈને નાની લાગે છે. તેમ જીવાત્મા સૂક્ષ્મ છતાં મોટો છે.





કરીને ભક્તની રક્ષા કરતા તે આજ કળિયુગને વિષે ચક્ર મૂકીને કેમ ભક્તની રક્ષા કરતા નથી ? શું કળિયુગના ભક્ત ભગવાનને વાલા નથી ? આવા હળાહળ કળિને વિષે ભગવાનનું ભજન કરે તેની તો ભગવાનને વિશેષ રક્ષા કરી જોઈએ. માટે કળિને વિષે ભક્તની રક્ષાને અર્થે સુદર્શન ચક્ર કેમ મોકલતા નથી ? શું કળિયુગમાં ભગવાનની વિષમ દૃષ્ટિ થઈ જે બીજા યુગમાં ભક્તની રક્ષા થઈ ને કળિયુગમાં નથી કરતા એ પ્રશ્ન છે.' તેનો ઉત્તર જે **ભગવાનના સ્વરુપનું જે જ્ઞાન તેજ સુદર્શન ચક્ર છે.** ને તે ચક્રને વિષે દશ હજાર સૂર્યનો પ્રકાશ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે તો જુઓને જ્ઞાનને વિષે પણ એટલો પ્રકાશ છે કાં જે જીવના હૃદયમાં અજ્ઞાનરુપી અંધારું છે તેને ટાળવાને માટે ચંદ્રમા, સૂર્ય તથા પ્રલયકાળનું જે મહાતેજ તે કોઈ સમર્થ નથી તે અંધારાને જ્ઞાન ટાળી નાખે છે માટે જ્ઞાનમાં દશહજાર સૂર્ય કરતાં પણ અધિક પ્રકાશ છે. અને જેમ સુદર્શન ચક્ર સત્યુગ, ત્રેતાયુગ ને દ્વાપરયુગને વિષે ભગવાનના ભક્તની રક્ષા કરતું તેમ **જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર આજ કળિયુગને વિષે રક્ષા કરે છે.** ત્યારે કહેશો જે કઈ રીતે રક્ષા કરે છે ? તો કહીએ છીએ જે જ્યારે પ્રભુના ભક્તના હૃદયમાં કામક્રોધાદિકના ભૂંડા ઘાટ થાય છે ત્યારે તે એવો વિચાર કરે જે મુને ભગવાન મળ્યાછે તે હું એવો લાભ મૂકીને ભગવાનનાં વચનને લોપીને કુમાર્ગે કેમ ચાલું ? જ્યારે એવો ભગવાનના નિશ્ચય યુક્ત વિચાર થાય છે ત્યારે ભૂંડા ઘાટ ટળી જાય છે માટે ભક્તજનના શત્રુ તથા રાક્ષસ તો કામ ક્રોધાદિક છે તે થકી રક્ષા પણ જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર કરે છે. માટે કળિયુગને વિષે જો ભગવાન સુદર્શન ચક્ર મૂકીને અંબરીષ રાજાની પેઠે રક્ષા ન કરતા હોય તો એથી વર્તમાન પણ પળે નહિ ને પ્રભુનું ભજન પણ થાય નહિ. કાંજે ? કામ ક્રોધાદિક તો એવા બળિયા છે જે તેણે શિવબ્રહ્માદિકની લાજ લીધી છે તો જીવનો શો ભાર ? માટે ભગવાન પોતાના ભક્તની જ્ઞાનરુપી સુદર્શનચક્રે કરીને સર્વે કાળને વિષે રક્ષા કરતા આવે છે. ને આજ પણ જ્ઞાનરૂપી સુદર્શનચક્રે કરીને પોતાના ભક્તની રક્ષા કરે છે માટે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય તે જ સુદર્શન ચક્ર છે. ૪૨

અને સ્વામીએ વાત કરી જે એક બ્રાહ્મણ શુક્લ સત્સંગી હતો. તેણે શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે 'દેહમાંથી જીવ જ્યારે બહાર નિસરે છે ત્યારે તેનું રૂપ કેવું હશે ને એ જીવ ક્યાં જાતો હશે ?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે જીવનું રૂપ તો સૂક્ષ્મ છે તે ચર્મ દષ્ટિએ કરીને દેખાય એવું નથી. જેમ દીપક અસ્ત પામે છે તેનો જે પ્રકાશ તે આકાશમાં લીન થઈ જાય છે ને અંધારાની ઘાટપ હોય તે પ્રકાશને લીન કરી નાખે છે. જેમ પ્રયાગરાજની ગુફા છે તેમાં પ્રયાગવડનું ઝાડ છે તે જે ગયા હશે તેણે દેખ્યું હશે. તે ભોંયરામાં અતિશે અંધારું છે તેમાં દીપક લઈ જાય ત્યારે થોડાકમાં અજવાળું થાય પણ બધાય ભોંયરામાં એક દીપકથી અજવાળું થાય નહિ. કાં જે, અંધારાની ઘાટપ છે તે પ્રકાશને ખાઈ જાય છે. વળી બીજું દૃષ્ટાંત જેમ આકાશમાં મોટાં પક્ષી ઉડે છે તે પ્રથમ તો ભમરા જેવડાં દેખાય ને પછી દેખાતાં નથી. ત્યારે એ પંખી કાંઈ મરી કે ટળી ગયાં નથી, એતો આકાશના અંધારામાં લીન થઈ ગયાં છે. તે જેને અજ્ઞાનરૂપી અંધારું ટળ્યું હોય તે દેખે છે તે અલૌકિક દષ્ટિ છે ને ચર્મ દષ્ટિથી નોખી છે. જેમ આપણે સંતની સભામાં બેઠા છીએ તેમાંથી કોઈકને નિદ્રા આવી જાય ને સ્વપ્ન આવે ત્યારે તે એમ દેખે જે 'ફોજ આવે છે' તે જેને સ્વપ્ન આવ્યું છે તે ફોજને દેખે છે તે આ ફળિયામાં કાંઈ ફોજ આવી નથી પણ સ્વપ્નવાળાની દષ્ટિમાં દેખાય છે. તેમ આત્મા જે જીવ અથવા બ્રહ્મ તેને દેખવાની પણ દષ્ટિ નોખી છે ને તે દષ્ટિ તો ભગવાનની મૂર્તિના ધ્યાને કરીને આવે છે. પણ તે વિના કોટિ સાધન કરે તેણે કરીને પોતાના જીવને દેખવો અથવા બ્રહ્મને દેખવું તે દષ્ટિ આવતી નથી માટે જે એ દષ્ટિને પામ્યા હોય તે હમણાં કાંઈ વાત કહે તે કાંઈ માન્યામાં આવે નહિ હમણાં હું કહું જે સર્વત્ર બ્રહ્મ જ છે ને પીંડ બ્રહ્માંડ કાંઈ નથી ત્યારે તમે કહેશો જે 'અમ આગળ વાત કરો છો તે અમને દેખતા જ હશો તો ?' એવી શંકા મનમાં આવે પણ બ્રહ્મને દેખવાની દષ્ટિ તે પણ નોખી છે ને પૃથક દેખવાની દષ્ટિ પણ નોખી છે એવી રીતે જ્ઞાનીનાં તો શાસ્ત્રમાં અનંત લોચન કહ્યાં છે માટે એ મર્મને અજ્ઞાની જીવ જાણતા નથી ને **ભગવાનની મૂર્તિનું જે અખંડ ધ્યાન કરે છે તે સર્વેને દેખે**





**છે ને અલૌકિક દૃષ્ટિને પામે છે.** તે **ધ્યાન કર્યાની રીત કહીએ છીએ** જે ભગવાનનો ભક્ત હોય તે દષ્ટિ આગળ મૂર્તિ ધારે ત્યારે પ્રથમ તો જેવી ભગવાનની મૂર્તિ છે તેવી જ દેખાય છે. તે જોતે જોતે જ્યારે મૂર્તિને વિષે એ વૃત્તિ ઠેરાય છે ત્યારે જેમ સૂર્યની કિરણ જાળીયે થઈને ઘરમાં પડે છે ને તે કિરણ તથા સૂર્યની એકતા દેખાય છે તેમ જે ભક્તને અખંડ ભગવાનની મૂર્તિમાં વૃત્તિ બંધાય છે ત્યારે એને મૂર્તિ અગ્નિ સરખી રક્ત ભાસવા લાગે છે ને પછી તેમાંથી પ્રકાશ ઘણો પ્રગટીને સૂર્ય જેવી તે મૂર્તિ ભાસે છે પછી ચંદ્રમા જેવી શીતળ ને મોટો તારો ખરે તેવી ઉજ્જવળ પ્રકાશમાન તે મૂર્તિ ભાસે છે. પછી એ મૂર્તિ જ્યારે હૃદયમાં પાછી ફરે છે ત્યારે આંખ્યું ચક્રની પેઠે ફરીને અંતર દષ્ટિ થઈ જાય છે ને ત્યારે એ ભક્તના હૃદયમાં મૂર્તિ દેખાય છે. પછી તે મૂર્તિને જોતાં જોતાં તેના હૃદયમાં રશનાઈ[1] જેવો અવકાશ દેખાય છે તેમાં પચાસ કરોડ જોજન પૃથ્વી ને લાખ જોજનનો મેરુ ને તે મેરુની ઉપર બ્રહ્મા, વિષ્ણુ ને શિવનાં ધામ તથા સાડાબાર કરોડ જોજન ઊંચો લોકાલોક પર્વત અને તેની માંહિલી કોરે જે સાત સમુદ્ર તથા ઈંદ્ર, યમ, વરુણ અને કુબેરની પુરીઓ તે સર્વે તથા પૃથ્વી ઉપર જે સ્થાવર જંગમ સમગ્ર તે ભાસે છે. પણ જેમ બહાર સર્વ પદાર્થનો ત્યાગ કરીને એક ભગવાનની મૂર્તિને વિષે વૃત્તિ જોડી હતી તેમ એ સમગ્રને ખોટું કરીને એક ભગવાનની મૂર્તિને જ દેખે છે. હવે તે ભગવાનની મૂર્તિ કેવી છે ? તો જેમ કોઈના હાથમાં ચિંતામણિ હોય તો જ્યારે જે મનોરથ ધારે તે સર્વે સાચા થાય તેમ ભગવાનની મૂર્તિ સામી જેની અખંડ વૃત્તિ જોડાણી છે તેતો ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ તથા અક્ષરધામ તથા અનંતકોટિ મુક્ત તે સર્વેને દેખે છે. ને એવો ભગવાનનો ભક્ત હોય તે જ્યારે ધારણા કરે છે ત્યારે પચાસ કોટિ જોજન જે પૃથ્વી, તેથી દશગણું જળ, તેથી દશગણું તેજ, તેથી દશગણો વાયુ, તેથી દશ ગણો આકાશ, તેથી દશ ગણો અહંકાર, તેથી દશગણું મહત્તત્ત્વ, તેથી અનંતગણી પ્રકૃતિ, તેથી અનંતગણો પુરુષ ને તે પ્રકૃતિ પુરુષથી પર ભગવાનનું ધામ. તે ભગવાનના ધામમાં આંખ્યના મટકાના

૧. રુશનાઈ = શાહી, મસી.

લાખમા ભાગ જેટલા વખતમાં જઈને આવે છે ને તેને એમ જણાય છે જે 'એ ધામમાં હું હજાર વર્ષ રહી આવ્યો કે લાખ વર્ષ રહી આવ્યો કે બ્રહ્માના કલ્પ પર્યંત રહી આવ્યો' તેવું જણાય છે. ને આંહી તો આંખના મટકાનો લાખમો ભાગ વીત્યો હોય એવી એ અલૌકિક વાત છે. તે ભગવાનના ધ્યાનવાળા જાણે છે. ને એવી જાત્યની જે એ ધારણા થાય છે તેનું કારણ તો ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી તે છે. માટે જેને ભગવાનમાં અખંડ વૃત્તિ રહેતી હોય તે સંસારમાં રહેતો હોય તેને પણ એવી અલૌકિક દૃષ્ટિ થાય છે. અને ભગવાનની મૂર્તિને વિષે જેની વૃત્તિ ન ચોટતી હોય તે બ્રહ્મચર્ય પાળતા હોય ને દેહને સૂકવીને કાષ્ટ જેવો કરે તોપણ તેને એવી અલૌકિક દૃષ્ટિ આવતી નથી. અને જેની ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહેતી હોય ને તે જો ભગવાનના ભક્તનું મહાત્મ્ય જાણતો હોય તો તેની અલૌકિક દૃષ્ટિ થાય છે ને તેને આત્માનું દર્શન થાય છે. માટે **ભગવાનનું ધ્યાન કરતાં જે જે અંતરાય કરે તેનો શત્રુની પેઠે ત્યાગ કરવો. અને કોઈક અધર્મને માર્ગે ચાલતો હોય તો તેનો પણ ત્યાગ કરવો પણ ભગવાનના ધ્યાનમાં અંતરાય પડવા દેવો નહિ.** ૪૩

અને સ્વામીએ વાત કરી જે ચાર પ્રકારનું ચૈતન્ય અને ચાર પ્રકારનું જડ કહેવાય છે તેની વિગત એમ છે જે પુરુષોત્તમ ભગવાન તે ચૈતન્ય છે ને પંચ વિષય તે જડ છે. ને અક્ષરધામ તે ચૈતન્ય છે ને આ લોક તે જડ છે. ને ભગવાનના અક્ષરધામમાં રહ્યા જે સેવક તે ચૈતન્ય છે ને આ દેહના જે સંબંધી તે જડ છે. ને જીવ કોટિ તથા ઈશ્વરકોટિ તે ચૈતન્ય છે ને તેમના જે દેહ તે જડ છે. ને તે વિના બીજું જડ કે ચૈતન્ય ન કહેવાય. એમ ચાર પ્રકારનું ચૈતન્ય તથા જડ જાણવું. ૪૪

અને સ્વામીએ વાત કરી જે એક સમે લાધે ઠક્કરે શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યું જે 'હે મહારાજ ! અસત્ પદાર્થને વિષે વાસના બંધાણી છે તે કેમ ટળે ?' પછી શ્રીજી બોલ્યા જે 'ભગવાનની મૂર્તિ મોઢા આગળ ધારીને ભજન કરે ત્યારે તેને વાસનાનું બળ મટે નહિ. પણ **જ્યારે ભજનનો કરનારો જે**





**દૃષ્ટા તેને વિષે મૂર્તિને ધારે ત્યારે વાસનાનું જોર નાશ થઈ જાય.** જેમ પંખીનું કાચું ઈંડું હોય ને તે ફૂટે ત્યારે પાણી હોય ને કાંઈ આકાર રહે નહિ. ને તે ઈંડું પાકું હોય ને તે ફૂટે ત્યારે તેમાંથી બચ્યું નિસરે તેનો આકાર ટળે નહિ. તેમ જે દૃષ્ટામાં[1] મૂર્તિ ધારે તેનો ઘાટ તે કાચા ઈંડા સરખો છે તેથી તેનો આકાર રહે નહિ ને જો બહાર મૂર્તિ ધારે ત્યારે તેનો ઘાટ પાકા ઈંડા સરખો છે, તેથી તેનો આકાર મટે નહિ. માટે એમ સમજવું જે દૃષ્ટારુપ જે અક્ષરધામ તેમાં ભગવાન સદાય રહે છે અને બાહ્ય જે દર્શન આપે છે તેતો ભક્તના ઉપદેશને અર્થે છે એવી રીતે સમજે તેની વૃત્તિ ભગવાનમાં અખંડ રહે છે. જેમ વરકન્યા હોય તેનાં માવતર તો જુદાં જુદા ગામમાં રહેતાં હોય પણ એ બે જણાની સુરતા પરસ્પર હેતે કરીને પ્રોવાઈ રહે છે. તે સર્વ ધંધો કરે પણ પુરુષને એમ સ્મૃતિ રહે જે 'મારી સ્ત્રી ફલાણે ગામ રહે છે' અને સ્ત્રીને એમ સ્મૃતિ રહે છે જે 'મારો પતિ ફલાણે ગામ રહે છે.' તેમ એ ભક્ત છે તે એમ જાણે જે 'મારા પતિ એવા જે ભગવાન તે દૃષ્ટાને વિષે રહ્યા છે' તો તે ભક્તની વૃત્તિ અખંડ ભગવાનમાં રહે છે અને સર્વ વાસના નાશ થઈ જાય છે.' પછી શુકમુનિયે પૂછ્યું જે 'બાહ્ય મૂર્તિ ધારે તેના ઘાટનો આકાર બંધાય છે ને દૃષ્ટામાં મૂર્તિ ધારે તેના ઘાટનો આકાર નથી બંધાતો તેનું શું કારણ છે ?' પછી શ્રીજી બોલ્યા જે 'બાહ્ય મૂર્તિ ધારે છે ત્યારે તો એ ભક્તને મનુષ્યપણાનો ભાવ છે ને દૃષ્ટાને વિષે મૂર્તિ ધારે છે ત્યારે મનુષ્યપણાનો ભાવ નથી આવતો એ હેતુ છે.' પછી શુકમુનિએ પૂછ્યું જે 'જેને દૃષ્ટાને વિષે ને બાહ્ય મનુષ્યપણાનો ભાવ આવતો ન હોય તેને કેમ કરવું ?' પછી શ્રીજી બોલ્યા જે **'જેને કોઈ રીતે ભગવાનમાં મનુષ્યભાવ ન આવતો હોય તે ભક્ત તો અતિશે બળિયો છે** માટે તેતો બાહ્ય ધારે કે દૃષ્ટામાં ધારે તે બેય બરાબર છે. ૪૫

અને સ્વામીએ વાત કરી જે એક સમે મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યું જે 'ભગવાનની પ્રાપ્તિ થયા કેડે ભગવાનનો ભક્ત હોય તેને કોઈ રીતે કરીને કામ ક્રોધાદિક જે માયાના વિકાર તેણે કરીને ભગવાનના

૧. જોનારા પોતાના આત્મામાં (પ્રતિલોમપણે).

ભજનમાં વિક્ષેપ ન થાય અને કોઈ જાતનું દુઃખ અંતરમાં ન વ્યાપે એવી શી સમજણ છે ?' પછે શ્રીજી બોલ્યા જે 'જ્યારે એ ભક્ત દેહરૂપે વર્તે છે ત્યારે તો અખંડ ભગવાન પાસે રહે ને ચરણારવિંદ છાતીમાં રાખે અથવા રાધિકા જેવી પદવી પામે તો પણ એને અંતરમાં સુખ થાય નહિ. અને આ લોકમાં તો ક્યાંથી સુખ આવે ? પણ વૈકુંઠલોકમાં જય વિજયની પેઠે અથવા ગોલોકમાં જાય અથવા બ્રહ્મમોહોલમાં જાય પણ **દેહાભિમાનીને ક્યાંય સુખ થાય નહિ.**' પછે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે 'હે મહારાજ ! મૃત્યુલોકમાં દેહ છે તે તો પંચભૂતનું છે ને વૈકુંઠાદિકમાં તો ભગવાનના પાર્ષદ છે તે અતિ સમર્થ છે તે આંહીના દેહ ને ત્યાંના દેહ બરોબર કેમ હોય ?' પછે શ્રીજી બોલ્યા જે 'આંહી અસમર્થ છે ને ત્યાં ઘણા સમર્થ છે પણ દેહાભિમાનીને ક્યાંય સુખ નથી અને જેને દેહાભિમાન નથી તે તો ગોલોક વૈકુંઠમાં હોય તોયે સુખી છે ને પૃથ્વી ઉપર હોય તો પણ સુખી છે માટે **જે આત્મારૂપે કરીને ભગવાનની ભક્તિ કરે છે તેની જ ભક્તિ સાચી છે** ને તે ભક્ત આત્મારૂપે વર્તે છે ને દેહને પોતાનું રૂપ નથી માનતો તેને આંહી છે તોપણ બ્રહ્મમોહોલ તુલ્ય છે.' ૪૬

અને મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ વાત કરી જે દત્તાત્રેયે સાધ્ય દેવોને કહ્યું જે 'હે સાધ્યદેવો ! મેં મારા ગુરુ થકી આ કરવા યોગ્ય સાંભળ્યું છે તે શું ? તો એકતો ધૃતિ જે નાનાં પ્રકારનાં દુઃખે કરીને પણ વિકળ ન થાવું તે. અને દમ જે સર્વ ઈંદ્રિયોને જીતવાં. ને સત્ય જે ધર્મની અનુવૃત્તિ રાખવી. ને હૃદયમાં રહેલી જે અહંતા ને મમતાની ગ્રંથી તેને ટાળવી. ને પ્રિય અને અપ્રિય જે સુખ ને દુઃખ તેને વિષે આત્મસમતા એટલે પોતાની સમાન બીજાને જોવાં. આટલુંજ કરવા યોગ્ય છે એમ ગુરુ થકી મેં સાંભળ્યું છે. (૧)

અને વળી પોતાને કોઈ કઠણ વચને કરીને તિરસ્કાર કરે તો તેને સામો તેવો તિરસ્કાર ન કરે ને તેનું સહન કરે. કેમ જે સહન કરનારાનો જે ક્રોધ છે તેજ તિરસ્કારના કરનારાને બાળી નાખે છે ને તેનું જે સુકૃત છે તેને સહન કરનારો જે પુરુષ તે પામે છે. (૨)

અને હે દેવો ! જે પુરુષ પોતાના કલ્યાણને ઈચ્છે તે પુરુષ જે તે બીજા





કોઈને કઠણ વચને કરીને તિરસ્કાર કરે એવો ન થાય તથા બીજા કોઈનું અપમાન કરે એવો ન થાય, તથા પોતાના મિત્રનો દ્રોહી ન થાય તથા નીચ પુરુષની સેવાનો કરનારો ન થાય. તથા અભિમાનવાળો ન થાય. તથા હીન આચરણવાળો ન થાય. તથા ક્રોધેયુક્ત એવી વાણી ન બોલે. (૩)

અને ક્રોધેયુક્ત એવી જે રૂખી વાણી તે જે તે આ લોકને વિષે પુરુષના મર્મ સ્થળનાં જે હાડકાં તથા હૃદય તથા પ્રાણ એ સર્વેને બાળી નાખે છે તે કારણપણા માટે ધર્મવાળો જે પુરુષ તે બીજાને બાળે એવી જે રૂખી વાણી તેને નિત્યે વરજે. (ત્યાગ કરે) (૪)

અને પારકાં મર્મસ્થળનો પીડનારો ને રૂખી છે વાણી જેની એવો ને તે વાણી રૂપી કાંટે કરીને મનુષ્યને પીડતો એવો જે પુરુષ તે અત્યંત શોભાયે રહિત જાણવો. ને જનનો જે મૃત્યુ તેને મુખને વિષે બાંધીને વહેનારો છે એવો એને જાણવો કહેતાં કઠણ વચનરૂપ જે જનનું મૃત્યુ તેને મુખને વિષે તૈયાર લઈને ફરે છે. (૫)

અને અતિશે તીખાં ને અગ્નિ તથા સૂર્યના સરખાં પ્રદીપ્ત એવાં જે વાણીરૂપ બાણ તેણે કરીને જો બીજો એને અતિશે વીંધે ને તે બાણે કરીને વિંધાણો છે તોપણ અતિશે વિવેક યુક્ત એવો જે એ જ્ઞાની પુરુષ તે જે તે એમ જાણે જે 'આતો મારાં સુકૃતનું પોષણ કરે છે' એમ સમજીને ક્ષમા કરે છે. (૬)

અને જો સંતને સેવે ને જો અસંતને સેવે ને જો તપસ્વીને સેવે ને જો ચોરને સેવે તો તે સેવનારો પુરુષ જે તે તેમના વશને પામે છે. કહેતાં સંતને સેવે તો પોતે સંત થાય છે ને અસંતને સેવે તો અસંત થાય છે ને તપસ્વીને સેવે તો તપસ્વી થાય છે ને ચોરને સેવે તો ચોર થાય છે. કેની પેઠે ? તો જેમ વસ્ત્ર જે તે જેવા રંગમાં રંગીએ તેવા રંગવાળું થાય છે. અને વિવેકી પુરુષ છે તે જે તે પોતા સાથે જો કોઈ અતિ વાદ કરે તો પોતે તે સાથે અતિવાદ ન કરે ને બીજા પાસે કરાવે નહિ. (૭)

અને વળી જે બીજે માર્યો થકો તેને પોતે મારે નહિ ને બીજા પાસે મરાવે પણ નહિ અને પોતાને જે મારનારો તેના ભુંડાને નથી ઈચ્છતો એવો

જે તે પુરુષ, તે આવે તેને દેવતા પણ ઈચ્છે છે, કહેતાં તે દેવતાને પણ માનવા યોગ્ય થાય છે. (૮)

અને જો રૂડું વચન બોલતાં ન આવડે તો ન બોલવું એ શ્રેષ્ઠ છે, એમ મોટા કહે છે. અને ન બોલવા થકી જે સત્ય વચન બોલવું તે શ્રેષ્ઠ છે અને તે સત્ય વચન પણ જો પ્રિય લાગે એવું બોલાય તો તે સત્ય વચનથી પણ શ્રેષ્ઠ છે અને તે પ્રિય વચન પણ ધર્મે યુક્ત બોલાય તો તેથી અતિશે શ્રેષ્ઠ છે એવી રીતે વચન બોલવાના ચાર પ્રકાર છે તેને જાણવા. (૯)

અને પુરુષ જે તે જેવા પુરુષ ભેળો બેસે છે ને જેવા પુરુષને સેવે છે ને પોતે જેવો થાવાને ઈચ્છે છે તેવો તે થાય છે. માટે સત્પુરુષ ભેળે બેસવું ને સત્પુરુષને સેવવા ને સત્પુરુષના જેવો પોતાનો સ્વભાવ કરવાને ઈચ્છવું. પણ અસત્પુરુષનો પ્રસંગ તો કોઈ પ્રકારે કરવોજ નહિ. (૧૦)

અને પુરુષ જે તે જે જે પદાર્થ થકી નિવૃત્તિને પામે છે તે તે પદાર્થ થકી એ મુકાઈ જાય છે અને જો સર્વ પદાર્થ થકી નિવૃત્તિને પામે છે તો તે અણુમાત્ર પણ દુઃખને નથી પામતો. અને સર્વથી નિવૃત્તિને પામ્યો એવો જે પુરુષ તેને કોઈ જીતવાને ઈચ્છતા નથી ને એ પણ બીજાને જીતવાને ઈચ્છતો નથી. અને કોઈ સાથે વૈર કરતો નથી ને કોઈને મારતો નથી ને નિંદા તથા સ્તુતિ તેને વિષે તુલ્ય છે સ્વભાવ જેનો એવો જે પુરુષ તે કોઈ પદાર્થ નાશ પામી જાય છે તેનો શોક કરતો નથી ને કોઈ પદાર્થને પામીને તેનો હરખ પણ નથી કરતો. (૧૧) ૪૭

**ઇતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્યાગ્રગણ્ય સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી તેમણે ભગવાન તથા ભક્તને ઓળખવાની રીત કહી એ નામે ત્રીજું પ્રકરણ સમાપ્ત થયું.**

● ● ●



## શ્રી પુરુષોત્તમનારાયણ અવતારી જે સ્વયં મૂર્તિ તેનાં અસાધારણ લક્ષણ લખીએ છીએ.

પૂર્વે થયા જે સર્વે અવતાર તેમને પોતાના સ્વરૂપમાં દેખાડે. (૧)

તથા વૈકુંઠાદિક ધામને વિષે રહી જે દિવ્ય મૂર્તિઓ ને તે મૂર્તિઓમાં રહ્યાં જે દિવ્ય ઐશ્વર્ય તે સર્વ પોતાની મૂર્તિ ને વિષે બહુ મનુષ્યોને દેખાડે. (૨)

તથા જેવા તેવા જીવ હોય તેને પણ સમાધિએ કરીને પોતાની મૂર્તિને વિષે ચિત્તનો નિરોધ કરાવે. (૩)

તથા બીજા અવતાર ધરીને જેવું જીવનું કલ્યાણ કર્યું તથા ચિત્તનો નિરોધ કર્યો તેવું સામર્થ્ય તો પોતાના ભક્ત દ્વારા જણાવે. (૪)

તથા અપાર તેજોમય એવું જે અક્ષરધામ તેના મધ્યને વિષે રહ્યું જે દિવ્ય સિંહાસન તેની ઉપર સદા બિરાજમાન ને ચારે કોરે અનંતકોટિ મુક્તમંડળની સભાએ વીંટાણા એવા જે દિવ્યમૂર્તિ પોતે તેનું દર્શન જેવા તેવા જીવને સહેજે કરાવે.(૫)

તથા પૂર્વે શાસ્ત્રને વિષે કહ્યા જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા યોગ, સાંખ્ય ને વેદાંતાદિ શાસ્ત્રના મત તેમના સ્વરૂપનું પ્રતિપાદન જ્યારે પોતે કરે તથા તેમના પ્રતિપાદનનાં શાસ્ત્ર કરે ત્યારે પૂર્વનાં શાસ્ત્ર થકી તેમાં બહુ ચમત્કાર આવે ને સહેજે સર્વના સમજ્યામાં આવે ને તે વાર્તા શાસ્ત્રમાં જેની બુધ્ધિ પૂગતી હોય તેને યથાર્થ જાણ્યામાં આવે. (૬)

તથા પોતાને દર્શનમાત્રે કરીને જ અનેક જીવના મનની વૃત્તિયું સહેજે પોતાની મૂર્તિમાં તણાઈ જાય. (૭)

તથા જે કોઈ જીવે પોતાનો આશ્રયમાત્ર કર્યો હોય તેણે કરીને પણ તેનું મોટું કલ્યાણ થાય ને તે જીવને અંતકાળ થાય ત્યારે પોતે પોતાના પાર્ષદે સહિત રથ વિમાન લઈને તેડવા આવે. (૮)

તથા પોતાની આજ્ઞાએ કરીને અનેક સ્ત્રીપુરુષ તે પોત પોતાના ધર્મને માર્ગે ચાલે, એવી રીતનો પોતાના વચનમાં પ્રતાપ હોય. (૯)

તથા પોતાના સંબંધને પામેલ જે વસ્ત્રપુષ્પાદિક વસ્તુ તેના દર્શન માત્રે કરીને તથા તેના સ્પર્શમાત્રે કરીને તત્કાળ જીવને અંતર દૃષ્ટિ થઈ જાય ને તે પછી બ્રહ્મપુર આદિક ધામ તથા તે ધામનાં દિવ્ય ઐશ્વર્ય તે દેખાઈ આવે. (૧૦)

તથા જેના સ્વરૂપ સંબંધી વાર્તાને કોઈક પરદેશમાં જઈને કરે તે સાંભળીને મનુષ્યને અલૌકિકપણું જણાઈ આવે. (૧૧)

તથા જીવાત્મા, વિરાટપુરુષ, ઈશ્વર, પ્રધાનપુરુષ, મૂળ પ્રકૃતિ પુરુષ ને અક્ષરધામના મુક્ત તથા તે અક્ષરધામના નિવાસી જે પોતે પુરુષોત્તમ એ સર્વેનું નિરુપણ ભેદે સહિત ને ઐશ્વર્ય સહિત નોખું નોખું સ્પષ્ટપણે પોતે કરી દેખાડે તથા ઐશ્વર્ય સહિત તેમનાં સ્વરુપ બીજાને દેખાડે તથા આવી રીતના જ્ઞાનને પોતા થકી પામીને પોતાના ભક્ત પણ કહી દેખાડે. એવી રીતની પ્રવૃત્તિ હોય. (૧૨)

તથા પોતાના અવતાર તે પોતાની મૂર્તિને વિષે લીન થાય પણ પોતાની મૂર્તિ કોઈ અવતારને વિષે લીન ન થાય. એવી ક્રિયા સમાધિને વિષે કોઈક કોઈકને દેખાય. (૧૩)

એવા દિવ્ય મૂર્તિ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેની શ્રવણાદિક જે નવ પ્રકારની ભક્તિ તે સર્વે પાપનો વિનાશ કરવાવાળી છે.

**॥ ઈતિ અસાધારણ લક્ષણ સંપૂર્ણમ્ ॥**

**એવી રીતે શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય ગોપાળાનંદ સ્વામીએ કહેલા શ્રીપુરુષોત્તમનાં અસાધારણ લક્ષણ સંપૂર્ણ.**

● ● ●



## શ્રી પુરુષોત્તમ નારાયણના સ્વરૂપના જ્ઞાનનો નિર્ણય કહીએ છીએ

પ્રથમ તો ભગવાનના જે દિવ્યભાવ ને મનુષ્યભાવ તેને અભેદપણે સમજવાની રીત દેખાડીએ છીએ. જે અનંતકોટિ સૂર્ય ચંદ્રના પ્રકાશ જેવું તેજોમય જે પોતાનું અક્ષરધામ તેને વિષે અનંતકોટિ અક્ષરરુપ મુક્તે સેવ્યા અને દિવ્ય ને દ્વિભુજ મૂર્તિ એવા જે પુરુષોત્તમ તે સદા બિરાજમાન છે. તે કેવા છે ? તો અનંતકોટિ જે મુક્ત તથા અક્ષર તથા પુરુષ ને કાળ એ સર્વેના નિયંતા છે અને એ સર્વેના સ્વામી છે ને એ સર્વેને સુખના આપનારા છે ને સ્વતંત્ર છે ને મહારાજાધિરાજ છે અને એવા સામર્થ્યે યુક્ત જે એના એ પોતે ભગવાન તે જીવોની ઉપર દયાએ કરીને તેમના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થાય છે ને મનુષ્ય પોતાનો આશ્રય કરે અને પોતાની ભક્તિ કરે તેને અર્થે મનુષ્યને અનુસરતાં ચરિત્ર કરે છે. ને તે મનુષ્ય સ્વરૂપને વિષે પોતાની જે અક્ષરધામમાં રહી તેજોમય દિવ્ય મૂર્તિ તે દેખાઈ આવે તથા પ્રકૃતિ પુરુષના જેવું સામર્થ્ય જણાઈ આવે તથા વિરાટ પુરુષના જેવું સામર્થ્ય જણાઈ આવે તથા એક થકા અનંતરુપે જણાઈ આવે તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવના જેવું સામર્થ્ય જણાઈ આવે. તથા તે પોતાની મૂર્તિને દેખીને અનંત જીવના ચિત્તનો નિરોધ સમાધિયે કરીને થઈ જાય. એ સર્વે મનુષ્યપણામાં દિવ્યભાવ જાણવો અને વળી એવો દિવ્યભાવ ન જણાવે અને મનુષ્યની રીતે જ વર્તે ને વળી પાછો દિવ્યભાવ જણાવે. ને ક્યારેક તો એની એ મનુષ્ય મૂર્તિને વિષે કેટલાકને દિવ્યભાવ જણાવે ને કેટલાકને મનુષ્યભાવ જણાવે. તે માટે દિવ્યભાવ ને મનુષ્યભાવ તે એકજ છે પણ તેમાં કિંચિત્ પણ ભેદ નથી. એવી રીતે દિવ્યભાવ ને મનુષ્યભાવને અભેદપણે સમજવાની રીત કહી દેખાડી. (૧)

અને બીજી એ ભગવાનના નિર્ગુણ સગુણપણાની રીત સમજવી જે

એવી રીતે દિવ્યભાવને ને મનુષ્યભાવને જણાવતા જે એ ભગવાન તેની જે મૂર્તિ તે તો માયાના જે સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણ ને એ ત્રણ ગુણનાં કાર્ય તેણે રહિત છે. ને દિવ્ય છે તે માટે એ ભગવાનને નિર્ગુણ જાણવા. અને એવા જે એ નિર્ગુણ ભગવાન તેને વિષે સત્ય, શૌચ, દયા એ આદિક જે અમાયિક એવા દિવ્ય ગુણ તે રહ્યા છે માટે એ ભગવાનને સગુણ જાણવા અથવા માયાના ત્રણ ગુણેયુક્ત અને બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કારણ એવા જે અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ તથા બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ છ જે પોતાનાં રુપ તેણે કરીને પણ એ ભગવાનને સગુણ જાણવા. (૨)

અને ત્રીજી એ ભગવાનના સાકાર નિરાકારપણાની રીત સમજવી. જે આત્યંતિક પ્રલયને અંતે પણ પોતાના અક્ષરધામને વિષે દિવ્ય અવયવવાન એવો નિત્યસિદ્ધ જે ભગવાનનો આકાર તે રહ્યો છે તે માટે એ ભગવાનને સાકાર જાણવા. અને એવો જે ભગવાનનો સદા દિવ્ય આકાર તેને એ ભગવાનના એકાંતિક ભક્ત તે દેખે છે. અને એ ભગવાનનો સદા દિવ્ય અવયવ એવો આકાર તે માયામાંથી થયાં જે ચોવીશ તત્ત્વ તેણે રહિત છે તે માટે એ ભગવાનને નિરાકાર જાણવા. અથવા એ ભગવાનની અનન્ય ભક્તિયે રહિત ને આત્મજ્ઞાનાદિક સાધને સહિત એવા જે પુરુષ તે તો ભગવાનના અક્ષરધામના તેજને જ કેવળ દેખે છે પણ તે ભગવાનના દિવ્ય આકારને નથી દેખતા તે સારુ એ કૈવલ્યાર્થી છે ને તે એ ભગવાનને નિરાકાર કહે છે. (૩)

અને ચોથી એ ભગવાનના કર્તા, અકર્તાપણાની રીત જાણવી જે એવા જે એ ભગવાન તે પુરુષ, કાળ, ને માયા તેના આદિ કર્તા છે ને પ્રેરક છે ને નિયંતા છે તે માટે એ ભગવાનને કર્તા જાણવા. અને પુરુષ, કાળ ને માયા તે પાસે અનેક કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયને કરાવે છે પણ પોતે નથી કરતા ને પોતે તો પોતાના અક્ષરધામને વિષે પોતાના ભક્તજને સેવ્યા થકા





નિત્ય બિરાજમાન છે, તે માટે એ ભગવાનને અકર્તા જાણવા. અને એ પુરુષ, કાળ ને માયા તે જે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરે છે તે એ ભગવાનની અંતર્યામીપણે પ્રેરણાયે કરીને કરે છે પણ તે વિના સ્વતંત્રપણે કરવાને સમર્થ નથી. ને જે એમને સ્વતંત્ર કર્તા જાણે છે તે તો નાસ્તિક છે ને એ ભગવાનની પ્રેરણાયે કરીને જે એમને કર્તા જાણે છે તે તો આસ્તિક એવા ભગવાનના ભક્ત છે. (૪)

આ ચાર રીતે જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને જાણે છે તેને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે. અને એવી રીતે સમજ્યામાં જેને કસર છે તેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપમાં સંશય થાય છે. માટે ભગવાનનો જે ભક્ત હોય તેને આ વાર્તા અવશ્ય સમજવાની છે.

**એવી રીતે શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય ગોપાળાનંદ સ્વામીએ કહેલો શ્રીપુરુષોત્તમ નારાયણના સ્વરુપના જ્ઞાનનો નિર્ણય સંપૂર્ણ.**

● ● ●



## અથ વાર્તા વિવેક
## સાધુને પરસ્પર વાર્તા કર્યાની રીતનાં પ્રકરણ

ભગવાન પોતાના અક્ષરધામને વિષે જેવા દિવ્ય ઐશ્વર્ય, દિવ્ય પાર્ષદ અને દિવ્ય શક્તિએ સહિત રહ્યા છે તેવા ને તેવા જ પ્રત્યક્ષ પ્રમાણ છે. એ આદિક જે ભગવાનનું મહાત્મ્ય તેની વાર્તા કરવી. (૧)

તથા સર્વ સુખમય, સર્વ થકી પર, સર્વના નિયંતા, સર્વના કર્તા એ આદિક જે ભગવાનની મોટ્યપ તેનું ગ્રહણ કરીને પોતાના સ્વભાવને ટાળવાની વાર્તા કરવી. (૨)

તથા ત્રણ દેહ, દશ ઈંદ્રિયો ને ચાર અંતઃકરણ તે થકી પૃથક્ જે પોતાનો જીવાત્મા તે દેહ, ઈંદ્રિયો ને અંતઃકરણના જે સંકલ્પ ઉઠે છે તે ભેળો ભળ્યો છે તેને પૃથક્ પાડવો તથા દેહ અને દેહના સંબંધી ખોટા થઈ જાય એવી રીતે આત્મનિષ્ઠાની વાર્તા કરવી. (૩)

તથા નિત્ય પ્રલય, નિમિત્ત પ્રલય, પ્રાકૃત પ્રલય અને આત્યંતિક પ્રલય એ ચાર પ્રકારના પ્રલયે કરીને સર્વેના ભોગ, દેહ ને લોક તે નાશ થઈ જાય છે અને માયામાંથી થયાં જે પદાર્થ માત્ર તે સંબંધી જે સુખ તે અપાર દુઃખે સહિત છે તે દુઃખને દેખાડીને વૈરાગ્યની વાર્તા કરવી. (૪)

તથા નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ. નિઃસ્નેહ ને નિર્માન એ જે સાધુના ધર્મ તે જે ધર્મશાસ્ત્રમાં કહ્યા હોય તેને શીખીને તે પ્રમાણે વર્તવું ને તે પ્રમાણે વાર્તા કરવી. (૫)

તથા ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે મન, કર્મ, વચને કરીને નિરંતર કરવી પણ તે ભક્તિ કર્યા વિના વ્યર્થ કાળ જાવા દેવો નહિ. ને તે વિના બીજી જે રીતની પોતાના સ્વભાવ અનુસારે પ્રકૃતિ હોય તેને ટાળવી એ અંગની વાર્તા કરવી. (૬)

તથા સત્ અસત્ એવા જે દેશકાળાદિક આઠ તેની જે પૃથક વિક્તિ તેની વાર્તા કરવી. (૭)





તથા સત્શાસ્ત્રને વિષે કહ્યાં એવાં જે સાધુનાં લક્ષણ તેને જોઈને તે લક્ષણ પોતાને વિષે કેટલાં આવ્યાં છે ને કેટલાં નથી આવ્યાં તેનો તપાસ કરવો ને જે લક્ષણ ન આવ્યાં હોય તે શીખવાં એ અંગની વાર્તા કરવી. (૮)

તથા શ્રીજી મહારાજે સ્થાપન કર્યાં જે દેવમંદિર તથા ધર્મવંશના આચાર્ય તેની ઉત્કૃષ્ટતા થાય તેવી રીતે વર્તવું ને તેવી રીતે જ વાર્તા કરવી. (૯)

તથા શિક્ષાપત્રી આદિક જે આપણા સંપ્રદાયના ગ્રંથ તેને ભણવા ભણાવવાનો અભ્યાસ પોતાની બુદ્ધિ પ્રમાણે રાખવો એ અંગની વાર્તા કરવી. (૧૦)

તથા આવી રીતે જે સાધુને વર્તવાની રીત તેમાં આળસ રહેતું હોય તેને ટાળવાની વાર્તા કરવી. (૧૧)

તથા શ્રીજી મહારાજ પોતાના ભક્તજનને તત્કાળ સમાધિએ કરીને પ્રાણ ઈંદ્રિયોનો નિરોધ કરાવીને અનંત ઐશ્વર્યયુક્ત એવાં જે બ્રહ્મપુર, ગોલોક, વૈકુંઠાદિક દિવ્ય પોતાના ધામ તેને વિષે પોતાનું દર્શન દેવું તથા પોતાના ભક્તજનને અંતકાળ સમે વિમાન તથા રથ અશ્વાદિક દિવ્ય વાહન ઉપર બેસીને દિવ્ય પાર્ષદે સહિત આવીને દર્શન દેવું ને તે ભક્તને પોતાના ધામમાં લઈ જાવું એ આદિક જે શ્રીજીમહારાજનાં ચરિત્ર તેની વિસ્તારીને વાર્તા કરવી. (૧૨)

## સત્સંગી હરિભક્ત હોય તેની આગળ
## વાત કરવાની રીતનાં પ્રકરણ

શિક્ષાપત્રીમાં કહ્યા જે પરસ્ત્રીનો ત્યાગ તથા ચોરી ન કરવી તથા મદ્યમાંસનો ત્યાગ કરવો એ આદિક જે મોટા મોટા નિયમ તેની દઢતા થાય તેવી વાર્તા કરવી. (૧)

તથા શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે તેવી રીતે ભગવાનના દિવ્યભાવનું ને મનુષ્યભાવનું વર્ણન કરીને ભગવાનના નિશ્ચયની વાર્તા કરવી. (૨)

તથા શ્રીજીમહારાજે સ્થાપન કર્યા જે દેવમંદિર તથા આચાર્ય તેને દર્શને જાવું તથા ઉત્સવ ઉપર જાવું તેમાં શ્રદ્ધા ઉપજે એવી વાર્તા કરવી. (૩)

તથા પોતાના ગામમાં જે હરિભક્ત હોય તેમણે સાયંકાળે ભેળા થઈને પરસ્પર ભગવદ્‌વાર્તા કરવી ને સાંભળવી. એવી રીતની વાર્તા કરવી. (૪)

તથા પ્રત્યક્ષ ભગવાનની નિષ્ઠાવાળા જે સાધુ તેના લક્ષણની વાર્તા કરવી. તથા પ્રત્યક્ષ ભગવાનની નિષ્ઠાયે રહિત જે અસાધુ તેના લક્ષણની વાર્તા કરવી. (૫)

તથા દેશકાળાદિકને ઉપદ્રવે કરીને સુખદુઃખ આવી પડે તથા હાણ વૃદ્ધિ થાય તેણે કરીને સત્સંગમાંથી મોળો ન પડે એવી રીતે હિમત્યની વાર્તા કરવી. (૬)

અને પ્રથમ જે સત્સંગી થવા આવે તેની આગળ પુણ્ય પાપની વાર્તા કરવી. તથા તે પુણ્યે કરીને થયું જે મોક્ષરૂપ સુખ ને પાપે કરીને થયું જે જમપુરી ને નરક ચોરાશી રૂપ દુઃખ તેની વાર્તા કરવી. તથા જે સાધુને સંગે કરીને જીવનું કલ્યાણ થાય તેનાં લક્ષણની વાર્તા કરવી. (૭)

**ઈતિશ્રી સહજાનંદસ્વામી શિષ્ય ગોપાળાનંદ મુનિ વિરચિતો વાર્તાવિવેક સંપૂર્ણ.**

● ● ●

[નોંધ :- આ ત્રણ પ્રકરણની વાતોમાં બાકી રહેલ સ.ગુ. ગોપાળાનંદ સ્વામી કૃત "**પુરૂષોત્તમ નિરૂપણ**" વગેરેની વાતો માટે જુઓ પરિશિષ્ટ નં. - ૨ અવશિષ્ટ વાતો પાના નં. ૪૧૦]



## શ્રી હરિકૃષ્ણ મહિમાષ્ટકમ્

અર્થ સાથે

श्री धर्मसद्मन्यवतीर्य विष्णुर्यो वासुदेवो हरिकृष्ण ईशः ।
श्रीनीलकण्ठोऽत्र पुनाति मर्त्यान् ध्याये हरिं तं हृदि धर्मपुत्रम् ।।१।।

**અર્થ** :- સર્વમાં વ્યાપક અને સર્વના નિયંતા એવા જે શ્રીહરિકૃષ્ણ વાસુદેવ ભગવાન તે ધર્મદેવના ઘરને વિષે અવતરીને અનેક મનુષયોને પવિત્ર કરે છે. તે ધર્મના પુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ૧

यस्यस्वरू पे तिललक्षणानि स्वभक्तचेतांसि हरन्ति यद्वत् ।
अयांसि चाकर्षमणिप्रवेका ध्याये हरिं तं हृदि धर्मपुत्रम् ।।२।।

**અર્થ** :- જે શ્રીહરિની મૂર્તિને વિષે રહેલાં તલ વિગેરે ચિહ્નો છે તે, ઉત્તમ ચુંબકમણિ જેમ લોહને ખેંચી લે તેમ પોતાના ભક્તોના ચિત્તને ખેંચી લે છે. એવા ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ૨

यस्याक्षरे धामनि यत्प्रसक्ता क्रीडन्ति दिव्येऽक्षरसंज्ञमुक्ताः ।
सामन्तपुत्रा इव सर्व मान्या ध्याये हरिं तं हृदि धर्मपुत्रम् ।।३।।

**અર્થ** :- જે શ્રીહરિના દિવ્ય અક્ષરધામને વિષે કેવળ શ્રીહરિની મૂર્તિને વિષે પ્રીતિવાળા એવા અક્ષરધામના અનંત મુક્તો શ્રીહરિની સેવારૂપ ક્રીડા કરે છે, અને જે મુક્તો ચક્રવર્તિ રાજાના પુત્રોનેખંડિયા રાજાઓ તથા સર્વ પ્રજાજનોની માફક સર્વ દેવ ઈશ્વરોએ પણ માન આપવા યોગ્ય છે. તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ૩

यस्यास्यपद्मेऽद्भूतभूरिशोभे वसंति नेत्र भ्रमरा जनानाम् ।
हंसा यथा मानसपद्मवृन्दे ध्याये हरिं तं हृदि धर्मपुत्रम् ।।४।।

**અર્થ** :- અદ્‌ભુત અને ઘણીક શોભાવાળા જે શ્રીહરિના મુખરૂપી કમળને વિષે ભક્તજનોની આંખ્યો રૂપી ભમરાઓ, માનસ સરોવરમાં કમળોના સમૂહને વિષે જેમ હંસો રહે છે તેમ નિવાસ કરી રહે છે, એવા મુખારવિંદવાળા ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ૪

य: पोषयत्यत्र निजान्स्वकीयज्ञानोपदेशेन सुधोत्तमेन ।
वत्सान्सुशीला पयसा यथा गौ: ध्याये हरिं तं हृदि धर्मपुत्रम् ।।५।।

**અર્થ** :- જે શ્રીહરિ આ લોકને વિષે અમૃત થકી પણ ઉત્તમ એવા પોતાના માહાત્મ્ય જ્ઞાનના ઉપદેશ વડે, જેમ સારા સ્વભાવવાળી ગાય દૂધ વડે પોતાના વાછડાઓનું પોષણ કરે તેમ પોતાના ભક્તોનું પોષણ કરે છે, તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ૫

पाषंडधर्मा ह्युदयेन यस्य शाक्ता व्यलीयन्त यथोदितेऽर्के ।
घूका वृषद्वेषिण एव चान्ये ध्याये हरिं तं हृदि धर्मपुत्रम् ।।६।।

**અર્થ** :- જે શ્રીહરિના પ્રગટ થવાથી પાખંડ ધર્મવાળાઓ તથા શક્તિ માર્ગવાળાઓ અને બીજા જે ધર્મના દ્વેષીઓ તે સૂર્યના ઉગવાથી જેમ ઘૂવડ સંતાઈ જાય તેમ સંતાઈ ગયા, તેવા પ્રતાપવાળા ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરુ છું. ૬

यत्पादपद्मेऽक्षरमुक्तचेतोभृङ्गा रमन्ते सरसीव मीना:।
आसेव्यमाने भुवि भूरि भक्तै: ध्याये हरिं तं हृदि धर्मपुत्रम् ।।७।।

**અર્થ** :- પૃથ્વીને વિષે ઘણા ભક્તોએ અતિ પ્રેમથી સેવેલા જે શ્રીહરિના ચરણકમળને વિષે અક્ષરમુક્તોના ચિત્તરૂપી ભમરાઓ તળાવને વિષે પોતાના જીવનરૂપ જળમાં માછલાં રમે તેમ રમે છે-શ્રીહરિના ચરણને પોતાનું જીવન જાણી તેને તજી શકતા નથી. તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ૭

यदीयसौन्दर्य गुणादिपारं शेषादयो यान्ति न यस्य भक्ता: ।
वांछन्ति् नैवाक्षर सौख्यमन्त: ध्याये हरिं तं हृदि धर्मपुत्रम् ।।८।।

**અર્થ** :- જે શ્રીહરિના સુંદરપણા આદિક ગુણોનો પાર શેષનારાયણ વિગેરે પણ પામતા નથી અને જે શ્રીહરિના ભક્તો ભગવાનની મૂર્તિ સિવાય અક્ષરધામના સુખને પણ અંતઃકરણમાં ઈચ્છતા નથી, તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ૮





गोपालानन्दनाम्ना रचितमतिशुभं त्वष्टकं सन्मयेदं ।
प्रीत्यै श्रीधर्मसूनो: प्रकट भगवत: स्वामिनारायणस्य ।।
तन्माहात्म्यावबोधं य इदमिह जन: श्रावयेत्कीर्तयेद्वा ।
स स्याद्वै ब्रह्मारूपो हरिरतुलमुदं प्राप्नुयात्तत्र धार्मि: ।।९।।

**અર્થ** :- ગોપાળાનંદ મુનિ નામ છે જેનું એવા અમે, શ્રી ધર્મના પુત્ર પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા માટે, તેમના મહિમાને જણાવનારું માટે સર્વથી ઉત્તમ આ અષ્ટક રચેલું છે. તેને જે મનુષ્ય આ લોકને વિષે કહેશે અથવા સાંભળશે તે પોતે બ્રહ્મરૂપ થાશે ને શ્રીહરિની અતિ પ્રસન્નતાને નિશ્ચે પામશે. ।।૯।।

**ઈતિ શ્રી ગોપાળાનંદ મુનિ વિરચિતં શ્રીહરિ મહિમાષ્ટકમ્ સંપૂર્ણમ્ ॥**

● ● ●



## સદ્‌ગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામીકૃત ભગવાન શ્રી સ્વામિનારાયણ-સહજાનંદ સ્વામીનો મંત્ર

જ્યારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત સત્સંગીઓને ધન રાજ્ય કે શરીર સંબંધી ઉપદ્રવ આવી પડે ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે ક્ષુદ્રદેવનો જાપ ન કરવાની આજ્ઞા કરેલ છે છતાં તે કરી આજ્ઞાભંગ કરે છે. તેથી તેમના હિતાર્થે સદ્‌ગુરૂ **શ્રી ગોપાળાનંદ** સ્વામીએ ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીનો નીચે મુજબ મંત્ર બનાવેલ છે જેનો વિધિપૂર્વક જાપ કરવાથી સંકટો નષ્ટ થાય છે. તે મંત્ર : ॐ ह्रौं ह्रूँ ॐ श्रीं ठँ ह्रीं पत्रे पत्रे देवानां ॐ भूते द्वीपे ह्रीं सौँ गौँ त्रीं योग पीवात्मानं ह्रां ह्रूँ भगवते ग्लाँ महाष्टयोगसिद्धिं मां प्रदात्रे श्री सहजानंद परमात्मने नमः औँ ठँ भँ एँ ह्राँ गूँ ॐ ॥

વિધિ નીચે પ્રમાણે છે.

(૧) મંત્રજાપનો આરંભ મંગળવારના દિવસે કરવો અને પંદર દિવસમાં દશ હજાર જાપ કરવા.

(૨) જાપ મંદિર અથવા પવિત્ર એકાંત જગ્યામાં બેસી ઘીનો દિવો અને સુગંધી ધૂપ સાથે કરવો.

(૩) જાપ કરનારે સ્ત્રીના હાથનું બનાવેલ ભોજન જમવું નહીં. બ્રાહ્મણના હાથનું અથવા પોતાને હાથે બનાવેલ ભોજન જમવું.

(૪) જાપ કરનારે ઉપવાસ કરવો એટલે દૂધ અથવા ફળાહાર લેવું અને અશક્ત હોય તેણે એકવાર ભોજન કરવું.

(૫) જાપ કરનારે સંસાર વ્યવહાર કાર્યનો, આળસનો, દિવસની નિદ્રાનો અને સ્ત્રીસંગનો ત્યાગ કરવો.

(૬) જાપ કરનારે કોઈની નિંદા કરવી કે સાંભળવી નહીં અને મંત્રમાં સંપૂર્ણ શ્રદ્ધા ને વિશ્વાસ રાખવો.

પવિત્ર બ્રાહ્મણ પાસે આ જાપ કરાવી શકાય.



# પરિશિષ્ટ-૧

## સંદર્ભ સૂચિ

### (વિષયવાર અનુક્રમણિકા)

[આ પુસ્તકના માધ્યમથી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની વાતો એક સરખા વિષયવાળી હોય તેને ગોતવામાં સરળતા પડે તેમજ સ્વામીની વાતો બે પ્રકારની પ્રસિદ્ધ થયેલ છે જેમકે આ **'ત્રણ પ્રકરણની વાતો'** તથા બીજી **બે પ્રકરણની વાતો** (અમદાવાદ શા. વલ્લભજી કુબેરદાસ પ્રકાશિત વગેરે) છે. તે બંનેમાં એક જ સરખી વાતોમાં પણ ભિન્ન ભિન્ન પ્રકરણથી નિર્દેશ કરેલો છે, તે અલગ-અલગ પ્રકરણ સહિત વાતોનો **ક્રમાંક** મેળવવામાં સુગમતા રહે તે માટે જિજ્ઞાસુઓના સંતોષાર્થે વિષયવાર સંદર્ભ-સૂચિ અત્રે આપેલ છે.]

| अ<br>સમાન વિષયાંક વાતનો નંબર | ब<br>આ ત્રણ પ્રકરણવાળા પુસ્તકમાં વાતનો નંબર | क<br>આ પુસ્તકમાં પાના નંબર | ड<br>બે પ્રકરણવાળા પુસ્તકમાં વાત-નંબર |
|---|---|---|---|
| | (૧) પુરુષોત્તમપણાની વાતો | | |
| ૧ | ૨/૫ | ૧૨૩ | ૧/૧૧ |
| ૨ | ૨/૭ | ૧૨૫ | ૧/૧૭ |
| ૩ | ૨/૮ | ૧૨૬ | ૧/૧૮ |
| ૪ | ૨/૪૧ | ૧૪૨ | ૧/૪૮ |
| ૫ | ૨/૪૭ | ૧૪૫ | ૧/૫૨ |
| ૬ | ૨/૫૦ | ૧૪૭ | ૧/૫૫ |
| ૭ | ૩/૧૫ | ૧૮૮ | ૧/૯૯ |
| ૮ | ૩/૨૧ | ૧૯૪ | ૧/૧૦૭ |
| ૯ | ૩/૨૨ | ૧૯૫ | ૧/૧૦૮ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ----- | ....... | ૧/૧૫૧ |
| ૧૧ | ----- | ....... | ૧/૧૫૨ |
| ૧૨ | ----- | ....... | ૧/૧૫૩ |
| ૧૩ | ----- | ....... | ૧/૧૫૪ |
| ૧૪ | ----- | ....... | ૧/૧૫૫ |
| ૧૫ | ----- | ....... | ૧/૧૫૬ |
| ૧૬ | ----- | ....... | ૧/૧૫૭ |
| ૧૭ | ----- | ....... | ૧/૧૫૮ |
| ૧૮ | ----- | ....... | ૧/૧૫૯ |
| ૧૯ | ----- | ....... | ૧/૧૬૦ |
| ૨૦ | ----- | ....... | ૧/૧૬૧ |
| ૨૧ | ----- | ....... | ૧/૧૬૨ |
| ૨૨ | ----- | ....... | ૧/૧૬૩ |
| ૨૩ | ----- | ....... | ૧/૧૬૪ |
| ૨૪ | ----- | ....... | ૧/૧૬૫ |
| ૨૫ | ----- | ....... | ૧/૧૬૬ |
| ૨૬ | ----- | ....... | ૧/૧૬૭ |
| ૨૭ | ----- | ....... | ૧/૧૬૮ |
| ૨૮ | ----- | ....... | ૧/૧૬૯ |
| ૨૯ | ----- | ....... | ૧/૧૭૦ |
| ૩૦ | ----- | ....... | ૧/૧૭૧ |
| ૩૧ | ----- | ....... | ૧/૧૭૨ |
| ૩૨ | ----- | ....... | ૧/૧૭૩ |





| | | | |
|---|---|---|---|
| ૩૩ | ----- | ....... | ૧/૧૭૪ |
| ૩૪ | ----- | ....... | ૧/૧૭૫ |
| ૩૫ | ----- | ....... | ૧/૧૭૬ |
| ૩૬ | ૧/૮ | ૩ | ૨/૮ |
| ૩૭ | ૧/૬૩ | ૨૦ | ૨/૬૨ |
| ૩૮ | ૧/૮૪ | ૨૬ | ૨/૮૪ |
| ૩૯ | ૧/૮૭ | ૨૭ | ૨/૮૭ |
| ૪૦ | ૧/૧૩૬ | ૪૪ | ૨/૧૩૮ |
| ૪૧ | ૧/૧૩૭ | ૪૪ | ૨/૧૩૯ |
| ૪૨ | ૧/૧૩૯ | ૪૬ | ૨/૧૪૧ |
| ૪૩ | ૧/૧૪૦ | ૪૭ | ૨/૧૪૨ |
| ૪૪ | ૧/૧૪૧ | ૪૭ | ૨/૧૪૩ |
| ૪૫ | ૧/૧૯૫ | ૬૮ | ૨/૧૯૧ |
| ૪૬ | ૧/૧૯૯ | ૬૯ | ૨/૧૯૫ |
| ૪૭ | ૧/૨૦૩ | ૭૦ | ૨/૨૦૦ |
| ૪૮ | ૧/૨૦૬ | ૭૦ | ૨/૨૦૩ |
| ૪૯ | ૧/૨૪૩ | ૮૪ | ૨/૨૩૪ |
| ૫૦ | ૧/૨૪૯ | ૮૭ | ૨/૨૩૯ |
| ૫૧ | ૧/૨૫૦ | ૮૭ | ૨/૨૪૦ |
| ૫૨ | ૧/૨૬૨ | ૯૪ | ૨/૨૪૮ |
| ૫૩ | ૧/૨૬૭ | ૯૬ | ૨/૨૫૧ |
| ૫૪ | ૧/૨૯૮ | ૧૧૦ | ૨/૨૭૯ |
| ૫૫ | ૧/૨૫૫ | ૯૦ | ૨/૨૯૫ |

| | | | |
|---|---|---|---|
| ૫૬ | ૧/૨૬૬ | ૯૬ | ----- |
| ૫૭ | ૧/૩૧૦ | ૧૧૪ | ----- |
| ૫૮ | ૧/૩૧૬ | ૧૧૫ | ----- |
| ૫૯ | ૧/૩૩૭ | ૧૧૯ | ----- |
| ૬૦ | ૩/૧ | ૧૭૩ | ----- |
| ૬૧ | ૩/૩૪ | ૨૧૧ | ----- |

### (૨) મુક્તના ભેદની વાતો

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૬ | ૧૨૩ | ૧/૧૨ થી ૧/૧૬ |
| ૨ | ૨/૩૭ | ૧૩૮ | ૧/૪૭ |
| ૩ | ૨/૪૨, ૨/૪૩ | ૧૪૩ | ૧/૪૯ |
| ૪ | ૨/૪૪, ૨/૪૫ | ૧૪૪ | ૧/૫૦ |
| ૫ | ૨/૪૬ | ૧૪૪ | ૧/૫૧ |
| ૬ | ૩/૧૨ | ૧૮૬ | ૧/૧૪૭ |
| ૭ | ૧/૨૧ | ૭ | ૨/૨૧ |
| ૮ | ૧/૨૫ | ૮ | ૨/૨૫ |
| ૯ | ૧/૫૨ | ૧૮ | ૨/૫૧ |
| ૧૦ | ૧/૧૨૬ | ૪૦ | ૨/૧૨૮ |
| ૧૧ | ૧/૧૩૩ | ૪૩ | ૨/૧૩૫ |
| ૧૨ | ૧/૧૯૬ | ૬૮ | ૨/૧૯૨ |
| ૧૩ | ૧/૧૯૮ | ૬૯ | ૨/૧૯૪ |
| ૧૪ | ૧/૨૬૯ | ૯૭ | ૨/૨૫૩ |
| ૧૫ | ૧/૨૭૫ | ૯૯ | ૨/૨૫૮ |
| ૧૬ | ૧/૨૭૮ | ૧૦૧ | ૨/૨૬૦ |





| | | | |
|---|---|---|---|
| ૧૭ | ૧/૨૮૮ | ૧૦૪ | ૨/૨૭૦ |
| ૧૮ | ૧/૨૮૯ | ૧૦૪ | ૨/૨૭૧ |
| ૧૯ | ૧/૩૦૭ | ૧૧૩ | ૨/૨૮૯ |
| ૨૦ | ૧/૨૫૫ | ૯૦ | ૨/૨૯૬ |
| ૨૧ | ૧/૩૨૭ | ૧૧૬ | ૨/૩૦૯ |
| ૨૨ | ૧/૩૨૮ | ૧૧૭ | ૨/૩૧૦ |
| ૨૩ | ૧/૩૩૬ | ૧૧૯ | ----- |
| ૨૪ | ૨/૩૯ | ૧૪૧ | ----- |
| ૨૫ | ૩/૨ | ૧૭૪ | ----- |

### (૩) પ્રતિલોમપણે ધ્યાનની વાતો

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૩૪ | ૧૩૫ | ૧/૪૪ |
| ૨ | ૧/૨૯૫ | ૧૦૭ | ૨/૨૭૮ |

### (૪) દ્દષ્ટામાં ધ્યાનની વાતો

| | | | |
|---|---|---|---|
| ૧ | ૩/૪૫ | ૨૨૦ | ૧/૩,૧/૪ |
| ૨ | ૨/૧૭ | ૧૨૯ | ૧/૨૭ |
| ૩ | ૨/૨૫ | ૧૩૨ | ૧/૩૫ |

### (૫) ઉપાસનાની વાતો

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૫૩ | ૧૪૯ | ૧/૨ |
| ૨ | ૧/૧૪૭ | ૪૮ | ૨/૧૪૯ |
| ૩ | ૧/૨૦૪ | ૭૦ | ૨/૨૦૧ |
| ૪ | ૧/૨૨૭ | ૭૬ | ૨/૨૨૦ |

(૬) શ્રીજીના મહિમાની વાતો

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧/૧ | ૧ | ૨/૧ |
| ૨ | ૧/૧૨ | ૫ | ૨/૧૨ |
| ૩ | ૧/૯૮ | ૨૯ | ૨/૯૬ |
| ૪ | ૧/૧૬૦ | ૫૮ | ૨/૧૬૧ |
| ૫ | ૧/૨૯૧ | ૧૦૫ | ૨/૨૭૩ |
| ૬ | ૧/૩૦૦ | ૧૧૦ | ૨/૨૮૧ |
| ૭ | ૨/૪૦ | ૧૪૨ | ----- |
| ૮ | ૩/૬ | ૧૮૦ | ----- |

(૭) અક્ષરભાવે વર્તવાની વાતો

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૮૬ | ૧૬૦ | ૧/૮૯ |
| ૨ | ૨/૮૭ | ૧૬૦ | ૧/૯૦ |

(૮) <u>ઉપશમની વાતો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧/૪૯ | ૧૭ | ૨/૪૮ |
| ૨ | ૧/૧૮૬ | ૬૬ | ૨/૧૮૬ |
| ૩ | ૧/૨૯૬ | ૧૦૯ | ----- |

(૯) <u>આત્મસ્વરૂપે રહેવાની વાતો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | ૩/૪૬ | ૨૨૧ | ૧/૫ |
| ૨ | ૨/૧૬ | ૧૨૮ | ૧/૨૬ |
| ૩ | ૨/૨૧ | ૧૩૧ | ૧/૩૧ |
| ૪ | ૨/૨૯ | ૧૩૩ | ૧/૩૯ |
| ૫ | ૨/૩૫ | ૧૩૭ | ૧/૪૫ |
| ૬ | ૧/૪૩ | ૧૫ | ૨/૪૧ |
| ૭ | ૧/૧૧૪ | ૩૪ | ૨/૧૧૩ |





| | | | |
|---|---|---|---|
| ૮ | ૧/૨૭૬ | ૧૦૦ | ૨/૨૫૯ |
| ૯ | ૩/૩૬ | ૨૧૨ | - |

(૧૦) <u>આત્માનું સ્વરૂપ સમજવાની વાતો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | ૩/૪૧ | ૨૧૬ | ૧/૬ |
| ૨ | ૩/૪૩ | ૨૧૮ | ૧/૧૪૯ |

(૧૧) <u>ભગવાનના નિશ્ચયની વાતો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૧ | ૧૭૩ | ૧/૭ |
| ૨ | ૨/૨ | ૧૭૪ | ૧/૮ |
| ૩ | ૨/૩ | ૧૭૫ | ૧/૯ |
| ૪ | ૨/૪ | ૧૭૭ | ૧/૧૦ |
| ૫ | ૩/૩૧ | ૨૦૫ | ૧/૧૦૦,૧૧૭ |
| ૬ | ૩/૪૨ | ૨૧૬ | ૧/૧૪૮ |
| ૭ | ૧/૩૨૫ | ૧૧૬ | ૨/૩૦૭ |

(૧૨) <u>મોટા પુરૂષનો મહિમા અને પ્રસંગની વાતો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૫૨ | ૧૪૮ | ૧/૧ |
| ૨ | ૨/૨૮ | ૧૩૩ | ૧/૩૮ |
| ૩ | ૨/૩૬ | ૧૩૭ | ૧/૪૬ |
| ૪ | ૨/૫૭ | ૧૫૦ | ૧/૬૧ |
| ૫ | ૨/૫૮ | ૧૫૦ | ૧/૬૨ |
| ૬ | ૨/૬૬ | ૧૫૨ | ૧/૬૯ |
| ૭ | ૨/૬૭ | ૧૫૨ | ૧/૭૦ |
| ૮ | ૨/૭૨ | ૧૫૫ | ૧/૭૫ |
| ૯ | ૨/૭૭ | ૧૫૭ | ૧/૮૦ |

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ.

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ૨/૮૦ | ૧૫૮ | ૧/૮૩ |
| ૧૧ | ૩/૧૮ | ૧૯૨ | ૧/૧૦૬ |
| ૧૨ | ૩/૨૨ | ૧૯૫ | ૧/૧૦૯ |
| ૧૩ | ૨/૧૦૦ | ૧૬૫ | ૧/૧૧૯ |
| ૧૪ | ૨/૧૧૦ | ૧૬૬ | ૧/૧૨૮ |
| ૧૫ | ૨/૧૧૬ | ૧૬૭ | ૧/૧૩૪ |
| ૧૬ | ૧/૧૩ | ૫ | ૨/૧૩ |
| ૧૭ | ૧/૧૬ | ૬ | ૨/૧૬ |
| ૧૮ | ૧/૧૭ | ૬ | ૨/૧૭ |
| ૧૯ | ૧/૧૯ | ૬ | ૨/૧૯ |
| ૨૦ | ૧/૬૫ | ૨૧ | ૨/૬૪ |
| ૨૧ | ૧/૬૬ | ૨૧ | ૨/૬૫ |
| ૨૨ | ૧/૮૧ | ૨૬ | ૨/૮૧ |
| ૨૩ | ૧/૯૧ | ૨૮ | ૨/૯૨ |
| ૨૪ | ૧/૯૯ | ૩૦ | ૨/૯૮ |
| ૨૫ | ૧/૧૦૦ | ૩૦ | ૨/૯૯ |
| ૨૬ | ૧/૧૦૪ | ૩૧ | ૨/૧૦૩ |
| ૨૭ | ૧/૧૦૭ | ૩૨ | ૨/૧૦૬ |
| ૨૮ | ૧/૧૨૫ | ૩૯ | ૨/૧૨૬ |
| ૨૯ | ૧/૧૩૪ | ૪૩ | ૨/૧૩૬ |
| ૩૦ | ૧/૧૪૮ | ૪૯ | ૨/૧૫૦ |
| ૩૧ | ૧/૧૬૬ | ૬૧ | ૨/૧૬૬ |
| ૩૨ | ૧/૧૭૨ | ૬૪ | ૨/૧૭૨ |





| | | | |
|---|---|---|---|
| ૩૩ | ૧/૧૭૪ | ૬૪ | ૨/૧૭૪ |
| ૩૪ | ૧/૧૭૬ | ૬૪ | ૨/૧૭૬ |
| ૩૫ | ૧/૧૭૯ | ૬૫ | ૨/૧૭૯ |
| ૩૬ | ૧/૨૦૧ | ૬૯ | ૨/૧૯૭ |
| ૩૭ | ૧/૨૧૬ | ૭૩ | ૨/૨૧૧ |
| ૩૮ | ૧/૨૨૯,૧/૨૩૦ | ૭૭ | ૨/૨૨૨ |
| ૩૯ | ૧/૨૫૯ | ૯૩ | ૨/૨૪૫ |
| ૪૦ | ૧/૩૦૪ | ૧૧૨ | ૨/૨૮૫ |
| ૪૧ | ૧/૩૩૩ | ૧૧૮ | ૨/૩૧૪ |

(૧૩) <u>અખંડ અનુસંધાનની વાતો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૪૨ | ૧૪૩ | ૧/૩૪ |
| ૨ | ૨/૨૭ | ૧૩૩ | ૧/૩૭ |
| ૩ | ૩/૪૩ | ૨૧૮ | ૧/૧૫૦ |

(૧૪) <u>વિવેકી મુમુક્ષુના લક્ષણોની વાતો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | ૩/૪૭ (૧થી૧૧) | ૨૨૨ | ૦/૧થી૬ |
| ૨ | ૨/૯, ૨/૧૦ | ૧૨૬/૧૨૭ | ૧/૧૯ |
| ૩ | ૨/૨૨ | ૧૩૧ | ૧/૩૨ |
| ૪ | ૨/૨૩ | ૧૩૨ | ૧/૩૩ |
| ૫ | ૨/૮૧ | ૧૫૯ | ૧/૮૪ |
| ૬ | ૩/૨૦ | ૧૯૩ | ૧/૧૧૦ |
| ૭ | ૩/૩૨ | ૨૦૭ | ૧/૧૧૬ |
| ૮ | ૨/૧૦૧,૨/૧૦૨ | ૧૬૫ | ૧/૧૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૯ | ૨/૧૦૫ | ૧૬૫ | ૧/૧૨૩ |
| ૧૦ | ૨/૧૦૭ | ૧૬૬ | ૧/૧૨૫ |
| ૧૧ | ૨/૧૦૮ | ૧૬૬ | ૧/૧૨૬ |
| ૧૨ | ૨/૧૧૪ | ૧૬૭ | ૧/૧૩૨ |
| ૧૩ | ૨/૧૧૫ | ૧૬૭ | ૧/૧૩૩ |
| ૧૪ | ૧/૨૭,૧/૨૮ | ૯ | ૨/૨૭ |
| ૧૫ | ૧/૪૧ | ૧૪ | ૨/૩૯ |
| ૧૬ | ૧/૫૦ | ૧૭ | ૨/૫૦ |
| ૧૭ | ૧/૬૧ | ૨૦ | ૨/૬૧ |
| ૧૮ | ૧/૬૪ | ૨૦ | ૨/૬૩ |
| ૧૯ | ૧/૬૯ | ૨૨ | ૨/૬૮ |
| ૨૦ | ૧/૭૧ | ૨૨ | ૨/૭૦ |
| ૨૧ | ૧/૭૬ | ૨૪ | ૨/૭૫ |
| ૨૨ | ૧/૭૮ | ૨૫ | ૨/૭૮ |
| ૨૩ | ૧/૯૨ | ૨૮ | ૨/૯૩ |
| ૨૪ | ૧/૧૦૩ | ૩૧ | ૨/૧૦૨ |
| ૨૫ | ૧/૧૦૬ | ૩૨ | ૨/૧૦૪ |
| ૨૬ | ૧/૧૨૦ | ૩૭ | ૨/૧૨૦ |
| ૨૭ | ૧/૨૨૨ | ૭૫ | ૨/૧૨૨ |
| ૨૮ | ૧/૧૭૫ | ૬૪ | ૨/૧૭૫ |
| ૨૯ | ૧/૧૮૩ | ૬૬ | ૨/૧૮૩ |
| ૩૦ | ૧/૨૯૨ | ૧૦૬ | ૨/૨૭૪ |
| ૩૧ | ૧/૨૯૩ | ૧૦૬ | ૨/૨૭૫ |





| | | | |
|---|---|---|---|
| ૩૨ | ૧/૨૯૪ | ૧૦૭ | ૨/૨૭૬ |
| ૩૩ | ૧/૨૯૫ | ૧૦૭ | ૨/૨૭૭ |
| ૩૪ | ૧/૩૦૫ | ૧૧૨ | ૨/૨૮૬ |
| ૩૫ | ૧/૩૦૯ | ૧૧૩ | ૨/૨૯૨ |
| ૩૬ | ૧/૨૫૩ | ૮૯ | ૨/૨૯૩ |
| ૩૭ | ૧/૨૫૪ | ૯૦ | ૨/૨૯૪ |
| ૩૮ | ૧/૩૩૮ | ૧૧૯ | ૨/૩૧૬ |
| ૩૯ | ૧/૩૪૦ | ૧૨૦ | ૨/૩૧૭ |
| ૪૦ | ૧/૩૪૧ | ૧૨૦ | ૨/૩૧૮ |
| ૪૧ | ૩/૧૬ | ૧૮૯ | ----- |
| ૪૨ | ૩/૧૯ | ૧૯૨ | ----- |
| ૪૩ | ૩/૨૮ | ૨૦૪ | ----- |
| ૪૪ | ૩/૨૯ | ૨૦૪ | ----- |

(૧૫) <u>ભગવાનના ભક્તને વર્તવાની રીતની વાતો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૩૦ | ૧૩૪ | ૧/૪૦ |
| ૨ | ૨/૩૨ | ૧૩૫ | ૧/૪૨ |
| ૩ | ૨/૩૩ | ૧૩૫ | ૧/૪૩ |
| ૪ | ૨/૫૪ | ૧૪૯ | ૧/૫૮ |
| ૫ | ૨/૫૫ | ૧૪૯ | ૧/૫૯ |
| ૬ | ૨/૬૧, ૨/૬૨ | ૧૫૦,૧૫૧ | ૧/૬૫ |
| ૭ | ૨/૬૩ | ૧૫૧ | ૧/૬૬ |
| ૮ | ૨/૬૪ | ૧૫૧ | ૧/૬૭ |
| ૯ | ૨/૬૫ | ૧૫૧ | ૧/૬૮ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ૨/૬૮ | ૧૫૩ | ૧/૭૧ |
| ૧૧ | ૨/૬૯ | ૧૫૩ | ૧/૭૨ |
| ૧૨ | ૨/૭૦ | ૧૫૩ | ૧/૭૩ |
| ૧૩ | ૨/૮૨ | ૧૫૯ | ૧/૮૫ |
| ૧૪ | ૨/૮૩ | ૧૫૯ | ૧/૮૬ |
| ૧૫ | ૨/૮૪ | ૧૫૯ | ૧/૮૭ |
| ૧૬ | ૨/૮૫ | ૧૫૯ | ૧/૮૮ |
| ૧૭ | ૩/૩૦ | ૨૦૫ | ૧/૧૦૧ |
| ૧૮ | ૨/૩૮ | ૧૪૦ | ૧/૧૦૪,૧૦૫ |
| ૧૯ | ૨/૯૬ થી ૯૯ | ૧૬૪/૧૬૫ | ૧/૧૧૮ |
| ૨૦ | ૨/૧૦૬ | ૧૬૬ | ૧/૧૨૪ |
| ૨૧ | ૨/૧૧૮ | ૧૬૭ | ૧/૧૩૬ |
| ૨૨ | ૧/૨૦ | ૭ | ૨/૨૦ |
| ૨૩ | ૧/૩૪ | ૧૨ | ૨/૩૩ |
| ૨૪ | ૧/૩૫, ૧/૩૬ | ૧૨/૧૩ | ૨/૩૪ |
| ૨૫ | ૧/૩૭ | ૧૩ | ૨/૩૫ |
| ૨૬ | ૧/૩૮ | ૧૪ | ૨/૩૬ |
| ૨૭ | ૧/૩૯ | ૧૪ | ૨/૩૭ |
| ૨૮ | ૧/૪૦ | ૧૪ | ૨/૩૮ |
| ૨૯ | ૧/૪૪ | ૧૫ | ૨/૪૩ |
| ૩૦ | ૧/૪૫ | ૧૬ | ૨/૪૪ |
| ૩૧ | ૧/૪૬ | ૧૬ | ૨/૪૫ |
| ૩૨ | ૧/૫૩ | ૧૮ | ૨/૫૨ |





| | | | |
|---|---|---|---|
| ૩૩ | ૧/૫૪ | ૧૮ | ૨/૫૩ |
| ૩૪ | ૧/૫૮ | ૧૯ | ૨/૫૭ |
| ૩૫ | ૧/૭૦ | ૨૨ | ૨/૬૯ |
| ૩૬ | ૧/૭૪ | ૨૩ | ૨/૭૩ |
| ૩૭ | ૧/૭૫ | ૨૪ | ૨/૭૪ |
| ૩૮ | ૧/૭૭ | ૨૫ | ૨/૭૬ |
| ૩૯ | ૧/૮૦ | ૨૫ | ૨/૮૦ |
| ૪૦ | ૧/૮૫ | ૨૭ | ૨/૮૫ |
| ૪૧ | ૧/૮૭ | ૨૭ | ૨/૮૮ |
| ૪૨ | ૧/૧૦૨ | ૩૧ | ૨/૧૦૧ |
| ૪૩ | ----- | ....... | ૨/૧૦૫ |
| ૪૪ | ૧/૧૧૦ | ૩૩ | ૨/૧૦૯ |
| ૪૫ | ૧/૧૧૩ | ૩૪ | ૨/૧૧૨ |
| ૪૬ | ૧/૧૨૭ | ૪૧ | ૨/૧૨૯ |
| ૪૭ | ૧/૧૨૮ | ૪૨ | ૨/૧૩૦ |
| ૪૮ | ૧/૧૩૧ | ૪૨ | ૨/૧૩૩ |
| ૪૯ | ૧/૧૪૪ | ૪૭ | ૨/૧૪૬ |
| ૫૦ | ૧/૧૪૯ | ૪૯ | ૨/૧૫૧ |
| ૫૧ | ૧/૧૫૨ | ૫૨ | ૨/૧૫૪,૧૫૫ |
| ૫૨ | ૧/૧૫૩ | ૫૩ | ૨/૧૫૬ |
| ૫૩ | ૧/૧૫૯ | ૫૭ | ૨/૧૬૦ |
| ૫૪ | ૧/૧૬૭ | ૬૨ | ૨/૧૬૭ |
| ૫૫ | ૧/૧૭૩ | ૬૪ | ૨/૧૭૩ |

| | | | |
|---|---|---|---|
| ૫૬ | ૧/૧૮૧ | ૬૫ | ૨/૧૮૧ |
| ૫૭ | ૧/૧૮૬ | ૬૬ | ૨/૧૮૭ |
| ૫૮ | ૧/૧૯૭ | ૬૯ | ૨/૧૯૩ |
| ૫૯ | ૧/૨૧૦ | ૭૨ | ૨/૨૦૬ |
| ૬૦ | ૧/૨૧૨ | ૭૨ | ૨/૨૦૭ |
| ૬૧ | ૧/૨૧૩ | ૭૨ | ૨/૨૦૮ |
| ૬૨ | ૧/૨૧૪,૧/૨૧૫ | ૭૨/૭૩ | ૨/૨૦૯ |
| ૬૩ | ૧/૨૨૨ | ૭૫ | ૨/૨૧૫ |
| ૬૪ | ૧/૨૨૮ | ૭૬ | ૨/૨૨૧ |
| ૬૫ | ૧/૨૩૧ | ૭૭ | ૨/૨૨૩ |
| ૬૬ | ૧/૨૪૧ | ૮૩ | ૨/૨૩૨ |
| ૬૭ | ૧/૨૪૪,૧/૨૪૫ | ૮૫ | ૨/૨૩૫ |
| ૬૮ | ૧/૨૪૭ | ૮૬ | ૨/૨૩૭ |
| ૬૯ | ૧/૨૪૮ | ૮૬ | ૨/૨૩૮ |
| ૭૦ | ૧/૨૫૧ | ૮૮ | ૨/૨૪૧ |
| ૭૧ | ૧/૨૫૨ | ૮૮ | ૨/૨૪૩ |
| ૭૨ | ૧/૨૬૧ | ૯૪ | ૨/૨૪૭ |
| ૭૩ | ૧/૨૬૫ | ૯૫ | ૨/૨૫૦ |
| ૭૪ | ૧/૨૬૮ | ૯૭ | ૨/૨૫૨ |
| ૭૫ | ૧/૨૭૨ | ૯૮ | ૨/૨૫૬ |
| ૭૬ | ૧/૨૮૫ | ૧૦૩ | ૨/૨૬૭ |
| ૭૭ | ૧/૨૮૯ | ૧૦૪ | ૨/૨૭૨ |
| ૭૮ | ૧/૩૦૨ | ૧૧૧ | ૨/૨૮૩ |
| ૭૯ | ૧/૩૨૩ | ૧૧૬ | ૨/૩૦૫ |





| | | | |
|---|---|---|---|
| ૮૦ | ૧/૧૦૫ | ૩૨ | ----- |
| ૮૧ | ૧/૧૯૪ | ૬૮ | ----- |
| ૮૨ | ૧/૨૧૧ | ૭૨ | ----- |
| ૮૩ | ૧/૨૨૪ | ૭૬ | ----- |
| ૮૪ | ૧/૨૭૪ | ૯૯ | ----- |
| ૮૫ | ૧/૩૧૭ | ૧૧૫ | ----- |
| ૮૬ | ૩/૪ | ૧૭૭ | ----- |
| ૮૭ | ૩/૭ | ૧૮૦ | ----- |
| ૮૮ | ૩/૮ | ૧૮૦ | ----- |
| ૮૯ | ૩/૧૭ | ૧૯૧ | ----- |

### (૧૬) ત્યાગીને વર્તવાની રીતની વાતો

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૧૩ | ૧૨૭ | ૧/૨૨ |
| ૨ | ૨/૧૪ | ૧૨૭ | ૧/૨૩ |
| ૩ | ૨/૧૬ | ૧૨૮ | ૧/૨૫ |
| ૪ | ૨/૧૮ | ૧૨૯ | ૧/૨૮ |
| ૫ | ૨/૧૯ | ૧૨૯ | ૧/૨૯ |
| ૬ | ૨/૭૫ | ૧૫૬ | ૧/૭૮ |
| ૭ | ૨/૭૬ | ૧૫૬ | ૧/૭૯ |
| ૮ | ૨/૩૮ | ૧૪૦ | ૧/૧૦૩ |
| ૯ | ૨/૧૧૭ | ૧૬૭ | ૧/૧૩૫ |
| ૧૦ | ૧/૭૮ | ૨૫ | ૨/૭૭ |
| ૧૧ | ૧/૧૩૦ | ૪૨ | ૨/૧૩૨ |

(૧૭) ઈંદ્રિયો-અંતઃકરણ - ગુણ જીતવાની વાતો

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૧૧ | ૧૨૭ | ૧/૨૦ |
| ૨ | ૨/૧૨ | ૧૨૭ | ૧/૨૧ |
| ૩ | ૨/૨૬ | ૧૩૨ | ૧/૩૬ |
| ૪ | ૨/૩૧ | ૧૩૪ | ૧/૪૧ |
| ૫ | ૨/૫૯ | ૧૫૦ | ૧/૬૩ |
| ૬ | ૨/૯૪ | ૧૬૩ | ૧/૯૭ |
| ૭ | ૨/૯૫ | ૧૬૪ | ૧/૯૮ |
| ૮ | ૧/૨ | ૨ | ૨/૨ |
| ૯ | ૧/૯ | ૪ | ૨/૯ |
| ૧૦ | ૧/૧૧ | ૪ | ૨/૧૧ |
| ૧૧ | ૧/૧૮ | ૬ | ૨/૧૮ |
| ૧૨ | ૧/૨૨ | ૭ | ૨/૨૨ |
| ૧૩ | ૧/૨૬ | ૯ | ૨/૨૬ |
| ૧૪ | ૧/૩૨ | ૧૧ | ૨/૩૧ |
| ૧૫ | ૧/૪૩ | ૧૫ | ૨/૪૨ |
| ૧૬ | ૧/૫૬ | ૧૯ | ૨/૫૫ |
| ૧૭ | ૧/૭૨ | ૨૨ | ૨/૭૧ |
| ૧૮ | ૧/૭૩ | ૨૩ | ૨/૭૨ |
| ૧૯ | ૧/૧૪૩ | ૪૭ | ૨/૧૪૫ |
| ૨૦ | ૧/૧૭૭ | ૬૫ | ૨/૧૭૭ |
| ૨૧ | ૧/૧૮૦ | ૬૫ | ૨/૧૮૦ |





| | | | |
|---|---|---|---|
| ૨૨ | ૧/૧૮૨ | ૬૫ | ૨/૧૮૨ |
| ૨૩ | ૧/૧૮૫ | ૬૬ | ૨/૧૮૫ |
| ૨૪ | ૧/૨૧૯,૧/૨૨૦ | ૭૪/૭૫ | ૨/૨૧૪ |
| ૨૫ | ૧/૨૩૨ | ૭૮ | ૨/૨૨૪ |
| ૨૬ | ૧/૨૮૬ | ૧૦૪ | ૨/૨૬૮ |

(૧૮) વિષયખંડનની વાતો

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૭૪ | ૧૫૬ | ૧/૭૭ |
| ૨ | ૨/૭૮ | ૧૫૭ | ૧/૮૧ |
| ૩ | ૨/૭૯ | ૧૫૮ | ૧/૮૨ |
| ૪ | ૩/૨૫ | ૧૯૯ | ૧/૧૦૨ |
| ૫ | ૨/૧૦૩ | ૧૬૫ | ૧/૧૨૧ |
| ૬ | ૨/૧૦૪ | ૧૬૫ | ૧/૧૨૨ |
| ૭ | ૨/૧૧૩ | ૧૬૭ | ૧/૧૩૧ |
| ૮ | ૧/૪ | ૩ | ૨/૪ |
| ૯ | ૧/૫ | ૩ | ૨/૫ |
| ૧૦ | ૧/૬ | ૩ | ૨/૬ |
| ૧૧ | ૧/૧૪ | ૫ | ૨/૧૪ |
| ૧૨ | ૧/૯૮ | ૨૯ | ૨/૯૫ |
| ૧૩ | ૧/૧૦૮ | ૩૨ | ૨/૧૦૭ |
| ૧૪ | ૧/૧૭૮ | ૬૫ | ૨/૧૭૮ |
| ૧૫ | ૧/૨૪૬ | ૮૬ | ૨/૨૩૬ |
| ૧૬ | ૩/૧૩ | ૧૮૭ | ----- |
| ૧૭ | ૩/૨૪ | ૧૯૮ | ----- |

## (૧૯) વાસના ટાળવાની વાતો

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૪૮ | ૧૪૫ | ૧/૫૩ |
| ૨ | ૨/૫૧ | ૧૪૮ | ૧/૫૬ |
| ૩ | ૩/૨૩ | ૧૯૬ | ૧/૧૧૧ |
| ૪ | ૩/૨૬ | ૨૦૨ | ૧/૧૧૨,૧૧૪ |
| ૫ | ૩/૩૩ | ૨૦૯ | ૧/૧૧૩,૧૧૫ |
| ૬ | ૨/૧૦૯ | ૧૬૬ | ૧/૧૨૭ |
| ૭ | ૨/૧૧૯,૨/૧૨૦ | ૧૬૭,૧૬૮ | ૧/૧૩૭ |
| ૮ | ૧/૪૭ | ૧૭ | ૨/૪૬ |
| ૯ | ૧/૬૧ | ૨૦ | ૨/૬૦ |
| ૧૦ | ૧/૬૮ | ૨૧ | ૨/૬૭ |
| ૧૧ | ૧/૧૧૭ | ૩૫ | ૨/૧૧૬ |
| ૧૨ | ૧/૧૨૩ | ૩૯ | ૨/૧૨૩ |
| ૧૩ | ૧/૧૨૯ | ૪૨ | ૨/૧૩૧ |
| ૧૪ | ૧/૧૩૮ | ૪૬ | ૨/૧૪૦ |
| ૧૫ | ૧/૧૪૫ | ૪૮ | ૨/૧૪૭ |
| ૧૬ | ૧/૧૮૯ | ૬૭ | ૨/૧૯૦ |
| ૧૭ | ૧/૨૦૭ | ૭૧ | ૨/૨૦૪ |
| ૧૮ | ૧/૨૩૪ | ૮૧ | ૨/૨૨૬ |
| ૧૯ | ૧/૨૮૧ | ૧૦૨ | ૨/૨૬૩ |
| ૨૦ | ૧/૨૮૩ | ૧૦૩ | ૨/૨૬૫ |
| ૨૧ | ૧/૩૦૬ | ૧૧૨ | ૨/૨૮૭ |
| ૨૨ | ૧/૩૨૪ | ૧૧૬ | ૨/૩૦૬ |
| ૨૩ | ૩/૩૭ | ૨૧૨ | ......... |





## (૨૦) સ્વભાવ ટાળવાની વાતો

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૧૫ | ૧૨૭ | ૧/૨૪ |
| ૨ | ૨/૮૮ | ૧૬૧ | ૧/૯૧ |
| ૩ | ૨/૮૯ | ૧૬૧ | ૧/૯૨ |
| ૪ | ૨/૯૦ | ૧૬૨ | ૧/૯૩ |
| ૫ | ૨/૯૧ | ૧૬૨ | ૧/૯૪ |
| ૬ | ૨/૯૨ | ૧૬૩ | ૧/૯૫ |
| ૭ | ૨/૯૩ | ૧૬૩ | ૧/૯૬ |
| ૮ | ૧/૧૦૧ | ૩૦ | ૨/૧૦૦ |
| ૯ | ૧/૧૪૬ | ૪૮ | ૨/૧૪૮ |
| ૧૦ | ૧/૧૭૧ | ૬૩ | ૨/૧૭૧ |
| ૧૧ | ૧/૧૮૭ | ૬૭ | ૨/૧૮૮ |
| ૧૨ | ૧/૨૦૮,૧/૨૦૯ | ૭૧ | ૨/૨૦૫ |
| ૧૩ | ૧/૨૨૩ | ૭૫ | ૨/૨૧૬ |
| ૧૪ | ૧/૨૭૦ | ૯૮ | ૨/૨૫૪ |
| ૧૫ | ૧/૨૭૧ | ૯૮ | ૨/૨૫૫ |
| ૧૬ | ૧/૩૦૧ | ૧૧૧ | ૨/૨૮૨ |
| ૧૭ | ૧/૩૨૯ | ૧૧૭ | ૨/૩૧૧ |
| ૧૮ | ૧/૩૩૪ | ૧૧૮ | ----- |
| ૧૯ | ૩/૩ | ૧૭૫ | ----- |
| ૨૦ | ૩/૨૭ | ૨૦૩ | ----- |

### (૨૧) <u>વૈરાગ્યની વાતો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૬૦ | ૧૫૦ | ૧/૬૪ |
| ૨ | ૧/૧૫ | ૫ | ૨/૧૫ |

### (૨૨) <u>જ્ઞાનની વાતો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૨૦ | ૧૩૧ | ૧/૩૦ |
| ૨ | ૨/૪૯ | ૧૪૬ | ૧/૫૪ |
| ૩ | ૩/૪૪ | ૨૨૦ | ૧/૫૭ |
| ૪ | ૨/૫૬ | ૧૪૯ | ૧/૬૦ |
| ૫ | ૨/૭૩ | ૧૫૫ | ૧/૭૬ |
| ૬ | ૨/૧૨૧ | ૧૬૯ | ૧/૧૩૮ |
| ૭ | ૨/૧૨૨ | ૧૬૯ | ૧/૧૩૯ |
| ૮ | ૨/૧૨૩ | ૧૬૯ | ૧/૧૪૦ |
| ૯ | ૨/૧૨૪ | ૧૭૦ | ૧/૧૪૧ |
| ૧૦ | ૨/૧૨૫ | ૧૭૦ | ૧/૧૪૨ |
| ૧૧ | ૨/૧૨૬ | ૧૭૦ | ૧/૧૪૩ |
| ૧૨ | ૨/૧૨૭ | ૧૭૦ | ૧/૧૪૪ |
| ૧૩ | ૨/૧૨૮ | ૧૭૦ | ૧/૧૪૫ |
| ૧૪ | ૨/૧૨૯,૨/૧૩૦ | ૧૭૧ | ૧/૧૪૬ |
| ૧૫ | ૧/૩ | ૨ | ૨/૩ |
| ૧૬ | ૧/૭ | ૩ | ૨/૭ |
| ૧૭ | ૧/૧૦ | ૪ | ૨/૧૦ |
| ૧૮ | ૧/૨૩ | ૮ | ૨/૨૩ |
| ૧૯ | ૧/૨૪ | ૮ | ૨/૨૪ |
| ૨૦ | ૧/૨૯ | ૯ | ૨/૨૮ |





| | | | |
|---|---|---|---|
| ૨૧ | ૧/૩૦ | ૧૦ | ૨/૨૯ |
| ૨૨ | ૧/૩૧ | ૧૧ | ૨/૩૦ |
| ૨૩ | ૧/૩૩ | ૧૧ | ૨/૩૨ |
| ૨૪ | ૧/૪૨ | ૧૫ | ૨/૪૦ |
| ૨૫ | ૧/૪૮ | ૧૭ | ૨/૪૭ |
| ૨૬ | ૧/૫૭ | ૧૯ | ૨/૫૬ |
| ૨૭ | ૧/૮૨ | ૨૬ | ૨/૮૨ |
| ૨૮ | ૧/૮૬ | ૨૭ | ૨/૮૬ |
| ૨૯ | ૧/૮૮ | ૨૮ | ૨/૮૯ |
| ૩૦ | ૧/૮૯ | ૨૮ | ૨/૯૦ |
| ૩૧ | ૧/૯૦ | ૨૮ | ૨/૯૧ |
| ૩૨ | ૧/૧૦૯ | ૩૨ | ૨/૧૦૮ |
| ૩૩ | ૧/૧૧૧ | ૩૩ | ૨/૧૧૦ |
| ૩૪ | ૧/૧૧૨ | ૩૩ | ૨/૧૧૧ |
| ૩૫ | ૧/૧૧૫ | ૩૪ | ૨/૧૧૪ |
| ૩૬ | ૧/૧૧૬ | ૩૫ | ૨/૧૧૫ |
| ૩૭ | ૧/૧૧૮ | ૩૬ | ૨/૧૧૭,૧૧૮ |
| ૩૮ | ૧/૧૧૯ | ૩૬ | ૨/૧૧૯ |
| ૩૯ | ૧/૧૨૬ | ૪૦ | ૧/૧૨૭ |
| ૪૦ | ૧/૧૫૦ | ૫૦ | ૧/૧૫૨ |
| ૪૧ | ૧/૧૫૧ | ૫૧ | ૨/૧૫૩ |
| ૪૨ | ૧/૧૫૬ | ૫૪ | ૨/૧૫૭ |
| ૪૩ | ૧/૧૫૭ | ૫૬ | ૨/૧૫૮ |

| | | | |
|---|---|---|---|
| ૪૪ | ૧/૧૬૨ | ૫૯ | ૨/૧૬૨ |
| ૪૫ | ૧/૧૬૩ | ૫૯ | ૨/૧૬૩ |
| ૪૬ | ૧/૧૬૪ | ૫૯ | ૨/૧૬૪ |
| ૪૭ | ૧/૧૬૫ | ૬૧ | ૨/૧૬૫ |
| ૪૮ | ૧/૧૬૮ | ૬૨ | ૨/૧૬૮ |
| ૪૯ | ૧/૧૬૯ | ૬૨ | ૨/૧૬૯ |
| ૫૦ | ૧/૧૭૦ | ૬૩ | ૨/૧૭૦ |
| ૫૧ | ૧/૧૮૪ | ૬૬ | ૨/૧૮૪ |
| ૫૨ | ૧/૧૮૮ | ૬૭ | ૨/૧૮૯ |
| ૫૩ | ૧/૨૦૦ | ૬૯ | ૨/૧૯૬ |
| ૫૪ | ૧/૨૦૫ | ૭૦ | ૨/૨૦૨ |
| ૫૫ | ૧/૨૧૬ | ૭૩ | ૨/૨૧૦ |
| ૫૬ | ૧/૨૬૦ | ૯૪ | ૨/૨૪૬ |
| ૫૭ | ૧/૨૧૮ | ૭૪ | ૨/૨૧૨,૨૧૩ |
| ૫૮ | ૧/૨૨૬ | ૭૬ | ૨/૧૧૮ |
| ૫૯ | ૧/૨૩૧ | ૭૭ | ૨/૨૨૨ |
| ૬૦ | ૧/૨૩૩ | ૭૯ | ૨/૨૨૫ |
| ૬૧ | ૧/૨૩૫ | ૮૧ | ૨/૨૨૭ |
| ૬૨ | ૧/૨૩૬ | ૮૨ | ૨/૨૨૮ |
| ૬૩ | ૧/૨૩૮ | ૮૨ | ૨/૨૩૦ |
| ૬૪ | ૧/૨૪૦ | ૮૩ | ૨/૨૩૧ |
| ૬૫ | ૧/૨૭૩ | ૯૮ | ૨/૨૫૭ |
| ૬૬ | ૧/૨૭૯ | ૧૦૨ | ૨/૨૬૧ |





| | | | |
|---|---|---|---|
| ૬૭ | ૧/૨૮૦ | ૧૦૨ | ૨/૨૬૨ |
| ૬૮ | ૧/૩૦૩ | ૧૧૧ | ૨/૨૮૪ |
| ૬૯ | ૧/૩૨૨ | ૧૧૬ | ૨/૩૦૪ |
| ૭૦ | ૧/૩૩૦ | ૧૧૭ | ૨/૩૧૨ |
| ૭૧ | ૧/૩૩૨ | ૧૧૭ | ૨/૩૧૩ |
| ૭૨ | ૧/૫૧ | ૧૮ | ----- |
| ૭૩ | ૧/૯૪ | ૨૯ | ----- |
| ૭૪ | ૧/૯૫ | ૨૯ | ----- |
| ૭૫ | ૧/૯૬ | ૨૯ | ----- |
| ૭૬ | ૧/૧૫૪ | ૫૩ | ----- |
| ૭૭ | ૧/૧૫૫ | ૫૪ | ----- |
| ૭૮ | ૧/૧૬૧ | ૫૮ | ----- |
| ૭૯ | ૧/૧૯૦ | ૬૭ | ----- |
| ૮૦ | ૧/૧૯૧ | ૬૭ | ----- |
| ૮૧ | ૧/૧૯૨ | ૬૮ | ----- |
| ૮૨ | ૧/૧૯૩ | ૬૮ | ----- |
| ૮૩ | ૧/૨૨૧ | ૭૫ | ----- |
| ૮૪ | ૧/૨૩૯ | ૮૨ | ----- |
| ૮૫ | ૧/૨૬૪ | ૯૫ | ----- |
| ૮૬ | ૧/૨૯૭ | ૧૦૯ | ----- |
| ૮૭ | ૧/૩૧૫ | ૧૧૫ | ----- |
| ૮૮ | ૧/૩૧૮ | ૧૧૫ | ----- |
| ૮૯ | ૧/૩૩૧ | ૧૧૭ | ----- |

| | | | |
|---|---|---|---|
| ૯૦ | ૧/૩૩૯ | ૧૧૯ | ----- |
| ૯૧ | ૩/૫ | ૧૭૮ | ----- |
| ૯૨ | ૩/૯ | ૧૮૧ | ----- |
| ૯૩ | ૩/૧૪ | ૧૮૭ | ----- |
| ૯૪ | ૩/૩૫ | ૨૧૨ | ----- |
| ૯૫ | ૩/૩૮ | ૨૧૩ | ----- |
| ૯૬ | ૩/૩૯ | ૨૧૩ | ----- |
| ૯૭ | ૩/૪૦ | ૨૧૪ | ----- |

(૨૩) <u>પ્રકીર્ણ - વિવિધ પ્રકારની વાતો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨/૭૧ | ૧૫૪ | ૧/૭૪ |
| ૨ | ૨/૧૧૧ | ૧૬૬ | ૧/૧૨૯ |
| ૩ | ૨/૧૧૨ | ૧૬૭ | ૧/૧૩૦ |
| ૪ | ૧/૪૯ | ૧૭ | ૨/૪૯ |
| ૫ | ૧/૫૫ | ૧૮ | ૨/૫૪ |
| ૬ | ૧/૫૯ | ૨૦ | ૨/૫૮ |
| ૭ | ૧/૬૦ | ૨૦ | ૨/૫૯ |
| ૮ | ૧/૬૭ | ૨૧ | ૨/૬૬ |
| ૯ | ૧/૭૯ | ૨૫ | ૨/૭૯ |
| ૧૦ | ૧/૮૩ | ૨૬ | ૨/૮૩ |
| ૧૧ | ૧/૯૭ | ૨૯ | ૨/૯૪ |
| ૧૨ | ----- | ..... | ૨/૯૭ |
| ૧૩ | ૧/૧૨૧ | ૩૯ | ૨/૧૨૧ |
| ૧૪ | ૧/૧૨૪ | ૩૯ | ૨/૧૨૪,૧૨૫ |
| ૧૫ | ૧/૧૩૨ | ૪૩ | ૨/૧૩૪ |





| | | | |
|---|---|---|---|
| ૧૬ | ૧/૧૩૫ | ૪૩ | ૨/૧૩૭ |
| ૧૭ | ૧/૧૪૨ | ૪૭ | ૨/૧૪૪ |
| ૧૮ | ૧/૧૫૮ | ૫૭ | ૨/૧૫૯ |
| ૧૯ | ૧/૨૦૨ | ૭૦ | ૨/૧૯૮ |
| ૨૦ | ૧/૨૦૩ | ૭૦ | ૨/૧૯૯ |
| ૨૧ | ૧/૨૨૫ | ૭૬ | ૨/૨૧૭ |
| ૨૨ | ૧/૨૨૭ | ૭૬ | ૨/૨૧૯ |
| ૨૩ | ૧/૨૩૭ | ૮૨ | ૨/૨૨૯ |
| ૨૪ | ૧/૨૪૨ | ૮૪ | ૨/૨૩૩ |
| ૨૫ | ૧/૨૫૨ | ૮૮ | ૨/૨૪૨ |
| ૨૬ | ૧/૨૫૮ | ૯૨ | ૨/૨૪૪ |
| ૨૭ | ૧/૨૬૩ | ૯૫ | ૨/૨૪૯ |
| ૨૮ | ૧/૨૮૨ | ૧૦૨ | ૨/૨૬૪ |
| ૨૯ | ૧/૨૮૪ | ૧૦૩ | ૨/૨૬૬ |
| ૩૦ | ૧/૨૮૭ | ૧૦૪ | ૨/૨૬૯ |
| ૩૧ | ૧/૨૯૯ | ૧૧૦ | ૨/૨૮૦ |
| ૩૨ | ૧/૩૦૬ | ૧૧૨ | ૨/૨૮૮ |
| ૩૩ | ૧/૩૦૮ | ૧૧૩ | ૨/૨૯૦,૨૯૧ |
| ૩૪ | ૧/૨૫૭ | ૯૨ | ૨/૨૯૭ |
| ૩૫ | ૧/૩૧૧,૩૧૨ | ૧૧૪ | ૨/૨૯૮ |
| ૩૬ | ૧/૩૧૩ | ૧૧૪ | ૨/૨૯૯ |
| ૩૭ | ૧/૩૧૪ | ૧૧૪ | ૨/૩૦૦ |
| ૩૮ | ૧/૩૧૯ | ૧૧૫ | ૨/૩૦૧ |
| ૩૯ | ૧/૩૨૦ | ૧૧૫ | ૨/૩૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૪૦ | ૧/૩૨૧ | ૧૧૬ | ૨/૩૦૩ |
| ૪૧ | ૧/૩૨૬ | ૧૧૬ | ૨/૩૦૮ |
| ૪૨ | ૧/૩૩૫ | ૧૧૮ | ૨/૩૧૫ |
| ૪૩ | ૧/૯૩ | ૨૯ | ----- |
| ૪૪ | ૧/૨૫૬ | ૯૨ | ----- |
| ૪૫ | ૩/૧૦ | ૧૮૫ | ----- |
| ૪૬ | ૩/૧૧ | ૧૮૫ | ----- |

## સંદર્ભ - અનુક્રમણિકા

| ક્રમ | વિષય | સંખ્યા |
|---|---|---|
| (૧) | પુરુષોત્તમપણાની વાતો | ૬૧ |
| (૨) | મુક્તના ભેદની વાતો | ૨૫ |
| (૩) | પ્રતિલોમપણે ધ્યાનની વાતો | ૨ |
| (૪) | દૃષ્ટામાં ધ્યાનની વાતો | ૩ |
| (૫) | ઉપાસનાની વાતો | ૪ |
| (૬) | શ્રીજીના મહિમાની વાતો | ૮ |
| (૭) | અક્ષરભાવે વર્તવાની વાતો | ૨ |
| (૮) | ઉપશમની વાતો | ૩ |
| (૯) | આત્મસ્વરૂપે રહેવાની વાતો | ૯ |
| (૧૦) | આત્માનું સ્વરૂપ સમજવાની વાતો | ૨ |
| (૧૧) | ભગવાનના નિશ્ચયની વાતો | ૭ |
| (૧૨) | મોટા પુરૂષનો મહિમા અને પ્રસંગની વાતો | ૪૧ |
| (૧૩) | અખંડ અનુસંધાનની વાતો | ૩ |
| (૧૪) | વિવેકી મુમુક્ષુના લક્ષણોની વાતો | ૪૪ |
| (૧૫) | ભગવાનના ભક્તને વર્તવાની રીતની વાતો | ૮૯ |
| (૧૬) | ત્યાગીને વર્તવાની રીતની વાતો | ૧૧ |
| (૧૭) | ઈંદ્રિયો-અંતઃકરણ - ગુણ જીતવાની વાતો | ૨૬ |
| (૧૮) | વિષયખંડનની વાતો | ૧૭ |
| (૧૯) | વાસના ટાળવાની વાતો | ૨૩ |
| (૨૦) | સ્વભાવ ટાળવાની વાતો | ૨૦ |
| (૨૧) | વૈરાગ્યની વાતો | ૨ |
| (૨૨) | જ્ઞાનની વાતો | ૯૭ |



# પરિશિષ્ટ-૨

## અવશિષ્ટ વાતો

### (બે પ્રકરણના પુસ્તકની વિશેષ વાતો)

[**નોંધ :-** આ પ્રસ્તુત ત્રણ પ્રકરણની વાતોમાં બહુધા વડતાલ દેશ અંતર્ગત જૂનાગઢ, રાજકોટ વગેરે સ્થાનેથી પ્રસિદ્ધ થતા સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની વાતોના આ પુસ્તકમાં જે સ.ગુ. ચૈતન્યાનંદ સ્વામી લિખિત (૩૪૧) વાતો છે તેને પ્રથમ પ્રકરણ તરીકે ઓળખવામાં આવે છે.

એ જ પ્રથમ પ્રકરણની વાતો અમદાવાદ દેશ, ભુજ વગેરે સ્થાનોએથી પ્રસિદ્ધ થતા ગોપાળાનંદ સ્વામીની વાતોના પુસ્તકમાં બીજા પ્રકરણ તરીકે મુકાયેલી છે. તેમજ પૂર્વોક્ત પુસ્તકની બીજા પ્રકરણની વાતો પ્રથમ પ્રકરણ તરીકે મુકાયેલી છે. આ વાતોના ક્રમાંક નંબરની મેળવણીની સુગમતા માટે જ આગળ પરિશિષ્ટ (૧)માં સંદર્ભ-સૂચિ મુકવામાં આવી છે.

આ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર સરધાર તરફથી પ્રસિદ્ધ થતાં આ પુસ્તકમાં 'સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામીની વાતો એક પણ બાકી ન રહે' એવા શુભાશયથી વિશેષ સંશોધન પૂર્વક તેની તપાસ કરીને આ પુસ્તકમાં તે તમામ વાતોને આવરી લેવાની પૂ. મારા વડીલ ગુરૂબંધુ સદ્.સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આજ્ઞાત્મક પ્રેરણા થતા નીચે મુજબ સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ સ્વહસ્તે લખેલ અને શુકાનંદ સ્વામી પાસે સંશોધન કરાવેલ **'પુરૂષોત્તમ નિરૂપણ'** નામનો ગ્રંથ જેનો ક્રમાંક નંબર બે પ્રકરણની વાતોમાં (૧/૧૫૧ થી ૧/૧૭૬) આ પ્રમાણે છવ્વીશ વાતોમાં છે. તે તથા બીજી બે વાતો ચૈતન્યાનંદ સ્વામી દ્વારા લખાયેલી વાત નં. (૨/૧૦૫) તથા (૨/૯૭) આ પ્રમાણે વિશેષ વાતો છે એમ જાણવામાં આવ્યું તેને પૂ. સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે અત્રે જોડવામાં આવેલ છે.]

• • •

## ''પુરુષોત્તમ નિરૂપણ''

શ્રીજીમહારાજે વાત કરી જે અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે અનંત અક્ષર મુક્તે સેવ્યા થકા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છે તેમણે સૃષ્ટિ સમે અક્ષર સામું જોયું ત્યારે અક્ષરમાંથી પુરુષ નીસર્યો. તે પુરુષ દ્વારે માયા સામું જોયું તેમાંથી અનંત પ્રધાનપુરુષાદિક થયા ને તે પુરુષ અનેક રૂપે કરીને તેમાં પ્રવેશ કરે છે ને અનંતરૂપે કરીને તે સર્વની રક્ષા કરે છે ને અનંત પાર્ષદ શક્તિઓ ને ઐશ્વર્ય તેણે સેવ્યો થકો પોતાના ધામને વિષે રહે છે ને બીજે સ્વરૂપે પુરુષોત્તમની સેવામાં પણ રહે છે. એ પ્રકારે એમને વિષે અનેક કળાઓ રહી છે તેનો મોટા મોટા કવિ પાર પામતા નથી ને આધુનિક સમજણવાળાની તો તેટલા સુધી જ ગતિ છે. ને એવા જે અનંત મૂળ પુરુષ તે થકી પર જે અક્ષર પુરુષ તેમને એ સાક્ષાત્ પુરુષોત્તમની ઉપાસના છે કે તમારે છે પણ બીજાને નથી. એવી રીતે **સર્વોપરી પ્રકટ પુરુષોત્તમની ઉપાસના સમજવી એ જ્ઞાનવાન્ એવા જે એકાંતિક ભક્ત તેમની સમજણ છે.** ॥૧૫૧॥

શ્રીજીમહારાજે વાર્તા કરી જે સમગ્ર પૃથ્વી જેવડી ઝાલર હોય ને મેરૂ પર્વત જેવડો ડંકો હોય ને વૈરાજ પુરુષ જેવા અનંત વગાડનારા હોય ને તેનો જેવો શબ્દ થાય તેવો અક્ષરાતીત પ્રકટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ તેમના જમણા ચરણના અંગુઠામાંથી પ્રણવ નીસરે છે તેનો ઘોષ થાય છે. તેના જે પરછંદા તે અક્ષરાદિક અનેક ધામમાં વ્યાપે છે તે જો બ્રહ્માંડમાં આવે તો અનંત બ્રહ્માંડને ફોડી નાખે એવો જે પ્રણવનો શબ્દ તે પુરુષોત્તમના અંગુઠામાં પાછો લીન થઈ જાય છે ને વળી ઉદયને પામે છે. એવા જે પ્રકટ પુરુષોત્તમ 'શ્રી સ્વામિનારાયણ' તે સમગ્ર બીજા ધામોમાં રહી જે મૂર્તિઓ તથા સર્વે અવતાર તેના કારણ છે ને અનંત અક્ષરપુરુષના સ્વામી છે ને અપરિમિત સર્વોપરી નિરંકુશ ઐશ્વર્યાદિકે કરીને સંપૂર્ણ છે. **એવા જે પ્રકટ પુરુષોત્તમ તેમની જેમ તમારે ઉપાસના થઈ છે તેમ જેને ઉપાસના થાય તે જ પુરુષોત્તમને પામે ને બીજો પુરુષ તો કોટી સાધન કરે તો પણ ન પામે** એવી જે રહસ્યવાર્તા





છે તે જ્ઞાનવાન્ એવા જે એકાંતિક સંત તેને પ્રસંગે, કરીને સમજાય છે. ને અક્ષરાદિક સર્વ થકી પર ને અદ્વિતીય મૂર્તિ એવા જે પ્રકટ પુરુષોત્તમ 'શ્રીસ્વામિનારાયણ' તેમને એ રીતે સર્વોપરી જાણવા એ સર્વ સત્પુરુષ ને સર્વ સત્શાસ્ત્ર તેમનો પરમ રહસ્ય અભિપ્રાય છે. ને પુરુષોત્તમને વિષે ને બીજા વિભૂતિ અવતારને વિષે કેમ ભેદ છે તો જેમ **તીર ને તીરના નાખનારામાં ભેદ છે ને જેમ ચક્રવર્તી રાજા ને ખંડીઆ રાજામાં ભેદ છે ને જેમ સૂર્ય ને સૂર્યના મંડળમાં ભેદ છે તેમ પુરુષોત્તમમાં ને એ કહ્યા તે સર્વેમાં ભેદ છે.** ॥૧૫૨॥

શ્રીજીમહારાજે સમાધિવાળા મૂળજી ભક્તને કહ્યું જે પુરુષોત્તમના બીજા અવતાર થયા ને થાશે ને બીજા ધામોમાં જે સર્વે મૂર્તિઓ તે સમગ્રરૂપને તમે જુવો. ત્યારે તેમણે કહ્યું જે કેમ કરીને જોવું ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે ''બીજા સર્વે અવતાર તેમનું નામ લઈને એમ સંકલ્પ કરો જે એ સર્વેના કારણ હોય તો તેના પ્રતાપે કરીને મને સર્વે રૂપનાં દર્શન થાઓ.'' ત્યારે તે ભક્તે સર્વે બીજા અવતારનાં નામ લઈને સંકલ્પ કર્યો પણ દર્શન થયું નહિ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે ''તે સર્વેના કારણ પ્રકટ પુરુષોત્તમ શ્રીજીમહારાજ હોય તો મને સર્વેનું દર્શન થાઓ એમ સંકલ્પ કરો.'' ત્યારે તે ભક્તે એમ સંકલ્પ કર્યો કે તત્કાળ સર્વે રૂપનાં દર્શન થયાં. એવી રીતે પોતાનો સર્વોપરી પ્રતાપ દેખાડીને પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય કરાવ્યો. ॥૧૫૩॥

અમદાવાદમાં શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા જ્યારે કરી તે સમે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે આ ભરતખંડના રાજા શ્રીનરનારાયણ બદ્રિકાશ્રમવાસી છે તથા શ્રીલક્ષ્મીનારાયણ આદિક સર્વે છે તે પ્રકટ પુરુષોત્તમ દ્વિભુજ મૂર્તિ એવા જે આ ભગવાન તેમની ઉપાસના કરે છે. એમ શ્રીજીમહારાજે મર્મે કરીને પોતાના પુરુષોત્તમપણાની વાર્તા કરી તેને જે એકાંતિક જ્ઞાનવાન ભક્ત હોય તે સમજે છે. ॥૧૫૪॥

દિવ ગામનો એક વાણિયો સંઘ કાઢીને દ્વારિકાની યાત્રા કરવા જાતો હતો તેને લોજમાં શ્રીરામાનંદસ્વામી મળ્યા તેમણે કાંઈક ચમત્કાર દેખાડ્યો

તેણે કરીને ભગવાનપણાનો નિશ્ચય થયો. પછી ઘણેક દિવસે શ્રીજીમહારાજને દર્શને તે વાણિયો આવ્યો તેને શ્રીજીમહારાજે કહ્યું જે તમારે કાંઈ સંશય હોય તો આ નાના બાળક સમાધિવાળા છે તેને પ્રશ્ન પૂછો ત્યારે તેણે જે જે પ્રશ્નો પૂછ્યા તેના ઉત્તર તે બાળકે કર્યા. તેમાં તે દ્વારાએ રામાનંદસ્વામીના જેવો શ્રીજીમહારાજે ચમત્કાર જણાવ્યો. ત્યારે એ ભક્તે શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે "હે મહારાજ ! પ્રથમ હું રામાનંદસ્વામીને ભગવાન જાણતો પણ તે રામાનંદસ્વામીના જેવો મને આ બાળકને વિષે તમારે પ્રતાપે કરીને ચમત્કાર જણાયો ત્યારે તમારા મોટા મોટા જે સાધુ ને સત્સંગી તેનો પ્રતાપ તો ઘણો હશે ને તમારી મૂર્તિમાં જે પ્રતાપ ને મહિમા તે તો બહુ જ અધિક હશે એમ હું જાણું છું. માટે તમારા સ્વરૂપનું જેમ છે તેમ યથાર્થ મૂને જ્ઞાન થાય તેમ કૃપા કરીને કહો." ત્યારે શ્રીજીમહારાજે તે પ્રત્યે કહ્યું જે અંતરની વાર્તા જાણવે કરીને ભગવાનપણાનો નિશ્ચય થાય તો અમારા મોટા મોટા સાધુ તથા સત્સંગી તે અનંત જીવના દેહમાં પ્રવેશ કરીને તેના અંતરની વાર્તા જાણે એવા છે. માટે **પૂર્વે થયા જે અવતાર તેના જેવું ઐશ્વર્ય તો અમારા મોટા મોટા સાધુ તથા સત્સંગીમાં જણાય છે.** અને અમે તો સર્વે અવતારના અવતારી સર્વોપરી પ્રકટ પુરુષોત્તમ નારાયણ છઈએ. તે વાર્તા સાંભળીને તે ભક્તને શ્રીજી મહારાજના પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય થયો. પછી તે ભક્તે શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની વાર્તા કરી તે સાંભળીને બીજા રામાનંદસ્વામીના નિશ્ચયવાળા જે જૂના હરિભક્ત હતા તેમના માન્યામાં ન આવી ત્યારે શ્રીજીમહારાજ પાસે સર્વે મળીને આવ્યા ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે ધ્યાનમાં બેસો ને જેમ છે તેમ એ વાત તમને જણાશે. ત્યારે તે ધ્યાનમાં બેઠા તેમને શ્રીજીમહારાજે સમાધિ કરાવીને અક્ષરધામને વિષે અનંત પાર્ષદેયુક્ત પોતાની દિવ્ય મૂર્તિનું દર્શન કરાવ્યું ને રામાનંદસ્વામી તથા સર્વે અવતાર તે શ્રીજીમહારાજની સેવાને વિષે દીઠા ને સર્વે સ્તુતિ કરીને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે લીન થયા એમ દીઠું. પછી તે ભક્તોને શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય થયો. પછી તે સર્વે ભક્તોએ સમાધિમાંથી નીસરીને કહ્યું જે "હે મહારાજ ! તમે સર્વોપરી





પુરુષોત્તમ છો. માટે તમારા પુરુષોત્તમપણાના નિશ્ચયમાં સંશય ન થાય એવી કૃપા કરો." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે **આ પુરુષોત્તમ તો આ બ્રહ્માંડને વિષે ક્યારેય આવ્યા નથી ને આવશે પણ નહીં** માટે આ તો સર્વોપરી મૂર્તિ છે માટે આ જે નિશ્ચય તે ફરવા દેવો નહિ. ॥૧૫૫॥

શ્રીજીમહારાજે નાગડકાને વિષે પરમહંસ આગળ વાર્તા કરી જે પૂર્વે રામકૃષ્ણાદિક અવતાર થઈ ગયા ને આગળ બીજા થાશે તથા બીજા ધામોને વિષે જે મૂર્તિયો છે તે સર્વેના કારણ ને સર્વેથકી પર આ પ્રકટ પુરુષોત્તમ નારાયણ અમે છીએ તેમાં જો ખોટું કહેતા હોઈએ તો સર્વે પરમહંસના સમ છે. એવું જે પ્રકટ પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન તેમાં જો ખામી રહી જાશે તો કોઈ રીતે વાંધો નહિ ભાંગે. અને જેમ વૈકુંઠવાસીને રહેવાનું વૈકુંઠ ધામ છે ને ગોલોકવાસીને રહેવાનું ગોલોક ધામ છે તેમ અમારે રહેવાનું અક્ષરધામ છે. તે અક્ષરતિત પ્રકટ પુરુષોત્તમનો જેને નિશ્ચય થયો છે ને સર્વેના કારણ જે અક્ષરબ્રહ્મ તે રૂપ પોતાના આત્માને નથી માનતો તેને તો પ્રકટ પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય નથી ને જેને મહિમાયે સહિત પ્રકટ પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય થયો છે તે તો મૂળ પુરુષથી પર અક્ષરરૂપ પોતાના આત્માને માનીને અક્ષર જેવા અનંત કોટી મુક્તે સેવ્યા જે અક્ષરાતીત પ્રકટ પુરુષોત્તમ તેમની ઉપાસના ભક્તિ કરતો થકો પોતાને પૂર્ણકામ માને છે તે આ વાર્તા યથાર્થ એકાંતિક ભગવાનના ભક્ત હોય તેને પ્રસંગે કરીને સમજાય છે, પોતાના બુદ્ધિબળે કરીને તથા શાસ્ત્રે કરીને પણ પોતાની મેળે સમજાતી નથી. ॥૧૫૬॥

વળી મહાપુરુષથી પર જે અક્ષરબ્રહ્મ તે કેવા છે તે કહીએ છીએ જે મહાપુરુષના રૂંવાડાના છિદ્રને વિષે એક એક થકી દશ દશ ગણાં અધિક જે અષ્ટ આવરણ તેણે વિંટાણાં એવાં અનેક કોટિ વિરાટરૂપ જે બ્રહ્માંડ તે ઉડ્યા કરે છે અને તે અનેક કોટી બ્રહ્માંડના કારણ એવા જે અનેક કોટી મહાપુરુષ તે અક્ષરના રૂંવાડાના છિદ્રને વિષે રહ્યું જે તેજ તે તેજને વિષે અક્ષરની સામર્થીએ કરીને અનંતકોટી ઉપજે છે ને અનંતકોટી લીન થાય છે. એવું સનાતન, અખંડ, નિર્ગુણ, સચ્ચિદાનંદ, પરમપદ, અનંત જે અક્ષરબ્રહ્મ તેને વિષે કાળ, માયા ને

પુરુષ તે લીન થાય છે એવું હરિકૃષ્ણ પુરુષોત્તમને રહેવાનું ધામ છે. ને તેને વિષે અસંખ્ય બ્રહ્મરૂપ મુક્ત છે. તે જેતે અતિ હેતે કરીને એ પુરુષોત્તમ નારાયણના ચરણારવિંદની ઉપાસના કરે છે. તે હરિકૃષ્ણ પુરુષોત્તમનું સ્વરૂપ દ્રષ્ટાંતે કરીને કહીએ છીએ જે સમગ્ર પૃથ્વી છે તેને મધ્યે પર્વત, વૃક્ષ, મનુષ્ય સર્વે સ્થાવર જંગમે સહિત બિલોરી કાચની ભૂમિ હોય ને તે ઉપર આકાશને વિષે રહ્યા જે તારા તેટલા સૂર્ય એક કાળે તપે એવી રીતની શોભાયે યુક્ત જે પ્રકાશ તે જે તે અક્ષરધામના જે મુક્ત તેના એક રોમના પ્રકાશમાં એ સમગ્ર પ્રકાશ લીન થઈ જાય ને એવા અનંત મુક્ત તેના સર્વે પ્રકાશને લીન કરી નાખે એવો પ્રકાશ અક્ષરબ્રહ્મના એક એક રોમને વિષે છે ને એવા જે અક્ષરબ્રહ્મ તે **અનંત અક્ષરબ્રહ્મના પ્રકાશને લીન કરી નાખે એવો પ્રકાશ અનાદિ સનાતન દિવ્ય મૂર્તિ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેના એક એક રોમમાં છે** એવા જે સાક્ષાત્ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેનો મહિમાએ સહિત દૃઢ આશરો કરવો. જેમ બપૈયાને સ્વાંતના જળનો આશ્રય છે ને ચકોરને ચંદ્રમાનો છે તેવો આશ્રય કરવો એ અવશ્ય કરવાનું છે. ॥૧૫૭॥

અનંત દિવ્ય ચક્ષુએ કરીને ને અનંત પ્રકારની જ્ઞાનગોષ્ટિએ કરીને પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમનો મહિમા નિત્ય પ્રત્યે નવો નવો અનુભવીને સર્વ વાસના છેદીને એક પુરૂષોત્તમમાં લોભાવું એ જ્ઞાનીનું લક્ષણ છે. ॥૧૫૮॥

અક્ષર વ્યતિરેકપણે કરીને તો હરિકૃષ્ણ પુરુષોત્તમ અને બ્રહ્મસ્વરૂપ થયેલા પુરુષોત્તમના અનંતકોટી મુક્તોને ધરી રહ્યા છે અને અન્વયપણે કરીને તો જગતની ઉત્પત્તિ અને સ્થિતિના કારણ એવા જે ઈશ્વરકોટિ તેને તથા જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ, અને ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય એ બેયને વિષે જીવ, ઈશ્વરના દેહને તથા સુષુપ્તિના સાક્ષીપણે કરીને તો અનંત કોટિ બ્રહ્માંડાભિમાની ઈશ્વરને અને અનેક કોટી પિંડાભિમાની જીવને ધરી રહ્યા છે. ને પોતે તો પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમની ઉપાસનાને વિષે તત્પર છે. ॥૧૫૯॥

અનંત એવું જે અક્ષરધામ અને અનંતકોટી અક્ષરરૂપ મુક્ત ને અક્ષરધામની અનંત દિવ્ય સમૃદ્ધિ ને અનંત વિભૂતિયું ને અનંત માયા સબલિત બ્રહ્મ એ સર્વે પુરુષોત્તમનું શરીર છે એવા જે પ્રકટ હરિકૃષ્ણ પુરુષોત્તમ જે





શ્રીસહજાનંદસ્વામી તેમણે પોતાનું પુરુષોત્તમપણું કહ્યું કે જેવો હું પ્રકટ મૂર્તિમાન છું તેવો અક્ષરાદિક સર્વને વિષે અખંડ રહ્યો છું ને આ સભાને વિષે પણ પ્રત્યક્ષ છું એમ હું અખંડ દેખું છું ને અક્ષરધામના મુક્ત સત્સંગમાં જે યોગ સમાધિવાળા મોટા સંત તે પણ દેખે છે એવી રીતે પોતાના એકાંતિક મોટા સાધુ બેઠા હતા ત્યાં શ્રીજીમહારાજે વાર્તા કરી.॥૧૬૦॥

ભુજનો એક જમાદાર સત્સંગી સમાધિવાળો હતો તેની વાત મહારાજે કરી જે આ જમાદાર છે તે સર્વે પેગંબર અમારી સ્તુતિ કરે છે એવા અમને અક્ષરધામને વિષે અખંડ દેખે છે અને જ્યાં જ્યાં પ્રકટ પુરુષોત્તમપણાની વાત આવે છે ત્યાં ત્યાં સર્વેની બુદ્ધિ ભ્રમી જાય છે પણ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને પુરુષોત્તમ કહ્યા છે. ॥૧૬૧॥

શ્રીજીમહારાજે વડતાલમાં સાત દિવસ સુધી પ્રકટ પુરુષોત્તમપણાની વાત કરીને પછી કહ્યું જે મારી વાતનું રહસ્ય તો આ સાધુ "નિત્યાનંદ સ્વામી" સમજે છે. પછી સર્વ સંતોએ કહ્યું જે એ કેમ સમજે છે ? ત્યારે શ્રીજીમહારાજે એ સર્વેને આ પ્રશ્ન પૂછ્યો. પછી એ સર્વેએ ઉત્તર કર્યો ત્યારે એ સાધુએ કહ્યું જે **તમે પુરુષોત્તમ કહ્યા તે તો મહાપુરુષ છે ને પુરુષોત્તમ તો અક્ષર થકી પર પ્રત્યક્ષ પ્રમાણ આ શ્રીજીમહારાજ છે.** ॥૧૬૨॥

સત્સંગિજીવનમાં ઉપાસનાનો પ્રસંગ નિસર્યો ત્યારે આઠ દિવસ સુધી વાદવિવાદ થયો. પછી કોઈકે કહ્યું જે **બીજા અવતાર જેવા મહારાજને કહો ત્યારે એ સાધુએ કહ્યું જે બીજા અવતાર જેવા મહારાજને કેમ કહેવાય ને બીજા અવતારે પોતાને વિષે ક્યારે ચોવીસ અવતારને લીન કર્યા છે?** અને મહારાજે તો પોતાને વિષે ચોવીસે અવતાર તથા ભૂમાપુરુષાદિક અનંત અનંતને લીન કરી દેખાડ્યા છે. તથા એ સર્વેને પોતાની પૂજા કરતાં દેખાડ્યા **તથા પોતાના ભક્તદ્વારે એવાં ઘણાંય ઐશ્વર્ય જણાવ્યાં** એ આદિ અનંત આશ્ચર્યકારી ચમત્કાર દેખાડ્યા **એવા જે અક્ષરાતીત શ્રી સહજાનંદજી મહારાજ તેતો રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી છે** તેમને બીજા અવતાર જેવા કેમ કહેવાય ? અને તે અનંત જે મહા અદ્‌ભુત અદ્‌ભુત શ્રીજીમહારાજનાં ઐશ્વર્ય તે ખોટાં પડે ? પછી શ્રીજીમહારાજે કહ્યું જે ઠીક કહે

છે. ને ઠીક સમજે છે. ને જે ઉપાસક હોય તે તો આવા હોય ને તમે સર્વે અમારા ભેળા ફરી ગયા પણ અમે તો કેમ કહેતા હશું ને કેમ જાણતા હશું એમ કહીને એ સાધુને હાર આપ્યો ને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે એણે આ વાત મારી માની નહિ તો બીજાની તો માનેજ કેમ ? ॥૧૬૩॥

એક સાધુને શ્રીજીમહારાજના સ્વરૂપનો સર્વોપરિ નિશ્ચય નહોતો થાતો. પછી તેને સમાધિમાં અક્ષરધામને વિષે અનંત અનંત મહા આશ્ચર્ય અને મુક્તે સહિત મહારાજે દર્શન દીધાં તો પણ પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો નહિ. પછી શ્રીજીમહારાજે એ સાધુને કહ્યું જે **''આ અનંત મુક્તો''ની પૂજા એક કાળાવચ્છિન્ન કરો ને પછી તમારે વિષે લીન કરો** ત્યારે એ સાધુએ કહ્યું જે એમ કેમ થાય મહારાજ ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે ચોવીસ અવતારનાં નોખાં નોખાં નામ લઈને સંકલ્પ કરો જે ''એ પુરુષોત્તમ હોય તો તેની સામર્થિએ કરીને એટલા રૂપે હું થાઉં.'' પછી એ સર્વેનાં નામ લઈને કહ્યું પણ અનંત રૂપે ન થવાણું. પછી શ્રીજીમહારાજે કહ્યું જે અમારું શ્રીસહજાનંદ નામ લઈને સંકલ્પ કરો જે ''શ્રી સહજાનંદ સર્વ અવતારના અવતારી સર્વોત્કૃષ્ટ પુરુષોત્તમ હોય તો હું અનંત રૂપે થાઉં.'' પછી શ્રીજીમહારાજનું નામ લીધું ત્યારે અનંતરૂપે થવાણું. પછી સર્વે મુક્તોની એક કાલાવચ્છિન્ન પૂજા કરી ને સર્વને પોતાને વિષે લીન કર્યા. પછી સમાધિમાંથી આવ્યા ત્યારે વાત વિસ્તારીને કરી જે **શ્રી સહજાનંદસ્વામી સર્વે અવતારના અવતારી સર્વોત્તમ પુરુષોત્તમ છે.** ॥૧૬૪॥

મહામાયાને વિષે અનંત કોટી પ્રધાનપુરુષ ને અનંત કોટી વૈરાજપુરુષ લીન થાય છે અને પાછા ઉત્પન્ન થાય છે. અને કૈવલ્યાર્થી જે અનંત મુક્ત તે જેમ અક્ષરમાં લીન થાય છે ને પાછા ઉપજે છે. અને જેમ ઐશ્વર્યાર્થી અનેક મહાપુરુષાદિકમાં લીન થાય છે અને પાછા ઉત્પન્ન થાય છે. તેમ અનેક કોટી સામાન્ય હેત માહાત્મ્યે યુક્ત જે મુક્ત તે તો અક્ષરના સુખને ભોગવે છે. તથા ભગવાનના સુખને પણ ભોગવે છે. ને અનંત કોટી ચિત્રવિચિત્ર મહા આશ્ચર્યરૂપ ને અત્યંત સ્નેહ માહાત્મ્યે યુક્ત જે એકાંતિક મુક્ત તે તો બ્રહ્મરૂપ થકા પ્રત્યક્ષ શ્રી સહજાનંદ પુરુષોત્તમ તેની ઉપાસના કરે છે અને રાજા અને રાજાના ચાકરમાં ભેદ છે ને સૂર્ય અને પતંગિયામાં ભેદ છે ને જેમ ચંદ્રમા ને તારામાં





ભેદ છે, તેમ **પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને એ અક્ષરાદિકને ભગવાન, પુરુષોત્તમ, કારણ, અવતારી કહ્યા હોય** તે તો આ દૃષ્ટાંત દીધાં તેમ જાણવું. અને સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ પ્રકટ હરિકૃષ્ણ પુરુષોત્તમ છે એમ સર્વે મોટા સંતનો અને શ્રીજીમહારાજનો સિદ્ધાંત છે. ॥૧૬૫॥

દલુજીએ સંતદાસજીને પૂછ્યું જે ''શ્રીજીમહારાજ શું કરે છે ? ને આ અવતાર શ્રીજીમહારાજનો કેવો જાણો છો ?'' ત્યારે સંતદાસજીએ કહ્યું જે **આ અવતાર નહિ આતો સર્વોપરી અવતારી છે તે સર્વોપરી કલ્યાણ જીવનું કરે છે, ને આવા તો કોઈ થયા નથી ને થાશે પણ નહિ એવા તો એ એકજ છે** ને હું પણ સર્વ ધામો પ્રત્યે જાઉં છું ત્યારે સર્વે તે ધામના વાસી એમજ કહે છે જે શ્રી સહજાનંદ હરિકૃષ્ણ તો સર્વે અવતારના અવતારી સર્વોપરી પૂર્ણપુરુષોત્તમ છે. પછી દલુજી બોલ્યા જે આ તો અવતારી સર્વોત્કૃષ્ટ પૂર્ણપુરુષોત્તમ છે એમ હું પણ જાણું છું. ॥૧૬૬॥

એક હરિભક્તે સ્વરૂપાનંદસ્વામીને પૂછ્યું જે ''આ શ્રીજીમહારાજનો અવતાર કેવો જાણવો ?'' ત્યારે સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું જે **આ અવતાર નહિ, આ તો રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી પ્રકટ પુરુષોત્તમ છે.** ને બીજા અવતારના જેવી કળાઓ તો પોતાના ભક્તમાં છે. ॥૧૬૭॥

એક સાધુ કહે મારે તો બધુંય બ્રહ્માંડ દેખાય છે ત્યારે વ્યાપકાનંદસ્વામી બોલ્યા જે તમારે તો એક બ્રહ્માંડ દેખાય છે. ને મારે તો અનંત આશ્ચર્ય ને અનંત કોટી બ્રહ્માંડ ને ગોલોકાદિક ધામ તે હસ્તામલ દેખાય છે એ તો **રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી શ્રીસહજાનંદ પુરુષોત્તમ તેની મૂર્તિના ધ્યાનનો પ્રતાપ છે.** ॥૧૬૮॥

રામાનંદસ્વામીએ પોતાની ધર્મધુરંધરપણાની શ્રી સહજાનંદસ્વામીને સોંપણી કરી ત્યારે કોઈને સંશય થયો જે મોટા સાધુ છે તેને સોંપણી કેમ ન કરી ? ત્યારે રામાનંદસ્વામીએ કહ્યું જે **નિલકંઠ બ્રહ્મચારી તો મોટા મોટા રામ, કૃષ્ણ, વાસુદેવ ને અક્ષરાદિક સર્વેને પ્રાર્થના કરવા યોગ્ય, પૂજવા સેવવા યોગ્ય છે** ને અમે પણ એમના મૂક્યા આવ્યા છીએ અને આ તો અનેક

જીવોના કલ્યાણ કરતા કરતા આવે છે ને આ તો સર્વોપરી રામકૃષ્ણાદિક અવતારના અવતારી છે તે હરિપ્રસાદ નામે વિપ્રને ઘેર પ્રકટ થયા છે માટે એ તો સર્વેને માનવા, ભજવા, પામવા યોગ્ય છે અને જેમ પૃથ્વીને વિષે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તે ચિત્રવિચિત્ર અનંત અનંત પ્રકારના છે, તે સર્વે અવતાર ને સર્વે વિભૂતિ થકી ને સર્વે શક્તિ થકી ને અક્ષરના મુક્ત ને અક્ષરધામ એ સર્વે થકી અતિ સર્વોત્કૃષ્ટ અક્ષરાતીત સર્વ સુખમય ને સર્વ આનંદમય ને સર્વ સુંદરતાનું ને સર્વ લાવણ્યતાનું ને સર્વે સુખનું ભાજન છે. એવા જે શ્રીસહજાનંદ પુરુષોત્તમ તે સર્વોપાસ્ય રાજાધિરાજ ને સર્વે અવતારના અવતારી છે. ॥૧૬૯॥

શ્રીજીમહારાજે વાત કરી જે સર્વે જીવ, ઈશ્વર, વિભૂતિયો, ધામ, શક્તિયો, ઐશ્વર્ય ને મુક્ત એ સર્વેનું સ્વરૂપ, સ્વભાવ એમને સહજ સ્વભાવે અખંડ અમે જાણીએ છીએ ને **એ સર્વે મારી મૂર્તિનો મહિમા જેમ છે તેમ કોઈ દેખવા જાણવા સમર્થ નથી ને હું પણ પ્રકટ પ્રમાણ સર્વ અવતારનો અવતારી ને તમારો સર્વેનો ઉપાસ્ય, ગુરુ, ઈષ્ટદેવ ને અક્ષરપર એવો જે હું તે પણ મારી મૂર્તિના મહિમાનો અંત નથી પામતો** ને એ સર્વે જે કહ્યા તે સર્વેની સામર્થી મારી મૂર્તિના એક રોમના કોટી કોટીમા ભાગની બરોબર નથી આવતી એવી અનવધિકાતિશય ને મહા આશ્ચર્યમય આ મૂર્તિ છે એમાં કિંચિત માત્ર સંશય નથી એમ મારો સિદ્ધાંત છે. ॥૧૭૦॥

શ્રીજીમહારાજ ગુજરાતમાં હતા પછી અસુરે આવીને સંતને કષ્ટ દીધું ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે મારા પરમહંસોની સર્વે મોટા મોટા દેવ તથા અક્ષરાદિક મુક્ત ને સર્વે અવતાર તે પ્રાર્થના કરે છે ને દર્શનને ઈચ્છે છે ને એક કીડી જેવા જીવને પણ દુભે નહિ એવા જે સંત તેને દુષ્ટે દુઃખ દીધું. પછી એમ કહીને ઉત્તર મુખે ઉદાસી થઈને બેઠા. તેટલાકમાં બ્રહ્માદિક દેવોએ જાણ્યું જે આજ તો સર્વે બ્રહ્માંડનો નાશ થાશે. એટલામાં મહાકાળ, સંકર્ષણ, શિવાદિક આવીને પ્રાર્થના કરવા લાગ્યા જે હે મહારાજ ! તમે જે આજ્ઞા કરો તે અમે કરીએ ને અમે તમારા સેવક છીએ તે તમારા સંતને કષ્ટ દેનારો કોણ છે ? તેનો ક્ષણ માત્રમાં નાશ કરીએ. પછી દિવ્ય ચક્ષુવાળા સંત ''રામદાસભાઈ'' હતા





તેમણે કહ્યું જે હે સ્વામીન્ ! **આજ તમે આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે પધાર્યા છો ને સાધુનું તો કોઈ માન અપમાન કરે તે સહન કરવું તે સંતનો ધર્મ છે.** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે **સર્વે આપણું કર્યું થાય છે.** જુવોને સર્વે અવતાર અમારે વિષે લીન થાય છે ને આ સર્વે સભાને અમે અક્ષરધામને વિષે દેખીએ છીએ અને જે આપણી વાત માને છે તેનું કલ્યાણ થાય છે અને જે નથી માનતા તે નરકમાં પડે છે અને અમારા શરીરમાં કાંઈ કસર જેવું થયું ત્યારે જગતમાં અનેક જીવોનો નાશ થઈ ગયો ને જ્યારે આપણે ખટરસ ને વસ્ત્ર ત્યાગ કર્યાં ને તાટ પહેર્યાં ત્યારે જગતમાં અન્ન વસ્ત્ર મળ્યું નહિ ને હેરાન થઈ ગયા. માટે સર્વે આપણું જ કર્યું થાય છે. બીજા કોઈનું કર્યું થાતું નથી ને તમારા શરીરમાંથી કોટી કોટી સૂર્યના પ્રકાશથી અધિક પ્રકાશ નીકળે છે એવા સામર્થ્યે યુક્ત તમે છો એમ હું દેખું છું. પછી તે સંત બોલ્યા જે હે મહારાજ ! **તમે તો સર્વે અવતારના અવતારી પુરુષોત્તમ છો.** માટે તમે દેખો તેમાં શું કહેવું ? તમે તો દિવ્ય એવા જે ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય, પાર્ષદ, ને શક્તિઓ તેણે યુક્ત એવા અનાદિ નિત્ય સિદ્ધ સર્વોત્કૃષ્ટ પરિપૂર્ણ ને અનવધિકાતિંશય કલ્યાણકારી ગુણે યુક્ત થકા એકાંતિક ભક્તને સુખ દેવાને અર્થે કૃપા કરીને હરિપ્રસાદ (વિપ્ર) ને ઘેર પ્રગટ થયા છો. અને તમારી ઉપાસના થકી અમે પણ પરાવરને હસ્તામળ દેખીએ છીએ ને ધર્મ, જ્ઞાન, આદિક અનંતગુણે યુક્ત થયા છીએ. **માટે કોઈ માન અપમાન કરે તેનો ભાર ગણતા નથી ને તમારી મરજી ને રાજીપો જેમ હશે તેમ કરશું** અને અમારે આલોક પરલોકમાં તમારા વિના બીજું કાંઈ વહાલું નથી અને તમે તો અમારા જીવન પ્રાણ છો અને તમને પ્રસન્ન કરવાને તો અનંત જન્મ ધરીને માયિક સુખ ને ભૂંડા સ્વભાવ તેનો ત્યાગ કરી દઈએ. ॥૧૭૧॥

અને કોટી સૂર્યના તેજથી કોટી ગણું તેજ તે વૈકુંઠના મુક્તમાં છે અને તેથી કોટીગણું તેજ તે ગોલોકના મુક્તમાં છે અને તેથી અનંત કોટીગણું તેજ તે અક્ષરધામના મુક્તના રોમને વિષે છે ને તે સર્વે મુક્તોનું તેજ તે અક્ષરધામના એક દેશને વિષે સમાઈ જાય છે **એવો અનંત અપાર જે અક્ષરધામનો પ્રકાશ તે સર્વે ભેળો કરીએ તો સર્વે અવતારના અવતારી જે શ્રીહરિકૃષ્ણ**

**પૂર્ણપુરુષોત્તમના એક રોમના કોટીમા ભાગની પાશંગના બરોબર નથી આવતો** એવા પુરુષોત્તમ છે. તે દિવ્ય, તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બલ, કીર્તિ, સ્વરાટ, સત્યસંકલ્પ એવા અનેક દિવ્યગુણે યુક્ત એ મૂર્તિ છે ને અનવધિકાતિશય અનેક નિરંકુશ દિવ્ય એવાં ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને શ્રીધર્મદેવ ને ભક્તિ થકી છે જન્મ જેમનો એવા જે "શ્રી સ્વામિનારાયણ" તેજ અક્ષરાતીત સર્વોપરિ પુરુષોત્તમ ભગવાન છે. તેમાંથી સર્વ અવતાર પ્રકટ થાય છે ને પાછા તેમને વિષે લીન થાય છે તે જેમ તારા ચંદ્રમાને વિષે લીન થાય છે અને જેમ ચંદ્રમા સૂર્યને વિષે લીન થાય છે તેમ લીનતા છે, પણ જેમ જળમાં જળ મળે છે ને અગ્નિમાં અગ્નિ મળે છે તેમ નથી. **અવતાર ને અવતારીમાં તો ઘણો ભેદ છે એમ જાણવું.** તે માટે દિવસે દિવસે શ્રદ્ધા, જ્ઞાન, માહાત્મ્ય વિશ્વાસ, પ્રીતિ, આશ્રય, અને અનુવૃત્તિ તે અધિક અધિક સમજાય તેવો શાંતપણે ઉપાય કરવો ને તેવો સંગ ને તેવાં શાસ્ત્રોનો જોગ રાખવો **એ સર્વે મોટા સંતોનો ને શ્રીજીમહારાજનો પરમ રહસ્ય અભિપ્રાય છે.** ॥૧૭૨॥

એવા જે પ્રત્યક્ષ શ્રીસહજાનંદસ્વામી પરબ્રહ્મ પરમ કારુણિક તેમની મૂર્તિના બે ચરણારવિંદથી લઈને મસ્તક પર્યંત સર્વે અંગને પૃથક્ પૃથક્ ધારીને એકાંત સ્થળને વિષે બેસીને ઈંદ્રિયો, મન, પ્રાણ, તેમનો પ્રત્યાહાર કરીને પૂર્વાપર રાત્રીને વિષે અતિ દઢ મતિએ કરીને અતિ દઢ ચિત્તે કરીને અતિશય સ્થિર થઈને યોગી તેણે શ્રીહરિજીનું ધ્યાન કરવું અને સાધ્વી, ચકોર, શલભ, મચ્છ, ચકવા, ચકવી ને બપૈયા એ જેમ પોતાના વિષયમાં નિમગ્ન છે તેમ યોગી જેતે શ્રીહરિની મૂર્તિમાં અતિશય આનંદ થકો નિમગ્ન રહે ને જેમ સમુદ્રમંથન કરવાને સમયે દેવ દાનવ દઢ મનમાં વિશ્વાસ રાખીને મંડ્યા હતા તેમ યોગી તેણે દઢ મનમાં વિશ્વાસ રાખીને ભગવાનની મૂર્તિને ધારવાનો નિત્યે નવો નવો અધ્યાસ રાખવો ને **રસાસ્વાદ, નિદ્રા, હિંસા ને વિક્ષેપ એ ધ્યાનના વિરોધી છે માટે એનો ત્યાગ કરે ત્યારે ધ્યાન થાય,** નહિ તો ન થાય. અને જાતિ, વર્ણ, આશ્રમ, ને ગુણ તેનું માન તેનો ત્યાગ કરીને સમગ્ર સાધુ સત્સંગી તેના દાસાનુદાસ થઈને રહે છે તેને જ શ્રીહરિજીનું ધ્યાન થાય છે. ॥૧૭૩॥





**શ્રીહરિનું સમગ્રપણે માહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટી સાધન કરે પણ સર્વ ક્રિયાને વિષે અખંડ નામ રટણ ને મૂર્તિની સ્મૃતિ રહે નહિ.** અને સ્વસ્તિક આસને કરીને નાસિકાગ્ર વૃત્તિ રાખીને દેહને સમ રાખીને પછી નેત્રને મીંચીને પ્રતિલોમ વૃત્તિએ અંતરમાં મૂર્તિને સન્મુખ રહીને ધ્યાન કરવું અને યુક્ત છે આહારવિહાર આદિક જેને એવો થકો શુદ્ધ જીવરૂપ થઈને અતિશય રોમાંચિતે કરીને અતિશય ગદ્ગદ્ કંઠે કરીને અતિશય હર્ષાયમાન થકો અને અતિશય ત્વરાએ કરીને અતિશય દાન્ત થકો ને અતિશય શાંત થકો ને અતિશય સમાહિત થકો પ્રત્યક્ષ મૂર્તિ જે શ્રીહરિજી તેમના સ્વરૂપનો અતિશય મહિમા સમજે જે અનંત અપાર ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તેનું સમગ્ર સુખ ભેળું કરીએ તો શ્રીહરિજીના એક રોમના સુખની બરોબર ન આવે. એવો દઢ જ્ઞાની છે તેને જ શ્રીહરિજીનું ધ્યાન થાય છે. ॥૧૭૪॥

"આ લોક ને પરલોકને વિષે દુર્લભમાં દુર્લભ શું છે? તો શ્રીહરિજીનાં સ્વરૂપનું જ્ઞાન, ઉપાસના, આશ્રય, વિશ્વાસ, અનુવૃત્તિ ને પ્રીતિ એ અચળ થાય એજ **દુર્લભમાં દુર્લભ છે ને સારમાં સાર છે.** ॥૧૭૫॥

અને સત્શાસ્ત્રનો ને ધર્મનો અધિકારી હોય અને સિદ્ધિને અર્થે યત્નને કરતો હોય તેને મધ્યે ભગવાનને અર્થે પ્રયત્નને કરતો હોય ને તે મધ્યે ભગવાનને જાણીને યત્ન કરતો હોય એવા હજારો હજાર ભેગા કરીએ તો તે મધ્યે કોઈક જ્ઞાની ભગવાનું સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય તે અંતે રહિત છે તો પણ તેને તત્ત્વે કરીને યથાર્થ પોતાના જ્ઞાનની વિશાળતાને અનુસારે કોઈક જાણે છે પણ જેમ છે તેમ તો અંતને નથી પામતો, **ને ભગવાન પોતે પણ પોતાના મહિમાના અંતને નથી પામતા તો બીજા તો પામેજ કેમ ?** એવા સર્વોત્કૃષ્ટ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેમણે અનેક કોટી બ્રહ્માંડનાં ને બ્રહ્મપુરાદિક ધામનાં જે સમગ્ર ઐશ્વર્ય તે પોતાની મૂર્તિને આધીન છે તે સમાધિએ કરીને દેખાડીને તથા સહુસહુના ઈષ્ટદેવરૂપે પોતે પોતાનું દર્શન દઈને અનંત જીવને પોતાનો સર્વોપરી મહિમાએ સહિત નિશ્ચય કરાવ્યો. એવી રીતે સર્વોપરી ને

સ્વરાટ્થકા પોતે વર્તે છે **એમ પ્રત્યક્ષ મૂર્તિ જે શ્રીહરિજી તેમનો મહિમા સમજે છે તેનેજ શ્રીહરિજીનું ધ્યાન થાય છે.** દેહ અને દેહ સંબંધી પદાર્થ તેને કાકવિષ્ટા તુલ્ય જાણે ને કોઈના ગુણદોષમાં ન ભળે ને નિંદા સ્તુતિનો ત્યાગ કરે અને નેત્ર, શ્રોત્ર અને વાણી તેને જીતે અને ઠેકડી, મશ્કરી, આળસ, પ્રમાદ તેને ટાળે અને યથાર્થ નિર્બીજ સાંખ્ય ને નિર્બીજ યોગને જાણે અને સબીજ સાંખ્ય ને સબીજ યોગ તેને શુદ્ધ સંપ્રદાયે કરીને એકાંતિક સંત થકી જે સમજે છે તેને મૂર્તિનું ધ્યાન થાય છે. ॥૧૭૬॥

**ઈતિશ્રી પુરુષોત્તમ નિરુપણ વાર્તા સંપૂર્ણમ્ ॥**

આ વાર્તાસારસંગ્રહ નામે ગ્રંથ તે દુર્ગપત્તનને વિષે રહીને મેં મારે હાથે લખેલો છે ને શુકમુનિને હાથ શોધેલો છે.

**ઈતિશ્રી સહજાનંદસ્વામી શિષ્ય શ્રી ગોપાળાનંદ મુનિ વિરચિત વાર્તાસારસંગ્રહ સમાપ્તઃ ॥**

प्रथम प्रकरणं समाप्तम् ॥

● ● ●

**(પ્રકરણ બીજું - બે પ્રકરણની વાતો)**

ક્ષમા જે તે સમર્થ ને અસમર્થ એ સર્વેને રાખવી તે સમર્થને શોભા છે ને અસમર્થને સુખકારી છે ને એણે કરીને નિર્માની વર્તમાન દઢપણે પાળવાનું કહ્યું. (૨/૧૦૫)

ગુણાતીતાનંદ સ્વામીએ સ્વપ્નાની વાર્તા કરી જે શ્રીજીમહારાજે એકાંતિકમાં ભેદ દેખાડ્યો ને કહ્યું જે એવા તો આ સમયે એક જ ગોપાળાનંદ સ્વામી છે, બીજો કોઈ એ જેવો નથી. ॥૨/૯૭॥

● ● ●



॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

## ધ.ધુ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજનું જીવનચરિત્ર

સનાતન ધર્મનું રક્ષણ કરવા માટે અને સંસૃતિ થકી તરવાને ઈચ્છતા મુમુક્ષુજનોના ઉદ્ધારને માટે અને ઉદ્ધવ સંપ્રદાયને પ્રવર્તાવવાને અર્થે પરબ્રહ્મ પરમાત્મા શ્રી સહજાનંદસ્વામીએ પોતાની આચાર્ય પદવી ઉપર સ્થાપન કરેલા આ રઘુવીરજી મહારાજ તે શ્રીજીમહારાજના જ ભત્રિજા હતા. તે આચાર્ય વર્યનો જન્મ ભગવાન શ્રી સહજાનંદ સ્વામિએ પોતાના વિચરણથી પવિત્ર કરેલા ઉત્તર કોશળ દેશને મધ્યે આંબલીયા ગામમાં સં. ૧૮૬૮ ના ફાલ્ગુન વદી ચોથને દિવસ થયો હતો. સારા ગુણોથી સેવાતા અને દુર્ગુણોથી પરાભવ નહિ પામતા અને હંમેશા સત્ય બોલનારા એવા આ આચાર્યવર્ય બાલ્યાવસ્થામાં જ પરોપકાર કરવામાં તત્પર રહેતા એ કારણથી જ માતા-પિતાની પેઠેજ સર્વ લોકોને પ્રિય લાગતા હતા. ત્યાર પછી યોગ્ય સમયે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે યજ્ઞોપવીત સંસ્કાર પામીને થોડા જ સમયમાં વેદ અને વેદાંગમાં પ્રવીણ થયા, વિદ્યાની પેઠે વિનયથી પણ સંપન્ન થયા અને યૌવનની શોભાની પેઠે વિવેકની શોભાથી પણ શોભવા લાગ્યા. વિદ્યા, ધન અને પરિવારના ઉત્કર્ષપણાની પેઠે સરલ સ્વભાવથી પણ શોભતા એવા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ, મધુર અને કોમળ વાણી તથા શ્રેષ્ઠ ધર્મોથી સેવકવર્ગને પણ આકર્ષણ કરતા. જ્યારે ભગવાન શ્રી સહજાનંદસ્વામી પોતે લાંબા વખત ધારણ કરેલી, અને ધર્મનું જ રક્ષણ કરનારી, પરનું (પરોપકારરૂપ) એક હિત જ કરનારી, આચાર્યની આજ્ઞા પ્રમાણે વર્તવાના લક્ષણને જણાવનારી અને બહારના વ્યવહારે કરી આનંદરૂપ જણાતી. પરંતુ અંતરમાં ઉપશમ પામવાના લક્ષણવાળા આત્માના આનંદના અનુભવને લગાર અટકાયત કરનારી પોતાની આચાર્ય પદવીને યોગ્ય પુરુષમાં અર્પણ કરી આનંદમય અને માત્ર પોતાથી જ સારી રીતે જાણી શકાય એવા

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ.

પોતાના દિવ્ય અક્ષરધામમાં જવાને ઈચ્છા કરી ત્યારે આ શ્રીહરિની દ્રષ્ટિએ ગુણયુક્ત પોતાના મોટા અને નાના ભાઈના બે પુત્રોમાં જ પ્રવેશ કર્યો જેમાંના એક આચાર્યવર્ય શ્રી રઘુવીરજી મહારાજ હતા. અને બીજા અયોધ્યાપ્રસાદજી મહારાજ હતા. પોતે લાંબા વખત પર્યંત ધારણ કરેલી આચાર્ય પદવીને આ બેને વિષે વિભાગ પાડી સ્થાપન કરવાની ઈચ્છાવાળા શ્રીહરિએ તે બન્નેને પોતાના પુત્રપણે સ્વીકારીને આચાર્ય પદવી પર અભિષેક કર્યો તેમાં આ શ્રી રઘુવીરજી મહારાજને શ્રીલક્ષ્મીનારાયણ દેવથી અલંકૃત દક્ષિણ દેશમાં અભિષેક કર્યો અને ઉદ્ધવ સંપ્રદાયની પ્રવૃત્તિ કરાવવા રૂપ આચાર્ય પદવીને સમર્પણ કરી.

આ રઘુવીરજી મહારાજને સંવત ૧૮૮૨ના કાર્તિક માસની શુક્લપક્ષની એકાદશીને દિવસે આચાર્ય પદવી પ્રાપ્ત થઈ જે સમયે ભગવાન શ્રી સહજાનંદ સ્વામી આલોકમાંથી અંતરધ્યાન થઈ ગયા તે સમયને આરંભીને શ્રીજીની આજ્ઞાને વારમવાર સંભારીને સત્પુરુષો દ્વારા ઉદ્ધવ સંપ્રદાયને ચોતરફ પ્રવર્તાવીને પ્રતિદિન વૃદ્ધિ પમાડવા લાગ્યા અને પ્રતિદિન વૃદ્ધિ પામેલી આચાર્યની સંપત્તિ તેણે કરીને સ્પૃહા કરવા યોગ્ય થયા. શ્રીહરિના ચરણકમળના આશ્રયવાળા પરમહંસો પણ ભગવાનની આજ્ઞાને સંભારીને તે આ રઘુવીરજી મહારાજની આજ્ઞામાં રહીને પ્રથમની પેઠે જ સર્વ મુમુક્ષુઓને અનંત સદુપદેશે કરીને સારી રીતે બોધ આપતા થકા લોકના હિત માટે દેશાંતરમાં વિચરવા લાગ્યા અને આચાર્યવર્ય તે પણ આ પરમહંસો શ્રીહરિના ચરણકમળના આશ્રયવાળા છે એમ જાણી તે સર્વને વિષે બહુ પ્રેમ દર્શાવતા થકા સન્માનપૂર્વક પ્રતિદિન પૂજ્યભાવ રાખવા લાગ્યા. અને પોતે ગૃહસ્થાશ્રમમાં હતા તો પણ તેનું કર્મ કોઈ સકામ ભાવવાળું ન હતું કે જેથી વાસનારૂપ કર્મ બંધનને માટે કલ્પાય અને સમગ્ર પોતાનું જીવન એક શ્રીલક્ષ્મીનારાયણ દેવની સેવા કરવામાં જ વ્યતિત કરવું એવો સદાશય હંમેશા રહેતો અને પરમહંસના ધર્મ પ્રવર્તાવવા તથા સારી વિદ્યાની ઉન્નતિ કરવી તથા શાંતિમાં રહેવું એ આદિક તેઓશ્રીના દિવ્ય ગુણો સર્વ પરમહંસોને પણ આદર કરવા યોગ્ય થયા અને વળી આ આચાર્યશ્રીએ ભગવાનનાં તૈયાર થયેલાં મંદિરોમાં





તથા નવાં કરાવેલાં મંદિરોમાં મૂર્તિઓ પધરાવવી તથા સત્શાસ્ત્રો રચવાં એ આદિકે કરી શ્રી હરિની આજ્ઞાને પાલન કરતા થકા **વરતાલ** આદિક મંદિરોમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી તેમાં મુખ્યપણે કરીને તો વરતાલના મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવને પડખે **દ્વારિકાનાથ ભગવાનની પ્રતિષ્ઠા** કરાવી અને ગઢપુરને વિષે રેવતી બળદેવ તથા શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી તથા ધોલેરા, ગઢપુર, અને જૂનાગઢમાં શ્રીહરિકૃષ્ણજી મહારાજની પ્રતિષ્ઠા કરાવી અને ખંભાતમાં નવું મંદિર કરાવી તે મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા શ્રીરાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા કરાવી તથા ભરૂચમાં નવું મંદિર કરાવી રેવતી બળદેવ તથા શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરી તથા સુરતમાં મંદિર કરાવીને **શ્રી નારાયણમુનિ** તથા શ્રી રાધાકૃષ્ણ દેવની પ્રતિષ્ઠા કરી તથા મુંબઈમાં મંદિર કરાવીને શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા રાધિકાયુક્ત ગોલોકવિહારી ભગવાનની પ્રતિષ્ઠા કરાવી તથા નિમાડ દેશમાં ધર ગામમાં નારાયણ ભગવાનની પ્રતિષ્ઠા કરી તથા બુરાનપુરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરાવી અને સાવદામાં શ્રી રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા કરાવી તેમજ સોરઠ દેશમાં માણાવદર ગામમાં નવું મંદિર કરાવીને શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરાવી અને ઉનામાં શ્રીબાલમુકુંદ ભગવાનની પ્રતિષ્ઠા કરી ઉપરોક્ત તે તે પ્રતિષ્ઠાઓના મહોત્સવમાં તેઓશ્રીએ હરિભક્તોનો અતિશય આદર, અને પ્રતિષ્ઠા કરવામાં કાંઈ પણ સ્ખલન નહિ થયેલું વૈદિક કર્મ તથા હજારો હજાર બ્રાહ્મણોને જમાડવા તથા દક્ષિણાઓ આપવી. એ આદિકને શ્રીજીમહારાજના સમય પ્રમાણે જ કર્યું હતું અને આ આચાર્યવર્યના શાંત અને પવિત્ર સ્વભાવથી સત્સંગની કીર્તિ દિનપ્રતિદિન વૃદ્ધિ પામીને દરેક દિશાઓમાં વ્યાપી રહી.

### આ આચાર્યશ્રીનો સંતોની સેવા કરવાનો પ્રેમ !

એક સમયે વરતાલ મંદિરમાં રહેતા સંતો પૈકીમાં કોઈ એક સંતને ચારપાંચ દિવસ તાવનો સખ્ત મંદવાડ રહ્યો તે કારણે અન્નની અરુચિ થવાથી તેટલા દિવસ તેમનાથી કંઈ પણ અન્ન લેવાણું નહિ; પાંચમે દિવસ રાત્રિમાં તાવ ઉતરી જતાં

અન્ન જમવાની રુચિ થવાથી તેમણે બાજરાનો ફરસો રોટલો માગ્યો ત્યારે તે માંદા સાધુની સેવા કરનાર સાધુએ પોતાને ત્યાં તે રોટલો કરવા માટે પૂરતી સામગ્રી નહોતી તેથી વિચાર્યું જે આચાર્યજી મહારાજના રસોડે હવેજ આદિક સર્વ સામગ્રી મળશે એમ ધારી તે આચાર્યજી મહારાજના ઉતારે ગયા ત્યાં જઈ ''કોઈ પાળાને કહીને હવેજ આદિક સામગ્રી મંગાવી લઉં'' એવો વિચાર કરે છે તેટલાકમાં તો તે સાધુ લગભગ અર્ધ રાત્રીના સમયમાં ભગવદ્ ધ્યાન કરી હરતા ફરતા ને માળા ફેરવતા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની નજરે ચડ્યા સાધુને જોતાં જ ''આ સાધુને કંઈ પણ જોઈતું હશે'' એમ ધારી પોતે જ ચાલીને તેની પાસે ગયા ને પૂછ્યું ''કેમ સ્વામી શું જોઈએ છે ?'' ત્યારે તે સંતે ઉપરોક્ત હકીકત જણાવી તે સાંભળી આચાર્યશ્રીએ કહ્યું જે ''તમે ક્યાં ચૂલો સળગાવશો ને ક્યાં બધી સામગ્રી લઈ જશો; તેમાં ઘણીવાર લાગી જશે ને અહીં તો બધું તૈયાર છે માટે હમણાં જ રોટલો તૈયાર કરાવી રાખું છું. થોડી વાર પછી લઈ જજો'' આમ કહેતાં સાધુ પાછા ધર્મશાળામાં ગયા ને રઘુવીરજી મહારાજ પોતે અબોટીયું પહેરી હાથપગ ધોઈ ચાલણ ચૂલાને સળગાવી તૈયાર કરી ઉપર તાવડી મૂકીને પછી બાજરાના લોટમાં થોડો ચણાનો લોટ નાખી અંદર હવેજ તથા મેથીનાં પાંદડાં નાંખી સુંદર લોટ બાંધીને રોટલો કરવા લાગ્યા. એટલાકમાં તો અક્ષર ભુવનમાં પોઢેલા શ્રીહરિ તે વાતને અંતર્યામીપણે જાણીને ઢોલીયામાંથી જાગીને બેઠા થયા અને પોતાની સેવામાં નિરંતર તત્પર રહેનારા મુકુંદાનંદ વર્ણિને કહ્યું જે ''બ્રહ્મચારી ! ક્ષુધા લાગી છે માટે કંઈ પણ જમવાનું આપો'' ત્યારે વર્ણિએ કહ્યું જે, કૃપાનાથ ! રાત્રે જમીને જ પોઢ્યા છો ને વળી અત્યારે ક્ષુધા કેવી ? ત્યારે શ્રીહરિએ કહ્યું જે તે વાતની ખબર નથી પડતી પરંતુ ક્ષુધા તો બહુ જ લાગી છે માટે ગમે તે ઉપાય કરી જમવાનું લઈ આવો. ત્યારે વર્ણી કહે જે, મહારાજ ! અત્યારે ક્યાંથી સંયોગ બનશે ? પછી શ્રીહરિએ કહ્યું જે ''રઘુવીરજી મહારાજને રસોડે જાઓ ત્યાંથી મળશે.'' વિશ્વાસુ વર્ણી શ્રીહરિનાં ઉપરોક્ત વચન સાંભળીને ત્યાં ગયા. ત્યાં તો રઘુવીરજી મહારાજ





પોતે જ રસોડામાં રોટલા કરતા હતા અને પડખે એક રોટલો તાવડીમાંથી ઉતારીને નીચે મૂકેલો હતો સમીપે જઈ વર્ણિએ કહ્યું ''મહારાજને ક્ષુધા લાગી છે અને અત્યારે જ કંઈ પણ **જમવાનું મંગાવ્યું છે.'** ત્યારે આચાર્યશ્રીએ કહ્યું જે આ રોટલો હમણાં જ માંદા સાધુ માટે તૈયાર કરેલો છે તે લઈ જાઓ ને મહારાજને જમાડો,વર્ણિ તે રોટલો લઈ મહારાજ પાસે આવ્યા ને રોટલો જમવા માટે આપ્યો; શ્રીહરિ જમવા લાગ્યા. જમતાં જમતાં પૂછ્યું જે અત્યારે રાત્રિના સમયમાં તાજો રોટલો ક્યાંથી ? આમ પૂછ્યાથી વર્ણિએ સવિસ્તર હકીકત કહી, તે સાંભળી શ્રીહરિ અત્યંત રાજી થયા ને થોડોક રોટલો જમીને કહ્યું જે, જાઓ ત્યાં સાધુ રોટલો લેવા આવ્યા હશે તેને આ પ્રસાદિનો રોટલો આપજો.એમ કહી પોતાનો રોટલો વર્ણિના હાથમાં આપ્યો તે લઈ વર્ણિ આચાર્યશ્રીને રસોડે ગયા ત્યાં તો તે પહેલાં જ રોટલો લેવા માટે આવીને ઉભેલા સંતને આચાર્યજી મહારાજે રોટલો આપ્યો અને મુકુંદાનંદ વર્ણિએ પણ પ્રસાદીનો રોટલો આપીને કહ્યું જે ''લ્યો આ શ્રીહરિજીએ પ્રસાદીનો રોટલો આપ્યો છે ને કહ્યું છે જે ''માંદા સાધુને જમાડજો એટલે તાવ ઉતરી જશે.'' એમ કહીને વર્ણિએ તે રોટલો પણ સાધુના હાથમાં આપ્યો તે લઈને ધર્મશાળામાં ગયા ને પ્રસાદિનો રોટલો તથા બીજામાંથી અર્ધોએક માંદા સાધુને જમાડ્યો ત્યારથી તે સાધુનો તાવ ઉતરી ગયો તે ફરી આવ્યો જ નહિ.

બીજે દિવસ સંત હરિભક્તોની સભા મધ્યે દિવ્ય ઢોલીઆ ઉપર શ્રીહરિ બિરાજમાન થયા અને આચાર્યશ્રી પણ સભામાં આવી શ્રીહરિનાં દર્શન કરી પોતાને આસને બેઠા ત્યાર પછી શ્રીહરિએ તે સભામાં કેટલીક પ્રસંગોપાત વાર્તા કર્યા બાદ રાત્રીના બનાવની સવિસ્તર હકીકત કહેતાં રઘુવીરજી મહારાજની મુક્ત કંઠે પ્રશંસા કરી જે ''આચાર્ય તો આવા જોઈએ,'' ''કે જેમણે અમારા સંતનો મહિમા સમજીને અર્ધ રાત્રીમાં પોતે જ જાતે રોટલો કરી આપ્યો.'' આમ કહ્યા પછી તે સિવાય બીજા પણ તેમના સદ્‌ગુણોની ઘણી પ્રશંસા કરી. આ પ્રમાણે તે આચાર્યશ્રીનો સંતોની સેવા કરવામાં પ્રેમ હતો.

**આ આચાર્યશ્રીએ રચેલા ગ્રંથો**

૧. બાર સ્કંધનો હરિલીલા કલ્પતરુ જેમાં ભગવાન શ્રી સહજાનંદસ્વામીનું ચરિત્ર વિસ્તારપૂર્વક દર્શાવેલ છે.

૨. ભાવ પ્રબોધિની નામની સર્વમંગળ સ્તોત્રની વ્યાખ્યા.

૩. ભાવાર્થ પ્રકાશિકા નામની જનમંગલ સ્તોત્રની ટીકા.

૪. શિક્ષાપત્રીનું સંસ્કૃત ભાષ્ય.

તે ભાષ્યમાં સ્થળે સ્થળે અપ્રતિપત્તિ, વિપ્રતિપત્તિ, અન્યથા પ્રતિપત્તિનો નિષેધ કરવા પૂર્વક મૂળ અભિપ્રાય પ્રકટ કરેલો છે.

આ પ્રમાણે આ આચાર્યશ્રીએ શાસ્ત્ર દ્વારા તથા ભગવાનના મંદિરો કરવાં તથા તેમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવી તે દ્વારા અને રૂડા ઉપદેશ દ્વારા લાંબા વખત પર્યંત ઉદ્ધવ સંપ્રદાયની વૃદ્ધિ કરીને છેલ્લી અવસ્થામાં પરમાત્મ-સ્વરૂપમાં જ એક પ્રીતિ જેમને થયેલી છે એવા થકા બહારઃય વૃત્તિને ત્યાગ કરવાની ઈચ્છાથી પોતે જ જેમને યજ્ઞોપવીત આપીને બાલ્યાવસ્થામાંથી સંપૂર્ણ વિદ્યાભ્યાસમાં પારંગત કરેલા છે એવા પોતાના ભત્રિજા શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ, તેમને આચાર્ય પદવી પર અભિષેક કરીને પોતે સર્વાંતર્યામી પરમાત્મા શ્રી પુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિમાં મનને ધારણ કરી તે શ્રીજીની આરાધના કરવામાં જ તત્પર થયા ત્યાર પછી સમય થતાં જૂના વસ્ત્રની પેઠે શરીરને ત્યાગ કરી અક્ષરધામમાં જવાની ઈચ્છા કરતાં સર્વ બ્રહ્મચારીઓ તથા સાધુઓને બોલાવીને સમયોચિત ઉપદેશ આપીને તથા શ્રી ભગવત્પ્રસાદજી મહારાજને સંપ્રદાયને પાલન કરવું એજ જેમાં મુખ્ય કર્તવ્ય છે એવા આચાર્યપદને શોભાવનાર પરમધર્મનો ઉપદેશ આપીને સંવત ૧૯૧૯ ના મહા સુદ બીજને દિવસે શ્વાસ જેમનો શાંત થયેલો છે. અને ભગવાનની મૂર્તિમાં નિમગ્ન થયેલા એવા આ શ્રી રઘુવીરજી મહારાજ આ શરીરનો ત્યાગ કરી શ્રીજીના અક્ષરધામમાં ગયા.

● ● ●



॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

## અથ શ્રી સહજાનંદ સ્વામી સુનુ રઘુવીરાચાર્ય વિરચિત વાર્તા લીખ્યતે

श्रीहरिकृष्णाय नमोनमः ।

હવેલીનું કામ કરીએ તે રહેવામાં આપણા ઉપયોગમાં આવે અને ભગવાન ભક્તિ માને અને જો ન માને તો આપણો ન્યાય ન પહોંચે અને ભંડારમાં વારો કરવા ગયા તે રોટલા જમવામાં પોતાના ઉપયોગમાં આવે ને ભગવાન ભક્તિ માને અને જો ન માને તો આપણો ન્યાય ન પહોંચે એ આદિક અનેક ક્રિયાઓ કરીએ તે આપણા ઉપયોગમાં આવે અને ભગવાન ભક્તિ માને પણ ન માને તો આપણો ન્યાય ન પહોંચે પણ **આવી રીતે કરે તો ન્યાય પહોંચે જે,** અતિશે હેતે કરીને કરે ને ગદ્ગદ કંઠ થઈને અતિશે શ્રદ્ધાએ કરીને કરે ને એમ જાણે જે 'નાશવંત એવું જે આ દેહ તેણે કરીને ભગવાનને અર્થે થયું એટલું જ મારું સુફલપણું થયું' એમ કરે તો ભગવાન અતિશે ભક્તિ માને, ને આપણો ન્યાય પહોંચે. અને ગૃહસ્થ હરિભક્ત હોય તે અનેક ઠેકાણે ખર્ચ કરે ને કોઈક વ્યવહાર સંબંધી કારજ આવે ને ઘરમાં દ્રવ્ય ન હોય તો માથે કરજ કરીને પણ કરે ને ભગવાનને અર્થે તો આટામાં લવણ જેટલું થાય તો પણ ભગવાન દયાળુ છે તે ભક્તિ માને અને જો ન માને તો આપણો ન્યાય ન પહોંચે અને આવી રીતે કરે તો ન્યાય પહોંચે અને ભગવાન ભક્તિ માને જે, વ્યવહારમાં રહેતા હોય ને ભગવાનની આજ્ઞા યથાર્થ પાળે ને એકાદશ નિયમ પ્રમાણે વર્તે ને દશમો વીશમો ભાગ ભગવાનને અર્થે અતિશે હેતે કરીને નિષ્કામ-ભાવે કરીને અતિશે શ્રદ્ધાએ કરીને કાઢે ને એમ જાણે જે, જેટલું પદાર્થ ભગવાનના ઉપયોગમાં આવ્યું એટલું જ મારું સુફલ થયું. એમ કરે તો ભગવાન ભક્તિ અતિશે માને ને આપણો ન્યાય પહોંચે તે ઉપર વિદુરજીની સ્ત્રીની વાત કરી જે, ભગવાનને વિષે બહુ હેત તેણે કરીને શરીરનું ભાન ભૂલી ગયાં ને ભગવાનને અતિશે હેતે કરીને કેળાં જમાડવા માંડ્યાં તે છોડાં જમાડે ને રસ

રસ પડતો મેલ્યો. ત્યારે વિદુરજીએ કહ્યું જે, અરે ભાન વિનાની ભગવાનને છોતરાં જમાડે છે તેમને પેટમાં દુઃખશે નહિ ? ત્યારપછી તેમને દેહની સ્મૃતિ થઈ ત્યારે ભગવાનને સારાં સારાં કેળાંનો રસ જમાડવા માંડ્યો ત્યારે ભગવાને કહ્યું જે, મોરે જમ્યા ને સ્વાદ આવતો હતો તેવો સ્વાદ હવે નથી આવતો. એવી રીતે અતિશે હેતે કરીને ગદ્‌ગદ્ કંઠે થઈને ભગવાનને અર્થે શ્રદ્ધાએ સહિત કરે ત્યારે ભગવાન ખરેખરી ભક્તિ માને ને આપણો ન્યાય પહોંચે. ॥૧॥

આ દેહે કરીને કરવાનું શું છે ? તો એકાંતિક ધર્મ શીખવો એ કરવાનું છે તે એના જ સર્વ કાળને વિષે ને સર્વ ક્રિયાને વિષે મનસૂબા કરવા જોઈએ પણ એના નથી થાતા ને આ દેહની સેવા કર્યાના મનસૂબા થાય છે ને રાત દિવસ ખબડદાર થઈને મંડ્યા છીએ જે, એને ખવરાવવું, પીવરાવવું, નવરાવવું, પેરાવવું, ઓઢાડવું, સુવરાવવું ને જગાડવું એ આદિક જે અનેક રીતે આ દેહને જ સુખ થાય તેમ કરાય છે. અને તેના જ મનસૂબા રાતદિવસ થાય છે ને એ મનસૂબા કરતાં થાકે પણ નહિ. ને એ મનસૂબા કરતાં તૃપ્તિ પણ થાય નહિ ને નવીન ને નવીન શ્રદ્ધા વધતી જાય છે. અને એ મનસૂબા કરે ત્યારે ઈંદ્રિયોને ને અંતઃકરણને ખુલાસો રહે ને ઈંદ્રિયો અંતઃકરણ થાકે પણ નહિ ને સંકોચ પણ ક્યારેય થાય નહિ ને ભગવાનની ભક્તિ સંબંધી જે જે ક્રિયા કરે તેમાં થાકી જાય છે ને ઈંદ્રિયો અંતઃકરણ સંકોચને પામી જાય છે. ॥૨॥

વિષયના સંકલ્પ ને વિષયના મનોરથ અનેક થયા કરે છે ત્યાં શ્લોક ''[૧]मनोरथानां न समाप्ति-रस्ति वर्षायुतेनाप्यथवापि लक्षैः ॥ पूर्णेषु पूर्णेषु पुनर्नवानामुत्पत्तयः सन्ति मनोरथानां'' ભાવાર્થ કે, મનોરથ થાતાં કહેતાં-જે મનોરથ તેની દશ હજાર વર્ષે કરીને પૂર્ણતા નથી થાતી અને લાખ વર્ષે કરીને પણ પૂર્ણતા નથી થાતી. શા હેતુ માટે તો જેજે મનોરથ પૂરો કરે સતે ફરીને બીજા હજારો હજાર મનોરથની ઉત્પતિ થાય છે તે હેતુ માટે મોટા પુરુષ કહે છે જે, મનોરથની સમાપ્તિ થાતી નથી અને મનોરથની સમાપ્તિ ક્યારે થાય

૧. **અર્થ** :-હજારો હજાર અને લાખો વર્ષે કરીને પણ મનોરથની સમાપ્તિ થતી નથી, કારણ કે પ્રથમ કરેલા મનોરથો પૂર્ણ થતાં કરીને નવાં સંકલ્પો ઉત્પન્ન થાય છે.





તો મહિમાયે સહિત ભગવાનની એકાંતિક ભક્તિ ને આત્મનિષ્ઠાએ સહિત જ્ઞાન જે પુરુષના હૃદયમાં આવે ત્યારે તેના મનોરથની સમાપ્તિ થાય છે. પણ ભગવાનની ભક્તિ ને જ્ઞાન ને આ સત્સંગ વિના તો કોટી ઉપાયે કરીને ને કોટી સાધને કરીને પણ એ મનોરથની સમાપ્તિ થાતી નથી, અને જ્યારે માઈક પદાર્થના મનોરથની સમાપ્તિ થાય, ત્યારે તો ભગવાનની ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ગુણ, ઐશ્વર્ય, વિભૂતિ ઉપાસના ને અનુવૃતિ એ આદિક અનંત ભગવાન સંબંધી મનોરથ થાય છે. જેમ દેહગેહાદિક સંબંધી મનોરથ થાતા તે કરતાં પણ અનંત ગણા ભગવાન સંબંધી મનોરથ થાય છે. ॥૩॥

ભગવાનનો ભક્ત હોય તેને તો એક ભગવાન જ જીવિતવ્ય હોય ને એવો ભક્ત હોય ને એ સંસારમાં રહ્યો હોય તોપણ તેને સંસારનો પ્રસંગ લાગે જ નહિ ને એ સગાસંબંધી, ઘર, પૂત્ર, ધન, સ્ત્રી, નાત, જાત, ભાઈ, બેન, એ આદિકમાં રહ્યો હોય પણ એ કોઈનો નથી. તે જુવોને પર્વતભાઈ તથા રાજોભાઈ સંસારમાં જ હતા તોપણ એને લગારે સંસારનો પ્રસંગ લાગ્યો જ નહિ. ને સ્ત્રીને તથા છોકરાંને કુકડાં જેવાં જાણ્યાં તે જ્યારે પર્વતભાઈયે દાણા બધા સદાવૃતમાં આપી દેવા માંડ્યા ત્યારે મહારાજે પર્વતભાઈને કહ્યું જે છોકરાંને વાસ્તે વર્ષ દહાડાના દાણા ખાવા સારું રાખીને આપો, ત્યારે પર્વતભાઈએ કહ્યું જે કણબીનાં છોકરાં ને કુકડાં તો જ્યાં ત્યાંથી ઉકરડા બુકરડામાંથી દાણાં ખોતરી ખાય પણ ભૂખ્યાં રહે નહિ એમ કહીને જેટલા દાણા થાય તે બધાય સદાવૃતમાં આપી દેતા.એક વખતે પર્વતભાઈનો દીકરો માંદો હતો તે અંતકાળ સમે ઘરે મેલીને મહારાજને દર્શને આવ્યા તે વાત મયારામ ભટ્ટે શ્રીજીમહારાજને કહી તે મહારાજે બહુ ઠપકો દીધો ને કહ્યું જે, બહુ ખોટું કર્યું ત્યારે પર્વતભાઈએ કહ્યું જે એમાં શું ખોટું કર્યું ? મહારાજને દર્શને આવ્યા ને મરનારો હશે તો મરી જશે ને હું દર્શને ન આવ્યો હોત તોય મરનારો હોત તો મરી જાત અને એ તો છાણમાં કીડા ઉત્પન્ન થાય ને મરે તેમ છોકરાં તો ઉપજે ને મરે એમાં શું ખરખરો કરવો ? ને શોક કરવો ? એમાં કાંઈ દાખડો છે ? ખાટલાનો પાયો ભાંગ્યો હોય તો તેનો ખરખરો ને શોક કરવો પડે કાં જે લાકડાં સારું ગરચમાં

(વનમાં) લેવા જાવું પડે ને સુતાર પાસે પાયો કરાવવો પડે તે એનો ખરખરો ને શોક કંઈક કરવો પડે પણ દીકરાનો શોક શા સારું કરવો પડે ? એમ બોલ્યા. અને રાજાભાઈએ પણ ગઢડે મહારાજ પાસે આવીને કહ્યું જે, મને સાધુ કરો ત્યારે મહારાજે કહ્યું જે, અમે કહીયે તેમ કરવું છે કે સાધુ થાવું છે ? ત્યારે રાજાભાઈયે કહ્યું જે, તમે જેમ કહો એમ કરવું છે. ત્યારે મહારાજ કહે અમે તો એમ કહિયે છીએ જે, જીવિત પર્યંત પર્વતભાઈનું સાંતી હાંકો ત્યારે રાજાભાઈયે પોતાના વ્યવહારનો ત્યાગ કરીને પર્વતભાઈનું સાંતી હાંક્યું ને તેમના વ્યવહારનું કામ કર્યું ને પોતાના દીકરા કાંઈક પૂછવા આવે તો સામું જુવે નહિ. ને કાંઈ બતાવે પણ નહિ ને બોલાવે પણ નહિ એ પણ બહુ કઠણ કાં જે એક ગામમાં રહેવું ને એવી રીતે વર્તવું ઘણું કઠણ પણ જ્યારે ભગવાનની મહિમાએ સહિત એકાંતિક ભક્તિ ને આત્મનિષ્ઠાએ સહિત જ્ઞાન આવે ત્યારે કોઈ વાત કરવી એને કઠણ પડે નહિ. ને એ જે જે ક્રિયા કરે તથા જે જે મનોરથ કરે તે ભગવાન સંબંધી જ કરે ને દેહગેહાદિક સંબંધી મનોરથ સર્વે નિવૃત્તિ પામે છે. ॥૪॥

સર્વ જીવ પ્રાણીમાત્રનું રૂડું ઈચ્છવું પણ કોઈનું ભૂંડું તો ક્યારેય પણ ઈચ્છવું જ નહિ એમ કહીને શ્રીજીમહારાજને અને સાહેબ લોકને રાજકોટમાં મેળાપ થયો તેની વાત કરી જે મહારાજને ટોપીવાળે કહ્યું જે, હે નારાયણ સ્વામી ! હું તો સવારમાં ઉઠીને ખુદાને એમ કહું છું જે હમારા બી રૂડા કરજો ને હમારા શત્રુકા બી રૂડા કરજો. એવું સાંભળીને એના ઉપર મહારાજ બહુ રાજી થયા. ॥૫॥

એક હરિભક્તે પૂછ્યું જે, સત્સંગીનો ને મહારાજનો બહુ દ્રોહ કરતો હોય તેના ઉપર તો બહુ અભાવ વર્તે છે ને જાણીએ એનું ક્યારે અવળું થાય એમ રહે છે, તે તો એ ટળે એમ નથી જણાતું ? ત્યારે બોલ્યા જે ભગવાનના ભક્ત હોય તેને મહારાજનો ને સત્સંગનો દ્રોહ કોઈ કરે ત્યારે તેના ઉપર અભાવ તો રહે ખરો ને અંતઃકરણમાં દુઃખ થાય ખરું પણ પોતાની સ્થિતિમાંથી નીકળી જવાય એવા વસમા લગાડવા નહિ જેણે કરીને અંતઃકરણમાં ઉદ્વેગ





થાય ને ધર્મ, જ્ઞાનાદિકનો વિચાર ભૂલી જવાય કે ભગવાનના મહિમાનો ને ધ્યાન સ્મૃતિનો વિચાર ભૂલી જવાય કે દેહ ઈંદ્રિયો ને અંતઃકરણના ભાવથી જુદા આત્મારૂપે વર્તવું કે અક્ષરરૂપે વર્તવું કે ભગવાનને જીવાત્મામાં ધાર્યાનો વિચાર ભૂલી જવાય ને પોતાના હૃદામાં તમ વ્યાપી જાય, એટલે કોઈ રૂડો વિચાર તો રહેજ નહિ. એવા વસમાં લગાડવા નહિ. અને આપણે એના કાંઈ ભૂંડાને ઈચ્છીએ તે આપણ શું કરી શકીએ આપણને તો શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં ના પાડી છે જે, કોઈના ભૂંડા થાય એવા સંકલ્પ પણ કરવા નહિ. કરતા હરતા તો એક શ્રીજીમહારાજ છે તે કોઈ વાતની ઉપાધિ કરાવવી હશે તોપણ એના હાથમાં છે ને આપણ ભગવાનને ભૂલીને કે રૂડા વિચારને ભૂલીને જેવા તેવા સંકલ્પ કરવા માંડીએ ત્યારે ભગવાનને કર્તાહર્તા ને અંતર્યામી પુરા ક્યાં જાણ્યા છે ? અને જો જાણ્યા હોય તો એમ જણાય જે યત્કિંચિત જે કાંઈ ક્રિયા થાય છે તે ભગવાનની પ્રેરણાયે કરીને જ થાય છે ને ભગવાન સર્વ વાતને હસ્તામળ જાણે છે ને આપણે એમ જાણીયે જે ભગવાન નથી જાણતા તો એટલી આપણે નિશ્ચયમાં કસર છે. તે ઉપર કૃપાનંદસ્વામીની વાત કરી જે એમને મહારાજનો વિયોગ થાય ત્યારે બહુ દુઃખ થાય ત્યારે ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું જે, દાદોખાચર, સોમલોખાચર, ને સુરોખાચર તમારા મિત્ર છે તે એમને તમે કહો તો એ મહારાજને કહે તો તમને મહારાજ પાસે ને પાસે રાખે. ત્યારે કૃપાનંદ સ્વામીએ કહ્યું જે, એમ કહેવાય નહિ નિશ્ચયમાં બાધ આવે. દાદોખાચર કહે ત્યારે જ મહારાજ જાણે ને અમથા શું નથી જાણતા ? મહારાજતો સર્વ વાતને હસ્તામળ જાણે છે ને મહારાજની અંતર્યામી શક્તિએ કરીને અનંત કોટી બ્રહ્માંડ ને અનંત કોટી બ્રહ્માંડના જીવ ઈશ્વરની ક્રિયા તે પ્રવર્તે છે. માટે આપણે કોઈ વાતની ચિંતા રાખવી નહિ, આનંદથી ભગવાનનું ભજન સ્મરણ ધ્યાન કર્યા કરવું. ॥૬॥

ભગવાનની દયાનો પાર ને અંત નહિ ને જીવના અવગુણનો પાર ને અંત નહિ તે જુવોને મહારાજ ક્યાં પ્રગટ થયા ને દયા કરીને આ દેશમાં આવીને આપણને દર્શન દીધાં તે મોટી મોટી નદીયો ને મોટા મોટા નદ ઉતરીને ને મોટા

મોટા પર્વત ને મોટાં મોટાં વન ઉતરીને ને મોટી મોટી ઝાડી ને મોટાં મોટાં અરણ્યને ઉતરીને મોટાં મોટાં શહેર ને મોટા મોટા દેશને ઉતરીને આંહી આવીને અધર્મનો ઉચ્છેદ કરીને એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું. ॥૭॥

શ્રીજીમહારાજને આ લોકની બહુ જ અરુચિ ને અભાવ, તે પેટમાં અન્ન રહે નહિ. ને સ્ત્રી ઉપર વાસ ઉતરે તો ઉલટી થઈ જાય ને ઉદાસી થઈને જાણીયે જે, જરૂર જાતા રહેશે એમ થઈ જાય એવી આ લોકની બહુ જ અરુચિ પણ આપણા ઉપર દયા કરીને એ સર્વે દુઃખનું સહન કરીને આપણા ભેળી રુચિ મેળવીને આપણને ભગવાન ભજવા શીખવ્યા. ને પોતે ધર્મ પાળીને આપણને ધર્મ પાળવા શીખવ્યા, ને પોતે તપ કરીને આપણને તપ કરવા શીખવ્યા, ને પોતામાં અપાર આત્મવિદ્યા ને પરમાત્મ વિદ્યા ને વેદ વિદ્યા ને શાસ્ત્ર વિદ્યા ને બ્રહ્મવિદ્યા ને અક્ષિવિદ્યાદિક ઘણી જ પ્રકારની વિદ્યા આપણને શીખવી. ને પોતામાં અપાર જ્ઞાન હતું તે આપણને શીખવ્યું. ને પોતે ભક્તિ કરીને આપણને ભક્તિ કરવા શીખવી ને પોતે અષ્ટાંગ યોગ સિદ્ધ કરીને સાધુને અષ્ટાંગ યોગ શીખવ્યો ને પોતે ધ્યાન કરીને આપણને ધ્યાન કરવા શીખવ્યું ને પોતે માળા ફેરવીને આપણને માળા ફેરવતાં શીખવ્યા ને પોતે આ બ્રહ્માંડ ભરાઈ જાય એટલી વાર્તા કરીને આપણ સર્વ સાધુ તથા હરિભક્તને વાતો કરવા શીખવ્યા ને પોતે પૂજા કરીને આપણને પૂજા કરતાં શીખવ્યા ને પોતે સેવા કરીને આપણને સેવા કરતાં શીખવ્યા. ॥૮॥

શ્રીજીમહારાજ રામાનંદસ્વામી પાસે રહ્યા ત્યારે તેમની સર્વે સેવા પોતે કરી અને પોતે મંદિર કરાવ્યાં તેમાં પોતાનો રાજીપો બહુ જ ને આ ગોપીનાથજીનું મંદિર પોતે કરાવ્યું તેમાં પોતાનો બહુ રાજીપો ને કેટલીકવાર ઘેલા નદીમાંથી પોતે મસ્તક ઉપર પથ્થર લેતા ને લેવરાવતા ને કાંકરી લેવરાવતા ઘણીકવાર દર્શન કર્યા છે. તે એકવાર શ્રીજીમહારાજે મસ્તક ઉપર પથ્થર લીધો તે સોમલોખાચર ને સુરોખાચર કહે લાવો મહારાજ તમારે સાટે અમે લઈયે ત્યારે મહારાજ કહે તમારે ભક્તિ હોય તો ઘેલામાંથી લ્યો. અને મંદિરનું કામ ચાલે તે કામની નિરંતર મહારાજ ખબર રાખતા ને કડીઆને બતાવતા ને કામ





કરવાને વાસ્તે સાધુને બોલાવતા જે, ચાલો સાધુ મહારાજ ! કડીઆ ખોટી થાય છે. એમ કહીને બોલાવતા અને મંદિરનું જે કામ કરતા તેના ઉપર બહુ રાજી થાતા ને તેને પ્રસાદીના થાળ આપતા ને વસ્ત્ર અલંકારાદિક અનેક વસ્તુઓ આપતા. એકવાર સાધુ માથે પથ્થર ખાણેથી ઉપાડી લાવ્યા તે મહારાજ બહુ રાજી થયા ને ટાઢું જળ પોતે પાન કરી સર્વેને સારી પેઠે પાયું ને સાધુને બાથમાં દાબીને સારી પેઠે મળ્યા ને ચરણારવિંદ દેવા માંડ્યા. તે સાધુએ હૃદયમાં લેવા માંડ્યાં ત્યારે મહારાજ કહે મસ્તકે લ્યો માથાં તપ્યાં હશે તે ટાઢાં થાય એમ કહીને બહુ રાજી થયા. ને એવી રીતે પોતે સેવા કરીને આપણને સેવા કરવા શીખવી ને આપણા ઉપર અતિશય દયા ને અતિશય હેત તો પણ આપણ સર્વે જેમ છે તેમ મહિમા સમજી શક્યા નહિ ને સેવા પણ કરી શક્યા નહિ. ॥૯॥

શ્રીજીમહારાજની દયાનો પાર નહિ તે જુવોને મોટા મોટા રાજાએ રાખવા માંડ્યા પણ રહ્યા નહિ, ને દેવલોકમાં પણ રહ્યાં નહિ અને બ્રહ્માના લોકમાં પણ રહ્યા નહિ ને મહતત્ત્વના લોકમાં પણ રહ્યા નહિ ને પ્રધાનપુરુષના લોકમાં પણ રહ્યા નહિ ને પ્રકૃતિપુરુષના લોકમાં પણ રહ્યા નહિ ને સર્વોપરિ જે અક્ષર એની સેવાનો અંગિકાર મનમાં આવે તો કરે ને મનમાં ન આવે તો ન કરે એવા જે પુરુષોત્તમ ભગવાન તે આપણા જેવા મનુષ્યરૂપે થયા ને પોતે જે જે સાધન કર્યા તે આપણા પાસે કરાવ્યા સારું કર્યાં તે આપણને બ્રહ્મરૂપ કરીને પોતાની સેવાનું સુખ દેવા સારું આપણા પાસે સાધન કરાવ્યાં. ॥૧૦॥

ભગવાનના સ્વરૂપમાં બે જણા અખંડ વૃત્તિ રાખતા હોય ને એક જણને આંખનું મટકું ભરીયે એટલીવાર ભગવાનની વિસ્મૃતિ થાય તો એ ખામી કોટી કલ્પે પણ ભાંગે નહિ ને અક્ષરધામમાં જાય તો પણ ભાંગે નહિ ને તેમજ ધર્મ પણ બે જણા પાળતા હોય ને એક જણને અણુમાત્ર ન્યૂનતા રહે તો તે ખામી કોટી કલ્પે પણ ભાંગે નહિ ને જ્ઞાનાભ્યાસ બે જણા કરતા હોય ને એક જણને કોઈ વાતની કસર રહે તો પણ કોઈ રીતે એ વાંધો કોટી ઉપાયે ભાંગે નહિ ને બે જણને ઉપાસના સરખી હોય ને એક જણને લગારેક ન્યૂનતા રહી ગઈ તે કોટી કલ્પે પણ ખામી ભાંગે નહિ ને ભગવાનનો મહિમા બે જણા સરખો

સમજતા હોય ને એક જણાને લગારેક ન્યૂનતા રહે તો એ ખામી કોટી કલ્પે પણ ભાંગે નહિ ને ભગવાનની ને એકાંતિકની અનુવૃત્તિમાં બે જણા વર્તતા હોય ને એક જણને લગારેક ન્યૂનતા રહે તો કોઈ રીતે ખામી ભાંગે નહિ ને ભગવાનના ગુણ, સ્વરૂપ, ઐશ્વર્ય, વિભૂતિને બે જણા સરખા સમજતા હોય ને એક જણાને લગારેક કસર રહી જાય તો કોઈ રીતે ખામી ભાંગે નહિ ને ભગવાનમાં બે જણાની અતિશય હેતે કરીને વૃત્તિ અખંડ ચોટી ગઈ હોય ને એક જણાને અરધી નિમિષ માત્ર ખામી રહી જાય તો એ ખામી કોટી કલ્પે પણ ભાંગે નહિ. ત્યાં દ્રષ્ટાંત, જેમ બે જણ સરખા ચાલ્યા જાતા હોય ને એક જણ વાંસે રહી જાય તે કોઈ રીતે ભેગો થાય નહિ તેમ. અને એ ખામી ક્યારે ભાંગે તો અતિ ઉત્કૃષ્ટ શ્રદ્ધા ઉપજે ને ઉત્કૃષ્ટ જ્ઞાની ભક્તનો સમાગમ થાય તો એ ખામી ભાંગે. ને ખામી કોઈ રીતે ભાંગે એમ ન હોય તો તે **ઉત્તમ ભક્ત** શ્રીજીમહારાજને કહે જે એના દોષ ટાળો તો ભગવાન એનું એટલું કહ્યું માને એટલે એના દોષ ટળી જાય ને **એ ઉત્તમ ભક્તને ભગવાને બધો સત્સંગ સોંપ્યો છે** તે ભગવાન એનું જરૂર એટલું કહ્યું માને માટે એને રાજી કરે તો કોઈ વાતની કસર રહે નહિ. ॥૧૧॥

ત્યાગી માત્રને ગાળ દીધાનો મનસૂબો થયો એટલે વર્તમાનમાં ચુકી રહ્યો કેમજે ક્રોધ આવે ત્યારે અંતઃકરણમાં મલીન સંકલ્પ થાય પછે ક્રોધ એ સંકલ્પને બહાર કાઢી નાખે એટલે એ મા, બહેન આદિક સામી ગાળ દે છે માટે ત્યાગી માત્રને ગાળ દીધાનો સંકલ્પ થયો કે ઉપવાસ પડે, તો ગાળ દેવાયજ કેમ ? ને એવો મનસૂબો થાય જ કેમ ? ને એવો મનસૂબો થાય તે ત્યાગીને અતિશે ખોટ ને અતિશે જ ભૂલ કહેવાય અને એક હરિભક્તે સાંતી હાંકતાં હાંકતાં ભૂલમાં બળદને ગાળ દીધી પછે બળદને દંડવત્ કરીને એક ઉપવાસ કર્યો તો ત્યાગીને એ માર્ગે ચલાય જ કેમ ? ચલાયજ નહિ. ॥૧૨॥

મહારાજે અમને મોટા કર્યા છે તે અમારે કાંઈ નવું કરવું નથી, મહારાજના વચનમાં રહેવું છે ને બીજા સર્વેને મહારાજના વચનમાં રાખવા છે





એજ કરવું છે ને એજ કરાવવું છે. ને એ વચન લોપીને ને એ વચનનું ઉલંઘન કરીને કોઈ સુખીયો થયો નથી અને થાશે પણ નહિ ને અમે જો મહારાજના વચનથી બારું કાંઈ કહીયે કે પ્રથાથી બારું કાંઈ કહીયે તો એ વચન તમારે માનવું નહિ ને મહારાજની પ્રથા પ્રમાણે તો જરૂર માન્યું જોશે કેમ જે આપણે સર્વેને શ્રીજીમહારાજને રાજી કરવા છે ને એ વિના બીજો શ્રીજીને રાજી કરવાનો ઉપાય નથી. ॥૧૩॥

આ સત્સંગમાં આવ્યા પછી શું કરવાનું છે તો એ કરવાનું છે જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને મહિમાએ સહિત ભગવાનની એકાંતિક ભક્તિ એ કરવાનું છે ને એ શીખવાનું છે તે કામ, ક્રોધ, લોભ, માન, સ્વાદ, સ્નેહ એ આદિક અધર્મ સર્ગનો ત્યાગ કરવાનો છે ને જ્યારે અધર્મ સર્ગનો ત્યાગ કરે છે ત્યારે એમાં એકાંતિક પરાભક્તિ આવે છે ને જ્યારે એમાં એકાંતિક પરાભક્તિ આવે છે ત્યારે તેના હૃદયમાં કોઈ આવરણ ટકી શકે નહિ જેમ અર્જુનને પ્રથમ શંકા થઈ, ને જ્યારે સમજાણું ત્યારે કોઈ વાતની શંકા રહી નહિ ને વ્યવહારિક અંતરાય કોઈ આડો આવ્યો જ નહિ તેમ એ ભક્તિમાં કોઈ અંતરાય આડો આવે જ નહિ જેમ ગંગાજી સમુદ્રમાં ભળ્યાં તે કોઈ અંતરાય આડો આવ્યો જ નહિ મોટા મોટા પર્વત તોડી ફાડીને સમુદ્રમાં ભળ્યાં તેમ જ્યારે અધર્મ સર્ગનો ત્યાગ કરી એવી એકાંતિક પરાભક્તિ આવે ત્યારે તેનાં હૃદયમાં કોઈ અંતરાય ને આવરણ આડું આવે જ નહિ એક ભગવાન ને આત્મા એ બે જ રહે એ કરવાનું છે. ॥૧૪॥

સ્વભાવ જીતાણો હોય પણ તેનો વિશ્વાસ કરવો જ નહિ ને જો વિશ્વાસ કરે તો જરૂર વિઘ્ન કરે એવો એ છે માટે કામનો, ક્રોધનો, લોભનો, માનનો, સ્વાદનો, સ્નેહનો, ઈર્ષાનો, અસુયાનો, દંભનો, કપટનો, ત્રણ ગુણનો, પંચવિષયનો, ઈંદ્રિયોનો ને અંતઃકરણનો એ આદિક કોઈનો વિશ્વાસ કરવો જ નહિ અને જો વિશ્વાસ કરે તો જરૂર કલ્યાણનો માર્ગ બગાડી નાંખે તે જુવોને અંગ્રેજે પેશ્વાને જીતીને નજર કેદ કર્યો હતો ને તેનો જો વિશ્વાસ કર્યો તો લાખો

માણસને મારી નાખ્યાં ને કેટલાક ટોપીવાળાને મારી નાખ્યા ને દેશમાં હાહાકાર વાગ્યો ને સૌ વસ્તીને બહુ દુઃખ થયું તે માટે સ્વભાવ જીતાણો હોય તોય પણ તેનો વિશ્વાસ કરવો જ નહિ તો સ્વભાવ જીતાણો ન હોય તેનો તો વિશ્વાસ થાય જ કેમ ? થાય જ નહિ, ને વિશ્વાસ કરે તો જરૂર વિઘ્ન કરે માટે શત્રુ માત્રનો વિશ્વાસ કરવો જ નહિ ને શત્રુ નાનો ને દુબળો હોય તો તેને દુબળો ને નાનો જાણવો જ નહિ તેમ અંતરશત્રુને દુબળા ને નાના જાણવા જ નહિ ને તેનો વિશ્વાસ કરવો જ નહિ. ॥૧૫॥

રાત્રીએ સુવું ત્યારે ભગવાનની ને મોટા સાધુની સ્તુતિ ને પ્રાર્થના કરીને સુવું ને મોટા મોટા હરિભક્તને સંભારીને સુવું ને સુવું ત્યારે ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવાનો સંકલ્પ રાખવો અને ઉંઘવાનો સંકલ્પ રાખવો નહિ ને ભગવાનનું ધ્યાન કરતાં કરતાં નિદ્રા આવે તો આવવા દેવી પણ અસાવધાનપણા થકી તો નિદ્રા આવવા દેવી નહિ અને જો અસાવધાનપણા થકી નિદ્રા આવે તો અંતરશત્રુ જરૂર પરાભવ કરે જેમ બહુ આકરું મનુષ્ય હોય તેનાં સર્વે સંબંધી મારી નાંખ્યાં હોય ને સર્વે પદાર્થ ખેંચી લીધાં હોય ને મા, બહેન ને દીકરીને લઈ યવનને આપે ત્યારે તેને અતિશે દાઝ થાય ને તે દાઝે કરીને અતિશે ક્રોધાયમાન થયો હોય ને તે સમે તેના ખોળામાં માથું મૂકીને સુતા ત્યારે તેનું માથું કાપ્યા વિના રહેશે ? નહિ જ રહે જરૂર માથું કાપી નાંખશે તેમ અધર્મ સર્ગને આપણે દિવસ આખો ખોદ ખોદ કરીએ તેણે કરીને ખીજી રહ્યા એવા વૈરી જે કામ, ક્રોધ, લોભ, માન, સ્વાદ, સ્નેહ, ઈર્ષા, દંભ, કપટ ને અસુયા એ આદિક ને મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, જીહ્‌વા, ઘ્રાણ, વાક, પાણી, પાદ, પાયુ, ને ઉપસ્થ એ આદિકનું આપણે દિવસ આખો પરાભવ કરીને અતિશે ખીજવ્યા હોય ને પછી રાત્રિએ એનો વિશ્વાસ કરીને એના ખોળામાં માથુ મૂકીને સૂતા તે માથું કાપ્યા વિના રહેશે નહિ. જરૂર માથું કાપશે માટે ભગવાનની ને સાધુની સ્તુતિ કરતાં કરતાં નિદ્રા આવી જાય તો એ આપણી રક્ષા કરે ને આપણી સહાય કરે. ॥૧૬॥





અંતરશત્રુનો વિશ્વાસ તો કરવો જ નહિ ત્યાં રામ ખુમાણની વાત કરી જે એ વૈરે નિસર્યા હતા તે રાત્રે સૂવે જ નહિ ને હાથમાં ઘોડીની સરક ઝાલીને ઊભા રહે, ને એમ સરક ઝાલીને ઊભા રહે નહિ ને સૂવે તો જરૂર બારીગર માથું કાપી નાંખે; તેમ આપણે ઈંદ્રિયો ને અંતઃકરણ ને અધર્મનો સર્ગ એ સાથે શત્રુપણું ને વૈર બહુ કર્યું છે માટે એનો વિશ્વાસ કરવો જ નહિ ને એ શત્રુ કાંઈ એકવાર માથું કાપે છુટકો કરે એવા નથી એતો અનંત માથાં કાપે તો પણ મૂકે એવા નથી. ॥૧૭॥

ઘાંટીઓ કઠણ છે તેને જો ભગવાનનો મહિમા વિચારીને એક ઘડી ધીરજ રાખે તો કાંઈ કઠણ નથી તે કઈ ઘાંટી કઠણ છે તો કામનો વેગ આવે એ ઘાંટી, સ્નેહનો ને સ્વાદનો વેગ આવે એ ઘાંટી, ઈર્ષાનો ને દંભનો વેગ આવે એ ઘાંટી, મત્સર ને અસુયાનો વેગ આવે એ ઘાંટી, એવી અનેક પ્રકારની ઘાંટીઓ આ જીવને આવે છે ને એ ઘાંટીઓને ઓળખીને નોખા પડતાં ન આવડે તો જરૂર એ ઘાંટી સત્સંગમાંથી પાડી નાખે છે. તે ઘાંટી આવે ત્યારે ધીરા રહીને સત્તારૂપ માનીને ભગવાનના મહિમાનો વિચાર કરીને એ ઘાંટીઓથી નોખા પડીને ભગવાન સામું જોઈ રહેવું એટલે એ ઘાંટીઓ કાંઈ પરાભવ કરી શકે નહિ. ॥૧૮॥

મંદિરમાં રહેતા હોઈએ તે મંદિરનો મમત્વ રાખવો એમાં શ્રીજીમહારાજનો બહુ રાજીપો છે ને જે મંદિરમાં પોતે રહેતા હોઈએ તે મંદિરની ક્રિયાની પોતાને સોંપણી હોય તે ક્રિયા કરીને પછી જે જે સાધન કરે તે સાધન સર્વે સિદ્ધ થાય છે ને ધ્યાન, જ્ઞાન, એકાંતિકપણું ને ધર્માદિક સર્વે સિદ્ધ થાય છે તે જેને ક્રિયા કરતાં કરતાં સાધન સિદ્ધ થયાં છે તેને કહે છે જે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, સર્વનિવાસાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, સચ્ચિદાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી, બાળમુકુંદાનંદ સ્વામી ને મહાપુરુષાનંદ સ્વામી એ આદિકને ધ્યાન, જ્ઞાનાદિક, સાધન ક્રિયા કરતાં સિદ્ધ થયાં છે પણ કોઈને નિરમમત્વ થઈને સાધન સિદ્ધ થયાં નથી. ॥૧૯॥

સમાગમ કરવા જાવું તે સમાગમ કરીને એજ કરવાનું છે ને સમાગમ કરીને અનુવૃત્તિ, સરલપણું, શ્રદ્ધા, મમત્વ, ધ્યાન, જ્ઞાન ને એકાંતિકપણું એમાંથી એકેય વાનું આવ્યું નહિ ત્યારે સમાગમ ક્યાં કર્યો છે ? નથી જ કર્યો ને જેને ખોટ કે સ્વભાવ ટાળવા હોય તો એટલો સમાગમ તો જે મંદિરમાં આપણે રહેતા હોઈએ ત્યાં પણ સાધુ હોય તે સાધુના જેટલા ગુણ શીખવા નિષ્કામપણું, નિર્લોભપણું, નિઃસ્વાદપણું, નિઃસ્નેહીપણું ને નિર્માનીપણું એ આદિક અનંત ગુણ સાધુમાં હોય તે શીખવા ને શીખી રહ્યા પછી એ સાધુને કહેવું જે તમે કહો તો હું વરતાલ કે જૂનેગઢ વાતો સાંભળવા જાઉં એમ કહીને એમને રાજી કરીને જાવું ને ત્યાં જઈને વાતોને આકારે જીવને કરીને એ વાતોને જીવમાં ઉતારીને એકાંતિક થકી એકાંતિક ધર્મને જીવમાં પ્રવેશ કરાવીને તે પ્રમાણે વર્તવું અને ખરેખરા એકાંતિક ભક્ત થાવું એમ તો કરતા નથી ને વડોદરાના દક્ષિણી જેવું કરે છે તે દક્ષિણી જ્યારે ટોપીવાળા પાસે જાય ત્યારે ટોપીવાળો એમ જાણે જે આ માણસ ગાયકવાડ સરકારનો છે ને ગાયકવાડ સરકાર પાસે આવે ત્યારે ગાયકવાડ સરકાર એમ જાણે જે એ માણસ ટોપીવાળાનો છે એમ કરતાં કરતાં લાખું રૂપિયા લઈ ગયો પછી ખબર પડી ત્યારે તેને તોપે બાંધ્યો તેમ કેટલાક માણસને એમ જે સમાગમનો ઓથ લઈને ક્યાંઈ કારસામાં આવેજ નહિ ને કહેનારાને બીક લાગે જે કાંઈ કારસામાં લેશું તો જાતો રહેશે. ને સમાગમ કરવા જાય છે ત્યાં પણ મોટા એમ જાણે જે કાંઈક દબાવીને કેશું કે કારસામાં લેશું તો મૂળગો સમાગમ કરવા નહિ આવે એમ જાણીને મોટા પણ કોઈ કહે નહિ એટલે મહારાજની પ્રથા પ્રમાણે વર્તવું કે ભક્તિ સેવા કરવી કે વચન પ્રમાણે વર્તવું એમાં કોઈ કારસામાં આવે જ નહિ એવો સમાગમ કરવા પણ કેટલાક શીખે છે ને એવો સમાગમ કરવા શીખવો નહિ ને પૂર્વે કહ્યો તેવો સમાગમ કરવા શીખવું. ॥૨૦॥

શ્રીજીમહારાજના વચનમાં ને આજ્ઞામાં ફેર પાડવા દેવો નહિ ને જો ફેર પડે તો શ્રીજીમહારાજનો બહુ જ કુરાજીપો થાય છે ને તે ઉપર એક વાત કરી જે રામદાસભાઈનું મંડળ જેતલપુર હતું ત્યાંથી મહાનુભાવાનંદ સ્વામી





આજ્ઞા વિના શ્રીજીમહારાજના દર્શન કરવા સારું ચાલ્યા તે માર્ગમાં ક્યાંય જમવાનું મળ્યું નહિ ને ભૂખ્યા ને ભૂખ્યા ગઢડે આવ્યા ત્યારે મહારાજ બહુ કુરાજી થયા ને કહ્યું જે કેની આજ્ઞાયે આવ્યા છે ને મિયાંજીને એમ કહ્યું જે તમે એને એમ કહો જે તમે પાછા જાઓ હમણાં દર્શન નહિ થાય ત્યારે તે વાડીયે ગયા ને ભૂખ્યા તરસ્યા બેસી રહ્યા ત્યારે સોમલેખાચરે શ્રીજીમહારાજને એમ કહ્યું જે 'તમે એ સાધુને પાછું જાવાનું કહ્યું પણ એતો બેચાર પાંચ દિવસથી તમારા દર્શન વાસ્તે આવ્યા ને વાટમાં ક્યાંય અન્ન મળ્યું નહિ તે ઉપવાસી છે.' ત્યારે એમ બોલ્યા જે જાઓ એમને પાછા તેડી લાવો ત્યારે એ જ્યાં હતા ત્યાંથી તેડી લાવ્યા ને તે સમે શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં આથમણા બારનો જે ઓરડો છે ત્યાં બિરાજમાન હતા ત્યાં આવીને ચરણારવિંદે અડવા ગયા ત્યારે ચરણારવિંદ પાછું તાણી લીધું ને એમ બોલ્યા જે "એ ચરણારવિંદ તો બહુ જ દુર્લભ છે" ત્યારે મહાનુભાવાનંદ સ્વામીને આંખ્યુંમાં આંસુની ધાર ચાલી ત્યારે શ્રીહરિજી બોલ્યા જે તમારે જેવી હમણાં દર્શન કરવાની ને ચરણારવિંદનો સ્પર્શ કરવાની આતુરતા છે તેવી ને તેવી હજાર કલ્પ સુધી આતુરતા રહે તોય એ ચરણારવિંદ મળવું દુર્લભ છે એમ કહીને ચરણારવિંદ દીધાં એમાં કેવાનું શું છે ? તો શ્રીજીમહારાજના વચનમાં અણુમાત્ર ફેર પાડવો નહિ ને પડે તો બહુ કુરાજીપો થાય છે માટે શ્રીજીને રાજી કરવા હોય તેને વચનમાં ખબડદાર થઈને રહેવું. ॥૨૧॥

મહારાજનાં વચન, નિયમ કે પ્રથા પ્રમાણે વર્તે છે ત્યારે તેના જીવમાં બહુ બળ ને દૈવત આવે છે ને તેથી દેહ ઈંદ્રિયો ને અંતઃકરણ દબાય છે તેથી અધર્મ સર્ગ પણ દબાય છે ને તેથી મનુષ્ય પણ બહુ દબાય છે ને મનુષ્યમાં ભાર પણ બહુ જ પડે છે તે ઉપર હરિભક્તની વાત કરી. અને જે મહારાજનું વચન લોપે કે પ્રથા લોપે તો તેમાંથી દૈવત, ઐશ્વર્ય ને તેજ જાતું રહે છે ને જાણીએ એ મનુષ્ય જ નહિ તે ઉપર પરમ ચૈતન્યાનંદ સ્વામી ને અદ્વૈતાનંદસ્વામીની વાત કરી જે પરમ ચૈતન્યાનંદસ્વામી ને અદ્વૈતાનંદ સ્વામી સત્સંગમાં હતા ત્યારે જેમ મુક્તાનંદ સ્વામીની વાતો સાંભળવામાં મનુષ્યો

તણાય તેમ એમની વાતો સાંભળવામાં મનુષ્યો તણાતાં તે જ્યારે બન્ને સ્વામી સત્સંગમાંથી ગયા ત્યારે જેમ મહારાજમાં મનુષ્ય તણાતાં તેમ તેના વાંસે પણ તણાણાં તે પોતે ગયા ને પછે પાછા આવ્યા ને સત્સંગમાં રાખ્યા પણ પ્રથમનું દૈવત હતું તે કાંઈ રહ્યું જ નહિ ને જાણીએ જે એ પરમચૈતન્યાનંદ સ્વામી ને અદ્વૈતાનંદ સ્વામી જ નહિ એવી રીતે દૈવત હરાઈ ગયું. તેમ મહારાજની પ્રથા ને વચન લોપે તેમાં દૈવત રહેજ નહિ દૈવત માત્ર ને રૂડા ગુણ માત્ર હરાઈ જાય છે. ॥૨૨॥

ધર્મની આપણ રક્ષા કરીએ તો ધર્મ આપણી રક્ષા કરે તે આપણ શું ધર્મની રક્ષા કરીએ તો રક્ષા એ જે, મહારાજની આજ્ઞા યથાર્થ પાળવી ને આપત્કાળમાં પણ ફેર પડવા દેવો નહિ એ ધર્મની રક્ષા કરી કેવાય છે અને ધર્મ આપણી શું રક્ષા કરે તો એ રક્ષા જે, દેહ પર્યંત કોઈ સત્સંગમાં વિઘ્ન આવે નહિ ને કોઈથી સત્સંગ બહાર કાઢી શકાય નહિ ને અંતઃકરણમાં સુખ વર્ત્યા કરે અને જ્યાં ધર્મ હોય ત્યાં જ ભક્તિ અખંડ રહે છે ને ત્યાં જ ભગવાન પણ નિરંતર રહે છે અને જેના હૃદયમાં ધર્મ નિવાસ કરીને રહે છે તેના હૃદયમાં ભગવાન પણ અખંડ રહે છે એજ ધર્મ પાળ્યાનું ફળ છે. ॥૨૩॥

એક હરિભક્તે પૂછ્યું જે કોઈક બળવાન સંકલ્પ થાય તેને કેમ ટાળવો ? ઉત્તર જે, પોતાને જે સંકલ્પ થાય તે ઉપર અનંત પ્રકારના દોષેયુક્ત વિચારને લાવવા ને સંકલ્પને ટાળવા અને ન ટળે તો મોટા એકાંતિક ભગવાનના ભક્તને કહીને એ સંકલ્પને ટાળવા. એ સંકલ્પ મોટાને કહીએ તેણે કરીને લાજ જાય નહિ, મોટાને કહીએ તેણે કરીને તો સામી લાજ વધે ને મોટા આપણી સહાય કરે ને દયા કરે એટલે સ્વભાવ ટળી જાય; પણ મોટાને નિષ્કપટ થઈને કહેવાય નહિ ને સ્વભાવને દાબી રાખે ને બીજાને જણાવા દે નહિ પણ એ સ્વભાવ જણાયા વિના રહે જ નહિ. જેમ થાબડથુબડ જે ઘરની પુરણી કરી હોય ને તે ઉપર ગાર કરી હોય તે ફાટ્યા વિના રહે જ નહિ, તે અમારે સેવકે ગાર કરીને દબાવી ત્યારે અમોએ કહ્યં જે આ શં કર્યં છે ત્યારે તેણે કહ્યં જે જ્યારે જ્યારે ગાર





કરીએ છીએ ત્યારે ફાટી જાય છે તે સારી પેઠે દબાવી છે તે હવે કેમ ફાટશે ? નહિ જ ફાટે, તો પણ ફાટી ગઈ. તેમ સ્વભાવને ગમે તેવી રીતે દબાવી રાખે તોય પણ જણાયા વિના રહે જ નહિ ને સ્વભાવને દાબી રાખે એટલે ટળે પણ નહિ ને સ્વભાવ જીવને બહુ દુઃખ દે જેમ કોઈક મોટું માણસ લાજવાળું હોય તેને ઘરમાં સ્ત્રી બહુ ભૂંડી હોય તે દુઃખ દે, ગાળો દે, મારે તો પણ લાજે કરીને તે દુઃખને સહન કર્યા કરે પણ કોઈને કહેવાય નહિ; તેમ એ સ્વભાવ બહુ દુઃખ દે પણ લાજે કરીને કોઈ મોટા સંતને કહી શકે નહિ. ॥૨૪॥

ટોકરી બાંધી તે ગાય મોર ચાલે તેમ મોટેરાને વૃતાંતમાં સર્વથી મોરે ચાલવું કેમ જે મોટાની સારપ્યે સર્વેની સારપ્ય કહેવાય. ॥૨૫॥

એક શેઠે ગાવણું કરાવ્યું તેને સાંભળીને શેઠાણીને તાન આવ્યું તે ઢીંચણ ઉપર તાલ નાખ્યો ત્યારે શેઠે માથું હલાવ્યું ત્યારે શેઠાણી કહે શેઠજી માથું કેમ હલાવ્યું ? ત્યારે શેઠ કહે આજથી અમારાં આળસ્યા કેમ જે તમારું તાન બીજે તૂટવા માંડ્યું. તેમ આપણે ભગવાનને રાજી કરવા આવ્યા ને ભગવાનના એકાંતિક ભક્ત થઈને ભગવાનની સેવામાં અખંડ રહેવાય એ કરવા આવ્યા ને ભગવાન ને ભગવાનના એકાંતિક ભક્તને અતિ શુદ્ધભાવે કરીને રાજી કરવાને આવ્યા ને દેહ ને દેહના ભાવ, ને ગુણ ને ગુણના ભાવ, અવસ્થા ને અવસ્થાના ભાવ મૂકીને, અક્ષરને, અક્ષરના ભાવને જીવાત્માને વિષે ધારીને અક્ષરરૂપ થઈને ભગવાનની સેવામાં રહેવાય એ કરવા સારું આવ્યા. એવું અનુસંધાન રાખવું એ તાન ભૂલી ગયા અને માન મોટપને માર્ગે ચલાય એ બીજે તાન તૂટ્યું ને મહારાજની આજ્ઞાને ઘસારો લાગે એવા ખાનપાનને માર્ગે ચલાય એ બીજે તાન તૂટ્યું ને બહુ રજોગુણને માર્ગે ચલાય એ બીજે તાન તૂટ્યું ને પંચવિષયનો અભાવ કરવા આવ્યા ને વિષયનો ભાવ થાય એ બીજે તાન તૂટ્યું એવી રીતે જ્યાં જ્યાં વિષયમાં આસક્તિ થાય એ ગાવણાંનાં તાન તૂટ્યા જેવું છે ને એવા ભક્તને જોઈને ભગવાનને એમ થાય જે એતો અમારો ભક્ત નથી એને તો વિષયને વિષે તાન તૂટે છે માટે એ તો વિષયનો ભક્ત છે. ॥૨૬॥

ચાર પ્રકારની મુક્તિ આપે છે પણ ભક્તિયોગ ને સેવા તે નથી આપતા તે પણ આપી છે તેની પુષ્ટિ કરવી. ॥૨૭॥

સને-પાત મનુષ્ય માત્રને છે જેમ સંકલ્પ થાય તેમ બોલવા માંડે તે સનેપાત કહેવાય ને ભગવાનના સંબંધ વિના જે જે બોલાય અથવા ભગવાનની મૂર્તિ મૂકીને જે જે બોલાય તે સનેપાત છે. ॥૨૮॥

પાણી છે તેને કોઈક રોકનારો મળે ત્યારે પૃથ્વીમાં ઉતરે છે તેમ શાસ્ત્ર સાંભળે, વાતો સાંભળે, ધારે, વિચારે ને મનન કરીને અંતઃકરણમાં રોકે ત્યારે જીવમાં ઉતરે ને તે વિના જીવમાં ઉતરે નહિ. ॥૨૯॥

મનને કહેવું જે અનંત વર્ષ સુધી મેં તારું કહ્યું કર્યું હવે મને ભગવાન મળ્યા છે તે હવે તારું કહ્યું નહિ થાય. ॥૩૦॥

મહારાજના વચન પાળીએ તો ઝટ પાર આવી જાય ને સાધને કરીને આપણે મોક્ષ કરવા ઈચ્છીએ તો વાર લાગે તે ઉપર સ્વામી કાર્તિકનું (પૃથ્વીની પ્રદક્ષિણાનું) દ્રષ્ટાંત છે. ॥૩૧॥

પંચવિષયના સંકલ્પ કર્યા વિના થાય છે ને ભગવાન સંબંધી થાતા નથી તેનું કારણ જે અહિંયાં આવે છે ત્યારે તેને ઉત્તમ વૈરાગ્ય હોય પણ એનું અનુસંધાન ભૂલી જાય છે ને મોટાના અવગુણ લે છે તેણે કરીને તે ઉતરી જાય છે. ને પંચવિષયનો અભાવ તો ઉત્તમ વૈરાગ્યે કરીને થાય છે. ॥૩૨॥

શ્રીજીમહારાજ આવ્યાં ત્યારે અતિ તપ કર્યું ને સંતને પણ અતિ તપ કરાવ્યું. ॥૩૩॥

પોતાને પૂર્ણકામપણું મનાણું છે તેણે કરીને થાતું નથી તે ઉપર ઉકાભાઈનું દ્રષ્ટાંત છે. ॥૩૪॥

દેવનો અવગુણ લે ને મોટાનો અવગુણ લે તો અંતઃકરણ મલિન થઈ જાય છે. ॥૩૫॥

જીવની બુદ્ધિ પૂગતી નથી ને ભગવાનના સ્વરૂપને સમજવા જાય છે જે મચ્છ કચ્છાદિક ભગવાનના અવતાર થાય છે તે અંશ થઈને આવે છે તે ઉપર બ્રહ્માનું, તારનું, જળના ટીપાનું દ્રષ્ટાંત દીધું છે. ॥૩૬॥





શ્રીજીમહારાજે કહ્યું જે તમે સર્વે કુસંગી થઈ જાઓ છો તે હું આવીને સર્વેને નિત્યે સત્સંગી કરી જાઉં છું. ॥૩૭॥

શ્રીજીમહારાજે કહ્યું જે તમે સર્વે મને કેવો જાણો છો? ત્યારે સર્વેએ કહ્યું જે ભગવાન જાણીએ છીએ. ત્યારે કહે જે જેમ છે તેમ નથી જણાતું તે ઉપર મહારાજે કહ્યું જે પર્વત ઉપાડો, તેની વાત કરી. ॥૩૮॥

પેટલાદનો વાણીયો હતો તેણે એમ ધાર્યું જે કસીઆના વાંકમાં નથી આવવું ને કચેરીમાં નથી જાવું ને મંદિર કરવું છે તેની વાત કહી. ॥૩૯॥

ભગવાનને વિષે નિષ્ઠા હોય તે સૌને જણાયા વિના ન રહે. ભક્તિનિષ્ઠા, જ્ઞાનનિષ્ઠા, વૈરાગ્ય ને ઉપાસનાની નિષ્ઠા તે ઉપર વાત કરી જે, મુસલમાન હતો તે બ્રાહ્મણ થયો હતો પણ મુસલમાનપણું અંતરમાં હતું તે નીકળી આવ્યું તેમ ગુણ દોષ હોય તે જણાયા વિના રહે જ નહિ. ॥૪૦॥

શ્રીજીમહારાજને સ્ત્રી, ધન તેની અતિશે અરુચિ કરાવવી છે તે ઉપર મહારાજે કહ્યું જે ભાગવતની ટીકા કરાવીને શ્લોકે શ્લોકે સ્ત્રી ધન ત્યાગ કરવો એમ મેલવું. ॥૪૧॥

ભગવાનનો નિશ્ચય પરિપક્વ હોય તો જે જે ગુણ કથાનો વાર્તાનો એ આદિક હોય તે શોભે તે ઉપર દ્રષ્ટાંત જેમ ઘોડો હોય તેને ખીલે બાંધીએ તો સરાજામ નાખવા દે બીજું જેમ હવેલીનો પાયો ઉંડો નાખ્યો હોય તો જેવડી ઈમારત કરીએ તેવડી થાય. ॥૪૨॥

રુડો દેશકાળ હોય ત્યારે ભગવાન ભજવા ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઉપાસના એ આદિક ગુણ શીખી લેવા ને વહેવારનો તો કાંઈ નિર્ધાર રહેતો નથી. તે ઉપર વાત કરી જે, ખેડાનો બ્રાહ્મણ ધનેશ્વર તેને નવ લાખ રૂપિયા હતા ને હવે છોકરાંને ખાવા ધાન નથી ને ફિરંગીના જેવું રાજ્ય હોય તોય પણ નિર્ધાર રહેતો નથી. ॥૪૩॥

પાંચ ઘડી રાત્રી વિત્યા પહેલાં સૂતો તે તો વર્તમાનમાં ચુક્યો તે બરોબર છે ને બીજું પંગત્ય વિના એકલું ખાવું તે પણ બહુ ભૂંડું છે એમ નિશ્ચે જાણવું. ॥૪૪॥

મોક્ષની વાત છે તે સર્વેથી ગ્રહણ કરે તે સમજુ કહેવાય છે. તે નાનો મોટો જે કહે તેથી ગ્રહણ કરવી, જેમ હંસ પક્ષી છે તે દૂધનું ગ્રહણ કરે છે તેમ ગ્રહણ કરવું. ।।૪૫।।

રાત્રીએ ઝોલું આવે તેનું સવારમાંથી જતન કરવું તે ઉપર સુપર્ણાનંદ વડોદરાના હરિજનનું દ્રષ્ટાંત. ।।૪૬।।

''સમલોષ્ટાશ્મકાંચનઃ'' જે ત્યાગીને સોનું કામ ન આવે ને કચરો તો કામ આવે તે સોનું ત્યાગીને દેહ પર્યંત રખાય નહિ ને રાખે તો પરમેશ્વરનો ગુનેગાર થાય એવી રીતે જીવમાં પંચવિષયના દોષના વેગ લગાડી દેવા, નહિ તો કલ્યાણનો માર્ગ બગડી જાય છે. ।।૪૭।।

પંચવિષયનો અભાવ ન થયો હોય તો વિષયનું ખંડન થાય ત્યારે ક્રોધ વ્યાપે ત્યારે નેત્ર શ્રોત્ર એ આદિકને ફેરવી નાખે છે. ।।૪૮।।

મોટા યોગી હોય તે કાળને આવતો દેખે છે ને કાળને પોતામાં પ્રવેશ કરવા દેતા નથી ને તે કાળ તેને પરાભવ કરી શકતો નથી ને ભગવાન તેડવા આવે ત્યારે જાય તે ભગવાનને પ્રતાપે કરીને આધુનિક હોય તે તો એમ જાણે જે હું કાળનો લીધો ન જાઉં તે સારું સૂતાં બેસતાં સર્વે ક્રિયામાં ખટકો રાખીને ભગવાનની સ્મૃતિ વિસારે નહિ. ।।૪૯।।

એક બ્રાહ્મણ હતો તેમાં બ્રહ્મરાક્ષસે પ્રવેશ કર્યો તે છોકરાં સ્ત્રીને ખાઈ ગયો ને બ્રહ્મરાક્ષસ નિસરી ગયો ત્યારે રોવા લાગ્યો. ।।૫૦।।

મોટા મોટા ગયા ને વિષમ દેશકાળ થઈ ગયા માટે જેમ મોટા મોટા વર્તતા તેમ આપણે પણ વર્તવું પણ તેમાં ફેર પડવા દેવો નહિ જેમ કુંવર બાદલો થાય ત્યારે કુંવરને માથે ચિંતા આવી પડે તેમ માથે ચિંતા રાખીને ભગવાન ભજવા તે ઉપર માયા આવીને કહેશે ભલા થઈને મને રાખો તે જુવો ને એનું કેવું બળ છે જે રખે મારાથી હેત ઓછું કરે માટે માયાનું બળ બહુ છે તે ઉપર દ્રષ્ટાંત મોણપરના હરિભક્તનું જે માળે (વાડીને મેડે) જાઈશ ત્યારે ઉંઘને કહીશ જે હવે આવ. ।।૫૧।।





જેના ઉપર હેત હોય તે તેને વાલી વસ્તુ આપે છે તેમ મહારાજે દયા કરીને ધર્મ ને ભક્તિ આપ્યાં છે. ।।૫૨।।

પૃથવી ઉપર ભગવાન પધારે ને જીવનો મોક્ષ થાય તે ઉપર ગંગાજીની સાંખ્ય લાવ્યા. ।।૫૩।।

ભગવાનના ભક્ત સાથે કોઈ રીતની આંટી પડે તો તેને મેલી દેવી પણ રાખવી નહિ. ।।૫૪।।

રામચંદ્રજી અને રાવણને યુદ્ધ થયું ત્યારે રામચંદ્રજીની સેનાવાળાએ એમ ધાર્યું જે એનું નિશાન લેવું છે તો મરાણા ઘાયલ થયા તેને તેને જીવતા કર્યા ને રાજી થયા તેમ કામ, ક્રોધ, લોભાદિક અધર્મ સર્ગ જીત્યામાં ઈંદ્રિયો અંતઃકરણ ને દેહને દુઃખ થાય તેમાં મહારાજની મરજી પ્રમાણે વર્તે તો રક્ષા કરે ને રાજી થાય. ।।૫૫।।

લક્ષાવધિ મનુષ્ય છે તે સર્વેને મહારાજને વિષે નિષ્ઠા છે તેમાં જો કોઈક પ્રથા લોપે તો સર્વેની કુદ્રષ્ટિ થઈ જાય ને જેમ અમે પ્રથા લોપ્યાની વાત કરીએ તો કોઈને ગમે નહિ ને મનાય નહિ માટે પ્રથા લોપવી નહિ ને લોપે તો જીવનો નાશ થઈ જાય ને મહારાજ સાજા રાખે છે તોય પ્રથા લોપતા જાય તેમ ન વર્તવું. ।।૫૬।।

સત્સંગમાં આવે છે તે હરિજન સર્વેને ઉપાસના, ધર્મ, નિયમ, સરખા છે તેમાં કેટલાક વધી જાય છે ને કેટલાક બરોબર રહે છે. ને કેટલાક ઘટી જાય છે. તેનું શું કારણ છે ? તો શ્રદ્ધા રુચિ ને તારતમ્યતા છે તે ઉપર દ્રષ્ટાંત શેઠનું છે જે પાક કરીને જમાડે છે, તે જમનારા છે તેમાં કેટલાક થોડું જમે ને કેટલાક રુચિ પ્રમાણે જમે છે. ।।૫૭।।

''વિનાશકાળે વિપરિત બુદ્ધિ'' જે ભીમોરાના કાઠી સારા મનુષ્ય તે મહારાજનું વાંકું બોલ્યા. ।।૫૮।।

સમજણની જીવમાં એવી ઘેડ્ય ઉતારવી તે કામ ક્રોધાદિકનો વેગ આવે ત્યારે જાળવી રાખે પણ અંતઃકરણને ક્ષોભ પામવા દે નહિ. ।।૫૯।।

ક્રૂર સ્વભાવ છે તે વાતો સાંભળે છે ત્યારે એકે જણાતો નથી પછી તો બધા જણાય છે ? ઉત્તર જે, અતિ ઘોર પાપના પરિણામે કરીને પરિપક્વ અવસ્થાને પામીને સ્વભાવ થયો તે કોઈ રીતે ટળતો નથી તે ભગવાનનો મહિમા, ઉપાસના, ભક્તિ અને આત્મનિષ્ઠાનો જીવમાં વેગ લગાડી દેતો ધીરે ધીરે ટળે જેમ નદીના ધરામાં અતિ અશુદ્ધ પાણી હોય તેને નવું પાણી આવીને સારી પેઠે ધોઈ નાખે છે ત્યારે પાણી શુદ્ધ થાય છે તેમ. ॥૬૦॥

લોકાલોક ઉપર વિષ્ણુ ભગવાન કાળચક્ર લઈને સર્વે મનુષ્યની રક્ષા કરે છે. ॥૬૧॥

મનને કહેવું જે આજ દિન સુધી તારે ને મારે મિત્રાચાર રહેતો તે કેટલાક કલ્પ સુધી તારું જ કહ્યું કર્યું હવે મારે પાંચ દસ વર્ષનું કામ આવ્યું માટે મારું કહ્યું તારે માનવું પડશે. નહિ માને તો તારે મારે મિત્રાચાર નહિ રહે ને તારું કહ્યું હવે હું નહિ માનું. ॥૬૨॥

દેહ જેવું માંહી છે તેવું જ બહારે નિસરે ને બહારેનું માંહી પેસે તો બાહેર નિકળેલ દેહને માંખ્યો, કાગડા, ને જનાવરને કોણ ઉડાડે ને તે સાચવવું ઘણું કઠણ છે માટે એવા દેહ સારું ભગવાનની આજ્ઞા ન લોપવી ને શ્રીજીમહારાજના વચન પ્રમાણે કરવું તે ગાયને પ્રદક્ષિણા કરવા જેવું છે ને પોતાનું ધાર્યું તથા શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરવું તે પૃથ્વીને પ્રદક્ષિણા કરવા જેવું છે. ॥૬૩॥

આ જીવને સ્વભાવ પ્રકૃતિનું કેવું છે જેમ કુંડલીને દાટો (લોખંડાદિની કુંડળીને કાષ્ટાદિનો દાટો) દીધો તે બાહેરથી પેસે નહિ ને માંહિથી નિસરે નહિ ગબડાવે તોય ન નિસરે તેમ મોટાની વાતું સાંભળે પણ તે કહેલ વાત પેસે નહિ ને માંહેથી ભૂંડા સ્વભાવ નિકળે પણ નહિ. ॥૬૪॥

ગૃહસ્થને જાતાં આવતાં રસ્તામાં પીડા થાય તેમ ન કરવું તે પર શ્રીજીમહારાજે કાગળ લખ્યો હતો જે ત્યાગી તથા અયોધ્યાવાસીને ગૃહસ્થને જાતાં આવતાં દુઃખ થાય તેમ ન કરવું. ॥૬૫॥





એકબીજા સામ સામા વઢે ને પાછા મોઢામાં ખડ લઈને પગે લાગે છે માટે પ્રથમથી એવો વિચાર રાખીને એમ ન કરવું પડે તેમ કરવું તે ઉપર પોતાનું કહ્યું જે અમારા દાંત પડ્યા તેથી રાતી પાઘડી રાખી તેમાં કોઈ કહે તે સારું આગળથી કર્યું છે. ॥૬૬॥

પૂજા કરીએ છીએ તે વખતે એકલું રહેતાં શંકા થાય છે. ને સાધુ ભેળે રહેતાં શંકા થાતી નથી. ॥૬૭॥

અહંવૃત્તિ તે કંદને ઠેકાણે છે તેમાંથી જે વાસના નીકળે છે તે વેલાને ઠેકાણે છે. ને ભક્તિ વ્યભિચારને પામી જાય છે તે અવ્યભિચારી રાખવી જે ભગવાન વિના કોઈ પદાર્થમાં હેત ન થાય તો અવ્યભિચારી કહેવાય તેમાં તપ, યજ્ઞ, તીર્થ, ત્યાગ વૃતે કરીને તેનો ભાર આવે તે ઠીક નહિ એક ભગવાન જ જીવિતવ્ય થાય તે ભક્તિ ખરી તે ઉપર રુકમણીજીની વરમાળાનું દ્રષ્ટાંત દીધું. ॥૬૮॥

વૈરાગ્ય, અવૈરાગ્ય ને કહે જે મારું રાજ્ય થાતાં તુંને નહિ રહેવા દઉં ત્યારે અવૈરાગ્યનું કહેવું જે ક્યાંક રહેવા દે ત્યારે વૈરાગ્ય કહે જે મોટાને ત્યાં પડ્યો રહેજે તેથી મોટાની ઓથે પદાર્થનો જોગ થશે. ॥૬૯॥

ઈન્દ્ર મહોલ કરાવતો હતો ત્યાં બગદાલ્ય ઋષી સભામાં ગયા તે ઈન્દ્રે સન્માન કરી સભામાં બેસારીને પૂછ્યું જે આ તમારે માથે આ શું છે ત્યારે ઋષીએ કહ્યું જે ખડનો પૂળો છે ત્યારે ઈન્દ્રે કહ્યું જે ખડના પૂળાને શું કરશો ? ત્યારે ઋષી કહે ત્રણે ઋતુમાં આડો દેવા કામમાં આવે છે ને રાત્રે ઓશીકું થાય છે ત્યારે ઈન્દ્ર કહે તમે પર્ણકુટી રાખો તો ? ત્યારે ઋષી કહે થોડું જીવવું તેમાં શું કરીએ. વળી ઈન્દ્ર કહે તમારે છાતીમાં અર્ધામાં મુવાળા છે ને અર્ધામાં નથી તેનું કેમ ? ત્યારે ઋષી કહે જ્યારે ઈન્દ્ર મરે ત્યારે તેનું અમારે સ્નાન આવે છે તે એક મુવાળો તોડી નાખીયે. ત્યારે ઈન્દ્રને વિચાર થયો જે આટલી આવરદાવાળા કાંઈ નથી કરતા ત્યારે મારે શું કરવું. ॥૭૦॥

મહારાજ માંદા હતા ત્યારે સ્થાન જોવા ગયા તે બદ્રિકાશ્રમ, શ્વેતદ્વિપ, વૈકુંઠ, ગોલોક એ આદિક ઘણાંક ધામ જોયાં પણ અક્ષરધામ જેવું કોઈ નિર્ભય બીજું નથી. ॥૭૧॥

આપણા આત્માને નરકનો કિડો માનવો નહિ કેમ જે આપણને તો પુરુષોત્તમ ભગવાન મળ્યા છે તે આપણે તો અક્ષર માનવું ને જુ પ્રસવે ત્યારે લીખ આવે ને હાથણી પ્રસવે ત્યારે બળદ જેવડું બચ્ચું આવે ને જેમ વામનજી ભેળી લાકડી વધી તેમ આપણે વધતા જાઈએ છીએ. જેમ બાળકના હાથમાં ચિંતામણી દીધી હોય તેનું તેને માહાત્મ્ય નહિ એટલે તેનો તેને આનંદ નથી. તેમ ભગવાન પુરુષોત્તમ મળ્યા છે તેનો અંતરમાં આઠે પહોર કેફ રહેતો નથી જે મારું પૂર્ણકામપણુ થયું છે એવું નથી સમજતો એ હરિના ભક્તને મોટી ખોટ્ય છે. આપણે તો ભગવાનનો ખપ નથી પણ ભગવાન પરાણે આપણને વળગ્યા છે તે શ્રીજીમહારાજ કહે જે ભૂત બાઝે છે તે પણ નથી મૂકતું તો અમે કેમ મૂકશું એમ કહેતા. સંસાર મૂકીને આંહી આવે તે દુઃખ માત્ર ટાળીને સુખીઓ થઈ જાય પણ આંહી આવ્યા પછી પણ મોટું દુઃખ વાસનાનું રહે છે તે વાસના, કામ, લોભ, રસાસ્વાદ, સ્નેહ, માન એ પાંચની રહે છે તે વાસના આત્મનિષ્ઠા તથા મહિમાએ સહિત નિશ્ચય જે ભગવાનના સ્વરૂપને વિષે અચળ નિષ્ઠા તેણે કરીને ટાળવી એ સિદ્ધાંત વાર્તા છે. ॥૭૨॥

વડોદરાનો વાણીયો વરતાલે આવ્યો ને કથા વાર્તા સાંભળીને કામ ક્રોધને જાણપણારૂપ દરવાજા બાહેર દીઠા. ॥૭૩॥

બજૈયાને મહારાજે વાત કરી જે પ્રેમાનંદસ્વામીનું પાણી રાખજો તે ઉપર જનક સુલભાનું દ્રષ્ટાંત. ॥૭૪॥

આપણે તન, મન, ધન, ભગવાનને અર્પણ કર્યું ત્યારે જે ભગવાનની આજ્ઞા હોય તેમ કરવું, નહિ તો કાઠીએ બ્રાહ્મણને ગાય આપી ને પછી દૂધ દોવા ગયો તેમ થાય. ॥૭૫॥





સર્વે શાસ્ત્રમાં પંચવિષયના દોષ કહ્યા છે વેદ પુરાણ, શ્રુતિ, સ્મૃતિ, વચનામૃત, ધર્મામૃત તથા હરિગીતા એ આદિક સર્વેને વિષે દોષ કહ્યા છે તે જે પંચવિષય તેમાં એકેકાને વિષે સહસ્ર દોષ રહ્યા છે ને અધર્મ સર્ગરૂપ સહસ્ર સહસ્ર ફડસવાં રહ્યાં છે તે જીવને મોક્ષના માર્ગમાં આવરણ કરે છે માટે શ્રીજીમહારાજની મરજી ને મોટા સાધુની મરજી પ્રમાણે મન, કર્મ, વચને વર્તે તો એ દોષ પરાભવ કરે નહિ. ॥૭૬॥

શાસ્ત્ર કેવાને સમજાય છે તો જેણે ભગવાનના વચનને આકારે ઈંદ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારને કર્યાં હોય ને ભગવાનનો અતિ દૃઢ નિશ્ચય હોય ને ભગવાનની ભક્તિ દૃઢ હોય એવાને શાસ્ત્ર સમજાય છે ને બીજાને તો શાસ્ત્ર સમજાતાં નથી તે ઉપર શ્લોક ''[1]**अहं वेद्मि शुको वेत्ति संजयो वेत्ति वा न वा । भक्त्या भागवतं शास्त्रं न बुद्ध्या न च टीकया**'' ...વ્યાસજીએ સત્તરપુરાણ કર્યાં ને પછી ધ્યાન કરવા બેઠા તો પણ અંતઃકરણમાં શાંતિ ન થઈ પછી નારદજીએ ભક્તિ બતાવી ત્યારે શાંતિ થઈ. ॥૭૭॥

જીવને પ્રમાદ બહુ રહે છે તેણે કરીને ગાફલતા રહે છે તેણે કરીને અંતરશત્રુનો ભય નથી રહેતો તે ઉપર બ્રહ્માએ કામને પાંચ બાણ આપ્યાં તે કામે મોહરૂપ બાણ બ્રહ્મા ઉપર મૂક્યું તેણે કરીને બ્રહ્મા સરસ્વતિ કેડે દોડ્યા ને વ્યાકુળ થઈ ગયા ને નારદજીને પરણ્યાનું મન થયું ને શિવજી પણ વૃતભંગ થયા ને સનકાદિકને પણ લગારેક ક્રોધની ચટકી આવી માટે ભગવાનના ભક્તને ગાફલપણે ન વર્તવું ને અંતરશત્રુનો વિશ્વાસ ન રાખવો. ॥૭૮॥

સાત માળની હવેલી છે તેમાં રહ્યા છીએ ને ખાધા પીધાની ખોટ નથી ને અંતસમે ભગવાન તેડવા આવે છે એટલો અનુગ્રહ કર્યો છે માટે શાસ્ત્રમાં જુવો તો ખરા ક્યાંય એવાં વચન નથી જે હવેલીમાં રહ્યા ને ભગવાન તેડવા આવે માટે શ્રીજીમહારાજનાં વચન પાળવાં ને જો જેમ તેમ વર્તશું ને તેમાં પાંચ

૧. **અર્થઃ–** હું (વ્યાસજી) જાણું છું અથવા શુકજી જાણે છે અને સંજય તો જાણે છે અથવા નથી જાણતો કારણ કે ભાગવત શાસ્ત્ર ભક્તિથી સમજાય છે પરંતુ બુદ્ધિ કે ટીકાથી તેવું સમજાતું નથી.

મળીને પ્રકરણ ફેરવશે ને મહારાજના વચન પાળવાનું કહેશે તેમાં હન્ય હન્ય નહિ થાય માટે મોટેરા હશે તે કહેશે જે આજ કાંઈ કારખાનું નથી માટે સાંજ સવાર ભેગા થઈને આવો બેસીએ ને બાર વગાડીએ તો કેમ થાય માટે શ્રીજીમહારાજનાં વચન પાળવા શીખવું. ॥૭૯॥

પાંચ દોષ અધર્મ સર્ગના, ને ચાર ગુણ ધર્મ સર્ગના ને એ ધર્મ સર્ગના ગુણને ઓળખીને શીખવા ને અધર્મ સર્ગના દોષને ઓળખીને પછી તે દોષને ટાળવા અને ભગવાનનું ધ્યાન કરીને ભગવાન ને સંતની પ્રાર્થના કરીને દીન થઈને ભગવાનને તથા સંતને કહેવું જે 'હે મહારાજ ! મારામાં કામ, ક્રોધ છે તે નાશ પમાડો ને એમ માગીને તે ઠેકાણે ધર્મ જ્ઞાનનું સ્થાપન કરવું તેની એમ વિગત છે જે ભગવાનના એકેક અંગનું ધ્યાન કરીને એકેક દોષને ટાળવો ને એકેક ગુણને શીખવો ને એમ શીખ્યા વિના ન આવે તે ઉપર વાણીઓ પાણીનો મેળ કરીને ઉતરવા ગયો તે બુડી મુવો તેમ થાય. ॥૮૦॥

મોરે મતારાની બીક લાગતી ત્યારે શ્રીજીમહારાજ દશ બાર ઠેકાણે ચોકી બેસારતા તે કોઈથી લાગ લેવાણો નહિ તેમ કામ, ક્રોધાદિક શત્રુની બીક લાગે છે તે વાસ્તે નેત્ર શ્રોત્રાદિક સર્વે ઠેકાણે ચોકીયું બેસારી દેવી તે ચોકીયું તે શું ? તો ભગવાનને સ્થાપન કરવા જેમ આ સર્વે સભા બેઠી છે તેમાં ચોરને ગોતવો હોય તો મળે તેમ પોતાના દોષને ઓળખીને ટાળે તો ટળે તે ઉપર ખેડુનું દ્રષ્ટાંત જે ખેતર ખેડ્યું હોય પણ રાંપ કાઢી ન હોય ત્યાં સુધી ચોખ્ખું ન થાય તેમ દોષ મૂળમાંથી ટળી ગયા ન હોય ત્યાં લગી કાચું, અધર્મ સર્ગના દોષ કેવા છે તો ભૂત જેવા છે જેમ કોઈ પુરુષમાં ભૂતે પ્રવેશ કર્યો હોય તે પુરુષના સર્વે ગુણ, સ્વભાવ, જ્ઞાનને દબાવીને ભૂતના સર્વે ગુણ, સ્વભાવ, જણાય છે તેમ જે પુરુષમાં કામ, ક્રોધ, લોભ, મોહાદિક અધર્મ સર્ગ પ્રવેશ કરે છે ત્યારે તેને કોઈ જાતનું જ્ઞાન રહેતું નથી. ॥૮૧॥

ભગવાનના ચરિત્રને કહેવાં ને સાંભળવાં અને તેનો ઈંદ્રિયો અંતઃકરણને વિષે વેગ લગાડી દેવો ને અંતઃકરણ વાસિત કર્યા વિના શાંતિ થાય નહિ તે ઉપર મુક્તાનંદ સ્વામીની વાત કરી જે તેમણે શ્રીજીમહારાજને પૂછ્યું જે શાંતિ





થાય તેવી વાત કહો ? ત્યારે શ્રીજીમહારાજે ઘર મૂકીને લોજ આવ્યા ત્યાં લગીનું તીર્થયાત્રાનું ચરિત્ર કહ્યું તો પણ વળી પૂછ્યું જે હે મહારાજ ! શાંતિ થાય તેવી વાત કહો ? ત્યારે શ્રીજીમહારાજ કચવાણા ને કહ્યું જે ગુજરાતમાં ફરવા જાઓ ત્યારે આસને જઈને નિત્યાનંદ સ્વામીને પૂછ્યું ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા જે મહારાજે લીલાની વાત કરી તે જ શાંતિ થયાનો ઉપાય છે. તે ઉપર સ્વરૂપાનંદ સ્વામીની વાત કરીને કહ્યું જે ભગવાનના ચરિત્રને કહ્યા સાંભળ્યા વિના અંતઃકરણ નિરુત્થાન થાય નહિ. ॥૮૨॥

એવો દુરાગ્રહ હોય જે પોતાનું ભૂંડું કરીને સત્સંગનું ભૂંડું કરવા ઈચ્છે જેમ લોકમાં નાક કાપીને કેટલાક અપશુકન કરે છે હમણાં સરકારનો એવો કાયદો છે જે ચોરને રાખે ને રોટલો ખવરાવે અને ચોર તો ચાલ્યો જાય પછી તે રાખનારને દશગણો દંડ ભરવો પડે તેમ ઈંદ્રિયો, સ્વભાવ, ને અંતકરણ ચોર છે તે કલ્યાણના માર્ગમાં વિઘ્ન કરે છે. ॥૮૩॥

કુંજડી ઈંડા મૂકીને આ દેશમાં આવે તે બચ્ચાંને સુરતવડે સેવે છે તેમ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ આપણા સામું જોઈ રહ્યા છે, નહિ તો આવી રીતે ધર્મ પળે ? ન પળે. અને આપણ સર્વે આંહી સભા કરીને બેઠા છીએ તે મહારાજ આવીને આ સભા સામું જુવે છે ને એમ કહે છે જે ઠીક કરો છો આમ ને આમ કરજ્યો એમ કહીને સર્વેને અમૃત દ્રષ્ટિએ કરીને જુવે છે તેથી આપણને કામ ક્રોધાદિક બાધ કરી શકતા નથી ને જે સભામાં નહિ બેસતા હોય ને મહારાજની દ્રષ્ટિ જેના ઉપર નહિ પડતી હોય તેને કામ ક્રોધાદિક પીડશે ને અંતઃકરણ બગડી જાશે ને ધર્મ પાળ્યામાં શ્રદ્ધા નહિ રહે માટે સૌ તપાસ કરજો જે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે ? પ્રત્યક્ષ શાસ્ત્ર ને પરોક્ષ શાસ્ત્ર ને પ્રત્યક્ષ વચન ને પરોક્ષ વચન તેમાં બહુ ફેર છે. ॥૮૪॥

આવ્યા છીએ કલ્યાણને વાસ્તે, ને થાય છે દેહનું જતન, પામવું છે અક્ષરધામ ને દેહનું જતન કરીને તેના ઠેરાવ કરી રાખ્યા છે તે ખોટા છે. ને ભગવાનને રાજી કર્યાના ઠેરાવ કરવા તે સાચા છે. ॥૮૫॥

ઓડને કોઈક મારતું હોય તો માર ખાય પણ કોઈને કહે નહિ જે મારી રક્ષા કરો તેમ આપણને ઈંદ્રિયો અંતકરણ તથા ભૂંડા ભૂંડા સ્વભાવ ને કામ ક્રોધાદિક પીડે છે પણ કોઈક મોટા સંતની આગળ નિર્માની થઈને કહેવાય નહિ જે આ સ્વભાવ થકી મને મુકાવો તે વાત શ્રીજીમહારાજ કહે જે અમે અમદાવાદ ગયા હતા પછી રાયપરનો દરવાજો આવ્યો ત્યાં રોક્યા જે પરવાનો લાવો પછી શ્રીજીમહારાજે રાઠોડ ધાધલને મોકલ્યા જે મહારાજ રાયપરને દરવાજે આવ્યા છે. પણ જાતાં જાતાં રાયપરના દરવાજાનું નામ ભૂલી ગયા પછી સર્વેએ કહ્યું જે કયે દરવાજે મહારાજ આવે છે દરીઆપરને ? તો કહે હા. પાલડીને ? તો કહે હા, રાયપરને ? તો કહે હા પછી કોઈને નિર્ધાર થયો નહિ તેમ પોતાના ધર્મ, જ્ઞાન, ઉપાસના, ભગવાનનું સ્વરૂપ, ભગવાનનું ધામ, ભગવાનના ગુણ, ઐશ્વર્ય, સામર્થી, વિભૂતિ ને ભગવાનના અવતાર અવતારી ભેદ સમજવાની રીત એ આદિક વાત આપણને યથાર્થ ન સમજાણી હોય તો આપણ થકી બીજાને શો સમાસ થાય ? ન જ થાય. ॥૮૬॥

વ્યાપકાનંદ સ્વામી રાત્રીએ ધ્યાન કરતા હતા ત્યારે એક સાધુએ કહ્યું જે સુઈ જાઓ ત્યારે સ્વામી કહે નિદ્રામાં શો માલ છે ? મહાપુરુષ ! સુખ માત્ર ભગવાનના ધ્યાનમાં રહ્યું છે. તેનો આપણ અભ્યાસ કરીએ તો એ સુખ આવે, નહિ તો ન આવે. ॥૮૭॥

શ્રીજીમહારાજે એક હરિભક્તને કહ્યું જે પાણી પીવું નહિ, ત્યારે તે કહે ઠીક મહારાજ પછી તેણે છ મહિના સુધી ન પીધું પછી ગઢડે મહારાજને દર્શને આવતાં માર્ગમાં કારીયાણીની સીમમાં એક હરિભક્તે પરાણે પાણી પાયું. પછી બળતરા થઈ તે માંડ માંડ મહારાજ પાસે ઉપાડીને લઈ ગયા પછી મહારાજે કહ્યું જે શા સારું પાણી પાયું. ॥૮૮॥

એક હરિભક્ત હતો તે એક સિંગોડું ખાઈને રહેતો તે કેમ જે ભગવાનનો ભક્ત હોય તેને જો ભગવાનની આજ્ઞા હોય તો અન્નપાણી નિદ્રા વિના પણ દેહ રહે. પરિક્ષિત રાજાને સાત દિવસની અવધી હતી ત્યારે સર્વે પદાર્થમાંથી વૈરાગ્ય પામીને મોક્ષનું જતન કરવા મંડ્યા ને આપણને તો ક્ષણ માત્રનો અવધી નથી તોય મોક્ષનું જતન કરતા નથી ને સર્વે પદાર્થમાંથી વૈરાગ્યને પામતા નથી. ॥૮૯॥





મોટું મનુષ્ય હોય તેને અતિ આદર કરીએ તો રહે ને ઉતરતું મનુષ્ય હોય તો તેને તિરસ્કાર કરીએ તોપણ ન જાય તેમ ભગવાન સંબંધી જે ગુણ તેનો અતિ આદર કરીને અતિ જતન કરીને રાખે તો રહે, નહિ તો ન રહે ને દોષનો અતિ અનાદર કરીએ તોય જાય નહિ. ॥૯૦॥

મોરલી વાગે ત્યારે મોટા મોટા નાગ હોય તે તણાઈને આવે ને પૈડકાં હોય તે પડ્યાં પડ્યાં અંબળાય તેમ ભગવાનના ખરેખરા ભક્ત હોય તે કથા, વાર્તા, કિર્તનમાં આવ્યા વિના રહે જ નહિ. ॥૯૧॥

કવિ મુખવાણી હોય પરમુખ વાણી હોય તેને સાંભળે છે તો આજે વચનામૃત છે તે તો શ્રી મુખવાણી છે તે તો જરૂર સાંભળવી જોઈએ તેને સાંભળતે થકે જીવનું અંતઃકરણ તત્કાળ શુદ્ધ થાય છે ને ગુણરૂપ માયાની નિવૃત્તિ થાય છે ને એમાં આળસ રહે છે તે બહુ ખોટ જાય છે ને બહુ ભૂલ થાય છે માટે આળસ ન રાખવી. ॥૯૨॥

સતી હોય તે જય રણછોડ બોલે ત્યારે બળ્યા વિના છૂટકો નહિ તેમ ત્યાગીના આશ્રમને પામ્યો ને જે ગૃહસ્થાશ્રમમાં રહ્યો તેને વર્ણના ને આશ્રમના ધર્મને જાણ્યા જોઈએ ને સૌ સૌના ધર્મ પાળ્યા જોઈએ પણ તે ધર્મને દુષણ ન દેવું તે દુષણ તે શું ? તો સત્સંગમાં રહીને ધર્મને ઘસારો દે ને પ્રથા પ્રમાણે વર્તે નહિ. ॥૯૩॥

કોઈક હરિભક્તે સાધુને કહ્યું જે તમારામાં કામ, ક્રોધ, લોભ, માન, સ્વાદ, સ્પર્ધા, ઈર્ષા, અહંકાર, રજોગુણ, ચપલતા એ દેખીએ ત્યારે અમારે ભાર ન પડે એતો અમારામાં હોય માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઉપાસના, શાંતપણું, સરલપણું, ભક્તિ, નિઃસ્વાદ, નિર્માન, નિર્લોભ, નિઃસ્નેહ એ આદિક ગુણ દેખીએ ત્યારે ભાર પડે માટે આપણો ભાર જાય એવી ક્રિયા કર્યાનું શું કામ ? ॥૯૪॥

બે જણ લડતા હોય તેમાંથી જે ભાગેડુ થયો તે પાછો સામો થઈ શકે નહિ તેમ જે ભક્ત ઈંદ્રિયો અંતકરણ થકી એકવાર હટ્યો તે ફરીને સામો થઈ શકે નહિ તે માટે આગળથી ખબડદાર વર્તવું ને ઈંદ્રિયો અંતઃકરણને દાબીને શૂરવીર થઈને વર્તવું ને શ્રીજીમહારાજ છતાં જોને સાધુને કેવું વર્તન આકરું હતું તો પણ રાજી થકા પાળતા તેનો વિચાર કરવો. ॥૯૫॥

બ્રાહ્મણનો દીકરો તથા કણબીનો દીકરો નાનો હોય ને તે જો બીજા કોઈનું ન ખપે તેનું ખાય તો નાત બહાર ન થાય ને પછી મોટો થયા કેડે ખાય તો નાત બહાર થાય તેમ આપણે ન સમજતા હતા તે દિવસ તો જેમ તેમ વર્ત્યા પણ હવે તો ભગવાને જે પદાર્થ ભોગવ્યાની ના પાડી હોય તેને ભોગવ્યાની ઈચ્છા થાય તો એવું ખાધા જેવું છે માટે જે વાતનો ત્યાગ કર્યો તેનો સંકલ્પ ન કરવો. ॥૯૬॥

ધર્મ પ્રવર્તાવવો એ બહુ કઠણ છે ને તેથી ધર્મ પાળવો બહુ કઠણ છે કેમ જે ધર્મ જાય તો સર્વે ગુણ માત્ર જાય ને જો ધર્મ રાખીએ તો શમ, દમ, એ આદિક ગુણ રહે, નહિ તો ન રહે. ॥૯૭॥

શ્રીજીમહારાજે શિક્ષાપત્રી લખીને શોધી પછી સર્વે સાધુને કહ્યું જે આમાંથી જે એક બે અક્ષર, કાનો, માત્ર, અનુસ્વારની, ભૂલ કાઢે તેને થાળ આપીએ પછી સર્વે સાધુએ શોધી તેમ આપણે ધર્મ જ્ઞાન આદિક ગુણ શીખવા હોય તો અતિ દાખડો કરીએ તો સમજાય. ॥૯૮॥

પ્રત્યક્ષ વચન ને શાસ્ત્ર, ને પરોક્ષ વચન ને શાસ્ત્ર તેમાં બહુ ફેર છે કેમ જે પ્રત્યક્ષથી કામ થાય એવું પરોક્ષથી ન થાય. ॥૯૯॥

જીવનું કલ્યાણ થાવું એ વેદ પુરાણ સર્વે શાસ્ત્રમાં બહુ કઠણ કહ્યું છે તે શ્રીજીમહારાજે બહુ સુગમ કરી દીધું, હવે તો દૂધમાં જામણ નાંખીએ એટલી વાર છે. જામણ તે શું ? તો મહારાજના વચનને પાળવાં તે જામણ છે. ॥૧૦૦॥

સૂર્યને સામા દૈત્ય લડવા આવે છે તે બ્રાહ્મણ અર્ઘ્ય દે છે તે બાણ થઈને લાગે છે તેમ મતપંથ છે તેને ઘણો આપણા ઉપર રાગ દ્વેષ છે પણ આપણું વૃતાંત જોઈને ઉંડા આઘાત લાગે છે તેણે કરીને કોઈ સામા પગ ભરી શકતા નથી. ॥૧૦૧॥

વિદ્યા ભણે ત્યારે અતિશે ઘોષ કરે તો વિદ્યા અંતઃકરણમાં પ્રવેશ કરે છે તેમ ધર્મ જ્ઞાન ઉપાસના એ આદિકનો અભ્યાસ અતિશે કરે તો અંતઃકરણમાં પ્રવેશ થાય છે પછી જીવમાં પ્રવેશ થાય છે. ॥૧૦૨॥





શ્રીજીમહારાજ ઉત્તર ખંડમાંથી આવ્યા ને જે જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઉપાસના ને માહાત્મ્યે સહિત ભક્તિ એ આદિક અનેક કલ્યાણકારી ગુણ પોતાને વિષે દેખાડ્યા તે પોતાના ભક્તને શીખવ્યા સારું ને અજ્ઞાનરૂપી માયાને ટાળવા સારું ને તે અજ્ઞાનરૂપ માયા કેવી છે તો જેમ લોકાલોકની પરલીકોરે અંધકાર છે તેને સુદર્શન ચક્ર ભગવાન મેલે છે તેથી પ્રકાશ થાય છે તેવી રીતે શ્રીજીમહારાજે જે જે રીતે વર્તીને ગુણને શીખાડ્યો તે ગુણ પોતામાં આવે ત્યારે અંધકારરૂપ માયાને ટાળે જેમ સરોદા છે તેના તાર બરાબર મળે નહિ એક સાંધે ત્યાં બીજો તૂટે ને બીજો સાંધે ત્યાં ત્રીજો તૂટે પણ બરોબર તાર મળે નહિ તેમ સર્વે ત્યાગી તથા ગૃહસ્થ છે તે જાણે આ તાલ પૂરો થાય તો પછી ભગવાન સારી પેઠે ભજીએ ને એકાંતિક ધર્મ શીખીએ પણ કોઈ તાલ કોઈના પણ પૂરા થયા નથી. ॥૧૦૩॥

સર્વે તીર્થમાં ભગવાને બહુ ચરિત્ર કર્યાં હોય તે શ્રેષ્ઠ, ને તેથી જે સ્થાનને વિષે બહુ રહ્યા હોય તે તીર્થ શ્રેષ્ઠ, ને તેથી જે સ્થાનકને વિષે જન્મ્યા હોય તે શ્રેષ્ઠ ને તેથી સ્વધામ પધાર્યા હોય તે સર્વ તીર્થ કરતાં શ્રેષ્ઠ છે તે ક્રિયા આ સ્થાનકને વિષે શ્રીજીમહારાજે કરી ને આ ગોપીનાથજીની મૂર્તિને વિષે પોતે જ રહ્યા છે. ॥૧૦૪॥

ઠેરાવમાં દુઃખ છે ને નિર્વાહમાં સુખ છે જેમ મનુષ્યના દાંત પડી જાય છે ત્યારે ખાધાના સર્વે ઠેરાવ ખોટા થઈ જાય છે તે ઉપર અલૈયોખાચર આદિક ચાર જણાનું દ્રષ્ટાંત છે. ॥૧૦૫॥

મનને કહ્યે ચાલે તેનું સારું થાય જ નહિ તે ઉપર પાર્વતીને પુત્ર જનમ્યા ત્યારે દેવ સર્વે આવ્યા તે ભેળે શનિશ્ચર આવ્યો તેણે ગણપતિ સામું જોયું ત્યારે તેનું માથું પડી ગયું તેમ મનનું કહ્યું માને તે સત્સંગમાંથી પડી જાય છે તે એનું માથું પડ્યું જાણવું. ॥૧૦૬॥

આ વાર્તા દુર્ગપુરને વિષે રહીને કરેલી તેમાંથી સંક્ષેપે લખેલી છે.

**ઈતિશ્રી સહજાનંદ સ્વામી સુનું રઘુવીરાચાર્ય વિરચિતા વાર્તા સમાપ્તા ॥**

● ● ●

॥ શ્રીહરિઃ ॥

## સદ્‌ગુરુ શુકાનંદ મુનિનું જીવનચરિત્ર

પવિત્ર વૃત્તાલયપુરની પાસે જ દર્ભાવતી (ડભાણ) નામનું એક ગામ છે જે ગામમાં પૂર્વે ભગવાન સ્વામિનારાયણે સર્વાશ્ચર્યકારી મહાવિષ્ણુયાગ કર્યો હતો. તે ગામમાં ઔદીચ્ય વિપ્રકુળમાં જન્મેલા કોઈ જગન્નાથ ભટ્ટ નામે હતા. આ બ્રાહ્મણ એજ ગામમાં વિદ્યાભ્યાસ કરતાં સંસ્કૃત ભાષામાં તથા પ્રાકૃત ભાષામાં પણ પૂર્ણ પાંડિત્ય પામીને બાલ્ય થકી જ વિષયથી વિમુખ થઈ નૈષ્ઠિક બ્રહ્મચર્યમાં પ્રીતિવાળા થઈ પ્રાચીન પુણ્ય પરવશાત્ સાધુઓનો સમાગમ થતાં તેમના ઉપદેશથી વૈરાગ્ય અતિશય વૃદ્ધિ પામતાં થયેલી ભગવાનના ચરણકમળના સમાશ્રયની ત્વરાને લીધે તે મુનિજનો સાથે દુર્ગપુર પ્રત્યે ગયા. આ જગન્નાથ વિપ્રનું પોતાના ચરણારવિંદના સમાશ્રયની ત્વરાથી આવવું સાંભળીને ભગવાન શ્રીહરિ વિષયવિમુખ અને આત્માભિમુખ જનો ઉપર પોતાનું સહજ અભિમુખપણુ જાણે જણાવતા હોય ને શું ? એમ મુનિ મંડળને સાથે લઈ પોતાના નિવાસ સ્થાન થકી તેમના આવવાના માર્ગમાં સન્મુખ થયા તે પછી ભગવાને કૃપા કટાક્ષ વડે જોએલા આ વિપ્ર તેમના ચરણારવિંદની સમીપે પરાભક્તિથી સાષ્ટાંગ પ્રણામ કરી ભગવાનને અભિનંદન કર્યા થકા મુનિમંડળથી વિંટાએલા ભગવાનની પાછળ પાછળ ચાલતાં દુર્ગપુરની અંદર ગયા. ત્યાં ભગવત્ દર્શન અને સંતસમાગમ કરતાં કોઈ દિવસે ભગવાને તેમની પ્રાર્થનાને અનુસારે શ્રીમત્ ઉદ્ધવ સંપ્રદાયથી પ્રાપ્ત થતી પરમહંસ દીક્ષા મુક્તાનંદ મહામુનિને આગળ રાખી આપી ને મુક્તાનંદ મુનિએ જેમનું શુકાનંદ એવું નામ પાડ્યું છે. એવા તે મુનિને પોતાની પાસે જ સદાય રાખ્યા તે સમયે મુક્તાનંદ મુનિને મહાપ્રભુએ કહ્યું કે હે મુને ! તમોએ એમનું ''શુકાનંદ'' એવું નામ પાડ્યું તે ઉપરથી તમો તેમનું પૂર્વજન્મ જરૂર જાણતા જ હશો. આ તો શુકદેવજી જ ફરી અવતર્યા છે આ પ્રમાણે તેમના વૈરાગ્ય આદિક ગુણો સર્વને જણાવતા થકા પોતાના આજ્ઞાપત્રાદિ લખવામાં પોતાના અંતરંગ (ખાનગી) સેવક પણે તેમની નિયોજના કરી.





ફરીથી કોઈ સમયે ભગવાને આ મુનિના જ્ઞાન વૈરાગ્યના પ્રકર્ષથી પરમ પ્રસન્ન થઈને સભામાં પ્રશંસા કરી કે આ શુકમુનિ બહુ મોટા સાધુ છે અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી એમનો ચઢતો ને ચઢતો રંગ છે પણ મંદ તો પડતો જ નથી માટે એ તો મુક્તાનંદસ્વામી જેવા છે. (આ વાત કારીયાણીના ત્રીજા વચનામૃતમાં છે) આ મુનિનો જેમ પ્રતિદિન પોતાના ઉપદેશના આજ્ઞાપત્રો લખવામાં નિયોગ કર્યો હતો તેમજ સાંપ્રદાયિક ગ્રંથો લખવામાં પણ પ્રધાનપણે નિયોગ કર્યો હતો જેથી તેમણે સંસ્કૃત પ્રાકૃત સાંપ્રદાયિક અનેક ગ્રંથો પોતાના હાથથી જ લખ્યા છે તેથી આ મુનિની ભગવાનનો જમણો હાથ છે એવી પ્રખ્યાતિ થઈ હતી તથા અનેક ગ્રંથોના સંશોધનમાં ભગવાને નિયોગ કરતાં સદા લેખનમાં અને સંશોધનમાં તત્પર વર્ત્યા હતા કોઈ સમયે ભગવાને આ મુનિની સભામાં એવી પ્રશંસા કરી કે ડભાણનાં અમોને પરમ પ્રિય ત્રણ વસ્તુ છે તેમાં આ મુનિ મુખ્ય છે તે ત્રણ કયાં તો એક આંબાનું વૃક્ષ જે હમણાં લક્ષ્મી બાગમાં રહેલું છે, બીજો બળદીયો અને ત્રીજા આ મુનિ છે.

વળી કોઈ સમયે દુર્ગપુરમાં રાત્રીએ ભગવાને કહેલા ઉપદેશ ગર્ભિત આજ્ઞા પત્રો લખતાં દિવામાં તેલ ખૂટી જતાં દીપક નિસ્તેજ થઈ ગયો પછી સ્વયં પ્રકાશ દિવ્ય તેજ સ્વરૂપ ભગવાને વારેવારે આજ્ઞા કરતાં પણ અંધકારથી જેની દ્રષ્ટિ રોકાઈ ગઈ છે એવા આ મુનિ લખવા માટે નહિ સમર્થ થઈને ભગવાનને વિનંતી કરી કે પ્રદિપ પ્રશાંત થઈ ગયો છે અને અંધકાર સર્વત્ર વ્યાપિ ગયો છે માટે હું શી રીત્યે લખી શકું. એમ કહ્યું તે પછી તેમની ઉપર પ્રસન્ન થયેલા ભગવાને આ મિષથી આ મુનિને મારું પરમેશ્વરરૂપ પ્રદર્શાવું એમ નિશ્ચય કરી પોતાના ચરણના અંગુઠામાંથી દિવ્ય તેજ પ્રકટ કર્યું સૂર્યાદિકના સમગ્ર તેજોને પણ તિરસ્કાર કરનારા અતિ પ્રકાશમાન સર્વત્ર પ્રસરેલા તે તેજથી નેત્રની ગતિ રોકાઈ જતાં વિસ્મય પામેલા આ મુનિએ ભગવાનને પ્રણામ કરી હે ભગવન્ ! અતિ ઉગ્ર અતિ અદ્‌ભુત તેજનો ઉપસંહાર કરો મારા જેવા જનના નેત્રની ગતિ આ તેજથી રોકાય છે તો તમારું કલ્યાણતમ રૂપ જે પ્રકારે

જોઈ શકું તેવું સૌમ્ય તેજ પ્રકટ કરો એમ પ્રાર્થના કરી પ્રાર્થનાને અનુસારે જ ભગવાને ચરણના અંગુઠામાંથી સૌમ્ય તેજ પ્રકટ કરતાં ભગવાનને પ્રણામ કરી પછી તે જ તેજના સહાયથી ભગવાને કહેલા આજ્ઞાપત્રો બાકીની રાત્રિમાં મુનિએ લખ્યા.

વળી કોઈ સમયે ભગવાને કાંઈક લખવા માટે આ મુનિને બોલાવતાં તેમને જ્વર આવેલો હોવાથી પગલું પણ ચાલવા અસમર્થ થતાં પોતાનું ચાલવામાં અસામર્થ્ય ભગવાનને જણાવ્યું. ભગવાને પોતાનો પારમેશ્વર પ્રતાપ પ્રકટ કરવા કોઈ પાસે બે હાથ ઝાલીને પોતાની પાસે લેવરાવીને હે શુકાનંદમુને ! મેં નિવેદન કરેલો આ ભાગ હમણાં કોઈ પણ પ્રકારે લખી આપો એમ આજ્ઞા કરી. જ્વરથી પીડા પામેલા અને સર્વ અવયવો જેમનાં શિથિલ થઈ ગયાં છે એવા મને તમો કેમ આવી આજ્ઞા કરો છો એમ કહેતા અને પોતાના દિવ્યરૂપ સન્મુખ દ્રષ્ટિ જેમની છે એવા એ મુનિને ભગવાને પ્રેમગર્ભિત નેત્રથી નિશ્ચળપણે ક્ષણ માત્ર જોયા તે પછી ભગવાનની દિવ્ય અમૃત દ્રષ્ટિથી જ્વર વેગે રહિત થઈ જતાં તેમને પ્રણામ કરી આજ્ઞા મુજબ લખવાની બાબત હતી તે લખી તે દિવસને આરંભીને જ્વરાદિ વ્યાધિ ક્યારેય પણ આ મુનિને આવતી નહિ. તે પછી ભગવાન અંતરધ્યાન થતાં તેમનો વિરહ નહિ સહન થવાથી શરીરમાં પ્રતિદિન અનાસ્થા વૃદ્ધિ પામતી ગઈ પૂર્વોક્ત ભગવાનના અનુગ્રહથી જે નિરોગીપણું પ્રાપ્ત થયું હતું તે તો તેમના ખેદને માટે થયું તે પછી આ મુનિ મનમાં ખેદ કરી સાવધાન મનથી હે ભગવન્ ! આપના અનુગ્રહથી થયેલું નિરોગીપણું પણ હવે તમારા વિરહને લીધે રોગ જેવું જ જણાય છે માટે મને થોડી થોડી પ્રતિદિન જ્વર પીડા જ આપો એવી પ્રાર્થના કરતાં પ્રાર્થનાસુરે જ્વર પામી બાર વર્ષ પર્યંત પ્રતિદિન જ્વરથી પીડા પામતા થકા પણ ઉદ્વેગને ન જ પામ્યા આ મુનિએ ઉમરેઠ આદિ ઘણાં ગામોમાં સત્સંગની અભિવૃદ્ધિ કરી હતી વચનામૃતના સંગ્રહ કરવામાં આ મુનિનું જ પ્રધાનપણું હતું.






**શુકાનંદ મુનિએ રચેલા ગ્રંથો.**

(૧) સત્સંગિ જીવન મહાગ્રંથની "હેતુ નામની ટીકા" (૨) "જ્ઞાનદીપ" ઓગણચાલીશ શ્લોકના પ્રમાણનું (૩) વિશ્વમંગલ સ્તોત્ર (૪) ભાગવત દશમ સ્કંધનો ગુજરાતી અનુવાદ (૫) સત્સંગિજીવનમાં રહેલી હરિગીતાનો ગુજરાતી અનુવાદ (૬) સત્સંગિજીવન દ્વિતીય પ્રકરણમાં રહેલા ભક્તિ અધ્યાયનો ગુર્જર અનુવાદ (૭) ધર્મામૃતનો ગુજરાતી અનુવાદ (૮) બુદ્ધિપ્રદીપ ગુજરાતી અનુવાદ સહિત (૯) પ્રાર્થના માલા ગુજરાતી અનુવાદ સહિત, ઈત્યાદિ.

એવી રીતે શ્રીમાન ઉદ્ધવ સંપ્રદાયમાં શુકદેવજી ફરીથી અવતર્યા છે એવી પ્રખ્યાતિને પામેલા ભગવાનના જમણા હાથરૂપ ભગવાનના દિવ્ય નામ સહસ્ત્રમાં 'શુકરક્ષિત પુસ્તકઃ' એ રીતે ભગવાનને માન્ય પુસ્તકોના રક્ષણ કરનારા પણે પ્રખ્યાતિને પામેલા આ શુકાનંદમુનિ નાના પ્રકારના ગ્રંથો રચીને સત્સંગની વૃદ્ધિ કરીને પોતે સંવત ૧૯૨૫ના માગશર માસની અમાવાસ્યાએ વરતાલમાં દિવ્ય અદ્‌ભુત સ્વરૂપવાળા, મુક્તો સહિત ભગવાનનું પ્રત્યક્ષ દર્શન પામી પરમ આનંદથી પરિપૂર્ણ થઈ ભૌતિક દેહનો ત્યાગ કરી ભગવાનના દિવ્ય અક્ષરધામને પામી ગયા.

॥ इति संक्षिप्त जीवनचरितम् ॥



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ.

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

## અથ શ્રી સહજાનંદસ્વામી શિષ્ય શુકાનંદમુનિ વિરચિતે વાર્તા પ્રસંગ લિખ્યતે

અષ્ટમીને દિવસે સવારે ગ. પ્ર. પ્રકરણનું ઓગણીશમું વચનામૃત વંચાવ્યું ને ત્યાર પછી બપોરે ગ. પ્ર. પ્રકરણનું સડતાલિશમું વચનામૃત વંચાવ્યું તે બન્નેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ને ભક્તિ એ ચારની વાત આવી ત્યારે એક સંતે પૂછ્યું જે ધર્મ જ્ઞાનાદિક શીખવાની રુચિ થાય ને દેહ પડી જાય તે અક્ષરધામને પામે કે પુનરાવૃત્તિ થાય ? ઉત્તર જે, જેને ચારે સંપૂર્ણ હોય તે તો અક્ષરધામને પામે ને ભગવાનની સેવામાં રહે અને જે સવાસનિક ભક્ત હોય તેને જ્યાં ધર્મજ્ઞાનાદિક તત્કાળ સિદ્ધ થાય તેવો યોગ ભગવાન કરી દે છે ને તે તો યોગભ્રષ્ટ કહેવાય જેમ ભરતજી યોગભ્રષ્ટ હતા તેવો યોગભ્રષ્ટ થાય. ॥૧॥

જય વિજય યોગભ્રષ્ટ કહેવાય કે નહિ ? ઉત્તર જે, એ તો યોગભ્રષ્ટ ન કહેવાય એણે તો સંતનો અપરાધ કર્યો તે આસુરીમતિ થઈ ગઈ ને મહોરે કહ્યો જે યોગભ્રષ્ટ તે તો ભારે અવતાર જેવો થાય ને ધર્મ જ્ઞાનાદિકને તત્કાળ સિદ્ધ કરે ને બીજા કેટલાકને ધર્માદિકની રુચિ કરાવી દે એવો સમર્થ થાય છે. ॥૨॥

જય વિજયને ભગવાને પોતાના ધામને દરવાજે સર્વેને ખાળવાને બેસાર્યા હતા ને આજ્ઞા કરી હતી તે સારું સનકાદિકને ખાળ્યા તેમાં એને બહુ જ દંડ દીધો એવડો એનો શો વાંક ? ઉત્તર જે, સનકાદિકનો ઉપહાસે યુક્ત તિરસ્કાર કર્યો ને લક્ષ્મીજીનો પણ અપરાધ ને તિરસ્કાર કર્યો તેણે કરીને લક્ષ્મીજીને એમ મનસૂબો થયો જે આ ઠેકાણે આવા પુરુષ ન જોઈએ તેણે કરીને તેનો જીવ આસુરી ભાવને પામ્યો હતો ને પછી સનકાદિકે શાપ દીધો તેણે કરીને દૈત્ય થયા. ત્યારે વળી પૂછ્યું જે પાર્ષદ હતા ત્યારે તો ભગવાન ને ભગવાનના ભક્તને લગારેક દુઃખવ્યા તેણે કરીને દૈત્ય થયા ને પછી તો ભગવાન ને ભગવાનના ભક્તને બહુજ દુઃખ દીધું ને યુદ્ધ કર્યું ને ત્રીજે જન્મે ધામને પામ્યા





એ કેમ ? ઉત્તર જે દૈવી હોય ત્યારે લગારેક દ્રોહ કરે તો બહુ પાપ થાય છે ને અસુર ભાવ થયા પછી એવું થાય નહિ કેમ જે એનો સ્વભાવ જ એવો છે જે ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ જ કરે. ત્યારે વળી પૂછ્યું જે, શ્રીજીમહારાજ એકાંતે બેઠા હોય ત્યારે કરીમભાઈને એમ કહેતા જે કોઈને આંહી આવવા દેશો નહિ ત્યારે મોટા મોટા સાધુને પણ ખાળતા તેમજ જય વિજયને આજ્ઞા હતી તે ખાળે જ તો તેમાં કાંઈ સનકાદિકને ક્રોધ ન આવ્યો જોઈએ. ત્યારે કહ્યું જે સનકાદિકને તો ક્રોધ આવ્યો જ નથી, ને ક્રોધ આવ્યો હોત તો વૈકુંઠનાથ ભગવાનને એ એમ કહે નહિ જે હે મહારાજ ! તમારી મરજી હોય તો આ ધામથી જય વિજયને પાડો ને મરજી ન હોય તો ન પાડો પણ અમારે એ વાતનો આગ્રહ નથી માટે એમને ક્રોધ આવ્યો હોત તો એમ બોલત નહિ અને જેને અતિ રુઢ ને ઉગ્ર પ્રકૃતિ હોય તેને દૈત્ય કરીને તેની પ્રકૃતિને ટાળે છે જેને રુઢ પ્રકૃતિ તો હોય પણ લગારેક કોમલ હોય તેને બ્રાહ્મણ કરીને ટાળે છે તેમ જય વિજયને અતિરુઢ ને ઉગ્ર પ્રકૃતિ નહિ ટળે એમ જાણીને દૈત્ય કર્યા ને મુચુકુંદ રાજાની રૂઢ પ્રકૃતિ હતી પણ લગારેક કોમલ હતી તો ભગવાને બ્રાહ્મણનો અવતાર આપ્યો ને પ્રકૃતિને ટાળી નાખી. ॥૩॥

દૈત્યના દેહમાં તો સામું પ્રકૃતિ વૃદ્ધિ પામે છે ને તમે તો કહો છો જે પ્રકૃતિ ટાળવાં સારું દૈત્ય કર્યા ? ઉત્તર જે, દૈત્યના દેહને પામ્યા પછી ભગવાનને પામે છે ત્યારે એને એના સ્વભાવને વિષે ગુણ ભાવ હતો તે અત્યંત દોષભાવ આવે છે ત્યારે એના સ્વભાવ ટળી જાય છે. ॥૪॥

જય વિજયનું ને સનકાદિકનું ભાગવતીતનું કહ્યું છે ને અક્ષરના મુક્તને તો કહ્યું છે જે ''[1]न तद्भासयते सूर्यो न शशांको न पावकः'' એને પણ ભાગવતી તનું કહ્યું છે તે કઈ રીતે સમજવાં ? ઉત્તર જે, એક તો આઠવલું સોનું હોય ને એક તો બારવલું સોનું હોય ને એક તો સોળવલું સોનું હોય ને એક તો કુંદન સોનું હોય તેને તો જે એની પરિક્ષાવાળો હોય તે જાણે છે. તેમ મોટા એકાંતિક હોય તે યથાર્થ ઓળખે ને બીજાને તો કાંઈ ઓળખાય નહિ અને

૧ અર્થઃ— તે ધામને સૂર્ય, ચંદ્ર અને અગ્નિ પ્રકાશ કરતા નથી.

મોટા હોય તે તો અહિંયા પણ સર્વેને ઓળખે જે આને આટલી ભાગવતી તનુ થઈ છે ને આને આટલી બાકી છે ને જય વિજયને તથા સનકાદિકને તથા નારદજી એમને પણ જાણે. ॥૫॥

મોટા પણ બે પ્રકારની સ્થિતિવાળા છે તે કહીએઃ (૧) સાધન કાળમાં ને સ્થિતિ કાળમાં એવી સમજણ છે જે આવરણને ભેદતાં ભેદતાં અક્ષરધામમાં જાવું છે, (૨) સાધનકાળમાં જ એવી સમજણ છે જે ક્યાંઈ જાવું નથી ને જાણપણામાં રહ્યા થકા ધ્યાન કર્યા જ કરે છે અને સ્થિતિકાળમાં તો અક્ષરરૂપ થૈને ધ્યાન કરે છે માટે દેહ મૂકશે ત્યારે એને એમ જણાશે જે હું તો અક્ષરધામમાં જ બેઠો છું. પણ બીજું કાંઈ આવરણ નહિ દેખાય તે ઉપર ગોપાળાનંદ સ્વામીએ દેહ મૂક્યો ત્યારે કહ્યું જે સર્વે સંત જમીને આવ્યા ? ત્યારે કહ્યું જે હા ત્યારે સ્વામીને મહારાજનાં દર્શન થયાં ને શરીર રોમાંચિત ગાત્ર થઈને સર્વે ઈંદ્રિયોની વૃત્તિયું ઊંડી જાણપણામાં ઉતરી ગયું ને દેહ મૂક્યો અને પ્રથમ કહી તેવી સ્થિતિવાળા જ્યારે દેહ મૂકે ત્યારે ભગવાનનાં દર્શન થાય ને નેત્ર આદિક સર્વે ઈંદ્રિયોની વૃત્તિયું બાહેર જણાય ને દેહ મૂકે છે. ॥૬॥

વચનામૃતની કથા વંચાવતાં પોતાના ત્રણ મનસૂબાની વાત કરી તેમાં બે મનસૂબા તો શ્રીજીમહારાજે પુરા કર્યા ને એક બાકી રહ્યો તે મહારાજ પૂરો કરે તો બહુ સારું તે મનસૂબો શું ? જે (૧) મહારાજ ડભાણના બ્રાહ્મણ પાસે કથા કરાવતા હતા તે મહારાજ તેને પૂછે ને વાત કરે ને તે બ્રાહ્મણ મહારાજને પૂછે તેને જોઈને એમ મનસૂબો થયો જે મહારાજની આગળ કથા કરીએ ને પૂછીએ ને મહારાજ મને પૂછે તે મનસૂબો તો સારી પેઠે પુરો કર્યો જે મહારાજ આ લોકમાં જે કામ સારુ આવ્યા તે કામની સર્વે વાત મને કહી ને મેં મહારાજને પૂછી જે સંપ્રદાય પ્રવર્તાવ્યાની રીતિ, તથા બહુ ઝાઝા જીવ કલ્યાણને માર્ગે ચાલે તથા થોડે દાખડે બહુ જીવ અક્ષરધામને પામ્યાની રીતિ તથા ગ્રંથ કરવાની રીતિ, તથા અનેક પ્રકારનાં પ્રકરણ ફેરવ્યાં તેના ખરડા મારી પાસે લખાવ્યા, તથા એકવાર મને તાવ આવ્યો ને મહારાજને કાગળ લખાવવો હતો પણ લખનાર કોઈ નહિ. તે મનુષ્ય એકવાર તેડવા મોકલ્યું ને બીજીવાર મોકલ્યું ત્યારે મેં કહ્યું જે તાવ આવ્યો છે તોપણ મહારાજ





કહે તેડી લાવો તે હું માંડ માંડ ગયો ત્યારે કહે આંઈ સુવો ત્યારે હું સુઈ ગયો તે મહારાજ મારા સામું એક ઘડી જોઈ રહ્યા તે દહાડાથી એવો તાવ આવ્યો નથી અને મહારાજ કહેતા જે શુકમુનિ તો અમારા હાથ છે એ પ્રકારે અનેક રીતે મહારાજ રાજી થયા ને મનસૂબો પૂરો કર્યો. (૨) મુક્તાનંદ સ્વામી આદિક સાધુને જોઈ એમ મનસૂબો થાય જે આપણે સાધુ થાઈએ તો બહુ સારું તે મહારાજે સાધુ કર્યો ને મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી એ આદિક સર્વે રાજી થયા એ મનસૂબો મહારાજે પૂરો કર્યો. (૩) અને હવે ત્રીજો મનસૂબો બાકી રહ્યો તે મહારાજ પૂરો કરે તો બહુ સારું તે શું ? તો દેહ મૂકવા પહેલાં એક વર્ષ કે છ મહિના સુધી સારી પેઠે મંદવાડ આવે તો બહુ સારું તે શા સારું જે મંદવાડે કરીને જીવ નિરવાસનિક થાય છે તેવો બીજે સાધને કરીને નથી થાતો. એક વિષયમાં રાગ ને દેહમાં આસક્તિ ને શુભવાસના એ ત્રણે મંદવાડે કરીને નાશ પામે છે તે કહીએ છીએ જે પ્રથમ વિષયમાંથી આસક્તિ મંદવાડે કરીને જ ટળે છે જે, આ સારા સાધુ કોઈ વિષયને ગ્રહણ કરતા જ નથી ને સારું મિષ્ટ ભોજન જમતા જ નથી તો પણ જમવાનું સારું ભોજન હોય તો બે ચાર ગ્રાસ વધુ જરૂર જમાય ખરું ને તાવ આવ્યો હોય તો અન્નનું નામ લેતો ઉલટી થાય અને જ્યારે મને તાવ આવે ત્યારે અર્ધશેર કે પાશેર અન્ન જમાય ખરું ને હમણાં મંદવાડ આવ્યો તે અન્ન તો દીઠું જ ગમે નહિ ને કોઈ પદાર્થ સારું લાગે જ નહિ ને મુક્તાનંદ સ્વામીને મંદવાડ આવ્યો ત્યારે તો મહારાજના થાળની પ્રસાદી લેવાનો મનસૂબો જ થાય નહિ એક ભાતનો દાણો લેવાય એવી અરુચિ મંદવાડે કરીને થાય છે એવી રીતે વિષય જીત્યાની વાત કહી. ॥૭॥

દેહમાંથી આસક્તિ મંદવાડે કરીને ટળી જાય છે તે કહીએ જે, મુક્તાનંદસ્વામી આદિક મોટા મોટા સાધુને કોઈ વાસના નથી પણ લગારેક દેહમાં હેત છે તે મંદવાડે કરીને ટળી જાય છે તે જોતાં એમ થાય છે જે સર્વેને દેહમાંથી હેત ભારે મંદવાડે કરીને તુટે છે તે કેમ જે મંદવાડે કરીને દેહ ગંધાઈ ઊઠે ને મળમૂત્ર તેણે કરીને સામું જોવાય નહિ ને દિશા વારેવારે જાવું પડે ને ઉલટી થાય ને સૂળ આવે ને તે મંદવાડે કરીને બહુ દુઃખ થાય ત્યારે એમ થાય જે આ પાપરૂપ દેહ પડે

તો બહુ સારું થાય ત્યારે દેહમાંથી આસક્તિ ટળી જાય છે. ॥૮॥

શુભવાસના તે પણ મંદવાડે કરીને ટળે છે તે શુભવાસનાને કહીએ તેને સાંભળો જે, મુક્તાનંદસ્વામીને શુભ વાસના હતી ને ક્ષય રોગ થયો તો પણ દેહ રહ્યો ને એમને એવી શુભવાસના હતી જે શ્રીજીમહારાજ આ લોકમાં રહે ત્યાં લગી મારો દેહ રહે તો મહારાજનાં ચરિત્ર સર્વે જોવામાં આવે તે એવી વાસના હતી તે સારું મહારાજે દેહ રાખ્યો, નહિ તો ક્ષયવાળાનો દેહ રહે જ નહિ. ને ક્ષય રોગ થયા પછી આઠ વર્ષ સુધી સ્વામીનો દેહ રહ્યો તે શુભ વાસનાને બળે કરીને રહ્યો અને સ્વામીની બીજી વાર્તા કહીએ છીએ જે મુક્તાનંદ સ્વામીને દેહ મૂકવા આડા ત્રણ દિવસ રહ્યા ત્યારે કહે હવે મંદવાડ કશો નથી હવે તો સાજા થયા તે ગાડી ઉપર બેસીને દેશમાં ફરશું ને મોટાં મોટાં શહેરોમાં વાતો કરીને આચાર્યજી મહારાજની પધરામણી કરાવશું ને ઉદ્ધવ સંપ્રદાયની પ્રતિષ્ઠા કરશું, ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે સ્વામી હું તમારો શિષ્ય છું તે તમારો મનસૂબો પૂરો કરીશ. પછી નિત્યાનંદ સ્વામીને માથે હાથ મૂકીને બરડો થાબડ્યો ને પછી સ્વામીએ દેહ મૂક્યો એવી રીતે વિષય ને દેહમાં હેત ને શુભવાસના તે મંદવાડે કરીને ટળે છે. ત્યારે મુનિએ કહ્યું જે મોટાને મંદવાડ આવે તે તો ઠીક પણ ગરીબને તો તત્કાલ દેહ પડી જાય તો ઠીક ત્યારે કહ્યું જે કાંઈ જોઈયે જ નહિ એવો વિચાર કરવો જેમ નિષ્કુળાનંદ સ્વામીએ પોતાને કહ્યું જે પૂર્વને પાપે કરીને દુઃખી થાય છે ને વળી ભગવાનના ભક્તનો અવગુણ લઈશ તો તેનો ક્યાં છુટકો થાશે ? ॥૯॥

સંત કિર્તન બોલ્યા પછી તે ઉપર વાત કરી જે આ દેહે કરીને ધર્મ ન સધાણો, જ્ઞાન ન સધાણું, વૈરાગ્ય ન સધાણો, મહિમાએ સહિત ભક્તિ ન સધાણી ઉપાસના ન સધાણી ને અનેક જીવનાં કલ્યાણ કરવા સારું શ્રીજીમહારાજે મંદિરો કર્યાં છે તેની સેવા આ દેહે કરીને ન થઈ તો એ દેહ કેવું છે તો વરોલ ગાયની સેવા કર્યા જેવું જાણવું કેમ જે દૂધ તો મળે નહિ ને છાણ મૂત્ર વાળવું પડે. ॥૧૦॥

સવારમાં વાત કરી જે જગતમાં એમ કહે છે જે આ મનુષ્યનું કમળ કર્યું છે તે કમળ હૃદયને વિષે ઊંધું રહ્યું છે તે સવળું થાય છે અને તે કમળ





ફરે ત્યારે તો અવળી સમજણ હોય તે સવળી સમજણ થાય છે એ એનું કમળ ફર્યું કહેવાય છે. તે શું તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ઉપાસના, ઐશ્વર્ય, ગુણ, વિભૂતિ એને શીખવાનો અભ્યાસ કરે તે જ્યારે સિદ્ધ થાય છે ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે અને જ્યારે એ ગુણ સિદ્ધ થાય છે ત્યારે અધર્મ સર્ગનો દોષ કોઈએ હૃદયમાં રહે જ નહિ અને જગતના સુખનો, વિષયના સુખનો, દેહના સુખનો, હૃદયમાં ક્યારેય અંકુર ઊઠે જ નહિ ને એ સુખમાં તો અપાર દુઃખ જણાયા કરે છે અને એક ભગવાનનું જ સુખ અંતઃકરણમાં ફુવારાની પેઠે સ્ફુર્યા કરે એ એનું કમળ ફર્યું કહેવાય છે. ॥૧૧॥

પછી રહસ્યનું વચનામૃત વંચાવ્યું તે ઉપર સ્વામીએ વાત કરી જે, જેમ નદિયો સમુદ્રને વિષે લીન થઈ જાય છે ને સતીને પતંગ જેમ અગ્નિને વિષે બળી જાય છે ને જેમ શુરો રણને વિષે ટુકટુક થઈ જાય છે તેમ પોતાના આત્માને અક્ષર બ્રહ્મ સંઘાથે એક રસ લીન કરી નાખે ત્યારે અક્ષરના ગુણ આત્માને વિષે આવે છે ને તે અક્ષરને વિષે અનંત કોટી બ્રહ્માંડ પરમાણું સરખાં જણાય છે **એવા એ અક્ષર મોટા છે** ને એ અક્ષર ભગવાનનો અલૌકિક અપાર મહિમા સમજે છે ને સદા નિર્વિકાર છે, સદા નિર્લેપ છે, અતિશુદ્ધ છે, અતિ સુખરૂપ છે, અતિ અસંગિ છે; નિર્ગુણ છે, શાંત છે, શ્રીહરિજીને વિષે અતિશે પ્રીતિયે યુક્ત છે શ્રીહરિજીના સ્વરૂપને વિષે સ્થિર થઈને રહ્યા છે સદા નિર્દોષ છે ને શ્રીહરિજીની યથાર્થ મરજી ને જાણે છે ને તે જ પ્રમાણે યથાર્થ વર્તે છે ને તે શ્રીહરિજીની જેવી મરજી છે તે જ પ્રમાણે સ્વભાવે યુક્ત છે ને શ્રીહરિજીની સેવામાં અખંડ રહ્યા છે ને શ્રીહરિજીના અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા છે ને અતિ ઉત્તમ નિર્વિકલ્પ સ્થિતિવાળા છે ને માયાના આવરણે રહિત છે એવા અનંત અક્ષરને વિષે ગુણ છે તે **આત્માને વિષે આવે છે** ત્યારે અનંતકોટી બ્રહ્માંડ પરમાણુંવત થઈ જાય છે ત્યારે આ લોકનાં સુખ પરમાણુંવત થઈ જાય એમાં શું કહેવું ? એ તો થાય જ અને એવો મહત્ ગુણ આવે ત્યારે કોઈ લોકાંતરના સુખ નજરમાં આવે જ નહિ અને ગમે તેવા ઉત્તમ વિષય પ્રાપ્ત થાય તો પણ એમાં માલ મનાય જ નહિ એવી જીવમાં મહત્ સમજણ આવે તો એ ભગવાનને રહેવાનું પાત્ર થયો ને એના હૃદયમાં ભગવાન અખંડ રહે

છે. એ વચનામૃતનો આ ભાવ છે. માટે અક્ષરબ્રહ્મ સંઘાથે પોતાના આત્માને એક કરીને તેને વિષે અંતરદ્રષ્ટિ કરીને શ્રીહરિજીની મૂર્તિને જોયા કરવું અને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો ત્યાં રહીને અંતરદ્રષ્ટિ કરીને શ્રીહરિજીનું ધ્યાન ભજન કરવું ને નિરંતર એવું અનુસંધાન રાખવું જે હું અક્ષરબ્રહ્મ છું ને મારે વિષે શ્રીહરિજી અખંડ રહ્યા છે એ અંતર દ્રષ્ટિ મૂકવી જ નહિ, શા માટે જે અંતર દ્રષ્ટિવાળાની સમજણમાં એ ગુણ છે જે ભગવાનનું સમીપપણું રહે છે ને બુદ્ધિ સુક્ષ્મ થાય છે ને અહં ગ્રંથિ ગળે છે ને દોષને ઓળખે છે ને તે દોષને ટાળી નાખે છે ને ઉત્તમ વિષયની પ્રાપ્તિ થાય તો પણ લેવાય નહિ ને એકાંતિકને ઓળખે છે ને ભગવાનની મરજીને જાણે છે એ અંતરદ્રષ્ટિવાળાની સમજણમાં ગુણ છે. ને બાહ્ય દ્રષ્ટિવાળાની સમજણમાં એ દોષ છે જે ભગવાનને છેટે સમજે છે ને બુદ્ધિમાં સ્થુલતા રહે છે તેણે કરીને એકાંતિક ધર્મ સમજાય નહિ ને અહંગ્રંથિ વૃદ્ધિને પામે છે તેણે કરીને દોષને ઓળખે નહિ ને તે દોષ તત્કાળ ટળે પણ નહિ, ને દેશકાળે કરીને વિષયને વિષે ચોંટી જાય છે ને એકાંતિક ભક્તને તત્કાળ ઓળખે નહિ ને ભગવાનની મરજીને તત્કાળ જાણી શકે નહિ એ બાહ્ય દ્રષ્ટિવાળાની સમજણમાં દોષ છે. ॥૧૨॥

સારંગપુરના ૧૪ના વચનામૃતમાં પ્રમાદ ને મોહની વાત આવી ત્યારે સંતે પૂછ્યું જે એકાંતિક ભક્તિમાં પ્રમાદ ને મોહ કાંઈ અંતરાય કરે કે નથી કરતા ? ઉત્તર જે, જેને પ્રમાદ ને મોહ હોય તેને એકાંતિક ધર્મ તો આવે જ નહિ કાંજે એની સમજણ જ અવળી હોય તે શું ? તો મોટા એકાંતિક સાધુ હોય તેને ન્યુન સમજે ને ન્યુન હોય તેને એકાંતિક સમજે એટલે એને એકાંતિકપણું આવે જ નહિ કેમ જે એકાંતિક ધર્મ આવવાનો દ્વાર બંધ થાય છે તે એવો જેને મોહ હોય તેમની સમજણ જ વિપરીત હોય છે તે શું તો પુરુષોત્તમને અવતાર જેવા જાણે ને અવતારને પુરુષોત્તમ જેવા જાણે ને એકાંતિક ધર્મને સાધારણ ધર્મ જેવો જાણે ને સાધારણ ધર્મને એકાંતિક ધર્મ જેવો જાણે ને જગત મિથ્યા છે તેને સત્ય જાણે ને ભગવાન સત્ય છે તેને સત્ય ન જાણે ને જીવાત્મા સત્ય છે તેને અસત્ય જાણે ને દેહ મિથ્યા છે તેને સત્ય જાણે એવો એ મોહ છે તે કોઈ રીતે





ટળે એવો નથી તે ભગવાને મહા દાખડે કરીને અઢાર અધ્યાય ગીતાનું જ્ઞાન કર્યું ત્યારે અર્જુનને સમજાણું ત્યારે બોલ્યા જે "[1]**नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाऽच्युत ! ॥ स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव**" ત્યારે અર્જુનને મોહ ટળ્યો ને સ્મૃતિ વૃદ્ધિને પામી અને ઉદ્ધવજીને એકાદશ સ્કંધના અઠ્ઠાવીશ અધ્યાય સુધી ભગવાને જ્ઞાન કર્યું ત્યારે ઉદ્ધવજી બોલ્યા જે, (શ્લોકઃ) "[2]**विद्रावितो मोहमहांधकारो य आश्रितो मे तव सन्निधानात्**' હે મહારાજ ! મારો મોહ રૂપ અંધકાર હવે નાશ પામ્યો હવે જેમ કહો તેમ કરું. અને પ્રમાદ શું જે કરવાનું ન કરવું ને ન કરવાનું કરવું, તે શું જે એકાંતિક ધર્મ શીખવો તે કરવાનું છે તે ન કરાય ને બીજું નથી કરવાનું તે કરે છે. ચાર પહોર તુંબડાં ઘસે ને ભગવાનનું ધ્યાન એક ઘડીયે પણ ન થાય ને આ દેહને ઘસ ભૂસ કરવું હોય તો થાકે નહિ ને ભગવાનના ગુણ ગાવા હોય તો થાકી જાય છે ને બીજી ક્રિયા કરતાં થાકે કે કાય નહિ ને ભગવાનનું ધ્યાન કરવું હોય તો થાકી જાય છે એમ એ પ્રમાદને જાણવો. ને આળસ એ જે ભગવાનની ભક્તિ ન કરવી ને કેવળ ખાઈને સુઈ રહેવું. ને એ મોહ, પ્રમાદ આળસ એ ત્રણે ભગવાનની એકાંતિક ભક્તિને વિષે મોટા અંતરાયરૂપ છે એમ જાણીને ત્યાગ કરવા. ॥૧૩॥

પછી શયન આરતી થયા કેડે વચનામૃત વંચાઈ રહ્યાં ને કિર્તન, સ્વાભાવિક ચેષ્ટાને બોલી રહ્યા પછી એકલીયાં કિર્તન બોલીને સ્વામીને પૂછ્યું જે આ કિર્તનનું ચરણ સમજાતું નથી જે "**મન ભેદી તનડામાં ન ટકી આવી દેખાણી બારીરે**" એ ચરણ ઉપર સ્વામીએ વાત કરી જે અતિશે ભગવાનના પ્રેમી ભક્તને ભગવાનનું દર્શન થાય છે ત્યારે મન ભેદાઈ જાય છે જેમ કામી પુરુષને મનગમતી સ્ત્રી મળે ને મન ભેદાઈ જાય છે ને જેમ અતિશે લોભીને

---

૧. **અર્થઃ—** હે ભગવન્ ! આપની કૃપાથી મારું વિપરીત જ્ઞાન નાશ પામ્યું છે, અને યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થયું છે. હવે હું નિઃસંદેહ અને સ્વસ્થ થયો છું માટે આપના વચનનું આપ કહેશો તેમ પાલન કરીશ. (ગી. અ. ૧૮-૭૩)

૨. **અર્થઃ—** ઉદ્ધવ કહે છેઃ હે ભગવન્ ! મેં જે મોહરૂપી મહા અંધકારનો આશ્રય કર્યો હતો, તે મહા મોહરૂપી અંધકારને તમારા સમાગમથી નસાડી મૂક્યો છે ! (ભા. એ. અ. ૨૯-૩૭)

ધન મળે ને મન ભેદાઈ જાય છે અને તનડામાં ન ટકી તે શું જે તેની તે મૂર્તિ જીવમાં પ્રવેશ કરી જાય અને તેની તે મૂર્તિ આગળ દેખાય છે અને એ પ્રેમી ભક્તને ભગવાન એવી રીતે દર્શન દે ત્યારે એ ભક્તની વૃત્તિ ભગવાનને વિષે ચોંટી જાય છે તે ભક્તને ભગવાન વિના ક્ષણમાત્ર રહેવાય નહિ ને ભગવાનનો વિયોગ થાય તો વિરહે કરીને રહી શકે નહિ જેમ માછલું જળ વિનાનું રહી શકે નહિ તેમ તે ભક્ત પણ ભગવાન વિના રહી શકે જ નહિ ને ભગવાનનો વિયોગ થાય તો બહુ જ દુઃખ થાય ને રહેવાય પણ નહિ ને જ્ઞાની ભક્તને વિયોગે કરી દુઃખ તો થાય પણ બહુ ન થાય ને એ તો જ્ઞાને કરીને એમ જાણે છે-જે મારા જીવાત્મામાં ભગવાન અખંડ રહ્યા છે ને પ્રેમી ભક્તને વિક્ષેપે કરીને દુઃખ થાય છે તેને જ્ઞાન શીખ્યું જોઈએ અને જ્ઞાની ભક્તે વિચારે કરીને સર્વ પદાર્થમાંથી મન લુખું કરી નાંખ્યું હોય તે પ્રેમી ભક્તની પેઠે ભગવાનમાં ચોટાય નહિ તેને પ્રેમ શીખ્યો જોઈએ કેમ જે પ્રેમે કરીને ભગવાનને વિષે ચોટાય છે અને જ્ઞાની ભક્તને એક વાત સુગમ છે ને પ્રેમી ભક્તને એક વાત બહુ જ કઠણ છે તે શું ? તો જ્ઞાની ભક્ત તો ભગવાનનું ધ્યાન જીવાત્મામાં કરે છે. તે એને પ્રથમ કારણ શરીરનો નાશ થાય છે તે કારણ શરીર મહાકઠણ છે તે જ્ઞાની ભક્તને પ્રથમ ટળે છે અને પછી સૂક્ષ્મ ને સ્થૂલ ટાળવું લગારે કઠણ પડતું નથી તે એ જ્ઞાની ભક્તને સુગમ છે ને પ્રેમી ભક્ત તો ભગવાનનું ધ્યાન બાહ્ય, દ્રષ્ટિને આગળ કરે છે તે પ્રથમ સ્થૂલ ને પછી સૂક્ષ્મ ને પછી કારણ દેહ ટળે છે તે એ પ્રેમી ભક્તને તો ત્રણ દેહ ટાળવા કઠણ છે તે પ્રથમ સ્થૂલ ટાળવું કઠણ છે એથી સૂક્ષ્મ મહાકઠણ છે ને તેથી કારણ તો બહુ જ કઠણ છે. ॥૧૪॥

એક સંતે કહ્યું જે શાસ્ત્ર કાળે કરીને સમજાય છે તે મોરે મને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે તું ગીતા ભણ ત્યારે મેં ગીતા ભણવા માંડી તે કેવળ વાંચી જાઉં પણ કાંઈ સમજાય નહિ ને હવે વાંચું છું ત્યારે અક્ષરે અક્ષર સમજાય છે તે એમ જણાય છે જે શાસ્ત્ર કાળે કરીને સમજાય છે ત્યારે શુકસ્વામીએ કહ્યું જે હા શાસ્ત્ર કાળે કરીને જ સમજાય છે તે ઉપર વાત કરી જે મહારાજ વાતો કરતા તે અમે સાંભળીને અંતરમાં ઉતારીને વચનામૃત અમે લખ્યાં ને શોધ્યાં





ને વાંચ્યાં પણ કાંઈ સમજાણું નહિ અને પછી ગોપાળાનંદ સ્વામીએ વચનામૃતમાંથી વાતો સમજાવીને કહ્યું જે આવી વાત તો કોઈ શાસ્ત્રમાં નથી તે ધર્મની, જ્ઞાનની, વૈરાગ્યની, ભગવાનના મહિમાની, ઉપાસનાની, જીવની, ઈશ્વરની, માયાની, અન્વયની, અને વ્યતિરેકની એવી અનંત વાતો વચનામૃતમાંથી કરીને કહ્યું જે મહારાજે વાતો કરી છે તેવી તો કોઈ શાસ્ત્રમાં નથી ત્યારે વચનામૃતની વાત સમજાણી અને એ વાત અમે લખી હતી પણ એવી સમજાતી નહિ તે શાસ્ત્ર કાળે કરીને સમજાય છે તે પણ મોટાનો વિશ્વાસ હોય ને અંતર દ્રષ્ટિ હોય તો એને તુરત સમજાય છે. ॥૧૫॥

ત્યારે સંતે પૂછ્યું જે અંતર દ્રષ્ટિ રાખવી ને બાહ્ય દ્રષ્ટિ રાખવી તે શું છે? ઉત્તર જે, ક્રિયા કરવી તે વિચાર કરીને દેહ ઈંદ્રિયાદિકથી જુદા પડીને હું તો એનો જાણનારો છું એમ જુદા પડીને સર્વે ક્રિયા કરવી પણ કોઈ ક્રિયામાં એ વિચાર ભૂલીને દેહ ઈંદ્રિયોરૂપ થઈને કરવી જ નહિ ત્યારે સંતે કહ્યું જે, ભાઈસ્વામી એક વાત કરતા જે મહારાજે પ્રકરણ ફેરવ્યું ત્યારે કહ્યું જે, જે ક્રિયા કરવી તે ઉત્થાન ઓળખીને કરવી પણ સંકલ્પ ભેળા ભળવું નહિ. એમ ઉત્થાન ઓળખીને જાણપણામાં રહીને સર્વે ક્રિયા કરે એજ અંતરદ્રષ્ટિની બારાખડી છે. ॥૧૬॥

એકાદશીને દિવસ આ કિર્તન સાંભળ્યાં જે ‘‘**સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઉંચે સાદે ગાય, સાંભળીને યમદૂત તેને દૂરથી લાગે પાય**’’ એ કિર્તન સાંભળીને સંતે પૂછ્યું જે એ કિર્તન કુસંગી લોક ગાય તો યમદૂત છેટે રહે કે ન રહે ? ઉત્તર જે સ્વામિનારાયણ કહેવું એ મહામંત્ર છે તે શું ? તો સત્સંગી ગાતા હોય કે કુસંગી ગાતા હોય પણ યમના દૂત તો છેટે રહે છે એવો એ નામનો પ્રતાપ છે. માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, નાતાં, ધોતાં, બેસતાં, ઉઠતાં, એ આદિક સર્વે ક્રિયા કરતાં થકાં સદા એ મંત્રનો જપ કરવો ને એમ જે મંત્રનો જપ કરે છે તેની સામું શ્રીજીમહારાજ જોઈ રહ્યા છે. અને વળી એમ વાત કરી જે કથા, વાર્તા, ભજન, સ્મરણ, એ આદિક જે જે ક્રિયા કરીએ છીએ તે સર્વેને શ્રીજીમહારાજ જોઈ રહ્યા છે ને અક્ષરધામના મુક્ત તથા ગોપાળાનંદ સ્વામીને આગળ મહારાજ વાત કરે છે જે એ બહુ સારું

કરે છે ને આપણા ઉપર બહુ રાજી થાય છે ને એકાદશીનો ઉપવાસ કરે છે ને બાર વાગ્યા લગણ જાગરણ કરી કથા, વાર્તા, કિર્તન કરે છે. તે બહુ સારું કરે છે એમ શ્રીજીમહારાજ અક્ષરના મુક્તને કહે છે ને આપણ સર્વે સામું જોઈ રહ્યા છે. ॥૧૭॥

ગઢડે શ્રીજીમહારાજ સભામાં વાતો કરીને પછી પોઢવા જાતા ત્યારે મનુષ્યને મોકલીને ખબર કઢાવતા જે કોણ કોણ વાતોનું મનન કરે છે ને કોણ ભજન, સ્મરણ, ને કિર્તન ગાય છે અને જે વાતોનું મનન કરતા ને કિર્તનાદિક કરતા તેના ઉપર બહુ રાજી થાતા અને આજ પણ જે જે ભજન, સ્મરણ, કથા, કિર્તન, વાર્તા, નામ-સ્મરણ, વચનામૃત, હરિસ્મૃતિ એ કંઠે કરીને બોલે છે ને રાતે ઊઠીને ભગવાનનું ધ્યાન કરે છે ને ઉંચે સાદે સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ લે છે તે સર્વેને શ્રીજીમહારાજ સાંભળે છે ને સર્વના સામું જોઈ રહ્યા છે ને બહુ રાજી થાય છે જે આ બહુ સારું કરે છે એમ સર્વે મુક્તને ને ગોપાળાનંદ સ્વામીને કહે છે ને સ્વામી પણ રાજી થાય છે. ॥૧૮॥

એકવાર વિજયાત્માનંદ સ્વામી ભજન કરતા હતા જે હે સ્વામિનારાયણ! હે સ્વામિનારાયણ ! ત્યારે મહારાજ કહે શું કહો છો ? એમ જે સ્વામિનારાયણ કહે છે તેને મહારાજ જાણે છે જે આ ભક્ત મને સાદ કરે છે. ॥૧૯॥

એક વાર શ્રીજીમહારાજ ગઢડેથી ચાલ્યા તે કારીયાણી આવ્યા તે વસ્તાખાચરને મનસૂબો થયો જે મહારાજ ક્યાં ઉતરશે મેમાન છે એમ મનસૂબાને મહારાજ અંતર્યામીપણે જાણીને કટ લઈને ચાલી નીકળ્યા પછી તો બહુ તાણ કરી પણ રહ્યા નહિ ને રાત દોઢ પહોર ગઈ ત્યારે ગામ કુંડળને પાદર ચાલ્યા જતા હતા અને તે સમે મામૈયા પટગર સુતા ઊઠીને ઉંચે સાદે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરતા હતા તે સાંભળીને મહારાજ કટ વળીને ગયા પછી મામૈયા પટગરે કહ્યું છે અહો ! અહો ! મહારાજ ક્યાંથી આવ્યા ? ત્યારે શ્રીજીમહારાજ કહે તમે સાદ કર્યો તે અમે આંહી આવ્યા પછી તો શ્રીજીમહારાજે મામૈયા પટગરને કહ્યું જે તમે સ્વામિનારાયણ એમ સાદ કર્યા તે સાંભળીને અમે આંહી આવ્યા નહિ તો અમારે ચાલ્યા જવા હતા એમ કહીને મામૈયા પટગર ઉપર બહુ રાજી થયા. ॥૨૦॥





સંત નૃસિંહાનંદ સ્વામીએ વાત કહી દેખાડી જે કોઈ હરિભક્તે પૂછ્યું જે ધન તો વર્યામાં કામ આવે છે ને સ્વાદ તો જમીએ છીએ ત્યારે સારું લાગે છે ને શરીરમાં સુખ થાય છે અને માન તો જ્યાં જાઈએ ત્યાં મોટા માણસ આદરભાવ કરે છે ને સન્માન કરે છે તે સારું લાગે છે. પણ આ સ્નેહ તે શું કામમાં આવે છે તે જ્યાં ત્યાં હેત થઈ જાય છે ? ઉત્તર જે, એ ત્રણ દેવનો મોહ છે તેણે કરીને જ્યાં ત્યાં જીવ ચોંટી જાય છે, અને તેમાં બ્રહ્માનો મોહ શું છે ? તો સ્ત્રીને સંતાન જન્મે ત્યારે મૂર્છા જેવું થઈ જાય છે તો પણ તે દુઃખને ભૂલી જઈને વળી પાછી તેજ માર્ગે ચાલે છે ને સ્ત્રીને પુરુષને વિષે હેત થાય છે ને પુરુષને સ્ત્રીને વિષે હેત થાય છે. અને વિષ્ણુનો મોહ શું ? તો જીવ પ્રાણી માત્રને પોતાની પ્રજાનું ભરણપોષણ કરવું તેમાં અનેક પ્રકારનાં દુઃખ આવે છે તો પણ સહન કર્યા કરે છે. અને શિવનો મોહ તે શું ? તો મૃત્યુકાળ આવે ત્યારે ડચકાં આવે જીભ ઝલાઈ જાય ને બોલાય નહિ તો પણ એમ જાણે જે હું જીવીશ અને ચાકરીના કરનારા પણ એમ જાણે જે હજી જીવશે તેમજ મરનારાને આશા ન ટળે અને ચાકરીના કરનારાને પણ આશા ટળે નહિ. એમ ત્રણે દેવના મોહે કરીને જ્યાં ત્યાં હેત થઈ જાય છે તે મોહ ક્યારે ટળે ? તો જ્યારે ત્રણ ગુણ ને ત્રણ દેહ ને ત્રણ અવસ્થાથી જીવાત્માને નોખો સમજીને અક્ષરરૂપ થઈને પુરુષોત્તમનું ધ્યાન, ઉપાસના, કરે પણ તેમાં કંટાળે નહિ ને આજ્ઞા પ્રમાણે વર્તે તો એ ત્રણે દેવનો મોહ ટળી જાય છે. ॥૨૧॥

બપોરે છેલ્લા પ્રકરણનું ૩૩મું વચનામૃત વંચાવ્યું તેમાં સ્ત્રી, ધન, દેહાભિમાન, અને સ્વભાવની વાર્તા આવી તે વાત સાંભળીને હરિભક્તે પૂછ્યું જે સ્વભાવ તે ક્યાં રહે છે ? ઉત્તર જે, સ્વભાવ તો કારણ દેહમાં રહે છે ને કારણ દેહ તો અવ્યક્ત ને વાસનામય છે તે કોઈને જાણ્યામાં જ આવતું નથી. જેમ અતિશે ઝીણું બીજ હોય તે જણાતું નથી તો વૃક્ષનાં ડાળાં, પાંદડાં જણાય જ ક્યાં ? તેમ કારણ દેહ દેખ્યામાં આવતું નથી તો સ્વભાવ ક્યાંથી ઓળખ્યામાં આવે ને ટળે પણ શાનો અને તે કારણ શરીર ને સ્વભાવ તો ટાળવા મહા કઠણ

છે તે જેમ કાળમિંઢ પથ્થરનો મહાકઠણ પર્વત હોય ને તેમાં કાપીને સડક કાઢવી હોય તે બહુ કઠણ છે તે તો મહા દાખડો કરે ત્યારે માંડ માંડ નિસરે તેમ કારણ શરીર ને સ્વભાવ ટાળવા મહા કઠણ છે. ને જેમ કાઠિયાવાડમાં મહા કઠણ પત્થરામાં કૂવો કરવો હોય તો અતિશે દાખડે કરીને થાય છે તેમ કારણ શરીર ટાળવું મહા કઠણ છે તે જો મોટા સંતનો સંગ થાય ને તેની વાતો સાંભળતાં સાંભળતાં બહુ જ્ઞાનાભ્યાસ થાય ને પછી જીવમાંથી જ્ઞાનાગ્નિ પ્રગટે તો કારણ શરીરને બાળી નાખે છે તે ઉપર હરિભક્ત શ્લોક બોલ્યા ત્યારે સ્વામીએ કહ્યું જે એ શ્લોક નહિ આમાં કહ્યું છે જે જ્ઞાન રૂપ અગ્નિએ કરીને કારણ શરીર બળે છે જેમ કાષ્ટમાંથી મથવે કરીને થયો જે અગ્નિ તે કાષ્ટને બાળે છે તેમ ત્રણ અવસ્થા ને ત્રણ ગુણ ને ત્રણ શરીરથી પર જે શુદ્ધ જીવાત્માને સંતને શબ્દે કરીને થયો જે જ્ઞાનરૂપ અગ્નિ તેણે કરીને કારણ શરીર શેકાઈને બળી જાય છે ત્યારે કારણ શરીર છે તે સુક્ષ્મ શરીર અને સ્થૂળ શરીરને ધરાવે એવું રહેતું નથી જેમ ઘઉં, ડાંગર, ખાંડીએ એટલે ઉગે નહિ બીજા અન્નાદિકને લગાર લગાર શેકીએ એટલે ઉગે નહિ ને રાજગરાને હાથે કરીને ચોળીએ એટલે એનું લગારેક નાકું ઘસાઈ જાય એટલે ઉગે નહિ તેમ જ્ઞાને કરીને કારણ શરીર ઘસાઈ જાય છે પણ જ્ઞાનાગ્નિ જીવમાંથી પ્રગટ થયા વિના કારણ શરીરને બાળવાનો બીજો ઉપાય નથી. વળી હરિભક્તે કહ્યું જે મોટા સાધુનો નિરંતર સમાગમ રહે તો જ્ઞાનાભ્યાસ થાય છે તે તો નિરંતર રહે એમ જણાતું નથી ત્યારે સ્વામીએ કહ્યું જે પ્રથમ એને મોટા સાધુને સમાગમે કરીને સમજણની લટક જીવમાં બેઠી હોય તો નિરંતર મોટા સાધુનો જોગ ન હોય તો પણ જ્ઞાનાભ્યાસ થાય છે પણ એવી સમજણની લટક જીવમાં બેઠી જોઈએ જુઓને એકલવ્ય ભીલને કોઈ ધનુર્વિદ્યા ભણાવે એવો જોગ નહોતો પણ શબ્દવેધી થયો ને એક બ્રાહ્મણ સત્સંગી હતો તે ચીન ગયો ત્યાં નરા મુસલમાનની વસ્તી હતી ને દારૂ માંસના ખાનારા ભેળો રહ્યો પણ સત્સંગીના ધર્મ, નિયમ, એવા ને એવા રાખ્યા તો જુઓ એને સંતનો ને સત્સંગનો જોગ નહોતો તો પણ સત્સંગ રાખ્યો તે એને સમજણની લટક જીવમાં ઠાવકી બેઠી હતી તેમ જેને





જ્ઞાનાભ્યાસની લટક જીવમાં ઠાવકી બેઠી હોય તો મોટા સંતનો સમાગમ ન હોય તો પણ જ્ઞાનાભ્યાસે કરીને કારણ શરીરને બાળી નાખે છે તે ઉપર **કાઠિયાવાડનો ચારણ માલવે ગયો હતો તેનું દ્રષ્ટાંત દીધું.** ॥૨૨॥

સ્વામી બોલ્યા જે કાલ્ય રાતે બહુ સારી વાત કરી જે, શ્રીજીમહારાજ પોઢવા જતા ત્યારે ખબર કઢાવતા જે કોણ કોણ વાતોનું મનન કરે છે ને કોણ કોણ ભજન, સ્મરણ, કથા, વાર્તા, કીર્તન કરે છે ને જે જે કરતા તેને જોઈને બહુ રાજી થાતા તેમ આપણે ભજન, સ્મરણ, જે જે કરીએ છીએ તે શ્રીજીમહારાજ જોઈ રહ્યા છે જેમ આપણા હાથમાં જળનું ટીપું હોય ને જાણીએ છીએ તેમ આપણે જે જે ક્રિયા કરીએ છીએ તેને શ્રીજીમહારાજ જોઈ રહ્યા છે ત્યારે હરિભક્તે પૂછ્યું જે અનંત ભગવાનના ભક્ત છે તે લાખો ગાઉ છેટે રહેતા હશે તે સર્વેને શ્રીજીમહારાજ જોઈ રહ્યા છે ત્યારે શ્રીજીમહારાજને દાખડો ને પરિશ્રમ નહિ પડતો હોય ? ત્યારે કહ્યું જે ભગવાન તો અનંત કોટી બ્રહ્માંડના જીવને એક કાળે જોઈ રહ્યા છે પછી કેળાને હાથમાં લઈને સર્વેને કહ્યું જે જેમ આપણે આ કેળા સામું જોઈ રહ્યા છીએ તે કાંઈ દાખડો ને પરિશ્રમ લગારે પડે છે ? નથી પડતો, તેમ ભગવાનને લગારે દાખડો નથી પડતો જેમ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આ બ્રહ્માંડના જીવની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરે છે તે એમને કાંઈ દાખડો પડે છે ? નથી પડતો તેમજ ભગવાન સર્વેને જોઈ રહ્યા છે પણ લગારે દાખડો ને પરિશ્રમ નથી પડતો. ॥૨૩॥

વળી તે હરિભક્તે પૂછ્યું જે, તમે ગઢડાની વાત કરી જે ગઢડે શ્રીજીમહારાજ સભામાં વાત કરીને પોઢવા જાતા ત્યારે ખબર કઢાવતા તે સર્વે વાતને જાણતા હતા ત્યારે શા સારું ખબર કઢાવતા ? ઉત્તર જે, શ્રીજીમહારાજ તો ત્યાં સૂતા સૂતા સર્વે વાતને અંતર્યામિપણે જાણતા હતા જે આ ભક્ત કથા, વાર્તા, કિર્તન, વાતોનું મનન કરે છે તે બહુ સારું કરે છે અંતર્યામિપણે તો બહુ રાજી થાય પણ એ ભક્તને કેમ જણાય જે મારા ઉપર શ્રીજીમહારાજનો રાજીપો છે તે એને જણાવવા સારૂં મનુષ્ય મોકલતા અને આપણને કેમ જણાય જે કથા,વાર્તા, કીર્તન, શ્રવણ મનન કરે તેના ઉપર મહારાજનો રાજીપો છે તે

પોતાનો રાજીપો પોતાના ભક્તજનને જણાવવા સારું મનુષ્યને મોકલતા ને પોતે તો સર્વે વાતને અંતર્યામિપણે હસ્તામળ જાણે છે. ॥૨૪॥

સંતે પૂછ્યું જે કોઈ જાતનું દુઃખ જ આવે નહિ ને સદાય સુખીઆ કેમ રહેવાય તે કહો ? ઉત્તર જે, સુખીઆ તો એમ રહેવાય છે જે કોઈ જાતની માન, મોટપ જોઈએ જ નહિ ને જેવા તેવા અન્ન વસ્ત્રાદિક જે મળે તેણે કરીને દેહ નિર્વાહ કરે ને મોટા સંતની વાતો ધારે વિચારે ને કોઈ પદાર્થની આશા જ રાખે નહિ અને દુઃખ માત્ર તો પદાર્થની આશામાં જ રહ્યાં છે ત્યાં શ્લોક -

''आशाहि[1] परमं दुखं नैराश्यं परमं सुखम्'' यथा संछिद्य कांताशां सुखं सुष्वाप पिंगला'' તે માટે ભગવાનની એકાંતિક ભક્તિ વિના બીજા કોઈ પદાર્થની આશા જ રાખવી નહિ એજ સુખીઆ રહ્યાનો ઉપાય છે પણ તે વિના બીજો કોઈ ઉપાય જ નથી. ॥૨૫॥

પછી હરિભક્તે પૂછ્યું જે મોટો આપત્કાળ આવી પડે પણ સત્સંગની સમજણ મંદ પડે નહિ ને દિવસે દિવસે સત્સંગનો રંગ ચડતો જાય તેનો શો ઉપાય છે ? ઉત્તર જે, માયિક પદાર્થને વિષે જીવને સત્યતા મનાણી છે તે મોટા સંતનો સમાગમ કરતાં કરતાં અસત્ય ને અસાર થઈ જાય ને કોઈ પદાર્થને વિષે માલ મનાય જ નહિ જેમ પ્રહ્લાદજીને કોઈ પદાર્થને વિષે માલ મનાણો જ નહિ અને તે પ્રહ્લાદજીને જ્યારે રાજગાદીએ બેસાર્યા ત્યારે ઈંદ્રે એમ જાણ્યું જે પ્રહ્લાદજી તો દૈત્યના કૂળના છે તે મને દુઃખ દેશે તે માટે હમણાં જ કાંઈક ઉપાય કરું તો ઠીક પછી ઈંદ્રે બ્રાહ્મણનો વેશ લઈ પ્રહ્લાદજીને યાચ્યો ત્યારે પ્રહ્લાદજી કહે માગ ત્યારે ઈંદ્રે રાજલક્ષ્મી માગી તે તેને આપી પછી પ્રહ્લાદજીને કોટડીમાં પૂરી દીધા અને દશ, પંદર દિવસ ગયા પછી ઈંદ્રે કોટડી ઉઘાડીને પ્રહ્લાદજી સામું જોયું ત્યાં તો પ્રહ્લાદજીને મહા સુખીયા ને શરીરે પુષ્ટ દેખ્યા, ત્યારે ઈંદ્રે પ્રહ્લાદજીને કહ્યું જે તમારું સર્વે રાજ્ય મેં ખેંચી લીધું

૧. અર્થઃ— આશા, પરમ દુઃખનું કારણ છે. અને આશાથી રહિતપણું, તે પરમસુખનું કારણ છે, કારણ કે પિંગળા નામે વેશ્યા, યારની આશા છોડી દીધા પછી જ સુખે કરીને સૂતી. (ભા. એ. અ. ૮-૪૪)





ને કોટડીમાં પૂર્યા તો પણ મહાસુખીયા ને પુષ્ટ કેમ છો ? ત્યારે પ્રહ્લાદજી કહે હે ઈંદ્ર ! તે મારુ સર્વે રાજરૂપ પાપ લીધું તે હું મહાસુખીયો થયો છું ને આનંદે યુક્ત થયો થકો ભગવાનની મૂર્તિનું ધ્યાન કરું છું તેણે કરીને મહાસુખીયો થયો છું. એમ પ્રહ્લાદજી બોલ્યા, ત્યારે ઈંદ્રને બહુ પશ્ચાત્તાપ થયો ને એમ જાણ્યું જે એ ભગવાનના ભક્ત ક્યાં ને હું ક્યાં ? અને જે ભગવાનના ભક્તને મોટા સાધુનો સમાગમ કરતાં કરતાં પ્રહ્લાદજીના જેવી સમજણ જીવમાં નક્કી થાય તો ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં માલ મનાય જ નહિ ને તે ભક્તને મોટો આપત્કાળ આવે તો પણ એની સમજણ લગારે મંદ પડે નહિ જેમ નરસિંહ મહેતે કહ્યું જે, ''ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજશું શ્રીગોપાળ'' એવી રીતે જે ભક્તની સમજણ છે તેને મોટો આપત્કાળ આવે તો પણ સમજણ મંદ પડે જ નહિ ને દિવસે દિવસે સત્સંગનો રંગ ચડતો જાય છે પણ મંદ તો પડતો જ નથી. ॥૨૬॥

સંતે પૂછ્યું જે અંતર દ્રષ્ટિવાળાની સમજણમાં શો ગુણ છે ? ઉત્તર જે, અંતરદ્રષ્ટિવાળાની સમજણમાં એ ગુણ છે જે ભગવાનનું સમીપપણું રહે છે ને બુદ્ધિ સૂક્ષ્મ થાય છે ને અહંગ્રંથિ ગળે છે ને દોષને ઓળખે છે ને દોષને ટાળી નાખે છે, ને ઉત્તમ વિષયની પ્રાપ્તિ થાય તોય લેવાય નહિ ને એકાંતિકને ઓળખે છે ને ભગવાનની મરજીને જાણે છે એ અંતર દ્રષ્ટિવાળાની સમજણમાં ગુણ છે અને બાહ્યદ્રષ્ટિ રહે છે તેણે કરીને એકાંતિક ધર્મ સમજાય નહિ ને અહંગ્રંથિ વૃદ્ધિ પામે છે તેણે કરીને દોષને ઓળખે નહિ ને તે દોષ તત્કાળ ટળે પણ નહિ ને દેશકાળે કરીને વિષયને વિષે ચોટી જાય છે ને એકાંતિક ભક્તને તત્કાળ ઓળખે નહિ ને ભગવાનની મરજીને જાણી શકે નહિ એ બાહ્યદ્રષ્ટિવાળાની સમજણમાં દોષ છે. ॥૨૭॥

સંતે પૂછ્યું જે અંતરવૃત્તિ રાખે તેને દેહમાં કાંઈ દુઃખ થાય ખરું ? ઉત્તર જે, જેવો પાણા ફેરવીએ ને લાકડાં ફેરવીએ ને પરિશ્રમ પડે ને દુઃખ થાય તેમ તો ન થાય પણ મન ઈંદ્રિયો માત્રની અહંગ્રંથિ ગળે તેણે કરીને શરીરમાં શિથિલપણું રહે છે. ને અંતરવૃત્તિ રાખે છે તે કહે છે જે ધ્યાને કરીને દેહને બહુ

કારસો લાગે છે તેણે કરીને શરીરમાં મંદવાડ થઈ જાય છે તે કેમ કહે છે ? ત્યારે કહ્યું જે ધ્યાન કરે ને અંતરવૃત્તિ રહેવા માંડે ત્યારે પ્રાણવાયુ મંદ ચાલે તેણે કરીને શરીરમાં વાયુ થાય તેણે કરીને શરીરમાં કસર રહે છે. ॥૨૮॥

હરિભક્તે પૂછ્યું જે જેને અંતર દ્રષ્ટિ વર્તે અને બાહ્ય દ્રષ્ટિ વર્તે તે કેમ ઓળખાય ? ઉત્તર જે, જેને અંતર દ્રષ્ટિ વર્તતી હોય તેને ઉત્તમ વિષય મળે તો દેશકાળે કરીને લેવાય નહિ ને રમણીક પદાર્થ દેખાય તો પણ વૃત્તિ ચોટે નહિ અને જેને બાહ્ય દ્રષ્ટિ વર્તતી હોય તે ઉત્તમ વિષયને વિષે દેશ કાળે કરીને લેવાય છે ને રમણીક પદાર્થને દેખે તો વૃત્તિ ચોટી જાય તે વિચારે કરીને પણ નિસરે નહિ ને બહુ દાખડો કરે ત્યારે માંડ માંડ નિસરે એવે લક્ષણે કરીને ઓળખાય છે અને એક શ્લોક જે- ''[1]**यत्तदग्रे विषमीव परिणामेऽमृतोपमम् ॥ तत्सुखं सात्विकं प्रोक्त-मात्मबुद्धिप्रसादजम्**'' તે ઉપર વાત કરી જે સત્ત્વગુણી સુખ વર્તમાન કાળે તો વિષ જેવું છે ને પરિણામ કાળે તો અમૃત જેવું છે તે શું તો સર્વે ઈંદ્રિયોને વાળીને ભગવાન કે આત્માને વિષે જોડવાં તે વર્તમાન કાળે તો વિષ જેવું છે અને પરિણામકાળે તો અમૃત કરતાં બહુ સુખ છે ને રજોગુણી સુખ વર્તમાન કાળે તો અમૃત જેવું લાગે છે તે શું ? તો સર્વ ઈંદ્રિયો વિષયમાં જોડાય તે હમણાં તો અમૃત જેવું છે ને પરિણામ કાળે તો વિષ કરતાં પણ હળાહળ વિષ છે. ॥૨૯॥

હરિભક્તે પૂછ્યું જે પ્રત્યક્ષ ભગવાનના ભક્તને વિષે અંતર્યામિ શક્તિ કઈ રીતે રહી છે ને પરોક્ષ ભગવાનના ભક્તને વિષે અંતર્યામિ શક્તિ કઈ રીતે રહી છે ? ઉત્તર જે, પ્રત્યક્ષ ભગવાનના ભક્તને વિષે અંતર્યામિ શક્તિ એમ રહી છે જે એ ભક્તને કોઈક મોટો આપત્કાળ આવનારો હોય તો તેને ટાળી નાખે છે અને ભક્તને દેહમાં કોઈક મોટો રોગ આવ્યો હોય તો તેને ટાળી નાખે છે ને એ ભક્ત દ્વારે કોઈક કાર્ય કરાવવું હોય ને જો એ ભક્તનું પ્રારબ્ધ

૧. **અર્થઃ—** યોગાભ્યાસના આરંભમાં બહુ પરિશ્રમથી થવાના કારણે વિષની પેઠે દુઃખરૂપ અને યોગની પરિપક્વ દશામાં શુદ્ધાત્મસ્વરૂપના પ્રકટ થવાના કારણે અમૃત સમાન, આત્મા સંબંધી બુદ્ધિના નિર્મલપણાથી ઉત્પન્ન થયેલ જે સુખ તે સાત્વિક છે. (ગી. અ. ૧૫-શ્લો. ૩૭)





આવી રહ્યું હોય તો તેના દેહને તે અંતર્યામિશક્તિ રાખે છે. તે જુઓને ગુણાતીતાનંદ સ્વામીને શરીરમાં મંદવાડ આવ્યો હતો તે કોઈ રીતે ટળે એવો નહોતો પણ તેને ટાળી નાખ્યો ને આવરદા આવી રહી હતી તે વધારી દીધી, અને વળી એ ભક્તને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક શીખવાં હોય તો તે અંતર્યામિ શક્તિ એના જીવમાં બળને પોષે છે તેણે કરીને ધર્માદિક થોડા દિવસમાં સિદ્ધ થાય છે અને તે ભક્ત કામ, ક્રોધાદિક દોષ માત્રને પુરુષ-પ્રયત્ને કરીને ટાળી નાખે છે એવી રીતે પ્રત્યક્ષના ભક્તને વિષે અંતર્યામિ શક્તિ રહી છે ને પરોક્ષ ભગવાનના ભક્તને વિષે અંતર્યામિ શક્તિ રહી છે તે તો જેવાં જેવાં કર્મ કરે છે તે પ્રમાણે ભોગવાવે છે. ॥૩૦॥

જે ભક્ત પરોક્ષ ભગવાનની ભક્તિ કરતો હોય તે કેવળ ભગવાનને રાજી કરવા સારું અતિશે નિષ્કામ ભાવે કરીને કરે તો તેનું કલ્યાણ થાય કે ન થાય ? ઉત્તર જે, પ્રત્યક્ષ ભગવાન પૃથ્વીને વિષે ન હોય ને જો અતિ નિષ્કામભાવે કરીને ભક્તિ કરતો હોય તો તેને જન્માંતરે પ્રત્યક્ષ ભગવાનના ભક્તનો યોગ થાય ને પછી ભગવાનનો યોગ થાય તે પછી ભગવાનના ધામમાં જાય. ॥૩૧॥

સવારમાં જાણપણાનું છેલા પ્રકરણનું ૯મું વચનામૃત વંચાવ્યું ત્યારે સંતે પૂછ્યું જે કઈ રીતે વર્તે ત્યારે સંપૂર્ણ જાણપણારૂપ વર્ત્યા કહેવાય છે તે કહો ? ઉત્તર જે, જ્ઞાન કહો કે જાણપણું કહો એ બે તો એક જ છે પણ નોખાં નથી. અને જાણપણું તે શું તો ચારનાં સ્વરૂપને જાણે એજ છે તે ધર્મનાં, જ્ઞાનનાં, વૈરાગ્યનાં, ભક્તિનાં સ્વરૂપને જાણવાં તેમાં ધર્મ તે શું તો લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, ને માન એ પાંચ દોષને જીતવા. અને જ્ઞાન શું ? તો જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, પરબ્રહ્મ એ આદિક જે જે પદાર્થ માત્રને યથાર્થ જાણ્યા પછી ભ્રાંતિ થાય જ નહિ. અને વૈરાગ્ય શું ? તો પ્રકૃતિનું કાર્ય જે નામરૂપ તેને વિષે ચિત્ત ચોટે જ નહિ અને પ્રિય પદાર્થ તથા અસાધારણ ગુણવાન પદાર્થને વિષે ચિત્ત ચોટે નહિ તે ઉપર ગોપાળાનંદ સ્વામીને પોતાની વાત કરી દેખાડી. અને મહિમાએ સહિત ભક્તિ તે શું તો અતિશે હેતે કરીને ભગવાનને વિષે વૃત્તિ ચોટી જાય છે અને મહિમાનો તો અવધી નથી. આ પ્રમાણે એ ચારેનાં સ્વરૂપની નિરંતર

સ્મૃતિ રહે એજ જાણપણારૂપ ભગવાનના ધામનો દરવાજો છે અને એવી રીત્યે નિરંતર જાણપણામાં રહેવું તે જ દરવાજે રહ્યો કહેવાય છે અને એવો ભક્ત તો ભગવાનને અખંડ રહેવાનું પાત્ર થાય છે. અને ભગવાન પણ એવા ભક્તના જીવમાં નિવાસ કરીને રહે છે અને ધર્માદિક ચારની સ્મૃતિરૂપ જાણપણું છે એજ ભગવાનના ધામનો દરવાજો છે કેટલાક સંત એમ કહે છે જે સ્થૂળ દેહના ભાવ ટાળ્યા ને સૂક્ષ્મ દેહના ભાવ ટાળ્યા ને હવે કારણ દેહને કરકોલીએ છીએ તે કાંઈ એમ કારણ દેહ કરકોલાય એમ નથી કારણ દેહ તો ઓળખાતું જ નથી તો કરકોલાય ક્યાંથી તેમ જાણપણામાં અખંડ રહેવું બહુ કઠણ છે. ॥૩૨॥

રાત્રે એક સંતે પૂછ્યું જે સ્વભાવ તો જીવ સાથે એક રસ થઈ ગયા છે તે કોઈ ઉપાયે કરીને ટળે એવા નથી ? ઉત્તર જે, સ્વભાવ તો કોઈ રીતે ટળે એવા નથી પણ જો મોટા સંતને જીવ સોંપી દે તો ધીરે ધીરે જીવમાંથી સ્વભાવ કાઢી નાંખે છે તે ઉપર દ્રષ્ટાંત, જેમ નલપાક ને, ભીમપાક ગ્રંથ છે તેમાં સર્વે રસોઈ કરવાની વિધિ કહી છે અને તેમાં અનેક પ્રકારના મસાલા નાખવા ને વધુ નખાય તો કાઢવાની રીત પણ એ ગ્રંથમાં કહી છે ને કઢીમાં મીઠું વધુ પડ્યું હોય તો આ રીતે નિસરે છે જે જ્યારે કઢીમાં મીઠું વધુ પડ્યું હોય તો લોટની પોટલી બાંધીને કઢીમાં નાખીને ઉકાળે છે તેણે કરીને મીઠું પોટલીમાં આવે છે ને કઢી ખારી મટી જાય છે ને કોઈ રીતે કઢીમાંથી મીઠું નિસરે એવું નથી તો પણ તેને કસબી (કાર્યકુશળ પુરુષ) કાઢે છે તેમ સ્વભાવ કઢીમાં મીઠાની પેઠે જીવમાં એક રસ થઈ ગયા છે તે મોટા સંતની વાતો જીવમાં પ્રવેશ કરે ને મોટાનો વિશ્વાસ હોય તો સ્વભાવ ટળે એવા નથી તોય પણ ટળી જાય છે તે માટે મોટાને મન, કર્મ, વચને, કરીને જીવ સોંપી દે તો કોઈ વાતની કસર રહેતી નથી. ॥૩૩॥

સવારમાં ત્રણ અંગની વાર્તા કરીને કહ્યું જે ત્રણ અંગમાંથી એક અંગ આવે તો કાંઈ કરવું બાકી રહેતું નથી. ત્યારે કોઈ સંતે પૂછ્યું જે ચાર સાધન કહ્યાં છે ને તમે તો એક કેમ કહો છો ? ત્યારે સ્વામી કહે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારને દાસત્વ, પતિવ્રતા, ને આત્મનિષ્ઠા એ ત્રણમાંથી એક





અંગ આવે તો કાંઈ કરવું બાકી રહેતું નથી તે એક એક અંગમાં એ ચારે આવી જાય છે. પછી સંતે પૂછ્યું જે કઈ રીતે અકેકા અંગને વિષે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચાર આવે છે ? ઉત્તર જે, દાસત્વપણાના અંગમાં ચાર આવે છે તે કહીએ છીએ તે દાસત્વનું એ લક્ષણ છે જે પોતાના સ્વામીની જેમ મરજી હોય તેમ કરે પણ મરજીથી બારું લગારે કરે જ નહિ. ને ખરેખરા દાસનું તો એ લક્ષણ છે જે ધણીની મરજી પ્રમાણે જ કરે છે પણ મરજીથી બીજી રીતે કરવાનો મનસૂબો જ થાય નહિ તેમ જેને ભગવાનને વિષે દાસત્વપણાની ભક્તિ હોય તે ભગવાનની મરજી હોય તેમજ કરે પણ બીજું કરવાનો મનસૂબો થાય જ નહિ એજ દાસત્વ ભક્તનું લક્ષણ છે. ને એ ભક્તને ભગવાન રાજી કેમ થાય એમ મનસૂબો થયા કરે છે અને ભગવાનનો પણ જે ભક્ત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિને શીખે છે તેના પર બહુ રાજીપો છે એમ જાણીને એ દાસત્વ ભક્ત ધર્માદિકને શિખ્યા વિના રહે જ નહિ અને જુઓ ઉદ્ધવજીને દાસત્વપણાની ભક્તિ હતી તો દેહ પર્યંત જેમ શ્રીકૃષ્ણ ભગવાનની મરજી હતી એમ કર્યું પણ પોતાનું મન ગમતું લગારે કર્યું નહિ પછી ભગવાનને એમ મનસૂબો થયો જે ઉદ્ધવજી બદ્રિકાશ્રમમાં જાય તો બહુ સારું તે મનસૂબાને ઉદ્ધવજીએ જાણીને ભગવાનને કહ્યું જે, હે મહારાજ હું બદ્રિકાશ્રમમાં જાઈશ પણ મારે જ્ઞાન નથી પછી શ્રીકૃષ્ણ ભગવાને એકાદશ સ્કંધમાં ઉદ્ધવજીને જ્ઞાન કહ્યું ત્યાર પછી ઉદ્ધવજી બદ્રિકાશ્રમમાં ગયા તેમ એ દાસત્વ ભક્ત હોય તે એમ જાણે જે ભગવાનને મારી પાસે ચાર વાનાં કરાવવાં એમ મરજી છે તે મારે જરૂર એમ કર્યા વિના રહેવાય જ કેમ ? એ તો જરૂર કરવાં જ છે. અને હવે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિને વિષેજ હેત હોય છે ને બીજા પુરુષને તો સડેલા કૂતરા જેવા જાણે છે એ પતિવ્રતા સ્ત્રી કહેવાય અને પતિવ્રતાના અંગની ભક્તિ તો લક્ષ્મીજીની છે જેમ લક્ષ્મીજી છે તે વરમાળા લઈને ભગવાનને વર્યા તેમ ભગવાનને વિષે જે હેત કરવું તે ભક્તિ છે, ને ભગવાન વિના બીજા સર્વે પદાર્થને સડેલા કૂતરા જેવા જાણીને ક્યાંય હેત થાય જ નહિ તે વૈરાગ્ય છે. ધર્મ તો ત્રણે અંગમાં હોય છે પણ ધર્મ વિના અંગ હોય જ નહિ અને હવે જ્ઞાન બાકી રહ્યું તે પણ એવા ભક્તોને

વિષે હોય, તે જુઓ લક્ષ્મીજી (રૂક્મિણીજી) ને ભગવાને કહ્યું અમને તમે શા સારું વર્યાં કોઈક રાજાને વરીએ નહિ ? ત્યારે લક્ષ્મીજીએ કહ્યું જે હે મહારાજ ! તમારી ભક્તિ સારું તો મોટા મોટા રાજા ચક્રવર્તી રાજ્યનો ત્યાગ કરીને વન પ્રત્યે જાતા હવા તે કોણ રાજ્યનો ત્યાગ કરીને ગયા તો એક પૃથુ રાજા ને બીજા ગય રાજા ને ત્રીજા નહૂષ રાજા ને ચોથા ભરત રાજા એ સર્વેએ તમારી ભક્તિ સારુ રાજ્યનો ત્યાગ કર્યો એવો તમારી ભક્તિનો મહિમા છે અને એ તમારી ભક્તિ જ્યાં લગી સ્ત્રીને પુરુષનું ચિંતવન થાય છે ને પુરુષને સ્ત્રીનું ચિંતવન થાય છે ત્યાં સુધી પમાતી નથી અને જ્યારે હૃદયગ્રંથી છૂટી જાય ત્યારે એ ભક્તિ પમાય છે, એવી રીતે લક્ષ્મીજી બોલ્યાં ત્યારે જુઓ પતિવ્રતાના અંગમાં પણ જ્ઞાન આવ્યું એવી રીતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચારે એ પતિવ્રતાના અંગમાં આવે છે. અને હવે આત્મનિષ્ઠાના અંગમાં ચારે આવે છે તેને કહીએ છીએ જે આત્મસત્તારૂપે વર્તવું તે તો અંગ છે અને દેહ, ઈંદ્રિયો, મન, બુદ્ધિ, ત્રણગુણ, ત્રણ અવસ્થાના ભાવથી નોખા પડવું એ જ્ઞાન છે અને દેહ, ઈંદ્રિય, મન, બુદ્ધિ, ગુણ, અવસ્થા એ આદિક સર્વે ખોટાં સમજાય ને તેમાં દોષ દેખાય તે વૈરાગ્ય છે અને પ્રથમ સાધનકાળમાં જે એ સમજણ છે તે સત્તારૂપ થઈ ભગવાનમાં જોડાવું એ ભક્તિ છે અને પછી આત્માને વિષે સર્વે વૃત્તિઓ સ્થિર થાય છે અને પછી બ્રહ્મરૂપ થાય છે ત્યારે તો ખરેખરો ભક્તિનો અધિકારી થાય છે ત્યાં શ્લોક છે : ''[1]ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति । समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्'' એવો થયો ત્યારે તો એ ભગવાનની ભક્તિનો અધિકારી થાય છે. ત્યારે જુવો એવામાં તો ખરેખરી અચળ ભક્તિ આવે છે એવી રીતે આત્મનિષ્ઠાના અંગમાં ચારે અંગ આવે છે, એવી રીતે ત્રણે અંગમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચારે આવે છે. ॥૩૪॥

૧. **અર્થઃ—** બ્રહ્મરૂપ થયો એટલે જેને આત્મસ્વરૂપનો આવિર્ભાવ થયો છે અને પ્રસન્ન મન છે, એટલે ક્લેશ કર્માદિ દોષથી જેનું મન વ્યાપ્ત નથી અને કોઈનો પણ શોક કરતો નથી. તેમજ કોઈ પદાર્થને ઈચ્છતો પણ નથી અને સર્વ ભૂતમાં સમ છે. એટલે કોઈ વસ્તુનો આદર નહિ કરનાર અર્થાત્ સર્વ વસ્તુને તૃણવત્ માને છે તે પુરુષ મારે વિષે પરમભક્તિને પામે છે. (ગી. અ. ૧૮-૫૪)





વાસના ને સ્વભાવ એ બે જે તે જીવમાં રહ્યા છે તેમાં વાસનામાંથી કામ ક્રોધાદિક સ્વભાવ નિસરે છે તે ત્રણ દેહના ભાવથી જુદા પડીને આત્મનિષ્ઠા દ્રઢ કરવી ને તેના સંસ્કાર લગાડવા ને તપ, વૈરાગ્યના સંસ્કાર લગાડવા તે વાત સારા સારા સાધુ કરતા તે ન સમજાણી ને બાકી તો ભેગા રહ્યા તે ખાઈને સુઈ રહ્યા કાંઈ ન કર્યું. ને આ જીવને અનાદિકાળની ભ્રમણા થઈ છે તે દેશ, કાળે, કરીને એક નિર્ધાર નથી રહેતો ને જીવમાં જે સ્વભાવ છે તે જેમ દૂધમાં ધૃત રહ્યું છે તથા તલમાં તેલ રહ્યું છે, તેમ જીવમાં અનાદિકાળના સ્વભાવ છે તે જેમ ભણનારાએ ભણવાના સંસ્કાર લગાડ્યા છે તેમ જીવે અવળા સ્વભાવના ને પંચવિષયના સંસ્કાર લગાડ્યા છે ને પોતાની જાણે સારું માની ને બેઠા છે. તે ઉપર સાખી કહી જે ''સબકું દોદો લોચન સબકું દોદો કાન, આપ આપકે ખ્યાલ મેં ગદ્ધા બી મસ્તાન'' પણ પોતાની ભૂલ ઓળખાતી નથી તે ક્યારે ઓળખાય તો કોઈ ભગવાનના એકાંતિક સાધુ હોય તે કહે જે આનો સ્વભાવ ઠીક નથી ત્યારે ઓળખાય છે, અને આચાર્યજી મહારાજ પણ જાણે કેમ જે એમને ક્રિયામાં પ્રેરવાનો સહવાસ એટલે એ પણ જાણે અને કેટલાકને જૂનાપણાનું માન ને પોતાને મુંઝવણ આવતી હોય, તે જો સમજુ હોય તો મુંઝવણ કેમ આવે ? ને કેટલાક તો સાધનને પણ ખોટાં કરે છે ને આશરાનું જ બળ લે છે ત્યારે મહારાજનો સિદ્ધાંત જે ''[1]धर्मस्त्याज्यो न कैश्चित् स्वनिगमविहितो वासुदेवे च भक्तिर्दिव्याकारे विधेया सितघनमहसि ब्रह्मणा स्वस्य चैक्यम् ॥ निश्चित्यैवान्यवस्तुन्यणुमपि च रतिं संपरित्यज्य सन्तस्तन्माहात्म्याय सेव्या इति

૧. **અર્થઃ—** કોઈપણ મારા આશ્રિતજનોએ શ્રુતિ સ્મૃતિએ કહેલો, પોતાનો જે વર્ણાશ્રમ ધર્મ તે ત્યાગ નજ કરવો, અને પરમાત્મા સિવાય બીજી માયિક વસ્તુઓમાંથી લેશ પણ રાગને છોડી દઈ (સમગ્ર વાસનાઓથી રહિત થઈ) પોતાના આત્માની અક્ષરબ્રહ્મની સાથે એકરુપતાને વિચારી (અર્થાત્, હું અક્ષરબ્રહ્મ છું, એવી ભાવના કરીને) પ્રકાશમાન દિવ્ય શ્વેત તેજના સમૂહરૂપ અક્ષરબ્રહ્મનામે ધામમાં વિરાજમાન, દિવ્યાકાર વાસુદેવ ભગવાનની પરાભક્તિ કરવી અને અક્ષરબ્રહ્મધામાધિપતિ ભગવાનનું માહાત્મ્ય જાણવા માટે તેમના એકાંતિક સંતોની કાયા વાણી-મનથી સેવા કરવી. એ રીતે ધર્મપુત્ર નીલકંઠ ભગવાને પોતાના ભક્તજનો પ્રત્યે કહ્યું. **(સ. જી. પ્ર. પ. અ. ૫૫-૨૮)**

वदति निजान्धार्मिको नीलकंठः ॥ એ શ્લોકમાં કહ્યું, તેને જાણતા નથી માટે જૂના નવાનો કાંઈ મેળ નથી નવા હોય ને મોટા સાધુને સંગે કરીને તથા તેમના વિશ્વાસે કરીને પોતે સુખીયા રહે તથા બીજાને સુખીયા રાખે ને ન સમજતા હોય તે પોતે દુઃખીઆ રહે ને બીજા એનો સંગ કરે તેને પણ દુઃખીઆ કરે. ને કહ્યું જે મારે તો જે પદાર્થ કે મનુષ્યમાંથી ક્લેશ આવે તો ધ્યાન ભજન થતું હોય તેમ ન થાય, માટે થોડું હોય તો થોડું રાખીએ પણ તે પદાર્થનો તથા મનુષ્યનો ત્યાગ કરીએ ત્યારે ધ્યાન, ભજન, થાય ને કેટલાકને તો ગમે એટલા ક્લેશ આવે તો પણ તે પદાર્થનો તથા મનુષ્યનો ત્યાગ કરી શકે નહિ. તે ઉપર વચનામૃત વંચાવ્યા ગ.મ.૧૫-૩૭ ને છેલ્લાનું ૨૦-૨૪મું ॥૩૫॥

નારાયણજી બોલ્યા જે દેવરામ માંદા હતા ત્યારે શ્રીજીમહારાજ જોવા આવ્યા ત્યારે લાકડાં ને ગજનું દ્રષ્ટાંત દીધું જેમ લાકડાંમાં લોઢાનો ગજ નાખીને બાળે તે લાકડું બળે ને ગજ ન બળે એ રીતે દ્રષ્ટાંત દીધું તે ઉપર દેહની ને જીવની વાત કરી જે કેટલીકવાર આ દેહ પડ્યું ને જીવ અનાદિ છે તે ભગવાન ભજ્યા વિના કેટલાક દેહ ધરવા પડે છે. ॥૩૬॥

અદ્‌ભુતાનંદ સ્વામીએ વાત કરી જે સ્વરૂપાનંદ સ્વામીએ સહિત અમે સાઠ સાધુ જામનગરમાં ગયા તે નગરમાં ઝોળી માગવા માંડી તે ઝોળીમાં એક એકને લીંબુ જેટલું અન્ન મળવા માંડ્યું તે વાત શ્રીજીમહારાજને કહાવી મોકલી ત્યારે શ્રીજીમહારાજે કહાવી મોકલ્યું જે એક સદ્‌ગુરુ હતા તેને શેર એક અન્ન એક શાહુકારે બાંધી આપ્યું હતું તે મળતું તેના સમાગમમાં પ્રથમ મુમુક્ષુ એક જણ આવ્યો તેને ઓસામણ આપ્યું ત્યાર પછી બીજાને હાંડલી ધોવરામણ આપ્યું ને ત્રીજાને પતર ધોવરામણ આપ્યું એવી રીતે મુમુક્ષુ ખપવાળા રહ્યા માટે તમારે એટલું મળે તે શું થોડું છે ? તે વાત સાંભળીને અમારે સુધી હિંમત આવી ને તેમાં બેત્રણ સાધુ નાના હતા તેને સ્વામીએ કહ્યું જે તમે આ બકાલી મૂળા ધુવે છે તેનાં પાંદડાં પડ્યાં રહે છે તેને લાવીને જમો. ત્યારે તેણે કહ્યું જે તે લાવી ગોળામાં નાખીને સૌ જમીએ તેની તો સ્વામીએ ના પાડી ત્યારે તો તે નાના સાધુએ કહ્યું જે અમે વચન લોપીએ ? ત્યારે સ્વામીએ કહ્યું જે આ





તળાવમાં ખડપલીઉં છે તે ઉપરથી લાવીને ખાવો. એમ વર્તતાં જામસાહેબને ખબર પડી જે સ્વામીના સાધુ ઝોળી માગે છે તે તેને અન્ન મળતું નથી પછી તેણે કહ્યું જે સ્વામી અમારું અન્ન લ્યો ત્યારે કહે જે અન્ન એકલું તો ન લઈએ ત્યારે તે જામે કહ્યું જે જે રીત્યે મારું અન્ન લઈ શકો તે ઉપાય મને બતાવો ત્યારે તેને કહ્યું જે અમારા સાધુ ઝોળી માગવા આવે ત્યારે ઝોળીમાં નાખજો પછી તે એ સાધુ ઝોળી માગવા આવે ત્યારે ઝોળીમાં પરાણે લાડવા નખાવે એવી રીતે બેચાર દિવસ એજ રીત્યે થયું તેની સ્વામીને ખબર પડી ત્યારે ત્યાંથી ચાલી નીકળ્યા. ॥૩૭॥

ધમડકાના ચોવિશ ગામ તે સાહેબે લઈ લીધાં બાકી ગરાસ કાંઈ ન રહ્યો ત્યારે તેમાં રાયધણજીના ત્રણ દીકરા તેમાં મોટો દીકરો વસમો એટલે જણસું વેચી ખાવા માંડી તેવામાં શ્રીજીમહારાજ ત્યાં પધાર્યા ત્યારે તે ડોસી કહે જે મહારાજ ! આ મોટો દીકરો છે તે જણસું વેચી ખાય છે માટે ત્રણેને વહેંચી આપો ત્યારે મહારાજ કહે ઠીક સર્વે ઘરેણાંની વસ્તુ ભેગી કરો ત્યારે તેણે સર્વે ભેગું કર્યું એટલે મહારાજે વહેંચવા માંડ્યું ત્યારે મહારાજ પ્રત્યે ડોશી બોલ્યાં જે તે દિવસ તો આંખ્યું ઓડે હતી અને રામાનંદસ્વામી આવતા ત્યારે એક ડોસી સત્સંગી હતાં તેને અમે ભક્તાણી કહી બોલાવતાં એવું હતું પછી શ્રીજીમહારાજ બોલ્યા જે કોઈકને હોય તેનું લઈ લઉં છું ને ન હોય તેને આપું છું. પણ જે રીતે તેને મારે વિષે હેત થાય તેમ કરું છું પછી તે ડોસી બોલ્યાં જે મહારાજ ! અમારે આમ થયું તો તમે ઓળખાણા. ॥૩૮॥

વાસના તો અમૂર્ત છે પણ જેને વાસના વળગી રહી છે તે મૂર્તિમાન છે તેને ટાળવાનો ઉપાય જે સ્વધર્મ, સત્સંગ, આત્મનિષ્ઠા ને ભગવાનની માહાત્મ્યે સહિત ભક્તિ એ છે. ॥૩૯॥

ભગવાન રાજી કેમ થાય ? ત્યારે કહ્યું જે, રાજી થાય એવો એક ખપ જોઈએ તેમાં ગૃહસ્થને દેવની, આચાર્યની, દશોંદ વિશોંદ ને નામ એ સેવા કરવી ને ત્યાગીને દેહે સેવા કરવી તો ભગવાન રાજી થાય તથા જેમ જેનો ધર્મ કહ્યો છે તે પ્રમાણે રહેવું એ રીતે સત્સંગની પ્રથાની વિસ્તારીને બહુ વાર્તા કરી

ને કહ્યું જે ત્યાગી, ગૃહસ્થના ધર્મ જુદા જુદા છે તે સર્વેને પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવું. **આત્મનિષ્ઠા, વૈરાગ્ય,** ને **ભક્તિ** તે તો બેય ને એકાંતિક થકી શીખવાં. ॥૪૦॥

રાજબાઈએ શ્રીજીમહારાજને પૂછ્યું જે તમને ભક્ત ઉપર સેવા કરતાં રાજીપો જણાય છે પણ ખરેખરો રાજીપો તમારે કેવા ઉપર છે? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે હાડકું છ માસ સુધી ભૂમિમાં દાટી મૂકે પછી તેને કીડી મકોડી અડે નહિ એવું સુકું થઈ જાય ને તેમાં ચીકાશ રહે નહિ એવો પંચવિષયમાંથી જીવ કોરો (લુખો) થાય ત્યારે અમારે તેવા હરિભક્ત ઉપર ખરેખરો રાજીપો થાય છે અને તે પ્રકારની નિશાળો તથા સભાઓ છે તેમાં સાધુની સભામાં તો વિષયનું ખંડન થાય છે તે જ સાધુની સભા કહેવાય ને તે જ સાધુનો માર્ગ છે ને જેમાં વિષયનું ખંડન ન થાય તે સાધુની સભા તથા માર્ગ ન કહેવાય. ॥૪૧॥

(મધ્યનું ૪૭મું) વચનામૃત વંચાવ્યું તેમાં પાતાળ સુધી પૃથ્વી ફાટી એ વંચાવ્યું તેમાં પૂછ્યું જે સંતને કોઈ પદાર્થ આપે ને તે ઉપર જે ઈર્ષા કરે તેને પંચ મહાપાપી જેવો જાણવો માટે તે ભેગું તો બેસાય ઉઠાય નહિ ને બહુ દોષેયુક્ત કહેવાય ત્યારે તેનું કેમ સમજવું ? એ ઉપર ભરતજીના આખ્યાનના વચનામૃતની વાત કરી જે ભગવાન વિના બીજા પદાર્થમાં હેત થાય તે મોટું પાપ છે અને ઈર્ષા તો જેને પદાર્થમાં સત્યતા ન મનાણી હોય તેને તો થાય જ નહિ ત્યારે તેને પાપ પણ શાનું થાય. ॥૪૨॥

મોહ ને પ્રમાદ ટળે ત્યારે ભગવાનનું સુખ જણાય છે ને તેમાં મોહનું રૂપ જે સત્ અસત્ ન જણાય તેમાં જે ભગવાન તથા આત્મા, તથા ભગવાનનું ધામ ને ભગવાનના ભક્ત તે સત્ય છે તે સત્ય ન સમજાય અને અસત્ય જે દેહનાં પદાર્થ તથા દેહનાં સંબંધી તેમાં પ્રીતિ એ મોહ છે. ને પ્રમાદ જે ભગવાનની પ્રાપ્તિને અર્થે તથા આત્મજ્ઞાનને અર્થે ઈત્યાદિક જે સત્કર્મ તેને અર્થે ઉદ્યમ ન થાય ને દેહ તથા માયિક પદાર્થ આદિકને અર્થે ક્રિયામાં પ્રવર્તે તેનું નામ પ્રમાદ. માટે ભગવાનના દર્શન, સ્પર્શાદિક જે સંબંધ તેને વિષે





અકેકામાં બીજાં ચાર ચાર સુખ રહ્યાં છે તે કેને રહ્યાં છે તો એવો જે ભગવાનના દર્શનાદિકનો વિષયી થાય છે તે ભક્તને વિષે રહ્યાં છે. તે ઉપર પર્વતભાઈની વાત કરી તે જ્યારે શ્રીજીમહારાજનાં દર્શને ગઢડે આવ્યા ત્યારે પાંચ દહાડા સુધી અન્ન ન જમ્યા ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે પર્વતભાઈ ક્યાં જમે છે ? ત્યારે તેમનાં ઘરનાં મનુષ્યે કહ્યું જે મયારામ ભટ્ટ જમે છે ત્યાં જમે છે પછી મયારામ ભટ્ટને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું જે મહારાજને ચોકે પ્રસાદી જમે છે. ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે આંહી તો નથી જમતા પછી પર્વતભાઈને પૂછ્યું ત્યારે કહે જે દર્શન કરીએ છીએ તેથી ચાલ્યું જાય છે તથા કૃપાનંદ સ્વામીની વાત કરી જે દર્શન કરતા ત્યારે પોતાના દેહની પણ વિસ્મૃતિ થઈ જાતી એવા જે ભગવાન સંબંધી પંચવિષયના ભોગી છે તેને પ્રમાદ ને મોહ ટળે છે. ॥૪૩॥

મોટાની જે વાતો છે તે મધના રસને ઠેકાણે છે જેમ મધમાં સર્વે રસ આવે છે તેમ, ને વૈંતાક તો કાચું પણ ખવાય પણ જે મસાલા નાખેલ વૈંતાકનું શાક તેનો સ્વાદ બીજી રીતનો છે તેમ મોટાની વાતોમાં રસ અલૌકિક છે. ॥૪૪॥

**ઈતિશ્રી સહજાનંદ સ્વામી શિષ્ય શુકાનંદ મુનિ વિરચિતે**

**વાર્તા પ્રસંગઃ સમાપ્તઃ ॥**

**॥ ઈતિ વાર્તા સંગ્રહઃ સમાપ્તઃ ॥**

## શ્રી સહજાનંદસ્વામી શિષ્ય સદ્‌ગુરુ શુકમુનિકૃત પ્રાર્થનામાળા પ્રારંભ્યતે

હું જેતે શ્રી સ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર કરું છું તે કેવા છે તો સર્વ થકી અતિશે પર એવું જે પોતાનું અક્ષરધામ તેને વિષે બ્રહ્મરૂપ એવા જે પોતાના ભક્તજન તેમણે સેવ્યાં છે ચરણ જુગલ તે જેના એવા છે અને વળી કેવા છે તો વેદાંત જે ઉપનિષદ તથા વ્યાસસુત્ર તેણે કરીને બહુ પ્રકારે જાણવા યોગ્ય છે સ્વરૂપ જેમનું એવા છે અને પ્રભુ કહેતાં અતિશે સમર્થ છે અને વળી કેવા છે તો અનેક કોટી એવાં જે બ્રહ્માંડ તેની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કરનારા જે પુરુષ ને પ્રકૃતિ તેના નિયંતા છે અને કરુણાના સાગર છે. ॥૧॥

અને ભક્તિ ધર્મના પુત્ર ને ઈશ્વરના પણ ઈશ્વર એવા જેતે શ્રી સ્વામિનારાયણ તેને આશર્યા એવા જે ભક્તજન તેમને તે ભગવાન દિવસ દિવસ પ્રત્યે પ્રાર્થના કરવા યોગ્ય છે કહેતાં ભગવાન પાસેથી જે માગવાનું છે તેનું તે હરિભક્તને સુખે કરીને જ્ઞાન થાય તેને અર્થે હું જેતે તેને લખું છું. ॥૨॥

હે શ્રી હરે ! સર્વ નિશ્ચય થકી ઉત્તમ એવો જે તમારા સ્વરૂપનો નિર્વિકલ્પ નિશ્ચય તે મને આપો. ॥૩॥

હે પ્રભો ! હે સ્વામિન્ ! હે સુખના સાગર તમારી મૂર્તિના સંબંધ થકી થયું જે સુખ તે સર્વે સુખથી ઉત્તમ છે તે જ સુખ મને આપો પણ તે વિના બીજું જે માયિક સુખ તે ક્યારેય પણ આપશો નહિ. ॥૪॥

હે હરે ! એક તમારા આકાર વિના બીજા જે આ લોકને વિષે માયામાંથી ઉત્પન્ન થયા એવા આકાર માત્ર તે અતિ તુચ્છ થઈ જાવો તથા અતિશે દુઃખરૂપ થઈ જાઓ. ॥૫॥

હે ભક્તિધર્મના પુત્ર ! એવા હરિકૃષ્ણ તમારા માહાત્મ્ય જ્ઞાને યુક્ત એવી જે તમારી એકાંતિક ભક્તિ તે સર્વે થકી ઉત્તમ છે તે ભક્તિ તમે મને આપો. ॥૬॥





અને કામ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, ને ક્રોધ એ આદિ જે દોષ તે રૂપ જે અધર્મનો સર્ગ તે તમારી એકાંતિક ભક્તિને વિષે મોટો અંતરાયરૂપ છે કહેતાં મોટા વિઘ્નને કરનાર છે તે અધર્મના સર્ગ થકી તમે મારી રક્ષા કરો. ॥૭॥

જ્ઞાન, વૈરાગ્ય, વિવેક, બ્રહ્મચર્ય, અહિંસા ને શ્રદ્ધા એ આદિક જે રૂડા ગુણ તે રૂપ જે ધર્મનો સર્ગ તે તમારી એકાંતિક ભક્તિને વિષે મોટો સહાયરૂપ છે કહેતાં અતિશે સહાયનો કરનારો છે તે ધર્મના સર્ગને વિષે મને અતિશે દૃઢ સ્થિતિ દેજો. ॥૮॥

હે સ્વામિન્ ! તમને વ્હાલા એવા જે તમારા એકાંતિક ભક્ત તેમનો જે સમાગમ તે મને નિરંતર દેજો તે સમાગમ કેવો છે તો સર્વ સજ્જને માગ્યો છે. ॥૯॥

આ લોકને વિષે તમારી ઉપાસનાએ રહિત એવા જે કેવળ બ્રહ્મજ્ઞાની હોય તથા શક્તિ-પંથી હોય તથા નાસ્તિક હોય તથા કુંડાપંથી હોય તેનો જે સંગ તે કોઈ પ્રકારે મને ક્યારેય પણ થાય નહિ તેવી રીતે મારી ઉપર તમો કૃપા કરો. ॥૧૦॥

હે નાથ ! હે પ્રભો ! હે સ્વામિન્ ! મને જે તમારું ભક્તપણું છે તેને વિષે કોઈ દોષ તે કોઈ રીતે ક્યારેય પણ બાકી રહેવા દેશોમાં કહેતાં તમારો ભક્ત એવો જે હું તે તમારે વિષે કોઈ દોષ રહી જાય નહિ એવી કૃપા કરજો. ॥૧૧॥

હે સ્વામિન્ ! તમે ને તમારા જે ભક્ત તેનો જે દ્રોહ તે ક્યારેય પણ થાય નહિ એ હું તમારા પાસે માગુ છું તે મને આપો. ॥૧૨॥

તમારા ચરણકમળની સેવાની જે ઈચ્છા તે વિના બીજા કોઈ પદાર્થની વાસના બાકી રહી જાય નહિ એવી રીતે મારી ઉપર તમે કૃપા કરો કહેતાં એક તમારા ચરણકમળની સેવાની ઈચ્છા રહે પણ બીજા કોઈ પદાર્થની વાસના ન રહે એવી કૃપા કરો. ॥૧૩॥

સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ જે મારા ત્રણ દેહ તેને વિષે અહંબુદ્ધિ થાશોમાં કહેતાં એ દેહ હું છું એમ મનાશોમાં અને તે દેહસંબંધી પદાર્થ માત્ર

તથા દેહના સંબંધી જન તેમને વિષે મમતા થાશોમાં કહેતાં એ મારા છે એમ મનાશોમાં અને તે અહંબુદ્ધિ ને મમતા, તે તમારા એકાંતિક ભક્ત એવા જે સાધુ તેમને વિષે સર્વ પ્રકારે થાજો. ॥૧૪॥

હે પ્રભો ! બ્રહ્મરૂપ કહેતાં બ્રહ્મ સાથે એકત્વ ભાવને પામ્યો એવો મારો જીવાત્મા તેણે કરીને કહેતાં તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે તમે તે તમારે વિષે મારે સર્વ થકી અધિક એવો સ્નેહ થાજો તે તમે કેવા છો તો સદા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છો ને ધર્મદેવના પુત્ર છો. ॥૧૫॥

તમારા દાસનો દાસ એવો જે હું તે મને તમારા સમીપને વિષે રાખીને નિરંતર તમારું દર્શન દ્યો તે તમારું દર્શન કેવું છે તો તમારા જે એકાંતિક ભક્ત તેમણે નિરંતર અતિશે પ્રિયપણે કરીને ઈચ્છ્યું છે તે દર્શન મને આપો. ॥૧૬॥

હે ભક્તિધર્મના પુત્ર ! હે ભક્તવત્સલ ! હે હરે ! તમારી સ્તુતિ કરીને તમને નમસ્કાર કરીને તમારી પાસે મેં માગ્યા એવા જે આ ગુણ તે મને દયા કરીને આપો. ॥૧૭॥

ભક્તિધર્મના પુત્ર એવા જે શ્રીહરિ તેના જે ભક્ત તેમણે દિવસ દિવસ પ્રત્યે શ્રી હરિની પૂજા કરીને તેમની પાસે આ જે કહ્યું છે તે જ માગવું પણ બીજું માગવું નહિ અને પ્રમાદ જે અસાવધાનપણું કહેતાં કરવાનું ન કરવું ને ન કરવાનું કરવું એવું જે ગાફલપણું તેનો ત્યાગ કરીને જે પ્રકારે એવા ગુણ પોતામાં આવે એવી રીતે વર્તવાનું જતન અતિશે આદરે કરીને કરવું પણ કેવળ એમ માગીને આળસુ થઈને બેસી રહેવું નહિ અને એવા ગુણ પોતામાં જેવી રીતે આવે તેવા સાધનમાં સાવધાન થઈને વર્તવું. ॥૧૮॥

**ઈતિશ્રી શુકમુનિ રચિતા પ્રાર્થનામાળા સંપૂર્ણા ॥**

**॥ ઈતિ પ્રાર્થનામાળા ॥**

● ● ●

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ.